
# જિનોપાસના



લેખકઃ શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશી શાહ

આ 'જિનોપાસના' ગ્રંથમાં પં. ધીરૂભાઈએ અનેક પ્રકરણો તૈયાર કર્યાં છે અને નાના મોટા સર્વ કોઈ સમજી શકે તેવી સરલ ભાષામાં એક એક પ્રકરણમાં એક એક વિષયની સુંદર રજૂઆત કરી છે. એ દૃષ્ટિએ આ ગ્રન્થ ઘણો આવકાર-દાયક બન્યો છે.

—પ. પૂ. આચાર્ય શ્રી વિજય-
ધર્મસૂરીશ્વરજી મહારાજ

★

આ 'જિનોપાસના' એક એવું પ્રકાશન છે, જે વિશ્વમાં વધતા જતાં અનાત્મવાદી સાહિત્યમાં આત્મવાદની પ્રતિષ્ઠા કરે છે અને ઉપાસનાબળે આત્મા કેવી કલ્પનાતીત ઉન્નતિ કરી શકે છે, એનું સચોટ નિદર્શન કરાવે છે.

—પ. પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી
ગણિવર્ય

# જિનોપાસના

લેખક :

સાહિત્યવારિધિ શતાવધાની

પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

સંશોધકો :

પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.
પ. પૂ. પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય
પ. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય



પ્રકાશક :
**નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ**

મંત્રી :
**જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર**
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ
ચીંચબંદર, મુંબઈ ૯

★

આવૃત્તિ પહેલી
વિ. સં. ૨૦૨૦, સને ૧૯૬૪
**મૂલ્ય રૂપિયા ૭**

સર્વ હક્ક સુરક્ષિત

★

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા, અમદાવાદ.

# વિષયાનુક્રમ


| વિષય | | પૃષ્ઠસંખ્યા |
|---|---|---|
| વંદનાઓ ( ચોત્રીશ ) | | ૫ થી ૩૮ |
| સમર્પણ | | ૩૯ |
| પ્રકાશકનું નિવેદન | | ૪૧ |
| ગ્રંથ અંગે કિંચિત્–શ્રી વિજયધર્મસૂરિજી મ. | | ૪૩ |
| પીઠિકા | | ૭ |
| | ઉપાસ્ય – ખંડ | |
| પ્ર. પહેલું — | ઉપાસના કોની કરવી ? | ૧૨ |
| પ્ર. બીજું — | જિનદેવનો સામાન્ય પરિચય | ૩૧ |
| પ્ર. ત્રીજું — | જિનદેવનો વિશેષ પરિચય | ૪૮ |
| | ચોવીસ જિનના માતા–પિતાદિનો કોઠો | ૫૭ |
| | ચોવીશ જિનની કલ્યાણક–ભૂમિઓનો કોઠો | ૬૩ |
| | ચોવીશ જિનની કલ્યાણક–તિથિઓનો કોઠો | ૬૫ |
| પ્ર. ચોથું — | જિનદેવનાં કેટલાંક વિશેષણો | ૮૧ |
| | ઉપાસના – ખંડ | |
| પ્ર. પાંચમું — | ઉપાસના સંબંધી કેટલીક વિચારણા | ૯૯ |
| પ્ર. છઠ્ઠું — | જિનોપાસનાનું મહત્ત્વ | ૧૧૪ |
| પ્ર. સાતમું — | તાત્ત્વિક ભૂમિકા | ૧૨૭ |
| પ્ર. આઠમું — | નામ–સ્મરણ | ૧૫૦ |
| પ્ર. નવમું — | નમસ્કાર | ૧૬૫ |
| પ્ર. દશમું — | મૂર્તિનું આલંબન | ૧૮૪ |
| પ્ર. અગિયારમું – | મંદિર અંગે કિંચિત્ | ૨૦૬ |
| પ્ર. બારમું — | દેવ–દર્શન | ૨૨૧ |
| પ્ર. તેરમું — | પૂજાની આવશ્યકતા | ૨૩૪ |
| પ્ર. ચૌદમું — | સાત પ્રકારની શુદ્ધિ | ૨૪૮ |
| પ્ર. પંદરમું — | અંગપૂજા | ૨૯૪ |

| | |
|---|---|
| પ્ર. સોળમું — અગ્રપૂજા | ૩૧૮-૧ |
| પ્ર. સત્તરમું — ભાવપૂજા | ૩૧૯ |
| પ્ર. અઢારમું — સ્નાત્રપૂજા | ૩૩૫ |
| પ્ર. ઓગણીસમું—રથયાત્રાદિ | ૩૫૨ |
| પ્ર. વીશમું — તીર્થયાત્રા | ૩૬૩ |
| પ્ર. એકવીશમું—અર્હં મંત્રનો જપ | ૩૮૭ |
| પ્ર. બાવીશમું — ધ્યાન | ૪૦૮ |


## ઉપાસક – ખંડ


| | |
|---|---|
| પ્ર. ત્રેવીશમું — આવશ્યક ગુણો | ૪૩૬ |
| પ્ર. ચોવીશમું— ધર્માચરણ | ૪૫૧ |
| પ્ર. પચીશમું — જીવનચર્યા | ૪૮૦ |


## ચિત્રોની સૂચિ


૧ ભગવાન મહાવીર (થ્રી કલરપ્લેટ)–પ્રારંભમાં
૨ શ્રી જિનેશ્વરદેવની સુંદર પ્રતિમા–પૃષ્ઠ ૧૬ સામે
૩ પરિકર સાથેની સુંદર મૂર્તિ–પૃષ્ઠ ૧૭ સામે
૪ ચોવીશ તીર્થંકરનો પટ–પૃષ્ઠ ૩૨ સામે
૫ શ્રી આદીશ્વર ભગવાનની સુંદર પ્રતિમા–પૃષ્ઠ ૩૩ સામે
૬ શ્રી જિનેશ્વરદેવની બેઠેલી તથા ઊભેલી પ્રતિમા–પૃષ્ઠ ૧૯૨ સામે
૭ સમવસરણસ્થ જિનપ્રતિમા–પૃષ્ઠ ૧૯૩ સામે
૮ જૈનમંદિરની ભવ્યતા–પૃષ્ઠ ૨૦૮ સામે
૯ જૈનમંદિરની ભવ્યતા (૨)–પૃષ્ઠ ૨૦૯ સામે
૧૦ શ્રી જિનેશ્વરદેવની આરતીનું ભવ્ય દૃશ્ય–પૃષ્ઠ ૩૦૪ સામે
૧૧ મંગળ દીવો–પૃષ્ઠ ૩૦૫ સામે
૧૨ સ્નાત્રપૂજાનું એક દૃશ્ય–પૃષ્ઠ ૩૩૬ સામે
૧૩ અર્હંમંત્રના સામુદાયિક જાપનું એક દૃશ્ય–પૃષ્ઠ ૩૩૭ સામે
૧૪ અર્હંમંત્રનો એક સુંદર પટ–પૃષ્ઠ ૪૦૦ સામે
૧૫ શ્રી જિનેશ્વરદેવના ધ્યાનમાં મગ્ન મુનિ–પૃષ્ઠ ૪૦૧ સામે

# श्री वर्द्धमान (महावीर) स्वामी



वीरः सर्व सुरा सुरेन्द्र महितो, वीरं बुधाः संश्रिताः,
वीरेणाभिहतः स्वकर्मनिचयो, वीराय नित्यं नमः ।
वीरात्तीर्थमिदंप्रवृत्तमतुलं, वीरस्य घोरं तपो,
वीरे श्री धृतिकीर्ति कांति निचयः श्री वीर भद्रं दिश ॥१॥

## વંદના પહેલી

અનંત કાલથી આત્માની શક્તિને
આવરી રહેલ
કર્મકટક સાથે આકરૂં
યુદ્ધ ખેલીને
જ્વલંત જય મેળવનારા
હે જિન ભગવંત!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**સવાઈલાલ કેશવલાલ શાહ**
૨૨, અમરતલા સ્ટ્રીટ,
**કલકત્તા–૧**

## વંદના બીજી

રાગાદિ અઢાર દૂષણોને

દૂર કરી

પવિત્રતાની પરમ જ્યોતિ

પ્રકટાવનારા

હે પુરુષોત્તમ!

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**માણેકલાલ ચુનીલાલ શાહ**

લક્ષ્મી બીલ્ડીંગ, કાલબાદેવી,

મુંબઈ-૨

## વંદના ત્રીજી

ભોગમાર્ગનો ત્યાગ કરી
મુક્તિસાધક મહાયોગનું
અદ્વિતીય અવલંબન
ધારણ કરનારા
હે વીતરાગ પ્રભો!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવિકા
**કુસુમબહેન માણેકલાલ શાહ**
લક્ષ્મી બીલ્ડીંગ, કાલબાદેવી,
મુંબઇ-૨

# વંદના ચોથી

વિવિધ પ્રકારની

બાહ્ય-અભ્યંતર તપશ્ચર્યા વડે

આત્માનું

સંપૂર્ણ શોધન કરનારા

હે મહાન તપસ્વી !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**હીરાલાલ છગનલાલ શાહ**

**શિવ, મુંબઈ-૨૨**

# વંદના પાંચમી

પૌદ્ગલિક ભાવોના પ્રવાહથી

પર થઈને

આત્મરમણતાની

અનેરી મોજ માણનારા

હે આનંદઘન!

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**કેશવલાલ સોમાલાલ શાહ**

( કપડવંજવાળા )

દિનેશચંદ્ર કેશવલાલની કું.

૨૦૯, ગુલાલવાડી, મુંબઈ–૩

## વંદના છઠ્ઠી

ધર્મચક્રના પ્રવર્તન વડે

સમસ્ત જગત પર

ઉપકારની

અસાધારણ વર્ષા કરનારા

હે તીર્થંકર ભગવંત!

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐


સેવક

**વાડીલાલ ચત્રભુજ ગાંધી**

પ્રદીપ નિવાસ, નવરોજી લેન,

ઘાટકોપર, મુંબઈ-૭૭

## વંદના સાતમી

ભવ્ય જીવોને
સિદ્ધિસદન પ્રત્યે લઈ જનાર
મોક્ષમાર્ગનું
યથાર્થ વિધાન કરનારા
હે પ્રભુ!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**સૂરજમલ કે. સંઘવી**
૧૧૦, શીવાજીનગર, પૂના-૫

## વંદના આઠમી

પુરુષાર્થના પરમ યોગે
નરમાંથી નારાયણ બનનારા
તથા
વામનમાંથી વિરાટ થનારા
હે વિષ્ણુ !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**ખીમજી વેલજીની કું.**
દોનતાડ સ્ટ્રીટ, મુંબઈ-૩

# વંદના નવમી

શુકલ ધ્યાનરૂપી
કૈલાસગિરિમાં વાસ કરનારા
તથા
ત્રિપદી રૂપ ત્રિશૂલને
ધારણ કરનારા
હે મહાદેવ !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**શંકરદાન શુભેરાજ નાહટા**
ઠે. નાહટા બ્રધર્સ
૪, જગમોહન મલ્લિક લેન,
કલકત્તા-૭

# વંદના દશમો

જન્મ, જરા અને મૃત્યુની
ભીષણ શ્રૃંખલા ભેદીને
અક્ષય અમરપદે
આરૂઢ થનારા
હે જગન્નાથ!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**ભાણજી ધરમશી શાપરિયા**
ચર્નીરોડ, મુંબઈ–૪

## વંદના અગીયારમી

અજ્ઞાનના ઘેરા પટલો ભેદી
અનન્ય અપ્રતિહત જ્ઞાનનો
પ્રકાશ પ્રકટાવનાર
હે જ્ઞાનમાર્તંડ!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
શ્રી નગીનદાસ વૈદ્ય એન્ડ સન્સ ટ્રસ્ટના ટ્રસ્ટી
**શાહ ભોગીલાલ નગીનદાસ તથા**
**શાહ વસંતલાલ ઉત્તમચંદ**
ઊંઝા ફાર્મસી–ઊંઝા (ગુ.)

# વંદના બારમી

શમરસરૂપી જ્યોત્સ્નાનો સર્વત્ર

છંટકાવ કરનારા

નિષ્કલંક અને સદોદિત

એવા

હે જિનચંદ્ર !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**મણિલાલ વનમાળીદાસ શાહ**

૮-૫ રૂપચંદરોય સ્ટ્રીટ,

કલકત્તા-૭

# વંદના તેરમી

સમસ્ત લોકાલોકના ભૂત, વર્તમાન
અને ભવિષ્યકાલીન સર્વ
ભાવોને યથાર્થપણે
પ્રકાશનારા
હે સર્વજ્ઞ દેવાધિદેવ !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**નાનકચંદ રીખવચંદ શાહ**
મલબાર હીલ, રીજ રોડ,
રેખા નં. ૧, મુંબઈ-૬

# વંદના ચૌદમી

મેઘધારા સમ ગંભીર સ્વરે
મધુર વાક્યોના પ્રયોગપૂર્વક
ધર્મની
દિવ્ય દેશના દેનારા
હે વાગ્વિભો !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

લિ
**શ્રી વર્ધમાન બોડેલી આશ્રમના**
વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ
**બોડેલી**, જીલ્લો વડોદરા.

# વંદના પંદરમી

'જીવો અને જીવવા દો'ની અમર
ઘોષણા વડે ચૌદ રાજલોકના
જીવોને અભયદાન આપનારા
હે કરુણાસિંધો !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**ડોસાલાલ નરભેરામ ઝવેરચંદ**
૨૩, અમરતલા સ્ટ્રીટ,
**કલકત્તા–૧**

# વંદના સોળમી

સન્માર્ગના અનુસરણપૂર્વક

વિરતિના

વિમલ પંથે વિચરવાની

પ્રબળ પ્રેરણા કરનારા

હે જગદ્ગુરો !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**કુંવરજી માણેકજી લોડાયા**

જખૌ બંદર (કચ્છ).

## વંદના સત્તરમી

સ્યાદ્વાદ-સપ્તભંગીની પ્રરૂપણા
કરીને સાપેક્ષતા, તુલના
અને સમન્વયની એક
નવી જ દૃષ્ટિ આપનારા
હે બ્રહ્મર્ષિ !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐


સેવક
**દામજી જેઠાભાઈ**
દિવ્ય મહાલ, બીજે માળે,
૬, એસ લેઈન, પોર્ચુગીઝ ચર્ચ સ્ટ્રીટ,
દાદર, **મુંબઈ-૧૪**

## વંદના અઢારમી

જીવનપથને

જ્યોતિર્મય બનાવવા માટે

ધર્મનો

અખંડ દીવો

પ્રકટાવનાર

હે પ્રદ્યોતકર !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**પોપટલાલ નરસીદાસ વોરા**

શાંતિસદન, પ્લોટ નં. ૭૭,

સાયન (વેસ્ટ), મુંબઈ–૨૨

## વંદના ઓગણીસમી

મિથ્યાત્વના મહારોગને હણવા

સમ્યક્ત્વસુધાનું

સતત

વર્ષણ કરનારા

હે મુનિપતિ !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**નાનજી કેશવજી શાહ**

શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ

શાંતાક્રુઝ. મુંબઈ–૫૪

## વંદના વીસમી

નવતત્ત્વોની પ્રરૂપણા વડે

ચેતનની ચીનગારીમાં

સમ્યગ્જ્ઞાનનો

પ્રવિત્ર પ્રકાશ પૂરનારા

હે તત્ત્વસૃષ્ટા !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**મૂળચંદ બુલાખીદાસની પેઢી**

**હા. કેશવલાલ બુલાખીદાસ**

દેવકરણ મેન્શન,

પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ–૨

# વંદના એકવીસમી

આત્મશુદ્ધિના
અપૂર્વ અનુષ્ઠાનો યોજીને
મુમુક્ષુઓનું
મહાકલ્યાણ કરનારા
હે પરમાત્મન્!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**કાંતિલાલ એન. શાહ**
૧૧૪, કેશવજી નાયક રોડ,
મુંબઈ–૯

# વંદના બાવીસમી

અહિંસાની અપૂર્વ સિદ્ધિ વડે
વૈરવૃત્તિના વિષમ તરંગોનું
સ્નેહ અને સદ્ભાવમાં
પરિવર્તન કરનારા
હે અલબેલા યોગી !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**મનસુખલાલ તારાચંદ મહેતા**
શારદા સદન, ગનબાવ સ્ટ્રીટ
કોટ, મુંબઈ–૧

## વંદના ત્રેવીશમી

સુર, અસુર અને માનવોના

સ્વામીઓ વડે

ભક્તિભાવપૂર્વક

નિરંતર પૂજાતા

**હે અર્હંત!**

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**મોતીલાલ વીરચંદ શાહ**

માલેગાંવ (ડી. નાસિક).

# વંદના ચોવીશમી

અદ્‌ભુત સ્વર-તાલ-યુક્ત
વિબુધગણની
સંગીતમય સ્તવના વડે
પુનઃ પુનઃ પ્રશંસાતા
હે ત્રિભુવનતારક!
**તમને મારી**
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**ખુશાલભાઈ ખેંગાર**
સૂરજનિવાસ, ચર્ચરોડ
વિલેપારલે, મુંબઈ-૫૭

## વંદના પચીશમી

અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ,
દિવ્યધ્વનિ આદિ
અષ્ટમહાપ્રાતિહાર્યની
પૂજા પામી રહેલ
હે લોકોત્તમ!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐


સેવક

**હીરાલાલ એલ. શાહ**

એમ. એસસી (યુ. એસ. એ.)

૭, પોદાર બ્લોક, પોદાર સ્ટ્રીટ
શાંતાક્રુઝ વેસ્ટ, મુંબઈ-૫૪

# વંદના છવીશમી

નામ, સ્થાપના, દ્રવ્ય
અને ભાવ વડે
ત્રણે જગતના લોકોને
પવિત્ર કરનાર
હે પરમેશ્વર!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐


સેવક
**પ્રતાપમલ શેઠિયા**
૪૮, મારવાડી બજાર,
**મુંબઈ–૨**

## વંદના સત્તાવીશમી

અદ્ભુત અતિશય વડે

સર્વ ઈતિ-ભીતિઓનો

નાશ કરીને

મંગલમાલાનો વિસ્તાર કરનારા

હે સંતશિરોમણિ !

તમને અમારી

કોટિ કોટિ

વંદના હો.

卐

**કચ્છ ચીઆશર જૈન મહાજન**

મુ. ચીઆશર (કચ્છ)

# વંદના અઠ્ઠાવીશમી

મરણના ભયથી હતાશ થયેલા

અને

શોક-સંતાપથી રીબાતા

જગતના પ્રાણીઓને

અનન્ય શરણ આપનાર

હે લોકનાથ !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

કેશવલાલ મ. શાહ

ઠે. ભારત કોલટાર સપ્લાઇંગ કું.

યુનીયન બેંક બીલ્ડીંગ,

કોટ, મુંબઈ-૨

## વંદના ઓગણત્રીસમી

ભવારણ્યમાં ભટકી રહેલાં

પ્રાણિઓને

મુક્તિનગરે

સહીસલામત લઈ જનારા

હે મહાસાર્થવાહ !

તમને મારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવક

**ચતુરભાઈ નગીનદાસ શાહ**

૧૧૧, મંગળવાર પેઠ,

તિલકવાડી,

બેલગામ ( મ્હૈસુર ).

# વંદના ત્રીસમી

સ્મરણ માત્રથી
વિવિધ વિપત્તિઓને વિદારનારા
તથા
દુઃખદારિદ્રનો નાશ કરનારા
હે અચિન્ત્ય માહાત્મ્યનિધિ !
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**સોમાભાઈ પુનમચંદ દોશી**
**હા. રમણલાલ સોમાભાઈ દોશી**
૮૪, ધુરૂ મહાલ, મરીનડ્રાઈવ,
મુંબઈ–૨

# વંદના એકત્રીસમી

દર્શન માત્રથી
પાપના અગાઢ પુંજને
પ્રજાળી નાખનારા
તથા
સંવેગરંગને ઉછાળનારા
હે સદાશિવ!
તમને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**પ્રેમચંદ લખમીચંદ શાહ**
**હા. કેશવલાલ પ્રેમચંદ શાહ**
રાયપુર, શામળાની પોળ,
**અમદાવાદ**

વંદના બત્રીસમી

हे समताधाम जिनराज !

आप की प्रशम-रस-निमग्न मुद्रा के दर्शन मात्र से चित्त में अनुपम शांति एवं समता का प्रादुर्भाव होता है

और

आपकी उपासना सर्व-पाप-प्रणाशक है। यदि भक्तिपूर्वक की जाय तो सर्व माङ्गल्य है; अतएव परम उपकारक प्रभो ! आप के चरणारविंद में मेरा कोटि कोटि वंदन।

卐

सेवक

**ताजमल बोथरा**

६, क्रोस स्ट्रीट, कलकत्ता-७

# વંદના તેત્રીસમી

અપૂર્વ રૂપ, અનુપમ લાવણ્ય, અનંત બળ

તથા

અનન્ય પરોપકાર–પરાયણતા વડે

મહામાનવનો આદર્શ રજૂ કરનાર

હે લોકનાયક!

તમને અમારી

કોટિ કોટિ

વંદના હો.

卐

સેવકો

**સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખના**

પુત્રો

**પ્રકાશકુમાર તથા પંકજકુમાર**

દયામંદિર, પાયધુની, મુંબઈ–૩

# વંદના ચોત્રીસમી

ચોત્રીશ અતિશયોથી સમૃદ્ધ બનેલા,
વિશ્વમૈત્રીનું પવિત્ર ઝરણું
વહાવનારા
હે આધ્યાત્મિક
મૂર્તિમાન તેજઃપુંજ અર્હંત!
આપને મારી
કોટિ કોટિ
વંદના હો.

卐

સેવક
**જયંતીલાલ હીરાચંદ વોરા**
કામાગલી, ખજૂરીવાળાનો બંગલો,
ઘાટકોપર, મુંબઈ-૭૭



જેમને
પ્રસ્તુત ગ્રંથ સમર્પિત થયો છે.

# ગ્રન્થ-સમર્પણ

* 'શાસનસમ્રાટ' એ શબ્દ સાંભળતાની સાથે જ જેમનું અનેરું વ્યક્તિત્વ નજર સમક્ષ ખડું થાય છે.

* જેમણે જીવનમાં સુવાસનું સિંચન કરનારા અનેક ગુણો ખીલવ્યા હતા.

* જેમને આત્માનું અદ્ભુત સૌન્દર્ય વર્યું હતું;

* જેમનું ઓજસ્ અપૂર્વ હતું;

* જેઓ અનુકરણીય ઔદાર્યના સ્વામી હતા;

* જેમનો જ્ઞાનરાશિ રત્નાકર સમો વિશાળ હતો;

* જેઓ બુદ્ધિવૈભવથી સુજ્ઞોનું સંમોહન કરતા;

* જેમની સિંહ સમી સત્વપૂર્ણ ગર્જના પ્રસિદ્ધ હતી;

* જેમનું વૈશિષ્ટ્ય જૈન શાસનના જુદાં જુદાં કાર્યોમાં અનેરી આભાએ ઝળકતું હતું;

* જેમણે અજોડ વક્તૃત્વથી જિનોપાસનાની જ્યોતિ જ્વલંત બનાવી હતી;

* જેમણે તીર્થોદ્ધાર અને શાસનરક્ષા માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો;

* જેમની યાદ આજે અનેક પ્રસંગોમાં સંવેદન જન્માવતી રહી છે.

* અનેક ભવ્ય જીવોની જેમ લેખક પણ જેમનો ઋણી છે,

તે

શાસનસમ્રાટ્ – તપાગચ્છાધિપતિ – સૂરિચક્રચક્રવર્તિ – તીર્થોદ્ધારક – સર્વતંત્રસ્વતંત્ર – બાલબ્રહ્મચારિ – જગદ્ગુરુ – સમારાધિત પંચપ્રસ્થાનમય સૂરિમંત્ર – ભૂપાવલિ પૂજિતપાદ-પદ્મ – પૂજ્યપાદ આચાર્યાધિરાજ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ૧૦૦૮

શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના

અમર આત્માને

જિનોપાસના નામક

આ ગ્રંથ

સાદર – સોલ્લાસ

સમર્પિત કરીને

કૃતાર્થ થાઉં છું.

卐

વિનીત

ધીરજલાલ

# પ્રકાશકીય

**જૈનધર્મ**નું સાહિત્ય લોકભોગ્ય શૈલિમાં બહાર પડે તે અતિ જરૂરનું છે. ખાસ કરીને આજના શિક્ષિત વર્ગને તેમજ ઉગતી પ્રજાને જૈનધર્મના મૌલિક સિદ્ધાંતો, આચારો, માન્યતાઓ, વગેરેથી પરિચિત કરવાની અત્યધિક આવશ્યકતા છે. આ વસ્તુ લક્ષમાં રાખીને અમોએ **જૈન શિક્ષાવલી**ની ત્રણ શ્રેણીઓ ( ૩૬ પુસ્તિકાઓ ) પ્રકટ કરી અને તે ઘણો લોકાદર પામી. આજે તેની એક પણ નકલ અમારી પાસે સિલક રહી નથી. તે માટે જિજ્ઞાસુવર્ગની પૂછપરછ આવતી રહી છે, પણ અમો દિલગીર છીએ કે અન્ય યોજનાઓને પૂર્ણ કરવાની હોવાથી અમો તેની નવી આવૃત્તિ બહાર પાડી શક્યા નથી અને એ રીતે તેમની સદ્વાંચનની જિજ્ઞાસાને તૃપ્ત કરી શક્યા નથી.

ત્યારબાદ વિશ્વવંદ્ય ભગવાન શ્રીમહાવીરના મૌલિક ઉપદેશનો સંગ્રહ કરી તેને વ્યવસ્થિત રૂપે ગુજરાતી અનુવાદ અને જરૂરી નોંધ સાથે બહાર પાડવાની પ્રવૃત્તિ હાથ ધરી અને ગત વર્ષે '**શ્રી વીર વચનામૃત**' નામથી તેનું ભવ્ય સમારોહપૂર્વક પ્રકાશન કર્યું. તેની ૨૦૦૦ નકલો તરત જ ખપી જવા પામી. આ જ વખતે અમોએ જિનોપાસના ગ્રંથ સં. ૨૦૧૯ની આખરે બહાર પાડવાની જાહેરાત કરી હતી અને તેનો પણ અમારી અન્ય યોજનાઓની જેમ જૈન બંધુઓ દ્વારા સત્કાર થતાં અમારો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો હતો.

પરંતુ આ પ્રવૃત્તિ ઠીક ઠીક આગળ વધે તે પહેલાં શ્રી વીર-વચનામૃતનું હિંદી સંસ્કરણ ટુંક સમયમાં બહાર પાડવાનું જરૂરી લાગ્યું અને તેમાં અમારો લગભગ આઠ માસ જેટલો સમય વ્યતીત થયો. આ કારણે જિનોપાસનાનું પ્રકાશન આઠ માસ મોડું થયું. તે માટે સહૃદયી વાચકો અમોને ક્ષમા કરે.

આ ગ્રંથમાં કોઈ મહત્ત્વની ક્ષતિ રહી ન જાય તે માટે અમોએ **પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય** તથા પ. પૂ. **પંન્યાસ-**

**પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર્યને** એનું સંશોધન કરી આપવાની વિનંતિ કરતાં તેઓશ્રીએ કૃપાવંત થઇને અમારી વિનંતિનો સ્વીકાર કર્યો અને તેની પંક્તિએ પંક્તિ વાંચી યોગ્ય સંશોધન કરી આપ્યું, તે માટે અમો એ ત્રણે મહાપુરુષોના અત્યંત આભારી છીએ.

આ ગ્રંથને અમે સુંદર–સચિત્ર કરી શક્યા અને બેરંગી જેકેટ તથા પાકા પૂંઠામાં આટલી કિંમતે આપી શક્યા, તેનો યશ આ ગ્રંથમાં વંદના આપનાર કલકત્તાનિવાસી **શેઠ શ્રી સવાઇલાલ કેશવલાલ, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ** આદિ ચોત્રીસ મહાનુભાવો તથા અગાઉથી સારી સંખ્યામાં નકલો નોંધાવનાર ગૃહસ્થોને ફાળે જાય છે. તેમનો પણ ખાસ આભાર માનીએ છીએ.

વિશેષમાં આ ગ્રંથ માટે ફોટાઓ કે બ્લોકો આપવા માટે અમો શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્રના કાર્યવાહકો, શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભાના કાર્યવાહકો, જયપુરનિવાસી પંડિત શ્રી ભગવાનદાસ જૈન તથા અમદાવાદનિવાસી શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ વગેરેનો પણ અંતઃકરણથી આભાર માનીએ છીએ.

આ ગ્રંથના જેકેટનું ચિત્ર સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી ગોકુલદાસ કાપડિયા પાસે તૈયાર કરાવી આપવા માટે અમો **પૂજ્ય મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ**નો પણ અંતઃકરણથી આભાર માનીએ છીએ. આ સિવાય શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ, શ્રી પ્રાણજીવન હ. ગાંધી, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી જિતમલજી લુણિયા આદિ મહાનુભાવોએ પૂરેપૂરી સહૃદયતા દાખવીને જે સલાહ–સૂચના આપી છે, તે માટે તેમનું આદરપૂર્વક સ્મરણ કરીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે જૈન ધર્મના પ્રાણસમા આ ગ્રંથનો જૈન સમાજ હાર્દિક સત્કાર કરશે અને તેના પ્રચારમાં દરેક પ્રકારે સહાયભૂત થશે.

— પ્રકાશક

# ગ્રંથ અંગે કિંચિત્

## લે. પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવંતની ઉપાસના આરાધક આત્માઓ માટે કેટલી અનિવાર્ય છે? ઉપાસનાનું શું પ્રયોજન છે? ઉપાસનાના પ્રકારો કેટલા છે? વગેરે વગેરે વિષયોનું વિસ્તૃત સાહિત્ય ગણધર તેમજ આચાર્યાદિ મહાપુરુષોએ સંસ્કૃત–પ્રાકૃત વગેરે ભાષામાં રચેલ સંખ્યાબંધ ગ્રંથોમાં આજે સારી રીતે ઉપલબ્ધ થાય છે. આત્મ-સાધનાના અનેક પ્રકારો પૈકી જિનોપાસના એ મુખ્ય સાધન છે. જિનોપાસનાની સાધના વડે જેટલા જીવાત્માઓએ આત્મકલ્યાણ સિદ્ધ કર્યું છે, તે અપેક્ષાએ બીજા સાધનો વડે આત્મશ્રેય સિદ્ધ કરનારાઓની સંખ્યા હરહંમેશ અલ્પ પ્રમાણમાં હોય છે. આત્મશ્રેય માટે જિનો-પાસના કિંવા ભક્તિમાર્ગ જેવો કોઇ બીજો સરલ માર્ગ નથી અને એ કારણે જિનોપાસના અથવા ભક્તિમાર્ગવિષયક સાહિત્ય આપણા જૈન શાસનમાં વિપુલ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

ભગવતીસૂત્ર, ઉપાસકદશાંગ, જ્ઞાતાસૂત્ર, રાયપસેણી, જીવાભિગમ, ચઉસરણ પયન્નો વગેરે આગમસૂત્રો, લલિતવિસ્તરા, યોગશાસ્ત્ર, પંચાશક, દેવવંદનભાષ્ય, શ્રાદ્ધવિધિપ્રકરણ, ધર્મસંગ્રહ, પ્રતિમાશતક વગેરે સંખ્યાબંધ સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથો જિનોપાસના સંબંધી ભિન્ન ભિન્ન વિષયોનું પ્રતિપાદન કરનારા આજે પણ આપણા ગ્રંથભંડારોમાં વિદ્યમાન છે. હિંદી–ગુજરાતી ભાષામાં સ્તવન–ચૈત્યવંદન–સ્તુતિ વગેરેની સંખ્યાનું તો આપણે પ્રમાણ ન કાઢી શકીએ, તેટલું વિપુલ સાહિત્ય વર્તમાનમાં મુદ્રિત–અમુદ્રિત અવસ્થામાં આપણી પાસે ઢગલાબંધ પડ્યું છે અને એ સાહિત્ય એવું રોચક છે કે કંઠની મધુરતા તેમજ ચિત્તની એકાગ્રતા સાથે જ્યારે તેનો જિનોપાસનામાં ઉપયોગ થાય છે, ત્યારે વાતાવરણમાં કોઈ અનેરી પવિત્રતા પ્રગટે છે અને અનેક આત્માઓ સમ્યગ્દર્શનના અધિકારી બની જાય છે.

જૈન સંઘની પાસે જિનોપાસનાવિષયમાં આટલું વિપુલ અને વિશિષ્ટ સાહિત્ય હોવા છતાં પં. શ્રીયુત ધીરૂભાઈને જિનોપાસનાનો આ ગ્રંથ તૈયાર કરવાનું શું પ્રયોજન પ્રાપ્ત થયું હશે? આ પ્રશ્ન થવાની સંભાવના સહજ છે. પરંતુ એના સમાધાનમાં સમજવું જોઈએ કે કોઈ પણ મહાનુભાવને ગ્રન્થ રચવાના બે પ્રયોજન હોય છે: એક સ્વપ્રયોજન અને બીજું પરપ્રયોજન. એ બેમાં સ્વપ્રયોજનની પ્રધાનતા છે. બીજાઓને લાભ થાઓ કે ન થાઓ, પણ ગ્રન્થની રચના કરનાર મહાનુભાવને તો ગ્રન્થ તૈયાર કરવાના પ્રસંગમાં અનેક ગ્રન્થોનું પરિશીલન, ચિત્તની એકાગ્રતા, ક્ષયોપશમભાવની વૃદ્ધિ ઉપરાંત પરંપરાએ મુક્તિફળની પ્રાપ્તિ થાય છે.

વળી પ્રાચીન ગ્રન્થોમાં જિનોપાસનાવિષયક સાહિત્ય વિપુલ પ્રમાણમાં હોવા છતાં સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં મુખ્યત્વે ઉપનિબદ્ધ હોવાથી અને છુટું છવાયું હોવાથી અલ્પ બુદ્ધિવાળા મુમુક્ષુ મહાનુભાવોને જિનોપાસનાની અખંડ ધારા દ્વારા વિશેષ પ્રકારે અને સુગમ તથા આત્મશ્રેયની અનુકૂલતા થાય એ રીતે, આ ગ્રન્થની સંકલના અન્ય જીવો માટે ઘણી ઘણી હિતવાહ છે.

આ જિનોપાસના ગ્રન્થમાં પં. ધીરૂભાઈએ અનેક પ્રકરણો તૈયાર કર્યાં છે અને નાના મોટા સર્વ કોઈ સમજી શકે તેવી સરલ ભાષામાં એક એક પ્રકરણમાં એક એક વિષયની સુંદર રજૂઆત કરી છે, એ દૃષ્ટિએ આ ગ્રન્થ ઘણો આવકારદાયક બન્યો છે.

જિનોપાસનાનો આ ગ્રન્થ, ગ્રન્થ રચયિતા તેમજ ગ્રન્થના વાચકોને જિનોપાસનાના પવિત્ર પંથે આકર્ષે અને પરમપદની પાવન જ્યોત પ્રાપ્ત કરાવે, એ જ શુભ ભાવના.

卐

# જિનોપાસના

# પીઠિકા

૧. મોક્ષ કે પરમપદના અદ્વિતીય કારણભૂત સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને નિકટ લાવવામાં જિનભક્તિ, જિનારાધના કે જિનોપાસના મુખ્ય છે, તેથી દરેક ભવભીરુ ભવ્યાત્માએ તેનો આશ્રય લેવો જોઈએ અને તેમાં મગ્ન થવું જોઈએ.

જૈન શાસ્ત્રોના અનન્ય અભ્યાસી ઉપાધ્યાય શ્રી યશો-વિજયજી મહારાજે શ્રી આદીશ્વર પ્રભુની સ્તવના કરતાં કહ્યું છે કે—

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમકપાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ-રાગો.'

'હે પ્રભો ! મારા મનમાં મુક્તિ કરતાં પણ તારી ભક્તિ ઘણી વસેલી છે. તેમાં મને દૃઢ મમત્વ ઉત્પન્ન થયું છે. જેમ ચકમકનો પત્થર (લોહચુંબક) લોઢાના ટુકડાને પોતાના ભણી ખેંચે છે, તેમ તારી ભક્તિનો દૃઢ અનુરાગ મુક્તિને સરલતાથી મારા ભણી ખેંચી લાવશે.'

'ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમિયે;
તુજ થુણે જેહ ધન્ય ધન્ય જીહા;

ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય દિહા;

'હે પ્રભો ! તે કાયાને ધન્ય છે કે જેના વડે તારા પાયને પ્રણમાય છે. તે જિહ્વાને અતિ ધન્ય છે કે જેના વડે તારા ગુણોની સ્તુતિ–સ્તવના થાય છે. તે હૃદયને ધન્ય છે કે જેના વડે તારા અચિંત્ય માહાત્મ્યનું સ્મરણ કરવામાં આવે છે. અરે ! હું તો તે રાત્રિ અને દિવસને પણ ધન્ય માનું છું કે જેમાં તારી આ પ્રમાણે ભક્તિ, આરાધના કે ઉપાસના થાય છે.'

૨. જૈન નામ ધારણ કરવા છતાં જિનોપાસનાનું માહાત્મ્ય ન જાણીએ, તેના ભિન્ન ભિન્ન સ્વરૂપનો સ્પષ્ટ બોધ ન ધરાવીએ કે તેના મંગલમય વિધિ–વિધાનથી પરિચિત ન હોઈએ; તો આપણા જેવા દુર્ભાગી કોણ ?

આપણે બુદ્ધિશાળી ખરા, પણ મોટા ભાગે સાંસારિક વ્યવહારમાં. આપણે શાણા ખરા, પણ મોટા ભાગે વ્યાપાર –ધંધામાં. હાલ તો ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં આપણી બુદ્ધિનો કોઈ ચમકાર જણાતો નથી કે આપણા શાણપણાનો કંઈ પ્રભાવ નજરે પડતો નથી. શું જીવનનો રથ માત્ર સાંસારિક વ્યવહારના એક પૈડે જ ચલાવવો છે ? તેનું પરિણામ કેવું–કેટલું ગંભીર આવશે, એ પુનઃ પુનઃ વિચારવાની જરૂર છે.

૩. જિનોપાસના અવશ્ય કરવા જેવી છે. એમ માન્યા પછી પણ તે અંગે આપણા દિલમાં તાલાવેલી કેટલી ?

તલસાટ કેટલો ? ઉમંગનું પ્રમાણ કેટલું ? એ માટે થોડો વધારે સમય કાઢવો હોય તો પણ આપણું દિલ સંકોચ પામે છે. શું આ એક ઝટપટ પતાવી દેવા જેવી સામાન્ય, સાધારણ કે મામુલી ક્રિયા છે ? જેનાથી જીવનને સફળ બનાવવું છે, મોક્ષ કે પરમપદનાં સાધનોને નિકટ આણવાં છે, તે માટે જો આપણો ખ્યાલ ખરેખર આવો જ હોય તો માનવું પડશે કે આપણી બુદ્ધિને લકવાની ગંભીર બિમારી લાગુ પડી ચૂકી છે.

૪. આજે કેટલાક મહાનુભાવો તો ઉઠીને શ્રી અરિહંત પરમાત્માનું નામ પણ લેતા નથી અને ચાહદેવીનું સ્મરણ કરી તેનું આવાહન કરે છે. જ્યારે ચાહદેવી ઠીક ઠીક ઉષ્ણતા ધારણ કરીને તેમના ઉદરપ્રદેશમાં પહોંચે છે, ત્યારે તેમનાં અંગોમાં સ્ફુર્તિ આવે છે અને તેઓ પથારી નીચે પગ મૂકે છે.

વધારે દિલગીરીની વાત તો એ છે કે ત્યાર પછી પણ તેમને શ્રી અરિહંત પરમાત્માનું સ્મરણ થતું નથી કે નજીકમાં મંદિર હોવા છતાં દર્શન–પૂજન કરવાની ભાવના જાગતી નથી. તેઓ દંતધાવન, શૌચ, સ્નાન તથા નાસ્તો કરી વર્તમાનપત્રોનાં પાનાં ઉથલાવે છે અને સીધા કામે લાગી જાય છે અથવા કોઈ વ્યાવહારિક કાર્ય ઉત્પન્ન થયું હોય તો તેને પતાવે છે. આ રીતે તેમનો આખો દિવસ ધંધા–ધાપામાં કે વ્યાવહારિક કાર્યોમાં પૂરો થાય છે. તેમાં જિનોપાસનાને કંઈ સ્થાન હોતું નથી.

આવા મહાનુભાવો તો કોઈ મોટા પર્વ કે તહેવારના દિવસે જ ધર્મસ્થાનકોમાં આવે છે અને ગતાનુગતિકતાથી કેટલીક ક્રિયાઓ કરીને સંતોષ પામે છે. કોઈ એમ માનતું હોય કે આવા મહાનુભાવોની સંખ્યા મામુલી હશે, તો એ મંતવ્ય સાચું નથી. આવા મહાનુભવોની સંખ્યા ઘણી મોટી છે અને તે સમાજ–હિતૈષીઓને ભારે ચિંતા ઉપજાવી રહેલ છે; પરંતુ તેનો ખરો અને અમોઘ ઉપાય તો એ જ છે કે તેમને જિનોપાસનાનું વાસ્તવિક મહત્ત્વ સમજાવવું અને તેમાં રસ લેતા કરવા.

૫. આપણી ઉગતી પ્રજા અને આપણા યુવાનોની સ્થિતિ પણ જરા ય ઉત્સાહપ્રેરક નથી. તેમને નાટક–સીનેમા, મીટીંગ–મેળાવડા, પાર્ટી–પીકનીક, ક્રિકેટ–ફૂટબોલ તથા બીજી એવી વસ્તુઓ ગમે છે, પણ જિનોપાસના માટે ખાસ ઉર્મિ ઉઠતી નથી. કદાચ માતા–પિતાના દબાણથી તેઓ જિનોપાસનામાં જોડાય તો અનેક જાતના પ્રશ્નો પૂછે છે અને તે દરેકનો સંતોષકારક ખુલાસો આપવાનું કામ ઘણું કઠિન હોય છે. જો તેઓ આ પ્રકારના ગ્રંથો વાંચે–વિચારે તો ઘણો લાભ થવા સંભવ છે.

૬. આપણા ભક્તકવિઓએ ગાયું છે કે–

'કવણ નર કનક–મણિ છોડી તૃણ સંગ્રહે ?
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે ?
તુજ તજી અવર સુર કોણ સેવે ?'

'એવો કોણ મનુષ્ય હોય કે જે સુવર્ણ અને મણિ જેવા મહામૂલ્યવાન પદાર્થોને છોડીને તૃણ જેવી તુચ્છ વસ્તુનો સંગ્રહ કરે ? વળી એવો કોણ મનુષ્ય હોય કે જે ગુણિયલ ગજરાજને છોડી અઢારેય અંગે વાંકા એવા ઊંટને ગ્રહણ કરે ? વળી એવો કોણ મનુષ્ય હોય કે જે સર્વ મનોરથોની સિદ્ધિ કરનાર કલ્પતરુનો આશ્રય છોડીને કંટકમય બાવળની નીચે બેસવાનું પસંદ કરે ? તે જ પ્રમાણે એવો પણ કોણ મનુષ્ય હોય કે હે પ્રભો ! તારા જેવા આદર્શ દેવને છોડીને બીજાની સેવા કરે ?'

આમ છતાં કેટલોક વર્ગ મિથ્યાત્વી દેવ-દેવીઓની ઉપાસના કરે છે અને તેનાથી પોતાની મનોકામના પૂર્ણ કરવાનો મનોરથ સેવે છે. અને કોઈ ભવિતવ્યતાના અથવા પૂર્વસંચિત પ્રારબ્ધના કારણે એ મનોરથ અમુક અંશે પણ પૂર્ણ થયો તો તેઓ એનાં વખાણ કરવા લાગી જાય છે અને 'આંધળો આંધળાને ખેંચે' એ ન્યાયે બીજાઓને પણ એ રસ્તે ખેંચી જાય છે. આખરે આનું પરિણામ ધર્મપતનમાં આવે છે અને આપણી સંખ્યામાં ઘટાડો થાય છે. જો આ પરિસ્થિતિ અટકાવવી હોય તો જિનોપાસનાનો વ્યાપક પ્રચાર કરવો જોઈએ અને તે અંગે જરૂરી સાહિત્ય ભિન્ન ભિન્ન ભાષામાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રગટ કરવું જોઈએ.

૭. છેલ્લાં કેટલાંક વર્ષોથી જિનોપાસના અંગે અમારી કલમ ચાલતી રહી હતી, એવામાં સ્વ. ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતાકૃત ૐકાર-ઉપાસના, સોઽહં-ઉપાસના,

ગાયત્રી–ઉપાસના, દેવી–ઉપાસના વગેરે ગ્રંથો અમારા જોવામાં આવ્યા અને જિનોપાસના અંગે અમારો અનુભવ વૃદ્ધિ પામ્યો હતો, એટલે અમને જિનોપાસના અંગે એક દળદાર ગ્રંથ રચવાનો વિચાર સ્ફુર્યો, પણ એ વખતે સમય–સંયોગની એટલી અનુકૂળતા ન હતી કે અમે આવો ગ્રંથ રચી શકીએ.

ત્યારબાદ પૂજ્ય આચાર્ય ભગવંતો, વિદ્વાન્ મુનિરાજો તથા વિદ્યાવ્યાસંગી મિત્રો સાથે ચર્ચા–વિચારણા થતાં આવા એક ગ્રંથની અગત્ય પર ભાર મૂકાયો અને અમારો વિચાર પરિપક્વ થયો; પરંતુ ગ્રંથરચનાનું કાર્ય તો ત્યાર પછી બે વર્ષે એટલે '**શ્રી વીર–વચનામૃત**'ના ભવ્ય પ્રકાશન–સમારોહ પછી જ આરંભાયું અને તે એકધારું ચાલુ રહ્યું. અમને એમાં ખૂબ ખૂબ આનંદ આવ્યો. કેટલીક વાર તો અમે ખાવા–પીવાનું પણ ભૂલી ગયા અને કલાકો સુધી એક જ આસને બેસીને લખતા રહ્યા.

૮. આ ગ્રંથને ઉપાસ્યખંડ, ઉપાસનાખંડ અને ઉપાસકખંડ એમ ત્રણ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. તેમાં ઉપાસ્યખંડમાં ઉપાસ્ય દેવ કેવા હોવા જોઈએ ? એ પ્રશ્નની વિચારણા કરી છે અને જિનેશ્વરદેવને આદર્શ ઉપાસ્ય સિદ્ધ કરેલા છે. ત્યાર પછી તેમનો સામાન્ય તથા વિશેષ પરિચય આપ્યો છે અને સૂત્રો તથા સ્તુતિ–સ્તવનોમાં પ્રાપ્ત થતાં વિશેષણોનો સંગ્રહ રજૂ કર્યો છે કે જે તેમનું સ્વરૂપ સમજવામાં ઘણો ઉપયોગી છે.

ઉપાસનાખંડમાં ઉપાસનાનો આશય સમજાવ્યો છે તથા તેનાથી થતા અનેકવિધ લાભોનું વર્ણન કરીને તેના વિવિધ પ્રકારો ઉપર સારો એવો પ્રકાશ પાડ્યો છે. તે પરથી જિનોપાસના કેટલી વ્યાપક છે? તેનો ખ્યાલ આવી શકશે.

અને ઉપાસકખંડમાં ઉપાસકને લગતા અનેકવિધ વિષયોનું વિસ્તૃત વર્ણન કરેલું છે.

૯. અમને જણાવતાં આનંદ થાય છે કે આ ગ્રંથનું સંશોધન જૈન શાસ્ત્ર અને શૈલિના વિશિષ્ટ અભ્યાસી એવા ત્રણ મહાપુરુષોના હાથે થયું છે, એટલે એ નિઃસંદેહ વાંચવા યોગ્ય બન્યો છે. આમ છતાં તેમાં કંઈ સૂચવવા જેવું હોય તો વિદ્વજ્જનોએ કૃપાવંત થઈને અમોને સૂચવવું, જેથી નવી આવૃત્તિમાં યોગ્ય સુધારો થઈ શકે.

૧૦. અમારો દૃઢ વિશ્વાસ છે કે—

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥

'જિનેશ્વર દેવનું પૂજન કરતાં ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.'

પાઠકો પણ આવા જ દૃઢ વિશ્વાસપૂર્વક આ ગ્રંથને વાંચે–વિચારે એ અભ્યર્થનાપૂર્વક આ પીઠિકા પૂરી કરીએ છીએ.

# ઉપાસ્ય-ખંડ

પ્રકરણ પહેલું

## ઉપાસના કોની કરવી ?

પ્રકરણ બીજું

## જિનદેવનો સામાન્ય પરિચય

પ્રકરણ ત્રીજું

## જિનદેવનો વિશેષ પરિચય

પ્રકરણ ચોથું

## જિનદેવનાં કેટલાંક વિશેષણો

★

## પ્રકરણ પહેલું

## ઉપાસના કોની કરવી ?

**૧–સત્યના સ્વીકારમાં જ આપણું કલ્યાણ છે.**

'ઉપાસના કોની કરવી ? અર્થાત્ ઉપાસ્ય દેવ તરીકે કોનો સ્વીકાર કરવો ?' એ પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે. જેઓ ભોળા છે, ભદ્રિક છે, અથવા વિશેષ વિચાર કરવાને ટેવાયેલા નથી, તેઓ કદાચ એમ કહેશે કે 'એમાં ગંભીર વિચારણા શી કરવાની હતી ? બધા દેવો સારા હોય છે, માટે ગમે તે એક દેવનો સ્વીકાર કરી ઉપાસના કરવા લાગી જાઓ.'

પરંતુ તેમનું આ કથન ઠીક નથી. તેમણે જાણવાની ખાસ જરૂર છે કે દેવોમાં પણ તરતમતા હોય છે; અર્થાત્ કેટલાક દેવો કનિષ્ઠ, કેટલાક મધ્યમ તો કેટલાક ઉત્તમ હોય છે. ઉત્તમમાં પણ દશા–વીશી હોવાથી કેટલાક ઉત્તમોત્તમનું સ્થાન પામે છે. આથી તે સંબંધી ખાસ વિચાર કરવાની જરૂર છે. જો ઉપાસનાથી આત્મકલ્યાણની આશા રાખવામાં આવતી હોય, તો તે ગમે તે દેવની ઉપાસના કરવાથી ફળતી નથી. જેમ યોગ્ય ઔષધના સેવનથી જ રોગનું નિવારણ થાય છે, તેમ યોગ્ય દેવની ઉપાસના કરવાથી જ આત્મકલ્યાણનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.

અહીં અમે એટલું સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે સારા અને ખોટાને સરખું સમજી લેવું, અર્થાત્ તેમાં ભેદ ન કરવો, એ એક પ્રકારની મૂઢતા છે અને તેનું પરિણામ માઠું આવવાનો જ સંભવ છે. ગોળ અને ખોળને સરખા સમજી લેનાર ગોળની ઉત્તમતા શી રીતે જાણવાનો ? કંચન અને કથીરને સમાન લેખનાર કંચનની શ્રેષ્ઠતા શી રીતે પિછાણવાનો ? અથવા હંસ અને બગલાનો ભેદ ન કરનાર હંસની પ્રશંસા શી રીતે કરવાનો ? 'ટકે શેર ભાજી અને ટકે શેર ખાજાં,' એ ગંડુ રાજાનો ન્યાય છે. તેનું પરિણામ કેવું ભયંકર આવ્યું, તે આપણે જાણીએ છીએ; એટલે સારા અને ખોટાને સરખા માની લેવાની ભૂલ કોઈએ કરવા જેવી નથી.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'એકને સારા અને બીજાને ખોટા ઠરાવવા જતાં બીજાની નિંદા થાય છે અને તે અમને પસંદ નથી. માટે સારા–ખોટાનો ટાળો કરવો છોડી દેવો, એજ ઇચ્છનીય છે.' તો આ વાતને અમે હરગીઝ મંજૂર રાખતા નથી. સાચા અને ખોટાનો નિર્ણય એ કોઈની નિંદા નથી; એ તો આપણી ભૂલભરેલી માન્યતાની સુધારણા છે અને તે આપણે કરવી જ જોઈએ. આ વિષયમાં મહાત્મા હરિભદ્રસૂરિનાં ટંકશાળી વચનો સાંભળો:—

नेत्रैर्निरीक्ष्य विषकण्टकसर्पकीटान् ।
सम्यग् यथा व्रजति तान् परिहृत्य सर्वान् ॥
कुज्ञानकुश्रुतिकुदृष्टिकुमार्गदोषान् ।
सम्यग् विचारयथ कोऽत्र परापवादः ॥१॥

'ધારો કે એક માણસ માર્ગ પર ચાલ્યો જાય છે, તેણે પોતાનાં નેત્રોવડે એ માર્ગમાં કેટલાક ઝેરી કાંટા વિખરાયેલા જોયા, અથવા કોઇ વિષધરનાં દર્શન કર્યાં અથવા વીંછી-કાનખજૂરા જેવા હાનિકર્તા કીડાઓને અહીં તહીં ફરતા જોયા, એથી તેણે એ સર્વનો પરિહાર કરીને બીજો માર્ગ પકડ્યો અને ચાલવા માંડ્યું, તો શું તેણે એ ઝેરી કાંટા, સાપ કે કીડાઓની નિંદા કરી ગણાશે ? જો આનો ઉત્તર નકારમાં હોય-હોય જ-તો જે મનુષ્યો મિથ્યા જ્ઞાન, મિથ્યા શાસ્ત્રો, મિથ્યા દૃષ્ટિ કે મિથ્યા માર્ગનો ત્યાગ કરી સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાસ્ત્ર, સમ્યગ્ દૃષ્ટિ કે સમ્યગ્ માર્ગનો આશ્રય લે તેને નિંદા કેમ કહેવાય ? તેનો હે સુજ્ઞો ! તમે વિચાર કરો.'

જૈન મહર્ષિઓએ કહ્યું છે કેઃ '**पुरिसा सच्चमेव समभिजाणाहि, सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ**-હે પુરુષ ! તું સત્યને જ સારી રીતે જાણી લે. સત્યની આજ્ઞામાં રહેલો બુદ્ધિમાન પુરુષ મૃત્યુને તરી જાય છે, અર્થાત્ અજરામર અવસ્થા પ્રાપ્ત કરે છે.'

વૈદિક ઋષિઓએ પણ પ્રાર્થના કરી છે કે '**असतो मा सद् गमय**-અમને અસત્યમાંથી સત્ય પ્રત્યે લઇ જાઓ.' કારણકે સત્યની સહાય વિના શ્રેયસ્‌ની પ્રાપ્તિ થઈ શકતી નથી.

પશ્ચિમના વિચારકોએ પણ ' Truth is God-સત્ય

એ જ પરમેશ્વર છે' એ શબ્દો વડે સત્યનો મહિમા પ્રકાશ્યો છે.

એટલે આપણે સત્ય પ્રત્યે રુચિવંત થઈને તેની શોધમાં આગળ વધીએ અને જે વસ્તુ સત્ય લાગે તેનો નિર્ભયતાથી સ્વીકાર કરીએ, એમાં જ આપણું કલ્યાણ છે.

## ૨–સમ્યક્ત્વ અને મિથ્યાત્વની વ્યાખ્યા

જૈન મહર્ષિઓએ સમ્યક્ત્વ અને મિથ્યાત્વની સૂક્ષ્મ વિવેચના કરી છે, તેનું રહસ્ય એ જ છે કે મુમુક્ષુઓ દેવ, ગુરુ અને ધર્મની બાબતમાં સત્ય શું છે? એ સારી રીતે સમજી લે અને તેનો સ્વીકાર કરીને પોતાને પ્રાપ્ત થયેલા મોંઘા માનવજીવનને સફળ કરે. તેઓ કહે છેઃ–

'या देवे देवताबुद्धि-र्गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधी शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥'

'દેવનાં લક્ષણથી યુક્તમાં દેવપણાની, ગુરુનાં લક્ષણથી યુક્તમાં ગુરુપણાની અને ધર્મનાં લક્ષણથી યુક્તમાં ધર્મપણાની નિર્મલ બુદ્ધિ હોય તેને સમ્યકત્વ કહેવાય છે.'

અને–

'अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद् विपर्ययात् ॥'

'અદેવમાં દેવપણાની, અગુરુમાં ગુરુપણાની અને અધર્મમાં ધર્મપણાની બુદ્ધિ હોવી એ તેના વિપરીતપણાને લીધે મિથ્યાત્વ કહેવાય છે.'

આનો અર્થ એ છે કે જે દેવપણાનાં લક્ષણથી યુક્ત છે, તેને દેવ ન માનીએ તો એ મિથ્યાત્વ છે, એટલે દેવનાં લક્ષણો સમજવાં જોઇએ અને તે ઉપાસ્ય દેવને બરાબર લાગુ પડે છે કે નહિ? તેનો વિચાર કરવો જોઈએ.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જૈન મહર્ષિઓએ સંસારનું સ્વરૂપ દર્શાવતાં ચાર પ્રકારની ગતિનું વર્ણન કરેલું છે, તેમાં દેવ નામની પણ એક ગતિ બતાવેલી છે અને તેમાં ઉત્પન્ન થનારના ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક આદિ પ્રકારો માનેલા છે; પરંતુ આ દેવવર્ગ અહીં અભિપ્રેત નથી. અહીં તો 'दीव्यते-स्तूयते इति देवः- જેની સ્તુતિ-સ્તવના થાય, જેની આરાધના-ઉપાસના થાય એ દેવ' એવો અર્થ સમજવાનો છે. આને કોઈ ઈશ્વર કે ભગવાન કહે, તો કહી શકે છે, કારણકે તેની પણ સ્તુતિ-સ્તવના થાય છે.

૩-દેવનું લક્ષણ

દેવ, ઈશ્વર કે ભગવાનનું મુખ્ય લક્ષણ દૂષણરહિત અવસ્થા છે, અર્થાત્ તેમાં એક પણ દૂષણ હોવું ન જોઈએ. શ્રી હરિભદ્રસૂરિએ લોકતત્ત્વ-નિર્ણયમાં કહ્યું છે કે-

' यस्य निखिलाश्च दोषा, न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥'

'જેનામાં કોઈ દોષ રહ્યા નથી અને સર્વે ગુણો વિદ્યમાન છે, તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર કે જિનને મારા નમસ્કાર હો.'

શ્રી હેમચંદ્રાચાર્યે મહાદેવ–સ્તોત્રમાં આ જ વિચારને પુષ્ટિ આપી છે. તેઓ કહે છે :

'भवबीजाङ्कुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥'

'સંસારરૂપી બીજના અંકુરો ઉગાડનારા રાગાદિ દોષો જેમાંથી નષ્ટ થયા છે, તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર કે જિનને મારા નમસ્કાર હો.'

તાત્પર્ય કે મૂળ વાત દોષરહિત અવસ્થાની છે, પછી તે દેવનું નામ ગમે તે હોય.

૪–ઈશ્વરના સ્વરૂપ સંબંધી પશુઓનો વાદવિવાદ

એક જંગલમાં બધાં પશુઓ એકઠાં થયાં અને ઇશ્વર અથવા ભગવાન કેવો હોય ? તેનો નિર્ણય કરવા બેઠાં.

તે વખતે સિંહે ઊભા થઇને કહ્યું કે 'બંધુઓ ! હું માનું છું કે ભગવાન ઘણો પરાક્રમી હોવો જોઈએ, કારણ કે પરાક્રમી વિના કોઈ રાજ્ય કરી શકે નહિ. વળી પરાક્રમીને માથે સુંદર કેશવાળી જરૂર હોય છે, એટલે ઇશ્વરને સુંદર કેશવાળી હોવી જોઇએ.'

આ સાંભળીને વાઘ ઊભો થયો અને તેણે કહ્યું કે 'બંધુઓ ! ભગવાન ઘણો જબરો હોવો જોઈએ અને જબરાના શરીરે પીળા અને કાળા ચટાપટા હોય છે, એટલે તેના શરીરે પણ પીળા અને કાળા ચટાપટા જરૂર હશે.'

તે સાંભળી **હાથી** ઊભો થયો અને તેણે કહ્યું કે ‘ મહેરબાનો ! સિંહ અને વાઘની વાત સાંભળીને મને ઘણી જ નવાઈ લાગે છે કે ભગવાનને તેઓ કેશવાળીવાળો અને પીળા તથા કાળા ચટાપટાવાળો કહે છે. આ વાત તદ્દન ખોટી છે અને તેનો પુરાવો હું પોતે જ છું. હું મહાન હોવા છતાં મારા માથે કેશવાળી નથી કે મારા શરીરે પીળા કે કાળા ચટાપટા પણ નથી. તેથી ભગવાન મહાન હોય તો તેનું શરીર ઘણું જ મોટું હોવું જોઈએ અને તેની સૂંઢ ઘણી જ લાંબી હોવી જોઈએ કે જેથી તે ગમે તેવી વસ્તુને ઉપાડી લે અને ગમે ત્યાં ગોઠવી શકે.'

તે સાંભળીને **ઘોડાએ** કહ્યું : ‘ ભગવાન જેવા ભગવાન માટે તમે આ કેવી વાતો કરો છો ? ભગવાન જ્યારે આખી સૃષ્ટિનું સંચાલન કરે છે, ત્યારે તે ઘણો જ ચપળ અને વેગવાન હોવો જોઇએ. હું કહું છું કે તે એક કલાકમાં પચીશ–પચાશ ગાઉ જેટલું તો જરૂર દોડતો હશે.'

તે સાંભળીને **બળદે** કહ્યું : ‘ તમારા લોકોની વાત માનવા લાયક નથી. ભગવાનને નથી તો હોતી કેશવાળી કે નથી તો હોતા શરીરે પીળા અને કાળા ચટાપટા. વળી તેને ભૂંડી લબડમણી સૂંઢ પણ શા માટે હોય ? અને તેને કલાકના પચીશ–પચાશ ગાઉ દોડવાનું પ્રયોજન શું ? જે ભગવાન આખી દુનિયાનો ભાર ખેંચે છે, તે રૂષ્ટ, પુષ્ટ અને મોટી ખુંધવાળો હોવો જોઈએ કે જે દેખાવમાં પણ સુંદર લાગે.'

તે સાંભળી **ગધેડાએ** કહ્યું કે 'આ તો કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી' એવો ઘાટ થઈ રહ્યો છે! હું કહું છું કે........'

પણ તે જ વખતે **કૂતરો** અને **શિયાળ** ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે 'આ સભામાં વ્યક્તિગત આક્ષેપો થાય તે ઠીક નહિ. માટે આ ગધેડાએ અમારા માટે જે શબ્દો વાપર્યા છે, તે પાછા ખેંચી લેવા જોઈએ.'

ગધેડાએ કહ્યું : 'મેં તો જેવું હતું તેવું કહ્યું છે. તેમાં આક્ષેપ શાનો? શું તાજું હાડકું મળી આવ્યું હોય તો કૂતરો ગામ ભણી અને શિયાળ સીમ ભણી તાણતા નથી? વળી આવી નાની બાબતમાં ઉશ્કેરાઈ જવું એ ઠીક નથી, માટે પીઠ મારા જેવી મજબૂત રાખો અને એ શબ્દ કડવા કહેવાય તો પણ સાંભળતા શીખો. હું કહું છું કે ભગવાન ઘણો જ સહનશીલ હશે, નહિ તો તે જીવી જ કેમ શકે? આ દુનિયામાં એવાં એવાં પાપો થઈ રહ્યાં છે કે જેને જોઈને કમકમાં આવે, પણ ભગવાન એ બધું જોવા છતાં જીવતો રહ્યો છે, એટલે મને લાગે છે કે તે ઘણો જ સહનશીલ હોવો જોઈએ.'

તે સાંભળીને કૂતરાએ કહ્યું કે 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ વાત તદ્દન સાચી છે, નહિ તો સહુ આ રીતે ભગવાનનું સ્વરૂપ વર્ણવે નહિ. હું પૂછું કે ભગવાનને શા માટે કેશવાળી હોવી જોઈએ? એ શું પરાક્રમની નિશાની છે? એવી કેશવાળી તો ઘોડા, ખચ્ચર અને આ ગધેડાભાઈને

પણ હોય છે. વળી રંગીન ચટાપટાની પણ શું જરૂર છે? અને કાળા લીંટાઓ તો કાળાં કામની નિશાની છે. વળી નાક અતિ મોટું હોય તેમાં શોભા શી? મુખનાં અવયવો સપ્રમાણ હોય તો જ શોભે. અને ભગવાનને દોડવાની જરૂર શી કે એ કલાકના પચીશ–પચાશ ગાઉ દોડે? એ તો બધે વ્યાપી રહેલો છે. અને તે ખૂબ રૂષ્ટપુષ્ટ અને મોટી ખુંધવાળો શા માટે જોઈએ? એ કંઈ સુંદરતાની નિશાની નથી. મનુષ્યોને પૂછી જુઓ કે ખુંધવાળાને માટે તેઓ કેવો અભિપ્રાય ધરાવે છે, એટલે આ વાતની ખાતરી થશે. વળી આ ગર્દભભાઈ કહે છે તેમ, ભગવાન જો સહનશીલ જ હોય અને બધું ઠંડા પેટે જોયા કરતો કરતો હોય તો આ દુનિયાની રખેવાળી કોણ કરે? એટલે હું કહું છું કે ભગવાન તો અતિ અલ્પ નિદ્રાવાળો અને સજાગ હોય તથા નાનકડા શરીરવાળો અને સ્ફૂર્તિમંત હોય કે જેથી બધાં કાર્યો સારી રીતે કરી શકે.’

તે સાંભળીને **બકરાએ** કહ્યું કે ‘મારો નમ્ર અભિપ્રાય એવો છે કે ભગવાન આ સિંહ અને વાઘ જેવો જુલ્મી ન હોય કે હાથી જેવો અભિમાની અને ઘોડા જેવો ચપળ પણ ન હોય. વળી તે બળદ જેવો બેવકૂફ અને ગધેડા જેવો ગમાર પણ ન હોય; અને આ કૂતરાભાઈ કહે છે તેવો આખી રાતના ઉજાગરા કરનારો એટલે સદા ચિંતાવાળો પણ ન હોય, પરંતુ અતિ........’

ત્યાં જ સિંહ અને વાઘે ગર્જના કરી કે ‘એક

બકરો આ રીતે બોલવાની હિમ્મત કરે છે, તે ઘણું જ વધારે પડતું છે. અમે શું જુલ્મી છીએ ?' એટલે હાથીએ પણ ચિત્કાર કર્યો કે 'મને અભિમાની કહેનારો આ બકરો કોણ ?' અને ઘોડો પણ તે જ વખતે હણહણી ઉઠ્યો કે 'બકરાએ ચપળ શબ્દનો ઉપયોગ ચંચળના અર્થમાં કર્યો છે કે જે કોઈ રીતે વ્યાજબી નથી.' એટલે બળદે પણ બરાડીને કહ્યું કે 'મને બેવકૂફ કહેનારની બરાબર ખબર લેવી જોઈએ.' પણ ગધેડો સહનશીલ હોવાથી પોતાને ગમાર કહેવા બદલ કાંઈ બોલ્યો નહિ.

આ રીતે સભાનું વાતાવરણ ગરમ થઈ જવાથી **સસલો** ઊભો થયો અને તેણે ડાવકાઈથી કહ્યું કે 'બંધુઓ ! કોઈએ ગરમ થવાની જરા પણ જરૂર નથી. આ બકરાએ જે કાંઈ કહ્યું છે, તે સાચું છે. સિંહ અને વાઘ નિર્દોષ પ્રાણીઓને ફાડી ખાય છે, તે શું જુલ્મ નથી ? વળી હાથી આખો દિવસ પોતાનું નાક આમથી તેમ હલાવ્યા જ કરે છે, તે એક પ્રકારનું અભિમાન નથી ? અને ઘોડો પણ ચાબુકનો ચમકાર થતાં જ દોડવા માંડે છે, તે ચપળતા સિવાય ઓછું જ બને ? વળી બળદની અક્કલ માટે કોઈનો અભિપ્રાય સારો નથી. તેથી જ મનુષ્ય જાતિના પ્રાણીઓ પોતાના કોઈ ભાઈની અક્કલ ઓછી છે, તેમ જણાવવું હોય ત્યારે કહે છે કે 'એ તો બળદ છે, બળદ !' આખો દિવસ વૈતરું જ કર્યા કરવું અને કોઈ પણ જાતનો આનંદ-વિનોદ ન કરવો, એટલે

અક્કલનું અધૂરાપણું દેખાય તેમાં નવાઈ નથી, અને ગધેડાએ જો કે બકરાના અભિપ્રાય સામે ફરિયાદ ઉઠાવી નથી પણ મનમાં તો તે સમજતો જ હશે કે મને ગમાર કેમ કહ્યો ?' પરંતુ એને માટે એ ઉપમા સાચી છે, કારણ કે જે ઈશારે વાત સમજે નહિ અને બે ચાર ડફણાં પડે, ત્યારે જ એક વાત મગજમાં ઉતારે તે ગમાર જ કહેવાય. અને કૂતરાભાઈ ભગવાનને આખી રાતના ઉજાગરા કરનારો બતાવે છે, પણ ભગવાને તે એવી શી ભાંગ ખાધી છે કે એ પંચાતમાં ઉતરવું પડે ? અમારો અનુભવ તો એવો છે કે 'મોટાનાં દરસણ ખોટાં' હોય છે, માટે ભગવાન મોટો નહિ પણ નાનો હોવો જોઈએ, અને તે મારતે મીયાં કે જુલ્મી નહિ, પણ સરળ અને નિર્દોષ હોવો જોઈએ.'

તે જ વખતે **શિયાળીઆએ** લારી કરીને કહ્યું કે 'આ વાતનો અંત આવે તેમ લાગતું નથી, માટે એમ કરો કે અત્યારે તો સહુ આહાર કરવા ચાલ્યા જાઓ. વળી ફરી મળીશું અને એ વખતે ભગવાન કેવો હોય ? તેનો ફેંસલો કરીશું.'

બધાના પેટમાં બરાડા બોલવા લાગ્યા હતા, એટલે શિયાળની આ દરખાસ્ત સહુના ગળે ઉતરી ગઈ અને તેઓ પોત પોતાનાં ઠેકાણે ચાલ્યા ગયાં.

**૫–ઈશ્વર તો આદર્શ જ હોવો જોઇએ.**

આ જ સ્થિતિ મનુષ્યોની છે. તેઓએ પણ ઇશ્વરને પોતાની કલ્પના પ્રમાણે સુંદર ભોજન ઉડાવતો, પીતાંબર

અને પટકુળ પહેરતો, શંખ, ચક્ર, ગદા, ધનુષ્ય કે ત્રિશૂળ આદિ શસ્ત્રોને ધારણ કરતો તથા સ્ત્રીની સંગાથે ભોગ ભોગવતો કલ્પ્યો છે. પણ એ વિચાર નથી કર્યો કે ભગવાન જો આવો પ્રાકૃત હોય તો તેને સ્મરવાની, ભજવાની, પૂજવાની કે આરાધવાની જરૂર શી ? તાત્પર્ય કે–ઈશ્વર તો આદર્શ જ હોવો જોઈએ કે જેનામાં સર્વે ગુણો હોય, પરંતુ એક પણ દોષ ન હોય.

આ જગતમાં સૃષ્ટિનો સર્જનહાર, પાલનહાર અને સંહાર કરનાર એવો કોઈ ઈશ્વર સંભવતો નથી કે પ્રાણીઓને સુખ–દુઃખની ભેટ કરનારો કોઈ ઈશ્વર જણાતો નથી, પરંતુ જગતનું તંત્ર સ્વતંત્ર છે અને દરેક પ્રાણીને તેનાં સારાં ખોટાં કર્મોનો બદલો સ્વયં મળે છે; તેથી જે કોઈ આત્મા પોતાને લાગેલાં કર્મોની અશુદ્ધિ દૂર કરીને તેના શુદ્ધ સ્વરૂપને પ્રકટ કરે છે અને જ્ઞાન તથા આનંદમય–ચિદાનંદમય બને છે, તે જ ઈશ્વર છે, તે જ ભગવાન છે, તે જ પ્રભુ છે અને તે જ દેવ છે; અને તેવા જ ઈશ્વર, ભગવાન, પ્રભુ કે દેવનો સ્વીકાર કરવામાં મનુષ્યજાતિનું કલ્યાણ છે, કારણ કે તેના વડે જીવનનો એક એવો ઉચ્ચ આદર્શ પ્રાપ્ત થાય છે કે જેના અનુસરણ વડે તે અતિ ઉન્નત સ્થિતિને પ્રાપ્ત કરી શકે.

આ વસ્તુ સ્પષ્ટ સમજાય તે માટે અહીં ઈશ્વર વિષેની કેટલીક પ્રચલિત માન્યતાઓની આલોચના કરવાનું ઇષ્ટ માનીએ છીએ.

ઈશ્વર વિષયક કેટલીક માન્યતાઓની આલોચના

કેટલાક એમ કહે છે કે 'ઈશની આજ્ઞા વિના, નવ પાંદડું હાલી શકે.'–ઇશ્વરની મરજી વિના પાંદડું હાલવા જેવી એક નાની ક્રિયા પણ થઇ શકતી નથી, તો અન્ય મોટી ક્રિયાઓ તો થાય જ ક્યાંથી? તાત્પર્ય કે આ જગત્‌માં નાની–મોટી જે કંઇ ક્રિયાઓ થઇ રહેલી જણાય છે, તે ઇશ્વરને આભારી છે. આવું વિધાન કરવાનો મૂળ હેતુ ઇશ્વરની મહત્તા પ્રકટ કરવાનો છે, પરંતુ તેમ કરવામાં ઇશ્વરની મહત્તા પ્રકટ થાય છે કે લઘુતા? એ વિચારવાનું છે.

જો આ જગતની સર્વ ક્રિયાઓનું સંચાલન ઇશ્વર દ્વારા થતું હોય, તો તેમાં ચાલી રહેલી સર્વે પાપી પ્રવૃત્તિઓની જવાબદારી પણ તેના જ શિર પર આવે. દાખલા તરીકે એક માણસ બીજા માણસનું ખૂન કરે તો તેનો જવાબદાર તે માણસ નહિ, પણ ઈશ્વર જ ઠરે, કારણ કે જે કાંઈ થયું છે, તે ઇશ્વરની આજ્ઞાથી થયું છે. અથવા એક માણસ બીજા માણસોનો વિશ્વાસઘાત કરી તેને તદ્દન કફોડી હાલતમાં મૂકી દે તો તેનો જવાબદાર તે માણસ નહિ, પણ ઇશ્વર જ ઠરે, કારણ કે તે કામ ઇશ્વરની આજ્ઞાને આધીન થયેલું છે. અથવા એક માણસ બીજા માણસની માલમિલકત ઉઠાવી જાય કે તેના ઘરમાં ખાતર પાડે તો તેનો જવાબદાર તે માણસ નહિ, પણ ઇશ્વર જ ઠરે, કારણકે તેને તેમ કરવાની પ્રેરણા ઇશ્વર તરફથી થયેલી

છે. અથવા એક માણુસ બીજા માણુસની સ્ત્રી સાથે વ્યભિચાર કરે કે કોઈ સતી સ્ત્રીની લાજ લૂંટે કે કોઇ પણ અત્યાચાર કરે, તો તેની જવાબદારી તે માણુસની નહિ, પણ ઈશ્વરની ઠરે; કારણકે ઇશ્વરની આજ્ઞા હોવાથી જ તેણે તે પ્રકારનાં કાર્યો કરેલાં છે. આ રીતે મનુષ્યો ગમે તેવાં અને ગમે તેટલાં બૂરાં કામો કરતાં હોય, તે બુરાં કામોની જવાબદારી તેમની નહિ પણ ઈશ્વરની જ ઠરે, કારણ કે જે કાંઇ થાય છે, તે બધું ઈશ્વરની આજ્ઞા કે મરજીથી જ થાય છે.

અહીં વિચારવાનું એટલું જ છે કે જો ઇશ્વર માનવામાં આવે છે તેમ, ખરેખર મહાન, ન્યાયી, દયાળુ અને ભલો હોય તો તે આવાં તુચ્છ, અન્યાયી, નિર્દય અને બૂરાં કામો કેમ કરે-કરાવે ? જેમ હસવું અને લોટ ફાકવો એ બે કાર્યો સાથે બની શકતાં નથી, જેમ ઉત્તર અને દક્ષિણ એ બંને દિશામાં એક સાથે પ્રવાસ થઇ શકતો નથી અને જેમ દિવસ તથા રાત્રિ એક જ સ્થળે એકી વખતે સંભવી શકતા નથી, તેમ મહાન થવું અને તુચ્છ કામો કરવાં-કરાવવાં, ન્યાયી થવું અને અન્યાય કરવો-કરાવવો, દયાળુ થવું ને હિંસા કરવી-કરાવવી ? તથા ભલા થવું અને બૂરાઈનાં કામો કરવાં-કરાવવાં, એ બે એકી સાથે બની શકતું નથી; તેથી જેઓ ઈશ્વરને સર્વ ક્રિયાઓનું સંચાલન કરનારો માને છે, તેમણે તેને મહાન, ન્યાયી, દયાળુ અને ભલો માનતાં અટકવું જોઇએ અથવા

તેને મહાન, ન્યાયી, દયાળુ અને ભલો માનીને સર્વ ક્રિયાઓનું સંચાલન કરનારો માનતાં અટકવું જોઈએ. આ બે વિકલ્પોમાંથી કયો વિકલ્પ પસંદ કરવા યોગ્ય છે, તે કોઈ પણ સુજ્ઞજન સહેલાઈથી સમજી શકે તેમ છે; ઈશ્વરને મહાન, ન્યાયી, દયાળુ અને ભલો ન માનવામાં તેનું મહત્ત્વ કોઈ પણ રીતે જળવાતું નથી, જ્યારે બીજા વિકલ્પ અનુસાર તેની ઈશ્વરતા ટકી રહે છે.

કેટલાક એમ કહે છે કે—આ જગત્‌માં જે કાંઈ સારાં કામો થાય છે, તે ઈશ્વરની આજ્ઞાથી થાય છે અને બૂરાં કામો થાય છે, તે શેતાનની આજ્ઞાથી થાય છે. તાત્પર્ય કે 'ઈશ્વર તો મહાન, ન્યાયી, દયાળુ અને ભલો છે, પણ શેતાન બૂરો છે,' પરંતુ આ વિધાન પણ ઈશ્વરની માનવામાં આવેલી મહત્તાનો લોપ કરનારૂં જ છે. જો આ જગત પર એક વ્યક્તિને બદલે બે વ્યક્તિની સત્તા ચાલતી હોય તો ઈશ્વર એ ઈશ્વર જ ન કહેવાય, કારણ કે ઈશ્વરનો અર્થ શ્રેષ્ઠ રાજકર્ત્તા કે સહુથી મહાન રાજકર્તા એવો થાય છે. વળી આ જગતમાં સારાં કામો કરતાં બૂરાં કામો વધારે થાય છે, એટલે ઈશ્વરની સત્તા કરતાં શેતાનની સત્તા વધારે સ્વીકારવી પડે અને એ રીતે ઈશ્વર કરતાં શેતાન વધુ મોટો સાબીત થતાં ભક્તિ, આરાધના કે ઉપાસના ઈશ્વરની નહિ, પણ શેતાનની જ કરવી ઘટે; પરંતુ તેમ કરવાનું કોઈ ભાગ્યે જ કબૂલ કરે છે, એટલે સારાં કામો ઈશ્વરની આજ્ઞાથી અને બૂરાં કામો શેતાનની આજ્ઞાથી જ થાય છે, એમ માનવું સંગત નથી.

આ સૃષ્ટિનું સંચાલન સ્વયં થઈ રહ્યું છે, એ વાત યુક્તિ અને અનુભવથી સિદ્ધ છે, છતાં જે લોકોનાં મનમાં એવી વાત જોરથી ઠસી ગઇ છે કે–'ઇશ્વર સૃષ્ટિનો સર્જનહાર છે,' તેમને એ પ્રશ્ન થવાનો કે 'દરેક વસ્તુનો બનાવનાર કોઈને કોઈ હોય છે જ, તો આ જગતનો બનાવનાર પણ કોઇને કોઈ કેમ ન હોય ? તાત્પર્ય કે હોય જ. અને તે બનાવનારને ઇશ્વિર માનવામાં વાંધો શું ?' આ પ્રશ્નનો ઉત્તર એ છે કે 'જો દરેક વસ્તુનો બનાવનાર કોઈને કોઈ હોય જ' એવો સિદ્ધાંત સ્વીકારીએ તો ઇશ્વિરને બનાવનારો પણ કોઇક હોવો જ જોઇએ, એ વાતનો સ્વીકાર કરવો પડશે અને તેના બનાવનારનો બનાવનાર પણ કોઇક હોવો જ જોઇએ, એ વાતનો પણ સ્વીકાર કરવો જ પડશે. આમ આ પરંપરા અનંત બનશે, એટલે બધી વસ્તુનો સર્જનહાર ઇશ્વિર છે, એ વાત તો ઊભી રહેશે જ નહિ. જ્યાં ઈશ્વરની પહેલાં તેને બનાવનારા અસંખ્ય–અનંત પેદા થયા હોય, ત્યાં ઇશ્વિરનું સર્જનહારપણું રહ્યું કયાં ?

હવે વિચારવાનું એ છે કે જે ઇશ્વર સર્જન કે સંચાલન કરી શકતો નથી, તે તેનો નાશ કરી શકે કે કેમ ? ખરી હકીકત એ છે કે આ જગતમાં કોઇ પણ વસ્તુનો આત્યંતિક નાશ તો થતો જ નથી. માત્ર તેનું સ્વરૂપ–પરિવર્તન થાય છે, તેથી ઇશ્વિરને જગતનો સંહાર કરનારો માનવો, એ પણ થડ વિનાની શાખા જેવું પ્રમાણહીન છે.

આ રીતે ઇશ્વિર સૃષ્ટિનો સર્જનહાર અથવા કર્ત્તા,

પાલનહાર અથવા ભર્ત્તા અને સંહરનાર અથવા સંહર્ત્તા હોય એમ માનવાને કોઈ જ કારણ નથી.

કેટલાક મનુષ્યો એમ માને છે કે આપણે સુખ–દુઃખનો જે કાંઈ અનુભવ કરીએ છીએ, તે ઈશ્વરને લીધે કરીએ છીએ. મતલબ કે આપણને જે કંઈ સુખ મળે છે, તે ઈશ્વર આપે છે; અને જે કંઈ દુઃખ ભોગવીએ છીએ, તે પણ ઈશ્વર આપે છે. તેથી હમેશાં તેઓ પ્રાર્થના કરે છે કે 'હે ઈશ્વર! તું મને સુખી કર.' પરંતુ આ માન્યતા પણ ઉપરની માન્યતા જેવી જ અર્થહીન છે. ઈશ્વરને એવું શું પ્રયોજન કે તે કોઇને સુખી કરે અને કોઇને દુઃખી કરે? અને ખરેખર તે એમ કરતો હોય તો તેના જેવો અન્યાયી અને પક્ષપાતી બીજો કોણ ગણાય? જો સુખ આપવાનું ઈશ્વરના હાથમાં છે, તો તે સહુ કોઇને સુખી કેમ કરતો નથી? શા માટે તે એકને શ્રીમંત અને બીજાને ભિખારી બનાવે છે? શા માટે તે એકને બુદ્ધિશાળી અને બીજાને જડ બનાવે છે? શા માટે તે એકને બળવાન અને બીજાને નિર્બળ રાખે છે? શા માટે તે એકને સજ્જન અને બીજાને દુર્જન બનાવે છે? શા માટે તે એકને ઊંચો અને બીજાને નીચો બનાવે છે? શા માટે તે એકને મેવા મીઠાઈ ખવડાવે છે અને બીજાને સૂકો રોટલો પણ આપતો નથી? આ પ્રશ્નોનો ઉત્તર એમ આપવામાં આવે કે 'ઈશ્વર ન્યાયી અને અદલ ઈનસાફી છે, તેથી તે કોઈ પણ પ્રકારનો અન્યાય કે ગેરઈનસાફ કરતો નથી, પરંતુ જેમનાં કર્મો સારાં હોય છે, તેમને તે સુખ આપે છે.' અને જેમનાં

કર્મો બૂરાં હોય તેમને દુઃખ આપે છે, તો એનો અર્થ એ થયો કે પ્રાણીઓનાં સુખ–દુઃખનો આધાર ઈશ્વર પર નથી, પણ પોતાનાં કર્મો ઉપર છે, એટલે એક મનુષ્ય સારાં કામો કરે તો તેને સુખ મળે છે અને ખોટાં કામો કરે તો દુઃખ મળે છે.

આપણો નિત્ય અનુભવ પણ એમ જ કહે છે કે 'વાવીએ તેવું લણીએ અને કરીએ તેવું પામીએ.' ખેતરમાં જો ડાંગર વાવીએ તો ડાંગર ઊગે છે અને બાજરી વાવીએ તો બાજરી ઊગે છે; પણ તેથી વિરુદ્ધ ડાંગર વાવીએ ને બાજરી ઊગે કે બાજરી વાવીએ ને ડાંગર ઊગે એમ બનતું નથી. તે જ રીતે જો નિયમિત પથ્ય આહાર લઇએ તો આરોગ્ય જળવાય છે અને અનિયમિત કુપથ્ય આહાર ગ્રહણ કરીએ તો તંદુરસ્તી બગડે છે; સંયમી અને સદાચારી જીવન ગાળીએ તો શરીર સુખકારી જળવાઈ રહે છે અને સ્વચ્છંદી તથા દુરાચારી જીવન ગાળીએ તો અનેક જીવલેણ દર્દોનો હુમલો થાય છે; કરકસરથી રહીએ તો વ્યવહાર બરાબર ચાલે છે અને ઉડાઉ થઇએ તો દેવાળીઆ બનવાનો વખત આવે છે; પણ તેથી નિયમિત પથ્ય આહાર ગ્રહણ કરનારો બિમાર પડે અને અનિયમિત કુપથ્ય આહાર ગ્રહણ કરનારો તંદુરસ્ત રહે; અથવા સંયમી અને સદાચારી રોગી બને અને સ્વચ્છંદી તથા દુરાચારીની શરીર સુખકારી જળવાઈ રહે; અથવા કરકસરીઆનો વ્યવહાર તૂટે ને ઉડાઉનો વ્યવહાર જળવાઈ રહે, તેમ બનતું નથી. કદાચ આ ક્રમમાં

કોઈ ફેરફાર જોવામાં આવે તો તેનાં ખાસ કારણો હોય છે કે જે આપણે જલદી જોઈ કે જાણી શકતાં નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે સારાનું ફળ બૂરું આવે છે અને બૂરાનું ફળ સારું આવે છે. જો એમ જ થતું હોય તો આ જગતમાં સત્કર્મ, સદાચાર, ન્યાય, નીતિ કે ધર્મ જેવી કોઈ વસ્તુની આવશ્યકતા જ રહે નહિ, કારણ કે તેનું ફળ નિશ્ચિત નથી અને ફળની નિશ્ચિતતા વિના કાંઈ પણ પ્રવૃત્તિ કરવી એ યોગ્ય નથી. તાત્પર્ય કે 'સારાનું ફળ સારું અને બૂરાનું ફળ બૂરું' એ એક અટલ-અફર નિયમ છે, તેમાં કોઈ કાળે કશો ફેરફાર થતો નથી.

## પ્રકરણ બીજું

## જિનદેવનો સામાન્ય પરિચય

અર્હત્, જિન અને તીર્થંકર એ ત્રણે શબ્દો આજે સમાનાર્થમાં વપરાય છે, પણ તે દરેકને પોતાનો વિશિષ્ટ અર્થ છે અને તે જિનદેવનું સ્વરૂપ સમજવામાં ઘણા ઉપયોગી છે, એટલે પ્રથમ વિચાર તેનો કરીશું.

**૧–અર્હત્ શબ્દની મુખ્યતા**

શ્રી નમસ્કાર–મહામંત્ર જૈન ધર્મ કે જિનશાસનના સારરૂપ ગણાયો છે, તેના પ્રથમ પદમાં 'नमो अरिहंताणं' એવો પાઠ આવે છે. વળી પ્રણિપાતદંડક તરીકે પ્રસિદ્ધિ પામેલા 'નમોત્થુણં' સૂત્રના પ્રારંભમાં 'नमोत्थु णं अरहंताणं भगवंताणं' એવાં પદો આવે છે અને તેમાં જિન તથા તીર્થંકર એ બંને શબ્દોનો વિશેષણ તરીકે ઉપયોગ થયેલો છે. ઉપરાંત જિનેશ્વરોને લગતું મંત્રબીજ अर्हं છે, એટલે આ ત્રણ શબ્દોમાં મુખ્યતા અર્હત્ શબ્દની છે.

અહીં એ પણ સ્પષ્ટતા કરવી જોઈએ કે જિનાગમો પ્રાકૃત–અર્ધમાગધી ભાષામાં રચાયેલાં છે, તેમાં अरहा, अरहंत અને अरिहंत એ ત્રણ શબ્દો આવે છે. વળી પંચ-સૂત્ર જેવા માન્ય ગ્રંથમાં अरुहंत શબ્દનો પ્રયોગ પણ થયેલો છે. તથા પ્રાચીન શિલાલેખોમાં अरहत એવો પાઠ


પણ નજરે પડે છે. જેમ કે-'नमो अरहतो वधमानस........ अरहत पूजाये' વગેરે. [ મથુરાનો શિલાલેખ, ઈ. સ. પૂર્વે ૫૦ ] આ બધા શબ્દોના સંસ્કૃત અનુવાદરૂપે અર્હત્ શબ્દ યોજાયેલો છે અને તે સંસ્કૃતયુગમાં વિશેષ પ્રસિદ્ધિ પામેલો છે.

કેટલાક કહે છે કે પ્રથમ સંસ્કૃતભાષા બોલાતી અને તેમાંથી અપભ્રંશ થઈને પ્રાકૃત-અર્ધમાગધી વગેરે ભાષાઓ બનેલી છે, પણ ભાષાવિષયક ઊંડું અધ્યયન કરનારા વિદ્વાનોએ આ મત માન્ય રાખ્યો નથી. તેઓ કહે છે કે જે ભાષા સ્વાભાવિક રીતે બોલાતી, તે પ્રાકૃત અને તેમાંથી સંસ્કાર પામીને જે એક વિશિષ્ટ ભાષા ઉત્પન્ન થઈ, તે સંસ્કૃત. તાત્પર્ય કે સંસ્કૃતમાંથી પ્રાકૃત નહિ, પણ પ્રાકૃતમાંથી સંસ્કૃત ભાષા બનેલી છે. એ રીતે अरहा, अरहंत, अरिहंत તથા अरुहंत અને अरहत નાં સ્થાને અર્હત્ શબ્દ આવેલો છે. ×

## ૨-અર્હતનો અર્થ


अर्ह ધાતુ યોગ્યતા કે પૂજાનો અર્થ દર્શાવે છે, એટલે અર્હતનો અર્થ યોગ્ય કે પૂજ્ય એવો થાય છે, પણ તે માતા, પિતા, વડીલ, વિદ્યાગુરુ આદિ પૂજ્ય વર્ગના અર્થમાં

× વિશેષ વિચારતા એમ લાગે છે કે પ્રાકૃતમાંથી સંસ્કૃત કે સંસ્કૃતમાંથી પ્રાકૃત એવી ચર્ચા પ્રારંભિક સ્થિતિમાં ગમે તેમ કરવામાં ભલે આવે, પણ બન્ને ભાષાઓ સ્વ-સ્વ સ્થાનમાં પોત-પોતાની રીતે સ્વતંત્ર અને શાશ્વત છે. તેમાં પરા-પૂર્વભાવ વિચારવાનો કાંઈપણ અર્થ નથી. પં-ધુ.



ચોવીશ તીર્થંકરોનો પટ

[ લેખકની નિત્યપૂજામાં આ પટનો ઉપયોગ વર્ષોથી થાય છે. ]



**શ્રી આદીશ્વર ભગવાનની સુંદર પ્રતિમા**

[ શ્રી લીલાવતી બહેન ચીમનલાલ વાસણવાળા તરફથી આ પ્રતિમા શાનતલાવડા ( બોડેલી તાલુકા )–ઘરદહેરાસરમાં પ્રતિષ્ઠિત થયેલી છે. ]

વપરાતો હોય એવું કોઈ પ્રમાણ મળતું નથી. વેદોમાં પણ આ શબ્દ વપરાયેલો છે, પણ ત્યાં તે ઋષિ-મહર્ષિ કે એવા જ કોઈ પૂજ્ય પુરુષનો અર્થ દર્શાવે છે. જૈન પરંપરામાં આ અર્થ જગત્ પૂજ્ય કે ત્રૈલોકયપૂજિત મહાપુરુષના અર્થમાં વપરાતો રહ્યો છે; એટલે જ્યાં अरहा, अरहंत, अरिहंत કે अरुहंत એવો શબ્દ આવે ત્યાં ત્રૈલોકયપૂજિત મહાપુરુષ એવો અર્થ સમજવો જોઇએ.

અહીં અમે પ્રાસંગિક એટલું જણાવીશું કે આજે अरिहंत શબ્દની વિશેષ પ્રસિદ્ધિ છે અને તેના अरि + हंत એવા બે વિભાગો કરીને અરિને હણનાર–કર્મરૂપી શત્રુઓને હણનાર એવો અર્થ કરવામાં આવે છે. આવો અર્થ ભાષાની દૃષ્ટિએ થઈ શકે ખરો અને નિર્યુક્તિકારે એક વિકલ્પ તરીકે એવો અર્થ કર્યો છે પણ ખરો, પરંતુ તે અર્થ અખંડિત નથી, એ વસ્તુ બરાબર લક્ષમાં રાખવી ઘટે છે.

અહીં એવો પ્રશ્ન થવાનો સંભવ છે કે 'અરિહંતનો અર્થ કર્મરૂપી શત્રુનો નાશ કરનાર એવો કરવામાં આવે, તેમાં હરકત શી છે?' તેનો ઉત્તર એ છે કે શબ્દનો અખંડિત અર્થ મૂકીને ખંડિત અર્થ પકડવા જતાં મૂળ વસ્તુ ખ્યાલ બહાર નીકળી જાય છે અને કેટલીક વાર વિસંગતિ પણ પેદા થાય છે. દાખલા તરીકે શ્રી નમસ્કાર મહામંત્રમાં પ્રથમ પદ 'नमो अरिहंताणं' છે અને બીજું પદ 'नमो सिद्धाणं' છે. તેમાં અરિહંતનો અર્થ કર્મરૂપી શત્રુનો નાશ કરનાર કરીએ અને સિદ્ધનો અર્થ આઠ કર્મોનો

નાશ કરનાર કરીએ, તો બન્નેનો અર્થ સમાન બની જાય છે અને તેથી બેમાંનું એક પદ અનાવશ્યક ઠરે છે. વાસ્તવમાં આ બન્ને પદોને પોત પોતાનો વિશિષ્ટ અર્થ છે અને એ રીતે તે પૂરેપૂરાં સંગત છે.

### ૩–જિનનો અર્થ

જે જિતે, જય પામે, વિજયી થાય, તે જિન કહેવાય. વિશેષતાપૂર્વક કહીએ તો જે રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓ સાથે લડીને તેમાં જિત મેળવે, જય પામે, વિજયી થાય, તે જિન કહેવાય.

બાહ્ય શત્રુઓ એટલે મનુષ્ય, પશુ વગેરે સાથે લડીને વિજયી થવું, એ સહેલું છે, પણ અંતરંગ શત્રુઓ સાથે લડીને વિજયી થવું, એ ઘણું કઠિન છે. લડાઈના મેદાનમાં એક પછી એક સેંકડો સુભટો સાથે લડનારો અને તેમને મહાત કરીને યશઃપુંજ પ્રાપ્ત કરનારો રાગ–દ્વેષાદિ મનની વૃત્તિઓ આગળ ઝુકી પડે છે અને તેમનો તાબેદાર સેવક બની જાય છે, એ કોણે નથી જોયું ?

બાહ્ય શત્રુઓ સાથે લડવામાં મુખ્યત્વે શારીરિક બળ અને ઝનુનની જરૂર પડે છે, જ્યારે અન્તરંગ શત્રુઓ સાથે લડવામાં ઉચ્ચ પ્રકારની સમજ સાથે વૈરાગ્ય–ત્યાગ આદિ મહાન ગુણોની અપેક્ષા રહે છે, એટલે અંતરંગ શત્રુઓને જિતનારનું સ્થાન ઘણું ઊંચું મનાયેલું છે.

ભગવાન મહાવીરે શ્રીમુખે કહ્યું છે કે–'એક માણસ દુર્જય સંગ્રામમાં દશ લાખ શત્રુઓને જિતે, તે કરતાં તે પોતાના આત્માને જિતે, એ શ્રેષ્ઠ વિજય છે.'×[1]

'હે પુરુષ! તું આત્માની સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે? આત્માવડે આત્માને જિતવાથી સાચું સુખ મળે છે.'[2]

જે મહાપુરુષો આ જાતની સમજ કેળવીને સંયમ-સાધના કે યોગસાધનાનો સ્વીકાર કરતા અને કામક્રોધાદિ પર જય મેળવીને જ્ઞાનની વિશિષ્ટ ભૂમિકાએ પહોંચતા તે બધાને માટે 'જિન' શબ્દનો પ્રયોગ થતો. જૈન શાસ્ત્રોમાં અભિન્ન દશપૂર્વી એટલે દશપૂર્વનું પૂરું જ્ઞાન મેળવનાર, ચતુર્દશ પૂર્વધર એટલે ચૌદપૂર્વનું પૂરૂં જ્ઞાન મેળવનાર, અવધિજ્ઞાની એટલે અવધિ નામના વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત, મનઃપર્યજ્ઞાની એટલે મનઃપર્યવ નામનો વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત, કેવલી એટલે કેવલ નામના વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત અને <u>અર્હત્</u> એટલે વિશિષ્ટ અતિશયોને કારણે જગત્પૂજ્ય બનેલા એવા

---

१ जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिए ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥
ઉત્ત. અ. ૯, ગા. ૩૪

२ अप्पाण मेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ? ।
अप्पाणमेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥
ઉત્ત. અ. ૯, ગા. ૩૫

સર્વ મહાપુરુષો માટે જિન શબ્દનો પ્રયોગ થયેલો છે. તેમાં અર્હત્ માટે આ શબ્દનો પ્રયોગ વિશેષ પ્રમાણમાં થવાથી કાલાંતરે એ અર્હત્‌ના અર્થમાં જ રૂઢ થયેલો છે.

અહીં એ પણ નોંધ લેવી જોઈએ કે બૌદ્ધ, આજીવિક તથા વૈદિક સંપ્રદાયમાં પણ જિન શબ્દ અત્યંત માનભરેલો ગણાયેલો છે અને તે યોગસિદ્ધ મહાપુરુષના અર્થમાં જ વપરાયેલો છે. ગૌતમબુદ્ધને તેમના અનુયાયીઓ જિન કહેતા, તે આજ અર્થમાં. ગોશાલકે પણ કેટલીક યોગસિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પોતાની જાતને જિન તરિકે જાહેર કરેલી, તે પણ આ જ અર્થમાં.

યોગવાસિષ્ઠના વૈરાગ્ય-પ્રકરણમાં આવતો નીચેનો શ્લોક એક કાળે વૈદિક સંપ્રદાયમાં જિન શબ્દનું કેટલું ગૌરવ હતું, તે દર્શાવી આપે છેઃ

नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।
शान्त आसितुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥

'હું રામ નથી, મને કોઈ પ્રકારની ઇચ્છા નથી, ભાવો એટલે વિચારોમાં મારું મન ચોંટતું નથી. હું તો જિનની માફક મારા આત્મામાં જ શાંતિથી રહેવા ઇચ્છું છું.'

### ૪-તીર્થંકરનો અર્થ

અર્હત્ કે જિન ભગવંત કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી લોકોના કલ્યાણ અર્થે તીર્થની સ્થાપના કરે છે, એટલે તેઓ તીર્થકૃત્, તીર્થકર કે તીર્થંકર કહેવાય છે.

'અહીં તીર્થ શબ્દથી શું સમજવું ? તેનો ઉત્તર ટીકાકારોએ આપ્યો છે. તેઓ જણાવે છે કે '**तित्थं पुण चाउवण्णे समणसंघे पढमग-णहरे** वा '-તીર્થ એટલે ચાતુર્વર્ણ્ય શ્રમણસંઘ કે પ્રથમ ગણધર; પરંતુ આ ઉત્તર થોડી સ્પષ્ટતા માગે છે. શ્રમણસંઘ એટલે શ્રમણપ્રધાન સંઘ, નહિ કે માત્ર શ્રમણોનો સંઘ. જો અહીં માત્ર શ્રમણોનો સંઘ એવો અર્થ ગ્રહણ કરીએ તો તેના ચાર વર્ણો–ચાર પ્રકારો નથી, પરંતુ શ્રમણપ્રધાન સંઘ એટલે જેમાં શ્રમણોની પ્રધાનતા છે, શ્રમણોની મુખ્યતા છે, એવો સંઘ. તેના શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા એવા ચાર પ્રકારો છે અને તે જ અહીં અભિપ્રેત છે.

'ચતુર્વિધ સંઘમાં શ્રમણોની પ્રધાનતા કેમ ?' એનો ઉત્તર એ છે કે '**गारत्थेहिं सव्वेहिं साहवो संजमुत्तरा**–ગૃહસ્થો ગમે તેટલા આગળ વધેલા હોય તો પણ સાધુઓ–શ્રમણો સંયમાદિ ક્રિયાઓમાં તેમના કરતાં ચડિયાતા હોય છે.' એટલે ધર્મના પ્રચાર અને રક્ષણ અર્થે સ્થાપેલા સંઘમાં તેમની મુખ્યતા રહે, એ સ્વાભાવિક છે.

વળી સાધુઓને ધર્મ સંબંધી જેટલું જ્ઞાન હોય, તેટલું શ્રાવકોને–ગૃહસ્થોને સંભવતું નથી, કારણ કે તેઓ અનેક જાતના વ્યવસાયમાં પડેલા હોય છે, અને તેમના સમયનો મોટો ભાગ તેમાં જ વ્યતીત થતો હોય છે. કદી કોઈ ગૃહસ્થો શાસ્ત્રાભ્યાસ કરીને આગળ વધ્યા હોય તો પણ તે સાધુની હરોળમાં તો આવી શકતા જ નથી, કારણ

કે સાધુઓને ગુરુપરંપરાથી જે રહસ્ય પ્રાપ્ત થયું હોય છે, તે તેમને પ્રાપ્ત થતું નથી. વળી શ્રદ્ધા અને ચારિત્રનું બળ પણ અનેરૂં કામ કરે છે. એનાથી જ્ઞાનને જે ઓપ ચડે છે, એ અનોખો હોય છે.

શ્રમણપ્રધાન ચતુર્વિંધ સંઘને તીર્થ ગણવાનું કારણ એ છે કે તેના આલંબનથી મનુષ્યો ભવસાગર તરી જવાને સમર્થ થાય છે અને જેનાથી તરાય તે તીર્થ કહેવાય, એ વસ્તુ પ્રસિદ્ધ છે.

પ્રથમ ગણધરને તીર્થ કહેવાનું કારણ એ છે કે જિનભગવંતની શિષ્ય-પરંપરા તેનાથી ચાલે છે અને તેના વડે ધર્મનો વ્યવસ્થિત પ્રચાર થતાં મનુષ્યોને સંસાર-સાગર તરવાનું મહાન સાધન પ્રાપ્ત થાય છે.

તત્ત્વદૃષ્ટિએ દ્વાદશાંગીરૂપ શ્રુત એ જ તીર્થ છે. એ દ્વાદશાંગીરૂપ શ્રુતના સૂત્રરૂપે પ્રવર્તક પ્રથમ ગણધર હોવાથી, તેમજ એ શ્રુતનો આધાર ચતુર્વિંધ સંઘ હોવાથી, પ્રથમ ગણધર અને ચતુર્વિંધ સંઘને પણ તીર્થરૂપે ગણવામાં આવે છે.

### ૫—અર્હંત એ જ પરમેશ્વર

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वरः ॥

'સર્વજ્ઞ, રાગાદિ દોષોને જિતનાર, ત્રૈલોક્યપૂજિત અને સત્ય તત્ત્વના પ્રકાશક એવા અર્હંત્ એ પરમેશ્વર છે.'

થોડાં વિવેચનથી આ કથનનો ભાવાર્થ સ્પષ્ટ થશે. લોકાલોક વ્યાપી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને સામાન્ય અને વિશેષ બંનેય રૂપે સાક્ષાત્ બરાબર જુએ તે સર્વજ્ઞ અને સર્વદર્શી કહેવાય. જન મહર્ષિઓ સર્વજ્ઞ વિશેષણની સાથે સર્વદર્શી વિશેષણનો પણ પ્રયોગ કરે છે, ત્યારે સર્વજ્ઞનો અર્થ લોકાલોકવ્યાપી સર્વ દ્રવ્યોનું વિશેષ પર્યાયો સહિત પ્રત્યક્ષ જાણપણું કરનારા અને સર્વદર્શીનો અર્થ સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ કરનારા એવો થાય છે.

'આવી સર્વજ્ઞતા અને સર્વદર્શિતા શી રીતે સંભવે ?' એનો ઉત્તર એ છે કે અરિહંત દેવોએ પોતાનાં સમસ્ત જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મોનો સંપૂર્ણ ક્ષય કરેલો હોય છે, એટલે તેમની આત્મગત સહજ જ્ઞાનશક્તિ તથા દર્શનશક્તિ પૂર્ણપણે પ્રકટ થાય છે, તેથી સર્વજ્ઞતા તથા સર્વદર્શિતા સંભવિત બને છે.

યોગ અને અધ્યાત્મનો ઊંડો અનુભવ ધરાવનાર સ્વાનુભવથી સમજી શકે છે કે સ્વસંવિદિત જ્ઞાનવાળો આત્મા જેમ જેમ જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મના બંધનમાંથી મુક્તિ પામે છે, તેમ તેમ તે વસ્તુઓના વિશેષ પર્યાયો જાણી-જોઈ શકે છે, તેથી એક સમય એવો જરૂર આવવો જોઇએ કે જ્યારે આત્મા કર્મબંધનમાંથી સંપૂર્ણરીતે મુક્ત થતાં સર્વ વસ્તુઓના સર્વ પર્યાયોને બરાબર જાણી–જોઈ શકે.

સર્વજ્ઞતાની સિદ્ધિ કરનારા અનેક પ્રામાણિક ગ્રંથો અને ગ્રંથાધિકારો જૈન સાહિત્યમાં ઉપલબ્ધ છે. શ્રી હરિ-

ભદ્રસૂરિજીની સર્વજ્ઞ સિદ્ધિ, *નંદીસૂત્રની વ્યાખ્યામાં શ્રી મલયગિરિ મહારાજે કરેલું સર્વજ્ઞસિદ્ધિનું નિરૂપણ, સન્મતિ-તર્કની વિવૃત્તિમાં શ્રી અભયદેવસૂરિએ ચર્ચેલો સર્વજ્ઞતાવાદ, શ્રી હેમચંદ્રાચાર્યે પ્રમાણમીમાંસામાં સિદ્ધ કરેલી સર્વજ્ઞતા આ વિષય પર પુષ્કળ પ્રકાશ પાડે છે, એટલે આ સંબંધી વિશેષ જાણવાની ઇચ્છા રાખનારે આ ગ્રંથો ને ગ્રંથાધિકારોનું મનન–પરિશીલન કરવું આવશ્યક છે.

શાસ્ત્રીય પરિભાષામાં આ ગુણને જ્ઞાનાતિશય કહેવામાં આવે છે.

રાગાદિ દોષો એટલે રાગ, દ્વેષ તથા બીજા એવા જ દોષો કે જે આત્માના મૂળ સ્વરૂપનું આચ્છાદન કરે છે. રાગ એટલે આસક્તિ, દ્વેષ એટલે તિરસ્કાર. તેમાં આસક્તિને લીધે લોભ અને માયા (કપટ)ની વૃત્તિ ઉત્પન્ન થાય છે. તથા તિરસ્કારને લીધે ક્રોધ અને માન ( અભિમાન ) નો આવિર્ભાવ થાય છે; એટલે જેઓ રાગ અને દ્વેષને જિતે છે, તેમનામાં લોભ, માયા, ક્રોધ કે માન હોતા નથી.

જ્યાં લોભ ન હોય, ત્યાં તૃપ્તિ કે સંતોષ હોય છે. જૈન શાસ્ત્રકારોએ તેને માટે મુક્તિ કે વિમુક્તિ શબ્દનો પ્રયોગ પણ કરેલો છે. જ્યાં માયા ન હોય, ત્યાં સરળતા કે આર્જવ હોય છે. જ્યાં ક્રોધ ન હોય ત્યાં ક્ષમા કે શાંતિ

* આ ગ્રંથ શ્રી જૈન સાહિત્યવર્ધક સભાએ પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયામૃતસૂરિજી મહારાજની ટીકા સાથે હાલમાં જ પ્રગટ કર્યો છે.

હોય છે અને જ્યાં માન ન હોય ત્યાં નમ્રતા કે મૃદુતા હોય છે.

મહર્ષિ નંદિષેણસૂરિએ અજિત–શાન્તિ-સ્તવમાં શ્રી શાન્તિનાથ ભગવાનને 'अज्जव–मद्दव–खंति–विमुत्ति–समाहि-निहि' કહ્યા છે; તેનો અર્થ એ છે કે અરિહંત ભગવંત આર્જવ, મૃદુતા, શાંતિ, વિમુક્તિ અને સમાધિના સાગર હોય છે.

અન્ય દોષોમાં હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ એટલે કામવાસના (Sexual Instinct) સમજવાની છે. હાસ્ય ત્યારે જ આવે છે કે જ્યારે અંતરમાં કોઈ પણ પ્રકારની કુતૂહલવૃત્તિ રહેલી હોય. રતિ–અરતિ એટલે હર્ષ ને વિષાદ ત્યારે જ થાય છે કે જ્યારે અંતરમાં અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય હોય. ભયનો અનુભવ ત્યારે જ થાય છે કે જ્યારે કોઈ પણ પ્રાણી પ્રત્યે વૈરનો અનુબંધ હોય. શોક ત્યારે જ થાય છે કે જ્યારે કોઈ પણ વસ્તુ પ્રત્યે અત્યંત આસક્તિ હોય. જુગુપ્સા ત્યારે જ થાય છે કે જ્યારે અંતરમાં સુગ, ઘૃણા કે તિરસ્કારની લાગણી વ્યાપેલી હોય; અને કામવાસના ત્યારે જ પ્રકટ થાય છે કે જ્યારે અંતરમાં મોહનું સામ્રાજ્ય વ્યાપેલું હોય.

આ દોષો ચાલ્યા જતાં ગંભીરતા, સમતા, નિર્ભયતા, વીતરાગમય આનંદ, પ્રસન્નતા અને પવિત્રતા પ્રકટ થાય છે. તાત્પર્ય કે અરિહંત દેવમાં આ બધા ગુણો પૂર્ણપણે પ્રકાશિત થાય છે.

અહીં વિચારવાનું એ છે કે જે ઇશ્વર રાગરહિત હોય તે ગોપીઓ સાથે ક્રીડા કેમ કરે? સ્ત્રીને ખોળામાં કેમ બેસાડે? તથા તેને પોતાની પાસે પણ શા માટે ઊભી રાખે? આ બધાં રાગનાં સ્પષ્ટ ચિહ્નો છે. વળી જેમણે દ્વેષને જિત્યો હોય અને જેઓ કોઈને પણ શત્રુ કે વૈરી ન માનતા હોય, તે પોતાના હાથમાં ચક્ર, ગદા, ધનુષ્ય, ત્રિશૂલ, ફરસી, મુસલ વગેરે હિંસક હથિયારો કેમ રાખે? આ બધાં દ્વેષનાં સ્પષ્ટ ચિહ્નો છે. વળી જેમણે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સાને જિતેલી હોય તે વિકરાળ મુખવાળા, બિહામણા ચહેરાવાળા, હસતી કે રડતી સુરતવાળા કેમ હોય? આ બધાં હાસ્યાદિ દોષોનાં સ્પષ્ટ ચિહ્નો છે.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,
वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

'તારું નયનયુગલ પ્રશમરસમાં નિમગ્ન છે, તારું વદનકમલ અત્યંત પ્રસન્ન છે, તારો ખોળો સ્ત્રીના સંગથી રહિત છે અને તારું કરયુગલ પણ શસ્ત્રના સંબંધ વિનાનું છે, તેથી હે દેવ! આ જગતમાં ખરો વીતરાગ તું જ છે!'

અહીં એટલું સ્પષ્ટ કરવું જોઇએ કે રાગાદિ દોષોની વિશેષ સ્પષ્ટતા સારૂ શાસ્ત્રકારોએ અઢાર દૂષણોની ગણના

કરેલી છે અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાનચિંતામણિકોષના દેવાધિદેવકાંડમાં તેની આ પ્રમાણે નોંધ લીધેલી છે :

> अन्तराया दान–लाभ–वीर्य–भोगोपभोगगाः ।
> हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च ॥७२॥
> कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
> रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥७३॥

'(૧) દાનાન્તરાય, (૨) લાભાન્તરાય, (૩) વીર્યાન્તરાય, (૪) ભોગાન્તરાય, (૫) ઉપભોગાન્તરાય, (૬) હાસ, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨) કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા, (૧૬) અવિરતિ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ. આ અઢાર દોષો શ્રી અરિહંતદેવમાં હોતા નથી.'

શાસ્ત્રીય પરિભાષામાં આ ગુણને અપાયાપગમાતિશય કહેવામાં આવે છે. અપાય એટલે સંકટ કે દૂષણ. તેનો અપગમ કરનારો જે અતિશય તે અપાયાપગમાતિશય.

અહીં પણ થોડું સમજવા જેવું છે. અપાયનો બીજો અર્થ ઈતિ–ભીતિ થાય છે, એટલે ઈતિ–ભીતિનો નાશ થવો તેને પણ અપાયાપગમાતિશય કહેવાય છે.

અરિહંતને આ બંને પ્રકારનો અપાયાપગમાતિશય હોય છે, તેને અનુક્રમે સ્વાશ્રયી અપાયાપગમાતિશય અને પરાશ્રયી અપાયાપગમાતિશય કહેવામાં આવે છે.

ત્રૈલોક્યપૂજિત એટલે ત્રણે લોકના અગ્રેસરો વડે

પૂજાયેલા. લોક તો એક જ છે અને અહીં ત્રણ લોકનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેનું કારણ એ છે કે ક્ષેત્રની અપેક્ષાએ તેના ઊર્ધ્વ, મધ્યમ અને અધઃ એવા ત્રણ વિભાગો છે. આ ત્રિલોક પૈકી ઊર્ધ્વલોકમાં દેવોની મુખ્યતા હોય છે અને તેના અગ્રેસરને દેવેન્દ્ર કહેવામાં આવે છે. મધ્ય લોકમાં માનવ કે નરની મુખ્યતા હોય છે અને તેના અગ્રેસરને માનવેન્દ્ર કે નરેન્દ્ર કહેવામાં આવે છે. તથા અધઃલોકમાં અસુરોની મુખ્યતા હોય છે અને તેના અગ્રેસરોને અસુરેન્દ્ર કહેવામાં આવે છે. તાત્પર્ય કે દેવેન્દ્ર, નરેન્દ્ર અને અસુરેન્દ્રો અરિહંત દેવને ભક્તિભાવથી નમે છે, પૂજે છે અને તેમની સ્તુતિ–સ્તવના કરીને કૃતાર્થ થાય છે.

જ્યાં દેવેન્દ્ર, નરેન્દ્ર તથા અસુરેન્દ્રોની આ સ્થિતિ હોય, ત્યાં તેમનાથી ઉતરતા દેવો, માનવો અને અસુરોનું તો પૂછવું જ શું? તાત્પર્ય કે સર્વ લોકોને અરિહંતદેવ પ્રત્યે પૂરો પૂજ્યભાવ હોય છે.

શાસ્ત્રીય પરિભાષામાં આ ગુણને પૂજાતિશય કહેવામાં આવે છે.

યથાસ્થિતાર્થવાદીનો અર્થ પણ અહીં સ્પષ્ટ કરીએ. યથાસ્થિત એટલે જેવું હોય તેવું, અર્થાત્ સત્ય. અર્થ એટલે તત્ત્વ. વાદી એટલે વદનાર, કહેનાર કે પ્રરૂપણા કરનાર. આ રીતે યથાસ્થિતાર્થવાદીનો અર્થ સત્ય તત્ત્વના પ્રરૂપક થાય છે.

અરિહંતદેવો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી ભૂમંડલમાં વિચરતા રહે છે અને લોકોને સત્ય વસ્તુ સમજાવતા રહે છે. તેઓ જે વાણીથી ઉપદેશ આપે છે, તેમાં નીચેના પાંત્રીશ ગુણો હોય છે :-

(૧) તે વ્યાકરણના નિયમોથી યુક્ત હોય છે.
(૨) તે ઉચ્ચ સ્વરે બોલાતી હોય છે.
(૩) તે અગ્રામ્ય હોય છે.
(૪) તે મેઘની જેમ ગંભીર શબ્દવાળી હોય છે.
(૫) તે પડઘો પાડનારી હોય છે.
(૬) તે સરલ હોય છે.
(૭) તે માલકોશ વગેરે રાગોથી યુક્ત હોય છે.
(૮) તે મહાન અર્થવાળી હોય છે.
(૯) તે પૂર્વાપર વાક્ય અને અર્થના વિરોધ વિનાની હોય છે.
(૧૦) તે ઈષ્ટ સિદ્ધાંતના અર્થને કથન કરનાર તથા વક્તાની શિષ્ટતાને સૂચવનારી હોય છે.
(૧૧) તે સંદેહરહિત હોય છે.
(૧૨) તે બીજાંનાં દૂષણોથી રહિત હોય છે.
(૧૩) તે અંતઃકરણને પ્રસન્ન કરનારી હોય છે.
(૧૪) તે પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતાવાળી હોય છે.
(૧૫) તે અવસરોચિત હોય એટલે કે દેશ અને કાલને અનુસરનારી હોય છે.

(૧૬) તે વસ્તુસ્વરૂપને અનુસરનારી હોય છે.

(૧૭) તે સુસંબદ્ધ એટલે વિષયાંતરથી રહિત હોય છે.

(૧૮) તે સ્વપ્રશંસા અને પરનિંદાથી રહિત હોય છે.

(૧૯) તે પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરનારી હોય છે.

(૨૦) તે ઘીની જેમ સ્નિગ્ધ અને ગોળની જેમ મધુર હોય છે.

(૨૧) તે પ્રશંસાને યોગ્ય હોય છે.

(૨૨) તે બીજાના મર્મને ન ઉઘાડવાના સ્વરૂપવાળી હોય છે.

(૨૩) તે કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાળી હોય છે.

(૨૪) તે ધર્મ અને અર્થથી યુક્ત હોય છે.

(૨૫) તે કારક, કાલ, વચન, લિંગ વગેરેના વિપર્યાસ વિનાની હોય છે.

(૨૬) તે વિભ્રમ, વિક્ષેપ વગેરે મનના દોષોથી રહિત હોય છે.

(૨૭) તે શ્રોતાઓના ચિત્તને અવિચ્છિન્નપણે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી હોય છે.

(૨૮) તે અદ્ભૂત હોય છે.

(૨૯) તે અત્યંત વિલંબ રહિત બોલાતી હોય છે.

(૩૦) તે વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી હોય છે.

(૩૧) તે બીજાં વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપિત કરનારી હોય છે.

(૩૨) તે સત્ત્વપ્રધાન હોય છે.

(૩૩) તે વર્ણ, પદ અને વાક્યના વિવેકવાળી હોય છે.

(૩૪) તે કહેવાને ઇચ્છેલા વિષયની સારી રીતે સિદ્ધ થતાં સુધી ન અટકનારી હોય છે.

(૩૫) તે અનાયાસે ઉત્પન્ન થનારી હોય છે.

શાસ્ત્રીય પરિભાષામાં આ ગુણને વચનાતિશય કહેવામાં આવે છે.

આ રીતે અર્હંદ્ કે જિનેશ્વરદેવમાં જ્ઞાનાતિશય, અપાયાપગમાતિશય, પૂજાતિશય અને વચનાતિશય એ ચાર અતિશય અવશ્ય હોય છે, જેને ચાર મૂલાતિશય કહેવામાં આવે છે.

અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે જિનેશ્વરદેવને કુલ ચોત્રીશ અતિશયો હોય છે, જેનું વર્ણન આગામી પ્રકરણમાં જોઈ શકાશે.



# પ્રકરણ ત્રીજું

## જિનદેવનો વિશેષ પરિચય

### ૧–જિનદેવ કોણ થઈ શકે?

આ લોકમાં અનંત આત્માઓ છે. તે બે પ્રકારમાં વહેંચાયેલા છેઃ (૧) અભવ્ય અને (૨) ભવ્ય. તેમાં અભવ્ય આત્માઓને કદી પણ સમ્યક્ત્વની સ્પર્શના થતી નથી, તેથી તેઓ મુક્તિ કે મોક્ષના અધિકારી બની શકતા નથી. તેઓ સદાકાલ સંસારમાં રખડ્યા કરે છે અને વિવિધ જાતિનાં દુઃખો અનુભવતા રહે છે; જ્યારે ભવ્ય આત્માઓ જો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે તો તેઓને અમુક સમયે સમ્યક્ત્વની સ્પર્શના થાય છે, તેથી તેઓ મુક્તિ કે મોક્ષના અધિકારી બને છે. સમ્યક્ત્વ પામેલો આત્મા વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલા સમયમાં મોક્ષ પામે છે.

જિનાગમોમાં કહ્યું છે કે '**अप्पा सो परमप्पा**—જે આત્મા છે, તે જ પરમાત્મા છે.' આનો ભાવાર્થ એ છે કે 'જો આત્મા યોગ્ય પુરુષાર્થ કરે તો પરમાત્મદશા પ્રાપ્ત કરી શકે છે.' આ સિદ્ધાન્ત ઉપર જણાવેલા ભવ્યાત્માઓને લાગુ પડે છે.

અહીં સ્પષ્ટતા એટલી કે તમામ ભવ્યાત્માઓનું 'ભવ્યત્વ' સમાન હોય છે, પરંતુ પ્રત્યેક ભવ્ય આત્માની મુક્તિ સમાનકાળે અને સમાન સામગ્રીથી થતી નથી, એટલે તે દરેકનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. તેમાં જિનદેવના આત્માઓનું 'સહજ તથાભવ્યત્વ' સર્વ કરતાં ઉત્તમ હોય છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ લલિતવિસ્તરા–ચૈત્યવંદનવૃત્તિમાં જણાવ્યું છે કે—

'आकालमेते परार्थव्यसनिनः, उपसर्जनीकृतस्वार्थाः, उचितक्रियावन्तः, अदीनभावाः, सफलारम्भिणः, अदृढानुशयाः, कृतज्ञतापतयः, अनुपहतचित्ताः, देवगुरुबहुमानिनः तथा गम्भीराशया इति ।'

'જિનદેવના આત્માઓ યાવત્કાલથી આ સંસારમાં પરોપકાર કરવાના વ્યસનવાળા હોય છે, સ્વાર્થને ગૌણ કરનારા હોય છે, સર્વત્ર ઉચિત ક્રિયાને આચરનારા હોય છે, દીનતા વિનાના હોય છે, સફલ કાર્યનો જ આરંભ કરનારા હોય છે, અપકારિજન ઉપર પણ અત્યંત ક્રોધને ધારણ કરનારા હોતા નથી, કૃતજ્ઞતા ગુણના સ્વામી હોય છે, દુષ્ટ વૃત્તિઓથી નહિ હણાયેલા ચિત્તવાળા હોય છે, દેવ અને ગુરુનું બહુમાન કરનારા હોય છે તથા ગંભીર આશયને–ચિત્તના ભાવને ધારણ કરનારા હોય છે.'

જિનદેવના આત્માઓનું 'સહજ તથાભવ્યત્વ' જેમ

જેમ સામગ્રીના યોગે પરિપાક પામતું જાય છે, તેમ તેમ તેમની ઉત્તમતા બહાર આવતી જાય છે અને સમ્યકત્વની પ્રાપ્તિ પછી તો તેઓ સર્વથા પરાર્થઉદ્યમી, ઉચિત ક્રિયાવાળા અને જગતના જીવોનો ઉદ્ધાર કરનારા વિશાળ આશયવાળા જ હોય છે, તેથી તેમની સઘળી પ્રવૃત્તિ સફલ આરંભવાળી અને સર્વોત્કૃષ્ટ પરોપકારને સાધનારી હોય છે.

જિનદેવના આત્માઓ સમ્યકત્વની સ્પર્શના થયા પછી નીચેનાં વીશ સ્થાનકો પૈકી એક કે વધારે સ્થાનકોની આરાધના કરતાં જિનનામકર્મ બાંધે છે :—

(૧) **અરિહંતભક્તિ**—ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળના અરિહંત દેવોની નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવનિક્ષેપે શુદ્ધ હૃદયે ભક્તિ.

(૨) **સિદ્ધભક્તિ**—કર્મબંધનનો નાશ કરી સિદ્ધિ પામેલા મહાપુરુષોની ભક્તિ,તેમના ગુણોનું અનુકરણ વગેરે.

(૩) **પ્રવચનભક્તિ**—જિન ભગવંતની આજ્ઞાનું પાલન કરનારો સંઘ તે ‘ પ્રવચન ’. તેના ઉપર અર્થાત્ સાધર્મિકો ઉપર નિષ્કામ સ્નેહ રાખવો, એ પ્રવચનભક્તિ.

(૪) **આચાર્યભકિત**—સ્વમત-પરમતને જાણનાર છત્રીશ ગુણોથી યુક્ત આચાર્યની સેવા.

(૫) **સ્થવિરભકિત**—પોતાથી વડિલ કે વૃદ્ધ સાધુ-ઓની સેવા.

(૬) **ઉપાધ્યાયભક્તિ**—સૂત્રોનું અધ્યયન-અધ્યાપન કરાવનાર શાસ્ત્રજ્ઞ મુનિની સેવા.

(૭) **સાધુભક્તિ**—નિર્વાણયોગની સાધના કરી રહેલા સંયમી પુરુષોની સેવા.

(૮) **જ્ઞાન**—સર્વજ્ઞ પુરુષોએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનને મેળવવા-સમજવાનો અંતભર્યો પ્રયાસ.

(૯) **દર્શન**—સર્વજ્ઞકથિત તત્ત્વો પર દૃઢ રુચિ.

(૧૦) **વિનય**—મોક્ષમાર્ગ અને તેનાં સાધનો પ્રત્યે બહુમાન.

(૧૧) **ચારિત્ર**-ચારિત્રરૂપ ધર્મમાં ભાવપૂર્વક રમણતા.

(૧૨) **બ્રહ્મચર્ય**—બ્રહ્મચર્યમાં અપૂર્વનિષ્ઠા. અહીં 'શીલભક્તિ' એવું નામ પણ જોવામાં આવે છે, તેનો અર્થ વ્રત-નિયમનું અપ્રમત્તપણે પાલન સમજવાનું છે.

(૧૩) **શુભધ્યાન**—આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને આત્માને ધર્મધ્યાન તથા શુકલ ધ્યાનમાં પ્રવર્તાવવો તે. આને 'ક્રિયા-પદ' પણ કહેવામાં આવે છે.

(૧૪) **તપ**—શક્તિ મુજબ બાહ્ય-અભ્યંતર તપશ્ચર્યાનું અનુષ્ઠાન.

(૧૫) **દાન**—અભયદાન, જ્ઞાનદાન, ઉપષ્ટંભદાન વગેરે.

(૧૬) **વૈયાવૃત્ત્ય**—આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન (માંદા), શૈક્ષ (નવદીક્ષિત), કુલ, ગણ, સંઘ અને સાધર્મિકની શુશ્રૂષા કરવી.

(૧૭) **સમાધિઉત્પાદન**—વિવિધ ઉપાયો વડે મુમુક્ષુઓના ચિત્તને સમાધિ–શાંતિ–સ્થિરતા ઉપજાવવી તે.

(૧૮) **અભિનવજ્ઞાનગ્રહણ**—નવાં નવાં સૂત્રો તથા અર્થ ગ્રહણ કરવામાં ઉત્સાહ દાખવવો તે.

(૧૯) **શ્રુતભક્તિ**—શાસ્ત્ર પ્રત્યે બહુમાન, તેમાં બતાવેલા અર્થનું સમ્યક્ ચિંતન.

(૨૦) **તીર્થપ્રભાવના**—સ્થાવર તીર્થની ભક્તિ તથા સર્વજ્ઞોએ પ્રવર્તાવેલા શાસનની ઉન્નતિ કરવી તે.

જ્યારે બે ભવ બાકી રહે છે, ત્યારે જિન થનાર આત્માઓ શુભ ભાવનાના બળે જિનનામકર્મને નિકાચિત કરે છે અને તેથી તેઓ ચરમભવમાં જિન બની કૃતાર્થ થાય છે. શ્રી વીરવિજયજી મહારાજે સ્નાત્રપૂજામાં નિમ્ન-પંક્તિઓ વડે આ હકીકત રજૂ કરી છે :

'વીશ સ્થાનક વિધિએ તપ કરી,
એસી ભાવદયા દિલમાં ધરી;
જો હોવે મુજ શક્તિ ઈસી,
સવિ જીવ કરું શાસનરસી.
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા.'

**૨–જિનદેવ ક્યા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય ?**

મધ્યલોકનો જે વિસ્તાર અઢીદ્વીપના નામથી ઓ-

ળખાય છે, તેમાં મનુષ્યનાં જન્મ–મરણ થાય છે, પરંતુ તેની બહાર થતાં નથી; એટલે આ અઢી દ્વીપને મનુષ્યક્ષેત્ર કહેવામાં આવે છે. તેનો વિસ્તાર ૪૫૦૦૦૦૦ યોજન પ્રમાણ છે.

અઢી દ્વીપની ગણના ૧ જંબૂદ્વીપ, ૧ ધાતકીખંડ અને ½ પુષ્કરાવર્ત દ્વીપ વડે થાય છે. અહીં એટલું સ્પષ્ટીકરણ જરૂરી છે કે મધ્યલોકની રચના મધ્યમાં થાળીના આકારવાળા દ્વીપ અને પછી ચૂડીના આકારવાળા સમુદ્રો તથા દ્વીપો વડે થયેલી છે; એટલે પ્રથમ દ્વીપ છે, તેની આસપાસ સમુદ્ર છે, વગેરે. આ રચના મુજબ મધ્યલોકની વચમાં જંબૂ નામનો દ્વીપ આવેલો છે અને તેની મધ્યમાં મેરુ નામનો એક મહાન પર્વત છે.

જંબૂદ્વીપની આસપાસ લવણસમુદ્ર આવેલો છે. તેની પછી ચૂડીના આકારે જે વિશાળ જમીન પથરાયેલી છે, તેનું નામ ધાતકીખંડ.

ધાતકીખંડની ચારે બાજુ કાલોદધિ નામનો સમુદ્ર આવેલો છે, તેની પછી ચૂડીના આકારે જે વિશાળ જમીન પથરાયેલી છે, તેનું નામ પુષ્કરાવર્તદ્વીપ. આ દ્વીપની બરાબર વચ્ચે ચૂડીના આકારે માનુષોત્તર નામનો પર્વત આવેલો છે, તેનાથી તેના બે ભાગ પડે છે. તેમાં અંદરના ભાગમાં મનુષ્યની વસ્તી છે, બહારના ભાગમાં મનુષ્યોની વસ્તી નથી, એટલે તેનો અર્ધો ભાગ જ મનુષ્યક્ષેત્રની ગણનામાં લીધેલો છે.

અઢી દ્વીપના આ આછા ચિત્રમાં થોડી વિગત ઉમેરીએ, અન્યથા અમારે જે કંઈ કહેવું છે, તે સ્પષ્ટ સમજાશે નહિ. અઢી દ્વીપમાં માનવ-વસવાટવાળાં કુલ ૧૦૧ ક્ષેત્રો આવેલાં છે, તે આ પ્રમાણે :

| ક્ષેત્રનું નામ | જંબૂદ્વીપમાં | ધાતકીખંડમાં | અર્ધપુષ્કરમાં | કુલ |
|---|---|---|---|---|
| ભરતવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| હૈમવતવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| હરિવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| વિદેહવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| દેવકુરુવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| ઉત્તરકુરુવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| રમ્યકવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| હૈરણ્યવતવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| ઐરવતવર્ષ | ૧ | ૨ | ૨ | ૫ |
| | ૯ | ૧૮ | ૧૮ | ૪૫ |
| અન્તર્દ્વીપ (લવણસમુદ્રમાં) | | | | ૫૬ |
| | | | કુલ | ૧૦૧ |

ક્ષેત્ર અને વર્ષનો અર્થ સમાન છે.

આ ક્ષેત્રોમાંથી ૫ ભરતવર્ષ, ૫ વિદેહવર્ષ અને ૫ ઐરવતવર્ષ કર્મભૂમિ કહેવાય છે, કારણ કે ત્યાં કૃષિ,

વાણિજ્ય, તપ, સંયમ, અનુષ્ઠાન આદિ કર્મોની પ્રધાનતા છે. સાધુસંતો, ઋષિમુનિઓ તથા બલદેવ, વાસુદેવ, ચક્રવર્તી આદિ મહાન રાજાઓ આ પંદર કર્મભૂમિમાં જ થાય છે. તે જ રીતે જિનદેવ કે જે શલાકાપુરુષોમાં અગ્રણી છે, તેમની ઉત્પત્તિ પણ આ પંદર કર્મભૂમિમાં જ થાય છે.

બાકીનાં ત્રીશ ક્ષેત્રો એટલે ૫ હૈમવતવર્ષ, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્વર્ષ, ૫ દેવકુરુવર્ષ, ૫ ઉત્તરકુરુ અને ૫ હૈરણ્યવર્ષની ગણના અકર્મભૂમિમાં થાય છે, કારણ કે ત્યાં યુગલિકોનો વ્યવહાર પ્રવર્તે છે, એટલે કૃષિ, વાણિજ્ય આદિ કોઈ કર્મ હોતાં નથી. આ સંયોગોમાં ત્યાં સાધુ-સંત, ઋષિમુનિ કે જિન ભગવંતોનું ઉત્પન્ન થવું સંભવિત નથી. ૫૬ અન્તર્દ્વીપો પણ અકર્મભૂમિ સમાન જ છે.

કર્મભૂમિ અને અકર્મભૂમિનો આવો ભેદ અન્ય-દર્શનોએ પણ કર્યો છે. શ્રી વિષ્ણુપુરાણના બીજા અંશના ત્રીજા અધ્યાયમાં જણાવ્યું છે કે–'कर्मभूमिरियं स्वर्गमपवर्गं च गच्छताम्-(ભારતવર્ષને ઉદ્દેશીને) આ કર્મભૂમિ છે કે જ્યાંથી સ્વર્ગ અને મોક્ષમાં જઈ શકાય છે.'

આનો અર્થ એમ સમજવાનો કે શ્રી જિનદેવ સંસ્કૃતિના મહાન સૂત્રધાર હોવાથી સાંસ્કૃતિક પ્રદેશમાં જ જન્મે છે અને ત્યાં જ પોતાની છેવટની સાધના કરી અર્હત્પદની પ્રાપ્તિ થયા બાદ ધર્મનું પ્રવર્તન કરવા-પૂર્વક નિર્વાણ પામે છે.

### ૩-જિનદેવની સંખ્યા

કાલપ્રવાહ અનંત છે અને તેમાં દરેક કાલચક્ર દરમિયાન ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળમાં અમુક અમુક અંતરે જિનદેવો થાય છે, તેમની સંખ્યા ચોવીશની જ હોય છે. આ રીતે આજ સુધીમાં અનંતી ચોવીશીઓ થઈ ગઈ અને ભવિષ્યમાં પણ થશે. શ્રી કુશલલાભજીએ નવકારમંત્રના છંદમાં કહ્યું છે કે—

આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત.

ભરતક્ષેત્રમાં જે છેલ્લી ચોવીશી થઈ ગઈ, તેનાં નામો નીચે મુજબ છે:-

| | |
|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | ૧૩ શ્રી વિમલનાથ |
| ૨ શ્રી અજિતનાથ | ૧૪ શ્રી અનંતનાથ |
| ૩ શ્રી સંભવનાથ | ૧૫ શ્રી ધર્મનાથ |
| ૪ શ્રી અભિનંદન | ૧૬ શ્રી શાંતિનાથ |
| ૫ શ્રી સુમતિનાથ | ૧૭ શ્રી કુંથુનાથ |
| ૬ શ્રી પદ્મપ્રભસ્વામી | ૧૮ શ્રી અરનાથ |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | ૧૯ શ્રી મલ્લિનાથ |
| ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી | ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી |
| ૯ શ્રી સુવિધિનાથ | ૨૧ શ્રી નમિનાથ |
| ૧૦ શ્રી શીતલનાથ | ૨૨ શ્રી નેમિનાથ |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | ૨૩ શ્રી પાર્શ્વનાથ |
| ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી | ૨૪ શ્રી મહાવીર સ્વામી |

આ ચોવીશે જિનના પિતા, માતા, જન્મસ્થાન, લાંછન, શરીરપ્રમાણ, વર્ણ તથા આયુષ્યનો કોઠો અહીં આપવામાં આવ્યો છે, તે પરથી પાઠકોને ઘણું જાણવાનું મળશે.

## ચોવીશ જિનોના માતા-પિતાદિનો કોઠો

| તીર્થંકરનું નામ | પિતાનું નામ | માતાનું નામ | જન્મસ્થાન | લાંછન | શરીર-પ્રમાણ | વર્ણ | આયુષ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | નાભિ | મરુદેવા | અયોધ્યા | વૃષભ | ૫૦૦ ધનુષ્ય | સુવર્ણ | ૮૪ લાખ પૂર્વ |
| ૨ શ્રી અજિતનાથ | જિતશત્રુ | વિજયા | ,, | હસ્તી | ૪૫૦ ,, | ,, | ૭૨ ,, ,, |
| ૩ શ્રી સંભવનાથ | જિતારિ | સેના | શ્રાવસ્તી | અશ્વ | ૪૦૦ ,, | ,, | ૬૦ ,, ,, |
| ૪ શ્રી અભિનંદન સ્વામી | સંવર | સિદ્ધાર્થા | અયોધ્યા | વાનર | ૩૫૦ ,, | ,, | ૫૦ ,, ,, |
| ૫ શ્રી સુમતિનાથ | મેઘરથ | સુમંગલા | ,, | ક્રૌંચ | ૩૦૦ ,, | ,, | ૪૦ ,, ,, |
| ૬ શ્રી પદ્મપ્રભ સ્વામી | શ્રીધર | સુસીમા | કૌશાંબી | પદ્મ | ૨૫૦ ,, | રક્ત | ૩૦ ,, ,, |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠ | પૃથ્વી | કાશી | સ્વસ્તિક | ૨૦૦ ,, | સુવર્ણ | ૨૦ ,, ,, |
| ૮ શ્રી ચંદ્રપ્રભ સ્વામી | મહાસેન | લક્ષ્મણા | ચંદ્રપુરી | ચંદ્ર | ૧૫૦ ,, | શ્વેત | ૧૦ ,, ,, |
| ૯ શ્રી સુવિધિનાથ | સુગ્રીવ | રામા | કાકંદી | મગર | ૧૦૦ ,, | ,, | ૨ ,, ,, |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ શ્રી શીતલનાથ | દઢરથ | નંદા | ભદ્દિલપુર | શ્રીવત્સ | ૯૦ ધનુષ | સુવર્ણ | ૧ લાખ પૂર્વ |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | વિષ્ણુરાજ | વિષ્ણુ | સિંહપુર | ગેંડો | ૮૦ ,, | ,, | ૮૪ ,, વર્ષ |
| ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી | વસુપૂજ્ય | જયા | ચંપા | પાડો | ૭૦ ,, | રક્ત | ૭૨ ,, ,, |
| ૧૩ શ્રી વિમલનાથ | કૃતવર્મા | શ્યામા | કાંપિલ્યપુર | વરાહ | ૬૦ ,, | સુવર્ણ | ૬૦ ,, ,, |
| ૧૪ શ્રી અનંતનાથ | સિંહસેન | સુયશા | અયોધ્યા | સિંચાણો | ૫૦ ,, | ,, | ૩૦ ,, ,, |
| ૧૫ શ્રી ધર્મનાથ | ભાનુ | સુવ્રતા | રત્નપુર | વજ્ર | ૪૫ ,, | ,, | ૧૦ ,, ,, |
| ૧૬ શ્રી શાંતિનાથ | વિશ્વસેન | અચિરા | હસ્તિનાપુર | મૃગ | ૪૦ ,, | ,, | ૧ ,, ,, |
| ૧૭ શ્રી કુંથુનાથ | સૂર | શ્રી | ,, | બકરો | ૩૫ ,, | ,, | ૯૫ હજાર વર્ષ |
| ૧૮ શ્રી અરનાથ | સુદર્શન | દેવી | ,, | નંદ્યાવર્ત | ૩૦ ,, | ,, | ૮૪ ,, ,, |
| ૧૯ શ્રી મલ્લિનાથ | કુંભ | પ્રભાવતી | મિથિલા | કુંભ | ૨૫ ,, | નીલ | ૫૫ ,, ,, |
| ૨૦ શ્રી મુનિસુવ્રત | સુમિત્ર | પદ્મા | રાજગૃહ | કાચબો | ૨૦ ,, | શ્યામ | ૩૦ ,, ,, |
| ૨૧ શ્રી નમિનાથ | વિજય | વપ્રા | મિથિલા | નીલકમલ | ૧૫ ,, | સુવર્ણ | ૧૦ ,, ,, |
| ૨૨ શ્રી નેમિનાથ | સમુદ્રવિજય | શિવાદેવી | શૌરિપુર | શંખ | ૧૦ ,, | શ્યામ | ૧ ,, ,, |
| ૨૩ શ્રી પાર્શ્વનાથ | અશ્વસેન | વામા | કાશી | સર્પ | ૯ હાથ | નીલ | ૧૦૦ વર્ષ |
| ૨૪ શ્રી મહાવીર સ્વામી | સિદ્ધાર્થ | ત્રિશલા | ક્ષત્રિયકુંડ | સિંહ | ૭ ,, | સુવર્ણ | ૭૨ ,, |

જિનદેવો આજે પણ વિદ્યમાન છે, પરંતુ તે ભરત-ક્ષેત્ર કે ઐરવત ક્ષેત્રમાં નથી. માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. હાલમાં તેમની સંખ્યા વીશની હોવાથી તે વિહરમાણ વીશ જિન કહેવાય છે. અઢી દ્વીપમાં તેમની સંખ્યા નીચે મુજબ છે:–

### જંબૂદ્વીપમાં

(૧) શ્રી સીમંધર સ્વામી (૩) શ્રી બાહુ સ્વામી
(૨) શ્રી યુગંધર સ્વામી (૪) શ્રી સુબાહુ સ્વામી

### ધાતકી ખંડમાં

(૫) શ્રી સુજાત સ્વામી (૯) શ્રી સુરપ્રભ સ્વામી
(૬) શ્રી સ્વયંપ્રભ સ્વામી (૧૦) શ્રી વિશાળ સ્વામી
(૭) શ્રી ઋષભાનન સ્વામી (૧૧) શ્રી વજ્રધર સ્વામી
(૮) શ્રી અનંતવીર્ય સ્વામી (૧૨) શ્રી ચંદ્રાનન સ્વામી

### અર્ધ પુષ્કરાવર્તમાં

(૧૩) શ્રી ચંદ્રબાહુ સ્વામી (૧૭) શ્રી વારિષેણ સ્વામી
(૧૪) શ્રી ભુજંગ સ્વામી (૧૮) શ્રી મહાપ્રભ સ્વામી
(૧૫) શ્રી ઈશ્વરદેવ સ્વામી (૧૯) શ્રી દેવયશા સ્વામી
(૧૬) શ્રી નમિપ્રભ સ્વામી (૨૦) શ્રી અજિતવીર્ય સ્વામી

ભરતક્ષેત્રમાં નજીકના ભવિષ્યમાં કોઈ જિનદેવ થનાર નથી. પાંચમો આરો લગભગ સાડા અઢાર હજાર વર્ષ બાદ પૂરો થશે, ત્યાર બાદ એકવીશ હજાર વર્ષનો છઠ્ઠો આરો વ્યતીત થશે, ત્યાર બાદ ઉત્સર્પિણી કાળ શરૂ થશે

અને તેનો એકવીશ હજાર વર્ષનો પહેલો આરો, એકવીશ હજાર વર્ષનો બીજો આરો પૂર્ણ થઈ બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોટાકોટિ સાગરોપમનો ત્રીજો આરો શરુ થશે, ત્યારે શ્રી જિનદેવ ઉત્પન્ન થવા લાગશે.

૪-પંચ-કલ્યાણક

સંયમની ઉત્કૃષ્ટ સાધના, જિનપદની પ્રાપ્તિ અને નિઃશ્રેયસની સિદ્ધિ મનુષ્યભવમાં જ શકય છે, એટલે જિનદેવ થનારા આત્માનો ચરમભવ-છેલ્લોભવ મનુષ્ય તરીકેનો જ હોય છે.

મનુષ્યોમાં કેટલાક કનિષ્ઠ હોય છે, કેટલાક મધ્યમ હોય છે, તો કેટલાક ઉત્તમ હોય છે. વળી ઉત્તમમાં પણ ચડઉત્તરપણું હોવાનાં કારણે કેટલાક ઉત્તમોત્તમનું સ્થાન પ્રાપ્ત કરે છે. જિનદેવ આવા ઉત્તમોત્તમ પુરુષની પંક્તિમાં અગ્રસ્થાને વિરાજનારા હોઈ **પરમપુરુષ** કે **પુરુષોત્તમ** ગણાય છે.

જિનદેવ એ માનવજન્મનું ઊંચામાં ઊંચું શિખર છે. માનવનો આથી ઊંચો આદર્શ હજી સુધી કોઈ કલ્પી શકયું નથી. પ્રો. નિત્શે વગેરેએ કલ્પેલો 'સુપરમેન' (Superman) જિનદેવની સરખામણીમાં ઘણો નાનો લાગે છે.

આવા વિરલ કોટિના મહાપુરુષની સર્વ જીવનઘટનાઓ મહત્ત્વપૂર્ણ હોય, એમાં આશ્ચર્ય શું? માનવ-ઉત્થાનનો સાચો ઇતિહાસ તેમાં આલેખાયેલો હોય છે

અને તે યુગોના યુગો સુધી મુમુક્ષુઓને મંગલ માર્ગદર્શન આપે છે. પરંતુ આ બધી ઘટનાઓનું હર વખતે સ્મરણ–ચિંતન થઈ શકે નહિ, તેથી તેમાંની પાંચ ઘટનાઓ કે જે સ્વ–પર–કલ્યાણનું સુંદર નિમિત્ત પૂરું પાડનારી હોઈ **કલ્યાણક** તરીકે પ્રસિદ્ધિ પામી છે; તેને જ મુખ્યતા અપાય છે. આ પાંચ કલ્યાણકો અનુક્રમે (૧) ચ્યવન-કલ્યાણક, (૨) જન્મ-કલ્યાણક, (૩) દીક્ષા-કલ્યાણક, (૪) કેવલજ્ઞાન-કલ્યાણક અને (૫) નિર્વાણ-કલ્યાણક કહેવાય છે.

જિનદેવ થનારો આત્મા પ્રાયઃ દેવલોકમાંથી અને ક્વચિત્ નરકમાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે છે, તે પ્રસંગને **ચ્યવન–કલ્યાણક** કહેવામાં આવે છે. અહીંથી તેમના માનવજીવનનો પ્રારંભ થાય છે.

ગર્ભસ્થિતિનો પરિપાક થયે માતાના ઉદરમાંથી બહાર આવવું, તેને **જન્મ–કલ્યાણક** કહેવામાં આવે છે. અહીંથી તેમના બાલ્યજીવનનો પ્રારંભ થાય છે.

સંસારની અસારતા જોઈ તેનો ત્યાગ કરવો અને સંયમસાધના કે યોગસાધનામાં પ્રવૃત્ત થવું, તેને **દીક્ષા–કલ્યાણક** કહેવામાં આવે છે. અહીંથી તેમના સાધુજીવન, મુનિજીવન કે તપસ્વીજીવનનો પ્રારંભ થાય છે.

સંયમ, તપ અને શુભ ભાવનાના બળે જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવી, તેને **કેવળજ્ઞાન–કલ્યાણક** કહેવામાં આવે છે. અહીંથી તેમની જિન, અર્હત્ કે તીર્થંકર તરીકેની કારકીર્દિ શરૂ થાય છે અને શેષજીવન લોકોદ્ધારમાં વ્યતીત થાય છે.

મનુષ્ય તરીકેનું આયુષ્ય પૂર્ણ કરવું, અઘાતીકર્મનો અંત આણવો અને નિર્વાણની પ્રાપ્તિ કરવી, તેને **નિર્વાણ–કલ્યાણક** કહેવામાં આવે છે. અહીંથી તેમની સિદ્ધાવસ્થાની શરૂઆત થાય છે અને તે અનંતકાલ સુધી ટકે છે. એ સ્થિતિમાં કદી કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી.

પાંચે ય કલ્યાણકના પ્રસંગોએ પ્રકૃતિ ઉત્સવમય બને છે, એટલે કે નભોમંડળ સ્વચ્છતાને ધારણ કરે છે, વાયુ મંદ મંદ સુરભિભર્યો વાય છે અને સર્વત્ર પ્રકાશની પ્રશસ્ત રેખાઓ ઝળકવા લાગે છે. ઉપરાંત સકલ જીવરાશિમાં આનંદની અપૂર્વ ભરતી આવે છે અને દૈવી તત્ત્વોમાં પણ ઉલ્લાસનો અજબ ચમકારો આવી જાય છે. શાસ્ત્રોમાં આ પ્રસંગના અદ્ભુત વર્ણનો કરેલાં છે, જેનું શ્રવણ–મનન કરતાં અનેરો આનંદ આવે છે અને ભાવનાઓ વિકસ્વર થાય છે.

શ્રી ઋષભાદિ ચોવીશે ય જિનનાં કલ્યાણકો ક્યાં થયાં અને ક્યારે થયાં, તેની નોંધ જૈન શાસ્ત્રોએ રાખેલી છે અને તેને પર્વની સંજ્ઞા આપી છે, જેથી ઉપાસક–આરાધક આત્માઓ તે દિવસે વિશિષ્ટ પ્રકારે ધર્મકરણી કરી શકે અને જિનદેવના જીવનનું સ્મરણ–અભિવાદન કરી પોતાની મોક્ષ–સાધનાને વધારે ઉજ્જવળ બનાવી શકે.

અહીં ચોવીશ જિનની કલ્યાણક–ભૂમિકાઓનો તથા જિનની કલ્યાણક-તિથિઓનો કોઠો આપ્યો છે, તે પાઠકોએ ધ્યાનથી જોઈ લેવાની જરૂર છે.

## ચોવીશ જિનની કલ્યાણક-ભૂમિઓનો કોઠો

| ક્રમાંક | પ્રાચીન તીર્થો નગરીઓનાં નામ | કેટલામા તીર્થંકર | જિનેશ્વર ભગવંતોનાં નામ | ચ્યવન | જન્મ | દીક્ષા | કેવળ | નિર્વાણ | કુલ | નગરીમાં કુલ કેટલાં કલ્યાણક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિનીતા અથવા અયોધ્યા | ૧ | ઋષભદેવ | ૧ | ૧ | ૧ | — | — | ૩ | ૧૯ |
| | | ૨ | અજિતનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૪ | અભિનંદન | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૫ | સુમતિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૧૪ | અનંતનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૨ | પ્રયાગ અથવા અલ્હાબાદ | ૧ | ઋષભદેવ | — | — | — | ૧ | — | ૧ | ૧ |
| ૩ | અષ્ટાપદ પર્વત | ૧ | ઋષભદેવ | — | — | — | — | ૧ | ૧ | ૧ |
| ૪ | શ્રાવસ્તી નગરી | ૩ | સંભવનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૫ | કૌશાંબી | ૬ | પદ્મપ્રભુ સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૬ | બનારસ અથવા વારાણસીમાં | | | | | | | | | |
| | અ ભદૈનીમાં | ૭ | સુપાર્શ્વનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૧૬ |
| | આ ભેલુપુરમાં | ૨૩ | પાર્શ્વનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | ઇ ચંદ્રપુરીમાં | ૮ | ચંદ્રપ્રભ સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | ઈ સિંહપુરીમાં | ૧૧ | શ્રેયાંસનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૭ | કાકંદી | ૯ | સુવિધિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૮ | ભદ્દીલપુર | ૧૦ | શીતલનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ચંપાપુરી | ૧૨ | વાસુપૂજ્ય સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ | ૫ |
| ૧૦ | કંપિલપુર | ૧૩ | વિમળનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૧ | રત્નપુરી | ૧૫ | ધર્મનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૨ | હસ્તિનાપુર | ૧૬ | શાંતિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | } ૧૨ |
| | | ૧૭ | કુંથુનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૧૮ | અરનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૧૩ | મિથિલા | ૧૯ | મલ્લિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | } ૮ |
| | | ૨૦ | નમિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૧૪ | રાજગૃહી | ૨૧ | મુનિસુવ્રત સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૫ | શૌરીપુર | ૨૨ | નેમિનાથ | ૧ | ૧ | — | — | — | ૨ | ૨ |
| ૧૬ | ક્ષત્રિયકુંડ | ૨૪ | મહાવીર સ્વામી | ૧ | ૧ | ૧ | — | — | ૩ | ૩ |
| ૧૭ | ઋજુવાલિકા નદીના કિનારે | ૨૪ | મહાવીર સ્વામી | — | — | — | ૧ | — | ૧ | ૧ |
| ૧૮ | પાવાપુરી | ૨૪ | મહાવીર સ્વામી | — | — | — | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૯ | ગિરનાર | ૨૨ | નેમિનાથ | — | — | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૨૦ | સમેતશિખર | — | શ્રી ઋષભદેવ, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી નેમિનાથ તથા શ્રી મહાવીર સ્વામી સિવાયના ૨૦ જિનો | — | — | — | — | ૨૦ | ૨૦ | ૨૦ |
| | | | | | | | | | | ૧૨૦ |



**પરિકર સાથેની સુંદર જિનમૂર્તિ**

આ મૂર્તિ ઓડેલી પાસે ઝાંખરપરા ગામમાં બંધાયેલ
નવા દહેરાસરમાં બિરાજે છે.
[ ફોટો. શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભાના સૌજન્યથી ]



સમવસરણમાં વિરાજી રહેલી

**શ્રી જિનેશ્વરદેવની સુંદર પ્રતિમા**

પાછળ અશોક વૃક્ષનો ખ્યાલ આપતી સુંદર રચના છે.

[ ફોટો : શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર–મુંબઈના સૌજન્યથી ]

## ચોવીશ જિનની કલ્યાણક-તિથિઓનો કોઠો

| ક્રમ | નામ | ચ્યવન | જન્મ | દીક્ષા | કેવળજ્ઞાન | નિર્વાણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવ | જ્યેષ્ઠ વદ ૪ | ફાગણ વદ ૮ | ફાગણ વદ ૮ | માઘ વદ ૧૧ | પોષ વદ ૧૩ |
| ૨ | શ્રી અજિતનાથ | વૈશાખ સુ. ૧૩ | માઘ સુદ ૮ | માઘ સુદ ૯ | પોષ સુદ ૧૧ | ચૈત્ર સુદ ૫ |
| ૩ | શ્રી સંભવનાથ | ફાગણ સુદ ૮ | માગશર સુ. ૧૪ | માગશર સુ. ૧૫ | આસો વદ ૫ | ચૈત્ર સુદ ૫ |
| ૪ | શ્રી અભિનંદન સ્વામી | વૈશાખ સુદ ૪ | માઘ સુદ ૨ | માઘ સુદ ૧૨ | પોષ સુદ ૧૪ | વૈશાખ સુદ ૮ |
| ૫ | શ્રી સુમતિનાથ | શ્રાવણ સુદ ૨ | વૈશાખ સુદ ૮ | વૈશાખ સુદ ૯ | ચૈત્ર સુદ ૧૧ | ચૈત્ર સુદ ૯ |
| ૬ | શ્રી પદ્મપ્રભસ્વામી | પોષ વદ ૬ | આસો વદ ૧૨ | આસો વદ ૧૩ | ચૈત્ર સુદ ૧૫ | કાર્તિક વ. ૧૧ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | શ્રાવણ વદ ૮ | જ્યેષ્ઠ સુ. ૧૨ | જ્યેષ્ઠ સુદ ૧૩ | માઘ વદ ૬ | માઘ વદ ૭ |
| ૮ | શ્રી ચંદ્રપ્રભ સ્વામી | ફાગણ વદ ૫ | માગશર વ. ૧૨ | માગશર વ. ૧૩ | માઘ વદ ૭ | શ્રાવણ વદ ૭ |
| ૯ | શ્રી સુવિધિનાથ | માઘ વદ ૯ | કાર્તિક વદ ૫ | કાર્તિક વ. ૬ | કાર્તિક સુદ ૩ | ભાદરવા સુ. ૯ |
| ૧૦ | શ્રી શીતલનાથ | ચૈત્ર વદ ૬ | પોષ વદ ૧૨ | પોષ વદ ૧૨ | માગશર વ. ૧૪ | ચૈત્ર વદ ૨ |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | વૈશાખ વદ ૬ | માઘ વદ ૧૨ | માઘ વદ ૧૩ | પોષ વદ ૦)) | અષાડ વદ ૩ |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય સ્વામી | જ્યેષ્ઠ સુદ ૯ | માઘ વદ ૧૪ | માઘ વદ ૦)) | માઘ સુદ ૨ | અષાડ સુદ ૧૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | શ્રી વિમલનાથ | વૈશાખ સુ. ૧૨ | માઘ સુદ ૩ | માઘ સુદ ૪ | પોષ સુદ ૬ | જ્યેષ્ઠ વદ ૭ |
| ૧૪ | શ્રી અનંતનાથ | અષાડ વદ ૭ | ચૈત્ર વદ ૧૪ | ચૈત્ર વદ ૧૩ | ચૈત્ર વદ ૧૪ | ચૈત્ર સુદ ૫ |
| ૧૫ | શ્રી ધર્મનાથ | વૈશાખ સુદ ૭ | માઘ સુદ ૩ | માઘ સુદ ૧૩ | પોષ સુદ ૧૫ | જ્યેષ્ઠ સુદ ૫ |
| ૧૬ | શ્રી શાંતિનાથ | શ્રાવણ વદ ૭ | વૈશાખ વ. ૧૩ | વૈશાખ વ.૧૪ | પોષ સુદ ૯ | વૈશાખ વદ ૧૩ |
| ૧૭ | શ્રી કુંથુનાથ | અષાડ વદ ૯ | ચૈત્ર વદ ૧૪ | ચૈત્ર વદ ૫ | ચૈત્ર સુદ ૩ | ચૈત્ર વદ ૧ |
| ૧૮ | શ્રી અરનાથ | ફાગણ સુદ ૨ | માગશર સુ. ૧૦ | માગશર સુ. ૧૧ | કાર્તિક સુદ ૧૩ | માગશર સુ. ૧૦ |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | ફાગણ સુદ ૪ | માગશર સુ. ૧૧ | માગશર સુ. ૧૧ | માગશર સુ. ૧૧ | ફાગણ સુદ ૧૨ |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત સ્વામી | શ્રાવણ સુ. ૧૫ | વૈશાખ વદ ૮ | ફાગણ સુ. ૧૨ | માઘ વદ ૧૨ | વૈશાખ વદ ૯ |
| ૨૧ | શ્રી નમિનાથ | આસો સુ. ૧૫ | અષાડ વદ ૮ | જ્યેષ્ઠ વ. ૯ | માગશર સુ. ૧૧ | ચૈત્ર વદ ૧૦ |
| ૨૨ | શ્રી નેમિનાથ | આસો વદ ૧૨ | શ્રાવણ સુદ ૫ | શ્રાવણ સુદ ૬ | ભાદરવા વદ ૦)) | અષાડ સુદ ૮ |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | ફાગણ વદ ૪ | માગશર વદ ૧૦ | માગશર વ. ૧૧ | ફાગણ વદ ૪ | શ્રાવણ સુદ ૮ |
| ૨૪ | શ્રી મહાવીર સ્વામી | અષાડ સુદ ૬ | ચૈત્ર સુદ ૧૩ | કાર્તિક વદ ૧૦ | વૈશાખ સુ.૧૦ | આસો વદ૦)) |

જિનમૂર્તિમાં દેવત્વની પ્રતિષ્ઠા વખતે પંચકલ્યાણકનો ઉત્સવ કરવામાં આવે છે અને તે વખતે તેનાં મનોરમ દૃશ્યો ખડાં કરવામાં આવે છે, જેથી સર્વ પ્રેક્ષકોને જિન ભગવંતના જીવનનો શૃંખલાબદ્ધ ખ્યાલ આવી શકે અને તે સમ્યકત્વની પ્રાપ્તિ કે શુદ્ધિનું પ્રબળ નિમિત્ત બની શકે.

પંચકલ્યાણકનો ભાવનામય ઉત્સવ સામાન્ય ગૃહસ્થો પણ કરી શકે તે માટે ખાસ પૂજાઓ રચાયેલી છે. તેનો લાભ સર્વ મુમુક્ષુઓએ લેવો ઘટે છે.

**૫–કેટલીક વિશેષતાઓ**

દેવ અને નરકગતિના જીવોને અવધિજ્ઞાન સહજ હોય છે અને તે ભવના અંત સુધી ચાલુ રહે છે. ત્યાંથી ચ્યવીને કોઈ જીવ મનુષ્ય કે તિર્યંચ ગતિમાં આવે, ત્યારે એ જ્ઞાન રહેતું નથી. એ વખતે તો મતિ અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન જ હોય છે, પરંતુ જિન થનાર આત્માનું એ જ્ઞાન ચાલ્યું જતું નથી, એટલે કે તે મનુષ્ય ભવમાં પણ ચાલુ રહે છે; અને તેથી જ તે, 'હું ક્યાંથી ચ્યવીને આવ્યો ? આગળ પર શું ઘટનાઓ બનવાની છે ?' વગેરે જાણી શકે છે

જિન થનારો આત્મા સામાન્ય રીતે પુરુષરૂપે જ જન્મે છે, પરંતુ ક્વચિત્ તે સ્રીરૂપે પણ જન્મ ધારણ કરે છે કે જેમ ગઈ ચોવીશીમાં ઓગણીસમા જિનદેવ શ્રી મલ્લિનાથની બાબતમાં બન્યું હતું. આ પરથી એમ

સમજવાનું કે સ્ત્રીને પણ મોક્ષ તો મળી શકે છે અને કોઈકવાર આશ્ચર્યરૂપે તે જિનની કોટિ સુધી પહોંચી શકે છે.

દિગમ્બર સંપ્રદાય એવું પ્રતિપાદન કરે છે કે સ્ત્રીને મોક્ષ મળી શકે જ નહિ, પરંતુ જિનાગમોમાં જીવો પંદર પ્રકારે સિદ્ધ થવાનું જણાવ્યું છે, ત્યાં સ્ત્રીઓને સિદ્ધ થવાનો સ્પષ્ટ પાઠ છે અને સિદ્ધસ્તુતિમાં નીચેની ગાથા આવે છે:

इक्को वि नमुक्कारो, जिणवर–वसहस्स वद्धमाणस्स ।
संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥

'જિનશ્રેષ્ઠ એવા શ્રી વર્દ્ધમાન સ્વામીને એક જ નમસ્કાર ભાવપૂર્વક કરવામાં આવે તો તે નર કે નારીને સંસારસાગરમાંથી તારે છે.'

અહીં જણાવવું જરૂરનું છે કે કેટલાક દિગમ્બર ગ્રંથોમાં એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે કે જેનાથી સ્ત્રીને પણ મોક્ષ મળવાનું સિદ્ધ થાય. કેટલાક વર્ષ પૂર્વે અમારી બેંગલોરની મુલાકાત વખતે ત્યાંના દિગમ્બર શાસ્ત્રી ચેલપ્પા કે જેમણે ભૂવલય ગ્રંથને પ્રસિદ્ધિમાં આણ્યો, તેમણે એ ગ્રંથમાંથી આ મતલબની કેટલીક પંક્તિઓ અમને વાંચી સંભળાવી હતી અને ભૂવલય–ભાગ પહેલામાં તે પ્રકટ પણ થયેલી છે. વળી તેમના સમાજના જ એક માન્ય વિદ્વાન્ ડૉ. હીરાલાલ શાસ્ત્રીએ નિર્ભય ચર્ચા કરીને આ

વસ્તુ પ્રકાશમાં આણી છે, એટલે આશા રહે છે કે ભવિષ્યમાં આ બાબતની કટ્ટરતા ઓછી થઈ જશે.

જિનદેવ થનારો આત્મા ઊંચા ક્ષત્રિયકુલમાં જન્મે છે, કારણ કે ત્યાં ધીરતા–વીરતા આદિ ગુણો વિશેષ પ્રમાણમાં હોય છે અને તે એમની ભાવી સાધનામાં ઉપકારક નીવડે છે. શ્રી મહાવીર સ્વામીનો જીવ દશમા દેવલોકમાંથી ચ્યવીને દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યો, તે એક આશ્ચર્ય લેખાયું અને તેથી જ ગર્ભપરાવર્તનનો પ્રસંગ ઊભો થયો. ૮૨ રાત્રિઓ વ્યતીત થયા પછી ઇંદ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે એ ગર્ભને ત્રિશલા ક્ષત્રિયાણીના ઉદરમાં મૂકી દીધો અને ત્યાં જે ગર્ભ હતો, તે દેવાનંદ બ્રાહ્મણીના ઉદરમાં મૂકી દીધો. દેવોની શક્તિ અચિંત્ય હોય છે, એટલે થોડી જ ક્ષણોમાં આ કાર્ય પૂર્ણ થયું અને દેવાનંદા કે ત્રિશલા કોઈને કશી ઈજા પહોંચી નહિ.

'ગર્ભપરાવર્તન થઈ શકે કે નહિ ?' એ બાબતમાં ઠીક ઠીક ચર્ચા ચાલી છે, પણ એ માત્ર તર્કનો વિષય નથી. પ્રથમ તો શાસ્ત્રકારોએ જ્યારે એની સ્પષ્ટ શબ્દોમાં નોંધ લીધી છે, ત્યારે આપણે તેને એક સત્ય ઘટના જ લેખવી જોઈએ; અને બીજું વૈજ્ઞાનિક ક્ષેત્રે થયેલા પ્રયોગોએ પણ એ વાતને માન્ય રાખી છે કે અમુક સંયોગોમાં ગર્ભનું પરાવર્તન થઈ શકે છે.

મથુરાના આયાગપટ્ટો કે જે ઈ. સ. પૂર્વે પહેલી–બીજી સદીના છે, તેમાં આ ઘટનાને લગતાં ચિત્રો અંકિત

થયેલાં છે, એટલે આ ઘટનાની ઐતિહાસિકતા બાબત કોઈ સંદેહ રહેતો નથી.

જિનદેવ થનાર આત્માનું નામકર્મ અત્યંત શુભ હોઈ તેને ઉત્તમોત્તમ શરીરની પ્રાપ્તિ થાય છે અને તેમાં રૂપ, રંગ તથા લાવણ્યની અજબ છટા હોય છે. તે અંગે આવશ્યક-નિર્યુક્તિમાં કહ્યું છે કે–

सव्वसुरा जइरूवं, अंगुट्ठपमाणयं विउविज्जा ।
जिणपायंगुट्ठं पइ, न सोहए तं जहिंगालो ॥५६१॥

'ચારે નિકાયના સર્વ દેવો જો પોતાના રૂપને એક અંગુષ્ઠ પ્રમાણ વિકુર્વે, તો તે અંગૂઠો શ્રી જિનદેવના પગના અંગૂઠા આગળ એક કોલસાની જેમ શોભતો નથી.'

જિનદેવમાં, શારીરિક બળ પણ ઘણું જ હોય છે. તે અંગે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે 'આ જગતમાં જેમ માણસ કરતાં બળદમાં, બળદ કરતાં ઘોડામાં, ઘોડા કરતાં પાડામાં, પાડા કરતાં હાથીમાં, હાથી કરતાં સિંહમાં, સિંહ કરતાં અષ્ટાપદ વગેરે પશુઓમાં બળની તરતમતા પ્રત્યક્ષ અનુભવાય છે, તેમ બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી આદિ મનુષ્યોમાં તથા નાગેન્દ્ર, અસુરેન્દ્ર, સુરેન્દ્ર આદિ દેવોમાં પણ બળની તરતમતા સ્પષ્ટ અનુભવાય છે. જિનદેવનું બળ આ બધાં કરતાં વધારે હોય છે, તે એટલે સુધી કે બધા દેવો સાથે મળીને જિનદેવની ટચલી આંગળી નમાવવા ધારે તો નમાવી શકે નહિ.' શ્રી મહાવીર પ્રભુએ

સ્નાત્રાભિષેક સમયે પોતાનો અંગૂઠો બળથી મેરુ પર્વત પર દબાવતાં એ મહાન પર્વતરાજ ડોલી ઉઠ્યો હતો, એ હકીકત શાસ્ત્રોમાં નોંધાયેલી છે.

માનવમાં અસાધારણ બલ હોવાનાં દાખલાઓ વર્તમાન યુગમાં પણ પ્રાપ્ત થાય છે. ધ્રાગંધ્રાના મહારાજા રાયમલ્લજીમાં એટલું બળ હતું કે તેમણે અકબર બાદશાહના સમયમાં એક મૂઠી મારીને દિલ્લીના લાલકિલ્લામાં મજબૂત રીતે ચણાયેલો એક મોટો પત્થર ઉખાડી નાખ્યો હતો.

અમારા પોતાના જ ગામમાં આજથી પચાસ–સાઠ વર્ષ પૂર્વે એવો એક માણસ હતો કે જે ગમે તેવા બળવાન બળદને માત્ર એક કોણી મારીને જ નીચો પાડી દેતો અને તેના નાકમાં નથનું દોરડું પરોવી દેતો.

હમણાં વર્તમાનપત્રોમાં છપાયું છે કે અમેરિકાના એક ગામમાં એવો બાળક છે કે જે માત્ર આઠ વર્ષની ઉમ્મરનો હોવા છતાં ૧૦૦૦ રતલ વજન ઊંચકી શકે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જિનદેવ તો એક વિરલ વિભૂતિ છે, એટલે તેમનામાં અસાધારણ બળ હોય, એમાં કંઈ આશ્ચર્ય નથી.

### ૬–ચોત્રીશ અતિશયો

જિન ભગવંતો ચોત્રીશ અતિશયોથી યુક્ત હોય છે. પ્રસિદ્ધ જિનાગમ શ્રી સમવાયાંગ સૂત્રમાં આ ચોત્રીશેય અતિશયોનું વર્ણન કરેલું છે અને ત્યાર પછી નિર્યુક્તિકાર

વગેરે જે મહર્ષિઓ થયા, તે બધાએ તેનું સમર્થન કરેલું છે. વળી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે પણ અભિધાન-ચિન્તામણિકોષના દેવાધિદેવકાંડમાં તેની સુંદર શબ્દોમાં નોંધ લીધેલી છે.

સામાન્ય મનુષ્યો કરતાં યોગસિદ્ધ પુરુષોમાં કેટલીક વિશેષતાઓ હોય છે, તો જેમણે અનેક જન્મ સુધી યોગ-સાધના કરીને વિરલ વ્યક્તિત્વની પ્રાપ્તિ કરી હોય, તેમનામાં કેટલીક અસાધારણ વિશેષતાઓ હોય એમાં આશ્ચર્ય શું ?

અતિશય શબ્દ સામાન્ય રીતે વિપુલતાનો અર્થ સૂચવે છે, પણ અહીં તે શબ્દ વિશેષતા કે અસાધારણ વિશેષતા સૂચવવાને વપરાયેલો છે. વધારે સ્પષ્ટ કહીએ તો સામાન્ય કેવલીઓ કરતાં શ્રી જિનભગવંતોમાં જે અસા-ધારણ વિશેષતાઓ હોય છે, તે અહીં 'અતિશય' શબ્દ વડે સૂચિત કરવામાં આવી છે.

જિનભગવંતનો જન્મ થાય છે, ત્યારે તેઓ ચાર અતિશયથી યુક્ત હોય છે, તેને ચાર જન્મજાત અતિશય કહેવામાં આવે છે. બાકીના ત્રીશ અતિશયો તેઓ ચારિત્રા-વસ્થા અને અર્હદવસ્થા પ્રાપ્ત કરે ત્યારે ઉત્પન્ન થાય છે. તેમાં અગિયાર અતિશયો કર્મક્ષયનાં કારણે અને બાકીના ઓગણીશ અતિશયો દેવોએ કરેલા હોય છે. તે અંગે શ્રી પદ્મવિયજજી મહારાજે આદિજિન-સ્તવનમાં કહ્યું છે કે—

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવનાં કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ ઈમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ, પ્રથમ જિનેશ્વર.

ચોત્રીશ અતિશયોનું વર્ણન શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાનચિંતામણિકોશના દેવાધિદેવ–કાંડમાં આ પ્રકારે કર્યું છે:—

तेषां च देहोऽद्भुतरूपगन्धो,
निरामयः स्वेदमलोज्झितश्च ।
श्वासोऽब्जगन्धो रुधिरामिषं तु,
गोक्षीरधाराधवलं ह्यविस्रम् ॥१॥
आहारनीहारविधिस्त्वदृश्य–
श्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।

(૧) જિન ભગવંતોનો દેહ અદ્ભુત રૂપ અને સુગંધવાળો હોય છે, તેમાં કોઈ પ્રકારનો રોગ હોતો નથી; વળી તે પ્રસ્વેદ અને મલથી રહિત હોય છે; એટલે કે તેમને પરસેવો થતો નથી કે શરીર પર મેલ ચડતો નથી.

(૨) તેમનો શ્વાસોચ્છ્વાસ કમળના જેવો સુગંધી હોય છે.

(૩) તેમના શરીરમાં રહેલાં રુધિર અને માંસ ગાયના દૂધ જેવા શ્વેત તથા દુર્ગંધ વિનાના હોય છે.

(૪) તેમની આહાર–નિહાર( મલ ત્યાગ )ની ક્રિયા ચર્મચક્ષુઓ વડે જોઈ શકાતી નથી, એટલે કે આપણા જેવા સામાન્ય મનુષ્યો તેને જોઈ શકતા નથી. જેમને અવધિ કે કેવલજ્ઞાન જેવું અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન થયું હોય, તે જ તેને જોઈ શકે છે.

આ ચાર અતિશયો જન્મથી હોય છે.

क्षेत्रे स्थितिर्यो जनमात्रकेऽपि,
नृदेवतिर्यग्जनकोटिकोटिः ॥२॥

वाणी नृतिर्यक्सुरलोकभाषा,
संवादिनी योजनगामिनी च ।
भामण्डलं चारु च मौलिपृष्ठे,
विडम्बिताहर्पतिमण्डलश्रि ॥३॥

साग्रे च गव्यूतिशतद्वये रुजा,
वैरेतयो मार्यतिवृष्ट्यवृष्टयः ।
दुर्भिक्षमन्यस्वकचक्रतो भयं,
स्यान्नैत एकादश कर्मघातजाः ॥४॥

(૧) યોજન પ્રમાણ ક્ષેત્રવાળી ભૂમિમાં મનુષ્ય, દેવતા અને તિર્યંચોની કોડાકોડ સંખ્યામાં અવસ્થિતિ હોવી.

(૨) તેમની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવતાઓને પોતપોતાની ભાષામાં પરિણમવી તથા એક યોજન-પર્યંત બરાબર સંભળાવી.

(૩) મસ્તકના પાછલા ભાગમાં સૂર્યના બિંબની શોભાનો પણ તિરસ્કાર કરનારું મનોહર ભામંડલ હોવું.

(૪–૧૧) બસો ગાઉથી અધિક એટલે સવાસો યોજનપર્યંત રોગ–જ્વરાદિ,[૪] પરસ્પર વૈર–વિરોધ[૫], ઇતિ–ધાન્યાદિને ઉપદ્રવ કરનાર પુષ્કળ ઉંદર વગેરેની ઉત્પત્તિ,[૬] મરકી,[૭] અતિવૃષ્ટિ,[૮] અનાવૃષ્ટિ,[૯] દુર્ભિક્ષ,[૧૦] સ્વ-

રાષ્ટ્ર અને પરરાષ્ટ્રના ભયનો અભાવ,[૧૧] એ અગિયાર અતિશયો કર્મક્ષયના પરિણામે ઉત્પન્ન થાય છે.

खे धर्मचक्रं चमराः सपाद-
पीठं मृगेन्द्रासनमुज्ज्वलं च ।
छत्रत्रयं रत्नमयध्वजोऽङ्घ्रि-
न्यासे च चामीकरपङ्कजानि ॥५॥
वप्रत्रयं चारु चतुर्मुखाङ्गता,
चैत्यद्रुमोऽधोवदनाश्च कण्टकाः ।
द्रुमानतिर्दुन्दुभिनाद उच्चकै-
र्वातोऽनुकूलः शकुनाः प्रदक्षिणाः ॥६॥
गन्धाम्बुवर्षं बहुवर्णपुष्प-
वृष्टिः कचश्मश्रुनखाप्रवृद्धिः ।
चतुर्विधाऽमर्त्यनिकायकोटि-
र्जघन्यभावादपि पार्श्वदेशे ॥७॥
ऋतूनामिन्द्रियार्थानामनुकूलत्वमित्यमी ।
एकोनविंशतिर्दैव्याश्चतुस्त्रिंशच्च मीलिताः ॥८॥

(૧-૬) આકાશમાં ધર્મચક્ર,[૧] શ્વેત સુંદર ચામરો,[૨] પાદપીઠ સહિત સ્વચ્છ સ્ફટિકમય ઉજ્જવલ સિંહાસન,[૩] ત્રણ છત્ર,[૪] રત્નમય ધ્વજ,[૫] તથા પાદન્યાસ માટે નવ સુવર્ણકમળોનું સાથે ચાલવું,[૬] આ બધી સામગ્રી

જિનેશ્વર દેવ વિહાર કરતા હોય ત્યારે આકાશમાં સાથે ચાલે છે.

(૭-૧૪) સમવસરણમાં રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ મનોહર વપ્રો ( કિલ્લાઓ )ની રચના થવી,[૭] ચાર દિશાએ ચાર મુખ દેખાવાં,[૮] અશોકવૃક્ષની રચના થવી,[૯] રસ્તામાં કાંટાઓનું અધોમુખ થવું;[૧૦] વૃક્ષોની ડાળોનું નમવું,[૧૧] આકાશમાં દુંદુભિનો ઊંચેથી ધ્વનિ થવો, [૧૨] સુખકર અનુકૂળ વાયુ વહેવો,[૧૩] પક્ષીઓની પ્રદક્ષિણાપૂર્વક ગતિ થવી.[૧૪]

(૧૫-૧૮) સુગંધી જળની વૃષ્ટિ થવી,[૧૫] પાંચ વર્ણવાળા પુષ્પોનું આકાશમાંથી ખરવું,[૧૬] કેશ, રોમ, કૂર્ચ (દાઢી મૂછ) અને હાથ-પગના નખની વૃદ્ધિ ન થવી,[૧૭] ભવનપતિ આદિ દેવોનું જઘન્યથી પણ એક ક્રોડની સંખ્યામાં સમીપે રહેવું.[૧૮]

(૧૯) તથા ઋતુઓ અને ઇન્દ્રિયાર્થો એટલે સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ અને શબ્દની અનુકૂળતા,[૧૯] એ ઓગણીસ અતિશયો દેવતાકૃત હોય છે.

કોઈ સ્થળે આમાં થોડો તફાવત જણાય છે, તે મતાંતર સમજવો.

આ અતિશયોને લીધે જિનભગવંત લોકોત્તર મહાન પુરુષ છે, એમ સમજાય છે; પણ તેમની ખરી મહત્તા તો

તેમણે પ્રાપ્ત કરેલી વીતરાગતા અને લોકોપકાર અર્થે કહેલાં સત્ય અવિસંવાદી વચનોમાં જ રહેલી છે. તે અંગે શ્રી સમન્તભદ્રાચાર્યે દેવાધિદેવસ્તોત્રમાં કહ્યું છે કે—

देवागमनभोयान- चामरादिविभूतयः ।
मायाऽव्वपि दृश्यन्ते, नाऽतस्त्वमसि नो महान् ॥३॥

'દેવોનું આગમન, આકાશમાં છત્રચામરાદિની વિભૂતિઓનું ચાલવું વગેરે તો માયાવી પુરુષો એટલે ઈન્દ્રજાલિકો વગેરેમાં પણ દેખાય છે; માટે હે દેવ ! એ કારણે અમે આપને મોટા માનતા નથી.' તાત્પર્ય કે અમે આપને મોટા માનીએ છીએ, તે વિભૂતિઓનાં કારણે નહિ, + પણ વીતરાગતા, સત્યોપદેશ વગેરે મહાન ગુણોને લીધે માનીએ છીએ.

૭–અષ્ટ–મહાપ્રાતિહાર્ય

ચોત્રીશ અતિશયોમાંથી આઠની ગણના અષ્ટ–મહાપ્રાતિહાર્ય તરીકે થાય છે કે જે ભગવાનની આગળ શોભા અર્થે પ્રતિહારીની જેમ રહેલા દેવોએ ભક્તિનિમિત્તે વિકુર્વેલા હોય છે. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

अशोकवृक्षः सुरपुष्पवृष्टिः,
दिव्यध्वनिश्चामरमासनं च ।

+ દેવાગમન આદિ હે ભગવન્ ! આપની પાસે જેવા જણાય છે એવા માયાવીમાં નથી જણાતાં માટે આપ અમને મહાન્ છો એવો અર્થ પણ સંગત છે.

भामण्डलं दुदुन्भिरातपत्रं,
सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

(૧) **અશોકવૃક્ષ**–જ્યાં જિન ભગવંતના સમવસરણની એટલે ધર્મપરિષદ્ માટેના સ્થાનની વિશિષ્ટ રચના થાય છે, ત્યાં દેવતાઓ ભગવંતના શરીરથી બાર ગણું ઊંચું અશોકનું વૃક્ષ રચે છે. તે દેખાવમાં ઘણું સુંદર હોય છે અને તેની નીચે વિરાજમાન થઈને ભગવંત દેશના દે છે.

(૨) **સુરપુષ્પવૃષ્ટિ**–જ્યાં જિનભગવંતના સમવસરણની રચના થાય છે, ત્યાં દેવતાઓ પચરંગી પુષ્પની વૃષ્ટિ કરે છે.

(૩) **દિવ્યધ્વનિ**–જિન ભગવંતની વાણીમાં દેવતાઓ વીણા–વાંસળી વગેરે દ્વારા માલકોશ વગેરે રાગના સૂર પૂરે છે. [ ઉપર જણાવેલ ચોત્રીશ અતિશયોમાં આ અતિશયની સ્પષ્ટ ગણના નથી, પણ વાણીના અતિશયમાં તેનો સમાવેશ કરી શકાય છે. ]

(૪) **ચામર**–વિચરતા તેમજ સમવસરણમાં વિરાજિત જિન ભગવંતને દેવો સુવર્ણના દાંડાવાળા શ્વેત ચામરો વીંઝે છે. સમવસરણ અવસરે ભગવાન ચતુર્મુખ હોવાથી કુલ ૨૪ જોડ ચામરો વીંઝાય છે.

(૫) **આસન**–સમવસરણમાં બેસવા માટે દેવતાઓ સ્વચ્છ સ્ફટિકમય સિંહાસન મૂકે છે.

(૬) **ભામંડલ**–સમવસરણમાં બેઠેલા જિન ભગવંતના મસ્તકની પાછળ દેવતાઓ ભામંડલની રચના કરે છે.

(૭) **દુન્દુભિ**–સમવસરણ પ્રસંગે દેવતાઓ દુન્દુભિ આદિ વાજિંત્રો વગાડે છે.

(૮) **છત્ર**–વિહાર અને સમવસરણના પ્રસંગે દેવતાઓ મસ્તક ઉપર ઉપરાઉપરી ત્રણ છત્રો રચે છે, જે મોતીઓની માલાથી સુશોભિત હોય છે.

અહીં સ્પષ્ટતા એટલી કે સમવસરણમાં ભગવંત ચતુર્મુખ દેખાય છે, અને તે દરેક પર આવાં ત્રણ છત્રો હોય છે આને છત્રાતિછત્ર કહેવામાં આવે છે.

૯–બાર ગુણ

જૈન શાસ્ત્રોમાં નીચેની ગાથા પ્રસિદ્ધ છે:—

बारसगुण अरिहंता, सिद्धा अट्ठे व सूरि छत्तीसा ।
उवज्झाया पणवीसं, साहू सगवीस अट्ठसयं ॥

'અરિહંતો બાર ગુણવાળા, સિદ્ધો આઠ ગુણવાળા, આચાર્યો છત્રીસ ગુણવાળા, ઉપાધ્યાયો પચીસ ગુણવાળા અને સાધુઓ સત્તાવીશ ગુણવાળા હોય છે. એમ પંચપરમેષ્ઠિમાં કુલ એકસોને આઠ ગુણ હોય છે.'

તે અંગે નીચેનું ચૈત્યવંદન પણ પ્રસિદ્ધ છે:—

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમી જે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧

આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨
અષ્ટોત્તર શતગુણ મળી, એમ સમરો નવકાર
ધીરવિમલ પંડિત તણો, 'નય' પ્રણમે નિત સાર. ૩

અરિહંત એટલે જિન ભગવંતમાં અનંત ગુણો હોય છે, પણ વ્યવહારમાં તેમના બાર ગુણોને મુખ્યતા આપવામાં આવે છે. તેમાં આઠ ગુણો તો ઉપર જણાવેલા અષ્ટ-મહાપ્રાતિહાર્યના ગણાય છે અને બાકીના ચાર ગુણોમાં મૂલાતિશયની ગણના થાય છે કે જેનો પરિચય અમે ગત પ્રકરણમાં કરાવી ગયા છીએ.

# પ્રકરણ ચોથું

## જિનદેવનાં કેટલાંક વિશેષણો

એક જ વસ્તુને જુદા જુદા ગુણોની અપેક્ષાએ જુદાં જુદાં વિશેષણો અપાય છે. સૂર્ય, ચંદ્ર, સાગર, સરિતા વગેરેને કેટલાં બધાં વિશેષણો અપાયેલાં છે? પરંતુ આ બધા કરતાં જિન, અર્હત્ કે તીર્થંકરદેવને અપાતાં વિશેષણો વધારે છે. તેમની સ્તુતિ–સ્તવના ૧૦૦૮ વિશેષણો વડે થયેલી છે અને હજી બીજા નવાં નવાં વિશેષણો યોજાતા જ જાય છે. તેનું શ્રવણ–મનન–નિદિધ્યાસન કરીએ તો આપણું ચિત પવિત્ર થાય છે અને તેમના પ્રત્યેની ભક્તિ વધવા પામે છે.

પરંતુ અહીં જિનદેવનાં ૧૦૦૮ વિશેષણો સંબંધી વિવેચન કરવાનો ઈરાદો નથી. જો એમ કરીએ તો તેનો જ એક સ્વતંત્ર ગ્રંથ નિર્માણ થાય અને અમે આ વિષયમાં જે કંઈ કહેવા ધાર્યું છે, તે બાજુએ રહી જાય. આમ છતાં એટલું નક્કી કે પ્રસિદ્ધ સૂત્રો તથા સ્તુતિ–સ્તવનો વગેરેમાં જિનદેવને માટે જે વિશેષણનો પ્રયોગ થયેલો છે, તેનાથી પાઠકોને પરિચિત કરવા છે. આ પરિચય જિનદેવનું સ્વરૂપ વિશેષ પ્રકારે જાણવા માટે ઘણો ઉપયોગી નીવડશે.

આવશ્યક મૂલસૂત્રનું બીજું અધ્યયન 'ચઉવીસત્થય-સુત્ત' છે કે જેની આજે 'લોગસ્સ' સૂત્ર તરીકે વિશેષ પ્રસિદ્ધિ છે. તેમાં જિનદેવ માટે નીચેનાં વિશેષણો વપરાયેલાં છેઃ-

**लोकोद्योतकर**—લોકનું સ્વરૂપ પ્રકાશનારા.

**धर्म तीर्थंकर**—ધર્મરૂપી તીર્થનું સ્થાપન કરનારા.

**तीर्थंकर**—તીર્થની સ્થાપના કરનારા.

**जिन**—રાગાદિ દોષોને જિતનારા.

**जिनवर**—અવધિજિન આદિ જિનોના સમૂહમાં શ્રેષ્ઠ.

**अर्हत्**—ત્રણલોકના અગ્રેસરોથી પૂજાયેલા.

**केवली**—કેવળજ્ઞાનવાળા. જેને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તે બધા કેવળી કહેવાય છે, પણ આ શબ્દ જિનદેવના અર્થમાં રૂઢ થયેલો છે. '**केवलिपन्नत्त धम्मो मंगलं**' વગેરે પદોમાં કેવલી શબ્દથી જિનદેવનું સૂચન છે.

**लोकोत्तम**—લોકની સર્વ વસ્તુઓમાં ઉત્તમ.

**सिद्ध**—કૃતકૃત્ય થયેલા અથવા યોગસિદ્ધ મહાપુરુષ.

ઔપપાતિક સૂત્ર, રાજપ્રશ્નીય સૂત્ર, કલ્પસૂત્ર વગેરેમાં નમોત્થુણં સૂત્રનો પાઠ આવે છે, તેમાં જિનદેવ માટે નીચેનાં વિશેષણો વપરાયેલાં છેઃ—

**अर्हत्***—

* જેનો અર્થ એકવાર આવી ગયો છે, તેની સામે ફરી અર્થ લખેલો નથી.

भगवान्—સમગ્ર ઐશ્વર્ય, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્નથી યુક્ત.

आदिकर—શ્રુતધર્મ કે દ્વાદશાંગીની આદિ કરનારા.

तीर्थङ्कर—

स्वयंसम्बुद्ध—પોતાની મેળે બોધ પામેલા. નવ લોકાંતિક દેવો આવીને 'भयवं तित्थं पवत्तेह—હે ભગવન્! તીર્થ પ્રવર્તાવો' એવા શબ્દો બોલે છે, તે વૈતાલિક વચનરૂપ છે, પણ ઉપદેશરૂપ નથી. જિન ભગવંત પોતે જ સંસારને અસાર સમજી તેનો ત્યાગ કરે છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ તીર્થનું પ્રવર્તન કરે છે.

पुरुषोत्तम—પુરુષોમાં ઉત્તમ.

पुरुषसिंह—પુરુષોમાં સિંહ સમાન.

पुरुषवरपुण्डरीक—પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન.

पुरुषवरगन्धहस्ती—પુરુષોમાં શ્રેષ્ઠ ગન્ધહસ્તી સમાન.

लोकोत्तम—લોકમાં ઉત્તમ.

लोकनाथ—લોકના નાથ.

लोकहित—લોકોનું હિત કરનાર.

लोकप्रदीप—લોકમાં મહાન પ્રદીપ સમાન.

लोकप्रद्योतकर—લોકમાં પ્રદ્યોત કરનાર. જેમાં ઘણો ઉદ્યોત એટલે પ્રકાશ હોય તેને પ્રદ્યોત કહેવાય.

**अभयद्**—સર્વ જીવોને અભય દેનારા.

**चक्षुद्**—શ્રદ્ધા કે જ્ઞાનરૂપી ચક્ષુ દેનારા.

**मार्गद्**—માર્ગ દેનારા, આત્મકલ્યાણનો માર્ગ બતાવનારા.

**शरणद्**—શરણ દેનારા.

**बोधिद्**—બોધિ દેનારા. બોધિ એટલે સમ્યક્ત્વ અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રયી.

**धर्मद्**—ધર્મ દેનારા.

**धर्मदेशक**—ધર્મનો ઉપદેશ દેનારા.

**धर्मनायक**—ધર્મના સ્વામી.

**धर्मसारथि**—ધર્મરૂપી રથને ચલાવનારા.

**धर्मवरचतुरन्तचक्रवर्ती**—ધર્મરૂપી ચતુરંત ચક્રને ધારણ કરનારા, ધર્મના ક્ષેત્રમાં ચક્રવર્તી.

**अप्रतिहत-वर-ज्ञान-दर्शनधर**—અપ્રતિહત એવા શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનને ધારણ કરનારા. અપ્રતિહત એટલે અસ્ખલિત.

**व्यावृत्तछद्म**—છદ્મરહિત, આવરણરહિત.

**जिन**—

**जापक**—બીજાને રાગાદિ દોષોથી જિતાવનારા.

**तीर्ण**—સંસારસમુદ્ર તરી ગયેલા.

**तारक**—બીજાઓને સંસારસમુદ્ર તરાવનારા.

**बुद्ध**—બોધ પામેલા.

**बोधक**—બીજાઓને બોધ પમાડનારા.

**मुक्त**—કર્મબંધનમાંથી છૂટકારો પામેલા.

**मोचक**—બીજાઓને કર્મબંધનમાંથી છોડાવનારા.

**सर्वज्ञ**—લોકાલોકવ્યાપી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જાણનારા.

**सर्वदर्शी**—લોકાલોક વ્યાપી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયને જોનારા.

**सिद्धिगतिस्थानसंप्राप्त**—સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા.

**जितभय**—સર્વ ભયોને જિતનારા.

પ્રણિધાનસૂત્રની પ્રસિદ્ધિ પામેલા ‘જય વીયરાય’ સૂત્રમાં નીચેનાં ચાર વિશેષણો આવે છે:—

**वीतराग**—જેમનો રાગ સર્વાંશે ચાલ્યો ગયો છે એવા. જેમનો રાગ સર્વાંશે ચાલ્યો જાય, તેનો દ્વેષ પણ સર્વાંશે ચાલ્યો જાય છે, એટલે વીતરાગનો અર્થ રાગ અને દ્વેષરહિત સમજવાનો છે.

**जगद्गुरु**—જગતના ગુરુ.

**भगवान्**—

**नाथ**—યોગ-ક્ષેમ કરનારા.

‘કલ્લાણકંદં’ સ્તુતિમાં નીચેનાં બે વિશેષણો આવે છે:—

**जिनेन्द्र**--જિનોમાં ઈન્દ્રસમાન, જિનોમાં શ્રેષ્ઠ.

**मुनीन्द्र**--મુનિવરોમાં ઈન્દ્રસમાન, મુનિઓમાં શ્રેષ્ઠ.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં કેટલાંક સ્તુતિવાચક પદો ઉપરાંત નીચેનું વિશેષણ આવે છેઃ–

**जिनचन्द्र**--જિનોમાં ચંદ્ર સમાન, જિનોમાં શ્રેષ્ઠ.

સિદ્ધાણંબુદ્ધાણં સૂત્રમાં देव-देव-महियं વિશેષણ વડે देवाधिदेव'નું સૂચન છે.

**देवाधिदेव**—દેવોના પણ દેવ.

'જગચિંતામણિ' ચૈત્યવંદનમાં નીચેનાં વિશેષણો આવે છેઃ--

**जगच्चिन्तामणि**--જગત્‌માં ચિંતામણિ રત્નસમાન.

**जगन्नाथ**--જગત્‌ના નાથ.

**जगद्‌गुरु**--જગતના ગુરુ.

**जगद्‌रक्षक**--જગતનું રક્ષણ કરનારા.

**जगद्‌बन्धु**--જગત્‌ના બંધુ.

**जगत्सार्थवाह**--જગતના સાર્થવાહ, જગત્‌ના લોકોને ઈષ્ટ સ્થળે પહોંચાડનારા.

**जगद्‌भावविचक्षण**--જગત્‌ના સર્વ ભાવો જાણવામાં નિપુણ.

**अष्टापद-संस्थापित-रूप**--જેમની પ્રતિમાઓ અષ્ટાપદ પર્વત પર સ્થાપન થયેલી છે એવા.

**कर्माष्टक-विनाशन**--આઠ કર્મોનો નાશ કરનારા. જિન ભગવંતે પ્રથમ ચાર ઘાતીકર્મનો નાશ કરેલો હોય છે અને બાકીનાં ચાર કર્મોનો નાશ નિર્વાણપ્રાપ્તિ પહેલાં કરે છે.

**जिनवर**--

મહર્ષિ નંદિષેણકૃત અજિત-શાન્તિ-સ્તવમાં ઉપર જણાવેલાં કેટલાક વિશેષણો ઉપરાંત નીચેનાં વિશેષણો આવે છે:--

**जिनोत्तम**--જિનોમાં ઉત્તમ.

**महामुनि**--મુનિઓમાં મહાન.

**दमोत्तम**--ઇન્દ્રિયોનું દમન કરવામાં ઉત્તમ.

**नरवृषम**--નરોમાં શ્રેષ્ઠ.

**मुनिवृषम**--મુનિઓમાં શ્રેષ્ઠ.

**अमितबल**--જેમનું બલ અમિત છે, અપરિમિત છે એવા.

**विपुलकुल**--જેમનું કુલ વિપુલ-ઉત્તમ છે એવા.

**भवभयमूरण**--ભવના ભયોનો નાશ કરનારા.

**महातपस्**--મહાન તપ કરનારા.

બૃહચ્છાન્તિપાઠમાં ઉપર જણાવેલાં કેટલાંક વિશેષણો ઉપરાંત નીચેનાં વિશેષણો આવે છે:--

**त्रिभुवनगुरु**--ત્રણેય ભુવનના ગુરુ.

**तीर्थंकृत्**--તીર્થને કરનારા, તીર્થને સ્થાપનારા.

**त्रिलोकनाथ**--ત્રણ લોકના નાથ.

**त्रिलोकमहित**--ત્રણ લોકથી પૂજાયેલા.

**त्रिलोकपूज्य**--ત્રણ લોકને પૂજવા યોગ્ય.

**त्रिलोकेश्वर**--ત્રણ લોકના ઈશ્વર.

**त्रिलोकोद्योतकर**--ત્રણ લોકનો ઉદ્યોત કરનારા.

**शान्त**--શાંત, કષાયથી રહિત.

**शान्तिकर**--સહુને શાંતિ પમાડનારા.

**श्रीमान्**--જ્ઞાનાદિક લક્ષ્મીવાળા.

**जिनेश्वर**--જિનોમાં શ્રેષ્ઠ.

શ્રી માનતુંગસૂરિએ મહાપ્રભાવક ભક્તામરસ્તોત્રની ચોવીશમી તથા પચીશમી ગાથામાં નીચેનાં વિશેષણો આપ્યાં છે:--

**अव्यय**--ચયાપચયને નહિ પામનારા, સર્વકાલ એક સ્વભાવે રહેનારા.

**विभु**--પરમ ઐશ્વર્યથી શોભિત.

**अचिन्त्य**--મહામુનિઓ વડે પણ ચિંતવન કરવાને અશક્ય.

**असंख्य**--જેમના ગુણોની સંખ્યા ન થઈ શકે એવા.

**आद्य**--પંચપરમેષ્ઠીમાં પ્રથમ અથવા સામાન્ય કેવલીઓમાં મુખ્ય.

ब्रह्मा--અનંત આનંદથી વધતા. બ્રહ્મ, કેવલજ્ઞાન, અથવા નિર્વાણને પામેલા.

ईश्वर--સકલ સુરાસુરનર નાયકનું શાસન કરવામાં સમર્થ.

अनन्त--અનંતચતુષ્ટયની સમૃદ્ધિને ધારણ કરનારા. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર તથા અનંત-વીર્યને અનંતચતુષ્ટય કહેવામાં આવે છે.

अनंगकेतु--વૈક્રિયાદિ અંગોના ચિહ્નથી રહિત. અથવા અનંગ એટલે કામનો નાશ કરનારા.

योगीश्वर--યોગીઓમાં શ્રેષ્ઠ.

विदितयोग--યોગને સારી રીતે જાણનારા.

अनेक--ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેક અથવા ઋષભાદિ વ્યક્તિના ભેદથી અનેક.

एक--અદ્વિતીય, ઉત્તમોત્તમ અથવા જીવદ્રવ્યની અપેક્ષાએ એક.

ज्ञानस्वरूप--જ્ઞાનમય.

अमल--સર્વ મલથી રહિત, અઢાર દૂષણ વિનાના.

बुद्ध--કેવળજ્ઞાન વડે બોધ કરનારા.

शङ्कर--ત્રણે લોકને સુખ કરનારા.

धीर--ધૈર્યયુક્ત, સ્થિર ચિત્તવાળા.

धाता--મોક્ષમાર્ગના સર્જનહાર.

भगवान्—

पुरुषोत्तम—પુરુષોમાં ઉત્તમ.

શ્રી હેમચન્દ્રાચાર્યે અભિધાનચિન્તામણિકોશના દેવાધિદેવ-કાંડમાં નીચેનાં નામો-વિશેષણો જણાવ્યાં છેઃ—

अर्हत्—

जिन—

पारगत—સંસારનો પાર પામેલા.

त्रिकालवित्—ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય-કાલને જાણનારા.

क्षीणाष्टकर्म—જેમનાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો ક્ષીણ થઈ ગયાં છે એવા.

परमेष्ठी—પરમપદને વિષે રહેલા.

अधीश्वर—જેનું શાસન ત્રણેય લોક પર વર્તે છે એવા.

शम्भु—શાશ્વત સુખને વિષે થનારા.

स्वयंभू—પરોપદેશથી નહિ, પરંતુ પોતાની મેળે તથા ભવ્યત્વાદિ સામગ્રીના પરિપાકથી થનારા.

जगत्प्रभु—ત્રણેય જગતમાં પ્રભુત્વને પ્રાપ્ત કરનારા.

तीर्थंकर—

तीर्थंकर—

जिनेश्वर—

स्याद्वादी—સ્યાદ્વાદ કે અનેકાન્તવાદની પ્રરૂપણા કરનારા.

अभयद—

सार्व—સર્વ પ્રાણીઓના હિતકારી.

सर्वज्ञ—

सर्वदर्शी—

केवली—

देवाधिदेव—

बोधिद—

पुरुषोत्तम—

वीतराग—

आप्त—હિતોપદેશને આપનારા.

શ્રી આનંદઘનજી મહારાજે શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં જિનદેવનાં કેટલાંક વિશેષણોનો સુંદર સંગ્રહ કર્યો છે, તે આ પ્રમાણે :

## શ્રી સુપાર્શ્વનાથજિન-સ્તવન

[ રાગ-સારંગ તથા મલ્હાર-દેશી લલનાની ]

શ્રી સુપાસજિન વંદિયે, સુખ સંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસજલનિધિ, ભવસાગરમાં સેતુ લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૧

સપ્ત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ-સેવ લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૨

શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના;
શ્રી સુપાસજિન વંદિયે. ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ લલના;
અભયદાનદાતા સદા, પૂરણ આતમરામ લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૪

વીતરાગ—મદ-કલ્પના-રતિ-અરતિ-ભય-સોગ લલના;
નિદ્રા-તંદ્રા-દુર્દશા રહિત અબાધિત યોગ લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૫

પરમપુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના;
પરમપદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર લલના;
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર લલના.
શ્રી સુપાસજિન વંદિયે. ૮

**सुखसंपत्तिकारक**—સુખસંપત્તિને આપનારા.

**शान्तसुधारसजलनिधि**—શાંતિરૂપી અમૃતના સાગર.

भवसागरसेतु—ભવસાગરમાં પૂલ સમાન.

जितभय--

जिनवर—

शिव--કલ્યાણસ્વરૂપ.

शङ्कर--

जगदीश्वर--જગતના ઈશ્વર.

चिदानंद--ચૈતન્ય અને આનંદસ્વરૂપ.

भगवान्--

जिन--

अरिहा--

तीर्थंकर--

ज्योतिस्वरूप--જ્યોતિસ્વરૂપ.

असमान--અજોડ.

अलख--અગોચર, જેમનું પૂરું સ્વરૂપ સમજી ન શકાય એવા.

निरञ्जन-- દોષથી રહિત.

जगद्वत्सल--જગત્‌ના લોકો માટે વાત્સલ્યભાવ ધારણ કરનારા.

सकलजन्तुविश्राम--જગતના સર્વ પ્રાણીઓનો વિસામો.

अभयदानदाता––અભયદાનના દેનારા.

पूर्ण––ગુણ અને જ્ઞાનમાં પૂરા.

आत्माराम––આત્મમાં જ સદા રમનારા.

वीतराग––

अबाधितदोष––જેમનો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ યોગ કોઈથી બાધા પામ્યો નથી એવા.

परमपुरुष––શ્રેષ્ઠ પુરુષ.

परमात्मा––પરમશુદ્ધિને પામેલો આત્મા.

परमेश्वर––પરમ ઐશ્વર્યવાળા.

प्रधान––સર્વ દેવોમાં શ્રેષ્ઠ.

परमपदार्थ––આ જગતની શ્રેષ્ઠ વસ્તુ.

परमेष्ठी––

परमदेव––શ્રેષ્ઠ કોટિના દેવ.

परमान––જેમનું દેહમાન શ્રેષ્ઠ છે એવા.

विधि––વિધાતા.

विरंचि––બ્રહ્મા.

विश्वम्भर––સમસ્ત વિશ્વને મૈત્રીભાવથી ભરી દેનારા.

हृषीकेश––ઇન્દ્રિયોના સ્વામી, પરમાત્મા.

जगन्नाथ––

अघहर––પાપનો નાશ કરનારા.

अघमोचन—પાપમાંથી છોડાવનાર.

धणी—નાથ.

मुक्तिपदसाथी—મુક્તિરૂપ પરમપદના સાથી.

आनंदघन—આનંદના સમૂહરૂપ.

સ્તુતિ-સ્તવનો વગેરેમાં તેમને નીચેનાં વિશેષણો અપાયેલાં જોવાય છેઃ—

जिनेश—જિનોમાં શ્રેષ્ઠ.

जिनपति—જિનોના સ્વામી, જિનોમાં શ્રેષ્ઠ.

जिनभानु—જિનરૂપી સૂર્ય.

अन्तर्यामी—અંતરની સર્વ વાતો જાણનારા.

दयानिधि—દયાના સમુદ્ર.

करुणासागर—કરુણાના સાગર.

महादेव—સહુથી મોટા દેવ.

सदाशिव—સદા કલ્યાણરૂપ.

जगतारक—જગને તારનારા.

भवभयभंजन—ભવનો ભય ભાંગનારા.

भवभयत्राता—ભવના ભયથી ઉગારનારા.

भवदुःखनिकंदन—ભવરૂપી દુઃખનું નિકંદન કરનારા.

त्रिलोकतिलक—ત્રણે લોકના તિલક સમાન.

त्रिभुवनतारक—ત્રણ ભુવનના લોકોને તારનારા.

**पतितपावन**--પતિતોને પવિત્ર કરનારા.

**तरणतारण**--ઉદ્ધારનારા.

**दीनदयाल**--દીન-હીન સર્વ પ્રત્યે દયાળુ.

**करुणासिंधु**--કરુણાના સિંધુ (સાગર).

**दयासिंधु**--દયાના સિંધુ (સાગર).

**शिवसुखदाता**--શિવસુખને આપનારા.

**जगहितकारी**--જગતનું હિત કરનારા.

**स्वामी**--ધણી, માલિક.

**नीरागी**--રાગરહિત.

**भवोदधितारक**--ભયરૂપી સમુદ્રમાંથી તારનારા.

**दुःखनिवारक**--દુઃખનું નિવારણ કરનારા.

**मोहमदगंजन**--મોહરૂપી હાથીનો મદ ઉતારનારા.

**अविनाशी**--જેમનો કદી નાશ ન થાય એવા. સિદ્ધસ્વરૂપે તેઓ સદા રહેનારા હોય છે.

# ઉપાસના-ખંડ

પ્રકરણ પાંચમું

## ઉપાસના સંબંધી કેટલીક વિચારણા

પ્રકરણ છટ્ઠું

## જિનોપાસનાનું મહત્ત્વ

પ્રકરણ સાતમું

## તાત્ત્વિક ભૂમિકા

પ્રકરણ આઠમું

## નામ-સ્મરણ

પ્રકરણ નવમું

## નમસ્કાર

પ્રકરણ દશમું

## મૂર્તિનું આલંબન

પ્રકરણ અગિયારમું

## મંદિર અંગે કિંચિત

પ્રકરણ બારમું

## દર્શન-વિધિ

પ્રકરણ તેરમું

## પૂજનની આવશ્યકતા

[ પાછળ જુઓ.

પ્રકરણ ચૌદમું

## સાત પ્રકારની શુદ્ધિ

પ્રકરણ પંદરમું

## અંગપૂજા

પ્રકરણ સોળમું

## અગ્રપૂજા

પ્રકરણ સત્તરમું

## ભાવપૂજા

પ્રકરણ અઢારમું

## સ્નાત્રપૂજા

પ્રકરણ ઓગણીસમું

## રથયાત્રાદિ

પ્રકરણ વીશમું

## તીર્થયાત્રા

પ્રકરણ એકવીશમું

## અર્હં મંત્રનો જપ

પ્રકરણ બાવીશમું

## ધ્યાન

★

## પ્રકરણ પાંચમું

# ઉપાસના સંબંધી કેટલીક વિચારણા

### ૧—સમજણ અને પુરુષાર્થ

જૈન ધર્મનો એ પ્રસિદ્ધ સિદ્ધાન્ત છે કે બાલ્યવય વગેરે સંજોગોને અંગે ભલે એમને એમ ધર્મક્રિયા થતી હોય, પરંતુ યોગ્ય વય વગેરે અનુકૂલ સંજોગો થાય ત્યારે પ્રથમ ક્રિયાનું સ્વરૂપ બરાબર સમજી લેવું અને પછી તેમાં પ્રવૃત્ત થઈ યોગ્ય પુરુષાર્થ કરવો, જેથી તે ક્રિયાનું ફળ બરાબર મળી શકે. ઉપાસના પણ એક જાતની ક્રિયા હોવાથી તેનું સ્વરૂપ આપણે બરાબર સમજી લેવું જોઈએ અને તેમાં પ્રવૃત્ત થઈ યોગ્ય પુરુષાર્થ કરવો જોઈએ. જો ઉપાસનાનું સ્વરૂપ બરાબર સમજીએ નહિ, તો તેમાં અનેક પ્રકારની ભૂલો થવા સંભવ છે અને તેથી લાભ થવાની જે ધારણા રાખી હોય, તે ફળતી નથી. તે જ રીતે ઉપાસનાનું સ્વરૂપ સમજ્યા પછી તેમાં પ્રવૃત્ત ન થઈએ કે તે અંગે જેવો અને જેટલો પુરુષાર્થ કરવો જોઈએ, તેવો ને તેટલો પુરુષાર્થ ન કરીએ, તો પણ ધારણા મુજબનું ફળ મળી શકતું નથી.

પુરુષાર્થનો મહિમા ખૂબ ખૂબ ગવાયો છે અને ખાસ

કરીને ધર્માચરણના વિષયમાં તો તેની જ બોલબોલા માનવામાં આવી છે, એટલે ધાર્મિક વિષયમાં પ્રગતિ કરવા ઈચ્છનારે પુરુષાર્થનો આશ્રય લેવો જોઈએ.

પરમ પુરુષાર્થી ભગવાન મહાવીરે જીવ-માત્રના કલ્યાણ માટે પુરુષાર્થની જે પંચસૂત્રી આપી છે, તે ઉપાસનાના વિષયમાં ઘણી જ માર્ગદર્શક છે.

ભગવાને પુરુષાર્થની પંચસૂત્રીમાં પ્રથમ સૂત્ર ઉત્થાનનું આપ્યું. ઉત્થાન એટલે ઉઠીને ઊભા થવું. જો પ્રમાદનો પરિહાર કરીને આળસને ખંખેરી નાખીએ તો જ ઊઠીને ઊભા થઈ શકાય. પ્રમાદ એ પિશાચ છે, આપણી ખાના-ખરાબી કરનાર મહાન શત્રુ છે, એમ જાણવા છતાં આપણે તેનો પરિહાર કરતા નથી, એ કેટલું શોચનીય છે? આળસ, એદીપણું, સુસ્તી એ પ્રમાદનાં બીજાં નામો છે. તે અંગે એક ગુજરાતી કવિએ કહ્યું છે કે—

આળસ ભૂંડી ભૂતડી,
વ્યંતરનો વળગાડ;
પેસે જેના પંડમાં,
બહુ જ કરે બગાડ.

આમ છતાં આપણી આળસ ઉડતી નથી, આપણું એદીપણું જતું નથી, આપણી સુસ્તીનો અંત આવતો નથી, તેથી જ અહીં ઉત્થાનનો આદેશ છે.

ભગવાને પુરુષાર્થની પંચસૂત્રીમાં બીજું સૂત્ર કર્મ

કે ક્રિયાનું આપ્યું. મનુષ્યે ઉઠીને ઊભા થયા પછી ક્રિયાશીલ બનવું જોઈએ, કામે લાગવું જોઈએ. આપણે ઉઠીને ઊભા થઈએ, પણ કામે ન લાગીએ તો પરિણામ શું આવે ?

ભગવાને પુરુષાર્થની પંચસૂત્રીમાં ત્રીજું સૂત્ર બળનું આપ્યું. બળ એટલે શારીરિક બળ. કામે લાગ્યા પછી તેમાં આપણું શારીરિક બળ બરાબર રેડવું જોઈએ; તો જ તેમાં ગતિ આવે છે અને પ્રગતિ થાય છે. જેઓ ઊભા થઈને કામે લાગવા છતાં પોતાના હાથ–પગને જોઈએ તેટલા પ્રમાણમાં હલાવતા નથી, તેમનાં કામમાં ગતિ શી રીતે આવે ? અને પ્રગતિ શી રીતે થાય ? પચાશ માઈલનો પંથ કાપવો હોય તો રોજ થોડા માઈલ ચાલવું જોઈએ; પણ દશ ડગલાં ભરીને જ બેસી જઈએ, તો એ પંથ ક્યારે કપાય ?

કેટલાક કહે છે ‘ અમારામાં બળ નથી, શું કરીએ ? ’ પણ એ એક જાતનો ભ્રમ છે. આપણામાં અમુક બળ તો છે જ, પણ તેને આપણે વ્યવસ્થિત રીતે પ્રકટ કરતા નથી.

એક વાર અમારે એક ગામમાં એક આચાર્યના સ્વર્ગારોહણ દિનની ઉજવણીમાં જવાનું હતું, પરંતુ સ્ટેશને પહોંચતાં પાંચ મીનીટ મોડા પડ્યા અને ગાડી ઉપડી ગઈ. એ વખતે સવારના સાત વાગ્યા હતા. બીજી ગાડી છેક સાંજે જતી હતી અને તેમાં જઈએ તો ઉજવણીમાં ભાગ લઈ શકાય તેમ ન હતું, કારણ કે ઉજવણી બપોરની

હતી. અમારે જે સ્થાને જવાનું હતું, તે ત્યાંથી સોળ માઈલ દૂર હતું. એ વખતે મોટર–ખટારા ચાલતા ન હતા કે ત્યાં પહોંચવાની બીજી સગવડ ન હતી, એટલે વધારે કંઈ પણ વિચાર કર્યા વિના અમે રેલ્વેના પાટે પાટે ચાલવા માંડયું અને સાડા ચાર કે પાંચ કલાકમાં સોળ માઈલનો પંથ કાપી સમયસર સભાસ્થાને હાજર થઈ ગયા. જો સ્વીકૃત કાર્યમાં શારીરિક બળ રેડયું તો એ સિદ્ધ થઈ શકયું. ત્યાં જો એમ વિચાર કર્યો હોત કે હવે શું કરીએ? બનવાનું બની ગયું! આટલે દૂર આપણાથી શી રીતે ચલાય? તો એ કાર્ય થઈ શકયું ન હોત અને અમે આપેલાં વચનનો ભંગ થયો હોત કે જે અમે ઇચ્છતા ન હતા. અમારા આ પરિશ્રમની ત્યાંના લોકો પર ઘણી જ છાપ પડી અને પરિણામ અતિ સુંદર આવ્યું.

ભગવાને પુરુષાર્થની પંચસૂત્રીમાં ચોથું સ્થાન વીર્યને આપ્યું. વીર્ય એટલે આંતરિક ઉલ્લાસ. જો ઉઠીને ઊભા થઈએ, કામે લાગીએ અને હાથ પગ હલાવીએ, પરંતુ અંતરમાં કોઈ જાતનો ઉલ્લાસ ન હોય તો એ કામ વેઠ જેવું બની જાય છે અને આખરે છૂટી જાય છે, તેથી સ્વીકૃત કાર્યમાં અંતરનો ઉલ્લાસ હોવો અત્યંત જરૂરી છે.

ભગવાને પુરુષાર્થની પંચસૂત્રીમાં પાંચમું અને છેલ્લું સૂત્ર પરાક્રમનું આપ્યું. પરાક્રમ એટલે વિઘ્નો કે વિપત્તિ સામે વીરતાથી લડવું અને તેમાં પાર ઉતરવું. આ જગતમાં એવી કઈ પ્રવૃત્તિ છે કે જેમાં કોઈ પણ પ્રકારનું

વિઘ્ન કે કોઈ પણ પ્રકારની વિપત્તિ આવે જ નહિ ? વળી અનુભવી તો એમ કહે છે કે 'સારા કામમાં સો વિઘન (વિઘ્ન)'–**श्रेयांसि बहू विघ्नानि–भवन्ति महतामपि**' એટલે આવા સમયે ધૈર્ય રાખીને–ચિત્તની સ્વસ્થતા કેળવીને તેને પાર કરવાનો પુરુષાર્થ કરવો, એ જ શ્રેયસ્કર છે. જેઓ આ સૂત્રને અનુસર્યા, તે વિજયી બન્યા, યશસ્વી બન્યા. જેમણે આ સૂત્રને છોડયું, તેમનાં કિનારે આવેલાં બારે ય વહાણ બૂડી ગયાં અને શોક–સંતાપનો પાર રહ્યો નહિ.

## ૨—વિધિ અને વિશ્વાસ

ઉપાસનાની સિદ્ધિ માટે વિધિ અને વિશ્વાસ પણ તેટલાં જ મહત્ત્વનાં છે. અન્ય શબ્દોમાં કહીએ તો પુરુષાર્થ ગમે તેવો પ્રચંડ હોય, પણ તે વિધિસરનો ન હોય કે વિશ્વાસથી રહિત હોય તો તે ધારી સફળતા મેળવી શકતો નથી. એક મનુષ્ય કારખાનું ઊભું કરે, પણ તેમાં સંચા ગમે તે રીતે ગોઠવે અથવા તેને મનસ્વી રીતે ચલાવે તો એ કારખાનામાં સફળતા મળે ખરી ? અરે ! નાનામાં નાનું કામ પણ વિધિ વિના સિદ્ધ થતું નથી, તો મોટાં કામોની તો વાત જ શી ? રોટલી બરાબર વણતાં ન આવડે તો કાચી રહે છે અને દાળનો વઘાર કરતાં ન આવડે તો તેનો સ્વાદ બગડી જાય છે, એટલે જે ક્રિયાને માટે જે વિધિ નિયત થયેલો હોય, તેને અનુસરવું જ જોઈએ.

અહીં, શાસ્ત્રને અનુસરીને ગુરુએ ઉપાસનાની જે

રીતિ કે પદ્ધતિ બતાવી હોય, તેને વિધિ સમજવાનો છે. તે અનુસાર ઉપાસના કરવાથી તેમાં આગળ વધી શકાય છે અને છેવટે સિદ્ધિ મેળવી શકાય છે. આનો અર્થ એમ પણ સમજવાનો કે જેમને શાસ્ત્રમાં શ્રદ્ધા નથી કે ગુરુ પ્રત્યે આદર નથી, તેમને ઉપાસનાનો સાચો વિધિ મળતો નથી અને તેથી તેઓ ઉપાસનામાં પ્રગતિ કરી શકતા નથી. પોતાની મનમાની રીતે ઉપાસના કરનાર આ ભવમાં તો શું, અનેક ભવમાં પણ સિદ્ધિનો સ્વામી થઈ શકતો નથી, એ વસ્તુ અનુભવી પુરુષોએ સ્પષ્ટ શબ્દોમાં કહી છે, એટલે વિધિ માટે પૂરો ઉપયોગ રાખવાની જરૂર છે.

શાસ્ત્ર અને ગુરુના વચનમાં અનન્ય શ્રદ્ધા રાખવી, તેને વિશ્વાસ કહેવામાં આવે છે. જો વિશ્વાસ હોય તો જ ઉપાસનારૂપી રથ આગળ ચાલે છે અને ગંતવ્યસ્થાન સુધી પહોંચે છે. એ વિશ્વાસ કોઈ પણ ભૂમિકાએ તૂટ્યો કે ઉપાસનાની ગતિ મંદ પડી જાય છે અને તે સંભવત: થોડા જ વખતમાં થંભી જાય છે. વિશ્વાસને તોડનાર શંકા–કુશંકા છે, ફળની વિચિકિત્સા છે, એટલે ઉપાસકોએ તેનાથી દૂર રહેવું ઘટે છે.

અહીં અમે એ વસ્તુ ભારપૂર્વક કહેવા ઇચ્છીએ છીએ કે સમજણ હોય, પુરુષાર્થ હોય અને વિધિનું અનુસરણ પણ હોય, પરંતુ વિશ્વાસમાં ખામી હોય કે વિશ્વાસ ડગમગતો હોય તો ઉપાસનામાં સિદ્ધિ મળી શકતી નથી, માટે તેને દૃઢતાથી ધારણ કરવો જોઈએ.

### ૩–ઉપાસના કોને કહેવાય ?

'ઉપાસના કોને કહેવાય ?' એ પ્રશ્નની વિચારણા કરીએ. સામાન્ય રીતે આ પ્રશ્નના ઉત્તરમાં 'સેવા, ભક્તિ કે આરાધના કરવી, એ ઉપાસના' એવી રજૂઆત થાય છે, પણ સેવા કરતાં ભક્તિ શબ્દ વિશેષ અર્થગૌરવવાળો છે, ભક્તિ કરતાં આરાધના શબ્દ વિશેષ અર્થગૌરવવાળો છે અને આરાધના કરતાં ઉપાસના શબ્દ વિશેષ અર્થ-ગૌરવવાળો છે. તાત્પર્ય કે આ શબ્દો ઉત્તરોત્તર ઊંચી ભૂમિકાને દર્શાવનારા છે.

સેવા વારંવાર થાય ત્યારે તે ભક્તિનું રૂપ ધારણ કરે છે; ભક્તિમાં વિવિધ ઉપચારોની ભવ્યતા આવે ત્યારે તે આરાધનાનું રૂપ ધારણ કરે છે; અને આરાધનામાં એકાગ્રતાનું પ્રમાણ સારી રીતે વધે, ત્યારે તે ઉપાસનાનું રૂપ ધારણ કરે છે; એટલે ઉપાસ્યદેવની વિવિધ ઉપચારો દ્વારા એકાગ્રતામય સતત સેવા કરવી, એને ઉપાસના કહેવાય.

વ્યાકરણની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ ઉપાસના શબ્દ આપણને ગૂઢ સંકેત ભણી ખેંચી જાય છે. उप ઉપસર્ગ સામીપ્યનો અર્થ દર્શાવે છે અને आस् ધાતુ બેસ-વાનો, રહેવાનો કે સ્થિર થવાનો અર્થ દર્શાવે છે. એટલે ઉપાસ્ય દેવની સમીપે જવું, ઉપાસ્ય દેવની સાન્નિધ્યમાં રહેવું કે ઉપાસ્ય દેવના ચિંતનમાં સ્થિર થવું, એ ઉપા-સના નામની ક્રિયા છે, ઉપાસના છે.

પ્રથમ તો ઉપાસક અને ઉપાસ્યદેવ વચ્ચે આકાશ–

પાતાળ જેટલું અંતર હોય છે, તેથી ઉપાસકને એમ જ લાગે છે કે આ અંતર શી રીતે ભાંગશે ? પરંતુ તે ઉપાસનાનો આશ્રય લે છે કે એ અંતર ભાંગવા માંડે છે અને તે ઝડપથી ઉપાસ્ય દેવની સમીપે જતો જાય છે. એમ કરતાં એવો સમય આવી જાય છે કે જ્યારે ઉપાસ્ય દેવ અને તેની વચ્ચે કંઈ અંતર રહેતું નથી; અર્થાત્ તે ઉપાસ્ય દેવના સ્વરૂપમાં મગ્ન બની જાય છે, ઉપાસ્ય દેવમાં ભળી એકરૂપ થઈ જાય છે.

ઉપાસ્ય દેવનું અભેદ ચિંતન એ ઉપાસનાનો પરમાર્થ છે.*

---

*શિવગીતામાં કહ્યું છે કે–

उपसङ्क्रम्य बुद्ध्या, यदासनं देवतात्मना ।
तदुपासनामन्तः स्यात्तद्बहिः सम्पदादयः ॥

'બુદ્ધિ વડે એકતા સાધીને ઉપાસ્ય દેવની સાથે તદ્રૂપ થવું એ ઉપાસના છે. તે આંતરિક અને બાહ્ય એમ બે પ્રકારની છે, તેમાં સંપદ્ વગેરે ઉપાસનાના ચાર ભેદો છે.'

વૈદિક કાળની પ્રતીક ઉપાસનામાં સંપદ્, આરોપ, અધ્યાસ અને સંવર્ગ એવા ચાર પ્રકારો હતા. છાંદોગ્ય ઉપનિષદ્‌માં તેનું વર્ણન આવે છે. અલ્પગુણવાળી વસ્તુમાં અનંત ગુણની ભાવના કરીને ઉપાસના કરવી તેને સંપદ્ ઉપાસના કહેવાય છે. 'मनो ब्रह्मेत्युपासीत–મનને બ્રહ્મ જાણીને ઉપાસના કરવી' એ આ પ્રકારની ઉપાસના છે.

### ૪–ઉપાસનાની ત્રણ કક્ષાઓ

હાલના વિદ્યાભ્યાસમાં જેમ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ એવી ત્રણ કક્ષાઓ પ્રવર્તે છે, તેમ ઉપાસનામાં પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવી ત્રણ કક્ષાઓ પ્રવર્તે છે. તેમાં જે ઉપાસના ઉપાસ્ય દેવના વંદન–દર્શનાદિ પૂરતી જ મર્યાદિત હોય તે જઘન્ય કહેવાય છે, કારણ કે તેમાં ઉપાસકનો ઉપાસના સંબંધી પુરુષાર્થ અતિ અલ્પ હોય છે. જે ઉપાસનામાં ઉપાસ્ય દેવના વંદન-દર્શન ઉપરાંત વિવિધ પ્રકારની પૂજા-ભાવના અને મહોત્સવાદિ ક્રિયાઓ સામેલ હોય છે, તે મધ્યમ કહેવાય છે, કારણ કે તેમાં ઉપાસકનો ઉપાસના સંબંધી પુરુષાર્થ ઠીક ઠીક આગળ વધેલો હોય છે. અને જે ઉપાસનામાં વંદન, દર્શન, પૂજા, ભાવના અને મહોત્સવાદિ ઉપરાંત નામસ્મરણ, મંત્રજપ, શરણાગતિ અને ધ્યાન પણ સામેલ હોય છે, તે ઉત્કૃષ્ટ કહેવાય છે, કારણ કે તેમાં ઉપાસકનો ઉપાસના સંબંધી પુરુષાર્થ ઘણી ઊંચી કોટિએ પહોંચેલો હોય છે.

અહીં એટલું યાદ રાખવું ઘટે કે જઘન્યમાંથી મધ્યમમાં અને મધ્યમમાંથી ઉત્કૃષ્ટમાં જવાય છે, એટલે જઘન્ય કે મધ્યમ ઉપાસનાનું મહત્ત્વ ઓછું આંકવું નહિ. પ્રથમ એકડો–બગડો ઘૂંટનાર જ આગળ જતાં સરવાળા-બાદબાકી આદિ ગણી શકે છે અને છેવટે ગણિતના અતિ અઘરા દાખલા ગણવા શક્તિમાન થાય છે.

### ૫–ઉપાસનાના ભિન્ન ભિન્ન પ્રકારો

ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી ઉપાસનાના ભિન્ન ભિન્ન

પ્રકારો પડે છે, તે ઉપાસનાનું સ્વરૂપ સમજવામાં ઉપયોગી છે.

જૈન શાસ્ત્રો દરેક ક્રિયાના દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારો પાડે છે, તેમ તેમણે ઉપાસનાના પણ દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારો પાડ્યા છે. તેમાં જે ઉપાસનાનો સંબંધ મુખ્યત્વે બાહ્ય વસ્તુઓ સાથે હોય, તેને તેમણે દ્રવ્યની સંજ્ઞા આપી છે અને જે ઉપાસનાનો સંબંધ મુખ્યત્વે આંતરિક ભાવના સાથે હોય, તેને તેમણે ભાવની સંજ્ઞા આપી છે.

આ બંને ઉપાસનાઓને પોતપોતાનું મહત્ત્વ છે. દ્રવ્ય–ઉપાસના યોગ્ય આત્માને માટે ભાવ–ઉપાસનનાની ભૂમિકા તયાર કરે છે અને ભાવ–ઉપાસના અંતરની શુદ્ધિ કરી કર્મોનો શીઘ્ર નાશ કરે છે; એટલે એ બંનેનો આશ્રય લેવા યોગ્ય છે.

ઉપાસનાના કાયિક, વાચિક અને માનસિક એવા ત્રણ પ્રકારો પણ પ્રચલિત છે, તેમાં વંદન–પૂજનાદિ ઉપચારો કરવા એ કાયિક ઉપાસના છે; સુંદર શબ્દોમાં સ્તુતિ-સ્તવના કરવી એ વાચિક ઉપાસના છે; અને ઉપાસ્ય દેવ પ્રત્યે પરમ શ્રદ્ધા તથા આદરની લાગણી રાખી તેમના જપ તથા ધ્યાનાદિમાં પ્રવૃત્ત થવું, એ માનસિક ઉપાસના છે. પ્રસિદ્ધ લોગસ્સ સૂત્રમાં कित्तिअ–वंदिय–महिया પદ વડે આ ત્રણ પ્રકારની ઉપાસનાનો નિર્દેશ કરવામાં આવ્યો

છે. તેમાં कित्तिअ પદ વડે કીર્તના એટલે વાચિક ઉપાસનાનું સૂચન છે, वंदिअ પદ વડે વંદના એટલે કાયિક ઉપાસનાનું સૂચન છે અને મહિયા પદ વડે પૂજન એટલે માનસિક પૂજ્યભાવનું સૂચન છે. કેટલાક અહીં પુષ્પાદિ પૂજનનો અર્થ ઘટાવે છે, પણ આ સૂત્ર સાધુ—સાધ્વી વગેરેને પણ બોલવાનું હોય છે અને તેમને આ પ્રકારની દ્રવ્યપૂજા હોતી નથી, એટલે શ્રીહરિભદ્રસૂરિકૃત અષ્ટકમાં ભાવ-પુષ્પના જે પ્રકારો બતાવ્યા છે, તે લેવા વધુ ઉચિત લાગે છે. અથવા ગૃહસ્થવર્ગ માટે દ્રવ્યપુષ્પ તથા ભાવપુષ્પ બન્ને અને સાધુ માટે એકલા ભાવપુષ્પ એમ અર્થ કરવાથી બધું સંગત બને છે.

હેતુ પરત્વે પણ ઉપાસનાના ત્રણ પ્રકારો પડે છે: (૧) તામસી, (૨) રાજસી અને (૩) સાત્ત્વિકી. તેમાં જે ઉપાસના શત્રુઓને સંહારવા, વૈરીઓનું નિકંદન કાઢવા કે માની લીધેલા પ્રતિસ્પર્ધીઓને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવા માટે થાય છે, તે તમોગુણથી યુક્ત હોઈ તામસી કહેવાય છે. આવી ઉપાસના કરવા માટે ઘણા ભાગે કોઈ તામસી દેવનું શરણ લેવામાં આવે છે કે જેમની પ્રતિમા ભયંકર શસ્ત્રાસ્ત્રોથી દૈત્યોનો નાશ કરનારી તથા અતિ ઉગ્ર સ્વરૂપ ધારણ કરનારી હોય છે.

જે ઉપાસના કોઈ દુઃખ, આપત્તિ, મુશ્કેલી, મુંઝવણ કે રોગનું નિવારણ કરવા અથવા યથેષ્ઠ ધન, સંપત્તિ કે અધિકારની પ્રાપ્તિ કરવા માટે થાય છે, તે રજોગુણથી

યુક્ત હોઈ રાજસી કહેવાય છે. તેમાં ઘણે ભાગે કોઈ રાજસી દેવનું જ શરણ લેવાય છે કે જેમની પ્રતિમા સ્ત્રીસાથે ઊભેલી કે બેઠેલી, વરમાળા વગેરે આભૂષણોથી શણગારેલી, શસ્ત્રાસ્ત્રોથી યુક્ત તથા અભય અને વર દેતા હાથવાળી હોય છે.

જે ઉપાસના પાપનો નાશ કરવા માટે અર્થાત્ આત્મશુદ્ધિ કે આત્મકલ્યાણ માટે કરવામાં આવે છે, તે સત્ત્વગુણની વૃદ્ધિ કરનારી હોઈ સાત્ત્વિકી કહેવાય છે. તેમાં ઘણા ભાગે કોઈ સાત્ત્વિક દેવનું જ શરણ લેવામાં આવે છે કે જેમની પ્રતિમા યોગમુદ્રાવાળી સ્વસ્થ અને ઇન્દ્રાદિ દેવો વડે સ્તવાતી હોય છે.

નારદ વગેરે ભક્તિમાર્ગના પુરસ્કર્તાઓએ ભક્તિના ગૌણી અને પરા એવા બે વિભાગો માનીને ગૌણી ભક્તિના સાત્ત્વિકી, રાજસી અને તામસી એવા ત્રણ પ્રકારો માન્યા છે અને તે અનુક્રમે આર્ત એટલે સંસારના દુઃખોથી તપેલા, જિજ્ઞાસુ એટલે જ્ઞાનની ઇચ્છાથી પ્રેરાયેલા અને અર્થાર્થી એટલે પોતાની મતલબને સાધનારાઓને હોય છે, એમ જણાવ્યું છે.

### ૬—ઉપાસના અંગે જૈન દૃષ્ટિ

જૈન દૃષ્ટિએ તામસી અને રાજસી ઉપાસના કરવા યોગ્ય નથી, કારણ કે તે કર્મનો વિશેષ બંધ કરનારી છે અને તેથી ઉપાસકનું ભવભ્રમણ વધી જાય છે.

બાકી રહી સાત્ત્વિકી ઉપાસના. તેને જૈન ધર્મે સ્વીકારેલી છે, કારણ કે તે સકલ કર્મનો નાશ કરી ઉપાસકના ભવભ્રમણનો અંત લાવનારી છે.

પ્રશ્ન——જો ઉપાસના અંગે જૈન દૃષ્ટિ આવી જ હોય તો કેટલાક જૈનો અમુક કાર્યસિદ્ધિ-નિમિત્તે કેસરિયાજીને ભારોભાર કેસર ચડાવવા વગેરેની માન્યતાઓ કેમ રાખે છે?

ઉત્તર——જૈન સમાજમાં આવી સ્થિતિ કેટલાક અંશે જોવામાં આવે છે, પણ તે ધાર્મિક સિદ્ધાંતોના અજ્ઞાનનું પરિણામ છે. જૈન ધર્મ તો ઉદ્‌ઘોષણા કરીને કહે છે કે——

(૧) જેઓ રાગ, દ્વેષ, અજ્ઞાન, મોહ વગેરે દોષ-વાળા લૌકિક દેવોને માને-પૂજે, તેને લૌકિકદેવગત મિથ્યાત્વ લાગે.

(૨) જેઓ પ્રાણાતિપાત આદિ અઢાર પાપસ્થાનકને સેવનાર, મહાવ્રતથી રહિત ગુરુને માને-પૂજે, તેને લૌકિક-ગુરુગતમિથ્યાત્વ લાગે.

(૩) જેઓ પૌદ્‌ગલિક સુખની અપેક્ષાએ પ્રવર્તેલા હોળી, બળેવ, શીતળાસાતમ વગેરે લૌકિક પર્વોને માને, તેને લૌકિકપર્વગતમિથ્યાત્વ લાગે.

(૪) જેઓ સર્વદોષ રહિત અરિહંત ભગવંતને આલોક કે પરલોકનાં પૌદ્‌ગલિક સુખની ઇચ્છાએ માને-પૂજે, તેમજ તેમની યાત્રા વગેરેના નિયમો રાખે, તેને લોકોત્તરદેવગતમિથ્યાત્વ લાગે.

(૫) જેઓ શુદ્ધ મહાવ્રતધારી ચારિત્રવાળા મુનિરાજને આ લોક કે પરલોકના સુખની ઈચ્છાએ વંદે–પૂજે, તેને લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ લાગે.

(૬) જેઓ જિનકલ્યાણક, ઓળી તથા આઠમ-ચૌદશ વગેરે પર્વના દિવસે આ લોક કે પરલોકના સુખને અર્થે અઠ્ઠમ, આયંબિલ, એકાશનાદિ તપ કરે, તેને લોકોત્તર પર્વગતમિથ્યાત્વ લાગે.

પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે જે અતિચારો બોલાય છે, તેમાં મિથ્યાત્વની આવી કોઈ પણ કરણી પોતાના વડે થઈ ગઈ હોય, તો તેનું મિથ્યાદુષ્કૃત લેવામાં આવે છે, તે પરથી તેનો સ્પષ્ટ નિષેધ સમજી શકાય એમ છે.

પ્રશ્ન—જૈન સમાજમાં આજે શાસનદેવો તથા શાસનદેવીઓની ઉપાસના ચાલી રહી છે, તે કયા પ્રકારમાં આવે ?

ઉત્તર—શાસનદેવ કે શાસનદેવીની ઉપાસના જો ધર્મરક્ષા કે શાસનના કોઈ એવા જ કામ માટે થતી હોય તો એ સાત્ત્વિકીમાં આવે અને સાંસારિક લાભો માટે કે શત્રુઓનું નિકંદન કાઢવા વગેરે માટે થતી હોય તો અનુક્રમે રાજસી અને તામસીમાં આવે. તાત્પર્ય કે આ બાબતમાં પૂરતો વિવેક રાખવાની જરૂર છે. જૈન ધર્મમાં જિનોપાસના એ મુખ્ય વસ્તુ છે અને શાસનદેવ વગેરેની ઉપાસના એ ગૌણ વસ્તુ છે, તે ભૂલવાનું નથી.

સંસારમાં રહેલા આત્માને કેટલીક બાહ્ય ઈચ્છાઓ તો રહેવાની જ, એ ઈચ્છાઓ ધર્મ આરાધનાથી પૂર્ણ થાય એ સ્વભાવિક છે, એટલે એ રીતે જીવ ધર્મ કરવા વિશેષ તત્પર બને, એમાં વિશેષ બાધ જેવું નથી, પણ કેવળ બાહ્ય ઈચ્છાઓને આગળ કરીને ધર્મનો આશ્રય લે તેને અંગે લૌકિક–લોકોત્તર વગેરે મિથ્યાત્વ છે. એથી ઉપર જણાવેલી હકીકતો વિવેકપૂર્વક વિચારવા સૂચન છે. એનો કોઈ અનુચિત ભાવ તારવવાનો નથી. શુદ્ધ આત્મકલ્યાણ અર્થે ઉપાસનાના માર્ગમાં આગળ વધવું એ આ સર્વનો હેતુ છે.



# પ્રકરણ છઠ્ઠું

## જિનોપાસનાનું મહત્ત્વ

### ૧-જૈનકુળમાં જન્મ્યાની સાર્થકતા

આપણે આર્યદેશ અને જૈનકુળમાં જન્મ્યા, એ સદ્‌ભાગ્યનું નિશાન છે; પણ તેની ખરી સાર્થકતા તો ત્યારે જ કહેવાય કે જ્યારે આપણે શ્રી જિન ભગવંતને દેવાધિદેવ માની તેમના પ્રત્યે પરમ શ્રદ્ધાવાન્–પરમ આદરવાન થઈએ અને તેમની ઉપાસના કરવામાં અનેરો આનંદ માનીએ.

### ૨-જૈન ધર્મમાં ઉપાસનાને સ્થાન છે ખરું ?

કેટલાક એમ કહે છે કે 'જૈન ધર્મ તો આત્મશુદ્ધિનો ધર્મ છે અને તે અહિંસા, સંયમ તથા તપનું આરાધન કરવાથી પાળી શકાય છે, એટલે તેમાં ઉપાસના જેવા વિષયોને સ્થાન નથી.'

પણ આ માન્યતા ભૂલભરેલી છે. અનાદિ કાલથી વાસનાઓમાં સપડાયેલો જીવ એકાએક અહિંસા, સંયમ તથા તપનું આરાધન કરી શકતો નથી; તે માટે વાસનાઓનું બળ ઘટવાની જરૂર છે અને તે કાર્ય શ્રી જિન ભગવંતની અનન્ય મને ઉપાસના કરવાથી જેટલા અંશે સિદ્ધ થાય છે, તેટલા અંશે અન્ય કોઈ ઉપાયથી સિદ્ધ થતું

નથી. વળી અહિંસા, સંયમ અને તપનું ઉત્કૃષ્ટ આરાધન કરવા માટે સામે કોઈ આદર્શ જોઈએ, તે જિનોપાસના વડે થતાં શ્રી જિન ભગવંતના સતત સ્મરણથી પૂરો પડે છે. જો ઉપાસનાને એક પ્રકારની તાંત્રિક ક્રિયા માની આમ કહેવામાં આવ્યું હોય તો એ માન્યતા બરાબર નથી, કારણકે જિનોપાસના એ શુદ્ધ ધાર્મિક ક્રિયા છે અને તેની હિમાયત ગૃહસ્થ તથા સાધુ બંનેને માટે કરવામાં આવી છે.

**૩–શું જિનોપાસના વૈદિક ધર્મનું અનુકરણ છે ?**

કેટલાક કહે છે કે 'જૈન ધર્મમાં ઉપાસનાનું તત્ત્વ ન હતું. એ તો વૈદિક ધર્મના અનુકરણરૂપે પાછળથી દાખલ થયું.' પરંતુ આ કથન નિરાધાર છે, અથવા તો ફલદ્રુપ ભેજાનો એક તુક્કો માત્ર છે. જૈન ધર્મનું પ્રવર્તન સમયે સમયે શ્રી જિન ભગવંત મારફત થાય છે. તેઓ આવું ધર્મ-પ્રવર્તન કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી કરે છે. એ જ વખતે સુર, અસુર તથા મનુષ્યો વડે તેમની ભક્તિ–અર્ચના–ઉપાસના શરૂ થઈ જાય છે અને તેઓ અર્હત્‌ની પદવી પ્રાપ્ત કરે છે. અત્યાર સુધીમાં કોઈ પણ જિન એવા થયા નથી કે જેમની આ રીતે ભક્તિ–અર્ચના–ઉપાસના થઈ ન હોય. જો એમ બન્યું હોય તો તેમને અર્હત્‌ કહેવાય જ શી રીતે ?

મહર્ષિ નંદિષેણે અજિત–શાન્તિ–સ્તવમાં આ પ્રસંગનું વર્ણન કર્યું છે, તે ઘણું જ હૃદયંગમ છે અને લક્ષમાં રાખવા જેવું છે. તેઓ કહે છે :

विणओणय-सिर-रइअंजलि-रिसिगण-संथुअं थिमियं,
विबुहाहिव-धणवइ-नरवइ-थुय-महियच्चियं बहुसो ।
अइरुग्गय-सरय-दिवायर-समहिय-सप्पभं तवसा,
गयणंगण-वियरण-समुइय-चारण-वंदियं सिरसा ॥१९॥
—किसलयमाला ॥

असुर-गरुल-परिवंदियं, किन्नरोरग-नमंसियं ।
देव-कोडि-सय-संथुयं, समण-संघ-परिवंदियं ॥२०॥
—सुमुहं ॥

'જિનેશ્વર ભગવંતને કેવલજ્ઞાન થયું છે અને તેઓ તીર્થનું પ્રવર્તન કરી રહ્યા છે, એ સમાચારો ફેલાતાં જ ઋષિઓનો સમૂહ ત્યાં આવે છે અને વિનયાવનત થઈને નિશ્ચલતાપૂર્વક અંજલિબદ્ધ પ્રણામ કરે છે. પછી ઇંદ્રો, કુબેરાદિ દેવો અને નરેન્દ્રો વગેરે આવે છે તથા તેમની સ્તુતિ, પૂજા અને અર્ચા કરીને કૃતકૃત્યતા અનુભવે છે. આ વખતે પ્રભુ અલૌકિક તેજ વડે તત્કાલ ઉદય પામેલા સૂર્યથી પણ ઘણા વધારે કાંતિવાળા દેખાય છે. પછી ગગનાંગણમાં વિચરતાં વિચરતાં એકત્ર થઈ ગયેલા ચારણ-મુનિઓનો સમુદાય આવે છે અને તેઓ મસ્તક નમાવીને વંદના કરે છે.

પછી અસુરકુમારો આવે છે, સુપર્ણકુમારો આવે છે, કિન્નરો અને નાગકુમારો આવે છે તથા બીજા પણ અનેક પ્રકારના ભવનપતિદેવો આવે છે અને શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરી પરમ આહ્લાદ અનુભવે છે. પછી દેવો આવે છે કે જેમની સંખ્યા ગણી શકાય તેવી હોતી નથી, એટલે

શત–કોટિ કહીને સંતોષ માનવો પડે છે; અને છેલ્લે આવે છે શ્રમણસંઘ, તે વિધિપૂર્વક વંદન કરીને તેમનો પરમગુરુ તરીકે સ્વીકાર કરે છે અને પોતાનાં સમસ્ત જીવન તેમનાં ચરણે ધરે છે.'

અહીં એ પણ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે ધર્મ-પ્રવર્તન સમયે શ્રી જિન ભગવંતનો ખાસ ઉપાસક વર્ગ તૈયાર થાય છે, એટલે જ તેઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. વળી પ્રાચીનકાળથી થતો **पज्जुवासामि**–શબ્દનો પ્રયોગ પણ ઉપાસનાનું તત્ત્વ જૈન ધર્મમાં પ્રાચીનકાળથી હતું, એ સિદ્ધ કરે છે.

## ૪–વીતરાગની ઉપાસના શા માટે કરવી ?

કેટલાક કહે છે કે 'જિન ભગવંત તો વીતરાગ અવસ્થાને પામેલા છે, તે ઉપાસના કરનાર પર પ્રસન્ન થતા નથી કે ન ઉપાસના કરનાર પ્રત્યે રોષ ધારણ કરતા નથી, તો તેમની ઉપાસના શા માટે કરવી ? એના કરતાં તો અન્ય કોઈ દેવ–દેવીઓની ઉપાસના કરીએ, તો તે તુષ્યમાન થાય અને મનગમતું વરદાન આપે.'

પરંતુ આ વચનો અજ્ઞાનમૂલક છે. શ્રી જિન ભગવંત વીતરાગ અવસ્થાને પામેલા છે, એ વાત સાચી છે; અને તેઓ ઉપાસના કરનાર પર પસન્ન થતા નથી કે ન ઉપાસના કરનાર પ્રત્યે રોષ ધારણ કરતા નથી એ વાત પણ સાચી છે; પરંતુ તેમની ઉપાસના નિરર્થક નથી. તે મહાન લાભનું કારણ છે, તેથી જ ગણધરાદિક સંયમી મહાપુરુષોએ

તેમજ આત્મકલ્યાણના અભિલાષી દરેક શ્રાવકે તેનું અવલંબન લીધેલું છે.

## ૫–જિન ભગવંતની ઉપાસનાથી થતા લાભો

વીતરાગ એવા જિન ભગવંતની ભક્તિ, આરાધના કે ઉપાસના કરવાથી કેવા લાભો થાય છે? તેનો નિર્દેશ નિર્ગ્રંથ–પ્રવચનની, નીચેની ગાથામાં થયેલો છે:

**भत्तीइ जिणवराणं, परमाए खीण–पिज्ज–दोसाणं ।**
**आरुग्ग–बोहिलाभं, समाहिमरणं च पावेंति ॥**

'રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમ ભક્તિ કરવાથી આરોગ્ય, બોધિલાભ અને સમાધિ–મરણની પ્રાપ્તિ થાય છે.' ×

આ લાભો જેવા તેવા નથી. થોડા વિવેચનથી તેની ખાતરી થશે.

આરોગ્ય એ સુખી જીવનનો પાયો છે. જો જીવન રોગથી ઘેરાયેલું હોય તો મનુષ્યને કોઈ પણ વાતે સુખ ઉપજતું નથી, કોઈ પણ બાબતમાં આનંદ આવતો નથી; વળી રોગી મનુષ્ય કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે ધર્મ પ્રત્યેની ફરજ બજાવી શકતો નથી, તેમજ સંયમસાધક ક્રિયા–અનુષ્ઠાનો આદિમાં ઉત્સાહભેર પ્રવૃત્ત થઈ શકતો નથી. તે મોટા ભાગે પોતાનો સમય દુઃખમાં જ વ્યતીત કરે છે,

× આ ગાથાનું અવતરણ આવશ્યક–ટીકામાં થયેલું છે. જુઓ આવશ્યક–નિર્યુક્તિની ગાથા ૧૦૯૮ પરનું વિવેચન.

એટલે આરોગ્ય વિનાનું જીવન નકામું છે, નિરર્થક છે, એમ કહીએ તો અત્યુક્તિ નથી. આ દૃષ્ટિએ આરોગ્યનું મૂલ્યાંકન કરીએ તો જ જિનોપાસનાથી થતા આરોગ્યલાભનું મહત્ત્વ સમજી શકાય.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'જિનેશ્વરોની પરમ ભક્તિ કરવાથી આરોગ્યનો લાભ શી રીતે થાય ?' તો એનો ઉત્તર એ છે કે જિનેશ્વરની પરમ ભક્તિ કરનારો આત્મા સારા પ્રમાણમાં સંયમી બને છે, તેથી તેના શરીરમાં રોગને દાખલ થવાનો અવકાશ રહેતો નથી. કદાચ કર્મસંયોગે તેના શરીરમાં રોગનાં બીજ વવાયાં હોય, તો તે ચિત્તશુદ્ધિના કારણે નાશ પામે છે. ચિત્તમાં શુદ્ધિ અને શાંતિનું પ્રમાણ જેટલું વધારે, તેટલું આરોગ્યનું પ્રમાણ વધારે, એ એક માન્ય સિદ્ધાંત છે અને તે આજના મનોવિજ્ઞાનના નિષ્ણાતોએ પણ કબૂલ રાખેલો છે.

અમે અમારી નજરે એવા કિસ્સાઓ જોયા છે કે જેમાં અનેક પ્રકારના ઉપચારો કરવા છતાં રોગ-નિવારણ થયું ન હોય અને જિનોપાસનાનો આશ્રય લેતાં રોગનો એકાએક અંત આવી ગયો હોય.

બોધિલાભ એટલે સમ્યક્ત્વઆદિ ધર્મની સ્પર્શના. તેનાથી આત્માનો શ્રદ્ધાગુણ નિર્મળ થાય છે અને દેવ, ગુરુ તથા ધર્મ અંગે સમ્યગ્ દૃષ્ટિ આવે છે. મોક્ષમાર્ગનાં ત્રણ સાધનો પૈકી આ પહેલું અને અતિ આવશ્યક સાધન છે,

એટલે આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના અટ્ઠાવીશમા અધ્યયનમાં કહ્યું છે કે–

नादंसणिस्स नाणं, नाणेण विना न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥

'સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ વિના સમ્યગ્જ્ઞાન હોતું નથી; સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ચારિત્રના ગુણો હોતા નથી; સમ્યક્ચારિત્રના ગુણો વિના કર્મોમાંથી છૂટકારો થતો નથી; અને કર્મોમાંથી છૂટકારો થયા વિના નિર્વાણની પ્રાપ્તિ થતી નથી.' તાત્પર્ય કે સમ્યગ્દર્શન એ મુક્તિ, મોક્ષ કે નિર્વાણ માટેનું પહેલું સાધન છે, મંગલ પ્રસ્થાન છે.

વળી જૈન શાસ્ત્રોમાં એમ પણ કહ્યું છે કે–

दानानि शीलानि तपांसि पूजा,
सत्तीर्थयात्रा प्रवरा दया च ।
सुश्रावकत्वं व्रतपालनं च,
सम्यक्त्वमूलानि महाफलानि ॥

'વિવિધ પ્રકારનાં દાનો, વિવિધ પ્રકારનાં શીલો, વિવિધ પ્રકારનાં તપો, મહાન તીર્થોની યાત્રા, ઉત્તમ દયા, સુશ્રાવકપણું અને વ્રતપાલન સમ્યક્ત્વપૂર્વક હોય તો જ મહાફલને આપનારાં થાય છે.

સમ્યક્ત્વને વિશેષ મહત્ત્વ આપવાનું એક કારણ એ પણ છે કે જે આત્માને એક વાર સમ્યક્ત્વની સ્પર્શના

થઈ હોય, તે વધારેમાં વધારે અર્ધપુદ્ગલ-પરાવર્તન*જેટલા સમયની અંદર અવશ્ય મોક્ષ પામે છે. આ આશ્વાસન જેવું તેવું નથી. આમ તો અર્ધપુદ્ગલ-પરાવર્તન સમય ઘણો મોટો છે, અનંત કાલચક્રોથી બને છે, પણ અનંત પુદ્ગલ-પરાવર્તનની સરખામણીમાં તે ઘણો મોટો નથી. આટલા વખતમાં પણ મોક્ષની ખાતરી મળતી હોય તો આનંદ પામવો જોઇએ. એકલા જ્ઞાન કે એકલા ચારિત્ર માટે આવી કોઇ ખાતરી અપાયેલી નથી.

અહીં અમને શ્રી ભદ્રબાહુસ્વામીકૃત ઉસગ્ગહરં, સ્તોત્રની નિમ્ન ગાથા યાદ આવે છે:

तुह सम्मत्ते लद्धे, चिंतामणि–कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥

'હે ભગવન્! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યકત્વ પ્રાપ્ત થતાં જીવો સરલતાથી અજરામરસ્થાનને અર્થાત્ મોક્ષને પામે છે.'

આ વિવેચનનો સાર એ છે કે જિનોપાસનાથી જે બોધિલાભ થાય છે, તે ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષની પ્રાપ્તિ કરતાં કેઈ ગુણો અધિક મૂલ્યવાન છે અને તેથી આ જગતના કોઈ પણ પાર્થિવ પદાર્થ સાથે તેની તુલના થઈ શકે એમ નથી.

*આ સમયનું માપ સમજવા માટે જુઓ શ્રી વીર-વચનામૃત પૃ. ૯-૧૦-૧૧.

સમાધિમરણ એટલે શાંતિપૂર્વકનું મૃત્યુ. બીજા શબ્દોમાં કહીએ તો આત્મસ્વરૂપના ચિંતનમાં અથવા અરિહંત પ્રભુના સ્મરણમાં આયુષ્યની પૂર્ણાહૂતિ. શાંતિપૂર્વકનું મૃત્યુ, કોઈ પણ પ્રકારની હાયવોય વિનાનું અવસાન, તે આ જગતમાં કેટલા પુરુષો પામે છે? તે વિચારી જુઓ. માણસોને ધન–દોલત મળે છે, વિપુલ સંપત્તિ મળે છે, અધિકાર કે હોદ્દો પ્રાપ્ત થાય છે અને પ્રેમાળ પત્ની તથા આજ્ઞાંકિત પુત્ર–પુત્રીઓનો પરિવાર પણ પ્રાપ્ત થાય છે, પરંતુ સમાધિ–મરણ પ્રાપ્ત થતું નથી. જ્યાં મૃત્યુનો પડછાયો પડ્યો કે ચિત્તમાં અનેક જાતની વિમાસણ થાય છે અને મુખમાંથી નીસાસા નીકળવા લાગે છે. કેટલાક તો મૃત્યુની છાયાથી એટલા ગભરાઈ જાય છે કે આંખોમાંથી આંસુ સારવા લાગે છે અને કાળો કલ્પાંત કરી મૂકે છે. જો એ વખતે રોગનું આક્રમણ ચાલુ હોય તો તેને મટાડવા માટે અનેક પ્રકારના ઉપચારો કામે લગાડવામાં આવે છે; પરંતુ તે કારગત ન થતાં મનુષ્યો દીન–હીન બની જાય છે. તાત્પર્ય કે સમાધિ–મરણ એ જીવનની અણમોલ ભેટ છે અને તે અનન્ય મને જિનોપાસના કરનારને પ્રાપ્ત થાય છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આ રીતે સમાધિ–મરણ પ્રાપ્ત કરનાર આત્માની સદ્ગતિ થાય છે અને તેને ભવાંતરમાં ભવતારક સામગ્રી સહેલાઈથી મળી જાય છે.

અહીં અમે એટલું ઉમેરીશું કે અનન્ય ચિત્તે જિનોપાસના કરનારના વિષય–કષાય ઓછા થાય છે, ચિત્તની

સ્થિરતા અને પ્રસન્નતા વધે છે તથા મહાન પુણ્ય ઉપાર્જન થતાં આ જગતની અનેક પ્રકારની ઋદ્ધિ–સિદ્ધિઓ આવી મળે છે. વળી આ ઉપાસના અત્યંત વિશુદ્ધ ભાવે થાય તો અનાદિ કાલથી આત્માને લાગેલી કર્મની જંજિરો તોડી નાખે છે અને મુક્તિ, મોક્ષ કે નિર્વાણ-પદની પ્રાપ્તિ થાય છે. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે 'भत्तीइ जिणवराणं, खिज्जंती पुव्वसंचिया कम्मा–જિનેશ્વરોની ભક્તિ વડે પૂર્વના અનેક ભવોમાં સંચિત કરેલાં કર્મો નાશ પામે છે.'

**૬–અન્ય દેવ–દેવીઓની ઉપાસના કરવાનીજરૂર નથી.**

હાથીનાં પગલામાં બધાં પગલાં સમાઈ જાય, તેમ આ લાભોમાં બધા લાભો સમાઈ જાય છે, તેથી જિનોપાસના કરનાર મનુષ્યને અન્ય કોઈ દેવ–દેવીની ઉપાસના કરવાની જરૂર રહેતી નથી.

અહીં પ્રસંગવશાત્ એ પણ કહી દઈએ કે અન્ય દેવ–દેવીઓની ઉપાસનામાં અનેક પ્રકારનાં જોખમો રહેલાં છે અને કેટલીક વાર તો પ્રાણ પણ સંશયમાં આવી પડે છે, એટલે તેનાથી દૂર રહીને સંપૂર્ણ સાત્ત્વિક એવા શ્રી જિન ભગવંતની ઉપાસના કરવી જ શ્રેષ્ઠ છે.

**૭–જિનોપાસનાથી જ જિન બની શકાય છે.**

રાગાદિ દોષોને જિતીને જિન થયા વિના અર્થાત્ વીતરાગ–અવસ્થા પ્રાપ્ત કર્યા વિના કોઈ પણ આત્માનો

ભવનિસ્તાર × થતો નથી. આજ સુધીમાં જે આત્માઓનો ભવનિસ્તાર થયો છે, તે આ રીતે જ થયો છે અને ભવિષ્યમાં જે આત્માઓનો ભવનિસ્તાર થવાનો છે, તે પણ આ રીતે જ થવાનો છે; એટલે મુમુક્ષુઓ સામે મુખ્ય પ્રશ્ન એ છે કે ' જિન શી રીતે બની શકાય ? વીતરાગ અવસ્થા શી રીતે પ્રાપ્ત કરી શકાય ?'

તેના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ કહ્યું છે કે--

**'इलिका भ्रमरीध्यानात्, भ्रमरित्वं यथाऽश्नुते ।**
**तथा ध्यायन् परमात्मानं, परमात्मत्वमाप्नुयात् ॥'**

' ઇયળના મનમાં એમ હોય છે કે હું ભમરી થઈ જાઉં તો સારું. આ વિચાર તેના મનમાં સતત રહ્યા કરે છે, એટલે તે ઇયળમાંથી ભમરી બની જાય છે. તેમ જે સાધક ભક્તિ, આરાધના કે ઉપાસના દ્વારા વીતરાગ પરમાત્માનું સદા ચિંતન-ધ્યાન કરે છે, તે વીતરાગ પરમાત્મા બની જાય છે.'

ભગવદ્‌ગીતાના સત્તરમા અધ્યાયમાં કહ્યું છે કે **'श्रद्धामयोऽयं पुरुषो, यो यच्छ्रद्धः स एव सः ॥'**

—આ પુરુષ શ્રદ્ધામય છે અને જેની જેવી શ્રદ્ધા હોય, તે તેવો જ હોય છે.'

બાઇબલમાં પણ એક સ્થળે કહ્યું છે કે 'As a

× ભવમાંથી છૂટકારો, મોક્ષ.

man thinketh, so he is.'–મનુષ્ય જેવા વિચારો કરે છે, તેવો જ તે બને છે. એટલે નિરંતર જિનને ભજનારો, જિનની ઉપાસનામાં મગ્ન રહેનારો આખરે જિન બને, એમાં કોઈ સંદેહ નથી.

## ૮–શ્રુતસાગરનો સાર

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે એક સ્થળે કહ્યું છે કે—

परार्थमात्ररसिकस्ततोऽनुपकृतोपकृत् ।
अगूढलक्षणो भगवान्, महानित्येष मे मतिः ॥

'પરાર્થમાત્ર રસિક અને એટલા જ માટે અનુપકૃતોપકૃત (ઉપકાર નહિ કરનાર ઉપર પણ ઉપકાર કરનારા) અગૂઢલક્ષી ભગવાન્ એ જ મહાન્ છે, એમ હું માનું છું.'

अर्हमित्यक्षरं यस्य चित्ते स्फुरति सर्वदा ।
परंब्रह्म ततः शब्दब्रह्मणः सोऽधिगच्छति ॥२॥

'अर्हम्' એ પ્રમાણેના અક્ષર જેના ચિત્તને વિષે સદા સ્ફુરાયમાન થાય છે, તે આત્મા શબ્દબ્રહ્મના ધ્યાનથી પરંબ્રહ્મને (અવશ્ય) પ્રાપ્ત કરે છે.'

परः सहस्राः शरदां, परे योगमुपासताम् ।
हन्तार्हन्तमनासेव्य, गन्तारो न परं पदम् ॥३॥

'બીજાઓ ભલે ઘણાં હજારો વર્ષો સુધી યોગની ઉપાસના કરે, કિન્તુ એ નિશ્ચિત છે કે તેઓ શ્રી અરિહંત

પરમાત્માની ઉપાસના કર્યા વિના પરમપદને (કદી પણ) પામનાર નથી.'

आत्माऽयमर्हतो ध्यानात्परमात्मत्वमश्नुते ।
रसविद्धं यथा ताम्रं, स्वर्णत्वमधिगच्छति ॥४॥

'જેમ રસથી વીંધાયેલું તાંબું સુવર્ણપણાને પામે છે, તેમ આ આત્મા શ્રી અરિહંતના ધ્યાનથી પરમાત્મ-પણાને પામે છે.'

पूज्योऽयं स्मरणीयोऽयं सेवनीयोऽयमादरात् ।
अस्यैव शासने भक्तिः, कार्या चेच्चेतनाऽस्ति वा ॥५॥

'જો તમારામાં ચેતના હોય તો પૂજવા યોગ્ય, સ્મરણ કરવા યોગ્ય અને આદરપૂર્વક સેવવા યોગ્ય આ એક શ્રી અરિહંત પરમાત્મા જ છે. એઓના શાસન (પ્રવચન) ને વિષે ભક્તિ કરવા યોગ્ય છે.'

सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानन्दसम्पदाम् ॥६॥

'શ્રુતસાગરનું અવગાહન કરવાથી આ પ્રકારનો સાર મેં પ્રાપ્ત કર્યો છે કે '**શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ–ઉપાસના એજ એક પરમાનંદ–મોક્ષની સંપદા–લક્ષ્મીનું બીજ છે.**'



## પ્રકરણ સાતમું

## તાત્ત્વિક ભૂમિકા

**૧-તત્ત્વબોધની જરૂર.**

ખેતર બરાબર ખેડાયા વિના તેમાં ધાન્ય ઊગી શકતું નથી; પાયાની પૂરણી બરાબર થયા વિના તેના પર મકાનની દિવાલો ખડી થઈ શકતી નથી; તે જ રીતે તાત્ત્વિક ભૂમિકા રચાયા વિના ક્રિયા–અનુષ્ઠાનમાં જોઈએ તેવી શુદ્ધિ કે સ્થિરતા આવી શકતી નથી.

તાત્ત્વિક ભૂમિકા ત્યારે જ રચાય છે કે જ્યારે તત્ત્વ બરાબર સમજવામાં આવે છે અને તેના પર શ્રદ્ધા જામે છે. જો તત્ત્વ બરાબર સમજાય નહિ કે સમજવા છતાં તેના પર શ્રદ્ધા–વિશ્વાસ જામે નહિ, તો તાત્ત્વિક ભૂમિકા રચાતી નથી.

તત્ત્વ એટલે મૌલિક વાત, મુખ્ય મુદ્દો કે મૂળ આશય. તે જ્યારે લક્ષમાં બરાબર આવે ત્યારે તત્ત્વ સમજાયું ગણાય. જો મૌલિક વાત બાજુએ રહી જાય, મુખ્ય મુદ્દો છૂટી જાય કે મૂળ આશય સમજવામાં આવે નહિ, તો તત્ત્વ સમજાયું ગણાય નહિ.

જો વિચારોમાં વ્યવસ્થા હોય, ઊંડાણ હોય, તેમજ અંતરમાં સત્યની અભિરુચિ હોય તો જ તત્ત્વ સુધી પહોંચી

શકાય છે અને પ્રકાશ પામી શકાય છે. અન્યથા અંધારામાં અથડાવાનું ચાલુ રહે છે અને સાચો માર્ગ હાથમાં આવતો નથી.

ખોટા કે અજાણ્યા માર્ગે જવામાં ભારે જોખમ છે અને કેટલીક વાર તો નહિ ધારેલી—નહિ કલ્પેલી યાતનાઓ સહન કરવી પડે છે. તે માટે અમારા અનુભવનો એક દાખલો અહીં ટાંકવો ઉચિત સમજીએ છીએ.

## ૨–ખોટા માર્ગની ખરાબી અંગે જાત–અનુભવનો દાખલો

લગભગ સોળ વર્ષની ઉંમરે ઊનાળાની રજાના દિવસોમાં સંધ્યાસમયે અમો સૌરાષ્ટ્રના એક સ્ટેશને ઊતર્યા. ત્યાંથી અમારે જે ગામ જવાનું હતું, તે ત્રણથી ચાર માઈલ દૂર હતું, એટલે કલાક–સવાકલાકમાં પહોંચી જવાશે એવી ધારણા હતી. 'આટલું અંતર વટાવવું એમાં શું ?' એમ માનીને અમે કોઈને રસ્તા વિષે પૂછપરછ કરી નહિ અને એકલા આગળ ધપાવ્યું. ત્યાં માઈલ કે દોઢ માઈલ ચાલ્યા પછી એક નાનકડી નદી આવી અને તેના કિનારેથી બે–ત્રણ રસ્તા ફંટાયા. 'તેમાંના કયા રસ્તે જવું ?' એ પ્રશ્ન ઊભો થયો. આગળ ઘણા વખત પહેલાં આ રસ્તેથી સ્ટેશને આવેલા, પણ તેનો સ્પષ્ટ ખ્યાલ મનમાં નહિ રહેલો. જો એટલામાં કોઈ માણસ હોત તો તેને પૂછીને રસ્તાની ખાતરી કરત, પણ આસપાસમાં કોઈ જોવામાં આવ્યું નહિ, એટલે જે એક રસ્તો અમને ઠીક લાગ્યો, તે રસ્તે ચાલવા માંડયું.

આ વખતે સંધ્યાનો છેલ્લો પ્રકાશ પણ ઝંખવાઈ ગયો હતો અને અંધારું પ્રસરી રહ્યું હતું. પાસે બેટરી કે એવું કોઈ સાધન ન હતું. વળી બીડી વગેરેની ટેવ ન હોવાથી પાસે દીવાસળીની પેટી પણ ન હતી. એવામાં બાવળની ઝાડી આવી અને તેમાં રસ્તો અદૃશ્ય થઈ ગયો. ચારે બાજુ બાવળનાં મોટાં મોટાં ઝાંખરાં પડેલાં હતાં, તે ઠેબે આવવા લાગ્યાં અને તેની તીક્ષ્ણ શૂળો પગમાં ભોંકાવા લાગી. તેમાં એક શૂળ તો ચામડાના જોડાને વીંધી પાની સોંસરી નીકળી ગઈ અને બે ત્રણ શૂળોએ પીંડીમાં પ્રવેશ કર્યો. મુખમાંથી દર્દની એક કારમી ચીસ નીકળી ગઈ, પણ ત્યાં કોઈ આ-શ્વાસન આપે એમ ન હતું. ચારે બાજુ બાવળ જ બાવળ નજરે પડતા હતા અને 'હવે શું કરવું?' એ વિચારે ભારે મુંઝવણ ઊભી કરી દીધી હતી. પરંતુ ત્યાં તો રહેવાય એવું હતું જ નહિ, એટલે આંધળુકિયાં કરીને આગળ ચલાવ્યું અને કેટલીક વારે એ ઝાડીમાંથી બહાર નીકળ્યા. ત્યારે મનને જે હાશકારો થયો, તેનું વર્ણન કરવું શક્ય નથી.

આ વખતે આકાશમાં ચંદ્રનો ઉદય થયો હતો અને થોડું થોડું અજવાળું પડવા લાગ્યું હતું. એ અજવાળાના આધારે જોયું તો થોડે દૂર કંઈક ઊંચું ઊંચું જણાયું, એટલે તે તરફ ચાલવા માંડયું. કેટલુંક ચાલ્યા પછી એ વાત સમજવામાં આવી કે આ તો રેલ્વે લાઈન છે, એટલે

મનને આશ્વાસન સાંપડ્યું કે હવે કોઈ નિશ્ચિત સ્થળે જરૂર પહોંચી શકાશે.

એ રેલ્વે લાઈનની બંને બાજુ મોટા મોટા ખાડા ખોદેલા હતા, તે સાવધાનીથી ઓળંગીને અમે રેલ્વે લાઈન પર ચડયા અને ચાલવા લાગ્યા. પગ સોરાઈ ગયા હતા અને તેમાં શૂળો ભોંકાયેલી હતી, એટલે ચાલવું ઘણું મુશ્કેલ હતું, પરંતુ કોઈક સ્થળે પહોંચી જવાનું ઝનુન એટલું જોરદાર હતું કે તેણે પગને અનેરૂં બળ આપ્યું અને તે ચાલતા રહ્યા. એ રીતે ચાર માઈલનો પ્રવાસ કરતાં રેલ્વે સ્ટેશને આવ્યા અને તેની નજીક એક મોટા તળાવના કિનારે નાનકડી ખુલ્લી એક ધર્મશાળા હતી, ત્યાં સૂઈ રહ્યા. ગામ તદ્દન અપરિચિત હતું અને મધ્યરાત્રિ થયેલી હતી, એટલે આ સિવાય બીજો કોઈ ઉપાય ન હતો.

પગમાં દર્દ ઘણું હતું, પણ શરીર અત્યંત પરિશ્રમિત થઈ ગયેલું હતું અને વાયુએ વીંઝણો કર્યો, એટલે નિદ્રા આવી ગઈ.

પૂરો પ્રકાશ થયા પછી અમે ઉઠયા, પણ પગ નીચે મૂકાય નહિ. એક પગ ઘણો જ સૂઝી ગયો હતો અને બીજામાં પણ વેદના થતી હતી. છતાં મનને અત્યંત મક્કમ કરીને ધીરે ધીરે તળાવની પાળ પરથી નીચે ઉતર્યા અને લોહીથી ખરડાયેલા બંને પગોને ધોઈને સાફ કર્યા.

ત્યારબાદ માણસોને પૂછયું તો જાણી શકાયું કે અમારે જે ગામ જવાનું હતું, તે અહીંથી ચાર માઈલ

દૂર હતું ! આટલું અંતર તો ચલાય નહિ, એટલે એક ગાડાવાળાને તે ગામ પહોંચાડવાની વિનંતિ કરી અને તેણે જે પૈસા માગ્યા, તે ચૂકવી આપ્યા.

એ ગામ પહોંચ્યા પછી પગમાંથી શૂળો કાઢવામાં આવી અને યોગ્ય ઉપચારો શરૂ થયા. દશ-બાર દિવસે ઠીક થઈ ગયું.

આ પ્રસંગને આજે બેંતાલીશ વર્ષનાં વહાણાં વહી ગયાં છે, છતાં એ અમારા મન પરથી ભુંસાયો નથી. જ્યારે એનું સ્મરણ થઈ જાય છે, ત્યારે એક જ વિચાર મનમાં ઝબકી જાય છે કે '**કદી ખોટા કે અજાણ્યા માર્ગે જવું નહિ. જે માર્ગે જવું હોય તેની અગાઉથી પૂરી માહિતી મેળવી લેવી.**' જીવનનાં સર્વ ક્ષેત્રમાં શું આ બોધપાઠ લેવા જેવો નથી ?

૩-ત્રણ તાત્ત્વિક પ્રશ્નો

તત્ત્વની વિચારણા અનેક રીતે થઈ શકે છે અને તે અનેરો આનંદ આપી શકે એમ છે, પણ વિશેષ ઊંડા ઉતરવું ન હોય તો નીચેના ત્રણ પ્રશ્નો તો અવશ્ય વિચારી લેવા જોઈએ અને તેના યોગ્ય ઉત્તરો મેળવીને જ જંપવું જોઈએ.

(૧) હું કોણ છું ?
(૨) હું ક્યાંથી આવ્યો ?
(૩) હું ક્યાં જવાનો ?

કેટલાક કહે છે કે ' અમે આ પ્રશ્નો પર વિચાર તો કરીએ છીએ, પણ તેના યોગ્ય ઉત્તરો મળતા નથી, એટલે અમારું મન મુંઝાય છે અને એક પ્રકારનો વિષાદ ઉત્પન્ન થાય છે. તેથી તે અંગે વિશેષ માથાકૂટ કરતા નથી.'

આ મહાનુભાવોને અમે એટલું કહેવા ઇચ્છીએ છીએ કે જ્યાં આપણી મતિ પહોંચતી ન હોય, ત્યાં વિશેષ મતિમાનની મતિનો ઉપયોગ કરવો જોઈએ, અર્થાત્ સદ્ગુરુ અને શાસ્ત્રનું શરણ લેવું જોઈએ. તે તમારા મનનું સુંદર સમાધાન કરશે.

**' હું કોણ છું ?'** એ પ્રશ્નના ઉત્તરમાં એમ વિચારવું ઘટે કે ' હું દેહ નથી, ઇન્દ્રિયો નથી, મન કે બુદ્ધિ પણ નથી, પરંતુ આત્મા છું, ચૈતન્ય છું, અનંત શક્તિનો ભંડાર છું. જેમ તરવાર મ્યાનમાં રહે છે, અથવા પક્ષીઓ માળામાં રહે છે, તેમ હું દેહરૂપી મ્યાન કે માળામાં રહેલો છું. મને લોકો अ, ब, क વગેરે નામથી ઓળખે છે, પણ એ બાહ્ય વ્યવહાર છે; વાસ્તવમાં મારૂં કોઈ નામ નથી. હું અમુક વખતે જન્મ્યો, અમુક વખતે મરીશ, એમ જે કહેવાય છે, તે દેહની અપેક્ષાએ કહેવાય છે, પણ ખરેખર હું જન્મતો નથી કે મરતો પણ નથી. હું અજ છું, અમર છું, અવિનાશી છું. હું જે છું, તે જ હું છું.'

**' હું ક્યાંથી આવ્યો ?'** એ પ્રશ્નના ઉત્તરમાં એમ વિચારવું ઘટે કે, અનાદિ કાળથી મારો આત્મા કર્મવશાત

સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેમાં નિગોદ એટલે સાધારણ વનસ્પતિ વગેરેના નિકૃષ્ટ ભવો અનંતી વાર કર્યા છે અને વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવવામાં કંઈ બાકી રાખ્યું નથી. એમ કરતાં અસદ્ આગ્રહ અને વિષય-કષાયના આવેશ કંઈક ઓછા થયા, અર્થાત્ શબ્દાદિ વિષયોની મૂઢતા તથા ક્રોધ, માન, માયા તથા લોભની પકડનું (વૃત્તિનું) બળ ઘટ્યું અને પુણ્યનો પૂંજ એકઠો થયો, ત્યારે હું અહીં આવ્યો, અહીં ઉત્પન્ન થયો.

સંભવ છે કે હું નરકગતિમાંથી અહીં આવ્યો હોઉં; સંભવ છે કે હું તિર્યંચગતિમાંથી અહીં આવ્યો હોઉં; સંભવ છે કે હું દેવગતિમાંથી અહીં આવ્યો. હોઉં; અને સંભવ છે કે હું મનુષ્યગતિમાં ને મનુષ્ય ગતિમાં રહ્યો હોઉં; એટલે કે મનુષ્ય તરીકે મૃત્યુ પામીને પાછો મનુષ્ય થયો હોઉં; પાંચમી ગતિ તો સિદ્ધની છે અને ત્યાં ગયેલો કોઈ આત્મા કદી પાછો ફરતો નથી, એટલે ત્યાંથી અહીં આવવાનું શકય નથી. હું કર્મબદ્ધ છું, કર્મથી ખરડાયેલો છું, કર્મથી લેપાયેલો છું, તેનું ફળ ભોગવવા માટે મારે આ ચતુર્ગતિરૂપ સંસારમાં અવિરત પરિભ્રમણ કરવું પડે છે.'

'**હું ક્યાં જઈશ?**' એ પ્રશ્નના ઉત્તરમાં એમ વિચારવું ઘટે 'કે દરેક આત્માને પોતાની કરણીનું ફળ અવશ્ય મળે છે. તેમ મને પણ મારી કરણીનું ફળ અવશ્ય મળવાનું. જો હું આ જીવનમાં અસદ્ આગ્રહ

વિષયાવેશ તથા કષાય ઓછા કરી, હિંસાદિ પાપો યથા-શકિત ઘટાડી સારાં કામો કરીશ, સત્કર્મ કરીશ, તો દેવ કે મનુષ્ય જેવી સદ્ગતિ પામીને સુખી થઈશ, અન્યથા મારા માટે તિર્યંચ કે નરક જેવી નિકૃષ્ટ ગતિ નિર્માયેલી છે અને તેમાં મારે અસહ્ય દુઃખો–યાતનાઓ ભોગવવી પડશે. અહીં મને નાનો સરખો કાંટો–કાંકરો વાગે છે, તો પણ સહન થતો નથી, તો પરભવમાં અસહ્ય દુઃખો અને યાતનાઓ કેવી રીતે સહન થશે? તાત્પર્ય કે મારે મારી ગતિ સુધારવી હોય તો મળેલા માનવભવનો પૂરેપૂરો સદુપયોગ કરી લેવો જોઈએ.'

### ૪–માનવભવની દુર્લભતા

**માનવભવ દુર્લભ છે**, એ વસ્તુ જૈન તેમજ અન્ય શાસ્ત્રકારોએ ખૂબ ભારપૂર્વક કહી છે અને ફરી ફરીને કહી છે, તે એટલા જ માટે કે આપણે તેની ક્ષણે ક્ષણનો સદુપયોગ કરી શકીએ અને મોક્ષપ્રાપ્તિ કે જે માત્ર માનવભવમાંજ સુલભ છે, તે માટે પૂરેપૂરો પુરુષાર્થ અજ-માવી શકીએ. પરંતુ માનવભવની દુર્લભતા આપણને સમજાઈ નથી અને કદાચ સમજાઈ હોય તો આપણા હૃદયના ઊંડાણમાં ઉતરી નથી.

કેટલાક એમ કહે છે કે જેમ 'જંતુઓ જન્મે છે, કીડાઓ જન્મે છે, માછલાંઓ અને દેડકાઓ જન્મે છે, પશુઓ અને પક્ષીઓ જન્મે છે, તેમ મનુષ્ય જન્મે છે; એમાં દુર્લભતા શી?' પણ આ વચનો અજ્ઞાનમૂલક છે. મનુષ્યનો ભવ જંતુ, કીડા, માછલાં, દેડકાં, પશુઓ કે

પક્ષીઓ જેટલો સરલ નથી. જ્યારે આ બધા ભવો અનંતી કે અસંખ્યાતી વાર પ્રાપ્ત થાય છે, ત્યારે માનવભવ એકાદ વાર પ્રાપ્ત થાય છે. એટલા જ માટે જગતમાં મનુષ્યોની સંખ્યા બીજા જીવો કરતાં ઘણી અલ્પ દેખાય છે. જે વસ્તુ ઘણા કાળે અને ઘણા પરિશ્રમે પ્રાપ્ત થતી હોય, તેને દુર્લભ જ ગણી શકાય.

અહીં કોઈએમ કહેતું હોય કે 'માતાપિતાએ વિષય-ભોગ કર્યો અને અમે આ જગતમાં એકાએક પટકાઈ પડ્યા, પછી માનવભવને દુર્લભ શી રીતે માનીએ ?' તો એ મહાન ભ્રમ છે. માનવજન્મ એ માત્ર ભૌતિક ક્રિયા નથી. તેનો સંબંધ ચૈતન્ય કે આત્મા સાથે પણ છે. આત્મા પોતાના કર્મ અનુસાર વિવિધ યોનિઓમાં જન્મ ધારણ કરતો કરતો મનુષ્યયોનિમાં આવ્યો અને દેહ–ઈન્દ્રિયો વગેરેનું નિર્માણ કરી સમય પરિપકવ થતાં માતાના ઉદરમાંથી બહાર નીકળ્યો. તાત્પર્ય કે તે આ જગતમાં એકાએક પટ-કાઈ પડ્યો નથી, પણ પોતાના કર્મોનું ફળ ભોગવવાને અહીં આવેલો છે, એ એક સિદ્ધ હકીકત છે. આજે પણ કેટલાક માણસો એવા મળી આવે છે કે જે પોતાના ગત ભવનું વર્ણન કરે છે અને તપાસ કરતાં તે બરાબર જણાય છે. વર્તમાનપત્રોમાં આવા કિસ્સાઓ અવારનવાર છપાતા જ રહે છે, એટલે શિક્ષિત–સમજુ વર્ગ તેનાથી છેક અજાણ્યો હોય, એમ માનવાને કારણ નથી.

જૈન શાસ્ત્રકારો કહે છે કે 'લાખો મણ ધાન્યનો

ઢગલો કર્યો હોય, તેમાં એક થાલી જેટલા સરસવના દાણા ભેળવી દેવામાં આવે અને પછી એ દાણા વીણવા માટે એક તદ્દન ઘરડી ડોસીને બેસાડવામાં આવે તો એ કેટલાં વર્ષે સરસવના દાણા ભેગા કરી શકે ? માનવભવનું પણ આવું જ છે. જો તે હાથથી ગયો તો આત્મા ભવસાગરમાં ડૂબી જવાનો અને તેને મનુષ્યત્વની પુનઃ પ્રાપ્તિ કરતાં ઘણો લાંબો કાળ નીકળી જવાનો.

શાસ્ત્રકારના આ શબ્દો આપણા કર્ણપટ વીંધીને અંતરના ઊંડાણ સુધી પહોંચ્યા છે ખરા ? જો પહોંચ્યા હોય તો તે અંગે આપણી શી તૈયારીઓ છે ? હાલ તો—

**‘ રાત ગમાઈ સોવતે, દિવસ ગમાયા ખાય;**
**હીરા જેસો મનુજભવ, કવડી બદલે જાય. ’**

**એવો ઘાટ છે.**

કોઈ એમ માનતું હોય કે આ વચનોમાં અતિશયોક્તિ છે, કારણ કે અમે રાત્રિ—દિવસ અનેક પ્રકારનાં કાર્યો કરીએ છીએ અને તેમાં કેટલાંક ધાર્મિક કાર્યો પણ હોય છે. ’ તો એ મહાશયોને અમારી એટલી જ વિનંતિ છે કે તમે ભલા થઈને ચોવીશ કલાક દરમિયાન જે જે પ્રવૃત્તિઓ કરતા હો, તેની નોંધ રાખો અને પછી જણાવો કે તેમાં એશ—આરામની, ધંધા—ધાપાની તથા ખાવા—પીવાની પ્રવૃત્તિમાં કેટલા કલાક જાય છે અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં કેટલા કલાક જાય છે ? કદાચ ચોવીશ કલાકમાં અર્ધો કલાક કે એક કલાક ધાર્મિક પ્રવૃત્તિઓમાં જતો હોય તો એ તે કાંઈ ગણનાપાત્ર છે ?

જીવનમાં ધાર્મિક પ્રવૃત્તિઓ વધે, જીવન ધર્માભિમુખ થાય તો જ મોંઘેરા માનવભવની સાર્થકતા થઈ ગણાય, એ વાત આપણા અંતરના તારેતારમાં વણાઈ જવાની જરૂર છે.

૫—મોક્ષમાર્ગ

પાંચસો પ્રકરણ–ગ્રંથોના પ્રણેતા શ્રી ઉમાસ્વાતિ મહારાજે અર્હત્ પ્રવચનના સારરૂપ શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્રના પ્રથમ અધ્યાયના પ્રથમ સૂત્રમાં કહ્યું છે કે 'सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः ।'

આ દુનિયામાં મોક્ષ નામની એક અવસ્થા જરૂર છે. જો આવી કોઈ અવસ્થા જ ન હોય તો તેનો માર્ગ બતાવવાની જરૂર શી ? મહાપુરુષોએ પોતાના વિશિષ્ટ જ્ઞાનથી આ અવસ્થા નિહાળી છે અને તેની પ્રાપ્તિ પણ કરી છે, એટલે એ એક દૃષ્ટ–અનુભૂત વસ્તુ છે. થોડી બુદ્ધિ દોડાવીએ–અક્કલ લડાવીએ, તો આપણને આ વસ્તુની ખાતરી થઈ શકે એમ છે. આ જગતમાં એક કરતાં બીજો મનુષ્ય અને બીજા કરતાં ત્રીજો મનુષ્ય સંતોષ વગેરે સદ્ગુણોને કારણે અંતરંગ દૃષ્ટિએ વધારે સુખી જણાય છે. આમ સુખનું પ્રમાણ ઉત્તરોત્તર વિસ્તરતું જાય છે, એટલે છેવટે એવી સ્થિતિ હોવી જોઈએ કે જેમાં અનંત સુખ રહેલું હોય. બસ, તેનું જ નામ મોક્ષ. અભ્યુદયનું એ શિખર છે, એનાથી વધારે સુખ અન્ય કશામાં નથી.

મોક્ષમાર્ગ એક છે, પણ તેની મજલ ત્રણ ભાગમાં

વહેંચાયેલી છે. તેમાં પહેલા ભાગને **સમ્યગ્દર્શન** કહેવામાં આવે છે, બીજા ભાગને **સમ્યગ્જ્ઞાન** કહેવામાં આવે છે અને ત્રીજા ભાગને **સમ્યક્ચારિત્ર** કહેવામાં આવે છે. આ બધા ભાગો ક્રમશઃ આત્મસાત્ થવાથી જ મોક્ષની પ્રાપ્તિ કરી શકાય છે.

કોઈ એમ માનતું હોય કે 'આ ભાગોને ક્રમશઃ આત્મસાત્ કરવાની શી જરૂર ? છેવટે તો સમ્યક્ચારિત્રથી જ મોક્ષ મળવાનો છે, માટે સમ્યક્ચારિત્રનું જ સીધું આરાધન કેમ ન કરવું ? તો એ માન્યતા વ્યાજબી નથી. જે કામ જે ક્રમે સિદ્ધ થતું હોય, તે કામમાં તે ક્રમને જ અનુસરવો પડે છે. દાખલા તરીકે કોઈ માળબંધ મકાન પર ચડવું હોય તો નીસરણી, સીડી કે દાદરનો આશ્રય લેવો પડે છે અને તેમાં જેટલાં પગથિયાં ગોઠવાયાં હોય, તેને ક્રમશઃ ચડવા જ પડે છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'નીસરણી, સીડી કે દાદર માટે આ વાત સાચી છે, પણ હવે તો લીફ્ટનો જમાનો છે અને તે આપણને જે મજલે જવું હોય તે મજલે સીધી પહોંચાડી દે છે, તો મોક્ષપ્રાપ્તિમાં એવું કેમ ન બને ? પણ આમ કહેવામાં ભૂલ થાય છે, અથવા તો સમજફેર છે. લીફ્ટમાં ઊભા રહ્યા અને સ્વીચ દાબી કે તે સડસડાટ ઉપર જવા લાગે છે, પણ તેમાં પહેલો માળ, બીજો માળ, ત્રીજો માળ, એમ બધા માળને ક્રમશઃ સ્પર્શવા–ઓળંગવા પડે છે અને તો જ લીફ્ટ

ધારેલા મજલે પહોંચી શકે છે. વચ્ચેનો કોઈપણ મજલો ઓળંગે નહિ તો તે ઉપર જઈ શકતી નથી.

કોઈ મનુષ્યને સ્નાતક થવું હોય તો તેણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ, એમ ત્રણે પ્રકારનો અભ્યાસ ક્રમશઃ કરવો પડે છે કે નહિ ? જો તે સીધો માધ્યમિક કે ઉચ્ચ અભ્યાસ કરવાની અભિલાષા રાખે તો કરી શકે છે ખરો ? તાત્પર્ય કે દરેક કાર્ય તેના ક્રમથી જ સિદ્ધ થાય છે.

૬–સમ્યગ્ દર્શનનું મહત્ત્વ

સમ્યગ્ દર્શનનું મહત્ત્વ સમજાવવા માટે જૈન શાસ્ત્રોમાં ઘણું વિવેચન થયેલું છે અને કેટલાંક સુંદર સુભાષિતો લખાયેલાં છે. પાઠકોની જાણ માટે તેમાંનાં કેટલાંક અહીં રજૂ કરીશું :

विना सम्यक्त्वरत्नेन, व्रतानि निखिलान्यपि ।
नश्यन्ति तत्क्षणादेव, ऋते नाथाद्यथा चमूः ॥
तद्विमुक्तः क्रियायोगः, प्रायः स्वल्पफलप्रदः ।
विनानुकूलवातेन, कृषिकर्म यथा भवेत् ॥

'સમ્યક્ત્વ રત્ન વિના બધાં વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તરત જ નાશ પામે છે. અનુકૂળ પવન વિના જેમ ખેતી અલ્પ ફળદાયક થાય છે, તેમ સમ્યક્ત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પ ફળવાળી થાય છે.'

જે વસ્તુ શ્રેષ્ઠ, સુંદર, દુર્લભ કે અતિ મહત્ત્વની હોય, તેને રત્નની ઉપમા આપવામાં આવે છે. આ રીતે

અહીં સમ્યકત્વને રત્નની ઉપમા અપાયેલી છે. સાથે એ પણ જણાવી દઈએ કે આ જ રીતે સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ક્રિયાને પણ રત્નની ઉપમા આપવામાં આવે છે અને એ રીતે મોક્ષમાર્ગની મજલના ત્રણ ભાગોને માટે 'રત્નત્રયી' શબ્દનો પ્રયોગ થાય છે.

વ્રત–નિયમ એ ચારિત્રનું મુખ્ય અંગ છે.

લડાઈના મેદાનમાં સેના લડે છે, તે સેનાપતિની દોરવણીના આધારે લડે છે. એવામાં સેનાપતિ માર્યો જાય કે નાશી જાય તો સેનાને દોરવણી મળતી નથી, એટલે તે ગરબડમાં પડી જાય છે અને નાશભાગ કરવા લાગે છે. તેનો શત્રુપક્ષ લાભ લે છે અને પ્રબળ હુમલો કરી નાશ કરી નાખે છે. વ્રતોની બાબતમાં પણ આવું જ છે. જ્યાં સુધી તેમને સમ્યક્‌ત્વનું બળ મળતું હોય, ત્યાં સુધી તે બરાબર ટકી રહે છે, અર્થાત્ તેમનું પાલન બરાબર થાય છે; પણ સમ્યક્‌ત્વ ગયું કે બધાં વ્રતો ઢીલાં પડી જાય છે અને આખરે છૂટી જાય છે.

## નંદન મણિયારનું દૃષ્ટાંત

આ બાબતમાં નંદન મણિયારનું દૃષ્ટાંત જાણવા યોગ્ય છે. પ્રથમ તેણે નિર્ગ્રંથ મુનિઓ પાસે સમ્યક્‌ત્વ-પૂર્વક શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં હતાં અને તેનું પાલન બરાબર કરતો હતો. પણ પાછળથી સાધર્મિકો તેમજ નિર્ગ્રંથ મુનિઓનો સહવાસ રહ્યો નહિ. બીજી બાજુ મિથ્યાત્વીઓનો—મિથ્યા માન્યતાવાળાઓનો સહ-

વાસ વધ્યો, એટલે સમ્યક્ત્વ દૂષિત થયું અને ચાલ્યું ગયું. પરિણામે તેનાં બધાં વ્રતો છૂટી ગયાં અને તે જળાશયો વગેરે બંધાવવામાં જીવનનું શ્રેય સમજવા લાગ્યો. પછી તેણે રાજગૃહી નગરીની બહાર એક સુંદર વાવ બંધાવી. લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા. પણ અંત સમયે તેનો જીવ વાવમાં ભરાઈ રહેવાથી તેનું મૃત્યુ બગડયું અને તે એ જ વાવમાં દેડકારૂપે ઉત્પન્ન થયો.

એક વાર તેણે વાવના કિનારે ઊભેલા માણસોને ભગવાન મહાવીરના આગમન સંબંધી વાતો કરતાં સાંભળ્યા, ત્યારે તેને એવો અધ્યવસાય ઉત્પન્ન થયો કે આવું નામ મેં કોઈક વાર સાંભળેલું છે. એમ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને નિર્ગ્રંથ મુનિઓ પાસેથી સમ્યક્ત્વપૂર્વક શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કરેલાં, તે વાત યાદ આવી. સાથે એ પણ ખ્યાલ આવ્યો કે, મારું સમ્યક્ત્વ નાશ પામ્યું અને વ્રતો વગેરે છૂટી ગયાં, એટલે મારી આ દુર્દશા થઈ; પણ ફીકર નહિ, હવે હું બગડેલી બાજી સુધારી લઈશ.

તે ભગવાન મહાવીર પ્રત્યે શ્રદ્ધાન્વિત થયો અને તેમનાં દર્શન કરવાની અભિલાષાથી પ્રયત્નપૂર્વક વાવની બહાર નીકળ્યો. પછી કૂદતો કૂદતો લોકપ્રવાહના આધારે ભગવાન મહાવીરના સમવસરણ તરફ જવા લાગ્યો, એવામાં ત્યાંથી શ્રેણિક રાજાની સેના પસાર થઈ અને તેના એક ઘોડાના પગ નીચે આવી જતાં તેનાં આંતરડાં પેટની બહાર નીકળી

પડયાં. પરંતુ તે ધીમેથી બાજુ હઠી ગયો અને ત્યાં રહી તેણે ભગવાન મહાવીરની વંદના–સ્તુતિ–ભકિત કરી. છેવટે તેમનું શરણ સ્વીકાર્યું. આ ઉપાસના–આરાધનાના પ્રભાવે તે મૃત્યુ પામીને સૌધર્મદેવ લોકમાં દર્દુરાંક નામનો દેવ થયો.

ખેતર ખેડયું હોય, ખાતર નાખ્યું હોય અને પાણી પણ પાયું હોય, પરંતુ વાયુ અનુકૂળ ન હોય તો ધાન્ય બરાબર ઉગતું નથી અને કદાચ ઉગે તો પણ કરમાઈ–ચિમળાઈ જાય છે. ઘણી વાર તો ડુંડામાં દાણા ચડયા હોય અને વાયુ પ્રતિકૂળ વાય તો તેમાંના ઘણા ખરા દાણા ખરી જાય છે. ટૂંકમાં ખેતીનું યોગ્ય ફળ પામવા માટે અનુકૂળ વાયુની અપેક્ષા રહે છે, તેમ બધી ક્રિયાઓને ફલવતી થવા માટે સમ્યક્ત્વની અપેક્ષા રહે છે.

હજી પણ એક વધારે સુભાષિત સાંભળો :

ध्यानं दुःखनिधानमेव तपसः सन्तापमात्रं फलं,
स्वाध्यायोऽपि च वन्ध्य एव सुधियां तेऽभिग्रहाः कुग्रहाः ।
अश्लीला खलु दानशालतुलना तीर्थादियात्रा वृथा,
सम्यक्त्वेन विहीनमन्यदपि यत् तत् सर्वमन्तर्गडु ॥

'સમ્યક્ત્વ વિના ધ્યાન એ માત્ર દુઃખનું નિધાન થાય છે, તપનું ફળ માત્ર સંતાપ જ મળે છે, સ્વાધ્યાય પણ વંધ્ય જ થાય છે, અભિગ્રહો ધારણ કરવા તે માત્ર કદાગ્રહ ગણાય છે, દાન–શીલાદિની તુલના પણ પ્રશસ્ત થતી નથી અને તીર્થયાત્રા પણ વૃથા જ થાય છે. આ સિવાય બીજી પણ બધી પુણ્ય ક્રિયાઓ નિષ્ફળ જાય છે.'

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે–કે ‘ ઉપરનાં બે સુભાષિતોમાં સમ્યક્ત્વ વિનાની ક્રિયાઓને અલ્પ ફળવાળી કહી અને અહીં તદ્દન નિષ્ફળ જાહેર કરી, તો તેમાં સાચું શું સમજવું ? ’ તેનો ખુલાસો એ છે કે જે વસ્તુનું જે ફળ મળવું જોઈએ, તેનાં કરતાં ઘણું અલ્પ ફળ મળે અથવા જે મુખ્ય ફળ મળવું જોઇએ, તે ન મળતાં બીજું ફળ મળે ત્યાં નિષ્ફળતા જ મળી ગણાય છે. એક માણસે લાખ રૂપિયા કમાવાની ઈચ્છાથી ધંધાનું મંડાણ કર્યું હોય અને તે માટે રાત્રિ–દિવસ જોયા વગર ઉદ્યમ કર્યો હોય, તેને એ ધંધામાં સો કે બસો રૂપિયાની પ્રાપ્તિ થાય તો શું કહેવાશે ? બિચારો કંઈ પણ કમાયો નહિ, તેનો સર્વ ઉદ્યમ–સર્વ પરિશ્રમ નિષ્ફળ ગયો. અહીં પણ એમ જ સમજવું.

## ૭–સમ્યક્ત્વ પર વિશેષ ભાર મૂકવાનું કારણ

સમ્યક્ત્વ પર વિશેષ ભાર મૂકવાનું એક કારણ એ પણ છે કે જે આત્માને એક વાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોય, સમ્યક્ત્વની સ્પર્શના થઈ હોય, તે વધારેમાં વધારે અર્ધપુદ્ગલ–પરાવર્ત જેટલા સમયની અંદર અવશ્ય મોક્ષ પામે છે. આ આશ્વાસન કંઈ જેવું તેવું નથી. અર્ધ-પુદ્ગલ–પરાવર્ત સમય આમ તો ઘણો મોટો છે, તે અનંત કાલચક્રોથી બને છે, પણ અનંત પુદ્ગલ–પરાવર્ત કાલની સરખામણીમાં તે ઘણો મોટો નથી. આટલા વખતમાં પણ જો મોક્ષપ્રાપ્તિની ખાતરી મળતી હોય

તો આનંદ જ પામવો જોઈએ. એકલા જ્ઞાન કે એકલા ચારિત્ર માટે આવી કોઈ ખાતરી અપાયેલી નથી.

૮–સમ્યકત્વ કોને કહેવાય ?

સમ્યકત્વ કોને કહેવાય ? તે પણ બરાબર સમજી લેવું જોઈએ. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે:–

धम्मस्स होइ मूलं, सम्मत्तं सव्वदोसपरिमुक्कं ।
तं पुण विसुद्धदेवाइ, सव्वसद्दहणपरिणामो ॥

'સર્વ દોષોથી વિમુકત એવું સમ્યકત્વ ધર્મનું મૂળ છે અને તે વિશુદ્ધ દેવાદિની સંપૂર્ણ શ્રદ્ધારૂપ છે.'

થોડાં વિવેચનથી આ વસ્તુ સ્પષ્ટ થશે. મોક્ષપ્રાપ્તિના સર્વ ઉપાયોની–સર્વ સાધનોની સામાન્ય સંજ્ઞા ધર્મ છે, એટલે સમ્યકત્વને ધર્મનું મૂળ સમજવાનું છે. જેમ મૂળ વિના વૃક્ષ હોય નહિ, તેમ સમ્યકત્વ વિના ધર્મ હોય નહિ, પરંતુ આ સમ્યકત્વ ધર્મનું મૂળ ત્યારે જ બની શકે છે કે જ્યારે તે શંકા, કાંક્ષા, વિચિકિત્સા આદિ સર્વ દોષોથી મુકત હોય, અર્થાત્ નિર્દોષ હોય. × સમ્યકત્વ એટલે સુદેવ આદિ પરની પરમ શ્રદ્ધા. અહીં આદિપદથી સુગુરુ અને સુધર્મ અભિપ્રેત છે. તાત્પર્ય કે સુદેવ, સુગુરુ તથા સુધર્મ પરની સંપૂર્ણ શ્રદ્ધા, એ જ સમ્યકત્વ છે. તેથી સમ્યકત્વ ધારણ કરતી વખતે નીચેની પ્રતિજ્ઞા ગ્રહણ કરાય છે:–

× સમ્યકત્વના અતિચારો અંગે જુઓ શ્રી પ્રતિક્રમણસૂત્રપ્રબોધ ટીકા ભાગ બીજો, પૃ. ૧૯૪.

'अरिहंतो मह देवो, जावज्जीव सुसाहुणो गुरुणो ।
जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥'

'અરહિંત એ મારા દેવ છે, સાધુઓ અર્થાત્ નિર્ગ્રંથ મુનિઓ મારા ગુરુ છે અને જિનોએ કહેલું તત્ત્વ એ મારો ધર્મ છે. મેં સમસ્ત જીવન માટે આ પ્રકારનું સમ્યકત્વ ગ્રહણ કર્યું છે.'

'જેને સાચું શું ? અને ખોટું શું ?' તેનો વિવેક નથી, તે દેવ, ગુરુ અને ધર્મનું સત્ય સ્વરૂપ સમજી શકતો નથી, એટલે મુમુક્ષુએ આવો વિવેક કેળવી લેવાની જરૂર છે.

દેવ, ગુરુ તથા ધર્મની પરીક્ષા કેમ કરવી ? તે અંગે જૈન શાસ્ત્રોમાં ઘણું વિવેચન થયેલું છે, જે મુમુક્ષુઓને સુંદર માર્ગદર્શન આપે એમ છે. તેનો સાર અમે 'સાચું અને ખોટું' નામના 'ધર્મબોધ ગ્રંથમાળા'ના ત્રીજા પુસ્તકમાં આપેલો છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોવો.

૯-સમ્યગ્જ્ઞાન

જે જ્ઞાન સમ્યકત્વથી યુક્ત હોય તે સમ્યગ્જ્ઞાન કહેવાય. આવું જ્ઞાન મોક્ષમાર્ગની બીજી મજલ બને છે અને ત્રીજી મજલનો માર્ગ મોકળો કરે છે.

સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ સર્વજ્ઞકથિત શાસ્ત્રાધ્યયન અર્થાત્ શ્રુતાભ્યાસથી થાય છે, એ ભૂલવાનું નથી. જે સમ્યક્ત્વધારી આત્મા શ્રુતનો પદ્ધતિસર અભ્યાસ કરે છે, તેને જીવ-અજીવનો ભેદ સમજાય છે, પુણ્ય-પાપનો બોધ

થાય છે, બંધ–મોક્ષનું સ્વરૂપ સમજાય છે અને આશ્રવ, સંવર, નિર્જરાદિ તત્ત્વોનું પણ વિશિષ્ટ જ્ઞાન થઈ જતાં તેનો મોક્ષપ્રાપ્તિ માટેનો ઉત્સાહ વૃદ્ધિ પામે છે. આથી તે આગળ પગલાં માંડે છે. 'ज्ञानस्य फलं विरतिः'–એ સૂત્રનો પરમાર્થ આ જ છે.

૧૦–સમ્યક્ ચારિત્ર

જે ચારિત્ર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી યુક્ત હોય તે સમ્યક્ ચારિત્ર કહેવાય. તે મોક્ષમાર્ગની ત્રીજી અને છેલ્લી મજલ છે. તેમાં પંચમહાવ્રત તથા સમિતિ–ગુપ્તિના નિરતિચાર પાલન સાથે બાહ્ય–અભ્યંતર તપશ્ચર્યાનું પણ ઉત્કૃષ્ટ આલંબન લેવાનું હોય છે. તેનાથી આત્માની શક્તિને આવરી રહેલાં સકલ કર્મોનો નાશ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ નિશ્ચિત બને છે.

૧૧–ભ્રમ-નિવારણ

જૈન ધર્મની–જૈન દર્શનની આ સર્વસંમત વસ્તુ છે, એટલે કે તેમાં કોઈ વિવાદ નથી; પરંતુ શાસ્ત્રમાં અનેક જાતનાં વચનો સંગ્રહાયેલાં હોય છે અને તે જુદા જુદા નય કે દૃષ્ટિબિંદુને અનુલક્ષીને કહેવાયેલાં હોય છે, તે નહિ જાણનારા મનુષ્યોને કેટલીક વાર ભ્રમ ઉત્પન્ન થાય છે અને તેઓ ચકરાવે ચડી જાય છે.

જૈન શાસ્ત્રોમાં એવું વચન આવે છે કે–'सद्दहमाणो जीवो, वच्चइ अयरामरं ठाणं–તેનો અર્થ કોઈ એમ કરે કે શ્રદ્ધા રાખવાથી–સમ્યક્ત્વનું પાલન કરવાથી જ આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે,' તો એ બરાબર નથી. ત્યાં

શ્રદ્ધાનું–સમ્યક્ત્વનું મહત્ત્વ બતાવવાનો હેતુ છે, એટલે તેનાથી જે અંતિમ ફળ મળે છે, તે લક્ષમાં રાખીને આવું વિધાન કરાયું છે, પણ તેમાં સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ ચારિત્રનો અપલાપ કરવાનો હેતુ નથી.

જૈન શાસ્ત્રોમાં એવું વચન પણ આવે છે કે–' नाण-किरियाहिं मोक्खो–જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ મળે છે.' એનો અર્થ કોઈ એમ કરે કે 'મોક્ષની પ્રાપ્તિ માટે જ્ઞાન અને ક્રિયા બસ છે; તે માટે સમ્યક્ત્વની આવશ્યકતા નથી. જો આવશ્યકતા હોત તો આ સૂત્રમાં તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો હોત.' તો એ ગંભીર ભૂલ છે. આ સૂત્ર ' જ્ઞાનથી મોક્ષ મળે કે ક્રિયાથી મોક્ષ મળે ?' એ પ્રશ્નના ઉત્તરરૂપે કહેવાયું છે. કેટલાક એમ કહે છે કે ' માત્ર જ્ઞાનથી જ મોક્ષ મળે, તેમાં ક્રિયા–અનુષ્ઠાનાદિની કોઈ જરૂર નથી;' અને કેટલાક એમ કહે છે કે ' ક્રિયા એ જ મુખ્ય વસ્તુ છે; ક્રિયા કરીએ એટલે મોક્ષ જરૂર મળે.' ત્યાં જૈન મહર્ષિઓ એમ કહેવા ઇચ્છે છે કે એકલી ક્રિયાથી કે એકલા જ્ઞાનથી મોક્ષ મળતો નથી પણ જ્ઞાન અને ક્રિયા એ બંનેના યોગથી મોક્ષ મળે છે. આ સૂત્રમાં મોક્ષમાર્ગની મજલો બતાવવાનો હેતુ નથી અને સમ્યક્ત્વનો સમાવેશ જ્ઞાનમાં થાય છે, એટલે તેમાં સમ્યક્ત્વનો અલગ નિર્દેશ કરેલો નથી.

શ્રી દશવૈકાલિકસૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથા નીચે મુજબ છે :

धम्मो मंगलमुक्किट्ठं. अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥

'ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે; તે અહિંસા, સંયમ અને તપરૂપ છે. જેના મનમાં આવો ધર્મ સદાકાળ વસ્યો છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.'

આ પરથી કેટલાક એમ સમજે છે કે અહિંસા, સંયમ અને તપનું આચરણ કરીએ, એટલે બધો ધર્મ આવી ગયો. એથી મોક્ષ અવશ્ય મળે. પણ અહીં કયા સંબંધમાં આ શબ્દો કહેવાયા છે, તેનો વિચાર કરતા નથી. શ્રી દશવૈકાલિકસૂત્ર સાધુધર્મનું વર્ણન કરવા અર્થે રચાયેલું છે, એટલે ત્યાં ધર્મ શબ્દથી સાધુધર્મ કે ચારિત્રધર્મ અભિપ્રેત છે અને તેમાં અહિંસા, સંયમ અને તપની મુખ્યતા છે, એમ કહેવાનો હેતુ છે. તાત્પર્ય કે સાધુધર્મ અંગીકાર કરનારે અહિંસાનું ઉત્કૃષ્ટ પાલન કરવું જોઇએ, સંયમની સુંદર આરાધના કરવી જોઈએ અને જીવનને તપોમય બનાવી દેવું જોઈએ, તો જ સાધુધર્મ અંગીકાર કર્યાની સાર્થકતા છે.

પરંતુ આ વસ્તુ સમજ્યા વિના એમ માની લઈએ કે અહિંસા, સંયમ અને તપનું આરાધન કરીએ તો બધો ધર્મ એમાં આવી ગયો, કંઈ અવશિષ્ટ રહ્યું નહિ, તો એ ગંભીર ભૂલ છે. સાધુનો ધર્મ જુદો છે, ગૃહસ્થનો ધર્મ જુદો છે. તે બંનેએ પોતપોતાની કક્ષામાં રહીને ધર્મનું આચરણ કરવાનું છે.

ગૃહસ્થ-ધર્મમાં માર્ગાનુસારી બનીને સમ્યક્ત્વયુક્ત બાર વ્રતોની ધારણા કરવાની હોય છે. તે બાજુએ મૂકી માત્ર અહિંસા, સંયમ અને તપની વાત કરીએ તો નાના મોઢે મોટો કોળિયો જમવા જેવું છે. ગૃહસ્થ અહિંસા, સંયમ અને તપનું આરાધન કરીને કેટલું કરી શકે? એ ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ સાધુની તોલે આવી શકે નહિ. સાધુની દયાને વીસ વસા કહી છે, એ પરથી બંને વચ્ચેનું અંતર સમજી શકાશે.

ગૃહસ્થને માટે તો એ જ ઉચિત છે કે તે પ્રથમ માર્ગાનુસારી બને, સમ્યક્ત્વધારી થાય અને શ્રી જિનભગવંત પરની શ્રદ્ધાને અતિ મજબૂત બનાવી તેમની ઉપાસનામાં લાગી જાય. તે સાથે સદ્ગુરુની પણ સેવા કરે, તેમની પાસેથી ધર્મ સાંભળે અને તેનું યથાશક્તિ આચરણ કરે.

## પ્રકરણ આઠમું

# નામ-સ્મરણ

ઉપાસનાનું પ્રથમ અંગ નામ-સ્મરણ છે, એટલે પ્રસ્તુત પ્રકરણમાં તે સંબંધી કેટલીક વિચારણા કરીશું.

ઉપાસ્યદેવને યાદ કરવા, ઉપાસ્ય દેવનું નામ બોલવું, ઉપાસ્યદેવના નામનું રટણ કરવું, ઉપાસ્ય દેવના નામનો જપ કરવો, તેને નામ-સ્મરણ કહેવામાં આવે છે. કેટલાક તેને ભગવત્-સ્મરણ કે પ્રભુ-સ્મરણ પણ કહે છે, કારણ કે તેમાં ભગવાન અથવા પ્રભુના નામનું સ્મરણ હોય છે.

નામ-સ્મરણ એ સહજ સાધન છે, એટલે કે તે બહુ સહેલાઈથી થઈ શકે એવું છે. 'હે અરિહંત! હે વીતરાગ! હે પરમાત્મા!' એ જિનનામસૂચક શબ્દો મનથી યાદ કરવા હોય કે મુખથી બોલવા હોય તો શી તકલીફ પડે છે? વળી મનુષ્ય નાનો હોય કે મોટો હોય અથવા ગમે તે સ્થાને રહેલો હોય અને ગમે તે અવસ્થામાં રહેલો હોય તો પણ આ નામો બોલી શકે છે. એક અહોરાતમાં+ સો-બસો વાર પ્રભુનું નામ-સ્મરણ કરવું, એ જરાયે અઘરું નથી.

---

+ દિવસ અને રાત્રિમાં.

જૈન પરંપરા તો એવી છે કે બાળક કંઈ સમજણું થાય અને બોલતાં શીખે એટલે તેને નવકારમંત્ર શીખવવો અને ચોવીશ તીર્થંકરોનાં નામ યાદ કરાવવાં, જેથી તે ઉઠતાં, બેસતાં કે સૂતાં અથવા ગમે તે સ્થિતિમાં શ્રી અરિહંત દેવનું સ્મરણ કરી શકે અને પોતાના જીવનને સફળ બનાવી શકે.

અમે એક તદ્દન નાના ગામડામાં જન્મ્યા હતા કે જ્યાં ન હતું મંદિર, ન હતું ઘર-દહેરાસર કે ન હતી પાઠશાળા. પણ માતાના ધર્મસંસ્કારો ઉત્તમ હતા, એટલે તેમણે અમને નવકારમંત્ર શીખવ્યો અને ચોવીશ તીર્થંકરોનાં નામ શીખવ્યાં. વળી તે રોજ સવારે અથવા સૂતાં પહેલાં અવશ્ય બોલી જવાં જ જોઈએ, એવો આગ્રહ રાખ્યો, તો અમને જૈન ધર્મનો સંસ્કાર પડ્યો અને અમારા ઉપાસ્યદેવ-ઈષ્ટદેવ અરિહંત ભગવંત છે, એવો ખ્યાલ પેદા થતાં ક્રમેક્રમે તેમના પ્રત્યે ભક્તિ જાગૃત થઈ.

આજે તો પરિસ્થિતિ વિચિત્ર છે. ખાસ કરીને જેઓ વધારે શિક્ષિત કે ધનવાન છે, તેને ત્યાં બાળકો પર આ જાતનો સંસ્કાર પાડવાના પ્રયત્નો થતા નથી. અમે એવાં કુટુંબો જોયાં છે કે જ્યાં બાળકો ચૌદ પંદર વર્ષના થવા છતાં પૂરો નવકારમંત્ર પણ જાણે નહિ; પછી ચોવીશ તીર્થંકરોનાં નામ કડકડાટ બોલી જવાની વાત તો રહી જ ક્યાં? શાળામાં પણ શબ્દો શીખવતી વખતે G o d-ગૉડ (પ્રભુ)ને બદલે D o g-ડૉગ (કૂતરા)ની પસંદગી થતી હોય

ત્યાં પ્રભુના નામનો સંસ્કાર પડે કયાંથી? અને રોજ પ્રભુસ્મરણ થાય ક્યાંથી?

આજે સારા સંસ્કારોનું બળ ઘટયું છે અને બુદ્ધિવાદ બેફામ બન્યો છે, એટલે નામ–સ્મરણ કે પ્રભુસ્મરણ વિષે પણ જાતજાતના અને તરેહતરેહના પ્રશ્નો પૂછાય છે.

એકવાર એક વિદ્યાર્થીએ અમને પૂછયું કે 'વારંવાર અરિહંત દેવનું નામ બોલવાની જરૂર શી? પોપટ વારંવાર રામનું નામ બોલે છે, તો શું તેને કોઈ પ્રકારનો લાભ થાય છે ખરો?' અમે કહ્યું: 'અરિહંત દેવનું વારંવાર નામ લેવાથી તેમની સાથે આપણો સંબંધ બંધાય છે અને બંધાયો હોય તો તે પાકો થાય છે. એમ કરતાં તેમના પર સ્નેહ થાય છે, પ્રીતિ જામે છે અને તેમના જીવન તથા ઉપદેશનું રહસ્ય સમજાય છે, એટલે આપણું લક્ષ ભૌતિક પદાર્થો પરથી ખસીને ધાર્મિક–આધ્યાત્મિક જીવન પર કેન્દ્રિત થાય છે અને તેનું પરિણામ ઘણું સુંદર આવે છે.

તમે અહીં પોપટનું દૃષ્ટાન્ત આપ્યું, પણ તે ઉચિત નથી. કયાં તિર્યંચ અને કયાં મનુષ્ય! એ બંનેની સરખામણી જ શી હોઈ શકે? આમ છતાં એટલું સમજી લો કે રામનું નામ લેવાથી લોકોને તે પ્યારો લાગે છે, લોકોને તે ગમે છે અને લોકો તેને જમરૂખ, મરચાં વગેરે ઇષ્ટ પદાર્થો ખાવાને આપે છે. તાત્પર્ય કે તેથી તેને લાભ જ થાય છે, કોઈ પ્રકારનું નુકશાન થતું નથી. આથી સમજુ–શાણા–વિવેકી પુરુષે એટલું વિચારવું જોઈએ કે

જ્યારે વગર સમજ્યે રટાતું પ્રભુનું નામ લાભદાયી થાય છે, તો સમજણપૂર્વક પ્રભુનું નામ રટીએ તો કેટલો લાભ થાય ?' પેલા વિદ્યાર્થીને અમારો આ ખુલાસો ગળે ઉતર્યો અને તેણે તેજ દિવસથી નામ-સ્મરણ ચાલુ કર્યું.

એક સંતપુરુષે કહ્યું છે કે–' હે મનુષ્યો ! તમે શું કોઈ ચમત્કારિક ઔષધિની શોધમાં છો ? તો અહીં આવો, હું તમને એ ઔષધ બતાવું. એ ઔષધ કોઈ વનસ્પતિના પત્ર, પુષ્પ, ફળ કે મૂળ રૂપ નથી કે કોઈ રસરસાયણની માત્રારૂપ નથી. એ છે પ્રભુનું નામ-સ્મરણ. તે જો ખરા ભાવથી–ખરી શ્રદ્ધાથી કરશો તો શરીરમાં કોઈ પણ પ્રકારનો રોગ વ્યાપશે નહિ કે મનમાં કોઈ પણ જાતનો શોક-સંતાપ ઉત્પન્ન થશે નહિ. વળી જે કંઇ મુશીબતો કે મુશ્કેલીઓ આવી પડી હશે, તે બધી દૂર થઈ જશે.'

આ વચનો ટંકશાળી છે, પણ મોહ-મમત્વના પાશમાં બંધાયેલા મનુષ્યોનાં ગળે ઉતરે છે ક્યાં ? તેઓ તો પોતાનાં માની લીધેલાં સુખોને મેળવવામાં અને તેને માણવામાં મસ્ત રહે છે અને મૃત્યુ કે પરલોકની પરવાહ કરતા નથી. અલબત્ત, જ્યારે કોઈ રોગ આવી પડે છે અને તે દવાઓ કે ઇંજેકશનોને દાદ આપતો નથી; અથવા પ્રિયજનનો વિયોગ આદિ કોઇ દુર્ઘટના બને છે અને શોકસાગરમાં ડૂબી જાય છે; અથવા કોઈ અણધારી આફત આવી પડતાં અત્યંત કઢંગી સ્થિતિમાં મૂકાઈ જાય છે ત્યારે તેઓ ' હે પ્રભો ! હે ઈશ્વર ! હે ભગવાન્ ! મને

બચાવ, મને આ દુઃખમાંથી છોડાવ ' એ રીતે બોલે છે ખરા, પણ એ કાંઈ નામ-સ્મરણ કર્યું કહેવાય નહિ, કરવું પડયું કહેવાય. એથી અચુક લાભ તો થાય જ છે, પણ-ખરું નામ-સ્મરણ તો ત્યારે જ કર્યું કહેવાય કે જ્યારે પોતાનું લક્ષ પ્રભુમાં જોડવાના ઉદ્દેશથી તેનું નામ વારંવાર રટવામાં આવે.

કબીર સાહેબ એક મહાન સંત પુરુષ હતા. તેમણે પોતાની વેધક વાણીમાં કહ્યું છે કે–

सुमिरन से सुख होत है, सुमिरन से दुःख जाय।
कहै कबीर सुमिरन किये, साइं मांहिं समाय ॥

'નામ-સ્મરણથી સુખ એટલે નિજસ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે અને દુઃખ એટલે જન્મ, જરા તથા મરણનો નાશ થાય છે. કબીર કહે છે કે સાંઈનું-ભગવાનનું નામ સ્મરવાથી છેવટે તેમાં ભળી જવાય છે.'

सुमिरन की सुधियौं करो, ज्यों गागर पनिहारी।
हाले डोले सुरति में, कहैं कबीर विचारी ॥

'કબીર ઘણો વિચાર કરીને-ઘણો અનુભવ મેળવીને કહે છે કે હે હંસજનો! અર્થાત્ મુમુક્ષુઓ! જેવી રીતે પનિહારી રસ્તામાં ચાલતાં, ડોલતાં તથા બહેનપણીઓ સાથે વાત કરતાં પણ પોતાનું લક્ષ માથે લીધેલાં બેડાં ઉપર રાખે છે, તેવી રીતે તમે દુનિયાનો વ્યવહાર ચલાવવા

છતાં તમારું લક્ષ ભગવાનના નામ-સ્મરણમાં રાખો.' તાત્પર્ય કે એમ કરવાથી તમારો એક દિવસ ઉદ્ધાર થશે.

सुमिरन सो मन लाइये, जैसे दीप पतंग ।
प्राण तजै छिन एक मैं, जरत न मोहे अंग ।।

'સંસારના વિધવિધ વિષયોમાં ભટકી રહેલા મનને નામ-સ્મરણ પર લાવવું જોઈએ, પણ આ વસ્તુ ત્યારે જ બની શકે કે જ્યારે આપણને ભગવાન પ્રત્યે પ્રેમ હોય, આસક્તિ હોય. જેમ પતંગિયાને દીપક પ્રત્યે આસક્તિ છે, તો એ બીજો કશો વિચાર કર્યા વિના તેની જ્યોતમાં ઝંપલાવે છે અને ક્ષણમાત્રમાં પોતાનો પ્રાણ તજી દે છે. વળી તે બળતી વખતે પોતાના અંગ પર જરાય મોહ પામતું નથી. આ જ રીતે ભગવાન પ્રત્યે આસક્તિ હોય, પ્રેમ હોય, તો બીજો કશો વિચાર કર્યા વિના તેના નામ-સ્મરણમાં ઝુકી પડવું જોઈએ અને એમ કરતાં કદાચ કોઈ કર્મના ઉદયે કોઈ પ્રકારનું નુકશાન કે કષ્ટ આવી પડે તો તેની લેશ પણ પરવાહ કરવી ન જોઈએ.

અન્ય સંત પુરુષોએ પણ નામ-સ્મરણનો આવો મહિમા ગાયો છે અને તેથી જ મુમુક્ષુઓ-ભક્તજનો 'રામ રામ' 'કૃષ્ણ કૃષ્ણ હરે' 'જય શંભો' વગેરે શબ્દો વડે નામ-સ્મરણ કરતાં માલુમ પડે છે. કેટલાક 'રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ' વગેરે પદોની ધૂન પણ લગાડે છે અને તેમાં મસ્ત બની જાય છે. એ વખતે તેમને દુનિયાની અન્ય કોઈ વસ્તુ યાદ આવતી નથી.

કેટલાક પોતાનાં તમામ વસ્ત્રોપર 'રામ રામ' વગેરે શબ્દો ચિતરાવે છે, જેથી પોતાને તેનું સ્મરણ રહે અને અન્ય લોકો પણ પ્રભુનું નામ લેતાં થાય. કેટલાક પોતાના દેહ પર ભગવાનના નામનાં છુંદણાં પડાવે છે કે જેથી હાલતાં-ચાલતાં તેના પર નજર પડે અને પ્રભુનું સ્મરણ રહ્યા કરે. કેટલાક નામ-સ્મરણને વેગ આપવા નામ-લેખનની પ્રવૃત્તિ ચલાવે છે, તો કેટલાક ખાસ સત્રો યોજીને ભગવાનના નામનો જપ કરાવે છે.+

અહીં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે બૌદ્ધો, મુસલમાનો તથા ખ્રિસ્તીઓ વગેરે પણ પોતપોતાની રીતે નામ-સ્મરણ કરે છે.

કેટલાક એમ માને છે કે 'નામ-સ્મરણ એક સારી વસ્તુ છે, પણ જૈન ધર્મમાં તેના પર ખાસ ભાર મૂકાયો નથી.' પરંતુ આ માન્યતા સત્યથી વેગળી છે. જૈન મહર્ષિઓએ પણ નામ-સ્મરણનો મહિમા વિવિધ પ્રકારે ગાયો છે અને તેની મંગલમયતાને મહોર મારી છે.

મહર્ષિ નંદિષેણે અજિત-શાન્તિ-સ્તવમાં કહ્યું છે કે-

अजियजिण ! सुहप्पवत्तणं,
तव पुरिसुत्तम नामकित्तणं ।

---

* આમાંની કેટલીક પ્રવૃત્તિઓ વિચારણીય છે; પરંતુ નામ-સ્મરણ અંગે કેવી કેવી પ્રવૃત્તિઓ ચાલી રહી છે, તે બતાવવા માટે જ અહીં તેનો નિર્દેશ કર્યો છે.

तह य धिइ-मइ-प्पवत्तणं,
तव य जिणुत्तम संतिकित्तणं॥

'હે પુરુષોત્તમ અજિતનાથ! તમારું નામ-સ્મરણ શુભને પ્રવર્તાવનારું છે, તેમજ ધૃતિ અને મતિને આપનારું છે. હે જિનોત્તમ શાંતિનાથ! તમારું નામ-સ્મરણ પણ એવું જ છે.'

અહીં શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ ચાલી રહી છે, એટલે તેમનો નામનિર્દેશ કરવામાં આવ્યો છે, પણ આ વસ્તુ બધા જિનેશ્વરોને માટે સમજી લેવાની છે, એટલે કે બધાના નામ-સ્મરણમાં આવો પ્રભાવ રહેલો છે.

અંધારૂં દૂર થયા સિવાય અજવાળું પ્રકટતું નથી, તેમ અશુભ દૂર થયા સિવાય શુભનું પ્રવર્તન થતું નથી, એટલે શુભના પ્રવર્તનમાં અશુભનું નિવારણ આવી જાય છે. ધૃતિ એટલે ચિત્તની સ્વસ્થતા. મનુષ્યનું મન વિવિધ પ્રકારની આધિ, વ્યાધિ તથા ઉપાધિનાં કારણે અસ્વસ્થ બની જાય છે, પણ જિનેશ્વર દેવનાં નામ-સ્મરણનો પ્રભાવ એવો છે કે તે બધી અસ્વસ્થતાને દૂર કરી દે છે અને તેથી ચિત્તમાં નહિ ધારેલી એવી સ્વસ્થતા-પ્રસન્નતાનો અનુભવ થાય છે. મતિ એટલે ઉત્તમ પ્રકારની મતિ, સત્યાસત્યનો નિર્ણય કરી શકે એવી વિવેકવાળી બુદ્ધિ. તાત્પર્ય કે જિન ભગવંતનું નામ-સ્મરણ કરવાથી સઘળાં

અનિષ્ટો દૂર થાય છે, ઉત્તમ પ્રકારની બુદ્ધિ સાંપડે છે અને ચિત્તની સ્વસ્થતા તથા પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

શ્રી માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્રમાં જણાવ્યું છે કે—

आपादकण्ठमुरुशृंखलवेष्टितांगा
गाढं बृहन्निगडकोटिविघृष्टजंघाः ।
त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः,
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४४ ॥

'પગથી કંઠ સુધી મોટી મોટી બેડીઓએ કરી શરીર બાંધેલું હોય, તથા અત્યંત મોટી બેડીઓના અગ્ર-ભાગથી જેમની જંઘા ઘસાઈ ગઈ હોય, તેવા મનુષ્યો તમારા નામરૂપી મંત્રનું સ્મરણ કરતાં તત્કાળ પોતાની મેળે બંધનના ભયથી રહિત બની જાય છે.'

જિનભગવંતના નામ–સ્મરણનો આ કેવો મોટો મહિમા! કોઈને એમ લાગતું હોય કે આ શબ્દો અતિ-શયોક્તિ ભરેલા છે, તો એ ભૂલ છે. ધારાનગરીના રાજાએ શ્રી માનતુંગસૂરિની પરીક્ષા કરવા માટે તેમને લોખંડની ૪૪ મજબૂત સાંકળો વડે બાંધી લઈ ભોંયરામાં પૂર્યા હતા અને એ ભોંયરાના દ્વારે મોટાં તાળાં લગાવી દીધાં હતાં, પરંતુ સૂરિજીએ શ્રી આદિનાથ ભગવાનનું પવિત્ર નામસ્મરણ કરીને પરમ શ્રદ્ધાપૂર્વક તેમની સ્તુતિ કરવા માંડી કે દરેક ગાથાએ એકેક સાંકળનું બંધન તૂટતું ગયું અને છેવટે તેઓ સર્વ બંધનથી મુક્ત થયા. આથી રાજા

અત્યંત ચકિત થયો અને સર્વ સભાજનોએ જિન–ભગવંતના નામ–સ્મરણનો મહિમા સ્વીકાર્યો.

અહીં પ્રસંગવશાત્ એટલું જણાવી દઈએ કે કોઈ મનુષ્ય બંધનમાં પડ્યો હોય, એટલે કે કેદખાનાની શિક્ષા પામ્યો હોય, ત્યારે આ ગાથાનો વિધિસર જપ કરવાથી તેનો ટુંક સમયમાં છુટકારો થાય છે. કેટલાક મંત્રવિદોએ આ જાતનો પ્રયોગ કર્યાનું અમારી જાણમાં છે, એટલે અહીં આટલો ઈશારો કર્યો છે.

અહીં એવો પ્રશ્ન થવાનો સંભવ છે કે 'યુરોપનો મહાન જાદુગર હુડીની સાંકળના ગમે તેવા બંધનમાંથી મુક્ત થઈ જતો અને ભારતનો મશહુર જાદુગર કે. લાલ પણ લગભગ એવા જ પ્રયોગ કરી બતાવે છે, તેનું કેમ?' આ પ્રશ્નનો ઉત્તર એ છે કે 'યુરોપના મહાન જાદુગર હુડીનીએ આ જગતમાંથી વિદાય લેતાં પહેલાં એક પુસ્તક લખ્યું છે અને પોતે આ વસ્તુ કેવી રીતે કરતો, તે સાફ શબ્દોમાં જણાવ્યું છે, અર્થાત્ તે એક પ્રકારની કળા હતી. ભારતના મશહુર જાદુગર શ્રી કે. લાલના પરિચયમાં અમે સારી રીતે આવ્યા છીએ. તેનો ખુલાસો પણ એ જ છે.'

શ્રી સિદ્ધસેનસૂરિએ શ્રી કલ્યાણમંદિર–સ્તોત્રમાં જણાવ્યું છે કે—

**आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,**
**नामापि पाति भवतो भवतो जगन्ति ।**

तीव्रातपोपहतपान्थजनान्निदाघे,
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥

'હે જિનેશ્વર ! અચિંત્ય મહિમાવાળું તમારું સ્તવન તો દૂર રહો, તમારું નામ પણ ત્રણ જગતનું ભવ થકી રક્ષણ કરે છે. જેમ ગ્રીષ્મ ઋતુમાં પ્રચંડ તાપ વડે પીડાયેલા મુસાફરોને કમળવાળા સરોવરનો ઠંડો પવન પણ ખુશી કરે છે.' તાત્પર્ય કે માત્ર તમારું નામ–સ્મરણ કરવાથી પણ ભવસાગરનો પાર પામી શકાય છે, તો સ્તવનની વાત જ શી કરવી ?

હવે નામસ્મરણ અંગે અમને જે અનુભવ થયો છે, તે અહીં રજૂ કરીશું.

ચૌદ–પંદર વર્ષની ઉંમરે અમારા મૂળ વતન સૌરાષ્ટ્રના દાણાવાડા ગામમાં× સંધ્યાસમયે ફરવા જતાં જમણા પગે સાપ કરડ્યો અને અમને ઘરે લાવવામાં આવ્યા. ત્યાં ઘી ગરમ કરીને અમને પાવામાં આવ્યું અને અમારો જાન બચાવવાના ઈરાદાથી એક પાડોશીએ ડંખની આસપાસ મોટો કાપ મૂક્યો. આ વખતે કેવી વેદના થઈ હશે ? એ કલ્પી શકાય એમ છે.

અમારાં મુખમાંથી દર્દભરી ચીસો નીકળવા લાગી, પણ તે જ વખતે અમારી ધર્મપરાયણ પૂજ્ય માતાએ આદેશ આપ્યો કે 'તારી ચીસો બંધ કર. માત્ર ભગવાન મહાવીરનું નામ જ સ્મર્યા કર. તને જરૂર સારું થઈ

× આ ગામ સુરેન્દ્રનગરથી સાત માઈલ દૂર આવેલું છે.

જશે.' અને અમે એ આદેશને શિરોધાર્ય કરી ' મહાવીર ! મહાવીર ! ' નામ રટવા માંડ્યું. કોઈ વાર વેદના વધારે થતી, તો એ નામ ખૂબ મોટેથી બોલાઈ જવાતું, પણ તે વખતે મુખમાં બીજો કોઈ શબ્દ પ્રવેશવા દીધો ન હતો, એ અમને બરાબર યાદ છે.

અને અમે એ જીવલેણ આફતમાંથી બચ્યા. અહીં કોઈ એમ કહેશે કે ' આયુષ્યરેખા બળવાન હતી, એટલે બચ્યા', તો એ વાત સાચી છે, પણ તેનું નિમિત્ત તો ભગવાનના પવિત્ર નામનું સ્મરણ જ હતું, એમાં અમને કોઈ સંદેહ રહ્યો નથી.×

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે શાસ્ત્રકારોએ જિનશબ્દના વિવિધ લોકસિદ્ધ પ્રયોગથી ચાર પ્રકાર માન્યા છે: નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન તથા ભાવજિન; અને તેનો પરિચય આ પ્રમાણે આપ્યો છે:

नाम-जिणा जिण-नामा,
ठवण-जिणा पुण जिणिंद-पडिमाओ ।
दव्व-जिणा जिण-जीवा,
भाव-जिणा समवसरणत्था ॥

' શ્રી જિનેશ્વરનાં ઋષભ, અજિત વગેરે નામો તે નામ-જિન; શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાઓ તે સ્થાપના

× શ્રી વીર-વચનામૃતના પ્રકાશકીય નિવેદન પૃ. ૩૯ પર અમે આ હકીકતની નોંધ લીધેલી છે.

જિન; જેમણે જિનનામકર્મ બાંધ્યું છે, એવા શ્રેણિક પ્રમુખના જીવો તે દ્રવ્યજિન અને સમવસરણમાં વિરાજી ભવ્યજિનોને ઉપદેશ આપી રહ્યા હોય, તે ભાવજિન.

આ ચારે પ્રકારના જિનો સ્મરણીય, વંદનીય તથા પૂજનીય છે. તે અંગે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ચતુર્વિંશતિ-જિન-સ્તુતિ અપરનામ 'સકલાર્હત્' સ્તોત્રમાં કહ્યું છે કે—

नामाकृति-द्रव्य-भावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાલમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર કરનારા એવા શ્રી અરિહંત ભગવંતોની અમે ઉપાસના કરીએ છીએ.' તાત્પર્ય કે નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન અને ભાવજિન એ ચારે પ્રકારના જિનોની સ્મરણ-વંદન-પૂજનરૂપી ઉપાસના કરવાથી જગતના લોકો પવિત્ર થાય છે, અને તેથી જ અમે એ જિન ભગવંતોની ઉપાસના કરીએ છીએ.

શ્રી મુનિસુંદરસૂરિએ એક સ્થળે કહ્યું છે કે-

नामादि-भेदैर्विशदैश्चतुर्भि-
र्ये लोककालत्रितयं पुनन्त: ।
भवोद्विजां मुक्तिपदं ददन्ते,
सर्वेऽपि ते सर्वविदो जयन्तु ॥

'નામાદિ સ્પષ્ટ ચાર ભેદો વડે ત્રણ લોક ને ત્રણ કાળને

પવિત્ર કરતા જેઓ ભવથી ઉદ્વિગ્ન થયેલા આત્માઓને મુક્તિપદ આપે છે, તે સર્વે સર્વવિદો અર્થાત્ જિનેશ્વરો જય પામો.'

શ્રી વિજયલક્ષ્મીસૂરિએ વીશસ્થાનકની પૂજામાં કહ્યું છે કે—

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિનભાણ.

તાત્પર્ય કે શ્રી જિનેશ્વર ભગવંતની ઉપાસના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી કરવી, એ શાસ્ત્રોક્ત છે, શાસ્ત્રોથી મંજૂર થયેલી છે.

'કેટલાક કહે છે કે નામાદિ ચારમાં ભાવ જ વસ્તુ સ્વરૂપ છે, કેમકે તે જ પ્રયોજનની સિદ્ધિ કરનાર છે. જેવી રીતે ભાવ-ઇન્દ્ર દાનવોને દમવારૂપ કાર્ય સાધવામાં સમર્થ છે, તેવી રીતે નામ ઈત્યાદિ સમર્થ નથી, માટે નામ, સ્થાપના તથા દ્રવ્યનું શું પ્રયોજન છે?' પરંતુ શ્રી વિશેષાવશ્યક-ભાષ્યમાં તેનું સમાધાન આ રીતે કરવામાં આવ્યું છે: 'नामादओ त्ति भावा, जे तं वि हु वत्थुपज्जाया ॥—નામાદિ પણ તત્ત્વરૂપ જ છે, કારણ કે તે પણ વસ્તુના પર્યાયો (ધર્મો) છે.' આ વસ્તુનું વધારે સ્પષ્ટીકરણ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પ્રતિમાશતકમાં નીચે પ્રમાણે કર્યું છે :—

नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं
शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।

तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता–
मंधानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः ?॥

'નામાદિ ત્રણે નિક્ષેપ ભાવરૂપ ભગવંતના તદ્રૂપ-પણાની બુદ્ધિનાં કારણ છે અને તે શુદ્ધ હૃદયવાળા ગીતાર્થ પુરુષોએ શાસ્ત્રથી અને સ્વાનુભવથી ઇષ્ટ ગણેલ છે તથા વારંવાર જોયેલા છે, અનુભવેલા છે; તેમ છતાં જેઓ અર્હત્ પ્રતિમાનો અનાદર કરી માત્ર ભાવ અર્હત્‌ને માનનારા છે, તેઓની બુદ્ધિ દર્પણમાં મુખ જોનારા અંધપુરુષોની જેમ શી વિસાતમાં છે?' તાત્પર્ય કે ચારે નિક્ષેપ એક સરખા ઉપયોગી હોવાથી એકને માનવા અને બીજાને ન માનવા, એ ગંભીર ભૂલ છે.

નામ–સ્મરણ અંગે આટલું વિવેચન હાલ પર્યાપ્ત છે.



## પ્રકરણ નવમું

## નમસ્કાર

### ૧–નમસ્કારની મહત્તા

મહાપુરુષોએ નામ–સ્મરણ જેટલો જ મહિમા નમસ્કારનો ગાયો છે; અથવા તો તેને નામસ્મરણથી પણ અધિક મહત્ત્વ આપ્યું છે, કારણકે તેનાથી ઉપાસ્ય દેવ પ્રત્યે શ્રદ્ધા–નમ્રતા–ભક્તિ વ્યક્ત કરવાનો સુઅવસર સાંપડે છે અને તે ઉપાસકને ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકાએ લઈ જાય છે. અહીં એટલી સ્પષ્ટતા કરીએ તો ઉચિત ગણાશે કે મુખથી પ્રભુનું નામ લઈએ, પણ તેમના પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ–આદર ન હોય તો એ નામ–સ્મરણ અર્થહીન બની જાય છે, એટલે નામ–સ્મરણની સાથે નમસ્કાર પણ અવશ્ય હોવો જોઈએ.

જિન–નમસ્કારની મહત્તા વિષે એક નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું છે કે—

कल्पद्रूमः परो मन्त्रः, पुण्यं चिन्तामणिश्च यः ।
गीयते स नमस्कारस्तथैवाहुरपण्डिताः ॥ १ ॥

कल्पद्रूमो महाभागः, कल्पनागोचरं फलम् ।
ददाति न च मन्त्रोऽपि, सर्वदुखविषापहः ॥ २ ॥

न पुण्यमपवर्गाय, न च चिन्तामणिर्यतः ।
तत्कथं ते नमस्कार, एभिस्तुल्योऽभिधीयते ॥ ३ ॥

'હે ભગવન્! જેઓ આપના નમસ્કારને શ્રેષ્ઠ કલ્પવૃક્ષ, મંત્ર, પુણ્ય કે ચિન્તામણિની સાથે સરખાવે છે, તેઓ પંડિત નહિ પણ મૂર્ખ છે. અચિન્ત્ય શક્તિવાળું કલ્પવૃક્ષ પણ મનમાં કલ્પેલા ફલને જ આપે છે; મન્ત્ર પણ સર્વ દુઃખરૂપી વિષને હણનારો થતો નથી; પુણ્ય કે ચિન્તામણિ પણ અપવર્ગને આપનાર થતા નથી; જ્યારે આપને કરેલો નમસ્કાર કલ્પનાતીત ફલને આપનારો થાય છે, સર્વ દુઃખરૂપી વિષને હણનારો થાય છે, તથા અનન્ત સુખના ધામરૂપ અપવર્ગને દેનારો થાય છે, તો પછી એ પદાર્થોની સાથે તેને કેમ સરખાવી શકાય ?'

આવશ્યકના અધિકારે બોલાતાં 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રમાં જણાવ્યું છે કે–

'इक्कोवि नमुक्कारो, जिणवर–वसहस्स वद्धमाणस्स ।
संसार–सागराओ, तारेइ नरं व नारिं वा ॥'

'જિનવરોમાં ઉત્તમ એવા શ્રી વર્ધમાન સ્વામીને અર્થાત્ ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુને કરાયેલો એક નમસ્કાર પણ નર કે નારીને સંસારસમુદ્રથી તારે છે.'

થોડાં વિવેચનથી આ ગાથાનો અર્થ સ્પષ્ટ થશે. પ્રથમ તો અહીં શ્રી મહાવીર પ્રભુનો નામનિર્દેશ કરવામાં આવ્યો છે, એટલે એમ સમજવું નહિ કે તેમના જ નમસ્કારથી આવું ફળ મળે છે અને અન્ય જિનોના

નમસ્કારથી મળતું નથી. અન્ય જિન ભગવંતો પણ શક્તિ, સામર્થ્ય અને પ્રભાવમાં તેમના જેવા જ છે, એટલે તેમના નમસ્કારનું ફળ પણ આવું જ મળે છે.

બીજું અહીં નમસ્કારને કોઈ વિશેષણ લગાડેલું નથી, પણ સંપ્રદાયથી એવું વિશેષણ સમજી લેવાનું છે કે 'મન, વચન અને કાયાના શુભ પ્રણિધાનપૂર્વક સામર્થ્ય યોગથી કરેલો.' આવો નમસ્કાર પુરુષને તેમજ સ્ત્રીને તથા નપુંસકને ભવસાગરથી તારી દે છે.*

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે કે 'નમસ્કાર જેવી એક સામાન્ય ક્રિયામાં શું આટલી બધી શક્તિ રહેલી છે? અને જો નમસ્કારમાં આટલી બધી શક્તિ રહેલી હોય તો અન્ય ધર્મક્રિયાઓ કે અનુષ્ઠાનોની જરૂર શી છે?' તેનો ઉત્તર એ છે કે નમસ્કારની ક્રિયા ઉપલક દૃષ્ટિએ ભલે સામાન્ય દેખાતી હોય, પણ વાસ્તવમાં એ સામાન્ય નથી. શ્રીમાન્ હરિભદ્રસૂરિએ લલિતવિસ્તરા–ચૈત્યવંદનવૃત્તિમાં

---

*લિંગની દૃષ્ટિએ મનુષ્યના ત્રણ પ્રકારો છેઃ–સ્ત્રી, પુરુષ અને નપુંસક. આ ત્રણે લિંગો દ્વારા મનુષ્ય સિદ્ધિગતિ પ્રાપ્ત કરી શકે છે. ઇલાચીકુમાર આદિ પુરુષલિંગે સિદ્ધ થયા, ચંદનબાલા આદિ સ્ત્રીલિંગે સિદ્ધ થયા અને ગાંગેય આદિ નપુંસકલિંગે સિદ્ધ થયા. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે–

इत्थीपुरिससिद्धा य, तहेव य नपुंसगा ।
सलिंगे अन्नलिंगे य, गिहिलिंगे तहेव य ॥ ४९ ॥

તેને ધર્મ પ્રત્યે લઈ જનારી મૂળભૂત વસ્તુ કહી છે : ‘ **धर्मं प्रति मूलभूता वन्दना।** ’ અને તેનાં કારણો પણ આપ્યાં છે. તેઓ કહે છે કે ‘ વંદનાથી ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મ–પ્રશંસા અને ધર્મ–બહુમાનરૂપી બીજને વાવે છે, ધર્મચિંતના રૂપ અંકુરાઓને પ્રકટાવે છે, ધર્માચારરૂપ શાખા–પ્રશાખાઓનો વિસ્તાર કરે છે, તેમજ સ્વર્ગ અને મોક્ષનાં સુખોની પ્રાપ્તિરૂપ પુષ્પ તથા ફલોને આપે છે.’

એક મધ્યસ્થ દૃષ્ટિવાળા મહાપુરુષના આ શબ્દો સાંભળ્યા પછી નમસ્કારની ક્રિયાને સામાન્ય કે મામુલી કહેવાની હિંમત કોણ કરે ? પણ જ્યાં વસ્તુનું જ્ઞાન નથી–વસ્તુની પરીક્ષા નથી, ત્યાં આવા શબ્દો મુખમાંથી સરી પડે, એ સહજ છે.

હવે પ્રશ્નના બીજા ભાગ પર આવીએ. તેમાં એમ જણાવ્યું છે કે ‘ જો નમસ્કારમાં આટલી બધી શક્તિ રહેલી હોય, તો અન્ય ધર્મક્રિયાઓ કે અનુષ્ઠાનોની જરૂર શી ?’ તેનો ઉત્તર એ છે કે શાસ્ત્રકારોએ નમસ્કારનું જે સ્વરૂપ માન્યું છે, તે નહિ જાણવાથી જ આવો પ્રશ્ન ઉઠે છે. જો એ સ્વરૂપને જાણીએ તો આ પ્રશ્નનું સમાધાન આપોઆપ થઈ જાય એમ છે.

**૩–નમસ્કારના મુખ્ય બે પ્રકારો :**

નમસ્કાર મુખ્યત્વે બે પ્રકારનો છે : એક દ્રવ્ય–નમસ્કાર અને બીજો ભાવ–નમસ્કાર. તેમાં મસ્તક નમાવવું,

હાથ જોડવા, પંચાંગ પ્રણિપાત કરવો, સાષ્ટાંગ દંડવત્ કરવા કે નમસ્કારસૂચક અન્ય કોઈ કાયિક ક્રિયા કરવી, એ દ્રવ્ય-નમસ્કાર છે અને મુખથી નમસ્કારસૂચક શબ્દો બોલવા એ પણ દ્રવ્ય-નમસ્કાર છે; જ્યારે ચિત્તની શુદ્ધિ-પૂર્વક ઉપાસ્ય દેવ પ્રત્યે અનન્ય શ્રદ્ધા, ભક્તિ, વિનય, આદર કે બહુમાનની લાગણી રાખવી તથા તેમના આદેશોને શિરોધાર્ય કરવાની સેવકવૃત્તિ ધારણ કરવી, એ ભાવ-નમસ્કાર છે. આ બંને નમસ્કારો એકબીજાના પૂરક છે, એટલે કે ઉભયના સંયોજનથી જ નમસ્કારની ક્રિયા પૂર્ણ થાય છે.

આનો અર્થ એમ સમજવાનો કે બંને હાથ જોડીએ, માથું નમાવીએ કે ઘૂંટણે પડીને પાંચે અંગ ભેગા કરીએ, અથવા તો મોઢેથી 'नमो' 'नमामि' એવો ઉચ્ચાર કરીએ, એટલાથી જ નમસ્કારની ક્રિયા પૂર્ણ થતી નથી. એ વખતે ચિત્તની શુદ્ધિ પણ બરાબર રાખવી જોઈએ, એટલે કે મનને વિષય* અને કષાયથી× વારવું જોઈએ અને તેમાં શ્રદ્ધા, ભક્તિ, વિનય, આદર, બહુમાન આજ્ઞાપાલન આદિ ઉત્તમ ભાવોની ભરતી કરવી જોઈએ.

---

* ઇન્દ્રિયોના અર્થને વિષય કહેવામાં આવે છે. તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ પ્રકારો છે.

× મનને કલુષિત કરનારી વૃત્તિઓને કષાય કહેવામાં આવે છે. તેના ક્રોધ, માન, માયા (કપટ) અને લોભ એ ચાર મુખ્ય પ્રકારો છે.

હવે વિચાર કરો કે જ્યાં નમસ્કારરૂપી આવી સુંદર નૌકા તૈયાર હોય, ત્યાં સંસારસમુદ્રને તરતાં શી વાર લાગે?

શાસ્ત્રોમાં અન્ય ધર્મક્રિયાઓ તથા અનુષ્ઠાનોનું જે વિધાન કરવામાં આવ્યું છે, તે મૂળ તો ચિત્તશુદ્ધિને માટે જ છે. એટલે નમસ્કારની ક્રિયામાં ઉપકારક છે અને તેથી નિરર્થક નથી. અન્ય શબ્દોમાં કહીએ તો મનુષ્ય જેમ જેમ ધાર્મિક ક્રિયાઓ કે અનુષ્ઠાનો કરતો જાય છે, તેમ તેમ તેની નમસ્કાર-વિષયક યોગ્યતા વધતી જાય છે અને તે આખરે પરમ શુદ્ધ કોટિનો નમસ્કાર કરવાને સમર્થ થાય છે.

### ૪-કાયિક નમસ્કારના ત્રણ પ્રકારો

કાયિક નમસ્કાર એટલે શાસ્ત્રાનુસારે શરીરનાં અંગોની વિનય-બહુમાનાર્થે શિષ્ટાચાર મુજબ કરાતી પ્રવૃત્તિ. તે જુદા જુદા દેશોમાં જુદા જુદા પ્રકારે કરવામાં આવે છે. પણ આર્યપ્રણાલિકા-ખાસ કરીને જૈન પ્રણાલિકા એવી છે કે બે હાથના આંગળીના ટેરવાં એક બીજાના આંતરે રાખી કમળના ડોડાના આકારે જોડવા અને મસ્તક નમાવવું. જો વિશેષતાએ નમસ્કાર કરવા હોય તો અર્ધું અંગ નમાવીને બે હાથ જોડવા અને મસ્તક નમાવવું અને તેથી પણ આગળ વધવું હોય તો બે હાથ, બે ઘૂંટણ અને મસ્તક એમ પાંચે અંગ જમીનને લગાડવા. આમાંથી પ્રથમને અંજલિબદ્ધ, બીજાને અર્ધાવનત અને ત્રીજાને પંચાગ પ્રણિપાત કહેવામાં આવે છે. દર્શન-પૂજા વગેરે

વખતે આ ત્રણે પ્રકારના નમસ્કારનો ઉપયોગ થાય છે. ચૈત્યવંદનભાષ્યમાં આનો નિર્દેશ 'પ્રણામ–ત્રિક' તરીકે કરવામાં આવ્યા છે.

### ૫–નમસ્કાર અંગે થોડી સ્પષ્ટતા

જો હાથ બરાબર ન જોડીએ કે માથું નમાવ્યું ન-નમાવ્યું કરીએ તો કાયિક નમસ્કાર અશુદ્ધ થયો ગણાય. જો નમસ્કાર–સૂચક પદો બરાબર ન બોલીએ અર્થાત્ તેમાં કાનો, માત્રા, અનુસ્વાર આદિ કોઈ પણ આઘા–પાછા થઈ જાય તો વાચિક નમસ્કાર અશુદ્ધ થયો ગણાય, અને જો એ વખતે મનમાં શ્રદ્ધાદિ ભાવોનો ઉલ્લાસ ન થાય કે સાંસારિક તૃષ્ણાના તરંગો ઉઠે તો માનસિક નમસ્કાર અશુદ્ધ થયો ગણાય.

દેવદર્શનાદિ પ્રવૃત્તિમાં જેની હજુ શરૂઆત છે, એવા વર્ગનો નમસ્કાર પ્રારંભમાં અશુદ્ધ હોય છે, પણ પ્રયત્ન કરવાથી તેમાં શુદ્ધિનું તત્ત્વ વધતું જાય છે અને છેવટે શુદ્ધ નમસ્કાર કરવામાં સફળતા મળે છે.

કેટલાક કહે છે કે 'અશુદ્ધ નમસ્કાર કરવા કરતાં ન કરવો સારો' પરંતુ એ કથન અજ્ઞાનમૂલક છે. એ રીતે તો નમસ્કારની પ્રવૃત્તિ કદીપણ થઇ શકે જ નહિ, કારણ કે તે જ્યારે શરૂ કરવામાં આવે ત્યારે કંઇ ને કંઈ ખામી –અશુદ્ધિ હોવાનો સંભવ છે. પ્રથમ પ્રયાસે જ કોઈ શુદ્ધ નમસ્કાર કરે, એ બન્યું નથી અને બનવાનું નથી. દરેક

ક્રિયાઓ જેમ અભ્યાસ અને પ્રયત્નથી જ સિદ્ધ થાય છે, તેમ નમસ્કાર પણ અભ્યાસ અને પ્રયત્નથી જ સિદ્ધ થાય છે.

'અશુદ્ધ નમસ્કારનું કંઈ ફળ મળે ખરૂં ?' તેનો ઉત્તર એ છે કે 'હા, એનું પણ કંઈક ફળ તો મળે જ; કારણ કે એ સાચી દિશામાં થયેલો એક શુભ પ્રયાસ છે, પરંતુ એ ફળ અલ્પ હોય છે, એટલે આપણું લક્ષ્ય શુદ્ધ નમસ્કાર તરફ જ રહેવું જોઈએ.'

**૬—નમસ્કારનો ક્રમ**

નમસ્કાર કરવાનો ક્રમ એવો છે કે પ્રથમ સર્વ જિનોને સામાન્ય નમસ્કાર કરવો અને પછી ભરતક્ષેત્રમાં છેલ્લી અવસર્પિણીમાં થઈ ગયેલા શ્રી ઋષભદેવાદિ ચોવીશ જિનોને નામપૂર્વક નમસ્કાર કરવો. તેમાં સામાન્ય નમસ્કાર કરવા માટે '**नमो अरिहंताणं**' '**नमो जिणाणं जियभयाणं**' '**ॐ अर्हं नमः**' આદિ પદોની વ્યવસ્થા છે અને ઉપર્યુક્ત ચોવીશ જિનોને નામપૂર્વક વંદના કરવા માટે **चउवीसत्थयसुत्तं** અર્થાત્ લોગસ્સ સૂત્રની વ્યવસ્થા છે.

'**नमो अरिहंताणं**' પદનું સામર્થ્ય પ્રકાશતાં શ્રી મહાનિશીથસૂત્રમાં જણાવ્યું છે કે '**नमो अरिहंताणं सत्तक्खरपरिमाणं अणंतगमपज्जवत्थसाहगं सव्व–महामंत–पवरविज्जाण परमबीअभूअं।** 'નમો અરિહંતાણં' એ (પ્રથમ અધ્યયન) સાત અક્ષરના પરિણામવાળું, અનંત ગમ, પર્યવ અને અર્થના પ્રકર્ષને સાધનારું તથા સર્વ મહામંત્રો અને સર્વ પ્રવર વિદ્યાઓનું બીજ છે.'

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું કે કે—

यदीच्छेद् भवदावाग्नेः, समुच्छेदः क्षणादपि ।
स्मरेत् तदाऽऽदिमन्त्रस्य, वर्णसप्तकमादिमम् ॥

'જો સંસારરૂપ દાવાનળનો એક ક્ષણ માત્રમાં ઉચ્છેદ કરવાની ઈચ્છા હોય તો નમસ્કાર મહામંત્રના પ્રથમના સાત અક્ષરોનું અર્થાત્ 'नमो अरिहंताणं'નું સ્મરણ કરવું જોઈએ.'

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે **नमो** પદ નમસ્કારસૂચક છે અને **अरिहंताणं** પદ સર્વ જિનેશ્વરોનું સૂચક છે, એટલે नमो अरिहंताणं પદના જપમાં નમસ્કાર-પૂર્વકનું નામસ્મરણ રહેલું છે અને તેથી જ જૈન સંઘમાં તેનો વ્યાપક પ્રચાર છે.

'नमो जिणाणं जियभयाणं' પદ सक्कत्थओ (શક્રસ્તવ) નામના 'નમોત્થુણં' સૂત્રની નવમી સંપદામાં આવે છે, પણ સમવાયાંગ સૂત્ર, જીવાભિગમસૂત્ર અને રાયપસેણીય-સૂત્રમાં આવતાં 'નમોત્થુણં'ના પાઠમાં આ બે પદો દૃષ્ટિગોચર થતાં નથી. એનું કારણ એ લાગે છે કે મુખ્ય 'અરિહંતાણં' પદનાં 'ભગવંતાણં' પદથી ઠેઠ 'ઠાણં સંપત્તાણં' સુધીના પદો વિશેષણપદો છે, ત્યાં વાક્ય પૂરું થાય. પછી 'નમો જિણાણં જિયભયાણં' એ સ્વતંત્ર વાક્ય હોઈ સમવાયાંગ વગેરેમાં એના વિના ચલાવી લીધું હોય.

ગમે તેમ પણ આ બે પદો ઘણા પ્રભાવશાળી હોવાથી તેનું આલંબન અવશ્ય લેવા જેવું છે. ×

'ॐ अर्हं नमः' વિષે હવે પછી એક સ્વતંત્ર પ્રકરણ આવવાનું છે, એટલે અહીં તેનું વિવેચન કરતા નથી.

### ૭—લોગસ્સસૂત્રની મહત્તા

**चउवीसत्थयसुत्त** અર્થાત્ લોગસ્સસૂત્રને આવશ્યકનું બીજું અધ્યયન માનવામાં આવ્યું છે, તે જ એની મહત્તા સિદ્ધ કરે છે. આ સૂત્ર પદ્યાત્મક છે અને તેમાં સાત ગાથાઓ આવેલી છે, તે નીચે મુજબઃ

[ સિલોગો ]

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
**अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ।।१।।**

[ ગાહા ]

**उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।**
**सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च ।**
**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।**

---

× અમુક ગૃહસ્થોએ આ પદોનો સાડાબાર હજાર જાપ કરતાં તેમના પર તોળાઈ રહેલો ભય દૂર થયો હતો અને જિનશાસન પર આક્રમણ કરનારા સરકારી બીલો વગેરે પ્રસંગે કેટલાક મુનિરાજોએ ઉપવાસ, આયંબિલ કે એકાશનપૂર્વક આ પદનો સવા લક્ષ જાપ કરતાં અનિષ્ટ પરિસ્થિતિનું નિવારણ થયું હતું.

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥

एवं मए अभिथुआ, विहुय–रय–मला पहीण–जर–मरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥

कित्तिय–वंदिय–महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग–बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥

चंदेसुनिम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

આ સૂત્રનું અહીં ઉદ્ધરણ કરવાનું કારણ એ છે કે પાઠકો તેનો શુદ્ધ પાઠ જાણી શકે અને તે મુજબ તેનું ઉચ્ચારણ કરી શકે.

આ સૂત્રની પ્રથમ ગાથા ‘ સિલોગો ’ એટલે અનુષ્ટુપ છંદમાં છે અને બાકીની છ ગાથાઓ ‘ ગાહા ’ એટલે આર્યા છંદમાં છે, એટલે તેને તે તે છંદોના પ્રસિદ્ધ નિયમ મુજબ બોલવી જોઈએ, પરંતુ આજે તો મોટા ભાગે આ ગાથાઓ ગદ્યપાઠની જેમ કડકડાટ બોલી જવામાં આવે છે, એટલે તેનું ખરૂં માધુર્ય માણી શકાતું નથી.

સને ૧૯૨૬ થી ૧૯૩૦ ની સાલ સુધી અમો અમદાવાદના શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના પ્રધાન અધ્યાપક હતા અને ધાર્મિક શિક્ષણનું સુકાન સંભાળતા હતા, ત્યારે તેની સાથે રહેલા છાત્રાલયમાં રોજ સવારમાં છ વાગતાં પ્રાર્થના થતી હતી. એ વખતે

પ્રારંભમાં 'ચત્તારિ મંગલ' નો પાઠ બોલાતો હતો અને ત્યાર પછી એક સંગીતવિશારદ સીતારના સ્વરો સાથે અત્યંત મધુર ભાવે સહુને 'લોગસ્સ સૂત્ર'નું ગાન કરાવતા હતા. એ વખતે વાતાવરણમાં અજબ શાંતિ પ્રસરતી હતી અને સહુના મુખ પર અજબ ગંભીરતા–પ્રસન્નતા છવાઈ રહેતી હતી. એ દૃશ્ય આજે પણ અમને બરાબર યાદ આવે છે.

'લોગસ્સ' નો પાઠ એક મહાન સૂત્ર છે, એવો સંસ્કાર ક્રમે ક્રમે અમારા મનમાં દૃઢ થયો, એટલે અમે આ સૂત્રપર વારંવાર ચિંતન કરતા અને તેનો વિશેષ અનુભવ લેવા માટે કેટલાક પ્રયોગો પણ કરતા. તેનો સાર અહીં આપવામાં આવ્યો છે.

શુદ્ધ એકાંત સ્થાનમાં, પૂર્વાભિમુખ, સુખાસને બેસી, બે હાથ જોડવા અને લોગસ્સનો પાઠ શરૂ કરવો. તે અત્યંત શુદ્ધિપૂર્વક છંદના નિયમે બોલવો અને જ્યાં જ્યાં **वंदे** કે **वंदामि** પદ આવે, ત્યાં ત્યાં મસ્તક નમાવવું. આવો પાઠ ત્રણ વાર બોલવો. આ થઈ લોમ આવૃત્તિ.

(૨) ત્યારબાદ દરેક ગાથા વિલોમ ક્રમથી બોલવી. જેમ કે–

**केवली चउवीसंपि, कित्तइस्सं अरिहंते ।**
**जिणे धम्मतित्थयरे, उज्जोअगरे लोगस्स ॥१॥**

આ ક્રમમાં લોગસ્સની આવૃત્તિ કરવાનું મુખ્ય કારણ એ હતું કે એથી તેના દરેક પદની વ્યવસ્થિત

ધારણાને પુષ્ટિ મળે. જો પદ વિષેનો ખ્યાલ ગલત હોય તો આ આવૃત્તિ બરાબર થઇ શકે નહિ.

(૩) ત્યાર બાદ શ્વાસોચ્છ્વાસની ધારણા કરીને અર્થાત્ કુંભકપૂર્વક આખો પાઠ બોલવો. એ રીતે પ્રથમ એક આવૃત્તિ થતી, પછી ધીરે ધીરે બે આવૃત્તિ થવા લાગી અને છેવટે ત્રીજી આવૃત્તિમાં પણ સફળતા મળી. આ રીતે પાઠ બોલતાં ખૂબ આનંદ આવવા લાગ્યો અને નાડી-નાડીમાં શ્રી જિનેશ્વરદેવનાં નામ અને ગુણનો સંસ્કાર પહોંચવા લાગ્યો.

(૪) પ્રારંભના આ પ્રયોગો પછી રોજ ૪૦ લોગસ્સની ગણના કરવાનું ચાલુ રાખ્યું અને તે ક્રમ લગભગ એક વર્ષ સુધી ચાલ્યો. તેથી ચિત્તને ઘણી શાંતિ પ્રાપ્ત થઈ, જિનેશ્વર ભગવંત અને તેમના ઉપદેશ પ્રત્યેનો અનુરાગ વધ્યો અને કેટલાંક શાસનહિતકારી કામો થયાં.

આ સૂત્રની શક્તિ વિષે જે બે ચમત્કારિક અનુભવો થયા, તે પણ અહીં જણાવવા જોઇએ. એક વાર એક ઝવેરી મિત્રને ત્યાં જવાનું થયું, ત્યાં એક બહેન ચીસ પાડીને બેહોશ થઈ ગયા. ઘરના બધા ગભરાઈ ગયા. અમે પૂછ્યું: 'આગળ આવું કોઈ વાર થયું હતું કે?' ઉત્તર મળ્યો કે 'હા, કોઇક વાર આવું થાય છે. બહારની અસર છે. જો તમે આ સંબંધી કંઈ કરી શકતા હો તો કરો.' અમે થોડીવાર વિચાર કરીને કહ્યું: 'ચિંતા કરશો નહિ.'

પછી તે બહેનની સમીપે બેઠા અને જમણા હાથની અંજલિમાં પાણી રાખી અત્યંત શ્રદ્ધાપૂર્વક લોગસ્સનો પાઠ ગણવા લાગ્યા. આ રીતે ત્રણ પાઠ કર્યા પછી, તે બહેનના મુખ પર અંજલિમાંનું પાણી છાંટયું કે તે પૂરેપૂરા હોશમાં આવી ગયા અને પૂર્વવત્ સ્થિતિનો અનુભવ કરવા લાગ્યા. આથી તેમના કુટુંબીજનોના તેમજ અમારા આનંદનો પાર રહ્યો નહિ.

બીજો દાખલો રમણ મહર્ષિના આશ્રમમાં બન્યો. શ્રી પ્રતિક્રમણસૂત્ર પર પ્રબોધટીકા લખવાનું શરૂ કર્યા પછી થોડા મહિના બાદ તેના યોજક શેઠ શ્રી સાથે દક્ષિણના પ્રવાસે જવાનું થયું. તેમાં રમણ મહર્ષિનો પરિચય મેળવવા માટે તિરુવણ્ણામલાઈ ગયા અને ત્યાં થોડા દિવસની સ્થિરતા કરવાની ઇચ્છા હોવાથી એક બંગલો ભાડે રાખ્યો. આ બંગલાનો અડધો ભાગ તે જ દિવસે મુંબઈથી આવેલા એક બહેને રાખ્યો હતો કે જેમની સાથે પોતાની ત્રણ પુત્રીઓ અને બે જમાઈઓ પણ આવેલા હતા.

રાત્રિ પડી, બિસ્તરાઓ પાથર્યા અને અમે તો અમારી ટેવ પ્રમાણે થોડી જ વારમાં નિદ્રાને શરણ થઈ નસકોરાં બોલાવવા લાગ્યા. આ સ્થિતિમાં આશરે અડધો–પોણો કલાક પસાર થયો હશે કે 'ધીરજલાલ ! એ ધીરજલાલ !' એવો અવાજ થયો, એટલે અમે જાગી ઉઠયા. એ અવાજ બીજા કોઈનો નહિ, પણ શેઠશ્રીનો જ હતો. અમે કહ્યું : 'કેમ !

આ બિસ્તરા પર ઊંઘ આવતી નથી ?' તેમણે કહ્યું : 'વીશ વર્ષ બાદ આ પહેલોજ પ્રસંગ છે કે જ્યારે હું બિસ્તરા પર સૂતો છું, પણ તમને જગાડવાનું કારણ જુદું છે.'

અમે કહ્યું : 'ફરમાવો.'

ત્યારે તેમણે કહ્યું કે 'બાજુના ભાગમાં કયારનું કંઈક ધાંધલ થાય છે. હું માનું છું કે કોઈને કંઇ વળગ્યું છે અને તેના નિવારણ માટે એ લોકો મહેનત કરી રહ્યા છે.' અમે કહ્યું : 'એ તો એમ ચાલ્યા જ કરવાનું. હું થાકયો છું, મને સૂવા દો.' તેમણે કહ્યું : 'પણ આમ ચાલ્યા કરશે તો મને ઊંઘ આવશે નહિ અને એમ થશે તો કદાચ કાલનો દિવસ પણ બગડશે. માટે તમે કંઈક ઉપાય કરો. તમે તો વૈદ્યક, મંત્ર, તંત્ર બધું જાણો છો !'

અમે કહ્યું : 'વારુ. અને બહાર નીકળીને જોયું તો આગલાં બારણાં બંધ હતાં. પરંતુ તેને ખખડાવવાનું ઉચિત માન્યું નહિ. પ્રથમ પરિસ્થિતિ શું છે ? તે જાણી લેવાની જરૂર હતી, એટલે મકાનના પાછલા ભાગમાં ગયા અને ત્યાં થોડે ઊંચે એક બારી ખુલ્લી હતી, તેમાંથી જોયું તો એક પંદર–સોળ વર્ષની કન્યા પથારી પર પડી હતી. તેને મરચાંનો ધૂમાડો આપ્યા પછી 'બોલ ! તું કોણ છે ?' એમ પ્રશ્ન પૂછીને તમાચા ચોડવામાં આવતા હતા, એટલે અમે તરતજ મુખ્ય દ્વારે આવ્યા અને બારણું ખખડાવ્યું.

બારણું તરત જ ઉઘાડવામાં આવ્યું અને મકાન ભાડે રાખનાર મુખ્ય બહેને હાથ જોડીને કહ્યું : ' માફ કરજો. આપને સૂવામાં ખલેલ ન પહોંચે, એટલા માટે બારણાં બંધ રાખ્યાં હતાં. '

અમે કહ્યું : ' પણ હકીકત શું છે ? '

પેલા બહેને ખિન્નતાપૂર્વક કહ્યું : ' આમારી છોકરીને કેટલાક વખતથી કંઈક વળગ્યું છે. તે અવારનવાર સતાવે છે. આજે પણ એવું જ થયું છે. '

અમે પૂછ્યું : ' આ બાબતની સ્વામી રમણાનંદજીને વાત કરી ? 'આ સ્વામી અમારા તેમજ તેમના પરિચયવાળા અને ઘણા સહૃદયી તથા સેવાભાવી હતા.

ઉત્તરમાં પેલા બહેને કહ્યું કે ' તેઓને આ વાતની ખબર પડી, એટલે કોઈ મંત્રવાદીને બોલાવી લાવવા ગામમાં ગયા છે, પણ હજી સુધી પાછા ફર્યા નથી. '

અમે કહ્યું : ' ફીકર ન કરો. હમણાં જ બધાં સારાં વાનાં થઈ જશે. ' અને અમે તેની સમીપે બેસી જમણા હાથમાં પાણીની અંજલી ભરી ઉવસ્સગ્ગહરં સ્તોત્રનો પાઠ બોલવા માંડયો. ત્રણ પાઠના અંતે અંજાલેનું જળ તેના મુખ પર છાંટયું કે તે બહેનનાં બધાં ચિહ્નો ફરી ગયાં અને તે હોશમાં આવી ગયા. બધાની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. અમારી પ્રસન્નતાનો પાર પણ કેમ રહે ? અમે કહ્યું: ' હવે એ બહેનને સૂવા દો. હમણાં ઊંઘી જશે. ' પછી તે બહેન થોડી વારમાં સૂઈ ગયા. બાદ મંત્ર અને મંત્રશકિત

વિષે ઘણી વાતો ચાલી. ખાસ કરીને બે જમાઈઓ ઘણા શિક્ષિત હોવાથી તેમણે આ બાબતમાં ઘણો રસ લીધો અને અનેક જાતના પ્રશ્નો પૂછયા.

બધું શાંત થઈ ગયું, એટલે શેઠશ્રીએ અમને ધન્યવાદ આપ્યા અને થોડી વારે તેઓ નિદ્રાને આધીન થયા.

એક વાર યુકત પ્રાંતના કેટલાક મહાનુભાવો સાથે આપણા સૂત્રો અને મંત્રો બાબત વાત નીકળતાં અમે જણાવ્યું કે 'લોગસ્સ સૂત્ર' પણ ભારે ચમત્કારિક છે. તેની નિત્ય ગણના કરવાથી મનુષ્યને ઘણો લાભ થાય છે. ત્યારે તેમાંના એક વૃદ્ધ મહાનુભાવે કહ્યું કે 'તમારી વાતમાં હું સંમત થાઉં છું. એક વાર હું આફતમાં મૂકાયો હતો, ત્યારે આપણા એક મુનિરાજ પાસે ગયો અને કંઈક ઉપાય બતાવવાની માગણી કરી. ત્યારે તેમણે કહ્યું : 'રોજ લોગસ્સની 'ચંદેસુ નિમ્મલયરા' ગાથાની એક માળા ગણજો, શ્વેત પુષ્પથી પ્રભુપૂજન કરજો અને બ્રહ્મચર્ય પાળજો. બધાં સારાં વાનાં થઇ જશે.' મને એ મુનિરાજમાં પૂર્ણ શ્રદ્ધા હતી, એટલે મેં તે મુજબ કર્યું અને હું એ આફતમાંથી પૂરેપૂરો ઉગરી ગયો. ત્યાર પછી બે ત્રણ વખત તેનો અનુભવ લીધેલો છે. ખરેખર એ ! ગાથામાં ઘણો ચમત્કાર રહેલો છે.

### ૯-ચોવીશ જિનોને મંત્રમય નમસ્કાર.

ચોવીશ જિનોને મંત્રમય નમસ્કાર કરવો હોય તો તેમનો પટ સામે રાખીને વાસક્ષેપની પૂજા કરતાં નીચેનાં પદો બોલવા જોઈએ:—

| | | | | |
|---|---|---|---|---|
| १ | ॐ | ह्रीँ | श्री | ऋषभदेवाय नमः ॥ |
| २ | ,, | ,, | ,, | अजितनाथाय नमः ॥ |
| ३ | ,, | ,, | ,, | सम्भवनाथाय नमः ॥ |
| ४ | ,, | ,, | ,, | अभिनन्दनाथ नमः ॥ |
| ५ | ,, | ,, | ,, | सुमतिनाथाय नमः ॥ |
| ६ | ,, | ,, | ,, | पद्मप्रभाय नमः ॥ |
| ७ | ,, | ,, | ,, | सुपार्श्वनाथाय नमः ॥ |
| ८ | ,, | ,, | ,, | चन्द्रप्रभाय नमः ॥ |
| ९ | ,, | ,, | ,, | सुविधिनाथाय नमः ॥ |
| १० | ,, | ,, | ,, | शीतलनाथाय नमः ॥ |
| ११ | ,, | ,, | ,, | श्रेयांसनाथाय नमः ॥ |
| १२ | ,, | ,, | ,, | वासुपूज्याय नमः ॥ |
| १३ | ,, | ,, | ,, | विमलनाथाय नमः ॥ |
| १४ | ,, | ,, | ,, | अनन्तनाथाय नमः ॥ |
| १५ | ,, | ,, | ,, | धर्मनाथाय नमः ॥ |
| १६ | ,, | ,, | ,, | शान्तिनाथाय नमः ॥ |
| १७ | ,, | ,, | ,, | कुन्थुनाथाय नमः ॥ |
| १८ | ,, | ,, | ,, | अरनाथाय नमः ॥ |
| १९ | ,, | ,, | ,, | मल्लिनाथाय नमः ॥ |
| २० | ,, | ,, | ,, | मुनिसुव्रताय नमः ॥ |
| २१ | ,, | ,, | ,, | नमिनाथाय नमः ॥ |
| २२ | ,, | ,, | ,, | नेमिनाथाय नमः ॥ |
| २३ | ,, | ,, | ,, | पार्श्वनाथाय नमः ॥ |
| २४ | ,, | ,, | ,, | महावीराय नमः ॥ |

આ વસ્તુ અનુભૂત છે, એટલે કે અમોએ વર્ષો સુધી તેનો અનુભવ લીધેલો છે અને આજે પણ તે અમારા પૂજા-પાઠનું એક મહત્ત્વનું અંગ છે.

જો આ રીતે નમસ્કાર કરતી વખતે ચોવીશે ય જિનની તે તે વર્ણમય મૂર્તિને મનઃપ્રદેશ પર અંકિત કરીએ તો પરિણામ વધારે સારું આવે છે.

ચોવીશ જિનના વર્ણો યાદ રાખવા માટે નીચેનું ચૈત્યવંદન ( પદ્યાત્મક સ્તુતિ ) ઉપયોગી છે :—

પદ્મપ્રભુ ને વાસુપૂજ્ય, દોયા રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહીએ. ૧
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નીરખા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા ૨
સોળે જિન કંચન સમા, એવા જિન ચોવીશ;
ધીરવિમલ પંડિત તણો, 'જ્ઞાનવિમળ' કહે શિષ્ય. ૩

આજે અનાનુપૂર્વી અને દર્શનચોવીશીનો પ્રચાર છે, તેમાં ચોવીશે જિનોની સુંદર છબીઓ હોય છે. આ છબીઓને પણ એક પછી એક નમસ્કાર કરી શકાય છે અને તે વખતે તેમના સદ્ભુત ગુણોનું કીર્તન કરતી કોઈ-પણ સ્તુતિ બોલી શકાય છે.

## પ્રકરણ દશમું

# મૂર્તિનું આલંબન

આરાધનામાં આગળ વધવા માટે, ઉપાસનામાં ઉજ્જ-વલતા લાવવા માટે કે ભક્તિમાં ભવ્યતાનો રંગ રેડવા માટે મૂર્તિ એક પુષ્ટ આલંબન છે; તેથી જ જૈન મહર્ષિઓએ તેની હિમાયત કરી છે અને પ્રતિદિન તેનાં દર્શન--પૂજન કરવાનો આદેશ આપ્યો છે.

કોઈ એમ કહેતું હોય કે અમે તો મૂર્તિના આલંબન વિના પણ આરાધનામાં આગળ વધી શકીએ તેમ છીએ, ઉપાસનામાં ઉજ્જવલતા લાવી શકીએ તેમ છીએ કે ભક્તિમાં ભવ્યતાનો રંગ રેડી શકીએ તેમ છીએ, તો માનવા જેવું નથી. એક અંધ મનુષ્ય એમ કહે કે 'હું લાકડીના ટેકા વિના પાંચ માઈલનો પંથ કાપી શકું તેમ છું' તો એ વાત કોણ માને? આપણે નજરે નિહાળીએ છીએ કે લાકડીના ટેકા વિના ચાલવા જતાં તે બિચારો આડા માર્ગે ચડી જાય છે, કોઈ વસ્તુ સાથે અથડાઈ પડે છે કે ખાડા—ખાબોચિયામાં ગબડી પડી પ્રાણાંત કષ્ટ ભોગવે છે. તાત્પર્ય કે આંધળાને માર્ગ કાપવા માટે લાકડીનો ટેકો—લાકડીનું આલંબન અવશ્ય જોઈએ, તેમ મોહ—માયાથી અંધ બનેલા મનુષ્યને ભવારણ્યનો પંથ સહીસલામત કાપવા માટે મૂર્તિનું—જિનમૂર્તિનું આલંબન અવશ્ય જોઈએ.

જ્ઞાનીઓએ કહ્યું છે કે 'જેઓ જિનમૂર્તિને-જિન-પ્રતિમાને સાક્ષાત્ જિન માનીને તેનાં દર્શન-પૂજન વગેરે કરે છે, તેમનો પાપપંક ધોવાય છે, તેમનામાં વિનય, વિવેક, ઔદાર્ય, અહિંસા, સંયમ, સદાચાર, તપ, તિતિક્ષા આદિ ગુણો પ્રકટે છે અને તેઓ અનુક્રમે પોતાનાં સર્વ કર્મોનો ક્ષય કરીને સંસારસાગરનો પાર પામી જાય છે.' શ્રીમદ્ દેવચંદ્રજીએ કહ્યું છે કે—

'અતિ દુસ્તર જે જલધિ સમો સંસાર જો,
તે ગોપદસમ કીધો પ્રભુ આલંબને રે લોલ !'

'જે સંસાર સાગરસમો અતિ દુસ્તર છે, તેને અમે પ્રભુના આલંબનથી-પ્રભુની મૂર્તિના આલંબનથી ગાયનાં પગલાં જેવો બનાવી દીધો.' તાત્પર્ય કે ઘણો ઓછો કરી નાખ્યો.

'મૂર્તિનું આલંબન ક્યાં સુધી ?' તેનો ઉત્તર એ છે કે 'જ્યાં સુધી સાધ્યની સિદ્ધિ ન થાય ત્યાં સુધી સાધનની જરૂર રહે છે, એટલે આત્મા નિરાલંબન ધ્યાનની દશા સુધી ન પહોંચે, ત્યાં સુધી તેણે મૂર્તિનું આલંબન લેવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો વીતરાગ દશા પ્રાપ્ત થાય ત્યારે મૂર્તિના આલંબનની જરૂર રહેતી નથી, પણ તે પૂર્વેની સર્વ ભૂમિકાઓમાં આલંબનની જરૂર રહે છે, તેથી કોઈએ એમ ન માનવું કે હું શાસ્ત્રો ભણ્યો, જ્ઞાની થયો, બહુશ્રુતમાં મારી ગણના થવા લાગી, એટલે મારે મૂર્તિનાં આલંબનની શી જરૂર ! અથવા હું અનેક

પ્રકારની તપશ્ચર્યા કરું છું, તેથી મારા આત્માની શુદ્ધિ થાય છે, પછી મારે મૂર્તિનું આલંબન લેવાની આવશ્યકતા શી ? ધ્યાનમાં પ્રગતિ કરવી હોય તો પણ મૂર્તિનાં આલંબનની જરૂર રહે જ છે. પ્રથમ સાલંબન ધ્યાન અને પછી નિરાલંબન ધ્યાન, એ ધ્યાનસિદ્ધિનો ક્રમ છે કે જેને સર્વ યોગવિશારદોએ માન્ય રાખેલો છે.

કેટલાક કહે છે કે 'મૂર્તિ તો સ્થાપના છે, એનું મહત્ત્વ શું ?' પણ આપણો લોકવ્યવહાર સ્થાપનાને પૂરેપૂરું મહત્ત્વ આપે છે. કોઈ સતી સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તો તે રોજ પોતાના પતિની છબીનાં દર્શન કરે છે. અથવા તો રાજાની ગેરહાજરીમાં તેની છબી, પાદુકા કે તલવારને પણ રાજા જેટલું જ માન આપવામાં આવે છે. શ્રી રામચંદ્રજી વનવાસમાં ગયા ત્યારે ભરતે સિંહાસનપર રામચંદ્રજીની પાદુકાઓ સ્થાપીને તેનું પૂજન કર્યું હતું. આજે ક્રોડો-અબજો રૂપિયાની ચલણી નોટો છપાય છે, તેમાં કાગળના ટુકડા પર રૂપિયાની સ્થાપના સિવાય બીજું શું છે ? શતરંજના મહોરામાં આ રાજા, આ મંત્રી, આ ઘોડો, આ ઊંટ, આ હાથી, આ પાયદલ એમ સ્થાપના જ કરવામાં આવે છે. આ રીતે બીજી પણ અનેક બાબતમાં મૂળ વસ્તુની ગેરહાજરીમાં તેની સ્થાપનાથી કામ ચલાવવામાં આવે છે, એટલે સ્થાપનાનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. શ્રી જિનેશ્વરદેવના વિરહમાં તેમની મૂર્તિ કે પ્રતિમા સ્થાપીને તેના પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ કે આદરમાનની લાગણી

દર્શાવીએ, તે મૂળ જિનેશ્વરદેવ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ કે આદર-માન બતાવ્યા બરાબર છે.

કેટલાક કહે છે કે 'શ્રી જિનેશ્વર દેવના વિરહમાં તેમનું નામ-સ્મરણ કરીએ કે તેમને નમસ્કાર કરીએ તે શું પૂરતું નથી કે મૂર્તિનું આલંબન લેવું પડે? વળી મૂર્તિ ગમે તેવી પણ જડ છે અને જડનાં દર્શન કરવાથી ચિત્તપ્રસાદ કે આત્મશુદ્ધિનો લાભ ન થાય, એ દેખીતું છે; તેથી મૂર્તિના આલંબનથી સર્યું.' પરંતુ તેમનું આ કથન ભૂલભરેલું છે. પ્રથમ તો પાપ-પંકથી ખરડાયેલા અને પ્રમાદથી ઘેરાયેલા મનુષ્યો નામ-સ્મરણ બહુ ઓછું કરે છે અને જે નામ-સ્મરણ કરે છે, તે બહુ સામાન્ય કોટિનું કરે છે. નમસ્કાર અંગે પણ તેમની સ્થિતિ આવી જ હોય છે, એટલે તેમણે વધારે સચોટ-વધારે અકસીર ઉપાય અજમાવવાની જરૂર રહે છે અને તે જ્ઞાનીઓના અભિપ્રાયથી મૂર્તિનું આલંબન છે.

બીજું, નામ કરતાં સ્થાપના વધારે બળવાન છે, એ ભૂલવાનું નથી. એક વસ્તુનું માત્ર નામ લઈએ તે કરતાં તેની આકૃતિ, તેનું ચિત્ર કે તેની મૂર્તિ જોઈ હોય તો તેનો સંસ્કાર આપણાં મન પર વધારે ઊંડો પડે છે અને તે આપણે સહેલાઇથી વિસરી શકતા નથી.

એ તો સહુએ જોયું જ હશે કે બાળકોને મૂળાક્ષરો શીખવવા માટે સચિત્ર નકશાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને પ્રારંભનાં પાઠ્ય પુસ્તકોમાં બને તેટલાં

વધુ ચિત્રો આપવામાં આવે છે, કારણ કે તેથી બાળકોને વસ્તુઓનો બોધ થવામાં ઘણી સહાય મળે છે.

વળી એ પણ સહુએ જોયું હશે કે કથા–વાર્તાનાં જે પુસ્તકો સચિત્ર હોય તે બાળકોની, વિદ્યાર્થીઓની, તેમજ પાઠકોની વધારે પસંદગી પામે છે, કારણ કે તેના વડે તેમને મહત્ત્વની ઘટનાઓનો તાદૃશ ચિતાર મળી રહે છે અને તેનાથી જ્ઞાનવૃદ્ધિ થતાં આનંદ આવે છે.

આજે વિજ્ઞાપન એટલે જાહેરાતની કળા ખૂબ વિકાસ પામી છે, તેમાં વસ્તુની છબીઓ, ચિત્રો કે આકૃતિઓ સિવાય બીજું શું હોય છે ?

ચિત્રો કરતાં પણ મૂર્તિ કે પ્રતિમા મનુષ્યના મનમાં વધારે ઘેરો સંસ્કાર પાડે છે. જેણે ઇલોરાનાં ગુફામંદિરો જોયાં હશે અને તેની કૈલાસગુફા આદિનું શિલ્પ બારીકાઈથી નિહાળ્યું હશે, તેને ખાતરી થશે કે મૂર્તિ અથવા પ્રતિમામાં ભાવોદ્દીપન કરવાની કેટલી શક્તિ રહેલી છે? યુરોપના પ્રસિદ્ધ શિલ્પકાર માઇકલ એન્જેલોએ બનાવેલી પ્રતિમાઓ જુઓ તો એમ જ લાગે કે જીવંત વ્યક્તિઓ સામે ઊભી છે અને તેમની સાથે વાતચીત કરીએ. ન્યુયોર્કના બારામાં દાખલ થનાર સહુથી પહેલાં શું જુએ છે? સ્વાતંત્ર્ય દેવીનું ૬૦ ફુટ ઊંચું પૂતળું. અને તે પ્રેક્ષકનાં મનમાં અમેરિકન લોકોની સ્વાતંત્ર્યભાવના માટે માનભર્યા વિચારો જગાડી જાય છે.

મુંબઈમાં બે વર્ષ પહેલાં વિશ્વશાંતિ જૈન આરાધના

સત્ર ઉજવાયું, ત્યારે નવ ગ્રહોની ભવ્ય મૂર્તિઓ બનાવવામાં આવી હતી. તે જોવાને રોજ હજારો લોકો દૂર દૂરથી આવતા હતા અને જોયા બાદ પોતાનું મસ્તક ડોલાવતા હતા. તેમણે આજ સુધી નવગ્રહ વિષે ઘણું ઘણું સાંભળ્યું હતું, પણ તેનું મૂર્ત સ્વરૂપ નજરે નિહાળ્યું ન હતું, તે અહીં જોવા મળ્યું, એ જ એમના આકર્ષણનું મુખ્ય કારણ હતું.

તાત્પર્ય કે ચિત્ર કરતાં પણ મૂર્તિ કે પ્રતિમામાં ભાવોદ્દીપન કરવાની શક્તિ ઘણા વધારે પ્રમાણમાં રહેલી છે અને તેથી જ જગતના પ્રત્યેક દેશમાં મહાપુરુષોનાં બાવલાં તથા કોઈ પ્રેરણાદાયક ઘટનાઓનું શિલ્પ બનાવીને જાહેર સ્થાનોમાં મૂકવામાં આવે છે. તેને જોઈને લોકો અનેક પ્રકારના બોધપાઠો ગ્રહણ કરે છે.

મૂર્તિનાં દર્શનને જડનાં દર્શન માનવા એ ભૂલભરેલું છે. મૂર્તિનાં દર્શન કરનારને એવી બુદ્ધિ હોતી નથી કે હું કોઈ જડ વસ્તુનાં દર્શન કરું છું. એ તો એમ જ માને છે કે હું સાક્ષાત્ પ્રભુનાં દર્શન કરું છું, એટલે તેને ચિત્તપ્રસાદ તથા આત્મશુદ્ધિ વગેરેનો લાભ અવશ્ય થાય છે. 'यादृशी भावना तादृशी सिद्धिः' એ સિદ્ધાંતનો શું કોઈ ઈનકાર કરી શકે તેમ છે?

જો આટલા ખુલાસાથી સંતોષ થતો ન હોય તો અમે આ મહાનુભાવોને પ્રેમપૂર્વક પૂછીએ છીએ કે તમારા ઘરમાં તમારા માતાપિતાનો કોઈ ફોટો છે ખરો? તેને

જોઈને તમને કેવી બુદ્ધિ થાય છે? શું એ વખતે તમે એમ માનો છો કે આ એક જડ કાગળ છે અને તેના પર રંગની આછી–ઘેરી છાયા પડેલી છે? નહિ, નહિ, એ ફોટાને જોઈને તમને એમ જ થાય છે કે 'આ મારી માતા છે,' 'આ મારા પિતા છે.' અર્થાત્ તમે એક જડ વસ્તુમાં માતૃત્વ અને પિતૃત્વનો આરોપ કરો છો અને તેના પ્રત્યે સાક્ષાત્ માતાપિતા જેટલું જ માન દર્શાવો છો.

કોઈ એમ કહેતું હોય કે 'એ ફોટામાં અમે માતૃત્વ–પિતૃત્વનો આરોપ કરતા નથી,' તો એ વાત તદ્દન ખોટી છે. કારણ કે કોઈ એ ફોટાને તોડી નાખે, ભાંગી નાખે કે કચરાની ટોપલીને સ્વાધીન કરે તો તરત તેમને રોષ આવે છે અને એ વ્યક્તિને મારવા દોડે છે કે અન્ય પ્રકારે શિક્ષા કરે છે. આ સૂચવે છે કે એમાં પોતે મનથી માતૃત્વ–પિતૃત્વનું આરોપણ કરેલું જ છે.

એક વાર અમારે કોઈ કામપ્રસંગે આર્યસમાજના કાર્યાલયમાં જવાનું થયું. ત્યાં આર્યસમાજના મંત્રીએ અમને જૈનધર્મી જાણીને કેટલીક ચર્ચા છેડી અને મૂર્તિપૂજા અંગે ટકોર કરવા માંડી. અમે કહ્યું : 'તમે મૂર્તિપૂજા નથી માનતા તેનું કારણ શું?' ત્યારે તેણે કહ્યું: 'શ્રી દયાનંદ સરસ્વતીએ એક વાર એક ઊંદરડાને શિવજીના લિંગ પર પેશાબ કરતાં જોયો, પણ શિવજીની મૂર્તિએ તેનો કંઈ પ્રતિકાર કર્યો નહિ, એટલે મૂર્તિમાં કંઈ સામર્થ્ય નથી, એ સિદ્ધ થયું અને તેમની મૂર્તિપૂજા પરથી શ્રદ્ધા ઉઠી ગઈ. આ હકીકત અનેક પુસ્તકોમાં છપાઈ છે.'

અમે કહ્યું: 'પ્રચારના આ જમાનામાં સહુ કોઈ પોતાનો પ્રચાર કરી શકે છે, તેમને રોકી શકાતા નથી. પણ કહો તો ખરા કે શ્રી દયાનંદ સરસ્વતીએ બાલ્યાવસ્થામાં તેમની માતાના ખોળામાં કે માતાના દેહ પર કેટલી વાર પેશાબ કર્યો હતો? એ વખતે માતાએ કંઈ પ્રતિકાર ન કર્યો, માટે તે સામર્થ્યહીન? અને શું શ્રી દયાનંદ સરસ્વતીએ એટલા જ માટે એમની માતાનો ત્યાગ કર્યો હતો ખરો? જો એનો જવાબ નકારમાં હોય તો ઊંદરડો શિવજીનું બચ્ચું છે, તે એમનાં લિંગ પર રમે કે પેશાબ કરે તેથી શું? એટલા કારણે મૂર્તિને સામર્થ્યહીન માની લેવી અને એના આધારે અતિ પ્રાચીન કાળથી ચાલી આવતી સમસ્ત મૂર્તિપૂજાની પ્રથાને નિરર્થક ઠેરવવી એ કયાંનો ન્યાય? મૂર્તિનું ખરું સામર્થ્ય ઉપાસકના મનમાં ભાવોદ્દીપન કરવાનું છે અને તે કાર્ય તો એ કરે જ છે.

વળી મૂર્તિપૂજાની વિરૂદ્ધ તમે બાંયો ચડાવી છે અને મનફાવતું બોલો છો, પણ તમે પોતે મૂર્તિપૂજાને છોડી નથી, તેનું કેમ?

પેલાએ કહ્યું: 'બિલકુલ ખોટી વાત! અમે તો મૂર્તિનો છાંયો પણ લેતા નથી, પછી તેને પૂજવાની વાત કયાં રહી?'

અમે કહ્યું: 'આ તો ચોરી અને વળી શિરજોરી' જેવો ઘાટ છે. તમે આ ભગવી ટોપી પર ૐકાર ચિતર્યો

છે, તે શું સમજીને ચિતર્યો છે? શું એ એક પ્રકારની મૂર્તિ નથી? એક વસ્તુને મૂર્ત આકાર આપવો, એ તેની મૂર્તિ. તમે એ ૐકારને પવિત્ર માનો છો, તો એમાં પવિત્રતા ક્યાંથી આવી? એ તો આડી–અવળી જડરેખાઓનું એક પ્રકારનું સંયોજન છે. જો તમે ખરેખર મૂર્તિ-પૂજાના વિરોધી હો તો આવાં ચિત્રો ચિતરતાં બંધ થવું જોઈએ. પણ તમે આટલેથી અટક્યા નથી, બલ્કે આગળ વધ્યા છો અને શ્રી દયાનંદ સરસ્વતીની મોટી મોટી છબીઓ તૈયાર કરાવી તેને આર્યસમાજનાં દરેક સ્થાનમાં લટકાવો છો. અહીં પણ એવી એક છબી મારી નજરે દેખાય છે. શું તમે આ છબીને સાક્ષાત્ શ્રી દયાનંદ સરસ્વતી હોય એવી દૃષ્ટિએ નથી જોતા? બરાબર વિચારીને જવાબ આપો.'

પેલો અમારું આ દલીલભરેલું લાંબું વક્તવ્ય સાંભળીને ઠંડો તો પડી જ ગયો હતો, છતાં 'મીયાં પડ્યા પણ ટાંગ ઊંચી' એ ન્યાયે કહેવા લાગ્યો કે 'અમે તો એને માત્ર ચિત્ર માનીએ છીએ, કંઈ સાક્ષાત્ દયાનંદ સરસ્વતી માનતા નથી.'

અમે કહ્યું : 'વારુ!' અને અમારી ચંપલ હાથમાં લઈને જણાવ્યું કે જો અમે આ ચંપલનો એ ચિત્ર પર ઘા કરીએ તો તમને કંઈ દુઃખ તો નહિ થાય ને?

પેલાએ કહ્યું : 'એના પર ઘા કરી જુઓ એટલે



શ્રી જિનેશ્વર દેવની
બેઠેલી તથા ઊભેલી પ્રતિમાઓ
—શ્રી પાર્શ્વનાથ મંદિર, દેલવાડા-આબૂ



સમવસરણસ્થ જિનપ્રતિમા

—દેલવાડા—આબૂ

ખબર પડે.' અર્થાત્ તમને અહીંથી સાજા પાછા જવા ન દઈએ.

અમે કહ્યું : 'અમારું મગજ ઠેકાણે છે, અમે આવું કોઈ અનુચિત કાર્ય કરવા ઇચ્છતા નથી; પણ તમે એને ચિત્ર માનો છો કે સાક્ષાત્ દયાનંદ સરસ્વતી માનો છો, તેની ખાતરી કરાવવા જ આટલું બોલ્યા છીએ. શ્રી દયાનંદ સરસ્વતી આ દેશના એક શક્તિસંપન્ન પુરુષ હતા અને તેમણે લોકોમાં દેશદાઝ જગાડવા તથા બીજા સુધારા કરવા ઘણો સારો પ્રયાસ કર્યો હતો, પણ તેમણે કેટલીક બાબતોમાં ગંભીર ભૂલ ખાધી હતી. મૂર્તિપૂજાનો વિરોધ એ તેમાંની જ એક વસ્તુ છે. વળી તેમણે સત્યાર્થ-પ્રકાશમાં જૈન ધર્મનું જે ખંડન કર્યું છે, તે વાહિયાત છે. તેઓ જૈન ધર્મના સિદ્ધાંતોને બરાબર સમજ્યા ન હતા, અથવા તો તેમણે જાણીબુઝીને• જૈન ધર્મના સિદ્ધાંતોને વિકૃતરૂપે રજૂ કર્યા હતા અને તેનું ખંડન કર્યું હતું. અસ્તુ! આમ છતાં અમે તો એટલું જ ઇચ્છીએ છીએ કે તમે અંધારામાંથી અજવાળા પ્રત્યે જાઓ અને સત્યનો અર્થ-સત્યનો પ્રકાશ મેળવી તમારું તથા અન્યનું કલ્યાણ કરો.'

અહીં અમારી ચર્ચા પૂરી થઈ અને કામ પતાવી પાછા આવ્યા.

મૂર્તિપૂજકવિરોધી અન્ય સંપ્રદાયોની સ્થિતિ પણ આવી જ છે. તેઓ મૂર્તિપૂજાની વિરુદ્ધ પ્રચાર કરવા છતાં આકૃતિ, ચિત્ર, સ્થાપના વગેરેનો એક યા બીજા પ્રકારે

સ્વીકાર કરે છે. મુસલમાનો મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી ગણાય છે, તેઓ પણ પત્થરની બનેલી મસ્જીદોને પવિત્ર માને છે અને હજ કરવા જાય છે, ત્યાં એક કાળા પથ્થરને ચુંબન કરી કૃતાર્થ થાય છે.

કેટલાંક વર્ષ પહેલાં મુંબઈમાં કોઈએ વિકટોરિયા રાણીના શ્વેત બાવલાના મુખ પર એવો કાળો પદાર્થ લગાડી દીધો હતો કે જે સામાન્ય ઉપાયથી જાય જ નહિ. આથી હાહાકાર મચી ગયો હતો અને ગુનેગારને પકડી લાવવા માટે મોટું ઈનામ કઢાયું હતું. શા માટે? એ તો પત્થરનું પૂતળું હતું! તેના મોઢા પર કાળો પદાર્થ લગાડી દીધો, એથી શું થયું? પણ ના, એને સાક્ષાત્ વિકટોરિયા રાણીનું જ અપમાન માનવામાં આવ્યું હતું અને તેથી જબ્બર ઉશ્કેરાટ ફેલાયો હતો.

જડ પ્રતિમાનું આલંબન લેવાથી ચિત્તપ્રસાદ તથા આત્મશુદ્ધિ વગેરેનો લાભ થાય નહિ, એમ માનનારે મહાભારતમાં વર્ણવેલા એકલવ્યનું દૃષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે.

એકલવ્ય જાતનો ભીલ હતો, પણ તેને ઉત્તમ પ્રકારની બાણવિદ્યા શીખવી હતી અને એવી વિદ્યા એ વખતે માત્ર દ્રોણાચાર્ય જ શીખવી શકે એમ હતા, પરંતુ દ્રોણાચાર્યે તેનો શૂદ્ર જાણીને શિષ્ય તરીકે સ્વીકાર કર્યો નહિ. 'હવે શું કરવું?' ખૂબ વિચાર કરતાં તેને એક ઉપાય સૂઝ્યો, તે એ કે 'દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી તેની પૂજા કરવી અને તેની આગળ વિનયપૂર્વક બાણવિદ્યાનો અભ્યાસ

કરવો.' એ ઉપાય અમલમાં મૂકતાં બાણવિદ્યામાં પ્રગતિ થવા લાગી અને આખરે તે અર્જુનનો સમોવડિયો બન્યો.

દ્રોણાચાર્યે એકલવ્યની બાણવિદ્યાની ભારે પ્રશંસા સાંભળી, એટલે તે આશ્ચર્ય પામ્યાઃ 'તેને આવી ઉત્તમ પ્રકારની બાણવિદ્યા કોણે શીખવી?' પછી તેમણે એકલવ્યને પોતાની પાસે બોલાવી વાત પૂછી. એકલવ્યે પ્રણામ કરીને કહ્યું: 'પૂજ્ય ગુરુદેવ! એ આપની જ કૃપાનું ફળ છે,' પણ દ્રોણાચાર્યના ગળે એ વાત કેમ ઉતરે? તેમણે કહ્યું: 'એ વાત માનવા યોગ્ય નથી. મેં તને વિદ્યા ક્યાં આપી છે?' ત્યારે એકલવ્ય તેમને જંગલમાં લઈ ગયો અને પોતે જે પ્રતિમાનું પૂજન કરતો હતો, તે બતાવીને કહ્યું કે 'જુઓ, આપ અહીં સાક્ષાત્ બિરાજતા હતા અને તમારી પાસેથી પ્રેરણા મેળવીને જ મેં આ બાણવિદ્યાનો—ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો છે.' આથી દ્રોણાચાર્યને ખાતરી થઈ કે એકલવ્યનું કહેવું સાચું હતું.

વર્તમાન કાલમાં પણ આવાં ઉદાહરણોની ખોટ નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસ કાલી માતાની મૂર્તિ આગળ બેસી રહેતા અને જાણે જીવતી માતા સામે બેઠી હોય તેમ 'મા મા' કહીને પોકારતા. તેમણે એ મૂર્તિના આલંબનથી અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવી હતી, એ બીના જગજાહેર છે.

શ્રી જિનેશ્વર દેવની મૂર્તિ જોઈને ભાવિકનાં હૈયાં હરખે છે અને તેમાં શુભ ભાવોની ભરતી થવા લાગે છે.

આમ છતાં કોઈ એમ કહેતું હોય કે અમને આવો કશો અનુભવ થતો નથી, તો ત્યાં મૂર્તિની નિરર્થકતા નહિ પણ તેમની ભાગ્યદશા મોળી સમજવી, તેમની કર્મબહુલતાને જવાબદાર ગણવી. અહીં અમને સંસ્કૃત ભાષાનું એક સુભાષિત યાદ આવે છે:

पत्रं नैव यदा करीरविटपे दोषो वसन्तस्य किम् ?
उल्लूको न विलोक्यते यदि दिवा सूर्यस्य किं दूषणम् ? ।
वर्षा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणम् ?
यद् भाग्यं विधिना ललाटलिखितं दैवस्य किं दूषणम् ? ॥

વસંત ઋતુનું આગમન થતાં બધાં વૃક્ષોને નવાં પાન આવે છે, પણ કેરડાને આવતાં નથી. ત્યાં શું વસંત ઋતુનો દોષ સમજવો ? સૂર્યનો ઉદય થતાં અંધારું નાશ પામે છે અને બધા પ્રાણીઓ જોવાને શક્તિમાન થાય છે, પણ એ વખતે ઘૂવડ દેખી શકતો નથી. ત્યાં શું સૂર્યનો દોષ સમજવો ? મેઘ વરસવા લાગે છે અને સર્વત્ર પાણી પડે છે, પણ ચાતક પક્ષીના મુખમાં તેનાં થોડાં બુંદ પણ જતાં નથી. ત્યાં શું મેઘનો દોષ સમજવો ? અને વિધિ તો સહુના કર્મ અનુસાર લલાટમાં લેખો લખે છે અને તેનું ફળ પ્રાણીઓને ભોગવવું પડે છે, ત્યાં શું દૈવનો દોષ સમજવો ? તાત્પર્ય કે તેમાં વસ્તુનો પોતાનો જ દોષ છે, અન્યનો નહિ.

કેટલાક કહે છે કે 'જડ મૂર્તિમાં ભાવારોપણ કરી શકાય અને તેની સાથે જીવતા જેવો જ વ્યવહાર કરી

શકાય, એ અમે માનીએ છીએ, પણ તેના નિમિત્તે કોઈ પણ પ્રકારની હિંસા થવી ન જોઈએ. શું 'જૈન ધર્મ અહિંસાના પાયા પર રચાયેલો નથી ?' તેનો ઉત્તર એ છે કે 'જૈન ધર્મ અહિંસાના પાયા પર રચાયેલો છે, પણ તેણે અહિંસાનું જે સ્વરૂપ માન્યું છે, તે આપણે બરાબર લક્ષમાં રાખવું જોઈએ.

તત્ત્વાર્થાધિગમસૂત્રમાં કહ્યું છે કે 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा–પ્રમત્તયોગમાં રહેલા આત્મા વડે જીવોની જે હિંસા થાય તેને હિંસા સમજવી.' આનો ફલિતાર્થ એ છે કે અપ્રમત્ત યોગમાં રહેલા આત્માઓને પણ હલન–ચલનાદિ કેટલીક ક્રિયાઓ કરવી પડે છે અને તેથી અમુક પ્રાણીઓના પ્રાણનું વ્યપરોપણ અવશ્ય થાય છે, પણ ત્યાં પ્રમત્તયોગ–પ્રમાદ નહિ હોવાથી કર્મનું બંધન થતું નથી. એટલે કે એ દેખાવ માત્રની હિંસા છે, સ્વરૂપ હિંસા છે, તેથી તેનો નિષેધ ફરમાવવામાં આવ્યો નથી. જો એવો નિષેધ ફરમાવવામાં આવે તો ગમનાગમનાદિ કોઈપણ ક્રિયા થઈ શકે નહિ અને ગુરુઓને વાંદવા તથા ઉપદેશ સાંભળવા જવું, સાધર્મિકોની ભક્તિ કરવી, દીક્ષા–મહોત્સવોમાં ભાગ લેવો વગેરે બધી જ ધાર્મિક ક્રિયાઓ બંધ થઈ જાય અને તેનું પરિણામ ઘણું અનર્થકારી આવે.

કેટલાક કહે છે કે 'મૂર્તિપૂજા મહત્ત્વની હોય તો તેનો જિનાગમોમાં ઉલ્લેખ કેમ નથી ?'

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે 'મૂર્તિપૂજા અતિ મહ-

ત્ત્વની છે અને તેના ઉલ્લેખો જૈનાગમોમાં અનેક સ્થળે આવે છે. ભગવતીસૂત્રના વીશમા શતકમાં જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ નંદીશ્વર દ્વીપ વગેરેમાં યાત્રા કરવા જાય છે, તેનું વર્ણન આવે છે; વળી તુંગિયા નગરીના શ્રાવકોએ જિનપ્રતિમા પૂજી એનું વર્ણન પણ તેમાં જ કરેલું છે. રાયપસેણીય સૂત્રમાં સૂર્યાભદેવે અને જીવાભિગમ સૂત્રમાં વિજયદેવે પ્રતિમા પૂજ્યાનો અધિકાર છે અને જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીએ જિનપ્રતિમાનું પૂજન કર્યાની હકીકત સ્પષ્ટ અક્ષરોમાં જણાવેલી છે. આ રીતે બીજા પણ અનેક સૂત્રમાં જિનપ્રતિમાનું પૂજન કર્યાના પાઠો આવે છે કે જેની વિસ્તૃત નોંધ ‘ मूर्तिपूजा का प्राचीन इतिहास ’ નામક બૃહદ્ ગ્રંથમાં મુનિશ્રી જ્ઞાનસુંદરજીએ કરેલી છે.

જો મૂર્તિપૂજા મહત્ત્વની ન હોય તો આટલી મૂર્તિઓ, આટલાં મંદિરો અને આટલાં તીર્થો અસ્તિત્વમાં આવે શી રીતે? આ બધું કંઈ એકાએક ઊભું થઈ ગયું નથી, થઈ શકે નહિ. પ્રાચીન કાળથી મૂર્તિપૂજાની પરંપરા ચાલી આવતી હતી, માટે જ તેનું નિર્માણ થયું અને તે આજપર્યંત ચાલુ રહ્યું.

ભારતીય ઇતિહાસના જાણીતા વિદ્વાન્ શ્રી રાખાલદાસ બેનર્જીએ પ્રાચીન સાહિત્યનું અવલોકન કર્યા પછી એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે ‘ આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈન ધર્મમાં મૂર્તિપૂજા વિદ્યમાન હતી.’

પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસી શ્રીમાન્ કેશવ હર્ષદ

ધ્રુવે પણ જાહેર કરેલું છે કે 'કલિંગના શિલાલેખથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આજથી ૨૩૦૦–૨૫૦૦ વર્ષ પૂર્વે પણ જૈનોમાં મૂર્તિપૂજાનો વ્યાપક પ્રચાર હતો.'

પરંતુ હવે તો કાશી વિશ્વવિદ્યાલયવાળા ડૉ. પ્રાણ-નાથ વિદ્યાલંકારને સૌરાષ્ટ્રમાંથી એક એવું તામ્રપત્ર મળી આવ્યું છે કે જે ૨૮૦૦ વર્ષથી પણ વધારે પુરાણું છે અને જેમાં શ્રી ગિરનાર તીર્થ પર આવેલા શ્રી અરિષ્ટનેમિ ભગવાનના મંદિરને અમુક ગામ ભેટમાં આપ્યાનો ઉલ્લેખ છે. વળી મોહન-જો-ડરો વગેરેમાંથી મળી આવેલી પ્રાચીન મુદ્રાઓ વગેરે પણ જૈનોમાં મૂર્તિપૂજા ઘણા પ્રાચીનકાળથી પ્રચલિત હોવાનું પૂરવાર કરે છે.

આમ જ્યારે મૂર્તિપૂજા યુક્તિયુક્ત છે, શાસ્ત્રસંમત છે અને પ્રાચીન પણ છે, ત્યારે તેની વિરુદ્ધમાં સૂર કાઢવો એ ક્યાં સુધી ઉચિત છે? તે સુજ્ઞજનોએ વિચારી લેવું.

અહીં જિનમૂર્તિની સુંદરતા વિષે પણ બે શબ્દો કહેવા જોઈએ. કેટલીક દેવમૂર્તિનાં નેત્રો અતિ ભયંકર હોય છે અને હમણાં કોઈનો સંહાર કરી નાખશે, એવી ઉગ્રતાને પ્રકટ કરનારા હોય છે, ત્યારે જિનમૂર્તિનાં બંને નેત્રોમાં પ્રશમરસ ભરેલો હોય છે, અર્થાત્ નિર્વિકલ્પ–ઉદાસીન–વીતરાગદશાની પરમ શાંતિ દૃષ્ટિગોચર થાય છે. કેટલીક દેવમૂર્તિઓના મુખ વિકરાળ હોય છે, હાસ્યાદિ ચેષ્ટાથી યુક્ત હોય છે અથવા તો વિષાદની ઘેરી છાયાવાળા હોય છે, ત્યારે જિનમૂર્તિની મુખમુદ્રા પ્રસન્ન હોય છે,

અર્થાત્ તેમાં રાગ અથવા દ્વેષની છાયા જણાતી નથી. કેટલીક દેવમૂર્તિના ખોળામાં કે તેની નજીક સ્ત્રીની મૂર્તિ હોય છે કે જે પ્રકટપણે રાગનું ચિહ્ન છે, ત્યારે જિન-મૂર્તિના ખોળામાં કે તેની નજીક સ્ત્રીની મૂર્તિ હોતી નથી, અર્થાત્ તેમાં સાચા ત્યાગ–વૈરાગ્યનો ભાવ સ્પષ્ટ દેખાય છે. અને કેટલીક દેવમૂર્તિઓના હાથમાં નાના પ્રકારનાં શસ્ત્રો હોય છે કે જે સંહારવૃત્તિને સૂચવનારાં છે, ત્યારે જિનમૂર્તિના હાથમાં કોઈ પ્રકારનું શસ્ત્ર હોતું નથી; અર્થાત્ તે અહિંસા અને અભયની વૃત્તિનો પરિચય આપે છે. શું આવી વીતરાગતાભરી સુંદર મૂર્તિ નિત્ય-નિયમિત દર્શન–પૂજનને યોગ્ય નથી ?

શ્રી મંડન સૂત્રધારે રૂપાવતારના સાતમા અધ્યાયમાં નીચેનો શ્લોક લખ્યો છે :

मुक्त्यर्थे विश्वमेतद् भ्रमति च बहुधा देवदैत्याः पिशाचा,
रक्षो गन्धर्वयक्षो नरमृगपशवो नैव मुक्तिं विजग्मुः ।
एक श्रीवीतरागः परमपदसुखे मुक्तिमार्गे विलीनो,
वन्द्यस्तेनाद्यजैनः सुरगणमनुजैः सर्वसौख्यस्य हेतुः ॥७४॥

'આ વિશ્વ બહુધા મુક્તિને અર્થે ભ્રમણ કરતું જણાય છે; પરંતુ તેમાંના દેવો, દૈત્યો, પિશાચો, રાક્ષસો, ગંધર્વો યક્ષો, મનુષ્યો, મૃગો કે અન્ય પશુઓ તેમની આકૃતિ–મૂર્તિ પરથી મુક્તિમાં ગયા હોય એવું જણાતું નથી. માત્ર એક શ્રી વીતરાગની મૂર્તિ પરમપદનું સુખ આપનાર મુક્તિ-માર્ગમાં વિલીન થઈ હોય એવું લાગે છે. તેથી સર્વ સુખના હેતુરૂપ આદ્યદેવ એટલે શ્રી ઋષભદેવની મૂર્તિ દેવતાઓના સમૂહ અને મનુષ્યો વડે વંદવાને યોગ્ય છે.'

એક જૈનેતર કલાકારના મુખમાંથી નીકળેલા આ શબ્દો શું સૂચવે છે? ખરેખર! જેને મોક્ષસુખની અભિલાષા છે કે વીતરાગતા કેળવવાનો મનોરથ છે, તેમણે તો આવી નિર્વિકાર સુંદર જિનમૂર્તિનું જ આલંબન લેવું જોઈએ.

જિનમૂર્તિ ભવસાગર તરવાનું એક અમોઘ સાધન હોઈને તેના નિર્માણ અને પ્રતિષ્ઠામાં અનંત પુણ્ય મનાયેલું છે. શ્રી હરિભદ્રસૂરિ આદિ આચાર્યોએ તો સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પુણ્યના યોગે મનુષ્યની પાસે ધન-વૃદ્ધિ થાય તો તેણે એ ધનને શુભ માર્ગે વાપરવાનો સંકલ્પ કરવો જોઈએ અને તેમાં પ્રથમ પસંદગી જિન-મૂર્તિને આપવી જોઈએ; તાત્પર્ય કે તેણે શ્રી જિનેશ્વરદેવની નાની મોટી સુંદર મૂર્તિઓ નિર્માણ કરાવવી જોઈએ.

આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવના સમયમાં શ્રી ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત પર ચોવીશ જિનની મણિમય મૂર્તિઓ બનાવી હતી. તે જ રીતે અન્ય તીર્થંકરોના સમયમાં અનેક રાજા–મહારાજાઓએ જિનમૂર્તિઓ ભરાવવામાં ગૌરવ માન્યું હતું. ઐતિહાસિક કાળમાં સંપ્રતિ, ખારવેલ, આમ, કુમારપાળ વગેરેનાં નામો મૂર્તિનિર્માણ માટે પ્રસિદ્ધ છે. વળી અનેક ગૃહસ્થોએ પણ જિનબિંબો મોટા પ્રમાણમાં ભરાવ્યાના ઉલ્લેખો મળી આવે છે. ગુજ-રાતના ગૌરવનું રક્ષણ કરનાર મહામંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળે અન્ય સત્પ્રવૃત્તિની સાથે જિનબિંબો ભરાવવાનું

કામ પણ ઉપાડી લીધું હતું અને સવા લાખ નવાં જિન-બિંબો ભરાવ્યાં હતાં. વર્તમાન કાલે પણ ભાગ્યશાળીઓ નવાં જિનબિંબો ભરાવવામાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરે છે.

જિનમૂર્તિ ઉત્તમ પ્રકારની માટી, નિર્મળ પાષાણશિલા, ચંદન, હાથીદાંત, સુવર્ણ, ચાંદી, પિત્તળ તથા વિવિધ પ્રકારના રત્નોની પણ બનાવી શકાય છે.

ઐતિહાસિક ઉલ્લેખો પરથી જાણી શકાય છે કે ઓરિસાના કુમારગિરિ પર્વત પર આવેલા જિનમંદિરમાં શ્રી ઋષભદેવની વિશાળકાય સુવર્ણપ્રતિમા હતી. કલિંગરાજ ચંડરાયના સમયમાં પાટલીપુત્રનો પરમ ધનલોભી આઠમો નંદ રાજા ચડાઈ કરીને આ મૂર્તિ ઉઠાવી ગયો હતો, પરંતુ પાછળથી કલિંગરાજ ખારવેલે મગધનરેશ પુષ્યમિત્રને યુદ્ધમાં હરાવી એ સુવર્ણપ્રતિમા પાછી મેળવી હતી. થોડા વર્ષ પહેલાં એક પુરાતન વસ્તુઓનો સંગ્રહ કરનારે જણાવ્યું હતું કે આજે પણ એ સુવર્ણપ્રતિમા ઓરિસામાં એક સ્થળે છૂપાયેલી છે અને આજના ભાવે વીશથી પચીશ લાખ રૂપિયાની કિંમતની થાય છે. જૈન સમાજે તે અંગે પૂરતી તપાસ કરવી ઘટે છે.

રત્નની પ્રતિમાઓ આજે પણ લખનૌ વગેરેના શ્વેતામ્બર મંદિરોમાં, તેમજ મૂડબિદ્રી વગેરેના દિગમ્બર મંદિરોમાં જોઈ શકાય છે. તેમાં મૂડબિદ્રીનો વિશેષ ઉલ્લેખ કરવો જોઈએ, કારણ કે ત્યાં વિવિધ પ્રકારના રત્નોની ૩૦

જેટલી પ્રતિમાઓ છે કે જેની કિંમત ક્રોડો રૂપિયાની થવા જાય છે. એ પ્રતિમાઓને જોતાં જ આપણા મનમાં પ્રશ્ન ઉઠે છે કે આવાં રત્નો ક્યાંથી પ્રાપ્ત થયાં હશે ? અમે આજથી દશ–બાર વર્ષ પહેલાં આ મૂર્તિઓનાં દર્શન કર્યાં, ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ત્રણ–ત્રણ ચાર–ચાર ઇંચના માણેક, નીલમ, શનિ વગેરે. અમે માનીએ છીએ કે આવાં રત્નો તો આજે કોઈ રાજભંડારમાં પણ નથી. અને કદાચ કોઈ મહાન રાજ્ય આવાં રત્નો એકઠાં કરવાનો સંકલ્પ કરે તો પણ સેંકડો વર્ષ વીતી જાય, કારણ કે આવાં મહાન રત્નો ધરતીના પડમાંથી કયારેક જ સાંપડે છે. અમે ત્યાંના પૂજારીઓ તથા વૃદ્ધ પુરુષોને પૂછયું, તે પરથી એટલું જાણી શકયા કે અહીંના ધર્મ-શ્રદ્ધાળુ શ્રાવકો મોટા ભાગે વહાણવટું ખેડતા હતા અને વ્યાપાર અર્થે દૂરદૂરના દેશોમાં જતા હતા. ત્યાં અઢળક ધન કમાતાં રત્નો ખરીદ્યાં અને તે અહીં આવીને શ્રી જિનેશ્વર દેવનાં ચરણે ધરી દીધાં. તેની આ મૂર્તિઓ બની. ખરેખર ! ભક્તિ આગળ ધન કોઈ વિસાતમાં નથી. તેનો જેટલો ઉપયોગ કરીએ, તેટલો ઓછો જ છે. જિનોપાસનાનો પ્રવાહ અખંડ ધારાએ ચાલુ રહેવામાં જિન–મૂર્તિઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એમ કહીએ તો જરા પણ અત્યુક્તિ નથી.

જિનમૂર્તિઓ કેમ બનાવવી ? તેનું વર્ણન ઠક્કર ફેરુએ વત્થુસાર ( વાસ્તુસાર–પ્રકરણ ) ના બીજા પ્રકરણમાં

વસ્તારથી કરેલું છે. તે સિવાય મંડન સૂત્રધારકૃત રૂપાવતારમાં, વિશ્વકર્મારચિત દીપાર્ણવમાં, ભુવનદેવાચાર્યકૃત અપરાજિતપૃચ્છામાં તથા માનસાર આદિ ગ્રંથોમાં પણ પ્રાપ્ત થાય છે.

જિનમૂર્તિઓ પદ્માસન કે અર્ધ પદ્માસને બેઠેલી, તેમજ કાયોત્સર્ગાવસ્થામાં ઊભેલી પણ હોય છે, આ બંને મૂર્તિઓ એક સરખી વંદનીય–પૂજનીય છે.

કેટલીક જિનમૂર્તિઓ પરિકરવાળી હોય છે, એટલે કે તેની બંને બાજુ તથા ઉપર વિશિષ્ટ પ્રકારનું શિલ્પ હોય છે અને તેમાં છત્ર, તોરણ, ચામરધારી ઈન્દ્રો, માલા ધારણ કરનાર તથા વાજિંત્રો વગાડનાર દેવો, તેમજ કાઉસ્સગ્ગ અવસ્થાએ ઊભેલી જિનપ્રતિમાઓ વગેરે હોય છે. આ પરિકર બનાવવામાં કલાકારો પોતાની કલાનો છૂટથી ઉપયોગ કરે છે, એટલે તે અતિ મનોહર લાગે છે.

અહીં એ પણ જણાવવું જોઈએ કે જેમ યંત્રાદિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે અને ત્યારથી તેમાં ચમત્કારિક તત્ત્વ દાખલ થાય છે, તેમ મૂર્તિમાં પણ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે અને ત્યારથી તેમાં ચમત્કારિક તત્ત્વ દાખલ થાય છે. જૈન પરંપરામાં આ પ્રાણપ્રતિષ્ઠાના વિધિને અંજનશલાકાનો વિધિ કહેવામાં આવે છે, કારણ કે તેમાં શલાકા (સળી) વડે મૂર્તિને અંજન કરવામાં આવે છે. આ વિધિ થયા પછી મૂર્તિને મંદિરમાં સ્થાપવામાં આવે છે અને તે વંદનીય તથા પૂજનીય ગણાય છે.

છેવટે જિનમૂર્તિની ભવ્યતાનો એક શ્લોક રજૂ કરીને આ પ્રકરણ પૂરું કરીશું.

किं कर्पूरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयम् ,
किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलिमयम् ।
विश्वानन्दमय महोदयमय शाभामयं चिन्मयम् ,
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद् भवाऽऽलम्बनम् ॥

'શું આ તે માત્ર કર્પૂરની બનેલી છે કે ચંદ્રના નિર્મલ કિરણોને એકત્ર કરીને બનાવેલી છે? શું આ તે જગત્‌ના સર્વ લાવણ્યને એકઠું કરીને ઘડેલી છે કે મહામણિઓનો સાર લઈને નિર્માણ કરેલી છે? અથવા તો આ કરુણાદેવીની ક્રીડાથી યુક્ત છે અને સમસ્ત આનંદમય, મહોદયમય, શોભામય તથા ચિત્‌શક્તિથી વિરાજિત છે. વિશેષ શું? શુકલ ધ્યાનમાં મગ્ન બનેલી શ્રી જિનેશ્વર દેવની મૂર્તિ ભવસાગરમાં પડી રહેલા પ્રાણીઓને આલંબન રૂપ થાઓ.'

## પ્રકરણ અગિયારમું

## મંદિર અંગે કિંચિત્

ચંદ્ર વિના રાત્રિ શોભતી નથી; કમળ વિના સરોવર શોભતું નથી; ને નાક વિના મુખ શોભતું નથી. વધારે સ્પષ્ટ કહીએ તો એક ગામ કે નગરને જેટલી જરૂર જલાશયની છે, જેટલી જરૂર શાળા અને દવાખાનાઓની છે, તેટલી જ જરૂર, બલ્કે તેથી પણ વધારે જરૂર ધર્મસ્થાનકોની છે, મંદિરોની છે. જલાશય જોઈતું જળ પુરું પાડે છે; વેપારીઓના હાટ અનાજ, કરિયાણાં, ઘી, તેલ, શાક–ભાજી વગેરે પૂરાં પાડે છે; શાળાઓ બાળકોને વ્યાવહારિક શિક્ષણ આપે છે તથા દવાખાનાઓ રોગીઓની ચિકિત્સા કરે છે; તે જ રીતે ધર્મસ્થાનકો અને મંદિરો લોકોની ભાવના શુદ્ધ રાખે છે અને તેમનામાં કર્તવ્યબુદ્ધિ જાગૃત કરે છે.

પ્રાચીનકાળમાં કોઈ પણ નગર વસાવવાનું નક્કી થતું, ત્યારે આ વસ્તુ ખાસ લક્ષમાં રાખવામાં આવતી અને તેથી લોકોને ઘણો લાભ થતો. ખાસ કરીને દક્ષિણ ભારતમાં તો પ્રથમ વિશાળ મંદિર બાંધવામાં આવતું અને તેની આસપાસની જગામાં લોકોને વસાવવામાં આવતાં. વળી નગરનાં નામો પણ મોટા ભાગે એ દેવમંદિર પરથી જ આપવામાં આવતાં. દાખલા તરીકે આજે જેને ત્રિચિના-

પલ્લી કહેવામાં આવે છે, તેનું મૂળ નામ ત્રિજિનપલ્લી હતું. એટલે કે ત્યાં ત્રણ જિનમંદિરનો સુંદર સમૂહ હતો. રામેશ્વરમ્ વગેરે નામો પણ એવી રીતે જ પડેલાં છે.


ભારતીય સંસ્કૃતિ એ વાસ્તવિકતાએ મંદિરની જ સંસ્કૃતિ છે. તેનાથી પ્રભુભક્તિને વેગ મળ્યો; ધર્મબુદ્ધિ જાગૃત રહી; શિલ્પ, ચિત્ર, કાવ્ય, સંગીત વગેરે કલાઓને ઉત્તેજન મળ્યું; તત્ત્વજ્ઞાનનો વિકાસ થયો અને વિવિધ તીર્થો અસ્તિત્વમાં આવ્યાં. જૈન, વૈદિક અને બૌદ્ધ એ ત્રણેય પરંપરાએ તેમાં સારો રસ લીધો. તેમાં પણ જૈન પરંપરા અગ્રગણ્ય રહી. આજે ભારતવર્ષમાં ૩૬૦૦૦ ઉપરાંત જૈન મંદિરો છે, તેમાં કેટલાક તો શિલ્પ અને સ્થાપત્યના અદ્વિતીય નમૂનારૂપ છે, તેમજ ભવ્યતાથી ભરપૂર છે. આબૂ–દેલવાડાનું શિલ્પ જુઓ, રાજસ્થાન–રાણકપુરનું સ્થાપત્ય જુઓ અને સૌરાષ્ટ્ર–શત્રુંજયનાં મંદિરોનો સમૂહ જુઓ, તો મુખમાંથી પ્રશંસાનાં પુષ્પો ઝર્યા વિના રહેશે નહિ. દેશ અને પરદેશના જે પ્રવાસીઓ આ મંદિરો જુએ છે, તે જૈનોની ધર્મભાવના અને કલાપ્રિયતાનાં મુક્ત કંઠે વખાણ કરે છે. આવાં મંદિરો માટે આપણાં હૃદયમાં કેવો ભાવ હોવો જોઈએ, તે વિચારી જુઓ.

કેટલાક કહે છે કે 'જૈનોએ પોતાનો ઘણો પૈસો પાષાણમાં જ નાખ્યો. તેમને આ શું સૂઝ્યું ?' પણ તેમને ખબર નથી કે એ પાષાણોએ પારસમણિનું કામ કર્યું છે. તેના સહવાસમાં આવનારા પાપીઓને પવિત્ર બનાવ્યા

છે, પ્રમાદીઓને પુરુષાર્થી બનાવ્યા છે, મૂઢોને વિવેકી બનાવ્યા છે અને અજ્ઞાનીઓના હૃદયમાં જ્ઞાનની જ્યોતિ પ્રકાશિત કરી છે. અમે ખાતરીપૂર્વક કહીએ છીએ કે જૈનેતરોને જૈન ધર્મની ગૌરવશાળી વસ્તુ પ્રથમ નજરે બતાવવી હોય તો તે જૈન મંદિરો છે, જૈન મંદિરો છે, જૈન મંદિરો છે. તો પછી તેમાં ખર્ચાયેલું ધન સાર્થક જ માનવું રહ્યું.


અહીં એ પણ સ્પષ્ટતા કરી લઈએ કે જૈનો માત્ર મંદિરો બંધાવીને જ બેસી રહ્યા નથી. તેમણે દયા અને દાનની સરિતાઓ પણ વહાવી છે અને એ રીતે લોક-કલ્યાણની પ્રવૃત્તિઓમાં અનોખો ફાળો પણ આપ્યો છે. મેવાડ પર મુસલમાનોની ચડાઈ થઈ, રાણા પ્રતાપ બહા-દુરીથી લડયા, પણ ધન ખૂટ્યું. એ વખતે ભામાશાહે પોતાનું તમામ ધન તેમનાં ચરણે ધરી દીધું અને સ્વાતંત્ર્ય માટેની લડત ચાલુ રાખવાનો અનુરોધ કર્યો. ભારતના અનેક ભાગમાં ભયંકર દુકાળ પડ્યો, અનાજ અદૃશ્ય થયું, એ વખતે જગડૂશાહે પોતાના તમામ અન્નભંડારો લોકો માટે ખુલ્લા મૂકી દીધા. આ ઉપરાંત જૈન ગૃહસ્થોએ અનેક અન્નસત્રો ચલાવીને ગરીબ–ગરબાંને સહાય કરી છે અને સંકટના સમયે લોકોના પડખે ઊભા રહીને તેમને ઉગાર્યાં છે. તેમને લોકોએ ‘ મહાજન ’નું માનવંતુ બિરુદ આપ્યું, તેનું મુખ્ય કારણ તેમની લોકસેવા છે.

જૈન મંદિરો માટે શિલ્પીઓના મનમાં કેવો ભાવ હતો, તે પ્રાસાદમંડનના નીચેના શ્લોકો પરથી જાણી શકાશેઃ



**જૈન મંદિરની ભવ્યતા**

દેલવાડાના દહેરાનું આ ભીતરી દૃશ્ય જૈન મંદિરોની ભવ્યતાનું મનોરમ દર્શન કરાવે છે. તેના સ્થંભો તથા કમાનોમાં અપૂર્વ કલા નજરે પડે છે.



જૈન મંદિરની ભવ્યતા

સ્થંભો અને કમાનોની જેમ જૈન મંદિરના મંડોવર પણ અતિ ભવ્ય હોય છે.
આ દૃશ્ય દેલવાડા–આબૂના જૈન મંદિરનું છે.

प्रासादाः पूजिता लोके, विश्वकर्मणा भाषिताः ।
चतुर्विंशविभक्तीनां, जिनेन्द्राणां विशेषतः ॥

'વિશ્વકર્માએ કહેલા ઉપરના પ્રાસાદો–મંદિરો લોકોમાં પૂજ્ય છે, પરંતુ ચોવીશ વિભક્તિનાં જિનેન્દ્રોના પ્રાસાદો–મંદિરો વિશેષ પૂજ્ય છે.'

चतुर्दिशि चतुर्द्वाराः, पुरमध्ये सुखावहाः ।
भ्रमाश्च विभ्रमाश्चैव, प्रशस्ताः सर्वकामदाः ॥

'ચાર દિશામાં ચાર દ્વારવાળા, ભ્રમવાળા × અથવા ભ્રમ વગરના જિનપ્રાસાદો નગરમાં હોય તો પ્રજાને સુખકારી છે, પ્રશસ્ત અને વાંછિત ફળને આપનારાં છે.'

शान्तिदाः पुष्टिदाश्चैव, प्रजाराज्यसुखावहाः ।
अश्वगजैर्बलियानैर्महिषीनन्दीभिस्तथा ॥
सर्वश्रियमाप्नुवन्ति स्थापिताश्चमहीतले ।

'જિનેન્દ્રદેવોના પ્રાસાદ શાંતિ કરનારા, પુષ્ટિ કરનારા, તથા રાજા–પ્રજાને સુખ આપનારા છે; તેથી આ પૃથ્વી પર જિનેન્દ્રોના પ્રાસાદો સ્થાપવાથી ઘોડા, હાથી, બળદ, રથ આદિ વાહન, ભેંસ અને ગાય વગેરેની સર્વ સંપત્તિને આપનાર છે.'

नगरे ग्रामे पुरे च, प्रासादा ऋषभादयः ॥
जगत्या मण्डपैर्युक्ताः, क्रीयन्ते वसुधातले ।
सुलभं दीयते राज्य, स्वर्गे चैवं महीतले ॥

× પ્રાસાદના ¼ ભાગની કોળીને ભ્રમ કહે છે.

'નગર, ગામ અને પુરની મધ્યમાં ઋષભ આદિ જિનપ્રાસાદો જગતી અને મંડપવાળા પૃથ્વીતલમાં કરવામાં આવે છે, જેથી સ્વર્ગ અને પૃથ્વીમાં રાજ્યપ્રાપ્તિ સુલભ થાય છે.'

दक्षिणोत्तरमुखाश्च, प्राचीपश्चिमदिङ्मुखाः ।
वीतरागस्य प्रासादाः, पुरमध्ये सुखावहाः ॥

'દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ એ ચારે દિશાના મુખવાળા વીતરાગદેવના પ્રાસાદો નગરમાં હોય તો સુખને આપનારા છે.'

અસ્તુ. હવે બીજી પણ થોડી વિચારણા કરીએ. જો ઉપાસનામાં આગળ વધવા માટે મૂર્તિનું આલંબન સ્વીકારીએ, તો એ મૂર્તિને સ્થાપવા માટે તથા તેનું સંરક્ષણ કરવા માટે મંદિરોની આવશ્યકતા પણ સ્વીકારવી જ જોઈએ. મૂર્તિનું આલંબન સ્વીકારીએ અને મંદિરની આવશ્યકતા ન સ્વીકારીએ તો એ એક પ્રકારની બેહુદી મનોદશા છે અને તે સુધારવી જ જોઈએ.

કોઈ એમ કહેતું હોય કે 'ઘરના એક ખંડને અલગ કાઢી તેમાં મૂર્તિઓને રાખી શકાય છે અને તેનાં વંદન–પૂજન કરી શકાય છે, પછી મોટાં મંદિરો બાંધવાની જરૂર શી ?' તો ગૃહ–મંદિરો અર્થાત્ ઘર–દહેરાસરોની કેટલીક મર્યાદા છે કે જેનાથી સુજ્ઞજનોએ પરિચિત થવાની જરૂર છે.

વત્થુસારના બિંબપરીક્ષાપ્રકરણમાં કહ્યું છે કે–

पाहाण-लेव-कट्ठा, दंतमया चित्तलिहिय जा पडिमा ।
अपरिगरमाणाहिय, न सुन्दरा पूयमाण गिहे ॥

'જે પ્રતિમા પાષાણુની, લેપની, કાષ્ઠની, હાથીદાંતની, ચિત્રામણુની, પરિકરરહિત તથા અગિયાર આંગળ કરતાં ઊંચી હોય તે ઘરમાં રાખીને પૂજવી સારી નહિ.'

इक्कगुलाइ पडिमा, इक्कारस जाव गेहि पुइज्जा ।
उड्ढं पासाइ पुणो, इअ भणियं पुव्वसूरीहिं ॥

'ઘર-દહેરાસરમાં એક આંગળથી તે અગિયાર આંગળ સુધીની ઊંચી મૂર્તિ પૂજવા લાયક છે અને અગિયાર આંગળથી વધારે ઊંચી હોય તો મંદિરમાં પૂજવા લાયક છે, એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.'

વળી શ્રીસકલચંદ્ર ઉપાધ્યાયે પ્રતિષ્ઠાકલ્પમાં કહ્યું છે કે–

मल्ली नेमी वीरो, गिहभवणे सावएण पुइज्जइ ।
इगवीसं तित्थयरा, संतिगरा पुइआ वंदे ॥

'ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ, બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ અને ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી, એ ત્રણ તીર્થંકરોની મૂર્તિ શ્રાવકે ઘરમાં પૂજવી જોઇએ નહિ; બાકીના એકવીશ તીર્થંકરોની મૂર્તિ ઘર-દહેરાસરમાં રાખીને વંદતા-પૂજતાં શાંતિ કરનારી થાય છે.'

અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે 'શ્રી મલ્લિનાથ આદિ ત્રણ તીર્થંકરોની પ્રતિમા ઘર-દહેરાસરમાં કેમ રાખી ન શકાય?' તેના ઉત્તરમાં શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે-

**नेमिनाथो वीरमल्लिनाथो वैराग्यकारकाः ।**
**त्रयो ये भवने स्थाप्या, न गृहे शुभदायकाः ॥**

'શ્રી નેમિનાથ, શ્રી મહાવીર સ્વામી અને શ્રી મલ્લિનાથ એ ત્રણે તીર્થંકરો વૈરાગ્યને ઉત્પન્ન કરનારા છે; તેથી એ ત્રણેની મૂર્તિ જિનભવનમાં સ્થાપવી શુભકારક છે, પણ ઘર-દહેરાસરમાં સ્થાપવી શુભકારક નથી.'

આ વચનો ગૃહસ્થસુખની અપેક્ષાએ કહેવાયાં છે; બાકી તો દરેક તીર્થંકરની મૂર્તિ વૈરાગ્યને ઉત્પન્ન કરનારી છે, એવી અમારી સમજ છે.

શાસ્ત્રનો આદેશ આ પ્રકારનો હોવાથી ભાવિક ગૃહસ્થો અગિયાર આંગળથી ઓછી એવી સપરિકર એકવીશ તીર્થંકરો પૈકી એક કે વધારેની ધાતુની મૂર્તિઓ ઘર-દહેરાસરમાં રાખે છે અને તેને વંદે-પૂજે છે. ઘર-દહેરાસરની પ્રતિમાને ભક્તિચૈત્ય કહેવામાં આવે છે.

અહીં મંદિર શબ્દથી સંઘમંદિર સમજવું કે જેને જિનચૈત્ય, જિનભવન, જિનાલય, જિનપ્રાસાદ, વસતિ કે દહેરાસર કહેવામાં આવે છે.

વત્થુસારમાં કહ્યું છે કે-

**सिरिविजय महापउमो, नंदावत्तो अ लच्छितिलओ अ ।**
**नरवेय कमलहंसो, कुंजरपासाय सत्त जिणे ।**

'શ્રી વિજય, મહાપદ્મ, નંદાવર્ત, લક્ષ્મીતિલક, નરવેદ, કમલહંસ અને કુંજર, એ સાત જાતના પ્રાસાદો શ્રી જિનેશ્વરદેવને માટે ઉત્તમ છે.'

આ તો સામાન્ય નિર્દેશ થયો. વિશેષ રૂપે તો દરેક જિન ભગવંતને માટે વિશિષ્ટ પ્રાસાદ બાંધવાનું વિધાન છે. જેમકે—

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવ | — કમલભૂષણપ્રાસાદ |
| ૨ | શ્રી અજિતનાથ | — કામદાયક અજિતવલ્લભપ્રાસાદ |
| ૩ | શ્રી સંભવનાથ | — સંભવવલ્લભ પ્રાસાદ |
| ૪ | શ્રી અભિનંદનસ્વામી | — અમૃતોદ્ભવપ્રાસાદ |
| ૫ | શ્રી સુમતિનાથ | — ક્ષિતિભૂષણ (સુમતિવલ્લભ) પ્રાસાદ |
| ૬ | શ્રી પદ્મપ્રભસ્વામી | — પદ્મરાગપ્રાસાદ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | — સુપાર્શ્વનાથપ્રાસાદ |
| ૮ | શ્રી ચંદ્રપ્રભ | — ચંદ્રપ્રભપ્રાસાદ |
| ૯ | શ્રી સુવિધિનાથ | — પુષ્પદંત પ્રાસાદ |
| ૧૦ | શ્રી શીતલનાથ | — શીતલજિનપ્રાસાદ |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | — શ્રેયાંસજિનપ્રાસાદ |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય સ્વામી | — વાસુપૂજ્યપ્રાસાદ |
| ૧૩ | શ્રી વિમલનાથ | — વિમલવલ્લભ (વિષ્ણુવલ્લભ) પ્રાસાદ |
| ૧૪ | શ્રી અનંતનાથ | — અનંતજિનપ્રાસાદ |

| | |
|---|---|
| ૧૫ શ્રી ધર્મનાથ | — ધર્મવર્દ્ધનપ્રાસાદ |
| ૧૬ શ્રી શાંતિનાથ | — શાંતિજિનપ્રાસાદ |
| ૧૭ શ્રી કુંથુનાથ | — કુંથુવલ્લભપ્રાસાદ |
| ૧૮ શ્રી અરનાથ | — અરનાથપ્રાસાદ |
| ૧૯ શ્રી મલ્લિનાથ | — મલ્લિવલ્લભપ્રાસાદ |
| ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી | — મનઃસંતુષ્ટપ્રાસાદ |
| ૨૧ શ્રી નમિનાથ | — નમિવલ્લભપ્રાસાદ |
| ૨૨ શ્રી નેમિનાથ | — નેમિવલ્લભપ્રાસાદ |
| ૨૩ શ્રી પાર્શ્વનાથ | — પાર્શ્વવલ્લભપ્રાસાદ |
| ૨૪ શ્રી મહાવીરસ્વામી | — વીરવિક્રમ (વીરજિન)પ્રાસાદ |

જિનમંદિરોને ભવ્ય બનાવવા માટે ચોવીશ જિનાલય, બાવન જિનાલય અને બહોંતેર જિનાલય એમ ત્રણ પ્રકારની રચના થાય છે.

પ્રમાણોપેત બંધાયેલા સુંદર જિનમંદિરમાં પ્રથમ ગર્ભગૃહ (ગભારો), પછી ગૂઢમંડપ, પછી ત્રિકમંડપ, પછી રંગમંડપ અને પછી ચોકીમંડપ હોય છે. મંડપના સ્થંભો સાદા તથા કોતરણીવાળા એમ બંને પ્રકારના હોય છે, પરંતુ તેના ઘુમ્મટોમાં કંઈક કારીગરી અવશ્ય હોય છે.

મંદિર એ દેવને ભજવાનું સ્થાન છે, એટલે તે સ્વચ્છ અને સુંદર હોવું જોઈએ. જો મંદિર સ્વચ્છ ન હોય તો ઉપાસકના મનમાં ભાવોલ્લાસ જાગે નહિ. જો મંદિર સુંદર ન હોય તો તેના પ્રત્યે જોઈએ તેવું આકર્ષણ થાય નહિ. આ તકે અમને લખતાં આનંદ થાય છે કે જૈન

મંદિરો સ્વચ્છ પણ હોય છે અને સુંદર પણ હોય છે. થોડા વખત પહેલાં જ હિન્દુ એન્ડોમેન્ટ કમીશનના પ્રમુખ શ્રી રામસ્વામી આય્યરે કહ્યું હતું કે 'હું આખા યે ભારતવર્ષમાં ફર્યો, પણ જૈન મંદિરોમાં જેવી સ્વચ્છતા, સુઘડતા અને પવિત્રતા જોઈ તેવી અન્ય કોઈ મંદિરોમાં જોઈ નહિ.' ગુજરાતના મહાકવિ નાનાલાલે ઘણા વર્ષ પહેલાં એક પરિષદ્‌માં કહ્યું હતું કે 'જૈન મંદિરો એટલે સુંદરતાની સાક્ષાત્ મૂર્તિ. તે ભારતભૂમિનો અપૂર્વ શણગાર છે.'

આ મંદિરોના રક્ષણની જવાબદારી આપણે શિરે છે.

મંદિરો એ આપણા પૂર્વજો તરફથી મળેલો અમૂલ્ય વારસો છે, એટલે તેનું રક્ષણ બરાબર કરવું જોઈએ અને તેને કોઈ પણ પ્રકારની ક્ષતિ ન પહોંચે તે ખાસ જોવું જોઈએ. આ શબ્દો અમે એટલા માટે લખીએ છીએ કે આજે જીર્ણોદ્ધારના નામે ઘણા મંદિરોની મૌલિકતા નષ્ટ થઈ રહી છે અને આરસના સ્થંભો તથા કોતરણી પર ચુનાના કુચડાઓ ફેરવવામાં આવે છે તથા તેને ગમે તેમ રંગવામાં આવે છે.

જો પ્રાચીન મંદિરોને બરાબર સાચવવા હોય તો તેના ટ્રસ્ટીઓએ શિલ્પનું સામાન્ય જ્ઞાન તો અવશ્ય મેળવી લેવું જોઈએ અને તે સાથે કલાદષ્ટિ પણ કેળવવી જોઈએ. વળી ઘણી વાર શિલ્પીઓ—કારીગરોની વાત સાચી હોય છે, પણ સત્તાના કેફમાં આવેલા ટ્રસ્ટીઓ તેમની વાત પૂરેપૂરી સાંભળતા નથી અને મનસ્વી હુકમો આપે છે.

વિશેષ દિલગીરીની વાત તો એ છે કે સોમપુરા શિલ્પી કે જેમના પર આપણા મંદિરનિર્માણનો મુખ્ય આધાર છે, તે ઓછા થતા જાય છે અને જે વિદ્યમાન છે, તેઓ પણ શિલ્પશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરતા નથી, એટલે કેટલીક વાર છબરડા વળે છે અને મંદિરોમાં દોષ દાખલ થઈ જાય છે. આથી સોમપુરા મિસ્ત્રીઓનું સંગઠન કરીને તેમને ઊંચે લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જો જિનોપાસનાની જ્યોત અંતરમાં જગાવવી હોય તો આ મંદિરોને આંખની કીકી કરતાં પણ વધારે વહાલાં ગણવાં જોઈએ અને તે માટે ગમે તેવો ભોગ આપવાની તૈયારી રાખવી જોઈએ.

જિનમંદિરની પવિત્રતા અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પ્રત્યે આપણું બહુમાન બરાબર જળવાઈ રહે તે માટે નીચેના ૮૪ નિયમો પાળવા આવશ્યક છે. જો આ નિયમોને તોડીએ તો આશાતના થઈ ગણાય.

જિનમંદિરમાં—

૧ શ્લેષ્મ અને બળખા આદિ નાખવા નહિ.
૨ જુગટું આદિ ક્રીડા કરવી નહિ.
૩ કલહ કરવો નહિ.
૪ ધનુર્વેદ આદિ હિંસક કલાનો અભ્યાસ કરવો નહિ.
૫ પાણીના કોગળા કરવા નહિ.
૬ પાન-સોપારી ખાવી નહિ.
૭ પાન આદિના કૂચા નાખવા નહિ.

૮ ગાળો દેવી નહિ.

૯ ઝાડે ફરવા કે પેશાબ કરવા જવું નહિ.

૧૦ સ્નાન કરવું નહિ.

૧૧ વાળ ઓળવા નહિ.

૧૨ નખ કાઢવા નહિ.

૧૩ લોહી, માંસ અને પરૂ વગેરે નાખવું નહિ.

૧૪ શેકેલાં ધાન્ય વગેરે ખાવાં નહિ.

૧૫ ચામડાં વગેરે નાખવું નહિ.

૧૬ ઓસડ ખાવું નહિ.

૧૭ ઉલટી કરવી નહિ.

૧૮ દાતણ કરવું નહિ.

૧૯ વિશ્રામણા-પગચંપી આદિ કરાવવી નહિ.

૨૦ બકરી, ગાય, ભેંસ, ઘોડા, હાથી અને ઊંટ વગેરે બાંધવા નહિ.

૨૧ થી ૨૭–દાંત, આંખ, નખ, ગાલ, નાક, કાન અને માથા વગેરેનો મેલ નાખવો નહિ.

૨૮ સૂવું નહિ.

૨૯ મંત્ર, ભૂત અને રાજા વગેરેનો વિચાર કરવો નહિ.

૩૦ પંચે ચર્ચા–વિચારણા માટે ભેગા થવું નહિ.

૩૧ નામાં–લેખાં લખવાં નહિ.

૩૨ ધન વગેરેની વહેંચણી કરવી નહિ.

૩૩ પોતાનો દ્રવ્યભંડાર સ્થાપવો નહિ.

૩૪ પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ.
૩૫ છાણાં થાપવાં નહિ.
૩૬ કપડાં સૂકવવાં નહિ.
૩૭ શાક વગેરે ઉગાડવાં નહિ.
૩૮ પાપડ વણવા નહિ.
૩૯ વડી અને શીરાવડી વગેરે કરવી નહિ.
૪૦ રાજા વગેરેના ભયથી ત્યાં સંતાઈ જવું નહિ.
૪૧ દિલગીરીથી-શોકથી રડવું નહિ.
૪૨ વિકથા કરવી નહિ.
૪૩ બાણ અને તલવાર વગેરે હથિયાર ઘડવાં કે સજવાં નહિ.
૪૪ ગાય તથા ભેંસ રાખવી નહિ.
૪૫ તાપણી કરી તાપવું નહિ.
૪૬ અન્નાદિ રાંધવું નહિ.
૪૭ નાણું પારખવું નહિ.
૪૮ અવિધિથી તથા નિસીહિ કહ્યા વિના દેહેરાસરમાં જવું નહિ.
૪૯ થી ૫૨—છત્ર, પગરખાં, હથિયાર અને ચામર—આ ચારને સાથે લઈને પ્રવેશ કરવો નહિ.
૫૩ મનને ભમતું રાખવું નહિ.
૫૪ તેલ વિગેરે શરીરે ચોળવું-ચોપડવું નહિ.
૫૫ પોતાના ઉપયોગ માટેના સચિત્ત પુષ્પ—ફલાદિક સાથે રાખવાં નહિ.
૫૬ વસ્ત્રાભૂષણ બહાર મૂકી શોભા વિનાના થઈને દહેરાસરમાં દાખલ થવું નહિ.

૫૭ ભગવંતને જોતાં જ હાથ જોડવા.

૫૮ ઉત્તરાસંગ રાખવું.

૫૯ મસ્તક પર મુગટ ધારણ કરી રાખવો નહિ.

૬૦ ઓકાનું આદિ મુખ પર બાંધેલ હોય તે છોડી નાખવું.

૬૧ માથાની પાઘડી પર ફૂલ ઘાલેલાં હોય તે કાઢી નાખવા.

૬૨ હોડ–શરત કરવી નહિ.

૬૩ ગેડીદડે રમવું નહિ.

૬૪ પ્રાહુણા ( પરોણા ) આદિને જુહાર કરવા નહિ.

૬૫ ભાંડ–ભવૈયાની રમત કરવી નહિ.

૬૬ હુંકારો કરીને કોઈને બોલાવવો નહિ.

૬૭ લેવાદેવા આશ્રયી ધરણું માંડવું નહિ, અર્થાત્ લાંઘવા બેસવું નહિ.

૬૮ સંગ્રામ કરવો નહિ.

૬૯ માથાના વાળ જુદા કરવા નહિ અથવા માથું ખણવું નહિ.

૭૦ પગ ઉપર પગ ચડાવીને બેસવું નહિ.

૭૧ ચાખડી–પાવડીએ ચડવું નહિ.

૭૨ પલાંઠીવાળીને બેસવું નહિ.

૭૩ પિપૂડી કે સીટી વગાડવી નહિ.

૭૪ પગનો મેલ કાઢવો નહિ.

૭૫ કપડાં ઝાટકવાં નહિ.

૭૬ માંકડ અને જૂ આદિ વીણીને નાખવાં નહિ.

૭૭ મૈથુનક્રીડા કરવી નહિ.

૭૮ જમણ કરવું નહિ.

૭૯ વેપાર–લેવું દેવું વગેરે કરવું નહિ.

૮૦ વૈદું કરવું નહિ.

૮૧ પથારી અને ખાટલો ખંખેરવો નહિ.

૮૨ ગુહ્ય ઇન્દ્રિય ઉઘાડવી કે સમારવી નહિ.

૮૩ મુક્કાબાજી તથા કૂકડા વિગેરેનું યુદ્ધ કરાવવું નહિ.

૮૪ દહેરાસરની પરનાળમાંથી પડતું પાણી ઝીલવું નહિ કે તેથી સ્નાન કરવું નહિ.

# પ્રકરણ બારમું

## દેવ-દર્શન

### ૧-દેવદર્શનની આવશ્યકતા

ઉપાસનારૂપી ઉદ્યાનની યથેચ્છ ખીલવણી કરવા માટે દેવદર્શનની ક્રિયા જલનીકનું-પાણીના મોટા ધોરિયાનું કામ કરે છે, તેથી જ અનુપમ સુખની આશા-અભિલાષા રાખનાર દરેક આત્માએ તેનો આશ્રય લેવો યોગ્ય છે. અન્ય રીતે કહેવું હોય તો એમ પણ કહી શકાય કે વાડ વિના વેલો ચડતો નથી, તેમ દેવદર્શનની ક્રિયાનો આશ્રય-લીધા વિના ભક્તિ, આરાધના કે ઉપાસનારૂપી ભવ્ય ભુવનમાં પ્રવેશ કરી શકાતો નથી અને તેમાં જે ઉચ્ચ કોટિનો સાત્ત્વિક આનંદ રહેલો છે, તે માણી શકાતો નથી. આજ કારણે અમે પ્રસ્તુત પ્રકરણમાં દેવ-દર્શન અંગે કેટલીક વિવેચના કરવા ધારી છે.

### ૨-દેવ-દર્શનનો અર્થ

પ્રથમ દેવદર્શનનો અર્થ સમજીએ, જેથી તે અંગેની વિવેચના સમજવામાં સરલતા રહેશે. દેવ એટલે અષ્ટ મહા પ્રાતિહાર્યયુક્ત, અઢાર દોષરહિત, ચોત્રીશ અતિશયવંત, મહામહિમાશાળી પરમ વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવ.

તેઓ નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપે જગતમાં જયવંતા વર્તે છે; એટલે તેમની સ્થાપનારૂપે ગૃહ-ચૈત્ય કે સંઘમંદિરમાં જે મૂર્તિ પ્રતિષ્ઠિત થયેલી હોય, તેને જ સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવ સમજવાના છે. તેમની સમીપે જઈને તેમનું મુખ નિહાળવું, તેમનાં અંગોનું ભાવપૂર્વક નિરીક્ષણ કરવું તથા અંતરંગ આનંદ પ્રગટ થાય તે પ્રમાણે "મારૂં આજે અહોભાગ્ય, મારી આજે ધન્ય ઘડી કે જેથી મારા તારક પરમાત્માનાં મને સાક્ષાત્ દર્શન થયાં." આવા પવિત્ર ભાવ સાથે તેમની સ્તુતિ–સ્તવના કરવી, એ દેવદર્શન શબ્દનો ભાવાર્થ છે. આત્મકલ્યાણના અભિલાષી આત્માઓ નિરંતર દેવદર્શન કરે અને આ પ્રમાણે પવિત્ર ભાવના ભાવે, એ ધર્મ–આરાધનાનું પ્રાથમિક મુખ્ય અંગ છે.

### ૩–દેવદર્શનનો મહિમા

દેવદર્શનનો મહિમા ઘણો છે અને તે વિધવિધ રીતે ગવાયો છે. જેમકે–

પ્રભુ દરિસણ સુખસંપદા, પ્રભુ દરિસણ નવનિધ;
પ્રભુ દરિસણથી પામિયે, સકલ પદારથ સિદ્ધ.

'પ્રભુનું દર્શન સુખ–સંપદા સમું છે. પ્રભુનું દર્શન નવનિધિ જેવું છે. પ્રભુનું દર્શન કરવાથી આ જગતના સકલ પદાર્થો નિશ્ચયપૂર્વક પામી શકાય છે.'

સુખસંપદા એટલે સુખજનક ધનસંપત્તિ, સુખને આપે તેવું મહાન ઐશ્વર્ય. નવનિધિ એટલે નવ પ્રકારના

નિધિ. તેનાં નામો આ પ્રમાણે જાણવાં: (૧) નૈસર્પ, (૨) પાંડુક, (૩) પિંગલક, (૪) સર્વરત્ન, (૫) મહાપદ્મ, (૬) કાલ, (૭) મહાકાલ, (૮) માણવક અને (૯) શંખ. ચક્રવર્તી જ્યારે છ ખંડ જિતવા ગંગા નદીના પશ્ચિમ તટે જાય છે, ત્યારે આ નવનિધિઓ પ્રકટ થાય છે અને તેમાં નીચે પ્રમાણે કલ્પો હોય છે: પ્રથમ **નૈસર્પનિધિ**માં ગ્રામ, આકર, નગર, પાટણ, દ્રોણમુખ, મંડલ, સ્કંધાવાર, ગૃહ વગેરેની સ્થાપનાના કલ્પો હોય છે. બીજા **પાંડુકનિધિ**માં ગણિત, ગીત, ચોવીશ પ્રકારનાં ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિને લગતા કલ્પો હોય છે. ત્રીજા **પિંગલકનિધિ**માં પુરુષ, સ્ત્રી, હાથી, ઘોડા વગેરેના આભરણો બનાવવાના કલ્પો હોય છે. ચોથા **સર્વરત્નનિધિ**માં ચક્રવર્તીનાં ચૌદ રત્નોનો કલ્પ હોય છે. પાંચમા **મહાપદ્મનિધિ**માં વસ્ત્રની ઉત્પત્તિ, તેના પ્રકાર, તેને ધોવાની રીતો તથા રંગને લગતા કલ્પો હોય છે. છઠ્ઠા **કાલનિધિ**માં સમગ્રકાલનું જ્યોતિષ, તીર્થંકરાદિના વંશોનું કથન તથા સો પ્રકારના શિલ્પને લગતા કલ્પો હોય છે. સાતમા **મહાકાલનિધિ**માં લોહ, સુવર્ણ, મુક્તા, મણિ, સ્ફટિક, પરવાળાં વગેરેના વિવિધ ભેદો તથા તેની ઉત્પત્તિ વગેરેને લગતા કલ્પો હોય છે. આઠમા **માણવકનિધિ**માં યોદ્ધાઓની ઉત્પત્તિ, શસ્ત્રસામગ્રી, યુદ્ધ-નીતિ, દંડનીતિ વગેરેના કલ્પો હોય છે અને નવમા **શંખ-નિધિ**માં ગદ્ય, પદ્ય, નૃત્ય, નાટક વગેરેને લગતા કલ્પો હોય છે. આ નવનિધિ પ્રાપ્ત થઈ જાય એટલે જગતની સર્વ પ્રકારની રિદ્ધિસિદ્ધિ મેળવી શકાય છે. સકલ પદાર્થોમાં

સ્વર્ગ અને મુક્તિનાં સુખો પણ આવી ગયાં. તાત્પર્ય કે પ્રભુનાં દર્શનથી આ જગતની સર્વ ઇષ્ટ વસ્તુઓ—સુંદર વસ્તુઓ પામી શકાય છે; કોઈ પણ વસ્તુની ખામી કે ખોટ રહેતી નથી.

ત્રિભુવનનાયક તું ધણી, મહા મોટો મહારાજ;
મોટે પુણ્યે પામિયો, તુમ દર્શન હું આજ.

'હે દેવ ! તું તો સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે લોકનો નાયક છે—નાથ છે, અને એ રીતે આ લોકમાં સહુથી મોટો મહારાજા તું જ છે. બળદેવ, વાસુદેવ તથા ચક્રવર્તી વગેરે તારી આગળ કોઈ વિસાતમાં નથી. તારાં દર્શન તે સુલભ કેમ હોય ? હતભાગી—હીનભાગીને તો એ થતાં જ નથી. જેનું મોટું પુણ્ય હોય તેને જ એ પ્રાપ્ત થાય છે. આજે તારાં દર્શન થયાં, એટલે હું માનું છું કે મારું પુણ્ય પણ મોટું જ હશે.'

આજ મનોરથ સવિ ફળ્યા, પ્રકટ્યા પુણ્યકલ્લોલ;
પાપ કરમ દૂરે ટળ્યા, નાઠા દુ:ખદંદોલ.

'હે પ્રભો ! આજે તારાં દર્શન થવાથી મનના સર્વ મનોરથો ફળ્યા, પુણ્યના કલ્લોલ પ્રકટ્યા, પાપકર્મો દૂર થયા અને દુ:ખને ઉત્પન્ન કરનારા સર્વે ઉપસર્ગો નાસી ગયા, એમ માનું છું.'

પંચમ કાળે પામવો, દુલ્લહો પ્રભુદેદાર;
તો પણ તારાં નામનો, છે મોટો આધાર.

'હે પ્રભો ! આ પંચમ કાળમાં તમારા મુખનાં

સાક્ષાત્ દર્શન થવા તો દુર્લભ છે; પરંતુ તમારા નામનો –તમારી સ્થાપનાનો અમને મોટો આધાર છે, એટલે કે તેનું આલંબન પામીને અમે ભવસાગર જરૂર તરી જઈશું.'

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥

દેવના દેવ એટલે દેવાધિદેવ. તેમનું દર્શન ઘણું ફલદાયી છે. પ્રથમ તો એ દર્શન પાપનો નાશ કરે છે, એટલે કે આપણામાં જે અભ્યંતર અશુચિ હોય, મલિનતા હોય, અશુભ કર્મનો સંચય હોય, તેને દૂર કરી દે છે અને એ રીતે આપણને પવિત્રતાના પથ પર ચડાવી દે છે. બીજું એ દર્શન સ્વર્ગના સોપાન સમું છે, એટલે કે તેનાથી સ્વર્ગરૂપી મહેલનાં પગથિયાં સડસડાટ ચડી શકાય છે અને ત્યાં જે અનુપમ ભોગસામગ્રી છે, તેનો ઉપભોગ કરી શકાય છે. ત્રીજું એ દર્શન મોક્ષનું પણ ઉત્તમ સાધન છે, એટલે કે તેનાથી સર્વ મોક્ષપ્રાપક સામગ્રી પ્રાપ્ત થાય છે અને તેના આધારે મોક્ષ પામી શકાય છે.

अद्याभवत् सफलता नयनद्वयस्य,
　　देव ! त्वदीयचरणाम्बुजवीक्षणेन ।
अद्य त्रिलोकतिलक प्रतिभासते मे,
　　संसारवारिधिरयं चुलुकप्रमाणः ॥

'હે દેવ ! આજે તારા ચરણરૂપી કમળોનાં દર્શનથી મારાં બંને નેત્રોની સફલતા થઈ. તાત્પર્ય કે મેં આજ સુધી ઘણી રમણીઓનાં રૂપ નિહાળ્યાં, ઘણા નાટક-સીનેમા

–ખેલ–તમાશા જોયા, ઘણાનાં છિદ્ર જોયા કે ઘણી જાતના અપવિત્ર પદાર્થો નિહાળ્યા. એ કંઈ નેત્રોની સફલતા ન કહેવાય, કારણ કે એના પરિણામે અશુભ કર્મનો બંધ થયો અને તેનાં માઠાં ફળો મારે અવશ્ય ભોગવવા પડશે; પરંતુ આજે તારાં પવિત્ર ચરણકમળનાં દર્શન થયાં, તેથી મારું પાપ નાશ પામ્યું, તેને જ હું બંને નેત્રોની સફલતા માનું છું. વળી હે ત્રિલોકના તિલક સમાન દેવાધિદેવ! તમારા દર્શનથી મને મોટામાં મોટો લાભ એ થયો કે જે સંસાર વિરાટ્ વારિધિ જેવો–સમુદ્ર જેવો લાગતો હતો, તે હવે ખોબા જેવો લાગે છે. તાત્પર્ય કે હવે તેને પાર કરી જવાનું કામ જરાયે મુશ્કેલ લાગતું નથી.'

धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं,
धन्याऽसौ रसना यया स्तुतिपथं नीतो जगद्वत्सलः ।
धन्यं कर्णयुगं वचोऽमृतरसं पीतं मुदा येन ते,
धन्यं हृत् सततं च येन विशदस्त्वन्नाममन्त्रो धृतः ॥१३॥

'હે દેવ! તે જ દૃષ્ટિને ધન્ય છે કે જેના વડે આપ દરરોજ નિર્મલતાપૂર્વક દેખાયા. તે જ રસનાને–જિહ્વાને ધન્ય છે કે જેણે જગત્વત્સલ એવા આપની દરરોજ સ્તુતિ કરી. તે જ કાનના યુગલને ધન્ય છે કે જેણે અમૃત ઝરતાં આપના વચનને રોજ આનંદથી પીધું, અને તે જ હૃદયને ધન્ય છે કે જેણે સતત આપના નામરૂપી નિર્મળ મંત્રને ધારણ કર્યો.' તાત્પર્ય કે ચક્ષુઓ વડે પ્રભુને નિહાળવા, જીભ વડે તેમના ગુણ ગાવા, કાન વડે તેમનો ઉપદેશ

સાંભળવો અને મન વડે તેમના મંત્રનું સ્મરણ કરવું, એ જ જીવનની સાચી સફલતા છે.'

दिट्ठे तुह मुहकमले, तिन्नि विणिट्ठाइं निरवसेसाइं ।
दारिद्दं दोहग्गं, जम्मंतरसंचियं पावं ॥

'હે ભગવન્! આપનું મુખકમળ જોતાં મારી ત્રણ વસ્તુઓ સર્વથા અંત પામી છેઃ દરિદ્રતા, દુર્ભાગ્ય અને પૂર્વજન્મમાં સંચિત કરેલાં સઘળાં પાપો.' અહીં વિચારવાનું એ છે કે દરિદ્રતા અને દુર્ભાગ્ય નાશ પામે તથા આત્માની કદમ કદમ પર કદર્થના કરનારા સર્વ કર્મો દૂર થઈ જાય તો પરિણામ શું આવે? દરિદ્રતા નાશ પામતાં સંપત્તિ આવે, દુર્ભાગ્ય નાશ પામતાં સૌભાગ્ય આવે અને પૂર્વસંચિત કર્મોનો અમુક અંશે નાશ થતાં સ્વર્ગ સુખ મળે તથા સર્વાંશે નાશ થતાં મોક્ષસુખ મળે. મનુષ્યને આથી બીજું શું જોઈએ?

શ્રી જિનેશ્વર દેવના દર્શનનો આ મહિમા જાણ્યા પછી કોને એમના દર્શન કરવાની ઉત્સુકતા નહિ થાય? કોને એમના દર્શન કરવાની તત્પરતા નહિ જાગે? જે મનુષ્યમાં થોડી પણ સમજણ હશે, ડહાપણનો અંશ હશે, તે તો એમનાં દર્શન કરવાને અવશ્ય ઉત્સુક થશે, અવશ્ય તત્પર થશે.

**૪-દેવ-દર્શન આગળ જગતની તમામ વસ્તુઓ તુચ્છ**

જેઓ દેવ-દર્શનનો મહિમા સમજ્યા છે, તેમને

દેવ-દર્શનમાં અપૂર્વ આનંદ આવે છે અને તેની આગળ જગતની તમામ વસ્તુઓ તુચ્છ લાગે છે.

એક જૈન મહર્ષિએ કહ્યું છે કે-

सार्वभौमोऽपि मा भुवं, त्वद्दर्शनपराङ्मुखः ।
त्वद्दर्शनपरस्वान्तः, त्वच्चैत्ये विहगोऽप्यहम् ॥

'હે નાથ ! આપના દર્શનથી રહિત ચક્રવર્તિ થવાનું મળે તો પણ તેનો મારે ખપ નથી; પરંતુ આપના દર્શનમાં તત્પર અંતકરણવાળો હું આપના ચૈત્યને વિષે રહેવાવાળું પક્ષી થાઉં તો પણ સારું !' તાત્પર્ય કે ત્યાં રોજ આપનાં દર્શન તો થાય !

જ્યારે દેવ-દર્શન માટે આપણી સમજ-આપણી ભાવના આ પ્રકારની થાય, ત્યારે સમજવું કે આપણે ભક્ત, આરાધક કે ઉપાસકની કોટિમાં આવ્યા છીએ અને હવે આપણું કલ્યાણ બહુ દૂર નથી.

**૫-દેવ-દર્શનની ટેવ પાડવી જોઈએ.**

પ્રાતઃકાલમાં ઉઠીને સીધો ચાનો પ્યાલો ગટગટાવવો, બીડી કે સીગારેટ ફૂંકવી અને હાથમાં વર્તમાનપત્ર લેવું એ અનાર્ય સંસ્કાર છે, પણ આપણા દેશ અને સમાજના દુર્ભાગ્યે આજે આ સંસ્કાર પ્રબળ બનતો જાય છે અને જેની ગણના આગેવાન, ધનિક કે શિક્ષિત વર્ગમાં થાય છે, તેઓ એને દિન-પ્રતિદિન વધુને વધુ અપનાવી રહ્યા છે. આપણો પ્રાચીન સંસ્કાર એવો હતો કે પ્રથમ પ્રભુ-

સ્મરણ—પ્રભુનાં દર્શન, પછી બીજી બધી વાત; વળી નાહ્યા-ધોયા સિવાય મુખમાં કોઈ ચીજ નખાય નહિ, ત્યાં આજે આ સ્થિતિ પ્રવર્તે છે.

ટેવ કે આદત એક વાર પડી તે પડી, પછી તો એ જીવનનો એક ભાગ બની જાય છે, એટલે સહેલાઇથી છૂટતી નથી, છૂટવી બહુ મુશ્કેલ લાગે છે; તેથી આવી ટેવ કે આદત પડે તે પહેલાં ચેતવું જોઈએ. આ બાબતમાં માબાપો તથા વડીલોની જવાબદારી પણ ઓછી નથી. તેઓ જો આ પ્રમાણે વર્તતા હોય, તો બાળકો પણ તેમનું અનુકરણ કરવાના અને એની પરંપરા ચાલવાની. જો માબાપો કે વડીલો આવી ટેવ કે આદતથી મુક્ત હોય તો તેમણે પોતાનાં બાળકોને આવી ટેવમાંથી બચાવી લેવાં જોઈએ.

અમે અનુભવથી જોયું છે કે બાળકોને નાનપણથી દેવ-દર્શન કરવાની ટેવ પાડવામાં આવે તો તેઓ રોજ દેવ-દર્શન કરવા જાય છે, પણ મોટી ઉમર થયા પછી એ બાબતની ટેવ પાડવી મુશ્કેલ બને છે. તેથી સમજુ માબાપોએ પોતાનાં બાળકોને નાનપણથી જ દેવ-દર્શનની ટેવ પાડવી જોઈએ.

પ્રાતઃકાલમાં વહેલા ઉઠી, પંચ-પરમેષ્ઠિનું સ્મરણ કરી, આવશ્યક ક્રિયા અર્થાત્ રાત્રિક પ્રતિક્રમણ કર્યા પછી તરત નજીકના જિનમંદિરે જઈ દેવ-દર્શન કરવા જોઈએ. કદાચ તેમ ન બન્યું તો પછીથી પણ દેવ-દર્શન જરૂર

કરી લેવાં, પરંતુ ભોજનના સમય પહેલાં તો તે કરી લેવાં જ જોઈએ.

### ૬–દેવ–દર્શનનું ફળ

જૈન મહર્ષિઓએ દેવ–દર્શનનું ફળ આ પ્રમાણે વર્ણવ્યું છેઃ—

यास्याम्यायतनं जिनस्य लभते ध्यायंश्चतुर्थं फलं,
षष्ठं चोत्थित उद्यतोऽष्टममथो गन्तुं प्रवृत्तोऽध्वनि ।
श्रद्धालुर्दशमं बहिर्जिनगृहात् प्राप्तस्ततो द्वादशं,
मध्ये पाक्षिकमीक्षिते जिनपतौ मासोपवासं फलम् ॥

'હું શ્રી જિનેશ્વરદેવના મંદિર પ્રત્યે જાઉં એમ મનથી ચિંતવનાર શ્રદ્ધાલુ ભવ્ય આત્મા એક ઉપવાસનું ફલ પામે છે. જવા માટે ઉઠતો તે બે ઉપવાસનું ફળ પામે છે. માર્ગને વિષે ચાલવા માંડેલો તે ચાર ઉપવાસનું ફળ પામે છે. જિનગૃહની બહાર પહોંચતો તે પાંચ ઉપવાસનું તથા મધ્યભાગે પહોંચતો તે પંદર ઉપવાસનું ફળ પામે છે; અને શ્રી જિનેશ્વરદેવનાં દર્શન કરવાથી માસોપવાસ એટલે એક મહિનાના ઉપવાસનું ફળ પામે છે.'

દેવદર્શનનો આવો મહિમા જાણીને નાના મોટા સહુએ તેનો નિત્ય–નિયમિત અવશ્ય લાભ લેવો જોઈએ.

### ૭–દેવદર્શનનો વિધિ

જિનમંદિરે જવાનો વિધિ એવો છે કે જો રાજા હોય તો છત્ર–ચામર વગેરે રાજઋદ્ધિ ધારણ કરીને;

ઉત્તમ વસ્ત્રો, આભરણ, અલંકાર વગેરેથી સુશોભિત થઇને, ચતુરંગી સેના સાથે; સર્વ પ્રકારે વાજીંત્રો, મહાજન વગેરે લોકોને સાથે લઈને, ઘણું દાન દેતો મંદિર ભણી જાય. જો મંત્રી કે મહાન ઋદ્ધિવંત હોય તો પણ યોગ્ય ઠાઠ-માઠથી જાય અને સામાન્ય વૈભવવાળો હોય તો પોતાની શક્તિ અનુસાર આડંબર–શોભા કરીને મિત્ર, પુત્ર વગેરે પરિવારને સાથે લઈને શ્રી જિનમંદિરે જાય.

ત્યાં જઈને પાંચ અભિગમ ( મર્યાદા ) નું પાલન કરે.

(૧) પુષ્પ, તંબોલ વગેરે સર્વ સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરે. (૨) મુગટ સિવાયનું સર્વ પહેરી રાખે અને મુગટનો ત્યાગ કરે. (૩) એક પહોળા ઉત્તમ વસ્ત્રનું ઉત્તરાસંગ કરે. (૪) શ્રી જિનપ્રતિમાનું દર્શન થતાં જ બે હાથ જોડી મસ્તકે લગાડી ' નમો જિણાણં ' એ પ્રમાણે બોલે. તથા (૫) શ્રી જિનેશ્વર દેવના દર્શન વગેરેમાં મનની સ્થિરતા કરે.

સામાન્ય લોકો માટેનો દેવદર્શનનો વિધિ આ પ્રમાણે સમજવો :—

(૧) પ્રથમ ઘરથી સ્વચ્છ વસ્ત્ર પહેરીને સાથે ચોખા, બદામ, સાકર, ફળ, નૈવેદ્ય વગેરે લઈને જિનમંદિરે જવું. તેમાં એટલું ધ્યાન રાખવું કે કોઈ વસ્તુ ખરાબ આવી ન જાય. ' આ તો ચાલશે ' એમ માનીને ખરાબ વસ્તુને ઉપયોગમાં લેવાથી એક પ્રકારની આશાતના થાય છે અને તેનું વાસ્તવિક ફળ મળતું નથી. જે વસ્તુ ત્રિભુવનતિલક

દેવને ચડાવવા માટે લઈએ તે શુદ્ધ અને બને તેટલી ઉત્તમ હોવી જોઈએ.

(૨) મંદિરના દ્વારે પહોંચતાં 'નિસીહી' કહેવું, એટલે ત્યારથી ઘર, વ્યવહાર, વ્યાપાર કે રાજકારણ વગેરે સંબંધી વાતોનો નિષેધ સમજવો. તાત્પર્ય કે ત્યાર પછી પોતાનું લક્ષ સાંસારિક બાબતો પરથી ઉઠાવી લઈને દેવ-દર્શનમાં કેન્દ્રિત કરવું. આ વખતે મંદિર, તેની મરામત, તેના રક્ષણ વગેરે સંબંધી જરૂરી વાર્તાલાપ કરી શકાય.

(૩) પછી પ્રભુનું દર્શન થતાં જ અંજલિબદ્ધ નમસ્કાર કરવો અને 'નમો જિણાણં' એવું પદ કહેવું. આ વખતે પુરુષોએ પ્રભુની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઊભા રહેવું અને બને ત્યાં સુધી એક બીજાનો સંઘટ્ટો ન થાય તે જોવું. મંદિરમાં ભીડ વધારે હોય તો થોડી વાર બાજુએ ઊભા રહીને અનુકૂળ સમયની રાહ જોવી, પણ ધક્કા-મૂક્કી કરીને તેમાં દાખલ થવું નહિ અને ભક્તિનું વાતાવરણ ડહોળવું નહિ.

(૪) ત્યાર પછી ભગવાનનો મૂળ ગભારો કે જે સમવસરણના સ્થાને ગણાય છે, તેની જમણી બાજુથી ત્રણ પ્રદક્ષિણા દેવી અને મધ્ય દ્વારે આવી જિનમંદિરની મરામત, વ્યવસ્થા વગેરેનો વિકલ્પ ટાળવા રૂપ બીજી 'નિસીહી' કહેવી તથા અર્ધાવનત નમસ્કાર કરવો.

(૫) ત્યારપછી સ્થિરતાથી ઊભા રહીને બે હાથ જોડી ભાવભરી સ્તુતિ કરવી.

(૬) પછી પાટ અથવા પાટિયા પર ચોખાની ત્રણ નાની ઢગલી કરવી, તેના ઉપર બીજના ચંદ્રમાની આકૃતિ કરવી અને નીચેના ભાગમાં સ્વસ્તિક અર્થાત્ સાથિયો કરવો. એ વખતે નીચે પ્રમાણે ભાવના ભાવવી:—

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૧

ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાલ;
પંચમ ગતિવિણ જીવને, સુખ નહિ ત્રિહું કાલ. ૨

અક્ષત સ્વસ્તિક પૂરતાં, શ્રી જિન આગળ સાર;
અક્ષત ફળને પામિયે, અક્ષય સુખ દાતાર. ૩

(૭) પછી સ્વસ્તિક પર ફળ મૂકવું અને અક્ષય અનંત સુખના ધામરૂપ મોક્ષસુખનું ફળ માગવું. તેમજ સિદ્ધશિલા ઉપર નૈવેદ્ય મુકી અણાહારી પદની માગણી કરવી. મોક્ષસુખની માગણી એ નિદાનબંધન અર્થાત્ નિયાણું નથી.

(૮) ત્યારબાદ દ્રવ્યપૂજાના નિષેધરૂપ ત્રીજી 'નિસીહી' બોલી પંચાગ પ્રણિપાતપૂર્વક ચૈત્યવંદન કરવું. તે અંગે સત્તરમા પ્રકરણમાં વિસ્તૃત વિચારણા આવવાની છે, એટલે અહીં તેનું વિવેચન કરતા નથી.

## પ્રકરણ તેરમું

## પૂજનની આવશ્યકતા

મહાપુરુષોએ કહ્યું છે કે—

पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥

'(૧) પૂજ્યોની પૂજા, (૨) દયા, (૩) દાન, (૪) તીર્થયાત્રા, (૫) જપ, (૬) તપ, (૭) શાસ્ત્રનો સ્વાધ્યાય અને (૮) પરોપકાર, એ માનવજીવનરૂપી વૃક્ષનાં આઠ મધુર ફળો છે.' કહેવાનું તાત્પર્ય એ છે કે જેનાં જીવનમાં આ આઠ વસ્તુઓ જોવામાં આવે, તેનું જ જીવન સફળ સમજવું અને બાકીનાનું નિષ્ફળ સમજવું.

કેટલાકને અહીં પ્રશ્ન થવાનો કે 'પૂજ્યની પૂજાને પહેલી કેમ મૂકી? શું દયા, દાન, તીર્થયાત્રા વગેરે કરતાં પણ તેનું મહત્ત્વ વધારે છે?' પરંતુ તેમણે સમજવું જોઈએ કે મહાપુરુષો દીર્ઘ અનુભવના અંતે હિતબુદ્ધિથી કેટલાક શબ્દો ઉચ્ચારે છે, એટલે તેમાં ભારોભાર સત્ય ભરેલું હોય છે. જો પ્રથમ પ્રયાસે આ શબ્દોનું રહસ્ય સમજવામાં ન આવે તો મધ્યસ્થ ભાવે ઊંડું ચિંતન કરવું, પણ તેમાં સંદેહ રાખવો નહિ.

આ શ્લોક પર ચિંતન-મનન કરતાં અમે એટલું

સમજ્યા છીએ કે એંજીન વિના ગાડી ચાલે નહિ, તેમ પૂજ્યોની પૂજા વિના સત્‌ક્રિયાઓ ચાલે નહિ, ગતિમાન થાય નહિ. વળી આ બધી સત્‌ ક્રિયાઓ પૂજ્ય પુરુષોએ જ પ્રબોધેલી છે, એટલે તેમના પ્રત્યે શ્રદ્ધા–આદર–માનની લાગણી હોય તો જ આ ક્રિયાઓ પ્રત્યે શ્રદ્ધા–આદર–માનની લાગણી ઉદ્‌ભવે અને તેને અમલમાં મૂકવાની ઈચ્છા જાગૃત થાય.

અહીં પૂજ્ય શબ્દથી દેવ અને ગુરુ અભિપ્રેત છે. દેવ એટલે અરિહંતદેવ, જિનેશ્વરદેવ. ગુરુ એટલે પંચ-મહાવ્રતધારી ત્યાગી મહાત્મા. જો ગુરુ શબ્દને સામાન્ય અર્થમાં ગ્રહણ કરીએ તો માતા, પિતા, વડીલો. વિદ્યાગુરુ, કલાગુરુ તથા જ્ઞાતિના વડેરાઓનો પણ તેમાં સમાવેશ થાય. પૂજ્ય એટલે પૂજવાને યોગ્ય, આદર–માન આપવાને યોગ્ય, સત્કાર–સન્માન કરવાને યોગ્ય. જેઓ પૂજ્યો પ્રત્યે પૂજ્યભાવ દર્શાવતા નથી, તેમને માટે નૈતિક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક પ્રગતિનાં દ્વાર બંધ થઈ જાય છે અને અં-ધારામાં અથડાવાનો વખત આવે છે. વ્યવહારમાં પણ મુરબ્બીઓ–વડીલો પ્રત્યે આદરમાન ન બતાવનારને ઘણું સહન કરવું પડે છે અને આખરે તેમની પ્રતિષ્ઠાનો નાશ થાય છે. જે મહાનુભાવના જીવનમાં સુદેવ અને સુગુરુની પૂજાનું સ્થાન નિયમિત હોય છે, તેના જીવનમાં વિનય, વિવેક વગેરે સદ્‌ગુણો અવશ્ય પ્રગટ થાય છે.

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः, सत्त्वानुकंपा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

"જિનપૂજા, ગુરુસેવા, જીવદયા, સુપાત્રદાન, ગુણાનુરાગ તથા આગમશ્રવણ, આ મનુષ્યભવરૂપી વૃક્ષનાં ફળો છે."

મહાપુરુષોનાં અન્ય વચનો પણ સાંભળો. તેઓ કહે છે:—

देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानश्चेति गहूस्थानां, षट्कर्माणि दिने दिने ॥

'દેવપૂજા, ગુરુની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન, એ છ કર્મો ગૃહસ્થોએ પ્રતિદિન કરવા યોગ્ય છે.'

જેમ બ્રાહ્મણ ગ્રંથોમાં બ્રાહ્મણો માટે ષટ્કર્મનું વિધાન છે, તેમ જૈન ગ્રંથોમાં જૈન ગૃહસ્થો માટે ષટ્કર્મનું વિધાન છે. આ ષટ્કર્મમાં દેવપૂજા અને ગુરુ-ઉપાસનાને પહેલાં મુકયાં છે, તે પરથી તેનું મહત્ત્વ સમજી શકાશે. જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું છે કે જેને દેવ-ગુરુ પર શ્રદ્ધા નથી, તેને ધર્મ પર શ્રદ્ધા નથી, અને આ રીતે દેવ-ગુરુ તથા ધર્મની શ્રદ્ધાથી વંચિત રહેલા આત્માઓને સમ્યક્ત્વનો-સમ્યગ્દર્શનનો લાભ થતો નથી કે જે મુક્તિ ભણી પ્રયાણ કરવા માટે પહેલી મજલ છે.

જેને 'જિનશાસનનો સાર' અને 'ચૌદ પૂર્વનો ઉદ્ધાર' કહેવામાં આવે છે, તે નવકારમંત્રમાં શું છે ભલા? દેવ-ગુરુ પ્રત્યે પૂજ્યભાવ કે બીજું કંઈ? 'नमो अरिहंताणं' અને 'नमो सिद्धाणं' એ બે પદો દેવ પ્રત્યે પૂજ્યભાવ પ્રકટ કરવા માટે છે અને 'नमो आयरियाणं',

'नमो उवज्झायाणं' તથા 'नमो लोए सव्व-साहूणं', એ ત્રણ પદો ગુરુ પ્રત્યે પૂજ્યભાવ પ્રકટ કરવા માટે છે. જેના હૈયામાં આ પાંચ પદો વસે, તેનું જ ભાગ્ય હસે અને તેને જ આત્મકલ્યાણનો લાભ થાય.

શ્રાવકનો—જૈન ગૃહસ્થનો શણગાર શો છે? તે પણ જાણી લો :

जिनपूजनं विवेकः, सत्यं शौचं सुपात्रदानं च ।
महिमक्रीडागारः, शृंगारः श्रावकत्वस्य ॥

'શ્રી જિનેશ્વર ભગવાનનું પૂજન, કર્તવ્યાકર્તવ્યનો વિવેક, સત્ય, શૌચ અને સુપાત્રદાન એ મહિમાને ક્રીડા કરવા જેવો શ્રાવકપણાનો શણગાર છે.'

શ્રાવકો પોતાના દેશાચાર પ્રમાણે ભલે ગમે તે પ્રકારનો શૃંગાર-સણગાર સજે, પણ તે બાહ્ય શણગાર છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ તેનું વિશેષ મહત્ત્વ કે મૂલ્ય નથી. તેઓ તો અભ્યંતર શણગાર સજનારને જ સુંદર-સોહામણા માને છે. આ અભ્યંતર શણગારમાં પહેલી ગણના જિનપૂજનની કરી છે, એ શું બતાવે છે? વિવેક-સત્ય-શૌચ-સુપાત્રદાન એ કોઈનું મહત્ત્વ ઓછું નથી, પણ જિનપૂજન એ બધા કરતાં મહત્ત્વનું છે, કારણકે એ પાયાની વસ્તુ છે, મૂળભૂત વસ્તુ છે.

જે જિનનું પૂજન ન કરે તે જૈન શાનો? જેમ વિષ્ણુનું પૂજન કરવાથી વૈષ્ણવ બનાય છે, શિવનું પૂજન કરવાથી શૈવ બનાય છે અને બુદ્ધનું પૂજન કરવાથી બૌદ્ધ

બનાય છે, તેમ જિનનું પૂજન કરવાથી જ જૈન બનાય છે. જૈન શબ્દનો સાચો અર્થ જ એ છે કે જિનની ઉપાસના કરનાર, જિનને પૂજનાર.

શ્રાવક શબ્દ અંગે પણ થોડી સ્પષ્ટતા કરીએ. શ્રાવક એટલે સાંભળનાર, સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોને ગુરુમુખેથી સાંભળનાર. જે સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોને ગુરુમુખેથી સાંભળે, તે જ દેવ-ગુરુ-ધર્મનું સાચું સ્વરૂપ જાણી શકે અને તેના પ્રત્યે શ્રદ્ધાન્વિત થઈને પોતાનો જીવનપથ ઉજાળી શકે.

એક મહાપુરુષે કહ્યું છે કે શ્રાવક શબ્દનો દરેક અક્ષર એક વિશિષ્ટ ગુણનો સંકેત કરે છે. જેમકે-**શ્રા**-શ્રદ્ધા, **વ**-વિવેક, **ક**-ક્રિયા. એટલે જેનામાં દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા હોય, કર્તવ્યાકર્તવ્યનો વિવેક હોય અને શાસ્ત્રોમાં કહેલાં ધાર્મિક-આધ્યાત્મિક અનુષ્ઠાનો કરવાની તત્પરતા હોય, તેજ શ્રાવક કહેવાય.

શ્રાવકપણું શોભાવવા માટે અનેકવિધ ગુણોની અપેક્ષા રહે છે કે જેનું વર્ણન ધર્મબિન્દુ, ધર્મસંગ્રહ, ધર્મરત્નપ્રકરણ આદિ ગ્રંથોમાં વિસ્તારથી કરેલું છે. અહીં તો તેમાંના થોડા ગુણો નમૂના રૂપેજ આપેલા છે. જે શ્રાવકોમાં આ ગુણો ન હોય તે પીંછા વિનાના મોરની જેમ શોભતા નથી, અર્થાત્ વરવા લાગે છે.

હવે જીવનની સફળતા વિષે થોડું સાંભળો:-

वरपूजया जिनानां. धर्मश्रवणेन सुगुरुसेवनया ।
शासन-भासनयोगैः, सृजन्ति सफलं निजं जन्म ॥

'જિનેશ્વરોની શ્રેષ્ઠ પૂજા વડે, ધર્મશ્રવણ વડે, સુગુરુની સેવા કરવા વડે અને શાસનની પ્રભાવના થાય તેવાં કાર્યો કરવા વડે મનુષ્યો પોતાના જન્મને સફળ કરે છે.'

આ વચનો સારભૂત છે, અનેક શાસ્ત્રો અને દીર્ઘ અનુભવના નીચોડરૂપ છે. તેમાં મનુષ્ય-જીવનને સફળ કરવાના મુખ્ય ચાર ઉપાયો બતાવ્યા છે. આ ઉપાયોમાં પ્રથમ અને મુખ્ય ઉપાય શ્રી જિનેશ્વરદેવની શ્રેષ્ઠ પૂજા છે. શ્રેષ્ઠ એટલે વિવિધ પ્રકારના ઉપચારથી યુક્ત, ભાવની વિશુદ્ધિથી યુક્ત.

જ્યાં શ્રી જિનેશ્વરદેવની પૂજા અપૂર્વ ભક્તિ-ભાવોલ્લાસથી થવા લાગી કે તેમણે કહેલા ધર્મને શ્રવણ કરવાની ઇચ્છા અવશ્ય જાગૃત થવાની .અને તે માટે સુગુરુ પાસે પહોંચવાની તાલાવેલી પણ અવશ્ય જાગવાની. જ્યાં આવી તાલાવેલી લાગી અને ગુરુમુખેથી ધર્મ સાંભળ્યો કે શાસનની પ્રભાવના થાય તેવાં કાર્યો કરવાની વૃત્તિ પણ અવશ્ય જોર પકડવાની. સંપ્રતિ, ખારવેલ, આમ, કુમારપાળ વગેરે રાજાઓએ તથા વિમળશાહ, વસ્તુપાળ-તેજપાળ, ધરણાશાહ, જગડૂશાહ, પેથડશાહ વગેરે ગૃહસ્થોએ શાસન-પ્રભાવનાનાં જે કામો કર્યાં, તે સદ્ગુરુની પ્રેરણાનું જ પરિણામ હતું. જો તેમને સદ્ગુરુ સાંપડ્યા ન હોત અને તેમના મુખેથી તેમણે ધર્મ શ્રવણ કર્યો ન હોત તો આમાંનું કંઈ પણ બનત કે કેમ ? એ વિચારણીય છે. તાત્પર્ય કે જીવન સફળ કરનારી મુખ્ય વસ્તુઓમાં જિનપૂજન પ્રાધાન્ય

ભોગવે છે, તેથી સમજુ, શાણા તથા વિવેકી પુરુષોએ પ્રથમ પ્રવૃત્તિ જિનપૂજનની જ કરવી ઘટે છે.

पूजामाचरतां जगत्त्रयपतेः सङ्घार्चनं कुर्वताम् ,
तीर्थानामभिवन्दनं विदधतां जैनं वचः शृण्वताम् ।
सद्दानं ददतां तपश्च चरतां सत्त्वानुकम्पाकृतां,
येषां यान्ति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥

'જે પુણ્યશાલી પુરુષોના દિવસો ત્રણ જગતના નાથ એવા શ્રી જિનેશ્વરોની પૂજા કરવામાં, સંઘનું અર્ચન કરવામાં, સુપાત્ર દાન દેવામાં, તપશ્ચર્યા કરવામાં અને પ્રાણીઓ પ્રત્યે અનુકંપા આચરવામાં જાય છે, તેમનો જન્મ સફલ છે.'

અપેક્ષા–ભેદથી માનવજીવનની સફલતા સાત વસ્તુઓ વડે પણ સાધી શકાય છે, તેનું અહીં વર્ણન છે. આ સાત વસ્તુઓમાં પણ પ્રથમ ગણના કોની કરવામાં આવી છે? તે જુઓ. જ્યારે એક વસ્તુને વારંવાર પહેલી મૂકવામાં આવતી હોય, ત્યારે તેનામાં અન્ય સર્વ કરતાં કંઈક અધિકતા–વિશેષતા અવશ્ય હોય છે.

સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ આ ત્રણે જગત્‌ના જીવો શ્રી અરિહંત ભગવંતને પૂજ્ય માની તેમને વંદે છે, તેમનો સત્કાર કરે છે અને તેમનું સન્માન પણ કરે છે, તેથી જ તેમને ત્રિજગત્પતિ કહેવામાં આવે છે. ત્રિલોકનાથ, ત્રિલોકપૂજ્ય, ત્રિલોકેશ્વર, એ બધા શબ્દોમાં આ જ અર્થ સમાયેલો છે.

અહીં એટલું વિચારવાનું કે જેને દેવો તથા દાનવો પણ પૂજતા હોય, તે કેવા પ્રભાવશાળી, કેવા સમર્થ, કેવા ઉત્તમ હોય? આપણે પણ તેમને પૂજીને કૃતાર્થ થઈએ. દેવો તથા દાનવો આપણા કરતાં શક્તિ–સામર્થ્યમાં વિશેષ છે, એટલે તેમનું અનુસરણ કરવામાં આપણી લઘુતા નથી. કદાચ લઘુતા થતી હોય તો તે પણ સારા માટે જ છે, એટલે તે માટે સંકોચ પામવાની જરૂર નથી. જેઓ લઘુતાને ધારણ કરે છે, તે જ આખરે પ્રભુતાને પામે છે અને સર્વે વડે આદર પામે છે. મણિ, મોતી, રત્ન વગેરે લઘુ હોવાથી જ શિર પર ધારણ કરાય છે. જો તે શિલા જેવડાં મોટાં હોત તો તેમને કોણ ધારણ કરત?

પાંચસો પ્રકરણ ગ્રંથોના પ્રણેતા શ્રીમાન્ ઉમાસ્વાતિ મહારાજ તત્ત્વાર્થ–ભાષ્યમાં ફરમાવે છે કે—

✓ अभ्यर्चनादर्हतां, मनःप्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥

'શ્રી અરિહંત દેવોનું પૂજન કરતાં ચિત્તની વૃત્તિઓ નિર્મળ થાય છે; ચિત્તની વૃત્તિઓ નિર્મળ થતાં સમાધિનો લાભ થાય છે; અને સમાધિનો લાભ થવાથી નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે, તેથી તેમનું પૂજન કરવું યોગ્ય છે.'

થોડાં વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. જેમ કતકફળનું × ચૂર્ણ નાખવાથી પાણીમાં રહેલો મલ–કચરો

× કતકફલને ગુજરાતી તથા હિંદી ભાષામાં નિર્મલી કહેવામાં આવે છે.

દૂર થાય છે અને તે નિર્મળ–સ્વચ્છ બની જાય છે, તેમ વીતરાગ અરિહંત દેવનું પૂજન કરવાથી હૃદયમાં રહેલો રાગ–દ્વેષરૂપી મલ–કચરો દૂર થાય છે અને તેથી ચિત્તની વૃત્તિઓ નિર્મળ બને છે. આને જ મનઃપ્રસાદ સમજવાનો છે. આવો મનઃપ્રસાદ પ્રાપ્ત થતાં સમાધિ અર્થાત્ ચિત્ત-સ્વાસ્થ્ય ઊભું થઈ ક્રમશઃ શુક્લ ધ્યાન સુધી પહોંચાય છે કે જ્યાં સર્વ વિકલ્પોનું શમન થઈ જાય છે અને માત્ર સ્વરૂપરમણ અવસ્થાનો જ અનુભવ થાય છે. આવો અનુભવ કરનાર કે જેમને વીતરાગ અથવા જીવનમુક્ત કહેવામાં આવે છે, તેઓ જીવનપૂર્ણ થયે અક્ષય–અનંત સુખના ધામ સમા મોક્ષ, નિર્વાણ કે નિઃશ્રેયસને પ્રાપ્ત કરે છે. આમ અક્ષય–અનંત સુખની પ્રાપ્તિમાં જિનપૂજન પ્રથમ પગથિયું હોઈને તે અવશ્ય કરવા યોગ્ય છે.

કેટલાક કહે છે કે 'શ્રી જિનેશ્વર દેવો વીતરાગ હોય છે, એટલે ભક્તિ કરનાર પર પ્રસન્ન થતા નથી કે નિંદા કરનાર પર અપ્રસન્ન થતા નથી; તો પછી તેમની ભક્તિ કરવાનું કારણ શું ?'

તેનો ઉત્તર જૈન શાસ્ત્રોએ આ પ્રમાણે આપ્યો છેઃ

क्षीणक्लेशा एते, नहि प्रसीदन्ति न स्तवोऽपि वृथा ।
तत्सद्भावविशुद्धेः, प्रयोजनं कर्मविगम इति ॥

'જેમના સર્વ ક્લેશો (કર્મો) ક્ષીણ થયા છે, એવા શ્રી વીતરાગ દેવો પ્રસન્ન થતા નથી, તો પણ તેઓની

સ્તુતિ–ભક્તિ નિષ્ફળ નથી; કારણ કે તેથી સદ્ભાવની વિશુદ્ધિ થાય છે અને એ વિશુદ્ધિથી કર્મનો નાશ થાય છે.'

स्तुत्याऽपि भगवन्तः, परमगुणोत्कर्षरूपतो ह्येते ।
दृष्टा ह्यचेतनादपि, मन्त्रादिजपादितः सिद्धिः ॥

'ગુણના પરમ ઉત્કર્ષ રૂપ હોવાથી શ્રી વીતરાગ ભગવંત તેમની સ્તુતિ–ભક્તિ કરનારને અવશ્ય ફળ આપનારા થાય છે. અચેતન એવા મંત્ર વગેરેના જપથી સિદ્ધિ થતી દેખાય છે (તો ગુણના ઉત્કર્ષ રૂપ વીતરાગની સ્તુતિ–ભક્તિ કરવાથી સિદ્ધિ કેમ ન થાય ?)'

शीतार्दितेषु हि यथा द्वेषं वह्निर्न याति रागं वा ।
नाह्वयति वा तथाऽपि च तमाश्रिताः स्वेष्टमश्नुवते ॥
तद्वत्तीर्थकरान्ये त्रिभुवनभावप्रभावकान् भक्तया ।
समुपाश्रिता जनास्ते भवशीतमपास्य यान्ति शिवम् ॥

'જેમ શીત–ઠંડી વગેરેથી પીડાયેલા ઉપર અગ્નિને દ્વેષ પણ નથી, તેમ રાગ પણ નથી; વળી તેને પોતાની પાસે આવવાનું આમંત્રણ પણ કરતો નથી, આમ છતાં તેનો આશ્રય લેનાર પોતાના ઇષ્ટને પ્રાપ્ત કરે છે–શીતથી રહિત બને છે, તેમ જેઓ ત્રણે ભુવનના ભાવોને પ્રકટ કરનાર શ્રી તીર્થંકરદેવોનો ભક્તિપૂર્વક આશ્રય લે છે, તેઓ ભવરૂપી શીતને દૂર કરી મોક્ષને પામે છે.' પૂ. ઉપાધ્યાયજી મહારાજકૃત શ્રી ધર્મનાથ ભગવાનનું સ્તવન આ અંગે સુંદર સમજણ આપે છે.

કેટલાક કહે છે કે 'મોક્ષ કોણે દીઠો? અને તે ક્યારે મળે? અમારે તો આ ભવનું સુખ જોઈએ છે. શું જિનેશ્વરદેવની પૂજાથી એ સુખ મળશે ખરૂં?' તેનો ઉત્તર એ છે કે જ્ઞાનીઓએ મોક્ષ દીઠેલો છે, અને તે યુક્તિ-સિદ્ધ છે, તેથી જ તેઓ તેની હિમાયત કરે છે. વળી મોક્ષ મળવાનો આધાર આપણી પોતાની યોગ્યતા પર છે. જો આપણે યોગ્ય થઈએ તો મોક્ષ તત્કાલ મળે, પણ અત્યંત અફસોસની વાત છે કે આપણે તે માટે યોગ્ય થતા નથી તથા તે અંગે જેવો અને જેટલો ખંતીલો પ્રયાસ કરવો જોઈએ, તે કરતા નથી. યોગ્યતા કેળવ્યા વિના શાળાનું પ્રમાણપત્ર પણ મળતું નથી, તો મોક્ષ જેવી મહાન વસ્તુ ક્યાંથી મળે?

આ ભવનું સુખ એટલે પત્ની, પુત્ર-પુત્રીઓનો પરિવાર, પૈસો, અધિકાર વગેરે. પરંતુ આ સુખ તો તૃણના અગ્રભાગ પર રહેલ ઝાકળના બિંદુ જેવું છે. તે ક્યારે ખરી પડે-નાશ પામે? તે કહેવાય નહિ. તાત્પર્ય કે પત્ની અણધારી ગુજરી જાય છે, પુત્ર-પુત્રીઓનો પરિવાર નાશ પામે છે, પૈસો એકાએક ચાલ્યો જાય છે અને અધિકાર ઘડીકમાં ઝુંટવાઈ જાય છે.

એક વાર હીટલરની હાક વાગતી હતી અને મુસોલોનીનો પડચો બોલ બરાબર ઝીલાતો હતો, પણ તેમના આખરી હાલ કેવા થયા? સર્વ અધિકાર ચાલ્યો ગયો અને ભૂંડા મોતે મરવું પડ્યું. હીટલરે મુખમાં પીસ્તોલ

તાકી આપઘાત કર્યો અને મુસોલીનીને લોકોએ મારી નાખી તેનું મડદું ઝાડે લટકાવ્યું. તાત્પર્ય કે આ જાતનાં સુખો પર આધાર રાખનાર ગમે ત્યારે દુઃખમાં આવી પડે છે અને તેમાં સબડ્યા કરે છે, તેથી શ્રી જિનેશ્વરદેવ પાસેથી આવાં તુચ્છ–ક્ષણિક સુખોની અપેક્ષા રાખવી ઉચિત નથી; જો કે શ્રી જિનેશ્વર દેવની અનન્ય ભાવે પૂજા કરતાં પાપનો નાશ થાય છે અને પુણ્યનો ઉદય થાય છે, એટલે સર્વ પ્રકારનાં દુન્યવી સુખો આવી મળે છે, પણ સમજુ–શાણા મનુષ્યોએ તેમાં લેપાવું જોઈએ નહિ. રાજા કુમારપાળે પૂર્વ ભવમાં માત્ર પાંચ કોડીના ફૂલોથી જ નિરાશંસ ભાવપૂર્વક શ્રી જિનેશ્વરદેવનું પૂજન કર્યું હતું, તો તેમને વર્તમાન ભવમાં અઢાર દેશનું રાજ્ય મળ્યું, પરંતુ તેઓ તેમાં લેપાયા નહિ તેમણે તો ધર્મકરણી જ ચાલુ રાખી અને પરમાર્હતની પદવી પ્રાપ્ત કરી પોતાનું જીવન સાર્થક કર્યું.

'જિનપૂજન ક્યારે કરવું જોઈએ ?' તેનો ઉત્તર એ છે કે ઉત્સર્ગ માર્ગે પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળ, એ ત્રણ સંધ્યા વખતે કરવું જોઈએ અને અપવાદ માર્ગે તો પોતાની આજીવિકાને વાંધો ન આવે એ પ્રમાણે પોતાને અનુકૂળ નિશ્ચિત સમયે કરી શકાય. તે અંગે શ્રી હરિભદ્રસૂરિએ પૂજાપંચાશકમાં કહ્યું છે કે–

सो पुण इह विन्नेओ, संझाओ तिन्नि ताव ओहेणं ।
वित्तिकिरिआअविरुद्धो, अहवा जो जस्स जावइओ ॥

'તે પૂજાનો કાળ ઉત્સર્ગથી ત્રણ સંધ્યાનો જાણવો અથવા અપવાદથી આજીવિકાના સાધનભૂત રાજાની નોકરી, સેવા, વેપાર વગેરે કાર્યોને વાંધો ન આવે તેમ, જેને જેવી અનુકૂળતા હોય તે પ્રમાણે જાણવો.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે પ્રાતઃકાળે વસ્ત્રાદિની શુદ્ધિપૂર્વક વાસક્ષેપ પૂજા કરવાની હોય છે, સંધ્યા સમયે સુગંધી ધૂપ અને દીપાદિક વડે પૂજા કરવાની હોય છે અને મધ્યાહ્ન કાળે સુગંધી જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ અને નૈવેદ્ય વડે અષ્ટપ્રકારી પૂજા કરવાની હોય છે, એટલે મધ્યાહ્ન પૂજા એ મુખ્ય પૂજા છે. આ પૂજા સમયની અનુકૂળતા મુજબ સવારથી માંડીને મધ્યાહ્ન સુધીમાં ગમે ત્યારે કરી શકાય છે.

ત્રિકાળ જિનપૂજાનું ફળ શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે :—

जो पुयइ तिसंज्झं, जिणिंदरायं तहा विगयदोसं ।
सो तइयभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जम्मे ॥

'જે ભવ્યાત્મા રાગ દ્વેષથી રહિત એવા જિનેશ્વર પરમાત્માની ત્રણે સંધ્યાએ પૂજા કરે છે, તે ત્રીજે ભવે અથવા સાતમે કે આઠમા ભવે સિદ્ધિગતિને પામે છે.'

जिनस्य पूजनं हन्ति, प्रातः पापं निशाभवम् ।
आजन्मं विहितं मध्ये, सप्तजन्मकृतं निशि ॥

'પ્રાતઃકાળે કરેલું શ્રી જિનેશ્વરનું પૂજન રાત્રિએ

કરેલાં પાપોનો નાશ કરે છે, મધ્યાહ્નકાળે કરેલું શ્રી જિનેશ્વરનું પૂજન આખા જન્મમાં કરેલાં પાપોનો નાશ કરે છે, અને સંધ્યા સમયે કરેલું પૂજન સાત ભવનાં કરેલાં પાપોનો નાશ કરે છે.

તાત્પર્ય કે પાપનો નાશ કરવા માટે તથા ઉત્તરોત્તર આત્મશુદ્ધિનો લાભ પ્રાપ્ત કરવા માટે જિનપૂજન અતિ આવશ્યક છે અને તેથી દરેક મુમુક્ષુએ તે નિત્ય-નિયમિત અવશ્ય કરવું જોઈએ.

## પ્રકરણ ચૌદમું

## સાત પ્રકારની શુદ્ધિ

જેનાથી ક્રિયા શુદ્ધ, સુંદર, પવિત્ર અને પ્રશસ્ત બને તેને શુદ્ધિ કહેવામાં આવે છે. ખાસ કરીને ધાર્મિક તથા આધ્યાત્મિક ક્રિયાઓમાં શુદ્ધિ પર ખૂબ ભાર મૂકવામાં આવે છે, કારણ કે તે વિના ઉક્ત ક્રિયાઓ પોતાનું પૂરેપૂરું ફળ બતાવવાને સમર્થ થતી નથી.

શ્રી જિનેશ્વરદેવનું પૂજન એ એક ધાર્મિક ક્રિયા છે, એટલે તેમાં શુદ્ધિ બરાબર જળવાવી જોઈએ. આ શુદ્ધિ સાધનભેદથી સાત પ્રકારની છે, તે માટે ''शुद्धिः सप्तविधा कार्या, श्रीअर्हत्पूजनक्षणे' એ વચનો પ્રમાણરૂપ છે.

આ સાત શુદ્ધિનાં નામો શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે જણાવ્યાં છે :

वपुश्च वसनं चैव, मनोभूमिस्तथैव च ।
पूजोपकरणं न्यायं, द्रव्यं विधिक्रिया तथा ॥

અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.

શુદ્ધિ સાત પ્રકારની છેઃ (૧) અંગશુદ્ધિ (૨) વસ્ત્રશુદ્ધિ, (૩) મનઃશુદ્ધિ, (૪) ભૂમિશુદ્ધિ, (૫) પૂજોપકરણ-શુદ્ધિ, (૬) દ્રવ્યશુદ્ધિ અને (૭) વિધિ શુદ્ધિ.

આ સાત પ્રકારની શુદ્ધિનું સ્વરૂપ બરાબર સમજવામાં આવે, તે માટે અહીં તેનું વિસ્તૃત વિવેચન કરીશું.

**૧–અંગશુદ્ધિ**

અંગશુદ્ધિ એટલે પૂજા કરનારના અંગની–કાયાની શુદ્ધિ. તે મુખ્યત્વે સ્નાનથી થાય છે. શાસ્ત્રોમાં '**सम्यक् स्नात्वोचिते काले**' એવા શબ્દો આવે છે, તે પરથી એમ સમજવાનું કે ગૃહસ્થ ઉપાસકે જિનપૂજા કરવાનો અવસર થાય, ત્યારે પ્રથમ સ્નાન કરવું જરૂરી છે.

સ્નાન કરવાનો હેતુ એ છે કે શરીર મલ-મૂત્રથી ખરડાયેલું હોય, દુર્ગંધી વાયુના સંચાર વગેરેથી મલિન થયેલું હોય કે સ્ત્રીની શય્યા આદિના યોગથી અપવિત્ર થયેલું હોય, તે શુદ્ધ થાય. શ્રી જિનેશ્વરદેવની કાયા–શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ અતિ પવિત્ર છે. તેને અપવિત્ર શરીરે અડવાનો આપણો આચાર નથી. દેવતાઓ કે જે આપણા કરતાં વધારે સ્વચ્છ શરીરવાળા છે, તેઓ પણ સ્વર્ગમાં રહેલી વાવડીઓમાં પ્રથમ સ્નાન કરી, પવિત્ર થઈને જ શાશ્વત જિનોની પ્રતિમાનું અર્ચન–પૂજન કરે છે, તો આપણે મનુષ્યોએ તો શ્રી જિનેશ્વરદેવની પૂજા કરતાં પહેલાં અવશ્ય સ્નાન કરવું જોઈએ.

સ્નાન બે પ્રકારનાં છેઃ એક દ્રવ્યસ્નાન અને બીજું ભાવસ્નાન. તેમાં પાણીથી સ્નાન કરવું, તે દ્રવ્યસ્નાન કહેવાય છે અને અહીં મુખ્યત્વે તેનો જ અધિકાર છે.

દ્રવ્યસ્નાનના બે પ્રકારો છેઃ દેશસ્નાન અને

સર્વસ્નાન. તેમાં ઝાડો–પેશાબ કરી શુદ્ધિ કરવી, દાંત સાફ કરવા, જીભ ઉપરથી ઉલ ઉતારવી, હાથ-પગ-મુખ વગેરે ધોવાં, કોગળા કરી મુખ સાફ કરવું, એ બધાં દેશ–સ્નાન કહેવાય છે અને સમસ્ત શરીરે સ્નાન કરવું, એ સર્વ–સ્નાન કહેવાય છે.

ઝાડો–પેશાબ એવાં સ્થાને કરવા જોઈએ કે જ્યાં ત્રસાદિ જીવો ન હોય, વનસ્પતિ ઉગેલી ન હોય, કોઈ મનુષ્ય દેખતું ન હોય કે જ્યાં બેસવાથી અન્ય લોકોને અણગમો થાય તેવું ન હોય. વળી ઝાડો–પેશાબ કરતી વખતે મૌન ધારણ કરવું જોઈએ.

ભારતીય નીતિકારોનો એવો મત છે કે 'ઝાડો, પેશાબ, મૈથુનસેવન, ભોજન, સંધ્યાકર્મ, પૂજા તથા જપ, એટલાં કાર્યો મૌનપણે કરવા.' વિવેકવિલાસ નામના જૈનગ્રંથે પણ આ મતને પુષ્ટિ આપેલી છે.

દાંત સાફ કરવાનો વિધિ એવો છે કે સીધું, ગાંઠા વિનાનું, જેનો કુચો સારી રીતે થઈ શકે એવું, છેડે પાતળું, દશ આંગળ લાંબું, ટચલી આંગળીના છેડા જેટલું જાડું અને સારી જમીનમાં ઉગેલા જાણીતા વૃક્ષનું દાતણ લઈને તેનો કુચો કરવો અને તેનાથી ઈજા ન થાય એ રીતે દાંત તથા પેઢાં ઘસવાં. એ વખતે એક આસને બેસવું અને ચિત્ત તેમાં જ પરોવવું.

દાતણની જગાએ ટુથ બ્રશ તથા દંતમંજન કે ક્રીમ

વગેરેનો ઉપયોગ પણ કરી શકાય, પરંતુ તેમાં મુખ્ય વાત એટલી છે કે દાંત બરાબર સાફ થવા જોઈએ, અને જીભ પરથી ઉલ બરાબર ઉતરવી જોઈએ. આટલી મુખશુદ્ધિ થવાથી સ્નાનનો હેતુ સરે છે અને આરોગ્ય જાળવવામાં પણ સહાય મળે છે.

હવે સર્વસ્નાનનો વિચાર કરીએ. તે અંગે પંચાશકમાં કહ્યું છે કે—

भूमिपेषण–जलछाणणाइ–जयणा उ होइ ण्हाणादो ॥
एत्तो विसुद्धभावो, अणुहवसिद्धो चिय बुहाणं

'સ્નાન કરવામાં ભૂમિશુદ્ધિ, પાણી ગાળવું વગેરે જયણા રાખવી. આ પ્રમાણે જયણા કરવાથી ભાવની વિશુદ્ધિ થાય છે, એ પંડિતોને અનુભવસિદ્ધ છે.'

અહીં ભૂમિશુદ્ધિથી એમ સમજવું કે જે જમીન સરખી હોય એટલે કે બહુ ઊંચી–નીચી ન હોય, વળી પોલાણવાળી ન હોય તથા ત્રસ વગેરે જીવોથી રહિત હોય, એવી ભૂમિ પર બાજોઠ કે પાટલા પ્રમુખ પર બેસીને સ્નાન કરવું. આમ કરવાથી જીવોની રક્ષા થાય છે. વળી સ્નાન કરતી વખતે જે પાણી વાપરવું, તે ગાળીને જ વાપરવું, પણ અણગળ વાપરવું નહિ. આવું પાણી ઊનું અથવા ઠંડુ પણ વાપરી શકાય. તે માટે ઋતુ, શરીરની સ્થિતિ, સંયોગો વગેરે જોવા. વળી સ્નાન માટેનું પાણી પરિમિત હોવું જોઈએ, એટલે કે શરીરની શુદ્ધિ કરી

શકાય તેટલા પ્રમાણમાં જ લેવું જોઈએ, તેથી અધિક નહિ. ડોલ, કુંડી કે હાંડા વગેરેમાં પાણી લઈને સ્નાન કરતાં આ નિયમ જળવાય છે, પણ નળ નીચે બેસી જવામાં, ટબનો ઉપયોગ કરવામાં કે ફુવારા છોડીને નાવામાં આ નિયમ જળવાતો નથી, એટલે તે બાબત સાવધાની રાખવી.

નીતિકારોનો મત એવો છે કે 'સ્નાન કરતી વખતે તદ્દન નગ્ન થવું નહિ. એક વસ્ત્ર તો અવશ્ય પહેરવું.' આપણા દેશમાં આ નિયમનો અમલ મોટા ભાગે થાય છે, પણ કેટલાક દેખાદેખીથી આ નિયમનો ભંગ કરવા લાગ્યા છે, એટલે આટલું સૂચન છે.

સ્નાનનો મુખ્ય આશય શરીરને મલરહિત કરવાનો છે, એટલે બરાબર ચોળીને ન્હાવું જોઈએ.

સ્નાન કર્યા પછી જરા કર્કશ અને પાણી ચૂસી લે તેવાં શુદ્ધ વસ્ત્ર વડે શરીર લૂછવું, પછી પલાળેલું વસ્ત્ર એટલે કે પંચિયું છોડીને ઊનની કાંબળી કે શણનું વસ્ત્ર ધારણ કરવું અને પગનાં તળિયાં કોરાં કરીને, પવિત્ર સ્થાનકે ઉત્તરાભિમુખ ઊભા રહીને, પૂજા માટેનાં વસ્ત્રો ધારણ કરવાં.

જો શરીર લુવાનું વસ્ત્ર કે જેને અંગૂછો કે ટૂવાલ કહેવામાં આવે છે, તે જરા કર્કશ ન હોય કે પાણી ચૂસી લે તેવો ન હોય તો શરીર પરનો પોચો પડેલો મેલ સાફ થતો નથી. કેટલાક પંચિયાથી શરીર લૂછે છે, પણ તે

અયોગ્ય છે. એ રીતે શરીર લૂછતાં કેટલોક મેલ રહી જાય છે અને તે જોઈએ તેવું સ્વચ્છ થતું નથી. પંચિયું છોડીને ઊનની કામળી આદિ વસ્ત્ર ધારણ કરવાનો હેતુ એ છે કે શરીર પર રહેલી સઘળી ભીનાશ ચૂસાઈ જાય અને પૂજાનાં વસ્ત્રો જેવાં ને તેવાં સ્વચ્છ રહે.

પગનાં તળિયાં કોરાં કરીને બહાર નીકળવાનો હેતુ એ છે કે ભીના પગે ચાલવાથી જમીન પર રહેલા સૂક્ષ્મ કીડી-કંથવા વગેરે ચોટી જઈ વિનાશ પામે છે, તેમાંથી બચી શકાય. ત્યાર પછી પવિત્ર સ્થાનકે ઊભા રહેવાનો હેતુ એ છે કે શરીર અપવિત્ર થતું અટકે. જો સ્નાન કર્યા પછી કોઈ અપવિત્ર—અશુચિમય જગાએ ઊભા રહીએ તો શરીર અશુચિવાળું થાય, અપવિત્ર થાય અને સ્નાનનો હેતુ સરે નહિ. ઉત્તરાભિમુખ ઊભા રહેવાનો હેતુ એ છે કે આપણા શરીરની ક્રિયાઓ સંવાદી બને અને આપણું ચિત્ત જલ્દી સ્વસ્થ થાય. મંત્રસાધના વગેરેમાં પણ ઉત્તરાભિમુખ બેસવાનો આશય એ જ છે.

દ્રવ્યસ્નાન ગૃહસ્થોને માટે સારું છે. તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

कृत्वेदं यो विधानेन, देवताऽतिथिपूजनम् ।
करोति मलिनारम्भी, तस्यैतदपि शोभनम् ॥

'વિધિપૂર્વક આ દ્રવ્યસ્નાન કરીને જે મલિન આરંભી એટલે ગૃહસ્થ શ્રી જિનેશ્વરદેવનું પૂજન તથા સાધુઓના સત્કાર—સન્માનાદિ કરે છે, તેને આ દ્રવ્યસ્નાન અમુક અંશે

અપકાયના જીવોની વિરાધનાનું કારણ છતાં ગૃહસ્થાશ્રમની અપેક્ષાએ સારું છે.'

भावविशुद्धिनिमित्तत्वात्तथानुभवसिद्धितः ।
कथञ्चिद्दोषभावेऽपि, तदन्यगुणभावतः ॥

'ભાવશુદ્ધિનું નિમિત્ત હોવાથી, તેમજ તે અનુભવ-સિદ્ધ હોવાથી, તેમજ તેમાં જીવહિંસાદિ કેટલોક દોષ રહેલો હોવા છતાં અન્ય મહાન ગુણો (સમ્યક્ત્વ આદિ) પ્રકટાવવામાં સહાયભૂત હોવાથી દ્રવ્યસ્નાન ગૃહસ્થોને માટે શોભારૂપદ છે.'

અહીં એટલું યાદ રાખવું ઘટે કે શરીરે ગડગૂમડ નીકળ્યાં હોય કે ચાંદું પડ્યું હોય અને તેમાંથી રસી વહેતી હોય તો જળ–ચંદન–પુષ્પ વગેરેથી શ્રી જિનેશ્વર દેવની અંગપૂજા સ્વયં કરવી નહિ, કારણકે તેથી આશાતના થાય છે. આવા પ્રસંગે પોતાનાં ચંદન–પુષ્પ વગેરે દ્રવ્યો બીજાને આપી તેની પાસે પૂજા કરાવવી. અગ્રપૂજા તથા ભાવપૂજા માટે આવો કોઈ નિયમ નથી, એટલે કે તે આવી સ્થિતિમાં પણ કરી શકાય છે.

૨–વસ્ત્રશુદ્ધિ

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

विशुद्धिं वपुषः कृत्वा, यथायोग्यं जलादिभिः ।
धौतवस्त्रं वसीत द्वे, विशुद्धे धूपधूपिते ॥

'જળ વગેરેથી શરીરની યોગ્ય શુદ્ધિ કરીને ધોયેલાં

અને ધૂપથી ધૂપેલાં એવાં બે વિશુદ્ધ વસ્ત્રો (પૂજા કરવા માટે) ધારણ કરવાં.'

જો પૂજાનાં કપડાં મેલાં, દુર્ગંધવાળાં કે અશુદ્ધ હોય તો સ્નાન નિષ્ફળ થાય છે; માટે અહીં ધોયેલા, ધૂપથી વાસિત કરેલાં અને વિશુદ્ધનો નિર્દેશ છે. બે વસ્ત્રો પુરુષોની અપેક્ષાએ સમજવા. એક ધોતિયું અને બીજું ઉત્તરાસંગ. સ્ત્રીઓને ત્રણ વસ્ત્ર ધારણ કરવાનો આદેશ છેઃ ચણિયો, સાડી અને કંચુકી.

લૌકિક શાસ્ત્રોમાં પૂજાનાં વસ્ત્રો અંગે જે નિયમો દર્શાવ્યા છે, તે પણ લક્ષમાં લેવા જેવા છે. તેમાં કહ્યું છે કે–

न कुर्यात्सन्धितं वस्त्रं, देवकर्मणि भूमिप ! ।
न दग्धं न तु वैच्छिन्नं, परस्य तु न धारयेत् ॥

'હે રાજન્ ! દેવપૂજા વગેરે કાર્યોમાં સાંધેલું, બળી ગયેલું કે ફાટેલું વસ્ત્ર પહેરવું નહિ; તેમજ બીજાનું પહેરેલું પણ પહેરવું નહિ.'

कटिस्पृष्टं तु यद् वस्त्रं, पुरिषं येन कारितम् ।
समुत्रमैथुनं वापि, तद् वस्त्रं परिवर्जयेत् ॥

'તથા જે વસ્ત્ર કમરને લાગેલું હોય એટલે કે જેનો લંગોટ, ચડ્ડી કે એવી જ બીજી રીતે ઉપયોગ કરેલો હોય, અથવા જેનાથી પેશાબ, ઝાડો કે મૈથુન વગેરે કર્યું હોય, તે વસ્ત્ર દેવકાર્યોમાં વાપરવું નહિ.'

एकवस्त्रो न भुञ्जित, न कुर्याद्देवतार्चनम् ।
न कंचुकं विनां कार्या, देवार्चा स्त्रीजनेन तु ॥

'પુરુષોએ માત્ર એક જ વસ્ત્ર પહેરીને ભોજન અને દેવપૂજન કરવું નહિ; તથા સ્ત્રીઓએ કંચુક (કાંચળી) વિના દેવપૂજન કરવું નહિ '

પૂજા માટે જે વસ્ત્ર વાપરીએ, તે બીજાનું પહેરેલું હોય તો ચાલે નહિ. બીજાનાં વાપરેલાં વસ્ત્રો વાપરવા જતાં તેની વૃત્તિઓની આપણને અસર થાય છે અને તે જો ખરાબ હોય તો આપણું કામ બગાડી નાખે છે. વળી આરોગ્યની દૃષ્ટિએ પણ બીજાનાં વાપરેલાં વસ્ત્રો વાપરવાં યોગ્ય નથી. કોને કઈ જાતના રોગ હોય તે શું કહી શકાય ? જો કદાચ ચેપી રોગ હોય તો તે તરત જ લાગુ પડી જાય અને શરીરની ખરાબી કરી નાખે. આવાં કારણોસર બીજાનું વાપરેલું વસ્ત્ર પૂજામાં વાપરવું નહિ, એવો નિયમ પ્રચલિત થયેલો છે. મધ્યકાલિન યુગની એક ઐતિહાસિક ઘટના આ વસ્તુ પર સુંદર પ્રકાશ પાડે છે.

પરમાર્હત મહારાજા કુમારપાળ નિયમિત જિનપૂજન કરતા અને તે વખતે દુકૂળ એટલે ખાસ બનાવટના રેશમી ઝીણાં વસ્ત્રનો ઉપયોગ કરતા. એક વાર તેમનું આ વસ્ત્ર બાહડ મંત્રીના નાના ભાઈ ચાહડે વાપર્યું, તે જોઈને મહારાજાએ કહ્યું કે ' હવે આ વસ્ત્ર મારે ચાલશે નહિ, માટે નવું વસ્ત્ર આપો.'

બાહડ મંત્રીએ કહ્યું: ' મહારાજા ! નવું વસ્ત્ર તો

તત્કાળ મળવું મુશ્કેલ છે, કારણકે એ તો સવા લાખ દ્રવ્યના મૂલ્યથી બંબેરી નગરીમાં નીપજે છે. વળી આપ બીજાનું વાપરેલું વસ્ત્ર વાપરતા નથી, તો આવું વસ્ત્ર ત્યાંનો રાજા પ્રથમ વાપરીને–તુચ્છકારીને પછી જ બહારગામ જવા દે છે.'

મહારાજાએ કહ્યું: 'હમણાં ને હમણાં બંબેરી નગરીના રાજા પાસે માણસ મોકલી વગર વાપરેલું એક દુકૂળ મંગાવો.'

એ હુકમનો તરત અમલ થયો, પણ વગર વપરાયેલું દુકૂળ મળ્યું નહિ, એટલે મહારાજા કુમારપાળે કોપાયમાન થઈને બાહડ મંત્રીને બંબેરી નગરી પર ચડાઈ કરવાનો હુકમ આપ્યો.

મંત્રીએ ૧૪૦૦ સાંઢણીઓ ઉપર બબ્બે સુભટોને બેસાડીને પ્રયાણ કર્યું અને રાત્રિના સમયે બંબેરી નગરીને ઘેરી લીધી, પણ તે રાત્રિએ ૭૦૦ કન્યાઓના વિવાહ હતા, એટલે રાત્રિ પસાર થવા દઈને સવારે હુમલો કર્યો અને જેના પર નગરીના રક્ષણનો મુખ્ય આધાર હતો, તે કિલ્લો જીતી લીધો.

દંડમાં સાત ક્રોડ સોનૈયા અને અગિયારસો અશ્વો લીધા તથા કિલ્લાને જમીનદોસ્ત કરી, મહારાજાની આણ પ્રવર્તાવી. પછી ૭૦૦ સાળવીઓને મહોત્સવસહિત પાટણ લાવ્યા. મહારાજાએ આ સાળવીઓને સુંદર દુકૂળ તૈયાર

કરવાની આજ્ઞા ફરમાવી ને રોજ પૂજન વખતે નવું જ દુકૂળ વાપરવા લાગ્યા.

આજે દહેરાસરમાં પૂજાનાં વસ્ત્રોનો જથ્થો રાખવામાં આવે છે અને તેનો સહુ ઉપયોગ કરે છે, પરંતુ તેને અપવાદમાર્ગ સમજવો. ઉત્સર્ગમાર્ગે તો દરેકે પોતાને માટે પૂજાનાં વસ્ત્રોની જોડ અલગ રાખવી જોઈએ.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે દહેરાસરમાં પૂજાનાં વસ્ત્રોનો જે જથ્થો રાખવામાં આવે છે, તેને થોડા થોડા દિવસના અંતરે ધોઈ નાખવો જોઈએ તથા તેમાં જે ધોતિયા તથા ઉત્તરાસંગ વગેરે ફાટી ગયાં હોય, તેને અલગ કાઢી નાખવા જોઈએ.

જો પૂજાનાં વસ્ત્રોની જોડ જુદી રાખીએ તો બીજા શ્લોકમાં કરેલા નિયમોનું પાલન આપોઆપ થાય છે.

પુરુષોએ માત્ર એક જ વસ્ત્ર પહેરીને દેવપૂજન કરવું નહિ, તેનો અર્થ એ છે કે તેણે ધોતિયા ઉપરાંત ઉતરાસંગનો ઉપયોગ પણ અવશ્ય કરવો જોઈએ; અને સ્ત્રીએ કંચુકી વિના દેવપૂજન કરવું નહિ, તેનો અર્થ એ છે કે તેણે ચણિયા અને સાડી ઉપરાંત કંચુકી પણ ધારણ કરવી જોઈએ; એટલે કે કુલ ત્રણ વસ્ત્ર ધારણ કરવા જોઈએ.

પૂજા માટેનાં વસ્ત્રો બને ત્યાં સુધી શ્વેત જ રાખવા જોઈએ. શ્રી નિશીથ સૂત્ર વગેરેમાં ઉદાયન રાજાની રાણી પ્રભાવતી વગેરેનાં પૂજાનાં વસ્ત્રો શ્વેત કહેલાં છે, તેમજ

શ્રાદ્ધદિનકૃત્યમાં પણ 'सेयवत्थनिअंसणा' પદથી શ્વેત વસ્ત્ર પહેરવાનું સૂચન છે. રંગની અસર મનુષ્યના શરીર અને મન પર અવશ્ય થાય છે. તેમાં શ્વેત રંગ સાત્ત્વિકતાને વધારનારો છે, એટલે તેનો અહીં નિર્દેશ છે, એવી અમારી સમજ છે. અપવાદમાર્ગે તો રાતા, પીળા વગેરે શુભ વસ્ત્રો પણ વાપરી શકાય. શ્રી હરિભદ્રસૂરિએ પૂજાષોડશકમાં આ ખુલાસો કરેલો છે. પૂજામાં સુતરાઉ વસ્ત્રો ઉપયોગમાં લેવાતા હોય તો રોજે રોજ પાણીથી શુદ્ધ થવા જોઈએ. શણ–રેશમ વગેરે વસ્ત્રોમાં આ નિયમનું પ્રયોજન નથી.

૩–મનઃ શુદ્ધિ

મનઃશુદ્ધિ એટલે મનની શુદ્ધિ, ચિત્તની શુદ્ધિ, ભાવની શુદ્ધિ, અથવા તો વૃત્તિઓ અને વિચારોની શુદ્ધિ. તે ન હોય તો અભ્યંતર શુદ્ધિ થતી નથી અને પરિણામે પવિત્ર થઈને પૂજન કરવાનો સિદ્ધાંત સચવાતો નથી.

એક લોટાને બહારથી બરાબર માંજેલો હોય, પણ અંદરથી સાફ કરેલો ન હોય તો એ શુદ્ધ કહેવાશે ખરો ? અથવા એક મકાન બહારથી ધોયેલું હોય અને તેના પર સુંદર રંગ–રોગાન કરેલો હોય, પણ તેની અંદરની દિવાલો ધૂણી–ધૂમાડાથી કાળી પડી ગયેલી હોય અને તેના ઓરડા કે ચોગાનોમાં કૂડો–કચરો જમા થયેલો હોય, તો શું એ મકાનને શુદ્ધ–સ્વચ્છ કહેવાશે ખરું ? તાત્પર્ય કે બાહ્યશુદ્ધિ સાથે આંતરિક શુદ્ધિ ભળે તો જ શુદ્ધિની ક્રિયા

પૂરી થઈ ગણાય છે અને તેને જ વાસ્તવિક શુદ્ધિ કહેવામાં આવે છે.

અંગશુદ્ધિ અને વસ્ત્રશુદ્ધિ એ બાહ્યશુદ્ધિ છે. તે એટલા માટે જ કરવામાં આવે છે કે મનઃશુદ્ધિમાં ઉપકારક થાય. હવે જો મનઃશુદ્ધિ જ ન કરીએ તો એ બંને શુદ્ધિઓ નિરર્થક ઠરે, માટે મનને શુદ્ધ કરવા તરફ પૂરેપૂરું લક્ષ આપવું ઘટે છે. અંગ પર પૂજાનાં વસ્ત્રો ધારણ કરીએ અને મનમાં સંસાર–વ્યવહારની ગડમથલ ચાલતી હોય, એ એક પ્રકારની વિસંવાદી સ્થિતિ છે, એને ચલાવી લઈ શકાય જ નહિ. 'વેશ લઈએ તે પૂરેપૂરો ભજવવો' એવી લોકોક્તિ છે, તે અનુસાર પૂજાનાં વસ્ત્રો પહેર્યાં, એટલે પૂજાને યોગ્ય વિચારો જ કરવા ઘટે, પણ તેથી વિરુદ્ધ કોઈ પણ વિચારો કરવા ઘટે નહિ.

વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાનો મૂળ હેતુ તો એ છે કે તેમના જેવા પવિત્ર થવું, તેમના જેવા સંયમી થવું, તેમના જેવા ચારિત્રશીલ થઈને આત્મકલ્યાણ સાધવું અને વીતરાગપદે પહોંચવું; એટલે તેમના પૂજનસમયે મનને મલિન કરનારા સર્વ વિચારો છોડી દેવા જોઈએ અને ચિત્તવૃત્તિઓને પૂજન પ્રત્યે જ કેન્દ્રિત કરવી જોઈએ.

કેટલાક કહે છે કે 'આ બધું સમજીએ છીએ ખરા, પણ મર્કટ જેવું મન ઠેકાણે રહેતું નથી. ખાસ કરીને પૂજા–પાઠ કરવા બેસીએ છીએ, ત્યારે દુનિયાભરના વિચારો

આવવા લાગે છે અને તે ચિત્તને ડામાડોળ કરી મૂકે છે. તો શું કરવું?' તેનો ઉત્તર એ છે કે–'જે વસ્તુ પર આપણને વધારે અનુરાગ હોય તેના વિચારો વારંવાર આવે એ સ્વાભાવિક છે, એટલે જગતની જંજાળને મિથ્યા સમજવી અને તેના પ્રત્યેનો અનુરાગ ઘટાડી શ્રી જિનેશ્વર દેવ પ્રત્યે અનુરાગ વધારવો. આ વખતે એમજ વિચારવું કે 'કેવી સુંદર તક મળી છે! હમણાં ત્રિલોકના નાથની પૂજા કરીશ અને કૃતાર્થ થઈશ. ખરેખર! પ્રભુના પૂજનમાં જે ઘડીઓ જાય તેજ સાર્થક છે, બાકીની બધી નિરર્થક છે.'

સારા વિચારો કરવાની ટેવ પાડીએ તો સારા વિચારો આવ્યા કરે છે અને દુષ્ટ–પાપી–અપવિત્ર વિચારો ચાલ્યા જાય છે. યોગાભ્યાસીઓનો અનુભવ એવો છે કે 'અભ્યાસેન સ્થિરં चित्तम्–મન મર્કટ જેવું ચંચળ છે, અથવા કુંજરના જેવું અસ્થિર છે, તો પણ અભ્યાસથી તેને વશ કરી શકાય છે, સ્થિર કરી શકાય છે; એટલે ખરી જરૂર અભ્યાસની છે.'

જેનું મન ઘણું જ અસ્થિર રહેતું હોય, તેણે અનાનુપૂર્વીનું ખાસ આલંબન લેવું જોઈએ અને નિત્ય એક બે વાર તેની ગણના કરવી જોઈએ. વળી શાસ્ત્રાભ્યાસ પણ વધારવો જોઈએ. જેથી આપણી સમજ સુધરે અને તે મનનો નિગ્રહ કરવામાં ઉપયોગી થાય.

શ્રી પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી શ્રમણ કેશિકુ-

માર અને શ્રીમહાવીરસ્વામીના અનુયાયી શ્રી ગૌતમસ્વામીનો મેળાપ થયો, ત્યારે તેમની વચ્ચે તાત્ત્વિક સંવાદ થયો હતો. તેમાં શ્રમણ કેશિકુમારે એક પ્રશ્ન એવો પૂછ્યો હતો કે 'હે ગૌતમ! આ મહા સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તેના પર બેઠેલા તમે ઉન્માર્ગે કેમ જતા નથી?' ત્યારે શ્રી ગૌતમસ્વામીએ જવાબ આપ્યો હતો કે 'હે મહામુનિ! તે વેગભર દોડતા ઘોડાને શ્રુતરૂપી લગામથી બરાબર કાબૂમાં રાખું છું, તેથી ઉન્માર્ગે જતો નથી.' તાત્પર્ય કે સર્વજ્ઞ ભગવંતોએ પરમ હિતબુદ્ધિથી જે વચનો કહ્યાં છે અને શાસ્ત્રોમાં સંગ્રહાયાં છે, તેનો સ્વાધ્યાય કરીએ, તેના પર ચિંતન-મનન કરીએ તો મનનું પરિભ્રમણ અટકી જાય છે અને તે જરૂર ખીલે બંધાય છે.

શ્રી ગૌતમસ્વામી સંયમસાધનામાં ઘણા આગળ વધેલા હતા, છતાં પોતાના મનનો નિગ્રહ કરવા માટે શ્રુતનું-શ્રુતાભ્યાસનું આલંબન લેતા હતા, તો આપણા જેવા સામાન્ય મનુષ્યોએ તેનું કેટલું આલંબન લેવું જોઈએ? પરંતુ આજે તો શ્રુતાભ્યાસ એટલે જિનાગમના વાંચન અને ચિંતનનું શાસ્ત્રાભ્યાસને નામે મોટા ભાગે મીડું છે અને પાયાનું શિક્ષણ પણ જે પ્રકારનું મળવું જોઈએ, તે મળતું નથી, એટલે મન રવાડે ચડી જાય છે અને પ્રભુ-પૂજન જેવા પવિત્ર અવસરે પણ કાબૂમાં રહેતું નથી.

મનઃશુદ્ધિનો મહિમા કેવો છે, તે પણ આ અવસરે

જાણી લો. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

दीपिका खल्वनिर्वाणा, निर्वाणपथदर्शिनी ।
एकैव मनसः शुद्धिः, समाम्नाता मनीषिभिः ॥

'વિદ્વાન્ પુરુષોએ એક મનઃશુદ્ધિને જ મોક્ષમાર્ગ દેખાડનારી અને ન બુઝાય તેવી દીપિકા કહેલી છે.'

सत्यां हि मनसः शुद्धौ, सन्त्यसन्तोऽपि सद्गुणाः ।
सन्तोऽप्यसत्यां नो सन्ति, सैवः कार्या बुधैस्ततः ॥

'જો મનઃશુદ્ધિ થયેલી હોય તો અવિદ્યમાન ગુણો આવી મળે છે અને ગુણો વિદ્યમાન હોય છતાં મનઃશુદ્ધિ ન હોય તો તે ગુણો છે જ નહિ; અર્થાત્ તે ગુણો ચાલ્યા જવાના કે નકામા છે.'

માટે સૌ સુજ્ઞ જનોએ મનઃશુદ્ધિ કરવી જોઈએ.

तदवश्यं मनःशुद्धिः, कर्तव्या सिद्धिमिच्छता ।
तपःश्रुतयमप्रायैः किमन्यैः कायदण्डनैः ? ॥

'માટે મોક્ષની ઇચ્છા રાખનારાઓએ મનની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ. તે સિવાય તપ કરવાથી, શાસ્ત્રોનું અધ્યયન કરવાથી, વ્રતો ધારણ કરવાથી કે કાયાને દંડનારા અન્ય ઉપાયો કરવાથી શું ?' તાત્પર્ય કે જે કંઈ ધાર્મિક ક્રિયાઓ કે અનુષ્ઠાનો કરવામાં આવે તેમાં મનઃશુદ્ધિ તો પ્રથમ જોઈએ.

સ્કંદપુરાણના કાશી ખંડના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું

છે કે 'હજારોભાર માટીથી, પાણીના ભરેલા સેંકડો ઘડાથી કે સેંકડો તીર્થના સ્નાન કરવાથી પણ દુરાચારી પુરુષો શુદ્ધ થતા નથી. જળજંતુઓ જળમાં જ ઉત્પન્ન થાય છે અને તેમાં જ પાછા મરણ પામે છે; પણ તેઓના મનનો મેલ દૂર થયેલો ન હોવાથી સ્વર્ગમાં જતા નથી. ગંગાના સ્નાન વિના પણ શમ–દમ–સંતોષાદિથી મન નિર્મળ થાય છે. જો સત્ય બોલીએ તો મુખ શુદ્ધ થાય છે અને બ્રહ્મચર્ય પાળીએ તો શરીર શુદ્ધ થાય છે. તેજ રીતે રાગાદિકથી મન મલિન થાય છે, અસત્ય બોલવાથી મુખ મલિન થાય છે અને જીવહિંસાદિથી કાયા મલિન થાય છે. આવી મલિનતાવાળાથી તો ગંગા પણ દૂર જ રહે છે. તે એમ કહે છે કે 'પરસ્ત્રીથી, પર દ્રવ્યથી અને પરદ્રોહથી દૂર રહેનારા પુરુષો, મારી પાસે આવી મને પાવન કરશે.'

## તુંબડાનું દૃષ્ટાંત

અહીં તુંબડાનું દૃષ્ટાંત દેવાય છે, તે પણ લક્ષમાં રાખવા જેવું છે. એક કુલપુત્ર ગંગા વગેરે તીર્થોની યાત્રા કરવા ચાલ્યો; ત્યારે તેની માતાએ કહ્યું કે 'હે પુત્ર! આ મારું તુંબડું તું સાથે લઈ જા અને જ્યાં જ્યાં તું સ્નાન કરે, ત્યાં તેને પણ સ્નાન કરાવજે.'

કુલપુત્રે માતાનું કહેવું માન્ય કર્યું અને તે જે જે તીર્થે ગયો, ત્યાં ત્યાં તુંબડાને સ્નાન કરાવ્યું. પછી પોતાના ઘરે પાછો આવ્યો, ત્યારે તે તુંબડું માતાને સમર્પણ કર્યું.

હવે માતાએ તે જ તુંબડાનું શાક કરીને તેને પીરસ્યું. એ તુંબડું ખૂબ જ કડવું હતું, એટલે પેલાએ શાકનો એક જ પીત્તો મોઢામાં નાંખતાં થૂ–થૂ કર્યું અને પ્રશ્ન પૂછ્યો કે 'આ શાક આટલું કડવું કેમ ?' માતાએ કહ્યું: 'શું હજી એની કડવાશ ગઈ નથી ? ખરેખર તેં એને સ્નાન જ કરાવ્યું નહિ હોય.' ત્યારે કુલપુત્રે કહ્યું કે 'નહીં, નહીં, મેં તો એને બધાં તીર્થોમાં મારી સાથે જ સ્નાન કરાવ્યું છે.'

માતાએ કહ્યું કે 'જો એટલાં બધાં તીર્થોમાં સ્નાન કરાવવા છતાં તેની કડવાશ ગઈ નહિ, તો તારું પાપ પણ કેવી રીતે ગયું હશે ? ખરેખર ! પાપ તો આંતરિક શુદ્ધિ કરવાથી જ દૂર થાય છે અને તે માટે પ્રભુપૂજન, તપ–જપ આદિ ક્રિયાઓ કરવી જોઈએ.'

પેલો તેનાથી પ્રતિબોધ પામ્યો અને તે દિવસથી પ્રભુપૂજન, તપ, જપ વગેરે સારી રીતે કરવા લાગ્યો.

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજે શ્રી ઋષભદેવ સ્વામીના સ્તવનમાં કહ્યું છે કે–

ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું,
પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણારે,
આનંદઘન–પદરેહ,
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

'અર્હત્પૂજનનું ખરૂં ફળ ચિત્તની પ્રસન્નતા છે. જો ચિત્તની પ્રસન્નતા (વિશુદ્ધિ) બરાબર રહે તો જ તેને અખંડિત પૂજા સમજવી. પરંતુ ચિત્તની આવી પ્રસન્નતા ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે આપણે સર્વ પ્રકારની માયાવૃત્તિનો–દાંભિકતાનો ત્યાગ કરીને સરલ ભાવે શ્રી જિનેશ્વરદેવને સમર્પિત થઈ જઈએ. આનંદઘન અવસ્થા પામવાનો માર્ગ એ જ છે.'

ઉક્ત મહાપુરુષે શ્રી સંભવનાથ સ્વામીના સ્તવનમાં કહ્યું છે કે –

સેવન કારણ પહેલી ભૂમિકારે, અભય અદ્વેષ અખેદ.

શ્રી જિનેશ્વરદેવની સેવા–પૂજા કરવાની પહેલી માનસિક ભૂમિકા એ છે કે તેમાં ભય, દ્વેષ અને ખેદ એ ત્રણ દોષો હોવા ન જોઇએ. તેપણે આ ત્રણેય દોષોની વ્યાખ્યા પણ આપી છે.

ભય ચંચળતા હો જે પરિણામનીરે, દ્વેષ અરોચક ભાવ;<br>ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયે રે, દોષ અબોધ લખાવ.

'મનના પરિણામોની જે ચંચળતા તે ભય; યથાર્થ રુચિ ન હોવી તે દ્વેષ; અને પ્રવૃત્તિ કરતાં થાક લાગે–કંટાળો આવે તે ખેદ.'

તાત્પર્ય કે શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવા જઈએ ત્યારે મનને બરાબર સ્થિર રાખવું જોઇએ, તેમના પ્રત્યે

પૂર્ણ રુચિ (સદ્દ્ભાવ) દાખવવી જોઈએ અને જરા પણ કંટાળો ન લાવતાં મનને ખૂબ ઉલ્લાસમાં રાખવું જોઈએ.

મનઃશુદ્ધિ–મનોનિગ્રહ માટે વિશેષ જાણવું હોય તેમણે 'બે ઘડીયોગ' અને 'મનનું મારણ' નામના પુસ્તકો જોવા જોઈએ. આ બંને પુસ્તકો અમોએ લખેલાં છે અને 'ધર્મબોધ–ગ્રંથમાળામાં' પ્રકટ થયેલાં છે.

## ૪–ભૂમિશુદ્ધિ

મનુષ્યના દિલ અને દિમાગ પર સ્થાન અને સંયોગોની અસર અવશ્ય થાય છે, તેથી જ સાત પ્રકારની શુદ્ધિમાં ભૂમિશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ કે સ્થાનશુદ્ધિને પણ ખાસ સ્થાન અપાયેલું છે.

પૂજાસ્થાનનું વાતાવરણ જેટલું શુદ્ધ–સ્વચ્છ–પવિત્ર, તેટલું પૂજામાં વિશેષ ઉપકારક નીવડે છે. શરીર શુદ્ધ હોય, પૂજાનાં વસ્ત્રો પણ શુદ્ધ હોય અને મનના ભાવો પણ શુદ્ધ હોય, પરંતુ જે ભૂમિમાં–જે સ્થાનમાં શ્રી જિનેશ્વર-દેવનું પૂજન કરવાનું હોય, તેમાં જોઈએ તેવી શુદ્ધિ, સ્વચ્છતા કે પવિત્રતા ન હોય તો ઉપાસકની ભાવનામાં ફેર પડી જાય છે અને પૂજનમાં જોઈએ તેવી એકાગ્રતા કે તલ્લીનતા જામતી નથી. વળી પૂજાનું સ્થાન શુદ્ધ–સ્વચ્છ–પવિત્ર હોય તો લોકોને ત્યાં આવવાનું સહેજે મન થાય છે અને એમ કરતાં ભક્તિનો રંગ લાગે છે. આ કંઈ જેવો તેવો લાભ નથી!

શ્રી જિનેશ્વરદેવના સમવસરણ પ્રસંગે દેવતાઓ સહુથી પ્રથમ સંવર્તક આદિ વાયુ વડે ભૂમિને શુદ્ધ કરે છે, પછી તેના પર સુગંધી જળનો છંટકાવ કરે છે અને તેના પર પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરે છે. તે એટલા જ માટે કે તે સ્થાન પવિત્ર બને. તો પછી આપણે મનુષ્યો એમનાં પગલે ચાલીને દેવમંદિરને-પૂજાસ્થાનને બને તેટલાં પવિત્ર, રમણીય અને આકર્ષક કેમ ન બનાવીએ ?

ગૃહમંદિરને-ઘરદહેરાસરને પણ બને તેટલું રમણીય અને આકર્ષક બનાવવું જોઇએ અને તેની શુદ્ધિ તરફ પૂરતું લક્ષ આપવું જોઈએ.

સંઘમંદિરો બનતાં સુધી રમણીય અને આકર્ષક બનાવવામાં આવે જ છે, તથા તેમાં પૂજારી વગેરેની સગવડ એકંદર સંતોષકારક હોય છે, તેથી તેમાં શુદ્ધિ સારા પ્રમાણમાં જળવાઈ રહે છે, આમ છતાં પૂજા કરવા જનારે તે તરફ ખાસ લક્ષ રાખી અશુદ્ધિનું કોઈ પણ કારણ જણાય તો તેને દૂર કરીને પછી જ પૂજામાં પ્રવૃત્ત થવું જોઇએ. આ કામ તો પૂજારીનું-નોકરનું છે, એમ માનીને તેના તરફ ઉપેક્ષા કરીએ તો દોષના ભાગી બનાય છે. ખરી રીતે તો પૂજાને લગતું દરેક કામ આપણે જ કરવાનું છે. પૂજારી તેમાં સહાયક થાય, એટલું જ. પણ આજે તો બધું કામ પૂજારીને ભળાવી આપણે ઝટપટ પૂજા પતાવી ચાલ્યા જવાની મનોદશા ધરાવીએ છીએ, જે કોઈ રીતે ઉચિત નથી. આપણે પ્રભુપૂજા-દેવપૂજા આપણા પોતાના

કલ્યાણ માટે જ કરીએ છીએ, તો તેને લગતું દરેક કામ કરવામાં આપણને સંકોચ શા માટે હોવો જોઈએ?

પૂજાસ્થાનની સફાઈ દિવસમાં બે–ત્રણ વાર અવશ્ય કરવી જોઈએ અને તેમાં યથાસમય ધૂપ–દીપ વગેરે પણ અવશ્ય પ્રકટાવવા જોઈએ. તો જ એ સ્થાન શુદ્ધ, સ્વચ્છ અને પવિત્ર રહી શકે.

કેટલીક વાર મંદિર સિવાયનાં સ્થાનોમાં સમવસરણ (ત્રિગડું) પધરાવીને જિનપૂજન કરવાનો પ્રસંગ આવે છે, ત્યાં ભૂમિશુદ્ધિ પર ખાસ લક્ષ આપવું ઘટે છે.

પ્રથમ તો સમવસરણ પધરાવવા માટે જે સ્થાનની પસંદગી કરીએ તેમાં એટલું ધ્યાન રાખવું જોઈએ કે તેની આસપાસ ગંદકી ન હોય કે મૃત પ્રાણીઓનાં કલેવર આદિ પડેલાં ન હોય. જેની આસપાસ ઢોર બંધાતાં હોય કે મનુષ્યો ઝાડો–પેશાબ કરતા હોય કે કૂડો–કચરો નાખતા હોય, ત્યાં અવશ્ય ગંદકી થાય છે, એટલે એવાં સ્થાનને પસંદ કરવું યોગ્ય નથી.

વળી જે ભૂમિ પસંદ કરીએ તે પોલી કે વિષમ ન હોય, તે પણ જોવું જોઈએ. જો ભૂમિ પોલી હોય તો અમુક વખત પછી સમવસરણ ધીમે ધીમે ઊંડું ઉતરી જાય કે એક તરફ નમી પડે. તેજ રીતે ભૂમિ વિષમ એટલે અમુક સ્થળે ઊંચી અને અમુક સ્થળે નીચી હોય તો સમવસરણ ડગમગતું રહે, અથવા એક બાજુ ઢળતું

રહે અને તેથી તેમાં મૂર્તિ બિરાજમાન કરતી વખતે બહુ વિચાર કરવો પડે. તેથી જેની સપાટી સરખી હોય તેવી જ ભૂમિ પસંદ કરવી જોઈએ.

જે ભૂમિ પર સમવસરણ પધરાવી જિનપૂજન કરવું હોય તે ભૂમિનું શોધન કરવું જોઈએ, એટલે કે તેની અંદર લોઢાના ખીલા, પ્રાણીઓનાં હાડકાં કે કોલસા વગેરે હોય તો તે દૂર કરી નાખવા જોઈએ અને તેના પર શુદ્ધ માટી નાખી, જળનો છંટકાવ કરી તેને સરખી કરી લેવી જોઈએ. જ્યાં લીંપણ કરેલું હોય કે ફરસબંધી કરેલી હોય, ત્યાં તો એટલું જ જોવાનું કે આજુબાજુ કોઈ અશુચિ, લોહી, માંસ, જીવ-જંતુનું મૃત કલેવર વગેરે પડેલું ન હોય. જો પડેલું હોય તો તેને દૂર કરવું જોઈએ અને એ ભૂમિનો કાજો લઈને શુદ્ધ કર્યા પછી જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

જ્યાં મંત્રસાધના કરવી હોય કે યંત્રાદિનું આલેખન કરવું હોય ત્યાં પણ ભૂમિની શુદ્ધિ બરાબર કરવામાં આવે છે, તો જ્યાં ભક્તિયોગની ભવ્ય સાધના કરવી હોય, ત્યાં ભૂમિની શુદ્ધિ કર્યા વિના કેમ ચાલે? જગતના લગભગ દરેક ધર્મે આ ભૂમિશુદ્ધિનો સિદ્ધાંત સ્વીકારેલો છે અને તેથી જ તેઓ પોતપોતાનાં ધર્મસ્થાનકો બને તેટલાં શુદ્ધ, સ્વચ્છ અને પવિત્ર રાખવાનો પ્રયત્ન કરે છે. તેમાં આપણે આજ સુધી મોખરે રહ્યા છીએ, પણ પ્રમાદવશાત્ પાછું ન પડાય, તે ખાસ જોવાનું. જિનભવને જે

૮૪ આશાતનાઓ ટાળવાની કહી છે, તેનો મૂળ ઉદ્દેશ જિન-મંદિરની શુદ્ધિ–પવિત્રતા જાળવી રાખવાનો છે, એટલે તેને બરાબર વળગી રહેવું જોઈએ. કેટલાક તેમાં ઢીલો દોર મૂકે છે, તે વ્યાજબી નથી.

૫–પૂજોપકરણશુદ્ધિ

પૂજોપકરણ એટલે પૂજાને લગતાં સાધનો, પૂજાને લગતી સામગ્રી. શ્રી જિનેશ્વરદેવની દ્રવ્યપૂજા કરતી વખતે તેની જરૂર પડે છે. દાખલા તરીકે પ્રભુને અભિષેક એટલે પખાલ કરવો હોય તો ચાંદી વગેરે ઉત્તમ ધાતુનો કલશ જોઈએ અને તેમાં જળ, ક્ષીર (દૂધ) કે પંચામૃત આદિ અભિષેક કરવાયોગ્ય વસ્તુ પણ જોઈએ. તેજ રીતે ચંદનનું વિલેપન—ચંદનપૂજા કરવી હોય તો ચંદનનું કાષ્ઠ જોઈએ, ચંદન ઘસવા માટે ઓરસિયો જોઈએ અને ચંદન ઉતારવા માટે કટોરી કે વાડકી પણ જોઈએ. ઉપલક્ષણથી ચંદનની સાથે શુદ્ધ કેશરનો ઉપયોગ કરવાનું અવશ્ય સમજી લેવું. પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્ય આદિ તમામ પ્રકારની પૂજાઓમાં આ રીતે અમુક સામગ્રીની અપેક્ષા રહે જ છે. આ પૂજોપકરણની ઉત્તમતા-શ્રેષ્ઠતા બાબત ઉપયોગ રાખવો, તેનું નામ પૂજોપકરણ-શુદ્ધિ. અહીં 'પૂજોપગરણ' એવો શબ્દપ્રયોગ પણ જોવામાં આવે છે, તે પ્રાકૃત ભાષાનો સંસ્કાર સમજવો. પૂજોપકરણ એ સંસ્કૃત ભાષાનો તત્સમ શબ્દ છે.

જેમ રસોઈની સાધન–સામગ્રી બરાબર ન હોય તો

રસોઈ સારી થઈ શકતી નથી, જેમ યંત્રની કળો બરાબર ન હોય તો એ યંત્ર ધાર્યું કામ આપી શકતું નથી, તેમ પૂજાની સાધન–સામગ્રી બરાબર ન હોય તો પૂજા યથાર્થ-પણે થઈ શકતી નથી. દાખલા તરીકે જલાભિષેક માટે હાથમાં કલશ લીધો પણ તે તદ્દન નાનો હોય કે એક બાજુથી કાણો હોય તો જલાભિષેકની ક્રિયા યથાર્થપણે થઈ શકે નહિ. નાના કલશમાં જળ ઓછું સમાય, એટલે અભિષેક કરતી વખતે જળનો સંકોચ કરવો પડે, અથવા તો અધવચ્ચે જળ ખૂટી જાય. તે જ રીતે કળશ કાણો હોય તો કપડાં ભીંજાય, જમીન ભીંજાય અને વખતે પગ લપસી પડે. એથી શરીરને ઈજા થાય અને પૂજામાં ભંગ પડે. વળી બીજાની ઉપર પડીએ તો તેના હાથમાં રહેલી પૂજાની સામગ્રી નીચે પડી જાય અને આશાતના થાય. તાત્પર્ય કે જિનપૂજન માટે થાળ, રકાબી, દીપિકા, ફાનસ, મંગલદીવો, ધૂપદાન, ચામર, દર્પણ, ઝાલર, ઘંટ, પાટ, પાટલા વગેરે જે કંઈ સાધનો વાપરીએ તે ઉત્તમ દ્રવ્યોનાં બનેલાં, ખોડખાંપણ વિનાનાં, પ્રમાણોપેત અને સુંદર હોવા જોઈએ. તે જ રીતે જે પુષ્પો વાપરીએ, ધૂપ વાપરીએ, દીપક તથા ઘૃત વાપ-રીએ, અક્ષત વાપરીએ, ફળ વાપરીએ કે નૈવેદ્ય વાપરીએ, તે બધાં પણ શુદ્ધ અને ઉત્તમ પ્રકારના હોવા જોઈએ.

'આ તો ચાલશે ? એમાં શું ?' એમ વિચારીને પૂજામાં કોઈ પણ હલકી વસ્તુ વાપરવી એ ઉપાસ્ય દેવની એક પ્રકારની આશાતના છે અને તે પૂજાનું ફળ મોટા

પ્રમાણમાં ઘટાડી નાખે છે. જિનદત્તરાયની કથા આ વસ્તુની પ્રતીતિ કરાવશે.

## જિનદત્તરાયનો પ્રસંગ

જિનદત્તરાય ઉત્તરમથુરાનો રાજકુમાર હતો. તેની અપરમાતા તેનો ભયંકર દ્વેષ કરી રહી હતી અને તેની ચડામણીથી તેનો પિતા તેનું કાસળ કાઢવા તયાર થયો હતો, પરંતુ જિનદત્તરાયની સગી માતાને કોઇ પણ પ્રકારે એ વાતની ગંધ આવી ગઇ, એટલે ગુરુદત્ત શ્રી પદ્માવતીજીની એક ચમત્કારિક મૂર્તિ વસ્ત્રથી વેષ્ટિત કરીને જિનદત્તરાયના હાથમાં મૂકતાં જણાવ્યું કે : 'બેટા ! હવે તું આ નગર છોડીને ચાલ્યો જા ! ભગવતી તારું સદા ય રક્ષણ કરશે.'

આ સંયોગમાં જિનદત્તરાયે થોડા વિશ્વાસુ માણસો સાથે પિતાનું નગર છોડયું અને વનની વાટ લીધી. જ્યારે તેના પિતાને તથા અપરમાતાને ખબર પડી, ત્યારે તેમણે સૈનિકોની એક મોટી ફોજને તેની પાછળ દોડાવી અને તેને જીવતો કે મૂએલો પકડી લાવવાની તાકીદ કરી. ફોજે તેનો પીછો બરાબર પકડ્યો અને જિનદત્તરાય તેના હાથમાં સપડાઈ જાય એવી વેળા આવી લાગી. પરંતુ તે જ વખતે જિનદત્તરાયે મંત્ર ભણીને શ્રી પદ્માવતીજીની મૂર્તિ તેની સામે ધરી, એટલે ફોજના સિપાઇઓમાં ગભરાટ ફેલાયો અને તેઓ ભયભીત સ્થિતિમાં ખાલી હાથે પાછા ફર્યા.

આ બનાવથી શ્રી પદ્માવતીજી પ્રત્યેની જિનદત્તરાયની

શ્રદ્ધા અતિ બલવતી બની અને તે નિશ્ચિંત બની પોતાનો પંથ કાપવા લાગ્યો. એમ કરતાં તે દક્ષિણમાં પહોંચ્યો અને મલૈનાડના પ્રદેશમાં દાખલ થયો કે જ્યાં આજે હુમચ નામનું ગામ નજરે પડે છે. * ત્યાં અતિ પરિશ્રમના કારણે આરામ લેવાની ઈચ્છા થઈ, ત્યારે પેલી ચમત્કારિક મૂર્તિને વસ્ત્રની ઝોળીમાં મૂકી અને તે ઝોળીને પાસે રહેલા નગોડ વૃક્ષની ડાળીએ બાંધી આરામ કરવા લાગ્યો.

વનવૃક્ષોએ વીંઝણો કર્યો, પક્ષીઓએ મંજુલ સ્વરે થોડાં ગીત ગાયાં, એટલે જિનદત્તરાયને નિદ્રા આવી ગઈ. એ નિદ્રામાં માતાજીએ તેને સ્વપ્ન આપ્યું કે 'આ સ્થાનમાં રસકૂપિકા રહેલી છે. નજીકની ભૂમિમાં પુષ્કળ સુવર્ણ છુપાયેલું છે અને આ આખોયે પ્રદેશ દિવ્ય ઔષધિઓથી યુક્ત છે, માટે તું અહીં જ થોભી જા અને મને પણ અહીં જ રહેવા દે.' એટલે જિનદત્તરાયે જાગૃત થઈને તે નગોડના વૃક્ષ નીચે મૂર્તિની સ્થાપના કરી અને તેની નિયમિત પૂજા કરવા લાગ્યો.

થોડા દિવસમાં જિનદત્તરાયે માણસોની મદદથી સુવર્ણ શોધી કાઢ્યું અને તેની તાકાત પર એક અલબેલી

* આ સ્થળે જિનદત્તરાયે હોમ્બુજા નગરી વસાવી હતી, જેનો અર્થ કન્નડ ભાષામાં સુવર્ણનગરી થાય છે. હોમ્બુજાનો અપભ્રંશ હોમચા-હુમચ થયેલો છે. આ સ્થાન મૈસુર રાજ્યના શીમોગા શહેરથી ૩૬ માઈલના અંતરે આવેલું છે. અમે તેની મુલાકાત અનેક વખત લીધેલી છે.

નગરી ખડી કરી. તે વખતે ત્યાં શ્રી પદ્માવતીનું મંદિર બાંધ્યું અને તેની લગોલગ શ્રી પાર્શ્વનાથજીનો એક ભવ્ય પ્રાસાદ નિર્માણ કર્યો, કારણ કે શ્રી પદ્માવતીદેવી તેમની શાસનસેવિકા છે. પછી બાજુમાં બીજાં મંદિરો પણ બાંધ્યાં.

હવે એકવાર પાસેના સરોવરમાંથી* બે મહા મોંઘા પાણીદાર મોતી મળ્યાં અને તે જિનદત્તરાયના હાથમાં આવ્યાં. તેણે એ મોતીનો ઉપયોગ કરીને સોનાની બે સુંદર નથડીઓ બનાવી. તેમાંની એક નથડી માતાજીને ચડાવવાનો તથા બીજી નથડી પોતાની રાણીને આપવાનો મનસૂબો કર્યો. આમ તો બંને મોતી સરખા કદનાં હતાં, એટલે બને નથડીઓ સરખી બની હતી, પરંતુ તેમાંનું એક મોતી પાણીમાં કંઈક ઓછું હતું, એટલે તે નથડી તેટલા અંશે બીજી નથડી કરતાં ઉતરતી કોટિની હતી. હવે જે વસ્તુ દેવ–દેવીને ચડાવવાની કે સમર્પિત કરવાની હોય, તે ઉચ્ચ કોટિની જ જોઈએ, પણ જિનદત્તરાયને ભાવિએ ભૂલાવ્યો. તેણે ઉતરતી કોટિની નથડી માતાજીને ચડાવી અને ઉચ્ચ કોટિની નથડી પત્નીને પહેરવા આપી. પરંતુ બીજા દિવસે જોયું તો ઉતરતી કોટિની નથડી પત્નીના નાક ઉપર હતી અને ઉચ્ચ કોટિની નથડી માતાજીના નાકને શોભાવી રહી હતી!

* આ સરોવર હુમચમાં જિનમંદિરોની નજીક આવેલું છે. લગભગ ત્રિકોણાકાર છે અને ચારે બાજુ સુંદર વનરાજીથી ઘેરાયેલું છે. તેને ‘મોતન કેરે’ એટલે મોતીનું સરોવર કહેવામાં આવે છે. તેના કિનારે જિનદત્તરાયનો મહેલ હતો, તેના થોડા અવશેષો આજે પણ દેખાય છે. તેમાંથી ‘પુરાણા ચાવલ’ મળી આવે છે.

આ દૃશ્ય જોતાં જ જિનદત્તરાયને પોતાની ભયંકર ભૂલનું ભાન થયું, પણ તે ઘણો મોડો પડયો હતો. શ્રી પદ્માવતીદેવીએ તે જ વખતે પ્રગટ થઈને જણાવ્યું કે 'જિનદત્તરાય ! હું તો ભાવની ભૂખી છું. તારા ભાવમાં ફેર પડયો, એટલે હું જાઉં છું.' અને મૂર્તિ જમીનમાં નીચે ઉતરવા લાગી.

આ ઘટનાએ જિનદત્તરાયને વજ્રથી પણ અધિક આઘાત પહોંચાડયો, એટલે તેની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તે ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યો: 'માતાજી માફ કરો, મારી ભૂલ થઈ, હવે ફરી એવું નહિ બને. તમે થોભો.' ત્યારે માતાજીએ કૃપા કરીને એટલું કહ્યું કે: 'મારો નિર્ણય અફર છે, એમાં કોઈ પ્રકારનો ફેરફાર થઈ શકશે નહિ, પણ તું આ જગાએ મારી બીજી મૂર્તિ પધરાવજે, એટલે તેમાં અંશરૂપે વાસ કરીશ અને આ સ્થાનનું માહાત્મ્ય જળવાઈ રહેશે.'

જિનદત્તરાયને તેમ કર્યા વિના છૂટકો જ ન હતો, એટલે તેણે પાશ, ફલ (બીજોરૂ), વરદ અને ગજાંકુશથી યુક્ત ચાર ભુજાવાળી શ્રી પદ્માવતીજીની બીજી મૂર્તિ બનાવી અને મહામહોત્સવપૂર્વક વિધિ અનુસાર તેની પ્રતિષ્ઠા કરી; એટલે માતાજી તેમાં અંશરૂપે આવીને રહ્યાં અને તેનો મહિમા જળવાઈ રહ્યો. તાત્પર્ય કે દેવપૂજામાં જે વસ્તુઓ વાપરીએ તે ઉત્તમોત્તમ હોવી જોઈએ. કદાચ તેવી વસ્તુ ન મળે તો તેની ભાવના રાખીએ, પણ 'આ તો ચાલશે'

એમ માનીને હલકી કે ઉતરતી કોટિની વસ્તુ ન જ વાપરીએ.

કોઈ સજ્જન, સમાજસેવક કે દેશનેતાનો સત્કાર કરવો હોય ત્યારે આપણે કેવી વસ્તુઓ વાપરીએ છીએ? ત્યાં એમ કહેતા નથી કે ગમે તેવાં ફૂલોનો એક હાર લઈ આવો, અથવા ગમે તેવા ખુરશી–ટેબલો ગોઠવી દો, અથવા ગમે તેવી ચાહ–કોફી તથા નાસ્તાની વસ્તુ ધરી દો. અરે! તેમને એક શ્રીફળ આપવું હોય તો પાંચ–સાત નંગ તપાસી, તેમાં જે મોટું હોય તે ખરીદીએ છીએ અને તે માટે બે પૈસા વધારે આપવા પડે તો ખુશીથી આપીએ છીએ. હવે વિચાર કરો કે શ્રી જિનેશ્વરદેવનું સ્થાન તેમનાથી ચડિયાતું છે કે ઉતરતું? જો ચડિયાતું છે, તો તેમના પૂજનવખતે કોઈ વસ્તુની અશુદ્ધિ–ખામી કેમ રખાય? પરંતુ આજે તો સારું ઘી આપણા માટે અને હલકું ઘી દેવના દીવા માટે, સારાં ફળ આપણા ઉપભોગ માટે અને સામાન્ય કે હલકાં દહેરે મૂકવા માટે, સારી–ઉત્તમ મીઠાઈ આપણા માટે અને સામાન્ય મીઠાઈ દેવને ચડાવવા માટે એવો વ્યવહાર ચાલી રહ્યો છે, જે તદ્દન અનુચિત છે. અહિં એક વાત ખાસ લક્ષ્યમાં લેવા જેવી છે એ છે કે–પૂજન વગેરેમાં મૂકાતા દ્રવ્યો–ફળ–નૈવેદ્ય વગેરે વિધાન અંગે છે. પછીથી તે નિર્માલ્ય થઈ જાય છે. શ્રાવકો તેનો ઉપયોગ કરી શકતા નથી. પરંતુ બ્રાહ્મણ પૂજારીના ઉપયોગમાં તે આવી શકે છે. એટલે આ તો પૂજારી લઈ જવાનો છે, એમ સમજીને હલકા ને ઓછી

કિંમતનાં દ્રવ્ય–ફળ–નૈવેદ્ય લાવવા કે મૂકવવાની ભૂલ કરવા જેવી નથી.

દેવપૂજનમાં એઠી–જૂઠી, કૂતરા–બિલાડા કે ઊંદરની ઓટેલી, અથવા કોઈ પણ કારણે અશુદ્ધ યા અપવિત્ર થયેલી વસ્તુ ન જ વાપરવી જોઈએ. વળી જે પુષ્પ નીચે પડી ગયું હોય તે પણ નજ ચડાવાય. જો એવું પુષ્પ ચડાવવામાં આવે તો દેવની આશાતના થાય અને આગામી ભવે ચાંડાલનો અવતાર આવે. કહ્યું છે કે–

निःशूकत्वं दशौचेऽपि, देवपूजां तनोति यः ।
पुष्पर्भूपतितैश्च, भवति श्वपचाविमौ ॥

'શરીરની પવિત્રતા નહિ છતાં નિર્ધ્વંસ પરિણામથી જે દેવની પૂજા કરે છે અને જમીન ઉપર પડી ગયેલાં પુષ્પોનો દેવપૂજામાં ઉપયોગ કરે છે, તે બંને આગામી ભવે ચાંડાલ થાય છે.'

**૬–દ્રવ્યશુદ્ધિ**

શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરતી વખતે, જેમ કાયા શુદ્ધ જોઈએ, વસ્ત્રો શુદ્ધ જોઈએ, ભૂમિ કે સ્થાન શુદ્ધ જોઈએ અને પૂજનની સાધન–સામગ્રી પણ શુદ્ધ જોઈએ, તેમ તે નિમિત્તે જે દ્રવ્ય–ધન–પૈસો ખરચાય, તે પણ શુદ્ધ જોઈએ. તેને અહીં દ્રવ્યશુદ્ધિ કહેલી છે.

શુદ્ધ દ્રવ્યનો અર્થ એ છે કે તે ન્યાય–નીતિથી મેળવેલું હોવું જોઈએ, પ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. જે દ્રવ્ય અન્યાય કે અનીતિથી મેળવેલું હોય

અથવા કોઈનો વિશ્વાસઘાત કરીને, કોઈને ઠગીને, કોઈની એક યા બીજા પ્રકારે બનાવટ કરીને, કોઈની ચોરી કરીને કે બળાત્કાર, લાંચ–રૂશ્વત, જુગાર વગેરે અનુચિત સાધનોથી મેળવેલું હોય, તે શુદ્ધ ગણી શકાય નહિ.

ગૃહસ્થનો સામાન્ય ધર્મ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો રૂપ ગણાય છે, તેમાં પહેલો ગુણ ન્યાયથી દ્રવ્ય મેળવવાનો છે. તાત્પર્ય કે શ્રાવકને પોતાના જીવન–નિર્વાહ માટે જે દ્રવ્ય મેળવવું પડે, તે તેણે ન્યાયથી મેળવવું જોઈએ, પણ અન્યાયથી નહિ. તેનાં કારણોની સ્પષ્ટતા કરતાં શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે અન્યાયથી દ્રવ્ય મેળ· વવા જતાં રાજ્ય તરફથી દંડ થાય છે, જેલ કે ફાંસીની શિક્ષા પણ ખમવી પડે છે અને પરલોકમાં નરક વગેરે દુર્ગતિમાં જવું પડે છે. વળી આવાં દ્રવ્યનો નિઃસંકોચ· પણે ઉપભોગ કરી શકાતો નથી, તેમજ આવું દ્રવ્ય જ્યારથી ઘરમાં આવે છે, ત્યારથી કલેશ–કંકાસની વૃદ્ધિ થાય છે, આરોગ્ય બગડે છે અને માનસિક શાંતિ નાશ પામે છે આવું અશુદ્ધ દ્રવ્ય દેવપૂજન જેવા પવિત્ર કાર્ય- માં કેમ વાપરી શકાય? બાલ સૂર્ય નાનો હોય છે, તો પણ અંધકારનો નાશ કરે છે, તેમ ન્યાય–નીતિથી કમા- યેલું દ્રવ્ય થોડું હોય તો પણ લાભકારક થાય છે, તે નિઃસંકોચપણે ભોગવી શકાય છે અને તેનો પ્રભુપૂજન, તીર્થયાત્રા તથા દાનાદિકમાં ઉપયોગ કરી આત્મકલ્યાણ પણ સાધી શકાય છે.'

અન્યાય-અનીતિના દ્રવ્યથી મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તે સંબંધમાં બાવાજીનું દૃષ્ટાંત જાણવા જેવું છે.

## બાવાજીનું દૃષ્ટાંત

એક બાવાજી ગંગાકિનારે બેઠા બેઠા તપ-જપ કરતા હતા અને મોટા ભાગે ધ્યાનમાં રહેતા હતા. ત્યાં લોકો જે કંઈ પૈ-પૈસો મૂકી જાય તેના વડે એ પોતાનો નિર્વાહ કરતા હતા.

એક વાર તેઓ ધ્યાનમાં બેઠા હતા, ત્યારે કોઈએ આવીને ત્યાં એક સોનામહોર મૂકી. આ સોનામહોર અનીતિની હતી અને તેનું શું પરિણામ આવે છે, તે જોવાને માટે જ ત્યાં મૂકાયેલી હતી. તેને મૂકનાર 'હવે શું બને છે?' તે ગુપ્તપણે નિહાળી રહ્યો હતો.

બાવાજીનું ધ્યાન પૂરું થયું કે તેમની નજર પેલી સોનામહોર પર પડી અને તે આશ્ચર્યચકિત થઈને વિચાર કરવા લાગ્યા કે 'ચાર આના નહિ, આઠ આના નહિ, રૂપિયો નહિ ને સીધી સોનામહોર? ખરેખર! કોઈ દેવે જ મારા તપ-જપથી પ્રસન્ન થઈને અહીં મૂકી લાગે છે.' તેમણે આસપાસ નજર કરી તો કોઈ જણાયું નહિ, એટલે ફરી વિચાર કરવા લાગ્યા: 'આ સોનામહોરનું શું કરું? રોટી તો રોજ મળે છે, વળી કાપડની ખાસ જરૂર પડતી નથી. લંગોટી, એક બે વસ્ત્ર, અને ઊનનો ધાબળો જોઈએ તે તો મારી પાસે પડેલાં છે, તેમજ મેવામીઠાઈ પણ ભક્તો તરફથી ઘણી વાર મળતા રહે છે, તો આજે કોઈ વિશેષ સુખ ભોગવું.' અને તે શરીર પર વસ્ત્ર ઓઢીને હાથમાં ચીપિયો લઈને શહેર ભણી ચાલી નીકળ્યા.

પેલો ગુપ્ત પ્રેક્ષક પણ તેમની પાછળ પાછળ ચાલ્યો. રસ્તામાં મેવાની દુકાનો આવી, પણ બાવાજી ત્યાં થોભ્યા નહિ. મીઠાઈની દુકાનો આવી, ત્યાં પણ થોભ્યા નહિ. કાપડિયાની દુકાનોને પણ એમને એમ પસાર કરી દીધી. આમ શહેરના કેટલાક ચોક અને કેટલીક ગલીઓ વટાવીને તેઓ ધવલગૃહે આવીને ઊભા. આ ગૃહ કોઈ શેઠ-શાહુકારનું નહિ, પણ એક નામાંકિત વેશ્યાનું હતું. બાવાજી જરા પણ સંકોચ વિના તેમાં દાખલ થયા અને વેશ્યાએ પણ એક ગ્રાહક જાણી તેમનો સત્કાર કર્યો. બાવાજીએ પેલી સોનામહોર તેના હાથમાં મૂકી અને વેશ્યાએ પોતાનો દેહ તેમને સમર્પિત કર્યો.

થોડી વારે બાવાજી નીચે ઉતર્યા, એટલે પેલો ગુપ્ત પ્રેક્ષક સમજી ગયો કે બાવાજીએ પોતાનું કાળું કર્યું છે. એટલે તે મનથી બોલી ઉઠ્યો કે 'વાહ રે ! અનીતિના દ્રવ્ય ! તારી શક્તિ પણ અજબ ગોઝારી છે ! વર્ષોનાં તપ-જપને તેં જોત જોતામાં લૂંટી લીધાં. આવું કામ તો ગમે તેવો ભયંકર લૂંટારો પણ કરી શકે નહિ.'

કહેવાનું તાત્પર્ય એ છે કે અન્યાય-અનીતિથી મેળવેલું દ્રવ્ય અશુદ્ધ છે, અપવિત્ર છે, ગોઝારૂં છે, એટલે તેનો જિનપૂજન જેવા પવિત્ર કાર્યમાં ઉપયોગ કરવો યોગ્ય નથી. એમાં તો ન્યાય-નીતિથી મેળવેલું, પ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલું શુદ્ધ દ્રવ્ય જ ઉપયોગમાં લેવું જોઈએ.

કેટલાક કહે છે કે 'આ નિયમ ઠીક છે, પણ તેનું

પાલન કરવા જઈએ તો જિનપૂજન જ બંધ થઈ જાય. આજે ન્યાય-નીતિથી કમાયેલું દ્રવ્ય છે કયાં ?'

આ પ્રશ્ન ગંભીરતાથી વિચારવા જેવો છે. આજે તો નાના અને મોટા સહુ દ્રવ્યના ઉપાર્જનની પાછળ ઘેલા બન્યા છે, એટલે ન્યાય-અન્યાય કશું જ જોતા નથી. કેટલાક તો સ્પષ્ટ કહે છે કે 'જો ન્યાયથી કમાવા જઈએ, તો કમાઈ શકાય જ નહિ અને ભૂખે મરવાનો પ્રસંગ આવે.' આજે તેમની શ્રદ્ધા જેટલા અંશે અન્યાય-અનીતિ પર જામી છે, તેટલી-અરે ! તેના સોમા ભાગ જેટલી પણ ન્યાય-નીતિ પર જામી નથી. તેઓ અન્યાયથી ધન કમાનારને અમનચમન કરતાં જુએ છે, માન-સન્માન મેળવતા જુએ છે, એટલે તેમની વૃત્તિ પણ અન્યાયથી ધન કમાવા તરફ દોડી જાય છે, પછી ભવિષ્યમાં તેનું પરિણામ શું આવશે ? તેની દરકાર કરતા નથી. એમાંય જેઓ મુનિ-મહારાજાઓનાં વ્યાખ્યાનો સાંભળે છે, ધાર્મિક પુસ્તકો વાંચે છે અને કેટલીક ધાર્મિક ક્રિયાઓ પણ કરે છે, પરંતુ વેપારના થડે બેઠાં કે અન્યાય-અનીતિ આચરવા લાગે છે અને કેટલું કમાયા ? તેનો જ વિચાર કરે છે, તેઓ ધર્મને મહા હીણપત લગાડે છે અને ધર્મ-સાધનાનું એક મહાન ફળ હૃદયની પવિત્રતા, તે ગુમાવે છે, તેનાથી વંચિત રહે છે. આજના યુગમાં જો કોઈ મોટું કામ હોય તો તે લોકોને ન્યાય-નીતિનો પાઠ ભણાવવાનું છે. એ પાઠ-એ સંસ્કાર એવો દૃઢ થવો જોઈએ કે તેઓ ભૂખે

મરવાનું પસંદ કરે, પણ અન્યાય–અનીતિનું આચરણ કરે નહિ. તેમને આ નિમ્ન શ્લોક કંઠસ્થ–હૃદયસ્થ કરાવવો જોઈ એ—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

'વ્યવહાર–વિચક્ષણ પુરુષો નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મી આવે કે ઇચ્છા પ્રમાણે ચાલી જાય, મરણ આજે જ આવે કે યુગ પછી આવે, પરંતુ ધીર પુરુષો ન્યાયના માર્ગમાંથી પગલું પણ પાછા હઠતા નથી.' તાત્પર્ય કે ન્યાયપૂર્વક વર્તવું એ જ સુજ્ઞ મનુષ્યોનો મુદ્રાલેખ હોવો જોઈ એ.

અહીં એ પણ વિચારવું ઘટે કે ત્યાગમાર્ગ તો દૂર રહ્યો, શ્રાવકપણું પણ દૂર રહ્યું, પરંતુ ગૃહસ્થનો જે સામાન્ય ધર્મ અને તેનો પણ જે પહેલો નિયમ, તે પણ આપણે પાળતા નથી, તો આપણે જિનના અનુયાયી શેના? જિનના સેવક શેના? જિનના ભક્ત શેના? જિનનું પૂજન કરવું અને તેમણે ઉપદેશેલા પ્રાથમિક નિયમોને પણ પાળવા નહિ, એ આપણી ભક્તિ કેવી? જો આપણને શ્રી જિનેશ્વર દેવના ઉપદેશ પર–વચન પર ખરેખર શ્રદ્ધા હોય તો એમ જ માનવું જોઈએ કે 'ન્યાયી સુખી થાય છે, અન્યાયી દુઃખી થાય છે, માટે અન્યાય કરવાથી સર્યું.'

વિશેષમાં એવો નિર્ણય પણ કરવો જોઈએ કે ‘આ જીવનમાં હું કદી પણ અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન નહિ કરું.’

વર્તમાન સમયમાં અર્થોપાર્જન કરવાની રીત–રસમો બધી અન્યાય ભરેલી છે, એવું સમજવાની ભૂલ કોઈએ કરવા જેવી નથી. જેથી રાજ્યતંત્ર અને લોકવ્યવહારને ગણનાપાત્ર હાનિ પહોંચે એવી રીતે અર્થોપાર્જન કરવું એ અન્યાયસંપન્ન છે, એટલે ચાલુ વ્યવહારને અન્યાયની કક્ષામાં લઈ જવાની ઉતાવળ કરવી નહિ, તેમ ફાવે તેમ ધન મેળવી શકાય છે ને વાપરી શકાય છે, એવું પણ માનવું નહિ. આ વાત સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાની છે.

પ્રભુપૂજનના નિમિત્તે જો આટલું થાય તો પણ ઘણું છે. તેનાથી ઉત્તરોત્તર વધારે શુદ્ધ ભૂમિકાઓ પ્રાપ્ત થવાની અને પવિત્રતા ભણીની કુચ ઝડપી બનવાની.

‘બધા કરે છે, માટે કરવું,’ એ કંઈ ડહાપણભરેલો માર્ગ નથી. જેમાં પોતાનું હિત હોય, કલ્યાણ હોય, એ જ આચરવું જોઈએ, એને જ ચુસ્તપણે વળગી રહેવું જોઈએ.

શ્રી જિનેશ્વરદેવનો ઉપદેશ તો એ જ છે કે ‘પાપથી વિરમો, પાપથી અટકો, જ્યાં પાપ દેખાય ત્યાંથી પાછા હઠી જાઓ.’ આ ઉપદેશ તરફ ઉપેક્ષા કરી મનસ્વી વિચારોને આધીન થઈએ અને પાપથી પૈસો પેદા કરવાની પ્રવૃત્તિમાં પડીએ તો આપણા જેવા મૂઢ–મૂર્ખ–ગમાર કે બેવકૂફ કોણ ? વળી એ પણ સમજી લેવું ઘટે કે જ્યાં વિશેષ પરિગ્રહની વૃત્તિ થઈ, ત્યાં હિંસાદિ પાપો વધી

જાય છે અને તે આપણી જીવનનૈયાને સંસારસમુદ્રમાં ડૂબાડનારાં બને છે, એટલે પરિગ્રહનું પરિમાણ કરવું અને સંતોષથી રહેવું, એ જ શ્રેયસ્કર છે. આ જગતમાં રાજા સુખી નથી, ધનવાન સુખી નથી; મોટા મોટા હોદ્દાઓ પર બિરાજનાર કે વિદ્વાનો પણ સુખી નથી; માત્ર સુખી એક જ છે, અને તે સંતોષી; એટલે સંતોષ ધારણ કરી જરૂર જેટલું દ્રવ્ય ન્યાય–નીતિથી કમાવું અને તેનો પ્રભુ-પૂજન વગેરે સત્કાર્યોમાં ઉપયોગ કરવો, એ જ હિતાવહ છે.

અહીં એ પણ સ્પષ્ટ કરી લઈએ કે દ્રવ્ય કેટલું વાપર્યું, એ મહત્ત્વનું નથી, પણ દ્રવ્ય કેવું વાપર્યું અને કેવા ભાવથી વાપર્યું, એ મહત્ત્વનું છે. જો દ્રવ્ય ન્યાયનું હોય અને તે પૂરેપૂરી સમર્પણબુદ્ધિથી વાપર્યું હોય તો થોડું છતાં કલ્યાણકારી થાય છે અને તેથી વિરુદ્ધ જો દ્રવ્ય અન્યાયનું હોય કે અભિમાન વગેરેને વશ થઈને વાપર્યું હોય, તો ગમે તેટલું વાપરવા છતાં કલ્યાણકારી થતું નથી.

દ્રવ્યશુદ્ધિનું આ મહત્ત્વ ખ્યાલમાં રાખીને દરેક જિનોપાસકે પૂજન માટે તૈયારી કરવી ઘટે.

### ૭–વિધિશુદ્ધિ

રસોઈ કરવી હોય તો વિધિની જરૂર રહે છે; ઘર, મકાન કે મંદિર બાંધવું હોય તો વિધિની જરૂર રહે છે; રંગ રસાયણ કે ઔષધ તૈયાર કરવાં હોય તો વિધિની જરૂર રહે છે; અને ગાડી, મોટર કે વિમાન ચલાવવા

હોય તો પણ વિધિની જરૂર રહે છે. આ જગત્‌માં નાનું કે મોટું કોઈ પણ કાર્ય, નાની કે મોટી કોઈ પણ ક્રિયા એવી નથી કે જેમાં વિધિની જરૂર રહેતી ન હોય. તો પછી જિનપૂજન જેવી આલોક અને પરલોકને સુધારનારી મહત્ત્વની ક્રિયામાં વિધિની જરૂર કેમ ન રહે? તાત્પર્ય કે જિનપૂજામાં પણ વિધિની જરૂર અવશ્ય રહે છે.

જિનપૂજનમાં વિધિની જરૂર છે, માટે જ તે નિયત થયેલો છે અને શાસ્ત્રકારો વડે વિસ્તારથી વર્ણવાયેલો છે; પરંતુ ગુરુના મુખેથી શાસ્ત્રોનું વ્યાખ્યાન સાંભળીએ નહિ કે રોજ અમુક વખત શાસ્ત્રોનો સ્વાધ્યાય કરીએ નહિ કે પ્રસંગોપાત્ત કોઈ વડીલ-મુરબ્બીને તે સંબંધમાં વિનયપૂર્વક પૃચ્છા પણ કરીએ નહિ, તો એ વિધિ ક્યાંથી જાણી શકાય?

સુવર્ણસિદ્ધિનો કે આકાશગામિની વિદ્યાનો વિધિ મળતો હોય તો ગમે તેટલું ધન આપવાની અને ગમે તેટલો પરિશ્રમ કરવાની આપણી તૈયારી ખરી; કદાચ તે માટે ઘોર જંગલોમાં રખડવું પડે કે અંધારી ગુફાઓ વગેરેમાં પ્રવેશ કરવો પડે તો તે પણ હિમ્મતથી કરીએ ખરા; અથવા તો રંગ કે રસાયણનું કારખાનું ખોલવું હોય અને તે અંગે વિધિ જોઈતો હોય તો નિષ્ણાતોને ત્યાં વારંવાર ધક્કા ખાવાની અને તે માટે ભારે રકમ ચૂકવી આપવાની આપણી તૈયારી ખરી, પણ જિનપૂજનનો વિધિ મેળવવો હોય તો આપણી પાસે સમય નથી અને

તે માટે કોઈ પણ જાતનો ભોગ આપવાની તૈયારી પણ નથી ! જે જિનપૂજન સુવર્ણસિદ્ધિ અને આકાશગામિની વિદ્યા કરતાં અનેક ગણો વધારે લાભ કરનારો છે, જે જિનપૂજન રંગ અને રસાયણના કારખાના કરતાં હજારો, લાખો, રે ક્રોડ–અબજો ગણો ફાયદો કરનારો છે, તેની વિધિ જાણવા માટે આપણી તત્પરતા નથી !

વિધિને જાણી લીધા પછી પણ તેના પર વારંવાર ચિંતન-મનન કરવું જોઈએ અને સમજમાં કંઈ ખામી તો રહી નથી ગઈ ? તેની ખાતરી કરી લેવી જોઈએ. જો એકને બદલે બીજું સમજાયું હોય કે સમજણમાં કંઈ અસ્પષ્ટતા રહી ગઈ હોય તો પૂજનમાં જરૂર ખામી રહેવાની–ઉણપ રહેવાની અને તેનું જે ફળ મળવું જોઈએ તે મળવાનું નહિ.

વિધિમાં થોડી પણ ઉણપ હોય તો તેનું પરિણામ કેવું આવે છે ? તે નાગાર્જુનના પ્રબંધથી સમજી શકાશે.

## નાગાર્જુનનો પ્રબંધ

સૌરાષ્ટ્ર દેશમાં ઢંકપુર ( ટંકાપુરી ) નામનું ગામ હતું. તેમાં યુદ્ધકુશળ સંગ્રામ નામે એક ક્ષત્રિય વસતો હતો. તેને સુવ્રતા નામે પત્ની હતી. તેણે સહસ્રફેણા શેષનાગના સ્વપ્નથી સૂચિત થયેલા એક પુત્રને જન્મ આપ્યો, તેથી તેનું નામ નાગાર્જુન પાડવામાં આવ્યું. તે ત્રણ વરસનો થયો, ત્યારે બાળકો સાથે રમત કરતાં એક બાળસિંહને વિદારી તેમાંથી કંઈક ભક્ષણ કરતો પોતાને ઘરે આવ્યો. ત્યારે પિતાએ કહ્યું કે ' હે વત્સ ! આપણાં

ક્ષત્રિયકુળમાં નખવાળા પ્રાણીનું ભક્ષણ કરવાની મનાઈ છે.' એવામાં ત્યાં એક સિદ્ધ પુરુષ આવ્યા. તેમણે કહ્યું કે 'હે નરોત્તમ! તું આ પુત્રના કામથી ખેદ ન પામ. તે જેનું રહસ્ય પામવું અશક્ય છે, એવા સૂત્ર-રહસ્યનો જ્ઞાતા થશે.'

પછી તેજ વડે સૂર્ય સમાન, ઉદ્યમી અને સાવધાન એવો નાગાર્જુન બાલ્યવયમાં જ અદ્ભુત કળાવાળા પુરુષોની સોબત કરવા લાગ્યો અને જરા મોટો થયો કે પર્વતો અને જંગલમાં જઈને વનસ્પતિઓને ઓળખવા લાગ્યો. એમ કરતાં તે વનસ્પતિઓનો ભારે રહસ્યજ્ઞાતા થયો અને રસ સિદ્ધિ કરનાર ઔષધિઓનો સંગ્રહ કરવા લાગ્યો. અનુક્રમે હરતાલનું સત્ત્વ, ગંધકનું ચૂર્ણ, અભ્રકનો દ્રવ તથા પારાનું જારણ-મારણ કરવામાં તે અસાધારણ નીપુણ નીવડ્યો અને સહસ્રપુટ, લક્ષપુટ તથા કોટિપુટ રસાયણ બનાવવામાં નિષ્ણાત થયો.

હવે એક વાર વિવિધ તીર્થોની યાત્રા કરતાં જિન-શાસનના શણગારરૂપ શ્રી પાદલિપ્તાચાર્ય તેનાં નગરમાં પધાર્યા. સિદ્ધ નાગાર્જુને તેમની ખ્યાતિ સાંભળી હતી અને એ પણ જાણ્યું હતું કે તેઓ કેટલીક ઔષધિઓનો પગ પર લેપ કરીને તેનાં બળથી આકાશમાર્ગે ગમન કરી શકે છે. આવા સમર્થ સિદ્ધ પુરુષનું પોતાનાં નગરમાં આગમન થયેલું જાણીને તે અત્યંત રાજી થયો અને તેમની પાસેથી કોઈ પણ પ્રકારે આકાશગામિની શક્તિનો લેપ

મેળવી લેવાના નિર્ણય પર આવ્યો. પછી તેણે ઉત્તમ પાત્રમાં સિદ્ધરસ ભરીને પોતાના એક શિષ્યને તેમની આગળ મોકલ્યો.

આ શિષ્યે તે પાત્ર શ્રીપાદલિપ્તાચાર્યની આગળ ધર્યું, એટલે તેઓ બોલ્યા કે 'મને આપવા માટે આ સિદ્ધરસ મોકલ્યો છે? અહો!' તેમણે જરા હસીને એ પાત્ર હાથમાં લીધું અને તેને સામી ભીંતે અફાળ્યું, એટલે તેના ટૂકડે ટૂકડા થઈ ગયા. એ જોઈને પાત્ર લઈ આવનારો નાગાર્જુનનો શિષ્ય ખૂબ ખેદ પામ્યો. ત્યારે શ્રી પાદલિપ્તાચાર્યે કહ્યું કે 'હે ભદ્ર! તું ખેદ ન પામ. તને શ્રાવક પાસેથી સારું ભોજન અપાવીશ' અને જ્યારે તે પાછો ફરતો હતો, ત્યારે આચાર્યશ્રીએ મુખ બંધ કરેલું એક કાચનું પાત્ર આપતાં જણાવ્યું કે 'આ પાત્ર નાગાર્જુનને આપજે.'

નાગાર્જુનનો શિષ્ય માર્ગમાં વિચાર કરવા લાગ્યો કે 'મારો ગુરુ ખરેખર મૂર્ખ લાગે છે કે જે આની સાથે સ્નેહ કરવાને ઇચ્છે છે.' પછી તેણે ઘરે પહોંચીને બધો વૃત્તાંત નાગાર્જુનને કહી સંભળાવ્યો અને પેલું પાત્ર તેના હાથમાં મૂક્યું.

નાગાર્જુને અતિ ઉત્સાહથી તે પાત્ર ખોલ્યું તો તેમાંથી મૂત્રની વાસ આવી; તેથી ખેદ પામીને તેણે એ પાત્રનો પત્થર પર ઘા કર્યો અને તે ભાંગીને ભૂકો થઈ ગયું. પછી ભોજન બનાવવા માટે શિષ્યે દૈવયોગે તે જ

પત્થર પર અગ્નિ સળગાવ્યો, એટલે તે પથ્થર સુવર્ણનો બની ગયો. આ જોઇને શિષ્ય ભારે આશ્ચર્ય પામ્યો અને તેણે ગુરુને જણાવ્યું કે 'આ આચાર્ય પાસે એવી અદ્ભુત સિદ્ધિ છે કે જેના મૂત્રાદિનો સંગ થતાં પત્થર પણ સુવર્ણ રૂપ થાય છે.'

આ શબ્દો સાંભળીને નાગાર્જુન અતિ આશ્ચર્ય પામ્યો અને ચિંતવવા લાગ્યો કે 'આ સિદ્ધિ આગળ મારી સિદ્ધિ શું વિસાતમાં છે? કયાં સૂર્ય અને કયાં ખદ્યોત! કયાં સાગર અને કયાં ખાબોચિયું! દૂર દેશમાં ફરતાં અને ઔષધો એકત્ર કરતાં સર્વદા ભિક્ષાનાં ભોજનથી મારો દેહ પણ મ્લાન થઈ ગયો છે અને એ આચાર્ય તો બાલ્યાવસ્થાથી જ લોકમાં પૂજાયા છે અને આકાશગામિની વિદ્યાથી મનના મનોરથો સિદ્ધ કરે છે. વળી તેમના દેહમાં પણ એવી લબ્ધિ રહેલી છે કે જેના મૂત્રાદિકના યોગથી પત્થર પણ સુવર્ણનો બની જાય છે, તો એની શી વાત કરવી?' એમ વિચારી તેણે પોતાના રસ–ઉપકરણોને બાજુએ મૂકી દીધાં અને આચાર્ય પાસે ગયો તથા મદરહિત બનીને પૂર્ણ વિનયથી નમસ્કાર કરતા બોલ્યો કે 'હે નાથ! સ્પૃહાને જિતનાર અને દેહસિદ્ધ એવા આપને જોવાથી મારી સિદ્ધિનો ગર્વ ગળી ગયો છે, માટે હું આપના ચરણકમલમાં સદા લીન થવાને ઇચ્છું છું. મિષ્ટાન્ન પ્રાપ્ત થતાં તુચ્છ ભોજન કોને ભાવે?' પછી તે શ્રી પાદલિપ્તાચાર્યની નિરંતર સેવા કરવા લાગ્યો.

એક વખત આચાર્યશ્રી અષ્ટાપદ વગેરે તીર્થોની મુહૂર્ત માત્રમાં યાત્રા કરીને પાછા આવ્યા, ત્યારે અન્ય સાધુઓ ત્યાં હાજર નહિ હોવાથી નાગાર્જુન તેમની સેવામાં હાજર થયો અને ભક્તિભાવથી તેમનાં ચરણો ધોવા લાગ્યો. પછી તે ચરણોદક પરઠવવા ચાલ્યો. ત્યાં એકાંતમાં જઈને તે ચરણોદકને બરાબર સૂંઘ્યું તથા તેનો સ્વાદ પણ ચાખી જોયો. એ રીતે તેણે ચરણોદકના વાસ તથા સ્વાદ પરથી તેમાં વપરાયેલી ૧૦૭ ઔષધિઓને શોધી કાઢી. અને એ ઔષધિઓનો લેપ કરી પોતાના પગે ચોપડીને ગુરુની માફક ઉડવાનો આરંભ કર્યો, પણ તેમાં જોઈએ તેવી સફળતા મળી નહિ; એટલે કે તે થોડુંક ઊડીને નીચે પડ્યો. આમ છતાં તે હિંમત હાર્યો નહિ. તેણે ફરી ઉડવાનો પ્રયત્ન કર્યો અને ફરી નીચે પટકાયો, એટલે તે મનમાં વિચાર કરવા લાગ્યો કે 'રખેને કોઈ ઔષધિમાં ન્યૂનતા રહી ગઈ હોય!' તેથી જે ઔષધિ, જે સમયે અને જે નક્ષત્રે લાવવી ઘટે, તે સમયે અને તે નક્ષત્રે લઈ આવ્યો અને તેનો લેપ તૈયાર કરી, પગે લગાડીને ઉડવા લાગ્યો, પરંતુ તે જરા ઊંચે ગયો ન ગયો કે ચકરી ખાઈને એક ઊંડા ખાડામાં ગબડી પડ્યો અને શરીરે છોલાયો.

પછી મહામહેનતે બહાર નીકળી ગુરુ આગળ જતાં તેમણે કહ્યું કે 'અહો! ગુરુ વિના પણ પાદલેપ સિદ્ધ થયો કે શું?' ત્યારે તેણે હસીને ઉત્તર આપ્યો કે 'ગુરુ વિના સિદ્ધિ ન થાય, પણ મેં મારા બુદ્ધિબળની પરીક્ષા

કરી છે.' તેના આવા સત્ય ઉત્તરથી ગુરુ પ્રસન્ન થયા અને બોલ્યા કે 'હે ભદ્ર ! તું સાંભળ. હું તારી રસસિદ્ધિ કે શુશ્રૂષાથી સંતુષ્ટ થયો નથી, પણ તારાં પ્રજ્ઞાબળથી પ્રસન્ન થયો છું, કારણ કે પાદપ્રક્ષાલન માત્રથી વસ્તુનાં નામ કોણ જાણી શકે ? માટે હું તને વિદ્યા આપીશ, પણ તું મને ગુરુદક્ષિણામાં શું આપીશ ?'

નાગાર્જુને કહ્યું કે 'હે ભગવન્ ! આપ જે ફરમાવો, તે આપવાને હું તૈયાર છું.'

પછી ગુરુના કહેવાથી તેણે જૈન ધર્મ અંગીકાર કર્યો, એટલે ગુરુએ તેને એક ખૂટતાં ઔષધનું નામ કહ્યું તથા બધી ઔષધિઓ પાણીને બદલે ચોખાનાં ધોવરામણમાં વાટવા જણાવ્યું. એ પ્રમાણે કરતાં સિદ્ધ નાગાર્જુન ગરુડની જેમ આકાશમાર્ગે ઉડીને યથેચ્છ સ્થાને જવા લાગ્યો.

પછી તે કૃતજ્ઞ વિદ્યાસિદ્ધ નાગાર્જુને શત્રુંજય પર્વતની તળેટીમાં એક નગર વસાવ્યું અને તેને પોતાના ગુરુનાં નામ પરથી પાદલિપ્તપુરી નામ આપ્યું, જે આજે પાલીતાણાનાં નામથી મશહુર છે.

આ પરથી સમજવાનું કે વિધિમાં થોડી પણ ઉણપ રહી ગઈ હોય તો સિદ્ધિ કે સફળતા મળતી નથી.

વિધિનું યથાર્થ અનુસરણ એ જ વિધિની શુદ્ધિ છે અને તે માટે પૂરેપૂરો આગ્રહ તથા કાળજી રાખવાની જરૂર

છે. જેને વિધિનો આગ્રહ નથી, તે 'આમાં શું ? આવું તો હોય.' એમ કહીને ઢીલો પડી જાય છે અને અવિધિના માર્ગે ચડી જાય છે. તે જ રીતે જે વિધિ કરવામાં પૂરેપૂરી કાળજી રાખતો નથી, પૂરેપૂરી સાવધાની દાખવતો નથી, તે કોઈને કોઈ પ્રકારની ભૂલચૂક કરી બેસે છે અને થોડા માટે બધું બગાડી નાખે છે. દાળમાં મીઠું–લવણુ નાખવાનું રહી જાય કે બે વાર નાખવામાં આવે તો કેવો તાલ જામે છે, તે કોઈથી અજાણ્યું નથી.

કેટલાક કહે છે કે 'ભાવ ઉત્તમ હોય, પછી વિધિમાં થોડી ખામી રહી જાય તો પણ શું ?' પરંતુ આમ કહેવું વ્યાજબી નથી. ભાવની સાથે વિધિ પણ બરાબર જોઈએ. તેની ખામી એ ક્રિયાની ખામી જ ગણાય અને તેથી જે ફળ મળવું જોઈએ, તે મળે નહિ. કોઈને સત્કારવાનો આપણો ભાવ પૂરેપૂરો હોય, પણ તે આવે ત્યારે બે હાથ જોડીએ નહિ કે 'આવો, પધારો' એટલું યે બોલીએ નહિ, તો સત્કારની ક્રિયા થઈ ગણાય ખરી ? તાત્પર્ય કે ભાવની સાથે આવશ્યક વિધિનું યથાર્થ અનુસરણ પણ હોવું જ જોઈએ.

જ્યારે વિધિ પ્રત્યે બહુમાન અને અવિધિ પ્રત્યે નફરત પ્રકટે, ત્યારે જ ક્રિયામાં વિધિશુદ્ધિ આવે છે અને તે મહાન ઉપકારનું કારણ બને છે.

હવે પછી શ્રી જિનેશ્વરદેવના પૂજનનો વિધિ વિસ્તારથી કહેવાશે, તેના પર પાઠકો પૂરેપૂરું લક્ષ આપે.

## પ્રકરણ પંદરમું

### અંગપૂજા

**૧–પૂજાના ત્રણ પ્રકારો**

અપેક્ષાભેદથી પૂજાના અનેક પ્રકારો પડે છે; તેમાં અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એ ત્રણ પ્રકારો મુખ્ય છે. આ ત્રણ પ્રકારોમાં ઉત્તરોત્તર પ્રધાનપણું છે, એટલે પ્રથમ કરતાં બીજી, અને બીજી કરતાં ત્રીજી પૂજા વિશેષ ફળદાયી છે.

શ્રી ચૈત્યવંદન–મહાભાષ્યમાં જણાવ્યા પ્રમાણે સ્નાન, વિલેપન, આભરણ–વસ્ત્ર, બરાસ, ગંધ ધૂપ, પુષ્પ આદિથી પૂજા કરવી, એ અંગપૂજા છે; ગાન કરવું, નાચ કરવો, વાજીંત્ર વગાડવાં, લૂણ ઉતારવું, આરતી–દીપક ઉતારવા, ફળ–નૈવેદ્ય ધરવા ઇત્યાદિ અગ્રપૂજા છે; અને ચૈત્યવંદનને યોગ્ય સ્તુતિ–સ્તોત્ર વગેરે બોલવાં તથા કાયોત્સર્ગ કરવો, એ ભાવપૂજા છે.

શ્રાદ્ધવિધિ–પ્રકરણમાં કહ્યું છે કે 'દહેરાસરમાં પૂજા વખતે વિવિધ પ્રકારના ચંદરવા બાંધવા, વિધિપૂર્વક મંગાવેલાં સેવંતરા, કમળ, જાઈ, જુઈ, કેતકી, ચંપા વગેરેના ફૂલથી માળા, મુકટ, શેખરા, પુષ્પપગર (ફૂલનાં ઘર)

વગેરેની રચના કરવી, શ્રી જિનેશ્વર ભગવંતના હાથમાં સોનાના બિજોરા, નારિયલ, સોપારી, નાગરવેલનાં પાન, સોનામહોર, રૂપામહોર, વીંટી, મોદક વગેરે મૂકવાં, ધૂપ ઉવેખવો, સુગંધી વાસક્ષેપ કરવો, એ સર્વ અંગપૂજામાં ગણાય છે.'

## ૨–સાધન–સામગ્રીને લગતો વિવેક

અંગપૂજામાં જે સાધન–સામગ્રીની જરૂર પડે છે, તે સર્વ વિવેકથી વિધિપૂર્વક મેળવવી જોઈએ. જેમકે–જળ ઉત્તમ સ્થાનેથી, ઉત્તમ પાત્રમાં, બે હાથે ઉંચકીને લાવવું જોઈએ. પુષ્પો બાગ–બગીચા–વાડી વગેરે ઉત્તમ સ્થાનેથી પોતે અથવા પોતાના વિશ્વાસુ માણસો દ્વારા, માળી વગેરે બાગ–બગીચાના રક્ષકોને સંતોષ થાય એ રીતે, સંપૂર્ણ મૂલ્ય આપીને, તાજાં લાવવા જોઈએ; વળી તે લાવવા માટે વાંસના કરંડિયા કે ધાતુના ઉત્તમ પાત્રનો ઉપયોગ કરવો જોઈએ. જો પુષ્પો વસ્ત્રની પોટલીમાં બાંધીને લાવવામાં આવે તો દબાઈ જાય, તેની પાંખડીઓ તૂટી જાય, વગેરે કારણથી વાંસના કરંડિયા કે ધાતુના ઉત્તમ પાત્રનો ઉપયોગ કરવો ઇષ્ટ છે. વળી તેના ઉપર પવિત્ર વસ્ત્ર ઢાંકવું જોઈએ, એટલે કે એમને એમ ઉઘાડાં લાવવા ન જોઈએ. અક્ષત એટલે ચોખા ઊંચી જાતના, વીણેલા તથા અખંડ જોઈએ. ઘી શુદ્ધ અને સારૂં જોઈએ. હાલમાં વેજીટેબલ ઘીનો વિશેષ પ્રચાર છે અને પ્રભુ-પૂજામાં પણ તે વપરાવા લાગ્યું છે, પરંતુ તે તેલની જ

એક પ્રકારની જમાવટ હોઈને વાપરવું ઈષ્ટ નથી. ધૂપ શોધેલો-સારો જોઈએ. બદામ પણ સારી અને અખંડ જોઈએ. નૈવેદ્ય અબોટ જોઈએ, એટલે કે જરાપણ એઠું-જૂઠું થયેલું કે યાવત્ સુંઘેલું ય હોવું ન જોઈએ અને તે વિધિપૂર્વક ઉત્તમ પ્રકારના પદાર્થોથી બનાવેલું હોવું જોઈએ. ફળો પણ તાજાં અને શ્રેષ્ઠ જોઈએ. પૂજોપ-કરણની શુદ્ધિ કેટલી મહત્ત્વની છે, તે ગત પ્રકરણમાં વિસ્તારથી દર્શાવ્યું છે.

## ૩-મંદિરપ્રવેશનો વિધિ

શ્રી જિનેશ્વર દેવના પૂજન માટે ઉત્સુક થયેલો ઉપાસક પ્રથમ વિધિપૂર્વક સ્નાન કરે, પછી પૂજાનાં શુદ્ધ વસ્ત્રો ધારણ કરે અને પૂજન માટે જે વિશુદ્ધ-ઉત્તમ સામગ્રી તૈયાર કરી હોય તે લઈને જિનમંદિરમાં દાખલ થાય. તે વખતે મંદિરના દ્વાર આગળ સંસાર-વ્યવહારના નિષેધરૂપ 'નિસીહિ' એમ બોલે. અહીં કેટલાક ત્રણવાર નિસીહિ બોલે છે, પણ તે બરાબર નથી. બીજીવાર દ્રવ્ય-પૂજાર્થે ગભારામાં પેસતાં મંદિર-વ્યાપારના નિષેધરૂપ, અને ત્રીજીવાર અર્થાત્ ભાવપૂજા-ચૈત્યવંદન શરૂ કરતાં પહેલાં દ્રવ્યપૂજાના લક્ષના નિષેધ કહેવાની છે. વળી પુરુષ હોય તો પ્રભુની જમણી બાજુની શાખાનો અને સ્ત્રી હોય તો ડાબી બાજુની શાખાનો આશ્રય લઈ પ્રવેશ કરે, તે વખતે જમણો પગ પહેલો મૂકે અને ડાબો

પગ પછી મૂકે. બંને ય જણ દર્શન-સ્તુતિ-પૂજા વગેરે પણ એ રીતે જમણી-ડાબી બાજુ સાચવીને કરે.

ત્યારબાદ દેવ-દર્શનના પ્રકરણમાં કહ્યા મુજબ પ્રભુનાં દર્શન કરે અને ત્યાર પછી પૂજન અંગેની તૈયારી કરે.

### ૪-મુખકોશની જરૂરીઆત

શ્વાસની દુર્ગંધથી કે થૂંક-લાળ વગેરે પડવાથી પ્રભુનું અંગ, તેમજ પૂજાની સામગ્રી અશુદ્ધ ન થાય, તે માટે અંગપૂજાના સમય દરમિયાન મુખકોશ બાંધી રાખવો જરૂરી છે. આ મુખકોશ આઠપડો હોવો જોઈએ, એટલે કે ઉત્તરાસંગના (ખેસના) છેડાના કે રૂમાલના આઠ પડ કરીને બાંધવો જોઈએ. વળી એવી રીતે બાંધવો જોઈએ કે જેથી મુખ અને નાક બંને બરાબર ઢંકાય. જે લોકો અતિ નાજુક પ્રકૃતિના હોય કે જેમને રોગ-નબળાઈ વગેરે કારણે નાક પર મુખકોશ બાંધતાં અસમાધિ થતી હોય, તેઓ નાક પર મુખકોશ ન બાંધે તો ચાલી શકે. શ્રી હરિભદ્રસૂરિએ પૂજા-પંચાશકમાં 'वत्थेण बंधिऊण, णासं अहवा जहासमाहिए' એ પદથી આ સ્પષ્ટતા કરેલી છે. પૂજાનાં સર્વ કાર્યો નિષ્કપટ ભાવે યત્નપૂર્વક કરવાનાં છે, એટલે જરૂર ન હોય તો આવી છૂટ લેવી નહિ.

### ૫-ચંદન-કેસર ઘસવાનો વિધિ

પૂજા માટેનાં ચંદન-કેસર પ્રમાર્જિત અને જલશુદ્ધ કરેલા પત્થરના પવિત્ર ઓરસિયા ઉપર, મુખ પર મુખકોશ

બાંધીને ઘસવા જોઈએ. તેમાં ચંદન ઉત્તમ જાતિનું અને જેમાં ત્રસ જીવો વગેરે ન હોય, એવું હોવું જોઈએ. કેસર પણ શુદ્ધ હોવું જોઈએ. આજકાલ અનેક પ્રકારના બનાવટી કેસરો નીકળ્યાં છે, તે પૂજામાં વાપરવાને યોગ્ય નથી. ચંદન-કેસર ઘસતી વખતે થોડો બરાસ પણ નાખવો જોઈએ. કેસર કરતાં ચંદનનું પ્રમાણ વધારે હોવાથી ચંદનપૂજા એમ કહેવાય છે, પણ ત્યાં કેસર-બરાસ મિશ્રિત ચંદન સમજવું. એકલા ચંદનની પૂજા કરવી યોગ્ય નથી.

ચંદન-કેસર જળથી શુદ્ધ કરેલી બે વાડકીમાં ઉતારવું જોઈએ. તેમાંથી એકનો ઉપયોગ સ્વઅંગે તિલક વગેરે કરવામાં અને બીજાનો ઉપયોગ પ્રભુના અંગે તિલક કરવામાં કરવો જોઇએ.

## ૬-તિલક કરવાનો વિધિ

પ્રભુપૂજા કરતાં પહેલાં પોતાના કપાળે તિલક કરવું જોઇએ, તે એમ બતાવવાને કે પોતે તેમનો સેવક બન્યો છે અને તેમની આજ્ઞાનું બરાબર પાલન કરશે. અન્ય શબ્દોમાં કહીએ તો તિલક એ આજ્ઞાંકિતપણાની મુદ્રા છે, આજ્ઞા પાલન કરવાની બાંહેધરીનું નિશાન છે.

પ્રાચીન પ્રથા એવી હતી કે પવિત્ર પાટલાપર પદ્માસને બેસવું અને વાડકીમાથી પોતાની હથેલીમાં ચંદન-કેસર લઇને તેનાથી કપાળે, ગળે, હૃદયે અને પેટે તિલકો

કરવાં, તેમજ કર્ણિકા, બાજુબંધ તથા હસ્તકંકણો વગેરે ભૂષણો ચિતરવાં. પરંતુ આ પ્રથા ધીમે ધીમે લુપ્ત થતી ગઈ છે અને આજે તો કોઈ કોઈ ભાવિક શ્રાવકો જ કપાળ ઉપરાંત ગળે તથા કાનની બૂટ વગેરે પર તિલકો કરે છે. આને આપણે કાળબળ સિવાય બીજું શું કહી શકીએ ? કાળના પરિવર્તન સાથે કેટલીક પ્રથાઓમાં પરિવર્તન થાય છે અને તે સંઘ–સમાજના મોટા ભાગને માન્ય રહેતાં દોષરૂપ લેખાતું નથી.

કપાળ પરનું તિલક બદામના આકારે કરવું જોઈએ, એટલે કે નીચેથી પહોળું અને ઉપર જતાં અનુક્રમે સાંકડું થતું જાય એ રીતે કરવું જોઇએ. કેટલાક આ પ્રકારના તિલકને સ્થાને માત્ર ઝીણું ટપકું જ કરે છે, પણ તે ઉચિત નથી. તિલક મોટું અને સ્પષ્ટ દેખાય એવું કરવું જોઇએ, જેથી શ્રાવકસમુદાય ‘ આ મારો સાધર્મિક બંધુ છે ’ એમ જાણી શકે અને અન્ય લોકોને પણ ‘ આ જૈન ધર્મનો અનુયાયી છે,’ એવો ખ્યાલ આવી શકે.

કપાળ પરના જુદી જુદી જાતનાં તિલક જુદા જુદા ધર્મોની ઓળખાણરૂપ છે, એટલે આ તિલક માટે આપણને માન હોવું જોઇએ. વધારે સ્પષ્ટ કહીએ તો આ તિલકની–આ ચાંડલાની નિંદા કે અવહેલના થાય, એવું કાંઈ પણ આપણે કરવું ન જોઇએ. આજે તો કેટલાંક સ્થળે ‘ પીળા ચાંડલાનો વિશ્વાસ નહિ ’ એવી ઉક્તિ વહેતી

થયેલી છે, તે આપણા નૈતિક તથા ધાર્મિક જીવનને મોટી ચીમકી રૂપ છે, માટે તે બાબત પૂરતું લક્ષ રાખવું જોઇએ.

## ૭–દહેરાસરમાંથી કાજો લેવો.

પ્રથમ પૂંજણી વગેરે વડે દહેરાસરમાંથી કાજો લેવો. આ કાર્ય જાતે કરાય તો વધારે સારૂં. જો તેમ ન બની શકે તો અન્ય મનુષ્ય દ્વારા કરાવવું; પણ તે જયણા બરાબર રાખે તે બાબત યોગ્ય સૂચના આપવી. તે કાજો યોગ્ય સ્થળે નાખવો.

## ૮–નિર્માલ્ય ઉતારવાં.

દહેરાસરમાંથી કાજો લીધા પછી નિર્માલ્ય ઉતારવાં; એટલે કે શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ પર આગલા દિવસે પુષ્પાદિ જે પદાર્થો ચડીને નિર્માલ્યરૂપ થયેલા હોય, તેને કાળજીથી, થાળ કે એવાં જ બીજા કોઈ વાસણમાં ઉતારી લેવાં.

‘નિર્માલ્ય કોને કહેવાય?’ તેનો ઉત્તર ચૈત્યવંદન ભાષ્યમાં આ પ્રમાણે આપ્યો છે: ‘भोगविणट्ठं दव्वं, निम्मलं बिंति गीअत्थत्ति–ભોગથી વિનષ્ટ થયેલું જે દ્રવ્ય તેને ગીતાર્થો નિર્માલ્ય કહે છે.’ અન્યત્ર તેનું સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું છે કે ‘જિનબિંબ–જિનપ્રતિમા પર ચડાવેલું જે નિસ્તેજ થયું હોય, જેની શોભા ચાલી ગઈ હોય, જે ગંધ ચાલી જવાથી વિગંધવાળું બન્યું હોય અને તેથી દર્શન કરવા યોગ્ય છતાં શોભાના અભાવે ભવ્ય

જીવોના મનને પ્રમોદ ઉપજાવવા માટે અસમર્થ થયું હોય, તેને નિર્માલ્ય સમજવું. '

પૂજનકાર્ય પૂરું થયા પછી નિર્માલ્યને યોગ્ય સ્થાને પધરાવવાની સાવધાની રાખવી જોઈએ. અન્યથા આશાતના થાય તથા તેમાં જીવ–જંતુની ઉત્પત્તિ થવાનો સંભવ હોવાથી હિંસાનો દોષ પણ લાગે.

**૯–જિનબિંબની પ્રમાર્જના કરવી.**

નિર્માલ્ય લીધા પછી મોરપીંછી વડે જિનબિંબની સારી રીતે પ્રમાર્જના કરવી. અહીં મોરપીંછીથી એક જાતનું વિશિષ્ટ સાધન સમજવાનું છે કે જે ત્રણ–ચાર મોરપીંછીઓના અગ્રભાગો કાપીને બનાવેલું હોય છે. મોરપીંછી વાપરવાનો ઉદ્દેશ એ છે કે તેના તાંતણાં અતિ કોમળ હોવાથી સૂક્ષ્મ જીવ–જંતુને જરાપણ આઘાત ન પહોંચે. જિનપૂજાને લગતું દરેક કાર્ય જયણાથી–યતનાથી કરવાનું છે, અન્યથા નિષ્પ્રયોજન હિંસા થવાથી અહિંસાના સિદ્ધાંતનો ભંગ થવાનો સંભવ છે અને તે ઉપાસકને શોભતો નથી.

**૧૦-જલપૂજા**

જલપૂજાને અભિષેક, સ્નાત્ર કે પ્રક્ષાલ–પખાલ પણ કહેવામાં આવે છે. તે અંગે અનુભવીઓએ કહ્યું છે કે–'જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;' જો જલ-પૂજા યુક્તિથી–વિધિથી કરીએ, તો અનાદિ કાલના મેલનો–અર્થાત્ કર્મમલનો નાશ કરનારી બને છે.

જલપૂજાનો વિધિ એવો છે કે પ્રમાર્જિત કરેલા જિનબિંબને ભોજન વગેરે કાર્યમાં ન વાપરતા હોય એવા પવિત્ર થાળમાં પધરાવવા અને તે થાળને જમીન પર ન રાખતાં ઊંચા સ્થાને સ્થાપવો. પછી બે હાથે કલશ ગ્રહણ કરીને તેમાંના સુગંધમિશ્રિત જળનો એ પ્રતિમાજી પર અભિષેક કરવો. પ્રતિમાજી જો સ્થિર-સ્થાપિત કરેલા હોય યા વધુ વજનદાર હોય તો થાળમાં લીધા વિના અભિષેક કરવો. શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યું છે કે-

घुसिण कप्पूरमीसं तु, काउं गंधोदगं वरं ।
तओ भुवणनाहस्स, ण्हवेई भत्तिसंजुओ ॥

'કેશર, બરાસ તથા સર્વ ઉત્તમ ઔષધિઓ અને ચંદન વગેરે મિશ્રિત કરીને, ઉત્તમ સુગંધીદાર પાણી વડે પરમ ભક્તિયુક્ત થઈને ત્રિભુવનનાથને અર્થાત્ શ્રી જિનેશ્વરદેવને સ્નાન કરાવે.'

કદાચ આવા જળનો યોગ ન બને તો પવિત્ર સ્થાનમાંથી લાવેલા અને સારી રીતે ગળીને શુદ્ધ કરેલા જળનો ઉપયોગ પણ કરી શકાય

અંગપૂજા વખતે મુખ્યતાએ મૌન ધારણ કરવાનું છે, છતાં ભાવોલ્લાસ વધારવા માટે બોલવું હોય તો મુખકોશમાંથી થૂંકના સૂક્ષ્મ પણ પુદ્ગલ બહાર ન નીકળે તેવા ધીરા અવાજથી નીચેની પંક્તિઓ બોલી શકાયઃ-

મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ,
મેરુશિખર ન્હવરાવે;

મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ,
મેરુશિખર ન્હવરાવે.

જન્મકાલ જિનવરકો જાણી,
પંચરૂપ કરી આવે હો સુરપતિ૦ ૧

રત્નપ્રમુખ અડજાતિના કળશા,
ઔષધિચૂરણ મિલાવે હો સુરપતિ૦ ૨

ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી,
સ્નાન કરી ગુણ ગાવે હો સુરપતિ૦ ૩

ઈણીપરે જિનપ્રતિમાકો ન્હવણ કરી,
બોધિબીજ માનુ વાવે હો સુરપતિ૦ ૪

અનુક્રમે ગુણસ્થાનક ફરસી,
જિન ઉત્તમપદ પાવે હો સુરપતિ૦ ૫

અહીં નીચેનો દુહો પણ ચિંતવવા યોગ્ય છે:

જ્ઞાનકળશ ભરી આતમા, સમતારસ ભરપૂર;
શ્રી જિનને ન્હવરાવતાં, કર્મ થાય ચકચૂર.

જળપૂજા કરતાં એકત્ર થયેલાં જળને ન્હવણ કહેવામાં આવે છે. તે આંખે, મસ્તકે વગેરે અંગોએ લગાડવાથી પ્રભુનું ચરણોદક માથે ધરવાનો ભાવ ઊભો થવા દ્વારા આત્મા શુદ્ધ બને છે અને આપણાં અંગો—આપણી કાયા પવિત્ર બને છે. વળી આ ન્હવણનો શ્રદ્ધાપૂર્વક ઉપયોગ કરવાથી રોગો મટે છે અને કોઈ પણ વિઘ્ન ઉપસ્થિત થયું હોય તો નાશ પામે છે. શાસ્ત્રકારોએ અંગપૂજાને

વિઘ્નોપશામિકા કહી છે, તેનું રહસ્ય આ જ છે. એક મહાપુરુષે કહ્યું છે કે–

निर्मलं निर्मलीकरणं, पावनं पापनाशनम् ।
जिनचरणोदकं वन्दे, चाष्टकर्मविनाशकम् ॥

'હું શ્રી જિનેશ્વરના તે ચરણોદકને વંદું છું કે જે નિર્મલ છે, બીજાને નિર્મલ કરનાર છે, પવિત્ર છે, પાપોનો નાશ કરનારૂં છે અને આઠે કર્મનો વિનાશ કરવામાં સમર્થ છે.'

અહીં એટલું યાદ રાખવાનું કે પ્રતિમાના પ્રક્ષાલ વગેરેના પાણીના પાત્રમાંથી પાણી લઈને હાથ ધોવા નહિ, પણ બીજા પાત્રમાંથી શુદ્ધ પાણી લઈને ધોવા.

## ૧૧–અંગલુંછનની વિધિ

પ્રતિમાજીને સ્નાન કરાવ્યા પછી પણ તેમનાં કેટલાંક અંગો પર ચંદન–કેસર ચોટી રહેવાનો સંભવ છે, તે દૂર કરવા પૂરતો જ વાળાકુંચીનો ઉપયોગ કરવો જરૂરી છે. પરંતુ તેમાં ખૂબ સાવધાની રાખવી. જેમ દાંતમાં ખોરાકનો કણ ભરાયો હોય અગર પગે કાંટો વાગ્યો હોય, તે કાઢવામાં આપણને પીડાનો ભય રહે છે, એટલે ધીમે ધીમે, કોઈ પ્રકારની ઈજા ન થાય એ રીતે, તેને કાઢીએ છીએ; તેમ પ્રતિમાજીને સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવ સમજી, તેમને કોઈ પ્રકારની ઈજા ન થાય એ રીતે, કોમળ હાથે, ઘસરકાનો અવાજ ન થવા દેતાં ધીમે વાળે, તેનો ઉપયોગ

કરવો જોઈએ. આજે વાળાકુંચીનો ઉપયોગ ઘણી જ બેદરકારીથી થાય છે અને તેથી પ્રતિમાજી જલ્દી ઘસાઈ જાય છે, માટે તે બાબતમાં ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે.

આ રીતે વાળાકુંચીનો ઉપયોગ થયા પછી પ્રથમ અંગલૂંછણા વડે સઘળું પાણી સાફ કરવું, બીજાથી વિશેષ સાફ કરવું અને ત્રીજા કોમળ અંગલૂંછણા વડે અંગલૂછનનો વિધિ પૂરો કરવો. જ્યાં થોડી પણ પાણીની ભીનાશ રહે છે, ત્યાં પ્રતિમાજીમાં શ્યામતા આવે છે કે ફૂગ વળી જાય છે, માટે પ્રતિમાજીને જરાય ભીના ન રાખવા, એવો નિયમ છે.

પ્રાચીન વિધિમાં બે અંગલૂંછણાનો ઉલ્લેખ આવે છે, પણ તે ઉત્તમ વસ્ત્રોની અપેક્ષાએ. હાલ અંગ લૂંછણા માટે જે જાતનાં વસ્ત્રો વપરાય છે, તે દૃષ્ટિએ ત્રણ અંગ-લૂંછણાનો નિયમ યથાર્થ છે.

### ૧૨-સુગંધી પદાર્થોનું વિલેપન

ન્હવણ પછી વિલેપનનો અધિકાર છે, એટલે અગાઉથી ચંદનાદિ સુગંધી પદાર્થો ઘસીને જે લેપ-ખરડ તૈયાર કરી રાખ્યો હોય, તે પ્રતિમાજીને અત્યંત ભાવપૂર્વક લગાડવો જોઇએ. ચંદનાદિ સુગંધી પદાર્થોનું વિલેપન કરતાં અંગે શીતળતા થાય છે, એટલે આત્માને તપાવી રહેલા સર્વ દોષો શીતળ થાય એવી ભાવના અહીં ભાવવી જોઈએ.

૧૩-આભરણ પહેરાવવાં.

ત્યાર પછી પ્રતિમાજીને આભૂષણો ચડાવવા જોઈએ. આ આભૂષણો શક્તિ-સામર્થ્ય હોય તો રત્ન, સુવર્ણ, મોતી વગેરેનાં કરાવવાં જોઈએ, અન્યથા શક્તિ મુજબ કરાવીને પણ પ્રભુપૂજાનો લહાવો લેવો જોઈએ. કદાચ તેમ પણ ન બની શકે તો સોના-ચાંદીના વરખ તથા બાદલું લગાડીને પણ પ્રભુજીના અંગને વિભૂષિત કર્યાનો આનંદ માણવો જોઈએ. 'વીતરાગ ભગવંતને વળી આભૂષણો કે આંગીઓ શા માટે ?' આ પ્રશ્ન આજે ઘણીવાર શ્રવણગોચર થાય છે; પરંતુ પ્રભુનું પૂજન કે અંગરચના એ પ્રભુ માટે નથી, આપણા આત્મકલ્યાણ માટે છે. તેમજ તીર્થંકર દેવ સરખા જગતમાં આપણા કોઈ ઉપકારી નથી અને ઉપકારી દેવાધિદેવની ભક્તિ માટે તન-મન અને ધનથી પ્રભુને સમર્પિત થઈ જવું જોઈએ. આટલી વાત લક્ષ્યમાં રહે તો પૂર્વોક્ત પ્રશ્નને અવકાશ રહેતો નથી.

૧૪-વસ્ત્રનો ઉપયોગ

આ વખતે ચંદુઆ, પુંઠિયાં, તોરણ વગેરે બાંધવા, તેનો સમાવેશ પણ પ્રકરણના પ્રારંભે જણાવ્યા મુજબ અંગ-પૂજામાં જ થાય છે. પ્રાચીન કાલમાં વસ્ત્રયુગલ ચડાવવાની પ્રથા હતી, પણ તે આજે અમલમાં નથી.

૧૫-હાથમાં ફલ મૂકવું.

પ્રતિમાજીનાં સર્વ અંગો આભૂષણાદિથી અલંકૃત કર્યા

પછી તેમના ભેગા કરેલા બંને હાથમાં કંઈ પણ ફળ મૂકવું જોઈએ. તાત્પર્ય કે હાથ તદ્દન ખાલી રાખવા ન જોઈએ. અહીં ફલથી નીચેની વસ્તુઓ સમજવીઃ–સોનાનું બીજોરૂં, સોનામહોર, રૂપામહોર, વીંટી, શ્રીફળ, સોપારી, નાગરવેલનાં પાન કે મોદક.

**૧૬–નવાંગી પૂજા કરવી.**

ત્યાર પછી કેસર, બરાસ, કસ્તૂરી વગેરે સુગંધી પદાર્થો ઘસીને તૈયાર કરેલા ચંદન વડે પ્રતિમાની નવાંગી પૂજા કરવી જોઈએ. શાસ્ત્રોમાં આવતા ઉલ્લેખો પરથી એમ સમજાય છે કે એક કાળે કેટલાક લોકો પ્રતિમાજીના પાંચ અંગે કે છ અંગે જ પૂજા કરતા હતા. × વળી શ્રી ઉમાસ્વાતિ કૃત પૂજા પ્રકરણમાં નવ તિલકનો ઉલ્લેખ છે, * તે બે અંગૂઠા, બે ઢીંચણ, બે કરકાંડા, બે ખભા ને મસ્તક, એ રીતે નવતિલક કરવાનો છે. ° તેમાં કપાળ, કંઠ, હૃદય અને નાભિ પર પણ તિલક કરવાને જણાવ્યું છે, + પણ

× શ્રી જિનપ્રભસૂરિએ પૂજાવિધિમાં કહ્યું છે કે 'सरस-सुरहिचंदणेणं देवस्स दाहिणजाणु–दाहिणखंध–निलाडवामखंध–वामजाणु लक्खणेसु पंचसु हिअएहिं सह छसु वा अंगेसु पूअं काऊण पच्चग्गकुसुमेहिं गंधवासेहिं च पूएई।' તાજાં સુગંધી ચંદન વડે શ્રી જિનેશ્વરદેવનો જમણો ઢીંચણ, જમણો ખભો, લલાટ, ડાબો ખભો અને ડાબો ઢીંચણ-એ પાંચ અંગ અથવા હૃદય સાથે છ અંગે પૂજા કરીને તાજાં પુષ્પો વડે અને સુગંધીદાર વાસ વડે પૂજન કરે.

* 'नवभिस्तिलकैः पूजा, करणीया निरन्तरम्'–નવ તિલકો વડે નિરંતર પૂજા કરવી.

[ વિશેષ પાદનોંધ સામા પાને ]

તેની ગણના નવતિલકમાં કરી નથી. પરંતુ ત્યાર પછીના સમયમાં નીચે પ્રમાણે નવાંગી પૂજાનો મત સ્થિર થયેલો જણાય છે કે જેમાં આ બધા તિલકોનો સમાવેશ થઈ જાય છે :

(૧) જમણો અને ડાબો અંગૂઠો.

(૨) જમણો અને ડાબો ઢીંચણ.

(૩) હાથનું જમણું અને ડાબુ કાંડું.

(૪) હાથનો જમણો અને ડાબો ખભો.

(૫) મસ્તક.

(૬) કપાળ.

(૭) કંઠ.

(૮) હૃદય.

(૯) ઉદર—નાભિ.

શ્રી વીરવિજયજી મહારાજે અષ્ટપ્રકારી પૂજામાં ચંદન-પૂજાના અધિકારે કહ્યું છે કે 'ચરણ,[૧] જાનુ,[૨] કર,[૩] અંસ,[૪] શિર,[૫] ભાલ,[૬] ગળે,[૭] ઉર,[૮] ઉદર[૯] પ્રભુ નવ-તિલક કીજે.' અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે બધાં

---

० 'अङ्घ्रिजानुकरांसेषु मूर्ध्नि पूजा यथाक्रमम्'—બે ચરણ (અંગૂઠા), બે ઢીંચણ, બે કરના કાંડા, બે ખભા અને મસ્તક એ પ્રમાણે ક્રમથી નવ તિલકો કરવાં.'

+ 'भाले कण्ठे हृदम्भोजोदरे तिलककारणम्'—ભાલપ્રદેશ પર—કપાળ પર, કંઠે, હૃદયે અને ઉદર એટલે નાભિ ઉપર પણ તિલક કરવાં.'

તિલક ગણીએ તો તેર થાય, પણ બે અંગૂઠાના, બે ઢીંચણના, બે કર કાંડાના તથા બે ખભાના એક એક ગણીએ તો તિલકની સંખ્યા નવની થાય છે.

ઉક્ત મહાપુરુષે કહ્યું છે કે–

આતમ ગુણ વાસન ભણી, ચંદનપૂજા સાર;
જેમ મઘવા અપછર કરે, તેમ કરીએ નરનાર.

'હે પુરુષો અને સ્ત્રીઓ! આત્માના ગુણોની સુવાસ પ્રકટાવવા માટે ચંદનપૂજા ઉત્તમ છે. તે પૂજા જેમ ઇન્દ્રો અને અપ્સરાઓ અતિ ઉલ્લાસથી કરે છે, તેમ તમે પણ અતિ ઉલ્લાસથી કરો.'

નવ અંગે ઉપર જણાવ્યા મુજબ ક્રમશઃ તિલક કરવા જોઈએ. તેમાં એ ધ્યાન રાખવાનું કે પ્રભુના અંગ પર કેશરના છાંટા ન પડે, તેમજ પ્રતિમાજીના ચક્ષુ, મુખ વગેરે પ્રમુખ અંગો ઢંકાઈ ન જાય અને તેની શોભામાં ખામી ન આવે; અન્યથા દર્શન કરનારાઓના આહ્લાદનો ભંગ થાય અને આપણે દોષના ભાગી બનીએ; વળી એ પણ યાદ રાખવાનું કે નવ અંગે તિલક કરવામાં ચોકસ હેતુ રહેલો છે, તે ઝડપથી તિલક કરીને પૂજા પતાવી દેવાની મનોવૃત્તિથી પાર પડતો નથી. દરેક અંગે તિલક કર્યા પછી જરા થોભવું જોઈએ અને તે વખતે અનુક્રમે નીચે મુજબ ભાવના ભાવવી જોઈએ :—

૧–અંગુઠે તિલક કરતાં

જળ ભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત. ૧

'યુગલિક મનુષ્યોએ કમલપત્રનો દડીઓ બનાવીને તેમાં જલ ભરી લાવી તેના વડે યુગાદિદેવ શ્રી ઋષભદેવનાં ચરણયુગલનું અર્ચન કર્યું. આ અંગૂઠો ભવજલ એટલે સંસારસાગરનો અંત કરનાર છે, એમ સમજીને હું તેનું અર્ચન કરું છું.'

શ્રી વીરપ્રભુએ અંગૂઠા વડે મેરુ પર્વતને ડોલાયમાન કર્યો હતો અને એવી અપૂર્વ શક્તિ છતાં તેમણે સંસારની સઘળી રિદ્ધિ ત્યાગીને શ્રમણજીવન સ્વીકાર્યું હતું. વળી શ્રમણાવસ્થામાં ચંડકૌશિક સર્પે આ અંગૂઠા પર જ દંશ દીધો હતો, છતાં તેમનાં રૂવાડામાં ક્રોધનો અંશ પણ પ્રકટ્યો ન હતો. આ રીતે શ્રી જિનેશ્વરદેવનો અંગૂઠો તેમના અપૂર્વ ત્યાગ અને આત્મબળનો સૂચક હોવાથી મારે માટે અત્યંત પૂજનીય છે.

૨-ઢીંચણે તિલક કરતાં

જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨.

'હે પ્રભો ! તમે અપ્રતિબદ્ધ વિહારી હતા, તેથી દેશવિદેશમાં વિચરતા હતા. આ જાતનો વિહાર કરવામાં તમારી આ જાનુઓ ઉપયોગી નીવડી હતી. વળી તમોએ

કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે બાહ્ય અને અભ્યંતર તપનો આશ્રય લીધો હતો, જેમાં અભ્યંતર તપના અધિકારે કાયોત્સર્ગ ઊભા ઊભા જ કરતા હતા અને તે વખતે તિર્યંચ મનુષ્ય કે દેવતાદિએ કરેલા પરીષહો અને ઉપસર્ગો સમભાવે સહન કરતા હતા. એ દૃષ્ટિએ તમારી જાનુઓ પણ પવિત્ર હોવાથી હું તેનું પૂજન કરું છું.'

**૩–હાથના કાંડે તિલક કરતાં**

લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન;
કર કાંડે પ્રભુપૂજના, પૂજો ભવિ બહુમાન. ૩

હે પ્રભો ! મહાભિનિષ્ક્રમણનો–સંસારત્યાગનો સમય નજીક આવતા લોકાંતિક દેવોને સવિનય જણાવે છે કે, 'હે પ્રભો ! હવે તીર્થ પ્રવર્તાવો.' આ શિષ્ટાચારને લક્ષમાં લઈ તમે સંસારત્યાગનો નિશ્ચય કરો છો, પરંતુ એ સંસારત્યાગ કરતાં પહેલાં તમે કોઈ પણ જાતના ભેદભાવ વિના દાન આપવાનું શરુ કરો છો અને એ રીતે એક વર્ષપર્યંત તમારા સ્વહસ્તે–સ્વકરે દાન આપ્યે જાઓ છો. વળી શાસનસ્થાપના સમયે ગણધર બનાવવા માટે તમારા હાથ વડે વાસક્ષેપ કરો છો, તેથી તમારાં કાંડાં પણ અતિ પવિત્ર છે, માટે તેનું બહુમાનપૂર્વક પૂજન કરું છું.'

**૪–ખભે તિલક કરતાં**

માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત;
ભુજાબળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત. ૪

'હે પ્રભો ! તમારું અનંત બલ જોઈને બંને ખભા-

સાંથી માન ચાલ્યું ગયું અને એ જ ભુજાનાં બળ વડે તમો ભવસાગરને તરી ગયા, તેથી તમારા સ્કંધો-ખભા પણ અતિ પવિત્ર છે, માટે હું તેનું પૂજન કરું છું.

૫–શિરશિખા પર તિલક કરતાં

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસિયા તિણ કારણ ભવી, શિરશિખા પૂજંત. ૫

'લોકના અંતે એટલે અગ્રભાગે સિદ્ધશિલા આવેલી છે. તે ઉજ્જવળ ગુણવાળી યાને સ્ફટિક જેવી નિર્મળ છે. તેના પર લોકના અંતને અડીને તમે મુક્ત અવસ્થાએ રહેલા છો. તમારી શિરશિખા એ સિદ્ધશિલાનું સ્મરણ કરાવતી હોવાથી અત્યંત પવિત્ર છે અને તે જ કારણે હું તેની પૂજા કરું છું.

૬-ભાલ (કપાળ) પર તિલક કરતાં

તીર્થંકરપદ–પુણ્યથી, ત્રિભુવન–જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬

'હે પ્રભો ! તમે તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું હતું, તેથી ત્રણે ભુવનના લોકો તમારી સેવા કરતા હતા. ખરેખર ! તમે એ ત્રિભુવનના તિલક સમા છો; તેથી તમારા ભાલ-પ્રદેશની હું તિલક વડે અર્ચના કરું છું.'

૭-કંઠે તિલક કરતાં

સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ. ૭

'શ્રી વીર પ્રભુએ સોળ પહોર સુધી અખંડ દેશના આપી હતી, તે કંઠરૂપ ગોળ આકૃતિવાળા છિદ્રમાંથી જ નીકળેલી હતી. આ દેશનાનો મધુર ધ્વનિ દેવતાઓ અને મનુષ્યો ઘણા જ ઉલ્લાસ અને હર્ષથી સાંભળતા હતા, તેથી તીર્થંકરદેવનો કંઠ અતિ પવિત્ર છે. હું તેના પર અમૂલ્ય તિલક કરું છું.'

૮–હૃદયે તિલક કરતાં

હૃદયકમળ–ઉપશમબળે, બાળ્યા રાગ ને રોષ;
હિમ દહે વનખંડને, હૃદયતિલક સંતોષ. ૮

' હે પ્રભો ! ઠંડુ હિમ પડતાંની સાથે જેમ વનખંડને બાળી નાખે છે, તેમ મારા હૃદયકમળમાંથી ઉત્પન્ન થયેલો અતિ ઠંડો ઉપશમરસ રાગ અને દ્વેષને બાળી નાખે છે, તેથી તમારું હૃદય અતિ પવિત્ર છે. હું તે પવિત્ર હૃદયની બહુમાનપૂર્વક પૂજા કરૂં છું.

૯–નાભિ પર તિલક કરતાં

રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિકમળની પૂજના, કરતાં અવિચલ ધામ. ૯

' હે પ્રભો ! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ રત્નત્રયી સઘળા સદ્ગુણોનું વિશ્રામસ્થાન છે. આ વસ્તુની યાદ તમારા નાભિકમળમાંથી નીકળતી ત્રણ મુખ્ય રેખાઓ આપે છે, એટલે તમારૂં નાભિકમળ પૂજ્ય છે અને તેની હું પૂજા કરૂં છું. આવી પૂજા કરતાં મને અવિચલ ધામ એટલે મોક્ષની પ્રાપ્તિ જરૂર થશે.

૧૬-પુષ્પપૂજા

નવાંગીપૂજા અર્થાત્ ચંદનપૂજા થઈ ગયા પછી ઉપાસકે વિધિપૂર્વક આણેલાં વિવિધ જાતિનાં પુષ્પો વડે પ્રભુની પૂજા કરવી જોઈએ. કહ્યું છે કે–

पुष्पैश्च बलिना चैव, वस्त्रैः स्तोत्रैश्च शोभनैः ।
देवानां पूजनं ज्ञेयं, शौच-श्रद्धासमन्वितम् ॥

'પુષ્પો વડે, બલિ અર્થાત્ નૈવેદ્ય વડે, વસ્ત્ર અને સ્તોત્રો વડે, શૌચ અને શ્રદ્ધાથી સમન્વિત થઈને દેવપૂજન કરવું જોઈએ.'

વળી એમ પણ કહ્યું છે કે–

प्रभाते प्रथमा वास–पूजा कार्या निरन्तरम् ।
मध्याह्ने कुसुमैः पूजा, सन्ध्यायां धूपदीपकृत् ॥

'પ્રભાતે પહેલી વાસપૂજા કરવી, મધ્યાહ્ને બીજી પુષ્પપૂજા કરવી અને સંધ્યાએ ત્રીજી ધૂપ–દીપ પૂજા કરવી.'

તાત્પર્ય કે પ્રભુપૂજનમાં પુષ્પપૂજાનું વિશેષ મહત્ત્વ છે અને ખાસ કરીને મધ્યાહ્નપૂજા કે મુખ્ય પૂજામાં તો તે અવશ્ય કરવી જોઈએ, તેથી ઉપાસકે તે પર પૂરતું લક્ષ આપવાની જરૂર છે.

પુષ્પો બાબત એટલું ધ્યાન રાખવું કે જે પુષ્પો (૧) સૂકાં, (૨) જમીનપર પડી ગયેલાં, (૩) પાંખડીઓ તૂટી ગયેલાં, (૪) અશુભ વસ્તુઓ સાથે સ્પર્શિત થયેલાં, (૫) બરાબર નહિ ખીલેલાં, (૬) જેની કળીઓ વધુ વર-

સાદ કે કીડા વગેરેથી ખવાઈ ગઈ હોય તેવાં, (૭) ચીમળાઈ ગયેલાં, (૮) વાસી એટલે આગલા દિવસે ઉતારેલાં, (૯) જેના ઉપર કરોળિયાએ જાળ ગુંથી હોય તેવાં, (૧૦) દેખાવમાં સુશોભિત ન હોય એવાં, (૧૧) ખરાબ ગંધવાળાં, (૧૨) જેમાં બિલકુલ ગંધ ન હોય તેવાં તથા (૧૩) જેની ગંધમાં ખટાશ હોય તેવાં શ્રીજિનેશ્વરદેવની પૂજામાં વાપરવા નહિ.

છૂટાં પુષ્પોની જેમ પુષ્પનો હાર, પુષ્પનો મુગટ વગેરે બનાવીને પણ પૂજા કરીએ, તે પણ પુષ્પપૂજામાં જ ગણાય.

૧૭–ધૂપપૂજા

દેવપૂજન વખતે ધૂપ–દીપ તો અવશ્ય જોઈએ. તે હવામાનને ચોકખું કરે છે, તથા સુવાસમાં વધારો કરે છે. વળી દેવતાઓ ગંધપ્રિય હોય છે, એટલે આવું સુંદર વાતાવરણ જોઈને પ્રસંગોપાત્ત ત્યાં આવવાનું દિલ કરે છે. અમુક દહેરાસરમાં રાત્રે દેવ આવ્યા, વાજિંત્ર વાગ્યા, ધૂપ પ્રકટ્યો વગેરે ઘટનાઓ અવારનવાર સાંભળવામાં આવે છે તથા વર્તમાનપત્રોમાં પણ પ્રકટ થતી રહે છે, એટલે આ વસ્તુ તરફ ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

ઉપાસકે સુંદર કળામય ધૂપદાનમાં દશાંગધૂપ આદિ ઉત્તમ પ્રકારનો ધૂપ કરવો તથા અગર, ચંદન, કસ્તૂરી વગેરે પદાર્થોના યોગથી બનાવેલી સારી સુગંધી અગરબત્તી પ્રકટાવવી. સારી જાતનો ધૂપ વાપરીએ તો જ વાતાવરણ

જોઇએ તેવું શુદ્ધ બને છે અને સુગંધથી મહેકવા લાગે છે, માટે તે તરફ લક્ષ આપવું. આ પૂજા અંગે કહેવાયું છે કે–

'કર્મસમિધ દાહન ભણી, ધ્યાનાનળ સળગાય;
દ્રવ્યધૂપ કરી આત્મા, સહજ સુગંધિત થાય.

'કર્મરૂપી લાકડાનું દહન કરવા માટે ધ્યાનરૂપી અગ્નિ પ્રકટાવવો જોઈએ. દ્રવ્યધૂપ તેનું સૂચન કરે છે અને તેથી આત્મા સહજ સુગંધી બને છે.'

એટલું ધ્યાનમાં રાખવું કે ધૂપથી આખા મંદિરને વાસિત કરવું અને ત્યારબાદ તેને પ્રતિમાજીની ડાબી બાજુએ રાખવો.

૧૮–દીપકપૂજા

પં. શ્રી વીરવિજયજી મહારાજે કહ્યું છે કે 'દીપક જ્યોતિ બની નવરંગા, દીનદયાળ કે દાહિણ અંગા.' એટલે પૂજા નિમિત્તે જે દીપક પ્રકટાવવો, તે શ્રી જિનેશ્વરદેવની જમણી બાજુ પ્રકટાવવો. વળી આ દીપક કેવો હોવો જોઈએ, તેનું પણ તેમણે વર્ણન કર્યું છે. 'રયણ જડિત વર્તુલ ભાજનમેં, ધેનુ–હવિષ ભરિયે ઉછરંગા.' રત્નથી જડેલા ગોળ વર્તનમાં ગાયનું ઘી ભરવું. અહીં ઉત્કૃષ્ટ ભાવે રત્નથી જડેલું સમજવાનું છે. તેવી શક્તિ ન હોય તો સુવર્ણ–ચાંદી વગેરેનું પાત્ર સમજવું. તે બને તેટલું સુંદર–કલામય હોવું જોઈએ. ભારતના કળાકારોએ દીપક–નિર્માણમાં પોતાની નૈસર્ગિક પ્રતિભાનો સુંદર

પરિચય આપેલો છે. દીપક માટેના પાત્રના-દીપિકાઓના જેટલા પ્રકાર ભારતવર્ષમાં મળે છે, તેટલા જગતના કોઈ પણ દેશમાં મળતા નથી. ઘી ગાયનું જ જોઈએ, એવો એકાંત નિયમ નથી. તે ભેંસ વગેરેનું પણ ચાલી શકે.

વિશેષમાં પં. શ્રી વીરવિજયજી મહારાજે જણાવ્યું છે કે-'પ્રાણી-ઉગારણ કારણ ફાનસ, કરિયે જયું નવિ આય પતંગા.' આ દીપક પર જીવદયાના પવિત્ર ઉદ્દેશથી ફાનસ કરવું, એટલે કે દીપકને ફાનસમાં રાખવો, જેથી પતંગિયા વગેરે આવીને તેમાં પડે નહિ અને તેમના પ્રાણની હાનિ થાય નહિ.'

જ્યોતિ એ જ્ઞાનનો સંકેત છે; તેથી જ કહ્યું છે કે-

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુ:ખ હોય ફોક;
ભાવપ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક.'

'સુવિવેકથી દ્રવ્યદીપક પ્રકટાવતાં સઘળાં દુ:ખો ફોક થાય છે-નાશ પામે છે અને જ્યારે અંતરમાં સાચો ભાવ-પ્રદીપ પ્રકટે છે, ત્યારે તો લોક અને અલોકના સઘળા પદાર્થો સ્પષ્ટ ભાસવા લાગે છે.

કેટલાક ધૂપ અને દીપકપૂજાનો સમાવેશ અગ્ર-પૂજામાં કરે છે, પણ શ્રી ચૈત્યવંદન-ભાષ્ય વગેરેમાં આ બંને પૂજાનો સમાવેશ અંગપૂજામાં કર્યો છે અને શ્રાદ્ધ-વિધિ-પ્રકરણમાં પણ તેનું સમર્થન થયેલું છે, એટલે આ પૂજાઓને અંગપૂજામાં ગણવી યોગ્ય છે.

અહીં 'અવસ્થાત્રિક'નું વિધાન છે, તે પણ બરાબર લક્ષમાં રાખવાનું છે. અવસ્થાત્રિક એટલે શ્રી જિનેશ્વરદેવની છદ્મસ્થ, કેવળી અને સિદ્ધ એવી ત્રણ અવસ્થા. તેમાં છદ્મસ્થાવસ્થા ત્રણ ભૂમિકાએ ચિંતવવાની છે. ન્હવણ તથા અંગલૂંછણા પ્રસંગે જન્માવસ્થા; કેસર, ચંદન, પુષ્પમાળા તથા અંગરચના વખતે રાજ્યાવસ્થા; અને ભગવાનનું કેશરહિત મસ્તક વગેરે જોઈને શ્રમણાવસ્થા. ત્યારબાદ અષ્ટ મહાપ્રતિહાર્યના દેખાવથી ભગવાનની કેવળી અવસ્થા અને તેમને પર્યંકાસને, પદ્માસને કે કાયોત્સર્ગ-મુદ્રાએ સ્થિત જોઈને તેમની સિદ્ધાવસ્થા ભાવનાની છે.

અંગપૂજાનો વિધિ અહીં પૂરો થાય છે. તે ઘણો રહસ્યભરેલો છે અને જેમ જેમ સત્સંગ થતો જાય છે તથા અનુભવ વધતો જાય છે, તેમ જ સમજમાં આવે છે. અંગપૂજા પછી જ અગ્રપૂજા અને અગ્રપૂજા પછી જ ભાવપૂજા થાય છે, એટલે આ પૂજાને પહેલી સમજી તેનો ઉત્કૃષ્ટ આદર કરવો ઘટે છે.

# પ્રકરણ સોળમું

## અગ્રપૂજા

અંગપૂજા પછી અગ્રપૂજાનો અધિકાર આવે છે. આ પૂજામાં ઋદ્ધિ–શક્તિ અનુસાર અનેક પ્રકારના ઉપચારોનો આશ્રય લેવાય છે. તેમાં અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા, ફલપૂજા, ગીતપૂજા, વાજિંત્રપૂજા તથા નૃત્યપૂજાની મુખ્યતા છે. વળી લૂણ ઉતારવું, આરતી ઉતારવી અને મંગળદીવો કરવો, તે પણ આ પૂજામાં જ ગણાય છે. આ પૂજાઓનું અહીં ક્રમશઃ વર્ણન કરીશું, પણ તે પહેલાં એટલું જણાવી દઈએ કે અગ્રપૂજાનો મુખ્ય હેતુ શ્રી જિનેશ્વરદેવના સત્કાર–સન્માનનો છે, એટલે તેની સર્વ યોજના એ ધોરણે થયેલી છે. પ્રથમ પ્રભુને વંદન કરવું, પછી તેમની પૂજા કરવી, પછી તેમના સત્કાર–સન્માનનો વિધિ કરવો, એ આપણી પ્રાચીન પ્રણાલિકા છે અને તેને અહીં બરાબર અનુસરવામાં આવે છે.

### ૧–અક્ષતપૂજા

અક્ષત એટલે ચોખા, અખંડિત ચોખા, તેના વડે જે પૂજા કરવી તે અક્ષતપૂજા. અખંડિત ચોખા વડે પૂજા શી રીતે થાય ? તે પણ સમજવા જેવું છે. પ્રભુ સમક્ષ પડેલા પાટ કે પાટલા ઉપર અખંડિત ચોખા વડે અષ્ટ-

મંગલની રચના કરવી, એ અક્ષતપૂજા છે. અષ્ટમંગલ એટલે આઠ પ્રકારની મંગલસૂચક આકૃતિઓ. તેનાં નામો અનુ-ક્રમે આ પ્રમાણે જાણવાં :

(૧) દર્પણ–આરીસો. (૨) ભદ્રાસન–બેસવાનું ખુરશી જેવું આસન. ખુરશી ઊંચી હોય છે, ભદ્રાસન તેનાથી થોડું નીચું હોય છે. (૩) વર્દ્ધમાન–શરાવસંપુટ. જે નીચેથી સાંકડું હોય, પણ ઉપર જતાં વધતું જાય તેને વર્દ્ધમાન અર્થાત્ શરાવ કહેવામાં આવે છે. ગુજરાતી ભાષામાં તેને કોડિયું કહે છે. એક કોડિયા ઉપર બીજું કોડિયું ઢાંકેલું હોય ત્યારે તેને સંપુટ કહેવામાં આવે છે. (૪) શ્રીવત્સ –એક પ્રકારની વિશિષ્ટ આકૃતિ કે જે તીર્થંકર આદિ મહાપુરુષોની છાતી પર જોવામાં આવે છે. (૫) મત્સ્ય-યુગલ–માછલાંઓનું જોડકું. (૬) સ્વસ્તિક–સાથિયો. (૭) કુંભ–કળશ અને (૮) નંદ્યાવર્ત એટલે જેની પાંખડી-ઓમાં સુંદર આવર્ત હોય તેવો એક પ્રકારનો વિશિષ્ટ સાથિયો.

અહીં જાણી લેવાની જરૂર છે કે શ્રી જિનેશ્વરદેવના દીક્ષાકલ્યાણકના વરઘોડામાં આગળ અષ્ટમંગલ આલેખેલો વિશાળ પટ રહેતો. તે ઉપસ્થિત કાર્યના નિર્વિઘ્ન સંપા-દન માટે મંગલરૂપ છે. એજ પ્રમાણે પ્રભુના સામૈયા વખતે અષ્ટમંગલની ભવ્ય આકૃતિઓ રાખવામાં આવતી, તેથી લોકો એમ સમજતા કે કોઈ મહાપુરુષનું મંગલકારી આગમન થઈ રહ્યું છે અને તેઓ જલ્દી તૈયાર થઈને સામૈયામાં સામેલ થઈ જતા તથા મંગલની સાક્ષાત્ મૂર્તિસમા શ્રી

જિનેશ્વરદેવના દિવ્ય દેદારનાં દર્શન કરીને કૃતકૃત્ય થતા. શ્રી મહાવીર પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા ત્યારે કોણિક રાજાએ તેમનું અતિ ભવ્ય સ્વાગત કરતાં અષ્ટમંગલની આકૃતિઓ સાથે રાખ્યાનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં આવે છે.

આ સત્કારની ભાવના પ્રકટ કરવા માટે અષ્ટમંગલની રચના કરવાની છે. પરંતુ આજે તો કેટલાક ઘણા ભાગે અષ્ટ-મંગલની પાટલી પર ચાંલ્લા કરે છે. ખરી રીતે તો તેનું આલેખન કરવું જોઈએ. બાકી કેટલાય ભાગ્યશાળીઓને અષ્ટમંગલનાં નામ પણ આવડતાં નથી, તો તેની રચના શી રીતે કરે ? અને કદાચ નામ આવડતાં હોય તો પણ આ રચના કરવાનો અભ્યાસ રહ્યો નથી, એટલે આવી રચના પ્રાયઃ થતી નથી. આજે માત્ર એક સ્વસ્તિક અને નંદ્યાવર્તનો ઠીક ઠીક અભ્યાસ રહ્યો છે, એટલે એની રચના થાય છે. અક્ષતની જગાએ શ્વેત સરસવ વાપરીને પણ અષ્ટમંગલની રચના કરી શકાય છે.

જ્યાં અષ્ટમંગલની રચના કરવાનું શકય ન હોય ત્યાં જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધનાના સંકેતરૂપે અક્ષતની ત્રણ ઢગલીઓ કરીને ઉપર ચંદ્રકળા તથા નીચે સાદા સ્વસ્તિકની રચના કરીને પણ અક્ષતપૂજા કરી શકાય છે. આજે આનો વિશેષ પ્રચાર છે.

એમ કહેવાય છે કે મગધરાજ શ્રેણિક શ્રી મહાવીર પ્રભુની સન્મુખ જઈને સોનાના યવોથી સ્વસ્તિકની રચના

કરતા હતા. આજે પણ આચાર્યાદિના સ્વાગત વખતે સોના અને રૂપાનાં પુષ્પો તથા સાચાં મોતી ઉછાળવામાં આવે છે, એટલે શક્તિશાળી આત્માઓએ સોના-રૂપાના અક્ષતથી કે સાચાં મોતીથી સ્વસ્તિકાદિની રચના કરીને અગ્રપૂજાનો લહાવો લેવો ઘટે છે. આવું નિત્ય તો ન બની શકે, પણ મહાન પર્વના દિવસો હોય કે તીર્થયાત્રાએ ગયા હોઈએ, ત્યાં પૂજન કરતી વેળાએ આવો લહાવો લઈ શકાય છે. દ્રવ્યનો આથી વધારે સારો ઉપયોગ કયો હોઈ શકે?

પ્રભુપૂજન વગેરેમાં વપરાતું દ્રવ્ય નિરર્થક અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાતું દ્રવ્ય સાર્થક, એવો એક મત આજે પ્રચાર પામી રહ્યો છે, પણ તે ઊંડી સમજ વિનાનો છે. પ્રભુપૂજાનો આદર્શ ખસ્યો કે સમાજ-કલ્યાણની પ્રવૃત્તિઓ માત્ર આડંબરરૂપ થઈ જાય છે. નિષ્કામ ભાવે પ્રવૃત્તિ કરવાનું તો મહાપુરુષો જ શીખવે છે અને તેથી મુખ્યપણે તેઓ જ સત્કાર-સન્માનને પાત્ર છે. જો તેમના તરફ બહુમાનની લાગણી હશે. તો જ તેમના ઉપદેશ તરફ આદર થશે અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિ-ઓમાં પણ નિષ્કામભાવ દાખલ થશે; અન્યથા આજે બની રહ્યું છે તેમ, એ માત્ર આડંબરરૂપ બની જશે અને તેમાંથી અનેક દોષોની ઉત્પત્તિ થતાં લાભને બદલે નુકશાન જ થશે. માટે પ્રભુપૂજા પહેલી અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ પછી, એ સિદ્ધાંતને અનુસરવામાં આપણું તથા સમાજનું કલ્યાણ રહેલું છે.

અક્ષતપૂજા તો અક્ષયપદ ભણી લઈ જનારી છે,

એમ સમજીને દરેક મુમુક્ષુએ તેનો આશ્રય લેવાનો છે. કહ્યું છે કે–

> અક્ષયપદ સાધન ભણી, અક્ષતપૂજા સાર;
> જિનપ્રતિમા આગળ મુદા, ધરિયે ભવિ નરનાર.

૨–નૈવેદ્યપૂજા

અશન, પાન ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારમાંથી શુદ્ધ–પવિત્ર વસ્તુઓ પ્રતિમાજીની સમક્ષ ધરવી તેને નૈવેદ્યપૂજા કહેવાય છે. અશનમાં રાંધેલો ભાત, રોટલી વગેરેનો સમાવેશ થાય છે; પાનમાં સાકરના પાણી, ગોળના પાણી વગેરેનો સમાવેશ થાય છે; ખાદિમમાં વિવિધ પ્રકારના મેવા તથા પકવાન્નનો–મીઠાઈઓનો સમાવેશ થાય છે; અને સ્વાદિમમાં પાન, તંબોળ વગેરેનો સમાવેશ થાય છે. તેમાંથી શુદ્ધ–સ્વચ્છ કેટલીક વસ્તુઓ પ્રતિમાજી સમક્ષ ધરી નૈવેદ્યપૂજાનો લાભ લઈ શકાય છે. વિશેષ ન બને તો મીઠાઈના પ્રતીકરૂપે શર્કરાખંડ એટલે સાકરના થોડા ગાંગડા પણ મૂકી શકાય છે અને છેવટે એક પતાસું મૂકીને પણ નૈવેદ્યની ભાવના પૂરી કરી શકાય છે.

આપણા અન્નમાં દેવ અને અતિથિનો પણ ભાગ છે, માટે પ્રથમ તે જુદો કાઢીને તેમને ધરાવ્યા પછી જ અન્નપ્રાશન કરવું, જેથી અનાદિની આહારસંજ્ઞા અને રસસંજ્ઞા કપાતી આવે તથા અંતે અનાહારી પદ મળે, એવી ભાવના ઘણા પ્રાચીન સમયથી આપણે ત્યાં ચાલી આવે છે, તેથી નૈવેદ્યની પ્રથા અમલમાં આવેલી છે અને તે આપણી ઉચ્ચ ભાવના તથા સમર્પણવૃત્તિનું સુંદર પ્રતીક છે.

નૈવેદ્યપૂજા વખતે એવી ભાવના ભાવવાની છે કે–

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈ એ અણંત;
દૂર કરી તે દીજિયે, અણાહારી પદ સંત.

'હે પ્રભો ! મેં વિગ્રહગતિમાં એટલે એક ગતિમાંથી બીજી ગતિમાં વક્રાગતિ વડે જતી વખતે અણાહારી પદ અનંત વાર કર્યાં, પરંતુ તેથી મારો ઉદ્ધાર થયો નહિ. તો હવે એ સ્થિતિ દૂર કરીને મને સાચું અણાહારી પદ આપો.'

અહીં સ્પષ્ટતા એટલી કે આપણા આત્માને અનાદિકાલથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ વળગેલી છે; એટલે આપણો આત્મા બધો વખત એક યા બીજા પ્રકારનો આહાર ગ્રહણ કર્યા કરે છે; માત્ર તે વિગ્રહ ગતિમાં હોય, ત્યારે આહાર ગ્રહણ કરતો નથી; પરંતુ આ અણાહારી સ્થિતિ તો માત્ર એક સમય, બે સમય કે ત્રણ સમય પૂરતી જ હોય છે, એટલે આવા નામમાત્રના અણાહારીપદથી આપણને કશો લાભ થતો નથી. આપણને તો એવું અણાહારી પદ મળવું જોઈએ કે જ્યાં ગયા પછી ફરી આહાર કરવો જ પડે નહિ અને કાયમને માટે એ જંજાળમાંથી છૂટી જવાય. આવું અણાહારી પદ તો માત્ર સિદ્ધિગતિમાં જ સંભવે છે, એટલે હે પ્રભો ! મને એ સિદ્ધિગતિ આપો.

**૩-ફલપૂજા**

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે, 'ફલપૂજા જે ભવિ

કરશે રે, તે શિવરમણી વરશે રે !' એટલે શિવસુખના અભિલાષીએ ફલપૂજા અવશ્ય કરવાની છે. ઋતુઋતુનાં, ઉત્તમ જાતિનાં, વિવિધ ફળો પ્રતિમાજીની સમક્ષ ધરવાં, એ ફલપૂજા છે. કદાચ આવાં ફળોનો યોગ ન હોય તો બદામ, સોપારી વગેરે સૂકાં ફળો પણ ધરી શકાય. તે બારે માસ અને કોઈપણ સ્થળેથી મળી શકે છે.

૪-ગીતપૂજા*

એક કવિએ કહ્યું છે કે–

શત્રુંજય સમ તીર્થ નહીં, નહીં અરિહા સમ દેવ;
જિનગુણગાન સરીખ નહીં, શિવસુખદાયક સેવ.

'આ પૃથ્વીના પટ પર શ્રી શત્રુંજય જેવું અન્ય તીર્થ નથી, શ્રી અરિહંત જેવા દેવ નથી અને જિનગુણ ગાન જેવી શિવસુખ આપનારી બીજી સેવા નથી.'

બીજા કવિએ કહ્યું છે કે–

ફલ અનંત પંચાશકે, ભાખે શ્રી જગદીશ;
ગીત નૃત્ય શુદ્ધ નાદસે, જે પૂજે જિનઈશ.

'તીર્થંકર ભગવંતના ઉપદેશ અનુસાર પંચાશક નામના ગ્રંથમાં કહ્યું છે કે જે ભવ્યાત્મા શુદ્ધ ગીત, નૃત્ય

× કેટલાક ગીત, વાદ્ય તથા નૃત્યપૂજાનો સમાવેશ ભાવપૂજામાં કરે છે, પણ આ પ્રકરણમાં આપેલી ચૈત્યવંદન-મહાભાષ્યની ગાથાના આધારે તેનો સમાવેશ અગ્રપૂજામાં કર્યો છે. આમાં સ્વર, વાજિંત્ર અને ગાત્રોરૂપી દ્રવ્યોનો મુખ્ય ઉપયોગ હોય છે, એ અપેક્ષાએ દ્રવ્યપૂજા –અગ્રપૂજા કહેવાય છે.

અને વાજિંત્રથી શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે છે, તે અનંત ફળને પામે છે.'

ત્રીજા કવિએ કહ્યું છે કે–

ગગનતણું નહીં જેમ માન,
તેમ અનંત રૂપ જિનગુણગાન.
તાન માન લયશું કરી ગીત,
સુખ દીયે જેમ અમૃત પીત.

'ગગનનું-આકાશનું જેમ માપ નથી, અર્થાત્ તે અનંત છે, તેમ જિનગુણના ગાનનું ફળ પણ અનંત છે. આ ગીત તાન, માન, લય વગેરે સહિત કરવામાં આવે તો જાણે અમૃત પીધું હોય, એવું સુખ આપે છે.'

તાત્પર્ય કે ત્રણ ગ્રામ, સાત સ્વર અને એકવીશ મૂર્ચ્છનાપૂર્વક વિવિધ રાગ-રાગિણીઓમાં શ્રી જિનેશ્વર-દેવનાં ગીત ગાવાં, સ્તવનો બોલવાં કે પદો ઉચ્ચારવાં, તે ગીતપૂજા છે. આ ગીતપૂજા આપણને અપૂર્વ આનંદ આપે છે અને બીજાને પણ આનંદ આપનારી થાય છે. તેમાં ચિત્તને એકાગ્ર-તલ્લીન કરવાનો બહુ મોટો ગુણ રહેલો છે.

સરસ રીતે ગવાયેલા ગીતનો પ્રભાવ મનુષ્યનાં મન પર તો પડે જ છે, પણ પશુ, પક્ષી, સર્પ વગેરે ઉપર પર પણ પડે છે અને વનસ્પતિ ઉપર પણ પડે છે. ખરેખર!

ભક્તિરસની જમાવટ કરવા માટે સરસ ગીત જેવું અન્ય કોઈ સાધન નથી !

જેમ હાથનો સદુપયોગ દાન છે, જેમ કાનનો સદુપયોગ શાસ્ત્રશ્રવણ છે, તેમ કંઠનો સદુપયોગ શ્રી જિનેશ્વરદેવનાં ગુણગાન છે. એ ગાન જરા પણ સંકોચ-શરમ વિના મુક્ત કંઠે-મુક્ત હૃદયે કરવું જોઈએ.

આપણા મુનિવરોએ તે માટે સેંકડો, બલ્કે-હજારો સ્તવનો-પદો-ગીતો રચ્યાં છે. તેમાંનાં કેટલાંક કંઠસ્થ કરીને શાસ્ત્રીય ઢબે ગાતાં શીખી લેવાં જોઈએ, જેથી ગીતપૂજા ઉત્તમ પ્રકારે થાય અને આપણું જીવન સફળ બને.

૫-વાજિંત્રપૂજા

શ્રી જિનેશ્વરદેવની ભક્તિનિમિત્તે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડવાં એ વાજિંત્રપૂજા છે. જેવો મહિમા ગીતનો છે, તેવો જ મહિમા વાજિંત્રોનો છે. વળી ગીત-ગાન વાજિંત્રની સાથે થતાં હોય તો અધિક આહ્લાદકારી થાય છે, એટલે ગીતની સાથે વાજિંત્રોનો ઉપયોગ કરવો ઈષ્ટ છે.

વાજિંત્રો ચાર પ્રકારનાં છેઃ (૧) તત, (૨) વિતત, (૩) સુષિર અને (૪) ઘન. તેમાં તારના યોગથી વાગતાં વાજિંત્રો તત કહેવાય છે, જેમકે-વીણા, બીન, સીતાર, સારંગી, તાઉસ, દીલરૂબા, દિલ-પસંદ, અસરબીન, રૂબાબ ( કચ્છપી વીણા ), સરોદ, તંબૂરો ( નારદી વીણા ) કાનૂન અથવા શ્રીમંડળ ( બ્રાહ્મી વીણા ), સુરબીન, કડાયચા, ચિકારા, સુરસોટા,

તરસબાજ, ફીડલ, ગીટાર વગેરે. ચામડાના યોગથી વાગતાં વાજિંત્રો વિતત કહેવાય છે; જેમ કે-મુરજ, મૃદંગ, ડમરુ, પખાજ, ઢોલક, ખંજરી, દફ, દાયરો, નોબત ત્રાંસા વગેરે. પવનના યોગથી વાગતાં વાજિંત્રો સુષિર કહેવાય છે; જેમ કે-વાંસળી, પાવો, શરણાઈ, પુંગી, મુખચંગ, કરના, શંખ, સિંગી, તુરઈ, ભેરી, હારમોનિયમ વગેરે. અને ધાતુના યોગથી વાગતાં વાજિંત્રો ઘન કહેવાય છે; જેમ કે કાંસ્ય, તાલ, મંજીરા, કરતાલ, ઝાલર, ઘંટા, ઘંટિકા, જલતરંગ વગેરે.

આ ચાર પ્રકારના વાજિંત્રોમાંથી શક્ય હોય એટલા વાજિંત્રોનો ઉપયોગ પૂજા સમયે કરી શકાય છે.

શ્રી જિનેશ્વરદેવ સમવસરણમાં બિરાજતા હોય છે, ત્યારે દેવો અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડીને ભક્તિ કરે છે અને તેથી વાતાવરણ ઘણું ભવ્ય બને છે. આપણે પણ એ જ રીતે વિવિધ વાજિંત્રોમાંથી ભગવાનની ભક્તિ કરીએ, એ ઇષ્ટ છે.

**૬-નૃત્યપૂજા**

જિનભક્તિ નિમિત્તે વિવિધ પ્રકારનાં નૃત્ય કરવા એ નૃત્ય પૂજા છે. 'નૃત્ય કોને કહેવાય?' તેનો ઉત્તર આ પ્રમાણે સમજવાનો છે:—

देहरुच्या प्रतीतो यस्तालमानरसाश्रयः ।
सविलासोऽङ्गविक्षेपो, नृत्यमित्युच्यते बुधैः ॥

'તાલના માપ અને રસના આશ્રયવાળો, સુંદર દેહ વડે પ્રતીત થતો, વિલાસસહિત જે અંગવિક્ષેપ તેને

વિદ્વાનો નૃત્ય કહે છે.' તાત્પર્ય કે અંગના અભિનયો વડે ભાવોને પ્રકટ કરવા, એ નૃત્ય છે.

નૃત્યશાસ્ત્રમાં શિર, હસ્ત, વક્ષઃ (છાતી), પાર્શ્વ (પડખું), કટિ (કેડ), ચરણ અને સ્કંધ (ખભા) ની ગણના અંગમાં કરેલી છે; ગ્રીવા (ડોક), બાહુ, પૃષ્ઠ (વાંસો), ઉદર, ઉર, જંઘા (સાથળ) મણિબંધ (કાંડું), અને જાનુ (ઢીંચણ)ની ગણના પ્રત્યંગમાં કરેલી છે અને દૃષ્ટિ, ભ્રૂ (ભમર), પુટ (પાંપણ), તારા (આંખની કીકી), કપોલ, નાસિકા, અનિલ (આંખની નીચેનો ભાગ), અધર (હોઠ), દંતિ, જિહ્વા, ચિબુક અને વદનની ગણના ઉપાંગમાં કરેલી છે. અંગવિક્ષેપમાં આ બધાનો ઉપયોગ અમુક પ્રકારે થાય છે.

વિલાસ એટલે મુખ, નેત્ર વગેરેની ચેષ્ટા તાત્પર્ય કે નૃત્યમાં અંગવિક્ષેપ–અંગમરોડ ઉપરાંત હાવ, ભાવ વગેરે પણ હોય છે.

નૃત્યના અનેક પ્રકારો છે અને તે ભરતનાટ્યશાસ્ત્ર, સરસ્વતીકંઠાભરણ, દશરૂપક વગેરે ગ્રંથોમાં વર્ણવાયેલા છે.

કેટલાક કહે છે કે–'અધ્યાત્મના ઉમેદવારોને ગાવું, બજાવવું તથા નાચવું એ બિલકુલ શોભતું નથી. એમણે તો શાંત બેસીને જે કંઈ થાય તે કરવું જોઈએ.' પરંતુ આ કથન ઊંડી સમજ વિનાનું છે. ગાવું, બજાવવું અને નાચવું એ સંગીતકલાના મુખ્ય ત્રણ અંગો છે અને તે

માનવજીવનમાં ઉચ્ચભાવો પ્રેરવા માટે ઉપયોગી છે; તેથી જ શાસ્ત્રકારોએ તેની પૂજા માન્ય રાખી છે. રાવણ એક બળવાન રાજા હતો, પણ તે રોજ ગીત-ગાનથી પ્રભુની પૂજા કરતો હતો. ઉદાયન રાજાની રાણી પ્રભાવતી પણ એ જ રીતે ગીત, વાજિંત્ર તથા નૃત્યથી દેવાધિદેવની પૂજા કરતી હતી. આ રીતે બીજા પણ અનેક ભવ્યાત્માઓની સંગીતપૂજાનાં વર્ણનો શાસ્ત્રમાં આવે છે.

કલા પોતે સારી કે ખોટી નથી, પણ તેનો જે રીતે ઉપયોગ થાય છે, તે પરથી તે સારી કે ખોટી ઠરે છે, એટલે સુજ્ઞજનોએ તેનો સદુપયોગ કરવા તરફ જ લક્ષ રાખવું.

૭-લૂણ ઉતારવું

શ્રી ઉમાસ્વાતિકૃત પૂજાપ્રકરણમાં કહ્યું છે કે 'वह्नौ लवणनिक्षेपः, शान्त्यै तुष्टयै प्रशस्यते-પ્રભુપૂજન કરી રહ્યા પછી અગ્નિને વિષે લવણનો-લૂણનો-મીઠાનો પ્રક્ષેપ કરવો તે શાંતિ એટલે વિઘ્નનું ઉપશમન અને તૃષ્ટિ એટલે ચિત્તની પ્રસન્નતા માટે પ્રશસ્ત છે.'

શ્રી ચૈત્યવંદન-મહાભાષ્યમાં કહ્યું છે કે—

गंधव्व-नट्ट-वाइअ, लवणजलारत्तिआइ दीवाई ।
जंकिंचि तं सव्वंपि, ओअरई अग्गपूआए ॥

'ગાન કરવું, નૃત્ય કરવું, વાજિંત્રો વગાડવાં, લૂણ ઉતારવું, જલની ધારા કરવી, આરતી કરવી, મંગળ દીવો કરવો વગેરે જે કાર્યો છે, તે અગ્રપૂજામાં અવતરે છે;

અર્થાત્ તેનો સમાવેશ અગ્રપૂજામાં થાય છે.' એટલે લૂણ ઉતારવાની ક્રિયાને અગ્રપૂજાનો જ એક ભાગ સમજવાનો છે.

એક પાત્રમાં અગ્નિ રાખી તેના પર લૂણ નાખવું, અને તે હાથમાં રાખીને પ્રતિમાજી ફરતી ત્રણ પ્રદક્ષિણા દેવી તેને લૂણ ઉતારવાની ક્રિયા કહે છે. પ્રાચીન સ્નાત્ર-વિધિમાં આવતી નીચેની ગાથાથી આ વસ્તુ સ્પષ્ટ થાય છે.

उअह ! पडिभग्गपसरं, पयाहिणं मुणिवइं करेऊणं ।
पडइ सलोणत्तण–लज्जिअं व लोणं हुअवहंमि ॥

'જુઓ ! જેનો વેગ ભાંગી ગયો છે, તે આ લૂણ જિનેશ્વરદેવને ત્રણ પ્રદક્ષિણા કરીને, પોતાની ખારાશથી જાણે લજ્જા પામ્યું હોય, તેમ અગ્નિમાં પડે છે.'

હાથમાં જળ લઈ તેમાં થોડું લૂણ નાખવું અને તેની પ્રતિમાજી ફરતી ત્રણ વાર ધારા દેવી તેને પણ લૂણ ઉતારવાની ક્રિયા કહેવાય છે.

સ્નાત્રપૂજામાં આ બંને ક્રિયાઓનો ઉપયોગ થાય છે.

સંક્ષેપમાં કહીએ તો વિવિધ ઉપચારો વડે પ્રભુપૂજન થઈ ગયા પછી તેની જે શોભા બની હોય, તેનો જે ઠાઠ જામ્યો હોય, તેને કોઈની દૂષિત દૃષ્ટિથી કશી હરકત ન પહોંચે, તે માટે આ ક્રિયા કરવાની હોય છે, એટલે તે અવશ્ય કરવી જોઈએ.

કેટલાક કહે છે કે 'આ ક્રિયા તો તાંત્રિક છે, તેને જિનપૂજા જેવી ધાર્મિક ક્રિયામાં શા માટે સ્થાન આપવું જોઈએ ?' તેનો ઉત્તર એ છે કે, 'તાંત્રિક ક્રિયા પણ શુભ

પરિણામને લાવનારી હોય તો તેને અનુસરવામાં બાધ નથી. આ ક્રિયા શુભ પરિણામ લાવનારી છે, માટે જ તે કરવામાં આવે છે.'

૮-આરતી અને મંગળ દીવો.

પ્રાચીન ગાથાઓમાં સત્તર ભેદી પૂજાનું વર્ણન નીચે પ્રમાણે આવે છે :-

ण्हवण विलेवण अंगंमि[१], चक्खुजुअलं च वासपुआए[२]।
पुप्फारुहणं[३] मालारुहणं,[४] तह वन्नयारुहणं[५] ॥१॥
चुण्णारुहणं[६] जिण-पुगवाणं आहरणरोहणं[७] चेव।
पुप्फगिह[८]-प्पुफपगरो[९], आरत्तीमंगलपईवो[१०] ॥२॥
दीवो[११] धुवुक्खेवो,[१२] नेवेज्जं[१३] सुहफलाण[१४] ढोअणयं।
गीअं[१५] नट्टं[१६] वज्जं,[१७] पूआभेआ इमे सत्तरस ॥३॥

'૧-સ્નાનવિલેપન (પ્રક્ષાલ, વિલેપન, ચંદન, કેસર) વગેરેથી અંગપૂજા, ૨-ચક્ષુયુગલ અને વસ્ત્ર (ચઢાવવાં તે) પૂજા, ૩-પુષ્પપૂજા, ૪-પુષ્પમાલ પૂજા, ૫-કસ્તૂરી આદિથી શોભા કરવી તે વર્ણકપૂજા, ૬-સુગંધી ચૂર્ણોથીપૂજા કરવી તે ચૂર્ણપૂજા, ૭-આભરણપૂજા, ૮-પુષ્પગૃહ (મંડપ) પૂજા, ૯-પુષ્પ પ્રકર (ઢગ કરવા તે) પૂજા, ૧૦-આરતી-મંગલદીપપૂજા, ૧૧-દીપપૂજા, ૧૨-ધૂપપૂજા, ૧૩-નૈવેદ્યપૂજા, ૧૪-ફળપૂજા, ૧૫-ગીતપૂજા, ૧૬-નૃત્ય પૂજા અને ૧૭-વાજિંત્રપૂજા.' તાત્પર્ય કે આરતી ઉતારવી અને મંગલ દીવો કરવો, એ પણ એક પ્રકારનો પૂજાનો સ્વતંત્ર ઉપચાર છે.

આરતીને સંસ્કૃતમાં आरात्रिक કહે છે. आरात्रिक નો પ્રાકૃત સંસ્કાર आरात्तिय છે અને તેના પરથી ગુજરાતી–હિંદી વગેરે ભાષામાં 'આરતી' શબ્દનો પ્રયોગ થાય છે.

आरात्रिक નો મૂળ અર્થ તો રાત્રિ પડવા વખતનો દીવો છે, પણ તે ધીમે ધીમે અર્થસંકોચ પામી પૂજાની પૂર્ણાહુતિ સમયનો દીપક એવા અર્થમાં રૂઢ થયેલો છે અને તેથી જ અગ્રપૂજાના અધિકારે ભણાવાતી દરેક પૂજાના અંત ભાગમાં તથા જિનમંદિરમાં સાયંકાળે તેનો ઉપચાર કરવામાં આવે છે. ત્યાર પછી છેલ્લો મંગલદીપ પ્રકટાવતાં પૂજાની પૂર્ણાહુતિ થાય છે.

આરતીના દીપક નિમિત્તનું જે સાધન તેને પણ આરતી કહેવામાં આવે છે અને એ વખતે સ્તુતિ–સ્તવના રૂપ જે કાવ્યાદિ બોલાય છે, તેને પણ આરતી કહેવામાં આવે છે.

આરતી ઉતારવાનો વિધિ એવો છે કે ઉત્તમ પ્રકારના થાળમાં આરતી મૂકવી. તેનાં પાંચે ચાડાં ઘીથી ભરવાં અને તેમાં રૂની દીવેટો મૂકીને પાંચ દીપકશિખાઓ પ્રક-ટાવવી. એ વખતે પુરુષ હોય તો ખભે ખેસ નાખે. આરતી ઉતારતાં પહેલાં થાળમાં કંઈ પણ રૂપાનાણું નાખવું યોગ્ય છે. ત્યાર પછી 'नमोऽर्हत् सिद्धाचार्यो पाध्यायसर्वसाधुभ्यः' પદ બોલીને નાસિકાથી ઊંચે નહિ અને નાભિથી નીચે નહિ એવી રીતે ત્રણ ઉપર તથા ત્રણ નીચેના આવર્ત પૂર્વક આરતી ઉતારવી. એ વખતે આરતીનાં પદો ભાવ-પૂર્વક બોલવાં.

આરતી પૂરી થયા પછી તેની દીપશિખાઓ પર બંને હાથ ફેરવી જમણા તથા ડાબા નેત્રે લગાડવાં અને બીજાને પણ તેવો લાભ મળે તે માટે ઉપસ્થિત જનસમુદાયમાં આરતી ફેરવવી. એમાં એ ભાવ ભાવવો કે 'મને ભાવ પ્રકાશનો લાભ મળો.' એ વખતે જેની જેવી ભાવના હોય તે પ્રમાણે તેમાં દ્રવ્ય નાખે.

આરતીમાં કપૂરનો ઉપયોગ પણ ઇષ્ટ મનાયો છે, એટલે કપૂર સળગાવીને પણ આરતી કરી શકાય.

ત્યાર બાદ આરતી નીચે મૂકીને એ જ થાળમાં કે એ જ નિમિત્તના અન્ય થાળમાં મંગળદીવો પ્રકટાવવો. જે દીપક-દીવો અંત્ય મંગલ માટે અર્થાત્ પૂજાની પૂર્ણાહુતિ માટે પ્રકટાવાય તે મંગલપ્રદીપ-મંગળદીવો. તે વખતે આપણું સકળ સંઘનું, તેમ જ સર્વે જીવોનું મંગળ ઈચ્છવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો જૈન ધર્મની પ્રધાન-ભાવના વિશ્વમૈત્રીની છે, તે અહીં યથાર્થપણે વ્યક્ત કરવી જોઈએ.

આ વખતે વાજિંત્ર વગાડવાનો વિધિ છે, એટલે ઘંટ, નગારાં વગેરે વગાડવાં જોઈએ. આથી આપણને એક કાર્ય સફળતાથી પાર પડયાનો આનંદ થાય છે અને લોકોને પૂજા પૂર્ણ થવાનો કે જિનમંદિર બંધ થવાનો સંકેત મળે છે.

આરતી તથા મંગળદીવાનાં પદો ઘણા પ્રસિદ્ધ હોવાથી અહીં આપ્યાં નથી.

## પ્રકરણ સત્તરમું

### ભાવપૂજા

જેમાં દ્રવ્ય ઉપચારોની મુખ્યતા હોય તે દ્રવ્યપૂજા કહેવાય અને જેમાં ભાવ ઉપચારોની મુખ્યતા હોય તે ભાવપૂજા કહેવાય. દ્રવ્યપૂજાની અપેક્ષાએ ભાવપૂજાનું સ્થાન ઘણું ઊંચું છે, એમ છતાં દ્રવ્યપૂજા સિવાય જીવનમાં ભાવપૂજા આવવી અશકય છે. એટલે પ્રથમ દ્રવ્યપૂજા અને પછી ભાવપૂજા આ ક્રમ ગૃહસ્થજીવન માટે અનિવાર્ય છે. બાહ્ય ઉપચારોમાં શ્રદ્ધારૂપી જળ હોય, આદરરૂપી ચંદન હોય, બહુમાનરૂપી પુષ્પો હોય, ગુણચિંતનરૂપ ધૂપ હોય, પ્રણિધાનરૂપ દીપ હોય, આજ્ઞાપાલન રૂપ અક્ષત હોય, શરણાગતિરૂપ નૈવેદ્ય હોય અને ધ્યાનરૂપી ઉત્તમોત્તમ ફળ હોય.

ભાવપૂજાનું આલંબન લીધું કે આત્મા ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ ભૂમિકાને સ્પર્શવા લાગે છે અને એમ કરતાં પરમપદે પ્રતિષ્ઠિત થઈ જાય છે. મહાપુરુષોએ કહ્યું છે કે—

विग्घोवसामगेगा, अब्भुदयसाहिणी भवे बीआ ।
निव्वुइकारिणी तइया, फलया उ जहत्थ नामेहिं ॥

'પહેલી અંગપૂજાનું નામ વિઘ્નોપશામિકા છે, બીજી

અગ્રપૂજાનું નામ 'અભ્યુદયસાધિની' છે અને ત્રીજી ભાવ-પૂજાનું નામ 'નિવૃત્તિકારિણી' છે. આ ત્રણે પૂજાનાં ફળ તેમનાં નામ પ્રમાણે જાણવાં'.

તાત્પર્ય કે અંગપૂજાથી વર્તમાનજીવનમાં આવી પડતાં અનેક પ્રકારનાં વિઘ્નો કે કષ્ટોનું નિવારણ થાય છે; અગ્ર-પૂજાથી આ ભવમાં ઋદ્ધિ-સિદ્ધિ-સંપત્તિ-અધિકાર અને પરભવમાં દેવલોકની પ્રાપ્તથી અભ્યુદય સધાય છે, જ્યારે ભાવપૂજાથી સમસ્ત દુઃખોની નિવૃત્તિરૂપ સિદ્ધિ, મુક્તિ, મોક્ષ કે પરમપદની પ્રાપ્તિ થાય છે.

આમાંથી સાર એ લેવાનો કે ભાવપૂજા એ શ્રેષ્ઠપૂજા છે, એટલે ઉપાસકે તેનું આલંબન પણ અવશ્ય લેવું જોઈએ. કોઈ એમ માનતા હોય કે 'આપણા પામર જીવોથી આવી પૂજા કેમ થઈ શકે? માટે તેનાથી સર્યું.' તો તેમણે શ્રી હરિભદ્રસૂરિજી વડે ત્રીજા પંચાશકમાં કહેવાયેલા નિમ્ન શબ્દો વિચારવા જેવા છે:

सइ संजोओ भावो, पायं भावांतरं जओ कुणई ।
ता एयमेत्थ पवरं, लिंगं सइ भाववुड्ढी उ ॥११॥

'એક વાર ઉત્પન્ન થયેલો શુભ ભાવ પ્રાયઃ બીજા શુભ ભાવને ઉત્પન્ન કરે છે, તેથી કોઈ પણ પ્રકારે શુભભાવને ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કરવો. તે જ ભાવ-વંદનાનું શ્રેષ્ઠ લક્ષણ છે.'

अमए देह-गए जह, अपरिणयम्मि वि सुभा उ भाव त्ति ।
तह मोक्ख-हेउ अमए, अण्णेहि वि इंदि णिद्दिट्ठा ॥१२॥

'જેમ શરીરમાં સંચરેલું અમૃત ધાતુરૂપે પરિણમ્યું ન હોય તો પણ તે સુખદાયી જ થાય છે, તેમ મોક્ષના હેતુરૂપ ભાવ–અમૃત હૃદયમાં ઉત્પન્ન થવાથી તે સુખદાયી જ થાય છે. આમ (પતંજલિ આદિ) બીજાઓએ પણ કહ્યું છે.

मंताई–विहाणम्मि वि, जायइ कल्लाणिणो तहिं जत्तो।
इत्तोऽधिगभावाओ, भव्वस्स इमीए अहिगो त्ति ॥१३॥

'કલ્યાણના અર્થિનો મંત્રાદિ–વિધાનમાં પણ પ્રયત્ન હોય છે, તો તેથી અધિક ફળ આપનાર ચૈત્યવંદનાને વિષે ભવ્ય જીવનો અધિક પ્રયત્ન હોવો જોઈએ.'

एईए परमसिद्धि जायइ, जत्तो दढं तओ अहिगा।
जत्तम्मि वि अहिगत्तं, भव्वस्सेयाणुसारेण ॥१४॥

'મંત્રાદિ વડે સામાન્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જ્યારે 'ચૈત્યવંદના' વડે પરમ સિદ્ધિ (મોક્ષ) પ્રાપ્ત થાય છે, એ વાતનો ખ્યાલ કરીને ભવ્ય જીવોએ 'ચૈત્ય-વંદના'માં ઘણો વધારે પ્રયત્ન કરવો જોઈએ.'

पायं इमीए जत्ते, ण होइ इहलोगिया वि हाणि त्ति।
णिरुवक्कम–भावाओ, भावो वि हु तीइ छेयकरो ॥१५॥

'આમાં યત્ન કરવાથી પ્રાયઃ ઈહલૌકિક હાનિ પણ નથી, તેમ છતાં પૂર્વના નિરુપક્રમ કર્મને લીધે હાનિ થાય, તો ચૈત્યવંદનાના ભાવવડે તેના અનુબંધનો (દુઃખની પરંપરાનો) છેદ થાય છે.'

मोक्खवद्ध-दुग्ग-गहणं, एयं तं सेसगाण वि पसिद्धं ।
भावेयव्वमिणं खलु, सम्मं ति कयं पसंगेणं ॥१६॥

આ 'ભાવવંદન' મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનારને કર્મ કે કષાયરૂપ ચોરાદિકના ઉપદ્રવથી બચવા માટે દુર્ગ જેવું છે. અન્ય દર્શનકારોએ પણ તેને એ પ્રકારનું કહેલું છે; તેથી તેના પર સારી રીતે વિચાર કરવો, એટલે એ સંબંધી વધારે ઉલ્લેખ કરવાથી સર્યું.'

ચૈત્યવંદન સમયે સૂત્રાદિક શુદ્ધ ઉચ્ચારણપૂર્વક બોલવા જોઈએ, તે વખતે જે મુદ્રા રચવાની હોય તે બરાબર રચવી જોઈએ, અને તેના અર્થ અને વિષયમાં સતત ઉપયોગ રાખવો જોઈએ. પરંતુ આ ત્રણેય બાબતોમાં આજે ઘણે સ્થળે બહુ મોટી ખામી જોવામાં આવે છે સૂત્રોચ્ચારમાં શુદ્ધિ ઓછી હોય છે, વળી તેમાં સંપદા વગેરેનો વિવેક હોતો નથી અને ગદ્ય-પદ્ય બધું એક જ ઢબે બોલી જવામાં આવે છે. પાઠશાળાઓ કે જ્યાં આ વિષયનું ખાસ શિક્ષણ આપવામાં આવે છે, ત્યાં પણ આ બાબત પર જોઈએ તેવું લક્ષ અપાતું નથી. અથવા તો શિક્ષકોને જ આ વિષયનું પૂરું જ્ઞાન ન હોય, ત્યાં સુંદર-સારા પરિણામની આશા ક્યાંથી રાખી શકાય ?

સૂત્રોનું શિક્ષણ આપતી વખતે પ્રથમ સંહિતા એટલે શબ્દોચ્ચારણની પદ્ધતિ શીખવવી જોઈએ, પછી પદો છુટાં પાડતાં શીખવવા જોઈએ, એ છુટાં પાડેલાં દરેક પદનો અર્થ શીખવવો જોઈએ, જો તે સામાસિક

પદ હોય તો તેનો વિગ્રહ કરવો જોઈએ, એટલે કે સમાસ છૂટો પાડી બતાવવો જોઇએ, પછી તેના પર તર્ક કરી તેનું યોગ્ય સમાધાન શું છે? તે પણ જણાવવું જોઈએ. જો આ રીતે સૂત્રોનું શિક્ષણ અપાય તો શબ્દોચ્ચારમાં શુદ્ધિ રહે અને તેના અર્થ તથા વિષયમાં પણ બરાબર ઉપયોગ રહે.

વળી મુદ્રાઓ અંગે પણ કેટલીક પાઠશાળાઓમાં જોઈએ તેવી ચોકસાઈથી શિક્ષણ અપાતું નથી, એટલે તે બાબતની ખામી રહી જાય છે અને તે આગળ પર કોઈ અસાધારણ ઘટના ન બને તો સુધરતી નથી. દહેરાસરમાં પાંચ જણ ચૈત્યવંદન કરવા બેઠા હોય, તો મુદ્રા અંગે પાંચેયની સ્થિતિ જુદી જુદી જોવામાં આવે છે. તેમાંથી એક-બે તો મુદ્રા રચી ન રચી ને ક્રિયા કર્યાનો સંતોષ પામે છે અને બાકીના ત્રણ–ચાર એક જ મુદ્રા જુદી જુદી રીતે કરે છે, પણ એક જ ઢબે કે એક જ રીતે કરતા નથી; તેનું કારણ એ છે કે તે અંગે પ્રથમથી જ જે ચોકસાઈપૂર્વક શિક્ષણ અપાવું જોઇએ, તે અપાતું નથી.

સાધુ–મુનિરાજો કે જેઓને સામાન્ય રીતે આ વિષયનું સારું જ્ઞાન હોય છે, તેઓ વ્યાખ્યાન–પ્રસંગે કે તે માટે ખાસ વર્ગો યોજીને આ બાબતનું જૈન સંઘને શિક્ષણ આપે, તે ઘણું જ જરૂરનું છે.

કેટલાક માને છે તેમ, સૂત્રો એ માત્ર બોલી જવાની વસ્તુ નથી; એ ચિંતનીય છે, મનનીય છે; એટલે કે તેના

પર વારંવાર ચિંતન–મનન કરવું જોઈએ. તો જ તેમાં રહેલું રહસ્ય યથાર્થપણે સમજાય અને આપણા આત્માપર પડેલો અજ્ઞાનનો પડદો હઠી જાય. જેમ દહીંનું મંથન કરવાથી માખણની–ઘીની પ્રાપ્તિ થાય છે, તેમ સૂત્રો અંગે વિચારમંથન કરવાથી જ તત્ત્વની પ્રાપ્તિ થાય છે અને તે આપણા કલ્યાણનું કારણ બને છે.

હવે ચૈત્યવંદન કેવી રીતે કરવું જોઈએ, તે દર્શાવીશું.

**૧–પ્રણિપાત કરી આદેશ માગવો.**

'મહાનિશીથ' આગમ કહે છે કે, દરેક ધર્મક્રિયા 'ઇરિયાહિય' પ્રતિક્રમવાપૂર્વક શુદ્ધ થાય છે, એટલે પહેલાં ઈર્યાપથિકી–પ્રતિક્રમણની ક્રિયા કરાય છે. એમાં ખમાસમણ દઈ ઇરિયાવહિય, તસ્સ ઉત્તરી, અન્નત્થ સૂત્ર બોલી એક લોગસ્સ (૨૫ ઉચ્છ્વાસ)નો કાયોત્સર્ગ કરી ઉપર લોગસ્સસૂત્ર બોલાય છે. પછી કોઈપણ ધર્માનુષ્ઠાન ગુરુ અગર દેવને વંદન કરી તેમની આજ્ઞાપૂર્વક કરવું જોઈએ, એ હેતુથી પ્રથમ ત્રણ વાર ખમાસમણસૂત્રનો પાઠ બોલવાપૂર્વક પ્રણિપાતની ક્રિયા કરવી જોઈએ અને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચેઇયવંદણં કરેમિ' એ શબ્દોવડે ચૈત્યવંદનનો આદેશ માગવો જોઈએ. અહીં એ ખાસ ધ્યાન રહે કે 'ઇચ્છામિ ખમાસમણો'–'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્....' વગેરે આદેશ માગતી વખતે બે હાથની અંજલિ જોડેલી જોઈએ. એટલે પહેલા ખમાસમણા પછી બીજા-ત્રીજા ખમાસમણા વખતે આ લક્ષ રાખવાનું.

૨–આદેશનો સ્વીકાર કરવો.

આદેશ મળ્યા પછી અને તેનો સ્વીકાર કર્યા પછી જ ક્રિયામાં આગળ વધવું જોઈએ, એટલે અહીં ગુરુની કે વડીલની ઉપસ્થિતિ હોય તો તે આદેશ આપે, અન્યથા ‘ઇચ્છં’ કહીને આદેશ માથે ચડાવી આગળ વધવું જોઈએ.

૩–વીરાસને બેસવું.

ચૈત્યવંદનની ક્રિયા ‘લલિતવિસ્તરા’ માં જણાવ્યા મુજબ બે ઢીંચણ જમીનને અડાડી, પગની પાની પર બેસીને થાય છે. બીજા મતે એ વીરાસને બેસીને કરવાની છે, એટલે જમણો ઢીંચણ નીચે સ્થાપી ડાબો ઢીંચણ ઊભો રાખવો જોઈએ.

૪–મંગળ આદ્યસ્તુતિ

પછી બે હાથ જોડી મંગળરૂપ ‘સકલ કુશળવલ્લી’ બોલવાપૂર્વક આદ્યસ્તુતિ બોલવી. મંગળરૂપ આદ્ય-સ્તુતિને વર્તમાન પરિભાષામાં ‘ચૈત્યવંદન’ કહેવામાં આવે છે. જે સ્તુતિ ચૈત્યવંદનના પ્રારંભે બોલાય, તે ચૈત્યવંદન, અહીં પૂર્વાચાર્યકૃત સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, મરાઠી આદિ કોઈ પણ ચૈત્યવંદન બોલી શકાય, પણ પ્રભાતનો સમય હોય તો ‘જગચિંતામણિ’ સૂત્ર બોલવું. આ આખું સૂત્ર પદ્યમાં છે અને તે સુંદર રાગે બોલી શકાય છે. વળી એ પણ ખ્યાલ રાખવો કે દહેરાસરમાં ચૈત્યવંદન કરતા હોઈએ તો ત્યાં જે ભગવાનની સામે ચૈત્યવંદન કરતા હોઈએ તેમના સ્તુતિ, સ્તવન કહેવા

જોઈએ, એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. બાકી બીજે ચૈત્યવંદન-દેવ-વંદન કરીએ ત્યાં પર્વતિથિ હોય તો તે પર્વતિથિનું ચૈત્યવંદન બોલવું અને તીર્થ-યાત્રાનો પ્રસંગ હોય તો તે તીર્થનું ચૈત્યવંદન બોલવું. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે શબ્દના ઉચ્ચારની સાથે તેના અર્થ પરત્વે ઉપયોગ હોવો જોઈએ, અન્યથા તેની ગણના દ્રવ્યપૂજામાં થાય અને ભાવપૂજા બાજુએ રહી જાય.

૫-વંદનાવિધિ

ત્યાર પછી સર્વ તીર્થોને, સર્વ અરિહંત ભગવંતોને, સર્વ ચૈત્યોને તથા સર્વ સાધુઓને વંદન કરવા માટે અનુક્રમે 'જંકિંચિ' સૂત્ર, 'નમોત્થુણં' 'જાવંતિ ચેઈ-આઇં' સૂત્ર અને 'જાવંત કેવિ સાહૂ' સૂત્ર બોલવા જોઈએ. તેમાં 'નમોત્થુણં' સૂત્ર બોલતી વખતે યોગમુદ્રા ધારી રાખવી જોઈએ અને પછીનાં બે સૂત્રો વખતે મુક્તા-શુક્તિમુદ્રા ધારણ કરવી જોઈએ. વળી આ બે સૂત્રો વચ્ચે એક વાર ખમાસમણસૂત્ર બોલીને પ્રણિપાત પણ કરી લેવો જોઈએ.

'નમોત્થુણં' સૂત્ર અર્થમાં ઘણું ગંભીર છે. તેના ઉપર શ્રી હરિભદ્રસૂરિએ લલિતવિસ્તરા નામની ઘણી સુંદર ટીકા લખેલી છે. આ ટીકા પર પૂ. પં. શ્રી ભાનુ-વિજયજી ગણિવરે માર્મિક પ્રવચનો આપેલાં છે અને તે 'પરમ તેજ' નામથી ગ્રંથરૂપે બહાર પડેલાં છે, તે અવશ્ય

જોઈ લેવાં. વળી અમોએ શ્રી પ્રતિક્રમણસૂત્રપ્રબોધ–ટીકા-ભાગ પહેલામાં તેના પર જે અષ્ટાંગી વિવરણ કર્યું છે, તે પણ જોવા યોગ્ય છે.

'યોગમુદ્રા કોને કહેવાય ?' તેનો ઉત્તર એ છે કે 'માંહો માંહે દશ આંગળીઓ આંતરી, કમળના ડોડાના આકારે બંને હાથો રાખી, પેટ ઉપર હાથની કોણીઓ સ્થાપવી, તે યોગમુદ્રા કહેવાય.'

'મુક્તાશુક્તિમુદ્રા કોને કહેવાય ?' તેનો ઉત્તર એ છે કે 'માંહે માહે આંગળીઓ આંતરી ન હોય એવા બે હાથ પોલા રાખી લલાટે લગાડવા, તે 'મુક્તાશુક્તિ-મુદ્રા' કહેવાય મુક્તાશુક્તિ એટલે મોતીની છીપ. તેના જેવો આકાર કરવો, તે મુક્તાશુક્તિમુદ્રા.

'ચૈત્યવંદનના અધિકારે સાધુઓને વંદના કેમ ?' એ પ્રશ્નનો ઉત્તર એ છે કે 'જુદી જુદી ભૂમિકાએ રહીને આત્મવિકાસની સાધના કરી રહેલા સાધુપુરુષો–સંત પુરુષો ચૈત્યવંદનરૂપી શ્રદ્ધાયોગ કે ભક્તિયોગની ભાવનાને દૃઢ કરવામાં નિમિત્તભૂત છે, માટે તેમને પણ વંદના કરવી જોઈએ.'

શુદ્ધ ભાવે થતી વંદનામાં કેટલી શક્તિ રહેલી છે, તે અમે નમસ્કાર–પ્રકરણમાં દર્શાવી ગયા છીએ, એટલે અહીં તેનું વિશેષ વિવેચન કરતા નથી, પણ એટલું જણાવીએ છીએ કે ભાવની બને તેટલી શુદ્ધિ રાખવી, મનને જરા પણ ચલ–વિચલ થવા દેવું નહિ, જરા પણ આડું અવળું જોવું નહિ, તથા દૃષ્ટિ પ્રભુની સમક્ષ જ રાખવી.

### ૬–સ્તવન

ત્યાર પછી પ્રભુના ગુણચિંતનરૂપે સ્તવનાનો આરંભ કરવો. તેમાં મંગલાચરણ રૂપે 'नमोऽर्हत् सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः' એ સૂત્ર બોલવું. અહીં એક કે વધારે સ્તવનો બોલી શકાય, પણ તે અર્થગંભીર, સુંદર રાગવાળાં તથા ભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે તેવા હોવા જોઈએ. કેટલાંક સ્તવનો ઔપદશિક હોય છે અને આપણે સમજવા જેવા હોય છે, તે અહીં બોલવા નહિ.

જો સ્તવન આવડતું ન હોય તો 'ઉવસગ્ગહરં' સ્તોત્રનો પાઠ બોલી શકાય, પણ જિનોપાસનાનો ઉમંગ–અભિલાષ રાખનારે તો કેટલાંક સુંદર સ્તવનો કંઠસ્થ કરી લેવા જ જોઈએ અને તે પદ્ધતિસર ગાતાં પણ શીખવું જોઈએ.

### ૭–પ્રણિધાન

અંતરની શુભ ભાવનાઓને દૃઢ કરવી, એ પ્રણિધાન કહેવાય છે. આવું પ્રણિધાન કરવા માટે મુક્તાશુક્તિમુદ્રાએ જયવીયરાય સૂત્રનો પાઠ બોલવો. પરંતુ 'આભવમખંડા' પદ પછી બંને હાથ નીચે લઈ લેવા.

અહીં સ્ત્રીઓએ મર્યાદાની રક્ષા ખાતર લલાટે હાથ લગાડવાના નથી.

આ સૂત્રને પ્રાર્થનાસૂત્ર પણ કહેવામાં આવે છે, કારણ કે તેમાં નીચેની વસ્તુઓ પ્રાર્થવામાં આવે છેઃ—

(૧) ભવનિર્વેદ—ભવભ્રમણનો કંટાળો.

(૨) માર્ગાનુસારિતા—મોક્ષમાર્ગનું અનુસરણ કરનારું જીવન.

(૩) ઇષ્ટફલસિદ્ધિ—ચિત્તસ્વાસ્થ્ય અને ધર્મારાધનની પ્રવૃત્તિ-નિમિત્તે આ જીવનના અભિમત અર્થની નિષ્પત્તિ.

(૪) લોકવિરુદ્ધ ત્યાગ-શિષ્ટજનોએ નિંદેલી આ લોક અને પરલોકને અહિતકારી પ્રવૃત્તિઓનો ત્યાગ.

(૫) ગુરુજનપૂજા-ગુરુજનો પ્રત્યે શ્રદ્ધા-આદર-માનપૂર્વકની સેવાભક્તિ.

(૬) પરાર્થકરણ-બીજાનું ભલું કરવાની વૃત્તિ તથા પ્રવૃત્તિ. તેનો પર્યાય શબ્દ 'પરોપકાર' છે.

(૭) શુભ ગુરુનો યોગ, સમાગમ.

(૮) અખંડ ગુરુવચનસેવા-જીવનભર સુગુરુના ઉપદેશનું પાલન.

વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવ પાસે શારીરિક આરોગ્ય, ધન, સંપત્તિ, અધિકાર, પત્નીનું સુખ, પરિવારનું સુખ, સામાજિક પ્રતિષ્ઠા વગેરેની માગણી કરવી, એ સંસાર-વૃદ્ધિનું કારણ હોઈ નિદાનબંધન અર્થાત્ નિયાણું કહેવાય છે અને તેથી ભવભીરુ આત્માઓએ એમાંથી બચવું જોઈએ. ઉપર્યુક્ત આઠ વસ્તુઓની માગણી મોક્ષપ્રાપ્તિ માટે ઉપકારક હોઈ નિયાણામાં ગણાતી નથી અને તેથી જ

ભાવપૂજાના અવસરે તે રજૂ કરવામાં આવે છે. આનો પરમાર્થ એ છે કે શ્રી જિનેશ્વરદેવની ભાવપૂજા કરનારે મોક્ષ પ્રત્યે અતિ રુચિવંત થઈને તેના સાધનરૂપે આ બધી વસ્તુઓ પ્રાપ્ત કરવી જોઈએ. સાધન વિના સિદ્ધિ નથી, એ કહેવાની જરૂર છે ખરી?

૮–કાયોત્સર્ગ

ત્યાર પછી ઊભા થઈને જિનમુદ્રાએ 'અરિહંત ચેઈઆણં' તથા 'અન્નત્થ' સૂત્ર બોલવા જોઈએ અને તેમાં વંદનાદિ છ નિમિત્ત તથા શ્રદ્ધાદિ પાંચ સાધનોનું પ્રણિધાન કરીને કાયોત્સર્ગમાં એક નમસ્કાર ચિંતવવો જોઈએ. ત્યાર બાદ 'નમો અરિહંતાણં' પદ બોલીને તેની પૂર્ણાહુતિ કરવી જોઈએ.

'જિનમુદ્રા કોને કહેવાય?' તેનો ઉત્તર એ છે કે 'આગળના ભાગમાં ચાર આંગળ જેટલા પહોળા અને પાછળના ભાગમાં તેથી કંઈક ન્યૂન પહોળા એ રીતે બે પગ રાખી, હાથ ઈક્ષુદંડની માફક લટકતા રાખવા, એ જિનમુદ્રા કહેવાય.'

વંદનાદિ છ નિમિત્તો એટલે વંદન, પૂજન, સત્કાર, સન્માન, બોધિલાભ અને નિરુપસર્ગતા. તેને નિમિત્ત કહેવાનું કારણ એ છે કે તેના લાભ અર્થે આ કાયોત્સર્ગ કરવામાં આવે છે.

અહીં કદાચ એવો પ્રશ્ન થાય કે 'અંગપૂજા તથા અગ્રપૂજામાં વંદન, પૂજન, સત્કાર તથા સન્માન આવી જાય

છે, પછી તેના નવા લાભનો પ્રશ્ન રહ્યો ક્યાં ?' તેનો ઉત્તર એ છે કે 'આ ક્રિયાઓ સ્વયં કરવારૂપે થઈ, હવે તેનો અધિક ભાવોલ્લાસ પ્રકટ થવાથી બીજાઓથી થઈ રહેલ એ ક્રિયાઓની પણ અનુમોદના કરવા રૂપે આ કાયોત્સર્ગ થાય છે. આ ક્રિયાના ફળરૂપે આપણને બોધિ-લાભ એટલે અધિકાધિક ધર્મપ્રાપ્તિ થવી જોઈએ અને તેના ફળરૂપે નિરુપસર્ગતા એટલે મોક્ષ મળવો જોઈએ, એ ભાવના પણ અહીં દઢ કરવાની છે.

શ્રદ્ધાદિ પાંચ સાધનો એટલે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષા. ભાવના ઉલ્લાસ સાથે યથાર્થ કાયોત્સર્ગ-ધ્યાન કરવામાં આ પાંચે વસ્તુ ઘણી ઉપયોગી છે, એટલે તેને સાધન ગણવામાં આવે છે. આ સાધનમાં ઉત્તરોત્તર વિશુદ્ધ ક્રમ બતાવ્યો છે, તે આ રીતે: શ્રદ્ધા બળવતી બને, એટલે મેધા નિર્મળ થતી જાય છે. મેધા નિર્મળ બને, એટલે ધૃતિ ઉત્પન્ન થાય છે, અર્થાત્ મનના પરિણામોમાં સ્થિરતા આવતી જાય છે મનના પરિણામો સ્થિર બનતા જાય, તેમ ધારણા સિદ્ધ થતી જાય છે અને ધારણા સિદ્ધ થતી જાય કે અનુપ્રેક્ષા-સૂક્ષ્મ તત્ત્વચિંતન યથાર્થપણે થવા લાગે છે. એટલે ઉપાસકે શ્રદ્ધાથી સુસજ્જ થઈને આ કાયોત્સર્ગ કરવાનો છે.

કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ. અહીં કાયાથી કાયા-દેહ-શરીર સંબંધી મમત્વ અને ઉત્સર્ગથી ત્યાગ સમજવાનો છે. તાત્પર્ય કે શરીર પરની મમતા છોડીને

તેને ગ્રહણ કરેલા આસને સ્થિર કરવી, વાણીનો પણ નિગ્રહ કરવો અને મનને આત્મશુદ્ધિના ચિંતનમાં જોડી દેવું, એ કાયોત્સર્ગની સાચી અવસ્થા છે.

૯–અંત્ય મંગલ

ત્યાર પછી અંત્ય મંગલ તરીકે 'કલ્લાણકંદ' સૂત્રની પ્રથમ ગાથા કે અન્ય સ્તુતિ બોલવી જોઈએ કે જેને થુઈ અથવા થોય કહેવામાં આવે છે. આ સ્તુતિ કરતાં પહેલાં મંગલાચરણ તરીકે 'नमोऽर्हत्'નો પાઠ બોલવો આવશ્યક છે.

૧૦–પૂર્ણાહુતિ

સ્તુતિ બોલાઈ ગયા પછી ખમાસમણનો પાઠ બોલવા પૂર્વક પ્રણિપાત કરતાં ચૈત્યવંદનનો વિધિ પૂરો થાય છે.

## ચૈત્યવંદનના ત્રણ પ્રકારો

પંચાશકમાં કહ્યું છે કે–

नवकारेण जहण्णा, दंडगथुइजुगल मज्झिमा णेया ।
संपुण्णा उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ॥

'નમસ્કાર વડે જઘન્યા, દંડક અને સ્તુતિયુગલ વડે મધ્યમા, તથા સંપૂર્ણ વિધિવડે ઉત્કૃષ્ટા, એમ ચૈત્ય-વંદના ત્રણ પ્રકારની છે.'

નમસ્કાર શબ્દથી અહીં માત્ર નમસ્કારરૂપ ટુંકી સ્તુતિ સમજવાની છે. એ બોલતાં જઘન્ય ચૈત્યવંદન થાય છે. દંડક એટલે નમોત્થુણં સૂત્રનો પાઠ. સ્તુતિ પ્રસિદ્ધ

છે. તે બંનેનું યુગલ એટલે નમોત્થુણં સૂત્ર અને તેની સાથે સ્તુતિ-સ્તવના પણ હોય તો તે મધ્યમ કોટિનું ચૈત્યવંદન ગણાય છે. સંપૂર્ણ વિધિ એટલે પાંચ અભિગમ સાચવીને ત્રણ પ્રદક્ષિણાયુક્ત પૂજા કર્યા પછી પાંચ પ્રસિદ્ધ દંડકો, ત્રણ સ્તુતિ અને 'જયવીયરાય' આદિ પ્રણિધાનત્રિકનો પાઠ બોલતાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે, એટલે ઉપર જે ચૈત્યવંદનનો વિધિ બતાવ્યો છે, તે મધ્યમ કોટિના ચૈત્ય-વંદનનો સમજવાનો છે.

ચૈત્યવંદન અથવા દેવવંદનનું રહસ્ય સમજાવવા માટે તપોગચ્છધુરંધર શ્રીમદ્ દેવેન્દ્રસૂરિએ શ્રી દેવવંદનભાષ્યની રચના કરેલી છે અને તેમાં ચૈત્યવંદનના દરેક અંગ પર વિશદ ચર્ચા-વિચારણા કરેલી છે, તે જોવાથી આ ક્રિયાની ભવ્યતા સમજાશે.

વાસ્તવમાં ચૈત્યવંદન એ ચમત્કારિક વસ્તુ છે, પણ આપણને તેનો ચમત્કાર અનુભવાતો નથી, કારણ કે આપણા ચિત્તની ચંચળતા ઘણી છે; વળી તે વિષય અને કષાયના રંગે રંગાયેલું છે, એટલે ચૈત્યવંદનની ક્રિયામાં જે એકાગ્રતા જામવી જોઈએ તે જામતી નથી અને તેથી જે અપૂર્વ આનંદનો અનુભવ થવો જોઈએ, તે થતો નથી. તાત્પર્ય કે ચૈત્યવંદનની ક્રિયા યથાર્થપણે કરવી હોય તો ચિત્તની ચંચળતા ઘટાડવી જોઈએ અને વિષયાકર્ષણ તથા કષાયો પણ ઓછા કરવા જોઈએ. જેમ જેમ આ વસ્તુ સિદ્ધ થતી જાય, તેમ તેમ ચૈત્યવંદન શુદ્ધ ભાવે થતું

જાય અને એમ કરતાં એક અવસર એવો જરૂર આવે કે આપણે આ ચૈત્ય વંદનની ક્રિયા વિશુદ્ધ ભાવે કરી મોક્ષની પ્રાપ્તિ કરી શઈ . સમયે પણ કેટલાક ભવ્ય આત્માઓને ..ન કરતાં જોઈએ છીએ, તો સ્પષ્ટ અનુભવાય છે કે એ આત્માઓ અન્ય તો શું પણ દેહનું ભાન ભૂલી ગયેલ હોય છે. એવા આત્માઓ જ્યારે આ વિધિ કરતા હોય છે, ત્યારે વાતાવરણ ધીર, ગંભીર બની ગયું હોય છે, અને ત્યાં રહેલા અન્ય જીવો ઉપર પણ તેની એવી અસર પડતી હોય છે કે તેઓ પણ તેમાં જાય. એકરસ અને એકરૂપ આવા આત્માઓને સામે રાખીને આ ક્રિયાવિધિ કરવામાં આગળ વધવું કે જેથી એનો આસ્વાદ વધતે ભાવે અનુભવી શકાય.

## સ્નાત્રપૂજા

### ૧–સ્નાત્રપૂજા શા માટે?

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે–

नृत्यन्ति नृत्यं मणि–पुष्प–वर्षं,
सृजन्ति गायन्ति च मङ्गलानि ।
स्तोत्राणि गोत्राणि पठन्ति मन्त्रान्,
कल्याणभाजो हि जिनाभिषेके ॥

'કલ્યાણના ભાગી એવા પુણ્યશાળી આત્માઓ શ્રી જિનેશ્વરદેવના અભિષેક સમયે, અર્થાત્ સ્નાત્રક્રિયા પ્રસંગે આનંદથી નૃત્ય કરે છે, વિવિધ પ્રકારનાં રત્નો અને પુષ્પો ઉછાળે છે, મંગળ ગીતો ગાય છે; તેમજ તે સમયે અર્થગંભીર સ્તોત્રો બોલે છે; શ્રી જિનેશ્વરદેવના ગોત્રની યશોગાથાઓ ગાય છે, અને રહસ્યભરેલાં મંત્રોનું ઉચ્ચારણ પણ કરે છે.'

સ્નાત્રમહોત્સવનો આ આનંદ આપણે સહુ કોઈ માણી શકીએ, તે માટે સ્નાત્રપૂજાની યોજના છે.

### ૨–સ્નાત્રપૂજાથી થતા લાભો

જ્યારે કોઈ મોટી વિસ્તારવાળી પૂજા હોય કે પર્વ-

તિથિ હોય ત્યારે સ્નાત્રપૂજા અવશ્ય ભણાવવી જોઈએ અને ભાવના તથા શક્તિ હોય તો રોજ પણ ભણાવી શકાય. તેથી વિઘ્નોનું નિવારણ થાય છે, સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે, ચિત્તની નિર્મળતા થાય છે અને ધાર્મિક જીવન જીવવા માટે પ્રબળ પ્રેરણા મળે છે. જે ભાગ્યશાળીઓ રોજ સ્નાત્રપૂજા ભણાવ્યા પછી જ સંસાર–વ્યવહારના કામે વળગે છે, તેમની આપણે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ.

## ૩–પં. શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા

પ્રથમ સ્નાત્રપૂજા પ્રાકૃત ગાથાઓ વડે ભણાવવામાં આવતી, પણ કાળના પ્રવાહ સાથે ભાષાનું ધોરણ બદલાયું ને તેની રચના વર્તમાન ભાષામાં થવા લાગી. એ રીતે પંડિત શ્રી દેવચંદ્રજી, પંડિત શ્રી રૂપવિજયજી, તથા પં. વીરવિજયજી મહારાજ, કવિ દેપાલ, વગેરેએ સ્નાત્રપૂજાઓ રચેલી છે. તેમાં પં. શ્રી વીરવિજયજી મહારાજની રચેલી સ્નાત્રપૂજા ઘણી લોકપ્રિય છે. આ પૂજા વિવિધ પૂજા-સંગ્રહમાં તથા સ્વતંત્ર રીતે પણ છપાયેલી છે અને તેનો બહોળો પ્રચાર હોવાથી તેનો મૂલ પાઠ તથા વિધિ અહીં અક્ષરશઃ આપતાં નથી, પણ તેના પર કેટલુંક સારભૂત વિવેચન કરીએ છીએ, જે પાઠકોને સ્નાત્રનું રહસ્ય તથા ઉપયોગિતા સમજવામાં ઘણું સહાયભૂત થશે.

## ૪–કેટલીક સૂચના

સ્નાત્રપૂજામાં બાજોઠ, સિંહાસન, કળશ, ફાનસ,

ધૂપધાણું આદિ નાની મોટી ૪૪ પ્રકારની વસ્તુઓની જરૂર પડે છે, તે પ્રથમથી જ તૈયાર રાખવી જોઈએ. ત્યારપછી તેનો નીચે મુજબ પ્રાથમિક વિધિ કરીને પૂજાનો પ્રારંભ કરવો જોઈએ :

(૧) પ્રથમ મેરુપર્વતના ત્રણ વિભાગના પ્રતીકરૂપે સુંદર ત્રણ બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

(૨) પછી નીચેના બાજોઠ ઉપર કેસરનો સાથિયો કરી ઉપર ચોખા પૂરીને શ્રીફળ મૂકવું.

(૩) પછી તેજ બાજોઠ ઉપર કેસરના સાથિયા આગળ બીજા ચાર સાથિયા કરી તે ઉપર ચાર કળશ નાડાછડી બાંધી પંચામૃત ભરીને મૂકવા. પંચામૃત એટલે દૂધ, દહીં, ઘી, પાણી અને સાકરનું મિશ્રણ.

(૪) સિંહાસનના મધ્ય ભાગમાં કેસરનો સાથિયો કરી, ચોખા પૂરી, રૂપાનાણું મૂકી, ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પ્રતિમાજી પધરાવવા.

(૫) એ પ્રતિમાજી આગળ બીજો સાથિયો કરી તેના ઉપર શ્રી સિદ્ધચક્રજી પધરાવવા.

(૬) પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી જ્યોત આવે એટલો ઊંચો ઘીનો દીવો મૂકવો.

(૭) પછી સ્નાત્રિયાઓએ હાથે નાડાછડી બાંધી, હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈ, ત્રણ નવકાર ગણી, પ્રતિમાજી તેમજ સિદ્ધચક્રજીને પ્રક્ષાલ–પખાલ



**સ્નાત્રપૂજાનું એક દૃશ્ય**

શ્રી વર્ધમાન બોડેલી આશ્રમના વિદ્યાર્થીઓ ભક્તિભાવથી સ્નાત્ર ભણાવી રહ્યા છે.



અર્હં મંત્રના સામુદાયિક જાપનું એક દૃશ્ય

[ ફોટો : શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર-મુંબઈના સૌજન્યથી ]

કરવો. સ્નાત્રક્રિયામાં ભાગ લેનારાઓને સ્નાત્રિક–સ્નાત્રિયો કહેવામાં આવે છે.

(૮) પછી પાણીભર્યા મુલાયમ વસ્ત્રથી પ્રભુના અંગનું કેશર ઉતારી, પાણીનો પખાલ કરી, ત્રણ અંગલૂછણાં કરી ચંદન–કેસર વડે પૂજા કરવી.

(૯) પછી હાથ ધૂયી પોતાના જમણા હાથની હથેલીમાં કેસરનો ચાંલ્લો કરવો.

## ૫–પૂજાનો પ્રારંભ

પૂજાના પ્રારંભે મંગલાચરણ કરવું જોઈએ, તે રીતે આ પૂજામાં 'સરસશાંતિસુધારસસાગર'' એ પંક્તિઓથી શરૂ થતા કાવ્યવડે મંગલાચરણ કરવામાં આવે છે. તેમાં શ્રી જિનેશ્વરદેવની શાંતિ, પવિત્રતા, ગુણો અને પ્રભાવને અભિવંદના છે.

## ૬–અભિષેકવિધિ

ત્યાર પછીના દોહામાં અભિષેકનો વિધિ છે; પ્રથમ પ્રતિમાજી પરના કુસુમ અને આભરણ વગેરે ઉતારી લેવાં, પછી એ પ્રતિમાજીને બંને હાથમાં વિવેકથી ગ્રહણ કરીને મજ્જનપીઠ પર સ્થાપવાં. મજ્જનપીઠ એટલે સ્નાત્રપીઠ, સ્નાત્ર કરાવવા માટેની ખાસ બેઠક. તેના અભાવે લાકડાનો બાજોઠ.

અહીં પ્રતિમાજી પર જળનો અભિષેક કરવાનું સૂચન છે, જેને સ્નાત્ર કે ન્હવણ કહેવામાં આવે છે. ત્યાર પછીની

ગાથામાં જન્મપ્રસંગનું મહત્ત્વ છેઃ જિનેશ્વર ભગવંતના જન્મસમયે દેવો અને અસુરો તેમને મેરુપર્વત ઉપર લઈ જાય છે અને ત્યાં રત્ન તથા સોનાના કળશો વડે સ્નાન કરાવે છે. આ પ્રસંગે જેઓ તેમના દિવ્ય દેદારનાં દર્શન કરે છે, તેમને ધન્ય છે.'

ત્યાર પછીનાં ત્રણ પદ્યોનો ભાવાર્થ એ છે કે કળશનાં નિર્મળ જળ વડે પ્રભુજીને ન્હવરાવવા–પખાલ કરવો. પછી અંગ પર અમૂલ્ય વસ્ત્રો પહેરાવવાં (કે જેનાં સ્થાને આજે ચાંદી–સોનાના વરખ વપરાય છે.) પછી એ પ્રતિમાજીને રયણસિંહાસન એટલે રત્નના સિંહાસન પર સ્થાપવા. રત્નનું સિંહાસન ન હોય તો સોનાનું, સોનાનું સિંહાસન ન હોય તો ચાંદીનું અને તેના અભાવે પિત્તળ કે કાષ્ઠનું સિંહાસન પણ ચાલી શકે. જેવી શક્તિ હોય તેવી ભક્તિ કરી શકાય. તેમાં કોઈ પ્રકારનો દોષ નથી, પરંતુ આપણા ભાવ માયારહિત, પવિત્ર અને ઊંચા રાખવા જોઈએ. આ જ પદ્યોમાં બીજી બે મહત્ત્વની વસ્તુઓનો નિર્દેશ છેઃ (૧) જે સિદ્ધસ્વરૂપ પરમાત્માના અંગોને પખાલે છે, તેનો આત્મા નિર્મળ અને સુકોમલ થાય છે. (૨) જગન્નાથ એવા જિનેશ્વર ભગવંતના ન્હવણસમયે દેવો મચકુંદ, ચંપો, માલતી, કમળ વગેરે પાંચ વર્ણના પુષ્પો વડે અર્ઘ્ય આપે છે, એટલે તેના અનુસરણ રૂપે આપણે કુસુમાંજલિ આપવાની છે.'

૯–સાત કુસુમાંજલિ

આ ત્રણ પદ્યોમાં પહેલું પદ્ય બોલતી વખતે ચોવીશ

જિનેન્દ્રોમાંના પ્રથમ જિનેન્દ્ર શ્રી આદિનાથનું સ્મરણ કરીને તથા ત્રીજા પદ્ય વખતે સોળમા જિનેન્દ્ર શ્રી શાંતિનાથનું સ્મરણ કરીને તેમનાં નામથી કુસુમાંજલિઓ અપાય છે.

ત્યાર પછીનાં ત્રણ પદ્યો કુસુમાંજલિની મહત્તા તથા સ્વરૂપ પર વિશેષ પ્રકાશ પાડનારાં છે. પ્રથમ પદ્યમાં કહેવાય છે કે 'ત્રણે કાલમાં સિદ્ધ એવી જિનપ્રતિમા ગુણનો ભંડાર છે. તેના ચરણે મૂકાયેલી કુસુમાંજલિ ભવ્યજનના–ઉપાસકના સર્વ પાપોનું હરણ કરનારી છે.'

બીજા પદ્યમાં કહેવાય છે કે 'કૃષ્ણાગુરુ વગેરે ઉત્તમ પ્રકારનો ધૂપ પ્રકટાવી, તેનાથી હાથને સુગંધિત કરવો અને એવા સુગંધિત હાથ વડે જ કુસુમાંજલિ આપવી.'

ત્રીજા પદ્યમાં કહેવાય છે કે 'જેની સુગંધના બળથી ચાર દિશા અને ચાર વિદિશાના ભ્રમરો ગુંજારવ કરતાં આવીને ભેગા થાય, તેવા સુગંધી પુષ્પો વડે કુસુમાંજલિ આપતાં દેવો અને મનુષ્યો પોતાને કૃતકૃત્ય માને છે.' તાત્પર્ય કે કુસુમાંજલિમાં બને તેટલાં વધારે સુગંધી પુષ્પોનો ઉપયોગ કરવો જોઈએ.

આમાં બીજું પદ્ય બોલતી વખતે બાવીશમા જિનેન્દ્ર શ્રી અરિષ્ટનેમિ અપરનામ શ્રી નેમિનાથ ભગવાનને કુસુમાંજલિ આપવામાં આવે છે.

ત્યાર પછીના એક પદ્યથી તેવીશમા જિનેન્દ્ર શ્રી પાર્શ્વનાથ ભગવાનને અને પછીના બે પદ્યોથી ચોવીશમા

જિનેન્દ્ર શ્રી મહાવીર સ્વામીને કુસુમાંજલિ આપવામાં આવે છે. અહીં એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે કુસુમાંજલિમાં સ્થલોત્પન્ન અને જલોત્પન્ન એમ બંને પ્રકારનાં પુષ્પોનો ઉપયોગ કરી શકાય; પરંતુ શરત એટલી કે તે વિવિધ જાતિના અને શ્રેષ્ઠ હોવા જોઈએ.

બધા જિનેન્દ્રો શક્તિ–સામર્થ્યમાં સરખા છે, આમ છતાં પાંચ જિનેન્દ્રોની આરાધના–ઉપાસના વિશેષ થાય છે, તે પાંચ જિનેન્દ્રોને અહીં ખાસ કુસુમાંજલિ આપવામાં આવે છે.

ત્યારપછી વસ્તુ છંદમાં પૂજાનો પ્રવાહ ગતિમાન થાય છે. તેનો ભાવાર્થ એ છે કે ન્હવણ સમયે દેવો અને દાનવો એકત્ર થઈને પ્રભુના ચરણે એવી કુસુમાંજલિ ધરે છે કે જેનો સુગંધયુક્ત પરિમલ બધી દિશાઓમાં પ્રસરે છે. વળી જેમનો નામરૂપી મંત્ર સર્વે વિઘ્નોનું હરણ કરનારો છે, એવા જિનોની અનંત ચોવીશીઓ થઈ ગઈ છે. તે સર્વેને બધા ઈન્દ્રો મળીને આજ પ્રમાણે કુસુમાંજલિ આપે છે. આ કુસુમાંજલિ સર્વ જીવોનું શુભ કરનારી છે, તેમાં ય ચતુર્વિધ સંઘનું વિશેષ શુભ કરનારી છે, માટે હે ભવ્ય જીવો ! તમે ચોવીશીને કુસુમાંજલિ આપો.'

ત્યાર પછી એક પદ્ય વડે અનંત ચોવીશીને પ્રણામ કરીને વર્તમાન ચોવીશીને કુસુમાંજલિ આપવામાં આવે છે. આ કુસુમાંજલિ છઠ્ઠી છે.

ત્યાર પછી એક પદ્ય વડે વિહરમાન જિનને વંદના કરી બીજા પદ્યમાં સર્વે જિનેન્દ્રોને સમગ્રપણે કુસુમાંજલિ આપવામાં આવે છે. આ છેલ્લી અને સાતમી કુસુમાંજલિ છે.

અહીં 'અપછરમંડળ ગીત ઉચારા' એ શબ્દો વડે જન્માભિષેક સમયે અપ્સરાઓ દ્વારા થતાં ગીત-ગાનનું સૂચન છે.'

આટલી પૂજા ભણાવ્યા પછી ચૈત્યવંદનની ક્રિયા કરવાની હોય છે, જે ભાવોલ્લાસમાં ઉપકારક છે.

૮-જન્મ-કલ્યાણકનું વર્ણન

હવે દોહા તથા ઢાળો વડે જન્મકલ્યાણકનું વર્ણન શરૂ થાય છે: 'તીર્થંકર ભગવંતો પૂર્વભવમાં સમ્યકત્વ પ્રાપ્ત કરી, અનુક્રમે ચારિત્રને અંગીકાર કરી, વિધિપૂર્વક (અરિહંતાદિ) વીશ સ્થાનક અને તપનું આરાધન કરી મનમાં ભાવદયાને ધારણ કરે છે. તે એ રીતે કે 'જો મારામાં એવા પ્રકારની શક્તિ હોય તો જગતના સર્વ જીવોને વીતરાગ-શાસનના રાગી બનાવી દઉં.' આવી નિર્મળ ભાવના ભાવતાં તેઓ તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે, અર્થાત્ તેનો બંધ અતિ દૃઢ કરે છે. એવી રીતે પ્રેમપૂર્વક સંયમને ગ્રહણ કરી, આયુષ્યને પૂર્ણ કરી, વચમાં દેવનો એક ભવ કરે છે. તે દેવના ભવમાંથી ચ્યવી પંદર કર્મભૂમિ પૈકી કોઈપણ એક કર્મભૂમિમાં મધ્યખંડના કોઈપણ રાજવી-કુળને વિષે માતાના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે. જેમ હંસલો માનસરોવરમાં શોભે છે, તેમ તીર્થંકરનો

જીવ માતાના ગર્ભમાં શોભે છે. તે રાત્રિએ સુખશય્યામાં સૂતેલી તીર્થંકરની માતા નીચે ઉતરી રહેલાં ચૌદ સ્વપ્નોને જુએ છે.'

ત્યાર પછી સ્વપ્નની ઢાળ બોલતાં મનઃપ્રદેશ પર મનોરમ દૃશ્ય ખડું થાય છે. તેમાં છેવટે એવા શબ્દો આવે છે કે 'તીર્થંકરની માતા એ સ્વપ્નનો પોતાના પતિને–રાજાને જણાવે છે અને રાજા તેનો અર્થ પ્રકાશતાં કહે છે કે 'તમારી કુક્ષિએ તીર્થંકર અવતરશે, તેને ત્રણે ભુવનના લોકો નમશે અને એ રીતે તમારા સર્વ મનોરથો ફળશે.'

પછીની ઘટનાનું વર્ણન વસ્તુ છંદમાં ચાલે છે. 'શ્રી જિનેશ્વરદેવ મનુષ્યલોકમાં અવતરે ત્યારે મતિ અને શ્રુત ઉપરાંત અવધિજ્ઞાનથી પણ યુક્ત હોય છે, તેમના પરમાણુ આખા વિશ્વને સુખ કરનારા હોય છે અને તે સમયે મિથ્યાત્વરૂપી તારાઓ ઝાંખા પડી જાય છે, તથા ધર્મનો ઉદય થાય છે. પ્રાતઃકાળે માતા આનંદિત અવસ્થામાં જાગૃત થાય છે અને ધર્મની ક્રિયા કરે છે, તેમજ મનમાં એમ વિચારે છે કે 'હવે મને ત્રણ ભુવનમાં તિલકસમાન એવો શ્રેષ્ઠ પુત્ર ઉત્પન્ન થશે.'

ત્યાર પછીના દોહામાં અદ્ભુત ઘટનાનું વર્ણન આવે છે કે 'જ્યારે ગ્રહો શુભ લગ્નમાં હોય છે. ત્યારે શ્રી જિનેશ્વરદેવનો જન્મ થાય છે. એ વખતે ત્રણ જગતમાં

એક સરખો ઉદ્યોત થાય છે, નારકીમાં પણ સુખની જ્યોત પ્રગટે છે અને ત્રણે ભુવનના લોકો સુખ પામે છે.'

અહીં પૂજાના દીપકો વધારે જ્યોતિર્મય બને છે અને કડખાની દેશીમાં મહોત્સવનું વર્ણન આગળ વધે છે. પ્રભુનો જન્મ થયેલો જાણી દિશા અને વિદિશામાંથી પોતાને યોગ્ય સૂતિકાકર્મ કરવા માટે છપ્પન દિક્ કુમારિકાઓ આવે છે. તેઓ ભગવંતને તથા તેમની માતાને નમીને નીચે મુજબ કાર્યો કરે છે :

૮ દિક્ કુમારિકાઓ સંવર્ત વાયુ વડે ચાર દિશામાં એક એક યોજન પર્યંત સઘળો કચરો દૂર કરે છે.

૮ દિક્ કુમારિકાઓ શુદ્ધ થયેલી ભૂમિમાં સુગંધી જળની વૃષ્ટિ કરે છે.

૮ દિક્ કુમારિકાઓ હાથમાં પૂર્ણ કળશ ધરીને ઊભી રહે છે.

૮ દિક્ કુમારિકાઓ દર્પણ લઈને ઊભી રહે છે.

૮ દિક્ કુમારિકાઓ ચામર વીંઝે છે.

૮ દિક્ કુમારિકાઓ પંખો લઈને પવન નાખે છે.

૪ દિક્ કુમારિકાઓ રક્ષાપોટલી બાંધે છે.

૪ દિક્ કુમારિકાઓ દીપકને ગ્રહણ કરે છે.

પછી ત્યાં ઉત્તમ પ્રકારના કેળના પાંદડાંઓનું ગૃહ બનાવીને તેની અંદર માતા તથા પુત્રને લાવે છે અને

કળશો વડે સ્નાન કરાવે છે. પશ્ચાત્ કેસર અને પુષ્પથી પૂજા કરી, આભૂષણ પહેરાવી અને હાથે રાખડી બાંધી પલંગમાં પધરાવે છે. આ રીતે પોતપોતાને લાયક કામ કરી માતા તથા પુત્રને નમસ્કાર કરીને તેઓ કહે છે: 'હે માતા! આનંદકારી એવો તમારો પુત્ર જ્યાં સુધી મેરુપર્વત, સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન રહે ત્યાં સુધી જગતપતિ થઈને જીવજો.' અને તેઓ પોતપોતાના સ્થાને ચાલી જાય છે.

હવે દેવલોકમાં શું ઘટના બને છે, તે એકવીશાની દેશીમાં રજૂ કરવામાં આવે છે; શ્રી જિનેશ્વરદેવનો જન્મ થતાં જ એકાએક ઇન્દ્રનું સિંહાસન કંપે છે. જો શ્રી જિનેશ્વરદેવ દક્ષિણ દિશામાં જન્મ્યા હોય તો સૌધર્મેન્દ્રનું અને ઉત્તર દિશામાં જન્મ્યા હોય તો ઈશાનેન્દ્રનું આસન ચલાયમાન થાય છે. પછી શું બને છે? તેનું વર્ણન પ્રસંગને અનુરૂપ એવા ત્રોટક છંદમાં ચાલે છે. બંને ઇન્દ્રો મનમાં વિચાર કરે છે કે કયા પ્રસંગને લઈને મારું સિંહાસન કંપાયમાન થયું?' તે અવધિજ્ઞાની હોવાથી જાણી શકે છે કે 'આ તો શ્રી જિનેશ્વરદેવનો જન્મ થયો.' અને તેઓ ખૂબ આનંદ પામે છે. પછી તેઓ તરત જ હરિણૈ-ગમેષી નામના દેવને બોલાવી તેની પાસે સુઘોષા ઘંટ વગડાવે છે અને દેવોને ખબર આપે છે કે 'તીર્થંકર ભગવંતનો જન્મ થયેલ છે, માટે સર્વે દેવો જન્મ-મહોત્સવ ઉજવવા મેરુપર્વત પર આવજો.'

દેવો પોતપોતાના નિવાસમાં કે ઉદ્યાન વગેરેમાં અનેક પ્રકારની દિવ્ય ક્રીડાઓ કરવામાં મગ્ન હોય છે, એટલે તેમને આ રીતે ખબર આપવામાં આવે છે.

પછીની ઢાળ એમ જણાવે છે કે આ ઉદ્‌ઘોષણા સાંભળીને ક્રોડો દેવતાઓ એકઠા થઈ જાય છે અને તેઓ જન્મમહોત્સવ કરવા માટે મેરુપર્વત પ્રત્યે જવા લાગે છે. એ વખતે સૌધર્મેન્દ્ર વિશાળ પરિવાર સાથે જ્યાં જિન-જનની–જિનભગવંતની માતા હોય ત્યાં જાય છે અને તેમને વંદન કરીને પ્રભુજીને દૈવી સામગ્રી વડે વધાવે છે.'

સ્નાત્રિકોએ પણ આ વખતે પોતાની થાળીમાં રહેલા અક્ષતનો ઉપયોગ કરી પ્રભુને વધામણાં કરવાના હોય છે.

આગળનું વર્ણન ત્રોટક છંદમાં ચાલે છે: 'વધામણાં કર્યા પછી ઈન્દ્ર મહારાજ માતાને કહે છે કે ' રત્નકુક્ષિને ધારણ કરનારી હે દેવી ! હું સૌધર્મ નામે ઈન્દ્ર છું અને તમારા પુત્રનો જન્મ–મહોત્સવ કરવા આવ્યો છું.' પછી શ્રી જિનભગવંતનું બીજું રૂપ કરી માતાની પાસે સ્થાપે છે અને પોતે પાંચ રૂપ ધારણ કરી પરમાત્માને ગ્રહણ કરી હર્ષથી નૃત્ય કરતાં દેવદેવીઓના સમૂહ સાથે સુરગિરિ એટલે મેરુ પર્વત પર આવે છે.

ત્યાં શું બને છે ? તેનું વર્ણન પુનઃ એકવીશાની દેશીમાં ચાલે છે: 'મેરુપર્વત ઉપર પાંડુક નામના વનમાં આવી, એક સુંદર શિલા ઉપર સિંહાસન ગોઠવે છે. તેના પર ઈન્દ્ર મહારાજ બેસે છે અને ભગવંતને પોતાના

ખોળામાં ધારણ કરે છે. તે વખતે બીજા ૬૩ ઈંદ્રો પણ ત્યાં આવી પહોંચે છે.'

પુનઃ ત્રોટક છંદ આપણને અદ્‌ભુત ઘટનાનાં દર્શન કરાવે છેઃ 'ત્યાં આગળ એકત્ર થયેલા ૬૪ ઈન્દ્રો આઠ જાતિના કળશો વિકુર્વે છે અને સુગંધી ધૂપ પ્રકટાવે છે. પછી સૌધર્મપતિ શો હુકમ કરે છે? તેની રાહ જોતા ઊભા રહે છે. તે વખતે અચ્યુતેન્દ્ર બીજા દેવોને હુકમ કરે છે કે જિન ભગવંતના આ સ્નાત્ર મહોત્સવ માટે તમે માગધ, વરદામ આદિ તીર્થોના, ક્ષીરોદધિ વગેરે સમુદ્રના તથા ગંગા વગેરે પવિત્ર નદીઓનાં નીર લઈ આવો; તથા તેમાં નાખવા માટે કેટલીક દિવ્ય ઔષધિઓ પણ સાથે લેતા આવો.'

હવે દિલડાં ડોલાવનાર વિવાહલાંની દેશી શરૂ થાય છે. એ દેશીમાં કહેવાય છે કે 'અચ્યુતેન્દ્રનો હુકમ સાંભળીને તુરતજ દેવતાઓ માગધ, વરદામ, પદ્મદ્રહ, ગંગા વગેરે તીર્થ–સ્થાનોમાં પહોંચી જાય છે.'

અહીં કોઈને પ્રશ્ન થાય કે 'દેવો એ બધાં તીર્થોમાં ક્યારે પહોંચે અને ક્યારે તેનું જળ લઈને પાછા આવે? ત્યાં સુધી મેરુપર્વત પર શું થાય?' પણ દેવોની શક્તિ અચિંત્ય હોય છે. તેઓ આંખના પલકારામાં એ તીર્થોમાં પહોંચી જાય છે અને કળશોમાં જળ ભરી, વળતી વખતે દિવ્ય ઔષધિઓ તથા પુષ્પ વગેરે સામગ્રીઓ લેતા આવે છે કે જેનું વર્ણન સિદ્ધાંતોમાં કરેલું છે. દેવતાઓ શીઘ્ર

સુરગિરિ પર પાછા ફરી પ્રભુનો દિવ્ય દેદાર જોતાં આનંદ પામે છે અને ત્યાં કળશો મૂકીને પ્રભુના ગુણ ગાવામાં મગ્ન બને છે.

પછીનું વર્ણન ધનાશ્રી રાગની ઢાળથી ધન્ય બને છે. દેવોનો સમૂહ પ્રતિપળ વધતો જ જાય છે. કેટલાક પ્રભુ ઉપર ભક્તિ હોવાથી, કેટલાક મિત્રોનું અનુકરણ કરીને, કેટલાક સ્ત્રીના કહેવાથી, કેટલાક ' આપણો કુળાચાર છે ' એમ માનીને, તો કેટલાક ધર્મમિત્રોની પ્રેરણાથી ત્યાં આવે છે. તેમાં ભવનપતિ દેવો હોય છે, વ્યંતર દેવો પણ હોય છે, જ્યોતિષી દેવો પણ હોય છે અને વૈમાનિક દેવો પણ હોય છે. અચ્યુતેન્દ્રનો હુકમ થતાં આ ચારે પ્રકારના દેવો જલપૂર્ણ કળશોવડે પ્રભુને સ્નાન કરાવે છે.

પ્રત્યેક અભિષેકમાં આઠ પ્રકારના કળશો હોય છે અને તે દરેકની સંખ્યા આઠ આઠ હજારની હોય છે, એટલે એક અભિષેકમાં ૬૪૦૦૦ કળશોનો ઉપયોગ થાય છે. હવે આવા અભિષેકો અઢીસો થાય છે, એટલે કળશોની કુલ સંખ્યા એક ક્રોડ ને સાઠ લાખની હોય છે. ' અઢીસો અભિષેક કઈ રીતે ? ' તેની ગણના પણ અહીં કરવામાં આવે છે.

| | |
|---|---|
| બાસઠ ઇંદ્રોના | ૬૨ |
| ચાર લોકપાલના | ૪ |

| | |
|---|---|
| ચંદ્રની ૬૬ પંક્તિના | ૬૬ |
| સૂર્યની ૬૬ પંક્તિના | ૬૬ |
| ગુરુસ્થાનકે રહેલા દેવોનો | ૧ |
| સામાનિક દેવોનો | ૧ |
| સૌધર્મેન્દ્રની ઇંદ્રાણીના | ૮ |
| ઈશાનપતિની ઇંદ્રાણીના | ૮ |
| અસુરેન્દ્રની ઈંદ્રાણીના | ૧૦ |
| નાગેન્દ્રની ઇંદ્રાણીના | ૧૨ |
| જ્યોતિષની ઈંદ્રાણીના | ૪ |
| વ્યંતરની ઇન્દ્રાણીના | ૪ |
| પારિષદ્ય દેવોનો | ૧ |
| કટકપતિનો | ૧ |
| અંગરક્ષકોનો | ૧ |
| પ્રકીર્ણ દેવોનો | ૧ |
| | ૨૫૦ |

હવે ઇશાનેન્દ્ર સૌધર્મ ઇન્દ્રને કહે છે કે પ્રભુને(મારા) ખોળે બેસાડવા માટે 'મને થોડીવાર આપો.' આ પ્રમાણે તેની માગણીથી પ્રભુજીને તેના ખોળામાં બેસાડી, પોતે વૃષભનું રૂપ ધારણ કરી, શિંગડામાં જળ ભરી તે વડે પ્રભુજીને અભિષેક કરે છે અને કેસરથી પૂજા કરી, પુષ્પો

ચડાવી, આરતી–મંગળદીવો ઉતારીને દેવતાઓ જય જય શબ્દ બોલે છે. ત્યારપછી ભગવંતને હાથમાં ધારણ કરી ભેરી, ભુંગળ ( શરણાઈ) વગેરે વાજિંત્રોના અવાજ સાથે વાજતે-ગાજતે માતા પાસે લઈ જાય છે અને તેમને તેમનો પુત્ર સોંપીને કહે છે: 'હે માતા ! આ તમારો પુત્ર છે, પણ અમારો સ્વામી છે. અમને સેવકોને તેમનો જ આધાર છે.' પછી પ્રભુને રમાડવા માટે રંભા વગેરે પાંચ ધાવોની સ્થાપના કરે છે અને ( પ્રભુના પુણ્યથી આકર્ષાઈને તિર્યક્ જ઼ુંભક દેવો ) બત્રીસ ક્રોડ સોનૈયા તથા મણિ, માણેક, વસ્ત્ર વગરેની વૃષ્ટિ કરે છે. ત્યાર બાદ તમામ દેવતાઓ પોતાનો હર્ષ પૂરો કરવા માટે નંદીશ્વર દ્વીપમાં જાય છે અને ત્યાં આઠ દિવસનો મંગળ મહોત્સવ કરે છે. પછી સર્વ દેવો પોતપોતાના કલ્પમાં-સ્થાનોમાં સીધાવે છે દેવો તરફથી આવો જ ઉત્સવ પ્રભુની દીક્ષા અને કેવલજ્ઞાન સમયે પણ થાય છે.

ત્યાર પછી પૂજા રચનારની પ્રશસ્તિ ગવાય છે અને છેવટે શ્રી જિનેશ્વર દેવોનું સ્મરણ કરતાં કહેવાય છે કે એક કાળે ઉત્કૃષ્ટા જિનો એકસો ને સિત્તેર હોય છે; પરંતુ વર્તમાન કાળે વીશ જિન વિચરી રહ્યા છે. જો અતીત અને અનાગત કાળનો વિચાર કરીએ તો શ્રી જિનેશ્વર દેવોની સંખ્યા અનંત છે. આ બધા પ્રત્યે અમારો સરખો ભક્તિભાવ હો. છેવટે કહેવાય છે કે 'જેઓ આ કળશ ગાય છે, તે આનંદ મંગળવાળું ઘણું સુખ પામે છે

અને સ્નાત્ર ભણાવનાર દરેકના ઘરે હર્ષનાં વધામણાં થાય છે.'

સ્નાત્ર પૂરું થતાં પંચામૃતથી ભરેલા કાળશો વડે અભિષેક કરવામાં આવે છે. પછી જળથી અભિષેક કરી, અંગલૂંછણા કરી સંક્ષેપથી કે વિસ્તારથી અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવે છે. ત્યારબાદ લૂણ ઉતારી, આરતી અને મંગળ દીવો કરી પૂજાની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

શ્રી જિનેશ્વર દેવના જન્મ-મહોત્સવરૂપ આ પૂજાનો જેટલો લાભ લઈએ તેટલો ઓછો જ છે. જિનોપાસનામાં આગળ વધવા ઇચ્છનારે તો આ પૂજાનો વારંવાર લાભ લેવો જ જોઈએ.

## પ્રકરણ ઓગણીસમું

### રથયાત્રાદિ

**૧–રથયાત્રાનો ઉદ્ભવ**

સૂર્યનો ઉદય થતાં પદ્મની પાંખડીઓ વિકસ્વર થવા માંડે છે અને તેમાંથી મધુર ગંધ ચારે બાજુ પ્રસરવા લાગે છે; તેમ અર્હદ્ભક્તિ કે જિનોપાસનાનો ઉદય થતાં હૃદયની પાંખડીઓ વિકસ્વર થવા લાગે છે અને તેમાંથી વિવિધ પ્રકારની યાત્રાઓ, વિવિધ પ્રકારના ઉત્સવો આકાર ધારણ કરે છે. રથયાત્રા તેમાંની એક છે અને તે વિશેષ પ્રકારે જાણવા યોગ્ય છે, તેથી જ તે અંગે અહીં કેટલુંક વિવેચન કરવામાં આવે છે.

**૨–રથયાત્રા અંગે કિંચિત્**

રથવડે અથવા રથની મુખ્યતાથી જે યાત્રા–જે ઉત્સવ કરવામાં આવે તે રથયાત્રા કહેવાય. આજે ચાલુ પ્રવાસમાં રથનો બહુ પ્રચાર નથી, પણ પ્રાચીન કાળમાં તેનો બહુ પ્રચાર હતો અને રાજાઓ, શ્રીમંતો તથા અન્ય ગૃહસ્થો બહાર જવા માટે તથા ફરવા સ્થળનો પ્રવાસ કરવા માટે તેનો ખાસ ઉપયોગ કરતા. વળી યુદ્ધ માટે વિશિષ્ટ બનાવટના રથો તૈયાર થતા અને યોદ્ધાઓ તેના પર આરોહણ કરીને જીવસટોસટનો જંગ ખેલી લેતા. અર્જુને રથમાં બેસીને જ મહાભારતનું યુદ્ધ ખેડ્યું

હતું અને શ્રીકૃષ્ણે તેનું સારથિપણું કર્યું હતું, એ વાત સુપ્રસિદ્ધ છે. આ જ રીતે ધાર્મિક ઉત્સવોમાં પણ રથનો વિશિષ્ટ રીતે ઉપયોગ થતો અને તેના નાના મોટા અનેક પ્રકારોને ઉપયોગમાં લેવાતા. આ રથો બળદો વડે, ઘોડાઓ વડે, હાથીઓ વડે કે જનસમૂહ વડે ખેંચવામાં આવતા અને તે વખતે અનેક પ્રકારનાં મનોરમ દશ્યો ખડાં થતાં. ખાસ કરીને જ્યારે મહાન રથોને બહાર કાઢવામાં આવતા, ત્યારે વિવિધ પ્રકારનાં ગીત, અનેક પ્રકારના વાજિંત્રોનું વાદન તથા પૂતળીઓનો નાચ વગેરે જનસમૂહનું ભારે આકર્ષણ કરતા. પરિણામે લોકો ધર્મભાવનાથી રંગાતા અને એ રીતે ધર્મનો ઘણો પ્રચાર થતો.

જૈન પરંપરામાં રથયાત્રા ઘણા પ્રાચીન કાળથી પ્રચલિત હતી અને કેટલીક વાર તેની સામે હરિફાઈ થયાના દાખલાઓ પણ મળી આવે છે.

વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના વખતની આ વાત છે. તે વખતે હસ્તિનાપુરમાં પદ્મોત્તર રાજા રાજ્ય કરતો હતો. એક વખત તેની રાણી જ્વાલાદેવીએ ભક્તિના અતિશયથી શ્રી જિનેશ્વરદેવનો મહાન રથ તૈયાર કરાવ્યો, ત્યારે તેમની બીજી રાણી લક્ષ્મીએ ઈર્ષ્યાથી બ્રહ્મરથ તૈયાર કરાવ્યો. હવે એક વખત રથયાત્રાનો પ્રસંગ આવ્યો, ત્યારે લક્ષ્મીએ પદ્મોત્તર રાજા આગળ એવી માગણી કરી કે 'નગરમાં મારો બ્રહ્મરથ પહેલો ચાલે, નહિતર હું આપઘાત કરીને મરીશ.' ત્યારે જ્વાલાદેવીએ કહ્યું કે

'જો મારો રથ પહેલો નહિ ચલે તો મારે આજથી જ અન્નપાણી હરામ છે.' આ રીતે બંનેને ચડસ પર ચડેલાં જોઈને રાજાએ એવો નિર્ણય જાહેર કર્યો કે 'બેમાંથી કોઈએ પણ રથ કાઢવો નહિ.'

આ નિર્ણયથી જ્વાલાદેવીને ઘણો આઘાત થયો અને તેમના નાના પુત્ર મહાપદ્મને ઘણું જ માઠું લાગ્યું. આ વખતે રાજ્યની લગામ તેના હાથમાં હતી, પરંતુ પિતાનું વચન ટાળવાનું તેને માટે શક્ય ન હતું, એટલે તેને પરતંત્રતાનું ભાન થયું અને તેણે એવો નિર્ણય કર્યો કે 'જ્યારે મારી માતાનો રથ આ નગરમાં નિરંકુશપણે ચલાવું, ત્યારે જ હું ખરો.' અને તે જ રાત્રે તેણે નગરનો ત્યાગ કર્યો.

સવારે જ્યારે ખબર પડી કે મહાપદ્મકુમાર એકાએક ચાલ્યા ગયા છે, ત્યારે જ્વાલાદેવી રડવા લાગ્યા, પદ્મોત્તર રાજા શોકાતુર થયા અને મહાપદ્મના મોટાભાઈ વિષ્ણુ-કુમારની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં. ભાઈની શોધ કરવા વિષ્ણુકુમારે તરત જ ઘોડે પલાણ નાખ્યું અને થોડા અનુચરો સાથે નીકળી પડ્યા. તેઓ ઘણા સ્થળે ફરી વળ્યા પણ મહાપદ્મનો પત્તો લાગ્યો નહિ, એટલે નિરાશ થઈને પાછા ફર્યા.

આ વાતને ઘણાં વર્ષ વીતી ગયાં અને મહાપદ્મ-કુમારે પોતાના બાહુબળથી છ ખંડ ધરતી જીતી લીધી. પછી તે ઘણી ઋદ્ધિ–સિદ્ધિ સાથે હસ્તિનાપુર આવ્યો.

ત્યાં તેનું ભવ્ય સ્વાગત થયું અને તે માતાપિતાના ચરણમાં પડ્યો.

હવે રાજા પદ્મોત્તર ને દીક્ષા લેવાની ભાવના થઈ હતી, એટલે તેણે મંત્રીઓને તથા મુખ્ય પ્રજાજનોને એકઠા કરીને કહ્યું કે 'આ સંસાર પરથી મને વૈરાગ્ય થયો છે, માટે વિષ્ણુકુમારને તમારો રાજા બનાવો.' પરંતુ વિષ્ણુકુમારે કહ્યું કે 'હું તો તમારા જેવું જ પવિત્ર જીવન ગાળવા માગું છું, માટે મહાપદ્મને જ રાજ્ય આપો.'

આથી રાજાએ મહાપદ્મને રાજ્ય સોંપી સુવ્રતાચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. વિષ્ણુકુમારે પણ એ જ ગુરુનાં ચરણે સમર્પણ કર્યું.

હવે મહાપદ્મ રાજાએ સહુથી પહેલું કામ એ કર્યું કે કલા–કારીગરીથી સુશોભિત એક મહાન રથ તૈયાર કરાવ્યો અને તેમાં શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ બેસાડી તે રથને આખા નગરમાં ખૂબ ધામધૂમથી ફેરવ્યો અને માતાની ઇચ્છા પૂર્ણ કરી.

આ મહાપદ્મ ભરતખંડના બાર ચક્રવર્તીઓ પૈકી નવમો ચક્રવર્તી થયો અને ઇતિહાસનાં પૃષ્ઠોમાં અમર બની ગયો.

રથયાત્રા માટે આપણા દિલમાં કેવી લગન હોવી જોઈએ, તેનો આ સુંદર દાખલો છે.

૩-રથયાત્રાનું સ્વરૂપ

'રથયાત્રા કેવી હોવી જોઈએ ?' તેનો ખ્યાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે પરિશિષ્ટ-પર્વમાં શ્રી આર્યસુહસ્તિ સૂરિજીના પ્રબંધમાં આપ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે 'શ્રી આર્યસુહસ્તિસૂરિ જ્યારે અવંતી (ઉજ્જૈન) નગરીમાં હતા, ત્યારે શ્રી સંઘે ચૈત્યયાત્રા-મહોત્સવ કર્યો. આ મહોત્સવ પ્રસંગે શ્રી આર્યસુહસ્તિસૂરિજી શ્રી સંઘની સાથે હમેશાં મંડપમાં પધારીને તેની શોભામાં અભિવૃદ્ધિ કરતા અને તેમના શિષ્ય અર્થાત્ તેમનાથી પ્રતિબોધ પામેલા શ્રી સંપ્રતિ રાજા બે હાથ જોડીને અતિ લઘુતા ધારણ કરીને તેમની સામે બેસતા.

આ ચૈત્યયાત્રા અંગે શ્રી સંઘે તીર્થયાત્રા કાઢી, કારણ કે ચૈત્યયાત્રાનો મહોત્સવ રથયાત્રા વડે જ પૂર્ણ થાય છે. તે રથયાત્રામાં સુવર્ણ અને માણેક વગેરે રત્નોની કાંતિથી ઝળહળતો અર્થાત્ સર્વ દિશાઓમાં પ્રકાશ કરતો સૂર્યના રથ જેવો ઉત્તમ રથ રથશાળામાંથી બહાર કાઢ્યો. ત્યાર પછી વિધિના જાણકાર શ્રાવકોએ તેમાં જિનમૂર્તિ પધરાવી અને તેની સ્નાત્રપૂજા વગેરે ભક્તિ શરૂ કરી.'

'એ સ્નાત્રપૂજા કેવી રીતે કરી ?' તેનું વર્ણન ખાસ જાણવા જેવું છે. 'દેવોએ મેરુપર્વત ઉપર પ્રભુનો અભિષેક કર્યો ત્યારે સ્નાત્રજળની જોરદાર ધારા વહી હતી, તે રીતે અહીં પણ જિનપ્રતિમાને સ્નાત્ર કરતાં સ્નાત્રજળની ધારા વહેવા લાગી. પછી મુખકોશ બાંધેલા શ્રાવકોએ

જાણે પ્રભુને વિનંતિ કરવા ઇચ્છતા હોય એ રીતે સુગંધી દ્રવ્યોથી વિલેપન કર્યું અને માલતી, શતપત્ર વગેરે પુષ્પોની માળાથી પ્રભુપ્રતિમાને પૂજી, ત્યારે તે શરદઋતુના વાદળથી ઢંકાયેલી ચંદ્રકળાની જેમ દીપવા લાગી. તાત્પર્ય કે માળા વાદળ સમાન અને પ્રભુપ્રતિમા ચંદ્રકળા જેવી જણાવા લાગી. પછી અગર વગેરે સુગંગી પદાર્થોથી એવી ધૂપ-પૂજા કરી કે તેના ધૂમાડાથી આચ્છાદિત થયેલા તે પ્રતિમાજી જાણે નીલવર્ણનું વસ્ત્રધારણ કર્યું હોય તેવા શોભવા લાગ્યાં. તે પછી શ્રાવકોએ તે જિનપ્રતિમાની દેદીપ્યમાન દીપકની શિખાવાળી આરાત્રિક કરી-આરતી ઉતારી. તે વખતે એવું દશ્ય ખડું થયું કે તેની સામે દેદીપ્યમાન ઔષધિઓથી દીપતું મેરુશિખરનું શિખર પણ લજ્જા પામે. તે પછી આર્હંત ધર્મના ઉપાસક શ્રાવકોએ શ્રી અરિહંત ભગવંતની આગળ ચૈત્યવંદન કર્યું અને વૃષભોની જેમ આગળ થઈને સ્વયંમેવ રથને ખેંચ્યો.

આ રીતે પ્રતિદિન નગરમાં રથ ફરતો ત્યારે નગરની સ્ત્રીઓ આવીને આવીને રથની સામે હલ્લસિક (એક પ્રકારનું નૃત્ય) કરતી, રાસ ગાતી, ચારે પ્રકારના વાજિંત્રોના નાદ સાથે પ્રેક્ષણો (નૃત્ય-નાટક) થતાં અને રથની ચારે બાજુ શ્રાવિકાવર્ગ સુંદર માંગલિક ગીતો ગાતી. એમ દરરોજ ઘરે ઘરે પૂજા-સત્કારને પામતો અને ઉત્તમ કેસર વગેરેની સુગંધવાળા પાણીના છંટકાવવાળી ભૂમિમાં ચાલતો તે રથ અનુક્રમે જ્યારે શ્રી સંપ્રતિ રાજાના મહેલના બારણે આવ્યો, ત્યારે ફનસફળના કાંટાની જેમ જેમના

શરીર ઉપર રોમરોજી ખડી થઈ ગઈ છે, એવા શ્રી સંપ્રતિરાજા પણ રથપૂજા કરવા તૈયાર થયા અને અપૂર્વ આનંદરૂપી સરોવરમાં હંસની જેમ ઝીલતાં (સ્નાન કરતાં) તેઓએ રથમાં શોભતી શ્રી જિનપ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરી.'

આમાંથી નીચેના મુદ્દાઓ તરી આવે આવે છે:

(૧) રથ બને તેટલો સુંદર અને આકર્ષક હોવો જોઈએ.

(૨) તેમાં પ્રતિમાજીને પધરાવી સ્નાત્રાદિ ભક્તિ ભવ્ય સામગ્રીથી ચડતા પરિણામે કરવી જોઈએ.

(૩) તે વખતે બધા શ્રાવકોએ ઉમંગથી સાથે ચાલવું જોઈએ અને પ્રભુનો રથ ખેંચવામાં જીવનની કૃતાર્થતા માનવી જોઈએ.

(૪) તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડવા જોઈએ અને ભક્તિભર્યાં ગીત વગેરે ગાવા જોઈએ. વળી તે સમયે મર્યાદાવાળા ભક્તિરસ પોષક નૃત્યની યોજના થાય તે પણ ઇષ્ટ છે, કારણ કે તેથી ઘણા લોકોનું આકર્ષણ થાય છે. આજે નૃત્ય તેની કક્ષાથી ઘણું નીચું ઉતરી ગયું છે, એટલે તેમાં સંકોચ કે શરમ અનુભવાય છે, પણ જો શિષ્ટતા સાચવીને તેનો પ્રયોગ કરવામાં આવે તો એ અનુચિત નથી. હજી પણ કેટલાક શહેરોમાં વરઘોડા–પ્રસંગે મોટર ખટારા આદિ વાહનોમાં નૃત્ય કરતી ટોળીઓ રાખ-

વામાં આવે છે. અલબત્ત, આ બધી વસ્તુ ખૂબ વિવેક અને સાવધાની માગે છે.

(૫) નગરના મુખ્ય મુખ્ય માણસો ઠાઠમાઠથી જિનપ્રતિમાનાં દર્શન–પૂજન કરે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. શ્રી સંપ્રતિ રાજાએ ઠાઠથી જિનપ્રતિમાનાં દર્શન–પૂજન કર્યાં, તેનો પ્રભાવ સામાન્ય જનતા પર કેટલો મોટો પડ્યો હશે, તે વિચારવું ઘટે છે.

(૬) શ્રી જિનપ્રતિમાનાં દર્શન જેટલા વધારે મનુષ્યો કરી શકે તેટલું સારું, એમ માની તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી ઘટે.

કુમારપાળ મહારાજાએ કરેલી રથયાત્રાનું વર્ણન પણ લગભગ ઉપર જેવું જ છે. તેમાં જણાવ્યું છે કે 'ચૈત્ર મહિનાની (શુકલ) અષ્ટમીને દિવસે ચોથા પ્રહરે અતિ શોભાપૂર્વક શ્રી જિનેશ્વરદેવનો રથ જ્યારે રથશાળામાંથી નીકળ્યો, ત્યારે એકત્ર થયેલા નગરવાસી લોકોએ અતિ હર્ષથી 'જય જય' એવો શબ્દ ઉચ્ચાર્યો. શ્રી જિનેશ્વરદેવનો તે રથ સુવર્ણનો હતો અને ચાલતી વખતે મેરુપર્વત જેવો દેખાતો હતો. તેની ઉપરના લાંબા સુવર્ણદંડ ઉપર મોટો ધ્વજ ફરકતો હતો તથા છત્ર અને ચામરો વગેરેથી તે અતિશય દીપતો હતો.

રથ જ્યારે રથશાળામાંથી નીકળીને કુમારવિહાર (નામના શ્રી જિનમંદિરના) આંગણે આવ્યો, ત્યારે ત્યાં મહાજને અતિ ઠાઠથી સ્નાત્ર–વિલેપન કરીને, પુષ્પહાર–

અલંકાર-આભરણુ વગેરેથી શણગારેલી એવી મહાઋદ્ધિથી યુક્ત શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને તે રથમાં પધરાવી. પછી તેની આગળ વાજિંત્રોના નાદથી આકાશને પણ પૂરતો તથા જેની આગળ યુવતીઓનાં ટોળેટોળાં નાચ કરે છે, વળી સામંત રાજાઓ, મંત્રીઓ વગેરે ( સાજન ) જેની સાથે ચાલે છે, તેવો તે રથ ત્યાંથી રાજમંદિર તરફ ચાલ્યો. જ્યારે તે રથ ત્યાં પહોંચ્યો, ત્યારે મહારાજા શ્રી કુમારપાળે સ્વયમેવ રથમાં વિરાજતી તે જિનપ્રતિમાનું પટ્ટાંશુક ( રેશમી વસ્ત્રો ) તથા સુવર્ણનાં આભૂષણો વગેરેથી પૂજન કર્યું અને તેની સામે અનેક પ્રકારનાં નાટ્ય (નૃત્ય) કરાવ્યાં. એ રીતિએ મહોત્સવપૂર્વક આખી રાત્રિ પૂર્ણ કરીને, રથ જ્યાં સિંહદ્વારની બહાર નીકળ્યો, ત્યાં અનેક ફરતી ધ્વજાઓવાળા પટ મંડપમાં (તંબૂમાં) પ્રાતઃકાળે રાજાએ સ્વયમેવ ચતુર્વિધ સંઘ સમક્ષ રથમાં રહેલી તે જિનપ્રતિમાજીની ઉત્તમ પૂજા કરીને આરતી ઉતારી પછી જેને હાથી જોડેલા છે, એવો એ રથ ઠામ ઠામ બાંધેલા અનેક પટ્ટમંડપો (વસ્ત્રોના મંડપો) માં રોકાતો ( પૂજાતો પૂજાતો ) સઘળા નગરમાં ભમ્યો.'

**૪-ત્રણ પ્રકારની યાત્રા**

શ્રાદ્ધવિધિપ્રકરણ, ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં કહ્યું છે કે-' पइवरिसं संघच्चण-साहम्मिअभत्तिजत्ततिगं । શ્રાવકે પ્રતિવર્ષ સંઘપૂજા, સાધર્મિકભક્તિ અને ત્રણ પ્રકારની યાત્રા અવશ્ય કરવી જોઈએ.'

ત્રણ પ્રકારની યાત્રા અંગે જૈન શાસ્ત્રોમાં આ પ્રમાણે સ્પષ્ટતા થયેલી છે:

अष्टाह्निकाभिधामेकां, रथयात्रामथापराम् ।
तृतीयां तीर्थयात्रां चेत्याहुर्यात्रां त्रिधा बुधाः ॥

'એક અષ્ટાહ્નિકા નામની, બીજી રથયાત્રા નામની અને ત્રીજી તીર્થયાત્રા નામની એમ ત્રણ પ્રકારની યાત્રાઓને જ્ઞાનીઓએ કહેલી છે.'

હવે પછી અમે તીર્થયાત્રાનું વર્ણન એક સ્વતંત્ર પ્રકરણ દ્વારા કરવાના છીએ, એટલે અહીં અષ્ટાહ્નિકા યાત્રા અંગે થોડું વિવેચન કરીશું.

### ૫–અષ્ટાહ્નિકા યાત્રાનું સ્વરૂપ

અષ્ટાહ્નિકા યાત્રા આઠ દિવસના ઉત્સવરૂપ છે કે જેને સામાન્ય રીતે અઠાઈ–મહોત્સવ કે અષ્ટાહ્નિકા–મહોત્સવ કહેવામાં આવે છે. આ મહોત્સવ પ્રસંગે ગામ કે નગરનાં મંદિરોમાં અંગરચના કરવાની હોય છે તથા વિવિધ પ્રકારની પૂજાઓ વિસ્તારપૂર્વક ભણાવવાની હોય છે. વળી પ્રભાવના–ભાવના વગેરે પણ યથાશક્તિ કરવાનાં હોય છે. તેનાથી શ્રી જિનેશ્વરદેવ પ્રત્યેની આપણી ભક્તિમાં ભરતી આવે છે, સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે અને ભવારણ્યમાં ભટકી રહેલા અનેક આત્માઓનું વીતરાગકથિત ધર્મ પ્રત્યે આકર્ષણ થાય છે.

જીવાભિગમસૂત્રમાં કહ્યું છે કે 'ઘણા ભવનપતિ.

વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવો નંદીશ્વર દ્વીપને વિષે ત્રણ ચોમાસીએ તથા સંવત્સરીએ ઘણા મહિમાપૂર્વક અઠ્ઠાઈ–મહોત્સવ કરે છે.' તાત્પર્ય કે દેવો પણ ભક્તિ વશાત્ અષ્ટાહ્નિકા યાત્રા કરી પોતાનું જીવન કૃતાર્થ કરે છે, તો માનવભક્તોએ અષ્ટાહ્નિકા યાત્રા કરી પોતાનું જીવન કૃતાર્થ કરવામાં શા માટે પ્રમાદ કરવો જોઈએ ?

આજે જૈન સંઘમાં આ બંને યાત્રાનો સારો આદર છે, પરંતુ તે દિનપ્રતિદિન વૃદ્ધિ પામે તેવા પ્રયત્નો થવા જોઈએ. મનુષ્યોને જિનોપાસનાનો જેટલો વધુ રંગ લાગે, તેટલું વધુ કલ્યાણ છે.

## પ્રકરણ વીસમું

## તીર્થયાત્રા

### ૧-તીર્થયાત્રા-એક વાર્ષિક કૃત્ય

જિનોપાસનાને જ્વલંત બનાવવા માટે જેમ અષ્ટાહ્નિકાદિ ઉત્સવ-મહોત્સવો અને રથયાત્રાનું આલંબન લેવાની આવશ્યકતા છે, તેમ જિનોપાસનાને વધારે વેગવંત, વધારે વિશદ બનાવવા માટે તીર્થયાત્રાનું આલંબન લેવાની આવશ્યક્તા છે; તેથી જ જિનોપાસકે કરવા યોગ્ય વાર્ષિક કૃત્યોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'મન્નહ જિણાણં'ની સજ્ઝાયમાં કહ્યું છે કે—

जिणपूआ जिणथुअणं, गुरुथुअ साहम्मिआण वच्छल्लं ।
ववहारस्स य सुद्धी, रहजत्ता तित्थजत्ता य ।।

'જિનપૂજા, જિનસ્તવન, ગુરુસ્તુતિ, સાધર્મિક-વાત્સલ્ય, વ્યવહારશુદ્ધિ, રથયાત્રા અને તીર્થયાત્રા એ શ્રાવકનાં કર્તવ્યો છે.'

### ૨-તીર્થની ઓળખાણ

પ્રસ્તુત ગ્રંથના બીજા પ્રકરણમાં તીર્થંકરનો અર્થ કરતી વખતે તીર્થનો અર્થ જણાવ્યો છે, તે ભાવતીર્થને અનુલક્ષીને સમજવાનો છે. અહીં મુખ્યત્વે દ્રવ્યતીર્થની

વિચારણા છે. તેના અનુસંધાનમાં તીર્થનો અર્થ તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ, તીર્થંકરોની વિહારભૂમિ, તેમજ શત્રુંજય, ગિરનાર, સમેતશિખર વગેરે તીર્થની પ્રસિદ્ધિ પામેલાં સ્થાનો સમજવાનાં છે.

### ૩–કેટલાક અટપટા પ્રશ્નોનું સમાધાન

કેટલાક કહે છે કે—'મન ચંગા તો કથરોટમાં ગંગા.' જો મન ચંગ એટલે પવિત્ર હોય તો બધા તીર્થોની યાત્રા થઈ ગઈ; અને મન પવિત્ર ન હોય તો ગમે તેવી તીર્થયાત્રાઓ કરવાથી પણ શું? પરંતુ આમ કહેનારે સમજી લેવું જોઈએ કે મન એમને એમ પવિત્ર થતું નથી. તે માટે અનેકવિધ ઉપાયો કરવા પડે છે અને તેમાંનો એક ઉપાય તે તીર્થયાત્રા છે; એટલે તેને અવગણી શકાય નહિ. વળી સંસારવ્યવહારની ઘરેડ એવી છે કે તેમાં પાપનો પ્રવાહ જાણે–અજાણે વહ્યા જ કરે છે, તેમાં જોડાયેલું મન પવિત્ર ક્યાંથી રહે? જો મનને એ ઘરેડમાંથી મુક્ત કરીએ, તો જ તે પવિત્રતાનો અમુક અંશે અનુભવ કરી શકે. તીર્થયાત્રા મનને એ ઘરેડમાંથી મુક્ત કરનારી છે, તેથી જ જૈન મહર્ષિઓએ તેનો ઉપદેશ આપ્યો છે અને તેનો આદેશ પણ કર્યો છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'શું તીર્થયાત્રા કરવાથી બધાનાં મન પવિત્ર થાય છે ખરાં?' તેનો ઉત્તર એ છે કે 'જેઓ સાચા દિલથી વિધિપૂર્વક તીર્થયાત્રા કરે છે, તેમનું મન અવશ્ય પવિત્ર થાય છે; અને જેઓ

તીર્થયાત્રાએ નીકળશે છતાં તેમાં દિલ દેતા નથી કે વિધિનો ઉપયોગ રાખતા નથી, તેમની સ્થિતિ પેલા તુંબડા જેવી રહે છે કે જેણે અડસઠ તીર્થનું સ્નાન કર્યું, છતાં અંદરની કડવાશ ન ગઈ.

અહીં એટલું સ્પષ્ટ કરવું ઉચિત ગણાશે કે ચડવું-પડવું એ માણસના પોતાના હાથની વાત છે, બાકી સાધન મળ્યું તેનો સદુપયોગ કરી જાણવો જોઈએ. જો ભેટમાં ખોસવાની છરીને પેટમાં ખોસીએ તો પરિણામ શું આવે ?

અનેક પ્રકારના પાપોમાંથી મુક્ત થવા માટે તીર્થ-સ્થાનમાં જઈએ અને ત્યાં પણ પાપી પ્રવૃત્તિઓ છોડીએ નહિ તો પવિત્રતા ક્યાંથી અનુભવાય ? આ સ્થિતિનું નિવારણ કરવા માટે જ શાસ્ત્રકારોને બુલંદ અવાજે કહેવું પડયું કે—

अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विनश्यति ।
तीर्थस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥

' હે મનુષ્યો ! તમે જો અન્ય સ્થાને પાપ કર્યું હશે, તો પવિત્ર તીર્થસ્થાનમાં જવાથી તેનો નાશ થશે, પણ તમે તીર્થસ્થાનમાં આવીને પાપ કર્યું તો સમજજો કે એ પાપ વજ્રલેપ જેવું થઈ જશે, એટલે કે કેમે કર્યું નાશ પામશે નહિ અને તેનાં કટુ ફળો તમારે અવશ્ય ભોગવવા પડશે.'

### ૪-તીર્થયાત્રાનું મહત્ત્વ

તીર્થયાત્રાનું વાસ્તવિક મહત્ત્વ સમજાય તે માટે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે-

श्रीतीर्थपान्थरजसा विरजीभवन्ति;
तीर्थेषु बम्भ्रमवतो न भवे भ्रमन्ति ।
द्रव्यव्ययादिह नराः स्थिरसम्पदः स्युः,
पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः ॥

"તીર્થયાત્રિકોના પગની રજવડે રજવાળા થનારા મનુષ્યો કર્મરજથી રહિત થાય છે. તીર્થમાં પરિભ્રમણ કરનારા મનુષ્યો સંસારમાં પરિભ્રમણ કરતા નથી. તીર્થયાત્રામાં દ્રવ્યવ્યય કરવાથી મનુષ્યો સ્થિર સંપત્તિવાળા થાય છે; અને તીર્થમાં જઈ જગદીશ એટલે શ્રી જિનેશ્વર દેવની પૂજા-ભક્તિ-આરાધના-ઉપાસના કરતાં સ્વયં પૂજ્ય બને છે."

કહો, કહો, તીર્થયાત્રાનો આ કેવો સુંદર મહિમા! શું આવી પરમ કલ્યાણકારી તીર્થયાત્રા પ્રત્યે કોઈ પણ જિનોપાસક ઉપેક્ષા કરી શકે ખરો?

### ૫-તીર્થયાત્રા ને પર્યટનસરખા નથી.

કેટલાક તીર્થયાત્રાને પર્યટન સાથે સરખાવે છે, પણ તે ઉચિત નથી. ક્યાં આત્મશુદ્ધિના ઈરાદાથી પ્રેરાયેલી તીર્થયાત્રા અને ક્યાં મોજશોખ કે મનોરંજન અર્થે કરવામાં આવતું પર્યટન! આમાં પહેલાંને ઉત્તર ધ્રુવ કહીએ તો બીજાને દક્ષિણ ધ્રુવ જ કહેવું પડે; અથવા તો સુવર્ણ

અને પિત્તળ પ્રાથમિક દૃષ્ટિએ સરખા દેખાવા છતાં તેમાં ભારે અંતર હોય છે, તેમ આ બંનેમાં પ્રવાસનું લક્ષણ સામાન્ય હોવા છતાં, તેમાં ભારે અંતર રહેલું છે.

તીર્થયાત્રાના જે પ્રાથમિક નિયમો છે, તેનું મનન કરવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

૬–તીર્થયાત્રાના પ્રાથમિક નિયમો

તીર્થયાત્રાના પ્રાથમિક નિયમોને 'છ–રી' કહેવામાં આવે છે. અહીં 'છ–રી'થી છ એવી ક્રિયાઓ સમજવાની છે કે જેના નામના છેડે 'રી' અક્ષર રહેલો હોય. તે આ પ્રમાણેઃ–

(૧) **બ્રહ્મચારી**—તીર્થયાત્રા કરનારે બ્રહ્મચર્યનું મન–વચન–કાયાથી પાલન કરવું જોઈએ. મનથી બ્રહ્મચર્ય પાળવું; એટલે કોઈ પણ સ્ત્રીની સાથે મનથી વિષય-ભોગ કરવાની ઈચ્છા કરવી નહિ; વચનથી બ્રહ્મચર્ય પાળવું, એટલે વિષયવિકાર ઉત્પન્ન કરે તેવી વાતો કે અપશબ્દ વગેરે બોલવા નહિ; અને કાયાથી બ્રહ્મચર્ય પાળવું, એટલે કોઈ પણ સ્ત્રીના દેહનો સંસર્ગ કરવો નહિ કે કામવર્ધક ચેષ્ટાઓ કરવી નહિ. આ નિયમ વાસ્તવમાં કઠિન છે, પણ તીર્થયાત્રાના પ્રસંગમાં તો તેના પાલનની અપેક્ષા પહેલી જ રાખવામાં આવે છે. જો અભ્યંતર શુદ્ધિ કરવી હોય, મનથી પવિત્ર થવું હોય, તો બ્રહ્મચર્યનું પાલન કર્યે જ છૂટકો. બ્રહ્મચર્યને ઉત્તમ પ્રકારનું તપ કહ્યું છે, તે એટલા જ માટે કે તે આત્માની અપૂર્વ શુદ્ધિ

કરે છે, અંતઃકરણની તમામ વૃત્તિઓને નિર્મળ પવિત્ર બનાવે છે.

(૨) **એકાહારી**—તીર્થયાત્રા કરનારે ઓછામાં ઓછું એકાસણાનું તપ કરવું જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો ત્રણ વખત ચા, બે વખત ભોજન, વળી જે આવ્યું તે મોઢામાં નાખવું, એ તીર્થયાત્રાનું લક્ષણ નથી. તેમાં તો આહારત્યાગની ભાવનાએ જ રહેવાનું છે અને દેહનો નિર્વાહ કરવા પૂરતો જ જરૂરી આહાર ગ્રહણ કરવાનો છે. જ્યાં એકાસણું કરવાનું હોય, ત્યાં રાત્રિભોજનનો ત્યાગ આપોઆપ થાય છે. પરંતુ જે ઉપાસકો એકાસણું કરી ન શકે તેમણે સૂર્યાસ્ત પહેલાં પ્રાતઃકાળ સુધી ચારે પ્રકારના આહારનું પચ્ચકખાણ જરૂર ઉચ્ચરી લેવું જોઈએ.

અહીં એ પણ સૂચના કરવી યોગ્ય છે કે ઉપાસકે સામાન્ય રીતે સર્વ અભક્ષ્યનો સર્વદા ત્યાગ કરવાનો છે, છતાં કોઈ કારણોસર તેમ બની શકયું ન હોય તો તીર્થયાત્રામાં તો તેણે અવશ્ય અભક્ષ્યનો ત્યાગ કરવો જોઈએ.

(૩) **દર્શનધારી**—તીર્થયાત્રા કરનારે સુદેવ, સુગુરુ અને સુધર્મ પરની શ્રદ્ધારૂપ સમ્યકત્વને દૃઢતાથી ધારણ કરવું જોઈએ. જેને સુદેવ પર શ્રદ્ધા નથી, તે શ્રી જિનેશ્વરદેવની અનન્ય મને ભક્તિ, આરાધના કે ઉપાસના શી રીતે કરી શકવાનો? વળી સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા

ન હોય તો સદ્ગુરુની નિશ્રા સ્વીકારીને ધર્માચરણ શી રીતે કરવાનો ?

અહીં 'આવશ્યકારી' એવો પણ વિકલ્પ છે, તેનો અર્થ એ છે કે તીર્થયાત્રા કરનારે પ્રાતઃ અને સાયં બંને કાળે ષડાવશ્યકની ક્રિયા કે જેને સામાન્ય રીતે પ્રતિક્રમણ કહેવામાં આવે છે, તે કરવી જોઈએ; કારણ કે પાપ-પ્રક્ષાલનની મૂળ ચાવી તેમાં રહેલી છે.

(૪) **ભૂશયનકારી**—તીર્થયાત્રા કરનારે ભૂમિ પર સાદડી, ચટાઈ કે ઊનનું સંથારિયું પાથરીને સૂઈ રહેવું જોઈએ. એથી સંયમપાલનમાં સારી સહાય મળે છે અને આત્મજાગૃતિ વધે છે. પલંગ, ગાદલાં, ગોદડાં, સુંવાળી રજાઈઓ કે મુલાયમ ગાદી વગેરે અનુકૂળ સાધનો વાપરતાં દબાઇ રહેલી વાસના ભભૂકે છે અને યાત્રિકને સંયમ-ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવી જાય છે.

તીર્થયાત્રાનાં ધામોમાં કેટલીક વાર યાત્રિકો ગાદલાં—ગોદડાં બરાબર નહિ હોવાની ફરિયાદ કરે છે અને વધારે ઊંચી જાતની માગણી કરે છે, તેઓ શું આ નિયમથી વાકેફ છે ખરા ? અને જો વાકેફ છે, તો સામાન્ય સગવડથી ચલાવી લેવાનું શા માટે ઉચિત સમજતા નથી ? 'તીર્થયાત્રામાં તો કાયાને જેટલી કસીએ તેટલું જ સારું' એ સંસ્કાર તેમના મનમાં દૃઢ થવાની જરૂર છે.

(૫) **સચિત્તપરિહારી**—તીર્થયાત્રા કરનારે સચિત્ત વસ્તુઓનો પરિહાર કરવો જોઇએ. અહીં સચિત્ત વસ્તુથી

મુખ્યત્વે લીલાં શાકભાજી વગેરે સમજવાનાં છે. તેનો પરિહાર એટલે ત્યાગ કરતાં અહિંસાનું પાલન થાય છે અને સંયમસાધના આગળ વધે છે. વળી સર્વ જીવો પ્રત્યે સમાનભાવ વર્તતો હોય તો જ આવી આચરણા થાય છે; એટલે તે વિશ્વમૈત્રીનો સુંદર સંકેત છે.

(૬) **પાદચારી**—તીર્થયાત્રા કરનારે કોઈ પ્રકારના વાહનનો ઉપયોગ ન કરતાં પગે ચાલવું જોઈએ. કેટલાકને એમ લાગશે કે મોટર, આગગાડી અને એરોપ્લેનના આ જમાનામાં પગે ચાલવાની વાત કરવી, એ વધારે પડતી છે, પણ વિશેષ વિચાર કરતાં તેનું મહત્ત્વ સમજાઈ જશે.

જયણાપૂર્વક પગે ચાલીને યાત્રા કરતાં સમય વધારે જાય છે, પણ તેથી અહિંસાધર્મનું પાલન થાય છે, તિતિક્ષા અને નિર્ભયતાની તાલીમ મળે છે, ભાષાજ્ઞાનની વૃદ્ધિ થાય છે અને અનેક પ્રકારના લોકોને વીતરાગધર્મની વાતો તથા તેના સિદ્ધાંતો સંભળાવવાની તક મળે છે. વિશેષમાં અનેકવિધ જિનમંદિરો તથા સાધુસંતોનાં દર્શન થાય છે અને તેથી ચક્ષુ–મન–આત્મા પવિત્ર બને છે.

## ૭–તીર્થયાત્રા સમયનાં કેટલાંક કર્તવ્યો

તીર્થયાત્રા આહ્લાદક, અને ઉપકારી બને તે માટે શ્રી હરિભદ્રસૂરિએ નવમા પંચાશકમાં કહ્યું છે કે–

दाणं तवोवहाणं सरीरसक्कारमो जहासत्ति ।
उचिते च गीतवाइय–थुतिथोत्ता पेच्छणादि य ॥

(તીર્થયાત્રા સમયનાં કેટલાંક કર્તવ્યો આ પ્રમાણે સમજવાં:) (૧) દાન, (૨) તપ, (૩) ઉચિત વેશભૂષા, (૪) વાજિંત્રવાદન, (૫) સ્તુતિ-સ્તોત્ર અને (૬) પ્રેક્ષણાદિ.

(૧) **દાન**—દાનનો મહિમા સુપ્રસિદ્ધ છે. ધર્મના ચતુર્વિધ પ્રકારોમાં તેને પ્રથમ સ્થાન અપાયેલું છે, એટલે તીર્થયાત્રાના મંગલ પ્રસંગે તેનો યથાશક્તિ લાભ અવશ્ય લેવો જોઈએ. એ વખતે અહંકાર કે ઉદ્ધતાઈ આવી ન જાય તે જોવાનું. 'લક્ષ્મી ચંચળ છે. તે કોઈની થઈ નથી અને થવાની નથી. તેનાથી જેટલું સુકૃત થઈ શકે તે કરી લેવામાં જ આત્માનું હિત છે.' આટલી સમજણ અંતરમાં ઉતરી જાય, તો અહંકાર કે ઉદ્ધતાઈ થવાનો સંભવ નથી. 'ભાગ્યશાળીઓએ તીર્થમાં આવીને દાનની સરિતાઓ વહાવી છે. તેની આગળ હું કોણ?' એ વિચાર પણ માનનું મર્દન કરનારો છે.

સાધુ પુરુષોને અથવા સાતેય ક્ષેત્રોમાં જે દાન દેવામાં આવે તે સુપાત્રબુદ્ધિથી પરમ ભક્તિપૂર્વક દેવું જોઈએ; જ્યારે દીન, હીન, અનાથ, નિરાધાર, લૂલા, લંગડા વગેરેને જે દાન દેવાય તે અનુકંપાબુદ્ધિથી મધુર શબ્દોપૂર્વક દેવું જોઈએ. આક્રોશ, કટુતા, વિલંબ વગેરે દાનને દુષિત કરનારા છે, એટલું હરદમ-હમેશાં લક્ષમાં રાખવું.

(૨) **તપ**—તપશ્ચર્યાથી ભાવની વિશુદ્ધિ થાય છે અને તેથી અધ્યવસાયો નિર્મળ બને છે, માટે તપનું

યથાશક્તિ આચરણ કરવું. અનશન, ઊનોદરિકા, વૃત્તિ-સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ બાહ્ય તપના છ પ્રકારો છે અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ અભ્યંતર તપના છ પ્રકારો છે. આ બારે પ્રકારોનું યથાશક્તિ આચરણ કરવાથી ભાવની વિશુદ્ધિ થાય છે.

(૩) **ઉચિતવેશભુષા**—જાતિ, ધંધો, અવસ્થા, અધિકાર વગેરે લક્ષમાં રાખીને મર્યાદાવાળો વેશ ધારણ કરવો, પણ મર્યાદાનું ઉલ્લંઘન કરીને ગમે તેવો ઉદ્ભટવેશ ધારણ કરવો નહિ. પરંતુ આજે તો સમાજની હવા જ બદલાઈ ગઈ છે અને વેશભૂષામાં સીનેમાના નટ-નટીઓનું આંધળું અનુકરણ કરતાં જરાય સંકોચ અનુભવાતો નથી. વધારે ખેદની વાત તો એ છે કે તીર્થયાત્રાઓમાં પણ આવી મર્યાદાહીન નિર્લજ્જ વેશભૂષાનાં દર્શન થાય છે. આપણે ક્યાં આવ્યા છીએ અને શું કરવા આવ્યા છીએ, એનો વિચાર જ હૃદયને સ્પર્શતો નથી અને કદાચ સ્પર્શતો હોય તો પણ અધિક રૂપાળા દેખાવાની લાલસા છૂટતી નથી. પૌદ્ગલિક રૂપ અસાર છે, તુચ્છ છે, ક્ષણિક છે, એ વાત મનમાં બરાબર ન ઠસવાનું આ પરિણામ છે, માટે તેનો ઉપયોગ રાખવો.

(૪) **ગીત-વાજિંત્ર**—ભક્તિભાવથી ગવાતાં ગીતો અને વગાડવામાં આવતાં વાજિંત્રોનો સમાવેશ અગ્રપૂજામાં થાય છે, એટલે યાત્રિકોએ તેનો યથાશક્તિ લાભ લેવા માટે

તત્પર રહેવું જોઈએ. ભક્તિરસનો ઉત્કર્ષ કરવા માટે સંગીતમાં જે શક્તિ રહેલી છે, તે અન્ય કોઈ સાધનમાં રહેલી નથી. જો આ વખતે હૃદયના તાર બરાબર ઝણઝણવા લાગે તો તીર્થંકર પદ પ્રાપ્તિનાં મૂળ નંખાય છે અને તે આત્યંતિક કલ્યાણનું કારણ બને છે.

(૫) **સ્તુતિ-સ્તોત્ર**—યાત્રિકે તીર્થમાં આવીને સાર ગર્ભિત સુંદર સ્તુતિ-સ્તોત્રો વડે શ્રી જિનેશ્વર દેવની ભક્તિ કરવી જોઈએ અને તેમની છબી અંતરમાં ઉતરી જાય એવી તલ્લીનતા સેવવી જોઈએ.

(૬) **પ્રેક્ષણાદિ**—તીર્થયાત્રા પ્રસંગે ભક્તિરસની ભવ્ય જમાવટ કરવા માટે પ્રેક્ષણાદિ એટલે નૃત્ય, નાટક વગેરેની યોજના કરવી જોઈએ. ગરબા, દાંડિયારાસ વગેરેનો પણ તેમાં જ સમાવેશ થાય. એક કાળે મહા-કવિઓનાં રચેલાં ઉત્તમ નાટકો તીર્થયાત્રાના પ્રસંગે અપૂર્વ છટાથી ભજવાતાં અને તે લોકોને ધર્મની ભાવનાથી તરબોળ કરી નાખતાં. આજે એ પ્રચાર ઓછો છે, કારણ કે આપણા જીવનની રીતરસમ બદલાઈ છે અને વસ્તુનું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિમાં પણ મોટો ફેરફાર થયેલો છે. આમ છતાં મન પર લઈએ તો આ પ્રાચીન પ્રથાનો પુનરુદ્ધાર થઈ શકે એમ છે અને તે અનેક આત્માઓને જિનોપાસના તરફ વળવાનું સુંદર નિમિત્ત પૂરું પાડી શકે એમ છે.

**૮-કુટુંબીજનો વગેરેને સાથે રાખવાં.**

તીર્થયાત્રા બને ત્યાં સુધી પોતાના કુટુંબીજનોને સાથે

લઈને કરવી અને શક્તિ હોય તો સાધર્મિક બંધુઓને પણ તે માટે નિમંત્રણ આપવું. શક્તિશાળી સમર્થ પુરુષોએ મોટા સંઘો કાઢીને હજારો ભવ્યાત્માઓને તીર્થયાત્રાઓ કરાવી છે અને એ રીતે શાસનની મહાન પ્રભાવના કરવા-પૂર્વક પોતાના જીવનનું અભીષ્ટ સાધ્યું છે.

૯–સંઘ કાઢવાનો વિધિ.

સંઘને સાથે લઈને યાત્ર કરવી, તેને ટુંકમાં સંઘ કાઢવો કહેવાય છે. તેનો વિધિ શાસ્ત્રકારોએ આ પ્રમાણે જણાવ્યો છે :

પ્રથમ રાજાની (કે રાજ્યનો જે મુખ્ય અધિકારી હોય તેની) સંમતિ મેળવવી. પછી સાથે રાખી શકાય તેવાં દેવાલયો–જિનમંદિરો પોતાની શક્તિ પ્રમાણે નિર્માણ કરવા તથા તંબૂઓ, રાવઠીઓ, રસોઈનાં સાધનો, પાણી રાખવાનાં ટાંકા તથા ગાડાં વગેરે સામગ્રી તૈયાર કરવી. તે પછી ગુરુ મહારાજને, શ્રી સંઘને, તથા સ્વજન–વર્ગને બહુ માનપૂર્વક નિમંત્રણ કરવું.

વિશેષમાં અમારિ પ્રવર્તાવવી એટલે કે હિંસાનાં કાર્યો બંધ કરાવવાં, જિનમંદિરોમાં મોટી પૂજાઓ ભણાવી મહોત્સવ કરવો, દીન–રાંક વગેરેને દાન આપવું તથા તેઓને સાથે આવવામાં ધન–વાહન વગેરેની સગવડ ન હોય તેવા નિરાધારને સાધન–સામગ્રી આપવાની ઉદ્ઘોષણા કરાવી તીર્થયાત્રા માટે ઉત્તેજિત કરવા.

વળી સંઘની રક્ષા માટે રખેવાળો તથા પોલીસ

વગેરેનો બંદોબસ્ત કરવો અને તેમને જોઈતા હથિયાર વગેરે સાધનો પૂરા પાડવાં તથા ગીત, વાદ્ય અને નૃત્યની સુંદર સામગ્રી મેળવવી. આ રીતે સર્વ તૈયારી કર્યા પછી શુભ દિવસે મંગલ મુહૂર્તે પ્રસ્થાન કરવું. ત્યાં સમગ્ર સમુદાયને વિશિષ્ટ ભોજન, તાંબૂલ વગેરેથી જમાડીને તથા ઉત્તમ વસ્ત્રોની પહેરામણી કરીને સંઘના પ્રતિષ્ઠિત આગેવાન પાસે સંઘપતિપણાનું તિલક કરાવવું, ત્યારપછી શ્રીસંઘની પૂજાનો મહોત્સવ કરવો.

શ્રી સંઘપૂજા—મહોત્સવ અંગે શ્રાદ્ધવિધિ–પ્રકરણમાં કહ્યું છે કે 'પોતાના કુળને તથા ધન વગેરેને અનુસરીને ઘણા આદરથી અને બહુમાનથી સાધુ–સાધ્વીના ખપમાં આવે એવી વસ્તુઓ જે આધાકર્મકૃત આદિ દોષોથી રહિત હોય તે ગુરુ મહારાજને આપવી. આ વસ્તુઓ તે વસ્ત્ર, કંબલ, પ્રોંછનક, સૂત્ર, ઊન, પાત્રાં, પાણીનાં તુંબડા વગેરે પાત્ર, દાંડો, દાંડી, સોય, કાંટાને ખેંચી કાઢનાર ચીપિયો, કાગળ, ખડિયા, લેખિનીનો સંગ્રહ, પુસ્તક વગેરે જાણવી. વળી પ્રાતિહારિક, પીઠ, ફલક, પાટો વગેરે સંયમોપયોગી સર્વ વસ્તુઓ સાધુ મુનિરાજને શ્રદ્ધાથી આપવી.

વળી શ્રાવક–શ્રાવિકારૂપ સંઘનો પણ શક્તિ માફક પહેરામણી વગેરે આપીને સત્કાર કરવો. દેવ–ગુરુના ગુણ ગાનારા યાચકો વગેરેને પણ ઉચિત લાગે તે રીતે તૃપ્ત કરવા.'

પ્રયાણ કર્યા પછી માર્ગમાં શ્રીસંઘની સારી રીતિએ

સંભાળ કરવાપૂર્વક ગામે ગામે અને નગરેનગરે શ્રી જિન મંદિરોમાં સ્નાત્રપૂજા, ધ્વજનું દાન, ચૈત્ય પરિપાટી વગેરે કરવા, તેમજ શક્તિ મુજબ જીર્ણોદ્ધાર કરાવવા.

જ્યારે પહોંચવા ધારેલ તીર્થનાં દૂરથી દર્શન થાય ત્યારે રત્ન, મોતી વગેરેથી તે તીર્થના વધામણાં કરવા, તેની સ્તુતિ કરવી અને ઉત્તમ લાડુ વગેરેની પ્રભાવના કરવી.

તીર્થભૂમિએ પહોંચ્યા પછી ત્યાં અષ્ટપ્રકારી વગેરે મહાપૂજા ભણાવવી, વિધિપૂર્વક સ્નાત્ર-મહોત્સવ કરવો, તીર્થમાળ પહેરવી, ઘીની ધારા દેવી, નવ અંગે શ્રી જિન-પૂજન કરવું, કિંમતી મોટો ધ્વજ ચડાવવો, રાત્રિજાગરણ કરવું, ગીત-નૃત્ય વગેરે ઉત્સવ કરવા, તીર્થની આરાધનાને ઉદ્દેશીને ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ વગેરે યથાશક્તિ તપ કરવો, ભિન્ન ભિન્ન જાતિનાં ફળ-નૈવેદ્ય વગેરે વસ્તુઓની ભેટ કરવી, પહેરામણી મૂકવી, જોનારને આશ્ચર્ય ઉપજે તેવો સુંદર-દર્શનીય ચંદરવો (ભગવંતની ઉપર) બાંધવો, દીવા માટે તેલ (કોપરેલ), ઘી પૂજા માટે ધોતિયાં-કેસર-ચંદન-અગુરુ-પુષ્પની ચંગેરી વગેરે સમસ્ત પૂજાની સામગ્રી ભેટ કરવી, નૂતન દહેરી વગેરે બનાવવી, સુતાર વગેરે કારીગરોને સત્કારવા, ત્યાં થતી હોય તે આશાતનાઓ દૂર કરવી, તે તીર્થની રક્ષા કરનારાઓનું સન્માન કરવું, તીર્થના નિર્વાહ માટે અમુક લાગો શરૂ કરવો, સાધર્મિકોનું વાત્સલ્ય કરવું, ગુરુમહારાજની તથા શ્રીસંઘની પહેરામણી વગેરેથી ભક્તિ કરવી અને યાચકો તથા દીન-દુ:ખીઆં વગેરેને ઉચિત દાન દેવું.

આ પ્રમાણે યાત્રા કરીને પાછા ફરતાં સુંદર મહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરવો. ઘરે પહોંચ્યા પછી શાસન–દેવના આહ્વાન વગેરે અંગે ઉત્સવ કરવો, શ્રી સંઘનો ભોજન વગેરેથી સત્કાર કરવો અને તેને વિદાય આપવી.

ત્યારબાદ અમુક વર્ષ સુધી તે તીર્થયાત્રાની તિથિએ ઉપવાસ વગેરે તપ કરીને તે દિવસને આરાધવો.

સંઘ કાઢવાના આ વિધિ પરથી પાઠકો જાણી શકશે કે સંઘ કાઢનારમાં કેવા ગુણો જોઈએ, તેણે કેવી તયારી કરવી જોઈએ અને તેણે યાત્રા નિમિત્તે કેવાં કેવાં કાર્યો કરવા જોઈએ.

તીર્થયાત્રા માનવજીવનમાં કેવું સત્ત્વ રેડે છે, કેવી ભવ્ય ભાવનાઓ ભરે છે, કેવા ઉમદા તત્ત્વો રેડે છે, તેની પ્રતીતિ નીચેની ઐતિહાસિક ઘટના પરથી થશે.

### ૧૦–સૌરાષ્ટ્રનો દંડનાયક ×

સૌરાષ્ટ્રનો દંડનાયક યાત્રાર્થે ગિરનારનાં શિખર પર આવી ઊભો છે. ભગવાન નેમનાથને નિરખી તેનાં નયનો નાચી ઉઠ્યાં છે, પણ જિનપ્રાસાદની જીર્ણતા જોઈ તે ઝણઝણી ઉઠે છે. કાળની કઠોર થપ્પડો ખાઈને ખંડિયેર પ્રાયઃ અવસ્થામાં આવી ઊભેલાં મંદિરોની મૂક વાણી તેનાં હૃદયને ચીરવા માંડે છે.

---

× આ કથા અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ જૈન શિક્ષાવલીની બીજી શ્રેણી પુસ્તક નંબ ૧૧ માં પ્રકટ થયેલી છે. એના લેખક છે. શ્રી પ્રિયદર્શન.

" સાજણ ! સિદ્ધરાજના મંત્રીપદામાં તું જિનરાજના આદેશો ચૂકી રહ્યો છે. તારા હૃદયના સૂરો ઉવેખી રહ્યો છે. તું કંઈક ભૂલે છે."

" હું ભૂલ્યો છું, જરૂર ભૂલો ભમું છું. સૌરાષ્ટ્રનો હું દંડનાયક અને મહાકલ્યાણી ગિરનાર–ટોચ પરનાં પાવનકારી જિનમંદિરોની આ અવદશા ? "

સુરજ માથે આવ્યો.

સાજણદે દંડનાયક ઉતારામાં પાછો વળ્યો. જિન–મંદિરોના જીર્ણોદ્ધાર માટે તે નિર્ણય લેવા મથ્યો. પોતાની સ્વસંપત્તિથી આ કાર્ય તેને શકય ન લાગ્યું. એટલી સંપત્તિ તેની પાસે ન હતી. મુંઝાયો. પવિત્ર હૃદય કહે છે: ' સૌરાષ્ટ્રની મહેસુલના ૧૨ાા કરોડ સોનૈયા લગાવી દે ને ! સૌરાષ્ટ્રનું ધન સૌરાષ્ટ્રના શણગાર માટે બની જવા દે ને ! "

ભયસંજ્ઞા ચેતવે છે–સંભાળજે. તારે માથે સિદ્ધરાજ બેઠો છે. જવાબ માંગશે. ખેદાન–મેદાન થઈ જઈશ.

સાત્ત્વિક હૃદય પડકારે છે–માટીના મોહમાં મહાન કર્તવ્યોને ચૂકીશ મા. સિદ્ધરાજ તો શું, વિશ્વની કોઈ પણ જુલમી સત્તા નેમીશ્વરનાં શરણે આવેલાને છંછેડી શકતી નથી. તારા હૃદયમાં જાગેલી મંદિર–જીર્ણોદ્ધારની ભાવનાને મૂર્તરૂપ આપ.

તેણે નિર્ણય કર્યો–" સાડાબાર કરોડ સોનૈયા ગિરનાર પરનાં જીર્ણમંદિરોના ઉદ્ધાર કાજે ખર્ચી નાંખવા." અને

જીર્ણોદ્ધારનું કાર્ય કુશળ કારીગરો–શિલ્પીઓના હાથે તડામાર શરૂ થઈ ગયું.

વાતને તો પાંખો આવી !

સારાય સૌરાષ્ટ્રમાં ગિરનાર પરનો આ જીર્ણોદ્ધાર લોકજિહ્વાએ ચઢ્યો.

સાજણદે દંડનાયકની તે કાળે બોલબાલા હતી. તેનાં શૌર્ય, ઔદાર્ય અને ગાંભીર્યે તેનાં નામને કીર્તિના શિખરે આરૂઢ કરી દીધું હતું. પણ કીર્તિ, પ્રતિષ્ઠા, લોકપ્રિયતા વગેરેથી ગૌરવવંતા પુરુષની પાછળ દુર્જનો લાગેલા જ રહે છે.

કેટલાક તેજોદ્વેષી રાજપુરુષો પહોંચ્યા પાટણ.

ઝુકી ઝુકીને, નમી નમીને, સિદ્ધરાજની સામે ઊભા.

"મહારાજા ! આપની આજ્ઞા હોય તો...."

"શું કહેવું છે તમારે ?" સૌરાષ્ટ્રમાંથી આવેલા આ રાજદ્વારી પુરુષોના મંડળને આશ્ચર્યથી જોતાં સિદ્ધરાજે પૂછ્યું.

"દેવ ! પહેલે તબક્કે તો આપને અમારી વાત પર વિશ્વાસ નહિ આવે, આપ અમને જ દૂષિત માનશો. ગમે તેમ, પણ આપનું અહિત થતું અમારાથી સહેવાય જ નહિ."

"અરે ! પણ એવું તે શું મારું અહિત થઈ ગયું છે ?" સિદ્ધરાજે આછું સ્મિત કરીને પૂછ્યું.

"અમારું જે થવું હોય તે થઈ જાઓ, પણ આજે અમે સત્ય વાત કહી દેવાના." તેજોદ્વષી મંડળે ફેરવીને પાસો નાંખ્યો !

"કહો જરૂર કહો ! મારા તરફથી તમે નિર્ભય છો." સિદ્ધરાજનું ભોળું હૃદય વાતના મર્મને ક્યાંથી જાણી શકે ?

"મહારાજા ? સૌરાષ્ટ્રનું મહેસુલ રાજ્યની તિજોરીમાં આવી ગયું ?"

"ના." અને સિદ્ધરાજની સામે સાજણની સૌજન્યતાભરી મુખમુદ્રા તરવરવા માંડી.

"મહારાજ ! આપ તો અહીં બેઠા. ક્યાંથી જાણો કે સાજણદે મંત્રીએ આપના ૧૨॥ ક્રોડ સોનૈયાનું શું કર્યું છે ?"

"એટલે તમે શું કહેવા માગો છો ?"

"એ જ કે મહામંત્રીએ પોતાની કીર્તિની લાલસા પાછળ એ દ્રવ્યને હોમી દીધું છે !"

"બિલકુલ ખોટું." સિદ્ધરાજ સાજણપરના આક્ષેપથી ધ્રુજી ઉઠ્યો. કારણકે સાજણદેની નિમકહલાલી,સત્યનિષ્ઠા અને સદાચારિતા માટે તેને પૂર્ણ વિશ્વાસ હતો.

"આપને અમારી વાત પર વિશ્વાસ નહિ જ આવે, એ અમે પહેલાં જ કહ્યું હતું. પરંતુ દયાળુ ! જો આપને વિશ્વાસ નથી, તો અત્યારે જ સાંઢણી પર માણુસ મોકલી મહેસૂલ સાથે સાજણદે મહામંત્રીને બોલાવો."

" હમણાં જ મોકલું છું " પોતાના ખાસ પ્રિય મંત્રી પરનું કલંક ટાળવા સિદ્ધરાજનાં મન, વચન અને કાયા પ્રવૃત્તિશીલ બની ગયાં.

અહીં જીર્ણોદ્ધારનું કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. સાજણદેનું હૈયું તીર્થભક્તિથી ખુશી ખુશી થઈ રહ્યું છે. પરંતુ બીજી બાજુએ ચતુર શ્રાવકમંત્રી સિદ્ધરાજ સામેના બચાવની સુયોગ્ય વિચારણા કરી રહ્યો છે.

" સિદ્ધરાજ ૧૨ાા ક્રોડ સોનૈયા માગે તો એની આગળ ધરી દેવા. પણ એટલી મોટી રકમ ક્યાંથી મળે ?" તેની આંખ સમક્ષ સૌરાષ્ટ્રનાં ધનાઢ્ય નગરો એક પછી એક સરકવાં લાગ્યાં. જ્યાં ' વંથળી ' (વણથળી) આવ્યું, ત્યાં મંત્રીશ્વરની આંખો ચમકી ઊઠી. છાતી ફૂલી ગઈ.

મહામંત્રીનું આ અણધાર્યું આગમન, વંથળીના કોટ્યાધિપતિ મહાજનને વિચારમાં નાખનારું બન્યું. મહામંત્રીનું મહાજને સુંદર સ્વાગત કર્યું. સ્નાન, પૂજા, ભોજન વગેરે માટે મહાજનના અગ્રણીઓનો આગ્રહ થવા લાગ્યો.

મંત્રીશ્વરે કહ્યું–' અહીં હું એક અગત્યનાં કામે આવ્યો છું, એ કાર્ય થયા પછી જ બીજાં દિનકૃત્યો થશે.' મંત્રીશ્વરનાં આ વચનોએ મહાજનને અધિક આશ્ચર્યમાં નાંખી દીધું.

" મંત્રીશ્વર ! જરૂર ફરમાવો, અમારાથી શક્ય અમે બધું જ કરી છૂટીશું." શ્રાવકસંઘને ભેગો કરવામાં આવ્યો.

સાજણદેએ ગિરનારપર પોતાનું યાત્રાર્થે જવું, મંદિરોની ભગ્નપ્રાયઃ અવસ્થા જોવી, જીર્ણોદ્ધારની ભાવના જાગવી, સિદ્ધરાજના ૧૨ાા ક્રોડ સોનૈયાનું ખર્ચાઈ જવું વગેરે હકીકત જણાવી અને ૧૨ાા ક્રોડ સોનૈયાની આવશ્યકતા દર્શાવી.

એ સાંભળી બધા એકબીજાનાં મુખ સામું જોવા લાગ્યા. કોઈ કંઈ બોલ્યું નહિ, ત્યારે સાકરિયા શેઠ ઊભા થયા અને હાથ જોડીને કહેવા લાગ્યા: 'તમે બધા તો ઘણાં સત્કાર્યો કરો છો. આ કાર્યનો મને એકલાને જ લાભ આપો. સંઘ મારા પર કૃપા કરે.'

મહાજન તો સાકરિયાના આ સાકરથી ય અધિક મધુર વચનો સાંભળી ઠરી જ ગયું! સાકરિયાની વિનંતિ મહાજને માની. સાકરિયે મહામંત્રીને પોતાને ઘરે તેડ્યા. મહામંત્રી નિત્યકર્મોથી પરવાર્યા, એટલે મંત્રીશ્વરની મનગમતાં ભોજનથી સાકરિયા શેઠે સાધર્મિક–ભક્તિ કરી.

બ ને ગાદીએ બેઠા.

સાકરિયો બોલ્યો-"મંત્રીશ્વર! કહો તો ૧૨ાા ક્રોડનાં મૂલ્યના હીરા હાજર કરું, કહો તો મોતી રજૂ કરું, કહો તો સુવર્ણ સેવામાં ધરું, કહો તો રોકડા સોનૈયા તમારાં ચરણોમાં સમર્પણ કરું."

સાજણદે તો આ સૌજન્યમૂર્તિ સમી સાકરિયાની આ શ્રીમંતાઈ પર દિંગ થઈ ગયો!

સાકરિયે મંત્રીની આગળ રત્નોનો ઢગ કર્યો. હાથ જોડીને વિનંતિ કરીઃ "કૃપા કરો ! આ વિનશ્વર લક્ષ્મીને શાશ્વત તીર્થની સેવામાં સ્વીકારો." "શેઠ ! હવે હું નિર્ભય છું. જ્યારે મારે જરૂર પડશે ત્યારે લઈ જઈશ, હમણાં નહિ."

સાજણદે ઘોડે બેઠા.

ગિરનારની તળેટીમાં આવી પહોંચ્યા.

બે....ચાર દિ'વીત્યા હશે, ત્યાં સમી સાંજને ટાણે પાટણથી એક સાંઢણી સ્વાર ગિરનારથી તળેટીમાં આવી ઊભો.

તે સીધો જ સાજણ દંડનાયકના ઉતારે આવી પહોંચ્યો. દંડનાયકને પ્રણામ કરી, તેણે પાટણપતિનો પત્ર હાથમાં મૂક્યો. પત્ર વાંચતાં જ સાજણદે સર્વ વાતને કળી ગયા ! આગન્તુક સ્વારને કહ્યું: "હું સૌરાષ્ટ્રને રેઢું મૂકીને હમણાં પાટણ આવી શકું એમ નથી. મહારાજાને મહેસુલ તુરતમાં જોઈતું હોય તો જાતે અહીં આવીને લઈ જાય." આગન્તુક રાજપુરુષ તો સાજણદેનો પ્રત્યુત્તર સાંભળી અવાક્ થઈ ગયો. દંડનાયકના આ પ્રત્યુત્તરના સિદ્ધરાજ પર કેવા ભયાનક પડઘા પડશે, એ કલ્પનાએ તેને ધ્રૂજાવી દીધો.

સિદ્ધરાજને મહામંત્રીનો સંદેશો મળ્યો. તેનો જીદ્દી સ્વભાવ આગથી ભડભડી ઉઠ્યો.

તેજોદ્વેષી રાજપુરુષોનું મંડળ પાસો સફળ પડવાથી

નાચી ઉઠયું ! સિદ્ધરાજે સાજણને શિક્ષા કરવાનો નિર્ધાર કર્યો. સેના સાથે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું.

સાજણદે પાસે સિદ્ધરાજનાં આગમનની વાત પહોંચી ગઈ હતી.

સિદ્ધરાજનું સ્વાગત કરવા તે સામે આવ્યા. ગિરનારની તળેટીમાં સિદ્ધરાજ આવી પહોંચતાં સાજણદે એ સિદ્ધરાજનાં સન્માન કર્યાં, પરંતુ સિદ્ધરાજને સાજણદેનાં સન્માનની કંઈ જ પડી ન હતી. તેને તો ૧૨ાા ક્રોડ સોનૈયા જોઈતા હતા !

" સાજણ ! સૌરાષ્ટ્રની મહેસુલ લેવા હું આવ્યો છું, માટે તે હાજર કર." રોષભરી મુદ્રાએ સિદ્ધરાજ બોલ્યો.

" મહારાજા ! તે તૈયાર જ છે. આપ નિશ્ચિંત રહો, પરંતુ આપ અહીં સુધી પધાર્યા છો, તો ગિરનારનાં શિખરે ઊભેલાં શ્રી નેમનાથ ભગવાનનાં ગગનચૂંબી પ્રાસાદોનાં દર્શન તો કરો."

સાજણનાં સૌજન્યતાભર્યાં અને સાત્ત્વિક વચનોને ખાળવાની તાકાત જડની જડતાથી ગ્લાન સિદ્ધરાજમાં ક્યાંથી જ હોય ?

સાજણે સિદ્ધરાજનો હાથ પકડ્યો. બંને ગિરનારની પાવન પાગ પર ચઢવા લાગ્યા. દૂરથી ગિરનારનાં શિખરે આકાશને આંબતાં ધોળાં ધોળાં સંગેમરમરના આરસથી સર્જાયેલાં દેવવિમાન શાં જિનમંદિરો સિદ્ધરાજની આંખે દીઠાં ! આંખો ઠરી.

ઉપર આવી પહોંચ્યા. ભગવાન નેમનાથને પૂજી–સ્તવી, તીર્થયાત્રાનો અપૂર્વ આનંદ સિદ્ધરાજે અનુભવ્યો. મંદિરોનું અભિનવ અદ્‌ભુત સર્જન, એની અનોખી કલા, એની પાછળ થયેલો કરોડો સોનૈયાનો વ્યય, વગેરેએ સિદ્ધરાજના માનસને ક્ષણવારમાં આંજી દીધું. પોતાના રાષ્ટ્રની આ મહાન તીર્થસમૃદ્ધિ પર તે ઓવારી ગયો.

"સાજણ! ધન્ય છે, આ મંદિરો બંધાવનારને અને એની જનેતાને!" સિદ્ધરાજનું હૈયું હર્ષના હેલે ચઢ્યું હતું.

"મહારાજા! ધન્ય છે રાજાધિરાજને અને એમની જનેતાને કે જેમણે આ મંદિરો બંધાવ્યાં છે...."

"મેં? કઈ રીતે? ના રે ના...."

"હાજી! આપના ૧૨॥ કરોડ સોનૈયા, સૌરાષ્ટ્રનું મહેસૂલ, એમાંથી આ સર્જન થયેલું છે. હવે, આપને આ મંદિર–નિર્માણના અનલ્પ સુકૃતનું અમાપ પુણ્ય જોઈતું હોય તો તે લ્યો અને ૧૨॥ કરોડ સોનૈયા જોઈએ તો તે પણ તૈયાર જ છે!" સાજણે ટાણું જોઈને ટકોર લગાવી!

ગિરનારની પાવનતમ તીર્થભૂમિએ,
નેમનાથ ભગવાનની શીતળ છાયાએ,

સિદ્ધરાજમાં સૂતેલી સદ્‌ભાવનાને ઢંઢોળીને જગાડી, અડીખમ બની બેઠેલી દુષ્ટ વાસનાઓને ધરાશાયી કરી દીધી! ગળગળા સાદે, હર્ષનાં આંસુ સાથે, સાજણના હાથ પકડી લઈ સિદ્ધરાજ બોલ્યો:

"સાજણ ! તું તો મારો ખરેખરો કલ્યાણમિત્ર. ભવે ભવે તું જ મને કલ્યાણમિત્ર મળજો. મારે સોનૈયાની માટીનો હવે ખપ નથી. મારે તો આ અક્ષય કલ્યાણ જ જોઈએ."

તીર્થયાત્રાનો આથી વધીને કયો પ્રભાવ આપણે જોઈએ છે ? મનુષ્યજિંદગીનું ધ્યેય જુગજૂની વાસનાઓને નિમૂંળ કરી નાંખવાનું અને ભવનાશક ભાવનાઓને અંકુરિત કરવાનું છે. તીર્થયાત્રા એ ધ્યેયને સિદ્ધ કરી આપે છે.

સિદ્ધરાજ પાટણ પહોંચ્યો.

અહીં પેલી વંથલીનો દાનવીર સાકરિયો ગિરનારની ભૂમિ પર આવી પહોંચ્યો અને તેણે સાજણદેની સમક્ષ સાડાબાર ક્રોડની કિંમતનાં રત્નોનો ઢગ કરી દીધો !

"શેઠ ! હવે મારે આરાધનાની જરૂર નથી. આ તીર્થના પ્રભાવે સહુ સારાં વાનાં થઈ ગયાં છે !"

"મંત્રીશ્વર ! આ શું બોલ્યા ? મેં તો આ ધન ધર્મના નામે જુદું જ કાઢી નાખ્યું છે. હવે મારાથી તેનો ઉપભોગ થાય જ નહિ...."

સાજણદે ધન સ્વીકારતા નથી !

સાકરિયા શેઠ ધન પાછું લેતા નથી !

આખરે મહામંત્રીએ વચલો માર્ગ કાઢ્યો. રત્નોનો હાર બનાવી ભગવાન નેમનાથના કંઠે આરોપી દીધો !

આમ તીર્થયાત્રાએ સાજણ, સિદ્ધરાજ અને સાકરિયા શેઠ એ ત્રણેને નવું સત્ત્વ, ભવ્ય ભાવનાઓ અને ઉન્નત જીવન બક્ષીસ કર્યાં !

## પ્રકરણ એકવીશમું

## અર્હં મંત્રનો જપ

### ૧-મંત્રજપનો મહિમા

ભજન-કીર્તન, સ્તુતિ-સ્તવન, પૂજા-પાઠ, ઉત્સવ-મહોત્સવ, તેમ જ તીર્થયાત્રાદિ જેમ ઉપાસનાનાં મહત્ત્વનાં અંગો છે, તેમ મંત્રજપ પણ ઉપાસનાનું એક મહત્ત્વનું અંગ છે. વધારે સ્પષ્ટ કહીએ તો ઇષ્ટદેવના મંત્રનો જપ કરવાથી ઉપાસના ઉત્કૃષ્ટ કોટિની બને છે અને સિદ્ધિ ઘણી સમીપ આવી જાય છે. અહીં સિદ્ધિ શબ્દથી ઇષ્ટદેવનાં દર્શન કે ધ્યેયનો સાક્ષાત્કાર સમજવો.

યોગવિશારદોએ પણ મંત્રજપનું મહત્ત્વ સ્વીકાર્યું છે. શ્રી પતંજલિ મુનિએ યોગદર્શનના સમાધિપાદમાં કહ્યું છે કે 'ईश्वरप्रणिधानाद् वा ॥-અથવા ઇશ્વરનું પ્રણિધાન કરવાથી સમાધિનો લાભ થાય છે.' વિશેષમાં તેમણે કહ્યું છે કે 'तस्य वाचकः प्रणवः-તે ઈશ્વરનો-પરમતત્ત્વનો વાચક પ્રણવ ( ૐકાર નામનો મંત્ર ) છે.' 'तज्जपस्तदर्थभावनम् -તેનો જપ કરવો અને તેની અર્થભાવના કરવી એ પ્રણિધાન કે ભક્તિવિશેષ છે.' 'ततः प्रत्यक् चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥-તેનાથી ચૈતન્યસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે; અને અંતરાયોનો અભાવ પણ થાય છે; અર્થાત્ સિદ્ધિની આડે જે આવરણો રહેલાં હોય તે ખસી જાય છે.

વળી તાંત્રિકોએ તો તાર (ઉચ્ચ) સ્વરે જાહેરાત કરી છે કે 'जपात् सिद्धिर्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः–આ ઘોર કલિકાલમાં સિદ્ધિ જોઈતી હોય તો તે મંત્રજપથી થાય છે, મંત્રજપથી થાય છે, રે ! મંત્રજપથી જ થાય છે.' વિશેષ સ્પષ્ટીકરણ કરતાં તેમણે જણાવ્યું છે કે 'જો ઈષ્ટ દેવ–દેવીનાં દર્શન કરવાં હોય તો ઉપાસકોએ પોત–પોતાની સગવડ પ્રમાણે પંચવટી સ્થાન× તયાર કરવું જોઈએ અને તેની મધ્યમાં વિધિ અનુસાર એક મંડળ બનાવી તેના ઉપર મંત્રજપ કરવો જોઈએ.'

તાત્પર્ય કે ભક્તિ, યોગ અને તંત્રક્રિયા એ ત્રણેયમાં મંત્રજપનો મહિમા ગવાયેલો છે અને તેથી તેના સ્વરૂપ –વિધિ વગેરેથી પરિચિત થવાની જરૂર છે.

**૨–મંત્ર અંગે કિંચિત્**

અક્ષર કે પદોની વિશિષ્ટ રચનાને મંત્ર કહેવાય છે. શાસ્ત્રકારોએ તેની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે –

(૧) मननात् त्रायते इति मन्त्रः–જેના મનનથી-રટણથી

---

× સ્કંદપુરાણમાં કહ્યું છે કે—

**अश्वत्थो बिल्ववृक्षश्च, वटो धात्री अशोककः ।**
**वटीपंचकमित्युक्तं, स्थापयेत् पंचदिक्षु च ॥**

'એક દિશામાં પીપળો, બીજી દિશામાં બિલી, ત્રીજી દિશામાં વડ, ચોથી દિશામાં ધાવડી અને વચ્ચે અશોક એમ પાંચ જાતિનાં વૃક્ષો જેમાં સ્થાપેલાં હોય–વાવેલાં હોય, તેને પંચવટી કહેવાય છે.

—જપથી (ભવસાગર) તરાય તે મંત્ર; અથવા गुप्तं भाष्यन्ते मन्त्रविद्भिरिति मन्त्रः—જે મંત્રવિદો વડે ગુપ્તપણે કહેવાય તે મંત્ર. વ્યવહારમાં પણ ગુપ્ત વાતને મંત્ર કહેવામાં આવે છે.

બધા મંત્રોનું સ્વરૂપ એક સરખું હોતું નથી. કેટલાક મંત્રો માત્ર બીજરૂપ હોય છે, કેટલાક મંત્રો માત્ર પદરૂપ હોય છે, તો કેટલાક મંત્રો બીજ અને પદ બંનેથી યુક્ત હોય છે. મંત્રમાં અમુક જ અક્ષરો હોવા જોઈએ, એવો નિયમ નથી. એકથી માંડીને સો કે તે ઉપરાંત પણ અક્ષરો હોય છે.

મંત્રોના મુખ્ય બે પ્રકારો છે: એક બીજમંત્ર અને બીજો નામમંત્ર. જેમાં ઇષ્ટદેવના બીજાક્ષર હોય તે બીજમંત્ર અને જેમાં ઇષ્ટદેવનું નામ હોય તે નામમંત્ર.

યંત્રમાં જેમ જુદી જુદી કળો લગાડવાથી તેના કાર્યોમાં ફેર પડે છે, તેમ મંત્રના છેડે જુદાં જુદાં પલ્લવો લગાડવાથી તેના કાર્યમાં ફેર પડે છે. દાખલા તરીકે જે મંત્રને છેડે हूँ કે फट् લાગે છે; તે ઉગ્ર બને છે; ठः ठः પલ્લવ લાગે છે, તે કોમળ બને છે; અને नमः પલ્લવ લાગે છે, તે શાંતિકારક બને છે.

મંત્રનો વિધિસર જપ કરવાથી એક પ્રકારની અદ્ભુત—અચિંત્ય શક્તિ ઉત્પન્ન થાય છે અને તેનાથી અનેકવિધ કાર્યો અજબ રીતે સિદ્ધ થાય છે.

૩–અર્હં મંત્ર

'ॐ अर्हँ नमः' આ ત્રણ પદોની અક્ષરરચનાને અર્હંમંત્ર કહેવામાં આવે છે.

આ મંત્રમાં ઇષ્ટદેવનું બીજ છે, પણ નામ નથી, એટલે તે એક પ્રકારનો બીજમંત્ર છે.

આ બીજમંત્રમાં ॐ એ સેતુ છે, अर्हं એ બીજ છે અને नमः એ પલ્લવ છે. તાત્પર્ય કે ॐ એ મંત્રબીજ હોવા છતાં અહીં સેતુ તરીકે વપરાયેલું છે, પણ મુખ્ય બીજ નથી. મુખ્ય બીજ તો અર્હં જ છે. છેડે नमः પલ્લવ લાગેલું છે, એટલે તે શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ કરનારો મંત્ર છે.

મંત્રશક્તિ જાગ્રત કરવા માટે જેનો પ્રથમ પ્રયોગ થાય એ સેતુ કહેવાય. અહીં મંત્રશક્તિ જાગ્રત કરવા માટે જ ॐને પહેલો મૂકવામાં આવ્યો છે, માટે તે સેતુ છે.

આ સ્થાને ॐનો પણ થોડો પરિચય આપવો ઇષ્ટ લેખાશે. મંત્રવિશારદો ॐને ધ્રુવબીજ, વિનયબીજ કે તેજો-બીજ લેખે છે. શાસ્ત્રોમાં તેને માટે અનેક પ્રકારનાં સાંકેતિક નામોનો પ્રયોગ થયેલો છે, જેમ કે–વર્તુલ, તાર, વામ, હંસકારણ, મન્ત્રાદ્ય, પ્રણવ, સત્ય, બિંદુશક્તિ, ત્રિદૈવત, ત્રિશિખ, વગેરે.

ॐકારની રચના પંચપરમેષ્ઠિસૂચક अ+अ+आ+उ+म् એ પાંચ અક્ષરો વડે થયેલી છે. અરિહંતનો પ્રથમ અક્ષર अ છે, સિદ્ધ અથવા અશરીરીનો પ્રથમ અક્ષર પણ अ છે,

આચાર્યનો પ્રથમ અક્ષર आ છે, ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર उ છે અને સાધુ કે મુનિનો પ્રથમ અક્ષર म–म् છે. તેનું સંયોજન કરતાં अ+अ=आ થાય, आ+आ=आ થાય आ+उ=ओ થાય અને તેમાં म् ઉમેરાતાં ओम् થાય.

ૐકારની શક્તિ વિષે કહેવાયું છે કે–

ॐकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥

'યોગીઓ–યોગસાધકો બિંદુથી સંયુક્ત એવા ઇચ્છિત કામસુખને આપનારા તથા મોક્ષને આપનારા ૐકારનું ધ્યાન કરે છે, આવા ૐકારને–ॐ નામના મંત્રને વારંવાર નમસ્કાર હો.'

મુનિ–મહાત્માઓના વ્યાખ્યાન–પ્રસંગે પ્રારંભમાં આ શ્લોક પ્રાયઃ બોલાય છે, તે પરથી પણ તેનું મહત્ત્વ સમજી શકાશે.

अर्हं બીજનો મહિમા અનેરો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ શબ્દાનુશાસનની સ્વોપજ્ઞ બૃહદ્ વૃત્તિમાં જણાવ્યું છે કે–

अर्हमित्येतदक्षरं परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्धचक्रस्यादिबीजं सकलागमोपनिषद्भूतशेषविघ्नविघातनिघ्नमखिलदृष्टादृष्टसंकल्पकल्पद्रुमोपमं शास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम्॥

થોડા વિવેચનથી આનો અર્થ–ભાવ સ્પષ્ટ થશે.

'अर्हमित्येतदक्षरं–અહીં अर्हं એવો જે અક્ષર છે, તે

परमेश्वरस्य परमेष्ठिनो वाचकं પરમેશ્વર એવા પરમેષ્ઠિનો વાચક છે.' જે પોતાના સ્વરૂપથી ચલિત ન થાય તે અક્ષર કહેવાય. તે અહીં બીજરૂપે પ્રયુક્ત છે. કદાચ પાઠકને પ્રશ્ન થશે કે 'અર્હં'માં દેખીતી રીતે જ વધારે અક્ષરો છે, તો અક્ષરો ન કહેતાં અહીં અક્ષર એવો પ્રયોગ કેમ કર્યો?' તેનું સમાધાન એ છે કે 'જે બીજ ઘણા અક્ષરોથી સંયુક્ત હોય-કૂટ હોય, તેને એક જ અક્ષર ગણવામાં આવે છે; જેમકે-ॐ, क्ष्ं हम्ल्व्र्यूं આદિ. વળી મંત્રવિદોનું કહેવું છે કે કૂટ મંત્રોમાં ઘણા અક્ષરો દેખાવા છતાં તેમાં વસ્તુતઃ એક જ અક્ષર મંત્રસ્વરૂપ હોય છે અને બાકીના તો તેના પરિકર કે પરિવારરૂપ હોય છે, તેથી પણ તેને એક અક્ષર કહેવામાં આવે છે. अर्हं બીજ અનેકાક્ષરી હોવા છતાં તેમાં ह અક્ષર જ મંત્રસ્વરૂપ છે, તેથી અહીં અક્ષર એવો શબ્દપ્રયોગ ઉચિત છે.'

કદાચ અહીં બીજો પ્રશ્ન એમ પૂછાય કે 'પરમેશ્વર એવા પરમેષ્ઠિ એમ કહેવામાં શો હેતુ રહેલો છે?' તો તેનો ઉત્તર એ છે કે 'દેવતાઓ અને ગુરુઓનું નામ ઉપપદ વિના-વિશેષણ વિના બોલવું ન જોઈએ એવો શાસ્ત્રનો આદેશ છે,* અને અહીં પરમેષ્ઠી એ દેવતાનું

---

* देवतानां गुरूणां च, नाम नोपपदं विना।
उच्चरेन्नैव जायायाः, कथञ्चिन्नात्मनस्तथा॥

'દેવતાઓ અને ગુરુઓનું નામ ઉપપદ-વિશેષણ વિના બોલવું નહિ. તેમ જ સ્ત્રીનું નામ કે બનતાં સુધી પોતાનું નામ પણ સ્વયં બોલવું નહિ.'

નામ છે, માટે તેને પરમેશ્વર એવું ઉપપદ-વિશેષણ લગાડેલું છે. વળી પરમેષ્ઠી એ શબ્દ એવી મહાન વસ્તુનો સૂચક છે કે તેને શ્રી જેવું સામાન્ય કોટિનું વિશેષણ શોભે નહિ; તેથી અહીં પરમેશ્વર એવું યથાર્થ વિશેષણ લગાડેલું છે. પરમેશ્વર એટલે પરમ ઐશ્વર્યવાન્, પરમ ઐશ્વર્ય એટલે ખુદ દેવો કે ઈન્દ્રોને પોતાના માટે નહિ કરાતી અષ્ટ પ્રાતિહાર્ય અને સમવસરણાદિ અનન્ય પ્રકારની સમૃદ્ધિ તથા યોગની સર્વ પ્રકારની સિદ્ધિ. પરમેષ્ઠી એટલે પરમ-પૂજ્ય સ્થાને રહેલા. એ પાંચ છે. એમાં અહીં પરમેશ્વર પરમેષ્ઠિનો અર્થ સકલ રાગાદિરૂપ મલરહિત, સર્વ જીવોના યોગ અને ક્ષેમનું વહન કરનારા, શસ્ત્રાદિ ઉપાધિથી રહિત હોવાને લીધે પ્રસન્નતાના પાત્ર, જ્યોતિરૂપ, દેવાધિદેવ, સર્વજ્ઞ પુરુષવિશેષ સમજવાના છે.

આટલાં વિવેચનથી સ્વરૂપ અને અભિધેય કહેવાયું. હવે તેનું તાત્પર્ય કહે છે.

જે વાચ્યાર્થને કહે તે વાચક કહેવાય.

'सिद्धचक्रस्यादिबीजं सकलोपनिषद् भूतम्-આ अर्हं એવો જે અક્ષર છે, તે સિદ્ધચક્રનું આદિ બીજ છે અને સકલ આગમોનું રહસ્ય છે.' જેમ જૈનેતર શાસ્ત્રોમાં ત્રૈલોક્યવિજયા, ઘંટાર્ગલ, સ્વાધિષ્ઠાન, પ્રત્યંગિરા વગેરે ચક્રો પ્રસિદ્ધ છે, તેમ જૈનશાસ્ત્રોમાં સિદ્ધચક્ર પ્રસિદ્ધ છે. તેમાં સિદ્ધ એવા પરમ તત્ત્વો ચક્રાકારે મંડળરૂપે ગોઠવાયેલા હોય તે સિદ્ધચક્ર. એ પરમ તત્ત્વ નવ છે,-અર્હંત્,

સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. આ સિદ્ધચક્રમાં બીજાં પણ પાંચ બીજો છે, જેવાં કે હ્રાँ, હ્રીँ હ્રૂँ હ્રૌ હ્રઃ તેમાં 'अर्हं' એ પ્રથમ બીજ છે, તેથી તેને આદિ બીજ કહેવામાં આવ્યું છે.

જે પરમગુરુ એવા અરિહંતના મુખમાંથી નીકળ્યું હોય અને શ્રદ્ધાસંપન્ન વિનયવંત શિષ્યો પ્રત્યે ગયું હોય તે આગમ કહેવાય. આવાં આગમો મુખ્યત્વે બાર અને સમુદાયરૂપે ઘણાં છે. તે બધાંનો સાર 'अरिहंत–सिद्ध–आयरिय–उवज्झाय–साहू' એ ષોડાક્ષરી વિદ્યામાં આવી જાય છે અને ષોડાક્ષરી વિદ્યાનો સાર 'अर्हं' બીજમાં નિહિત છે, એટલે તેને સકલ આગમોનુ રહસ્ય કહેવામાં આવ્યું છે.

આ अर्हं બીજ 'अशेषविघ्नविघातनिघ्नं' એટલે સર્વ વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે અને–'अखिलदृष्टादृष्ट-संकल्पकल्पद्रुमोपमं' એટલે સર્વ પ્રકારના દૃષ્ટ અને અદૃષ્ટ એવા જે સંકલ્પો તેને પૂરવા માટે કલ્પવૃક્ષ સમાન છે. અહીં દૃષ્ટ સંકલ્પથી રાજ્યરિદ્ધિ વગેરે અને અદૃષ્ટ સંકલ્પથી સ્વર્ગાદિ સુખો અભિપ્રેત છે.

છેવટે કહ્યું છે કે 'शास्त्राध्ययन ध्यापनावधि प्रणिधेयम्'– આ બીજનું શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપન સમયે અવશ્ય પ્રણિધાન કરવું જોઈએ.'

અહીં શબ્દશાસ્ત્રની રચનાનો પ્રસંગ છે, એટલે

અધ્યયન-અધ્યાપનનો નિર્દેશ કર્યો છે, પણ સર્વ મુમુક્ષુઓએ જિનોપાસનામાં આગળ વધવા માટે તેનું પ્રણિધાન કરવાનું છે, તેનો જપ તથા અર્થભાવના કરવાની છે.'

શ્રી જયસિંહસૂરિએ ધર્મોપદેશમાલામાં अर्हंरूप અક્ષરતત્ત્વનું વર્ણન કરતાં કહ્યું છે કે—

अकारादि-हकारान्ता, प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता, ऋषभेण महात्मना ॥३॥

'અ'થી શરૂ થતી અને 'હ'માં અંત પામતી એવી સિદ્ધ-માતૃકા પ્રસિદ્ધ છે કે જેને યુગના પ્રારંભમાં પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવંતે સ્વયં કહી હતી.'

एकैकमक्षरं तस्यां, तत्त्वरूपं समाश्रितम् ।
तत्रापि त्रीणि तत्त्वानि, येषु तिष्ठति सर्ववित् ॥४॥

'તે સિદ્ધ માતૃકાનો એક એક અક્ષર તત્ત્વરૂપને સમાશ્રિત (પ્રાપ્ત) છે, અર્થાત્ પ્રત્યેક અક્ષર તત્ત્વરૂપ છે. તેમાં પણ 'अ', 'र' અને 'ह' એ ત્રણ તત્ત્વો એવાં (વિશિષ્ટ) છે કે જેમાં સર્વજ્ઞ પરમાત્મા રહેલા છે.'

'अ' તત્ત્વનું વર્ણન :

अकारः प्रथमं तत्वं, सर्वभूताभयप्रदम् ।
कण्ठदेशं समाश्रित्य, वर्तते सर्वदेहिनाम् ॥५॥

'તેમાં અકાર પ્રથમ તત્ત્વ છે, સર્વ પ્રાણીઓને અભય આપનારું છે અને સર્વ દેહધારીઓના કંઠસ્થાનને આશ્રીને રહેલું છે.'

सर्वात्मकं सर्वगतं, सर्वव्यापि सनातनम् ।
सर्वसत्त्वाश्रितं दिव्यं, चिन्तितं पापनाशनम् ॥६॥

'તે તત્ત્વ સર્વસ્વરૂપ, સર્વગત, સર્વવ્યાપી, સનાતન અને સર્વ પ્રાણીઓને આશ્રીને રહેલું છે, તેનું દિવ્ય ચિંતન (સર્વ) પાપનો નાશ કરે છે.'

सर्वेषामपि वर्णानां, स्वराणां च धुरि स्थितम् ।
व्यञ्जनेषु च सर्वेषु, ककारादिषु संस्थितम् ॥७॥

पृथिव्यादिषु भूतेषु, देवेषु समयेषु च ।
लोकेषु च सर्वेषु, सागरेषु च सरित्सु च ॥८॥

मन्त्र–तन्त्रादियोगेषु, सर्वविद्याधरेषु च ।
विद्यासु च सर्वासु, पर्वतेषु वनेषु च ॥९॥

शब्दादिसर्वशास्त्रेषु, व्यन्तरेषु नरेषु च ।
पन्नगेषु च सर्वेषु, देवदेवेषु नित्यशः ॥१०॥

व्योमवद् व्यापिरूपेण, सर्वेष्वेतेषु संस्थितम् ।
नातः परतरं ब्रह्म, विद्यते भुवि किञ्चन ॥११॥

'તે તત્ત્વ (અકાર) બધાય વર્ણો અને સ્વરોમાં અગ્રસ્થાને રહેલું છે અને કકારાદિ સર્વ વ્યંજનો (ના ઉચ્ચારણ)માં રહેલું છે. તે તત્ત્વ પૃથ્વી આદિ પાંચ મહાભૂતો (પૃથ્વી, જળ, તેજસ્, વાયુ અને આકાશ), દેવો, સમયો, સર્વ લોકો, સમુદ્રો, નદીઓ, મંત્રો અને તંત્રાદિ યોગો, સર્વ વિદ્યાધરો, સર્વ વિદ્યાઓ, પર્વતો, વનો, વ્યાકરણ આદિ સર્વ શાસ્ત્રો, વ્યંતરો, મનુષ્યો,

સર્પો અને સર્વ દેવાધિદેવો—એ બધામાં આકાશની જેમ સર્વ વ્યાપી રૂપે રહેલું છે. વિશ્વમાં એનાથી શ્રેષ્ઠ બીજું કોઈ બ્રહ્મ વિદ્યમાન નથી.'

इदमाद्यं भवेद् यस्य, कलाऽतीतं कलाश्रितम् ।
नाम्ना परमदेवस्य, ध्येयोऽसौ मोक्षकाङ्क्षिभिः ॥१२॥

'કલારહિત અથવા કલાસહિત એવું આ (પરમ) તત્ત્વ નામવડે જે પરમદેવની આદિમાં છે, તે (પરમદેવ)નું મોક્ષની આકાંક્ષાવાળા પુરુષોએ ધ્યાન કરવું જોઈએ.'

'र्' તત્ત્વનું વર્ણન :

दीप्तपावकसङ्काशं सर्वेषां शिरसि स्थितम् ।
विधिना मन्त्रिणा ध्यातं, त्रिवर्गफलदं स्मृतम् ॥१३॥

'સર્વ પ્રાણીઓના મસ્તકમાં રહેલ પ્રદીપ્ત અગ્નિ-સમાન આ તત્ત્વનું મંત્રધારકવડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ રૂપ ફળને આપનારું છે, એમ (જ્ઞાની પુરુષોએ) કહ્યું છે.'

यस्य देवाभिधानस्य, मध्ये ह्येतद् व्यवस्थितम् ।
पुण्यं पवित्रं माङ्गल्यं, पूज्योऽसौ तत्त्वदर्शिभिः ॥१४॥

'પુણ્ય, પવિત્ર અને મંગલ એવું આ તત્ત્વ જે પરમાત્મા (अर्हं)ના નામની મધ્યમાં રહેલું છે, તે પરમાત્મા તત્ત્વદર્શીઓને પૂજ્ય છે.'

'ह्' તત્ત્વનું વર્ણન :

सर्वेषामपि भूतानां, नित्यं यो हृदि संस्थितः ।
पर्यन्ते सर्ववर्णानां सकलो निष्कलस्तथा ॥१५॥

हकारो हि महाप्राणः, लोकशास्त्रेषु पजितः ।
विधिना मन्त्रिणा ध्यातः, सर्वकार्यप्रसाधकः ॥१६॥

'સર્વ પ્રાણીઓના હૃદયમાં સદા રહેલ, સર્વ વર્ણોની અંતે રહેલ, કલા સહિત, કલા રહિત અને લૌકિક શાસ્ત્રોમાં 'મહાપ્રાણ' તરીકે પૂજીત (બહુમત) એવા 'હ'કારનું મંત્ર-ધારકવડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે સર્વ કાર્યોનો સાધક છે.'

यस्य देवाभिधानस्य, पर्यन्त एष वर्तते ।
मुमुक्षुभिः सदा ध्येयः, स देवो मुनिपुङ्गवैः ॥१७॥

'જે દેવના નામના અંતમાં આ ('હ'કાર) રહે છે, તે (अर्ह) દેવનું મુમુક્ષુ-મુનિવરોએ સદા ધ્યાન કરવું જોઈએ.'

બિંદુનું વર્ણન :

सर्वेषामपि सत्त्वानां नासाग्रे परिसंस्थितम् ।
बिन्दुकं सर्ववर्णानां, शिरसि सुव्यवस्थितम् ॥१८॥

हकारोपरि यो बिन्दुर्वर्तुलो जलबिन्दुवत् ।
योगिभिश्चिन्तितस्तस्थौ, मोक्षदः सर्वदेहिनाम् ॥१९॥

'જે સર્વ પ્રાણીઓની નાસિકાના અગ્ર ભાગને વિષે રહેલ છે, જે સર્વ વર્ણોના મસ્તકે સુવ્યવસ્થિત છે, જે 'હ'કાર ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે રહેલ છે અને

જે યોગીઓ વડે સદા ચિન્તિત છે, તે બિંદુ સર્વ જીવોને મોક્ષ આપનાર છે.'

त्रीण्यक्षराणि बिन्दुश्च, यस्य देवस्य नाम वै ।
स सर्वज्ञः समाख्यातः, 'अर्हं' तदिति पण्डितैः ॥२०॥

'ત્રણ અક્ષરો અને બિંદુ મળીને જે દેવનું નામ થાય છે, તે દેવ પંડિતો વડે સર્વજ્ઞ પરમાત્મા 'અર્હં' (અરિહંત) કહેવાયા છે.'

અન્યત્ર કહેવાયું છે કે—

अकारेणोच्यते विष्णू, रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥

'અકારથી વિષ્ણુ કહેવાય છે, ' રેફમાં બ્રહ્મા રહેલા છે, હકારથી શિવનું કથન છે, અને તેના છેડે ં આવું જે અનુસ્વાર છે, એ પરમ પદનું વાચક છે.'

તાત્પર્ય કે આ રીતે અર્હં પદ સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન હોવાથી તેનું પ્રણિધાન કરવું ઇષ્ટ છે. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે બીજનું જપરૂપ પ્રણિધાન કરતી વખતે મંત્રસ્વરૂપે જ કરાય છે, એટલે કે ત્યાં માત્ર બીજ નહિ, પણ તેને લગતો જે મંત્ર હોય તેનો જ જપ કરવો જોઈએ.

૪-જપ કોને કહેવાય?

મંત્રાક્ષરની વારંવાર આવૃત્તિ કરવી તેને જપ

કહેવાય છે. જપવું એટલે બોલવું–રટવું. જેમાં બોલવાની–રટવાની ક્રિયા વારંવાર થાય, તે જપ.

## ૫–કેવો મંત્રજપ ફલદાયી થાય ?

જે મંત્ર ગુરુદત્ત હોય છે, એટલે કે ગુરુએ વિધિપૂર્વક આપેલો હોય છે, તે જ ઈષ્ટ ફલને આપનારો થાય છે, તેથી મુમુક્ષુએ સારી તિથિ, સારો વાર, સારું મુહૂર્ત જોઈને ગુરુ પાસેથી વિનયપૂર્વક મંત્ર ગ્રહણ કરવો જોઈએ. ક્યાંકથી સાંભળેલો, કોઈની પાસેથી તફડાવેલો કે પુસ્તકમાંથી વાંચેલો મંત્ર ગમે તેટલો જપવામાં આવે તો પણ ઈષ્ટ ફલને આપી શકતો નથી.

## ૬–મંત્રજપ ક્યાં કરવો ?

કોઈ એકાંત ઓરડામાં સિંહાસન કે બાજોઠ પર શ્રી જિનેશ્વરદેવની છબી પધરાવીને તેની સન્મુખ આ મંત્રનો જપ કરવો ઉચિત છે. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુમાં કહ્યું છે કે 'જપ દેવતાની સન્મુખ અથવા સ્વચ્છ જળાશયોની આગળ અથવા પત્રો, પુષ્પો અને ફળોથી લચેલાં વૃક્ષોવાળા–વનપ્રદેશની અંદર કરવા માટે સત્પુરુષોની આજ્ઞા છે.' એટલે જ્યાં જેવો સંયોગ હોય તે પ્રમાણે વર્તવું ઈષ્ટ છે.


જે સ્થાનમાં મંત્રજપ કરવો હોય ત્યાં સુગંધી ધૂપ કરવો જોઈએ, ઘીનો દીવો પ્રકટાવવો જોઈએ, આસોપાલવનું તોરણ બાંધવું જોઈએ અને પુષ્પમાળા લટકાવવી



ॐ ह्रीँ अर्हँ नमः

મંત્રનો એક સુંદર પટ

[ લેખકની નિત્યપૂજામાં આ પટનો વર્ષોથી ઉપયોગ થાય છે. ]



શ્રી જિનેશ્વરદેવના ધ્યાનમાં
મગ્ન મુનિ

શ્રી વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર - મુંબઈ

જોઈએ. ટૂંકમાં તેને અને તેટલું પવિત્ર તથા આકર્ષક કરવાથી મંત્રજપમાં ઘણી અનુકૂલતા રહે છે.

૭–પૂર્વવિધિ

પ્રથમ ઇષ્ટદેવનું પંચોપચારથી કે અષ્ટોપચારથી પૂજન કરવું જોઈએ, પછી સારગર્ભિત સુંદર સ્તુતિ–સ્તોત્રોથી તેમની સ્તવના કરવી જોઈએ અને ત્યારબાદ મંત્ર જપમાં પ્રવૃત્ત થવું જોઈએ.

પ્રભુપૂજન કરતાં પહેલાં સાત પ્રકારની શુદ્ધિ સાચવવી જોઈએ, એ વસ્તુ આગળ અમે એક સ્વતંત્ર પ્રકરણ દ્વારા કહી ગયા છીએ, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી, પણ એટલું જણાવીએ કે આ પૂજન ઘણું જ શુદ્ધિપૂર્વક થવું જોઈએ. શુદ્ધિ જેટલી વધારે તેટલી સિદ્ધિ સમીપ સમજવી.

તાંત્રિક મત પ્રમાણે મંત્રજપ કરતાં પહેલાં પૂજા, સ્તોત્ર, હૃદય, કવચ અને સહસ્રનામનો પાઠ આ પાંચ વસ્તુ કરી લેવી જોઇએ, તેમાં ઇષ્ટદેવતાના પૂજન વખતે આત્મશુદ્ધિ, સ્થાનશુદ્ધિ, મંત્રશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ અને દેવ-શુદ્ધિ કરી લેવી જોઈએ. આ દરેક શુદ્ધિ માટેના અલગ નિયમો છે, તે જિજ્ઞાસુએ તંત્રગ્રંથોથી જાણવા.*

અર્હંમંત્ર સાત્ત્વિક છે અને તેનો જપ શાંતિ અર્થે કરવામાં આવે છે, એટલે તે વખતે શ્વેત વસ્ત્રો પરિધાન

* આ શુદ્ધિનું કેટલુંક વર્ણન અમોએ જૈન શિક્ષાવલી–પ્રથમ શ્રેણીના 'મંત્રસાધન' નામના પુસ્તકમાં કરેલું છે.

કરવાં જોઈએ અને જપમાળા કે જેને સામાન્ય રીતે નવકારવાળી કે નોકારવાળી કહેવામાં આવે છે, તે સ્ફટીક, રૌપ્ય કે શ્વેત પારાની હોવી જોઈએ. વળી આસન પણ શ્વેત ઊનનું હોય તે ઇચ્છવા યોગ્ય છે.

૮-સંખ્યાનો નિર્ણય

મંત્રજપ કેટલો કરવો છે? તેનો નિર્ણય અગાઉથી કરી લેવો જોઈએ અને તેને ગમે તે ભોગે પાર પાડવાનો દઢ સંકલ્પ સેવવો જોઈએ, અન્યથા નાનું-મોટું કોઈપણ વિઘ્ન ઉપસ્થિત થતાં અટકી જવાનો સંભવ છે. વળી પ્રતિદિન કેટલો જપ કરવો, તેનો નિર્ણય પણ તે જ વખતે કરી લેવો જોઈએ અને તે પ્રમાણે પ્રતિદિન જપસંખ્યા પૂરી કરવી જોઈએ.

अर्हं મંત્રનો જપ જેટલો થાય, તેટલો ઉત્તમ છે, પણ જો તે સંકલ્પપૂર્વક સવા લાખનો કરવામાં આવે તો ઘણો ફલદાયી થાય છે. અમે પૂર્વપુરુષોના કથનથી જાણ્યું છે, તથા અમારા પોતાના અનુભવથી એમ જોયું છે કે સવા લક્ષ જપાયેલો આ મંત્ર મહામૃત્યુંજયનું કામ કરે છે અને ટુંક સમયમાં જ ઈષ્ટ મનોરથની પૂર્તિ કરે છે; વળી જપસંખ્યા અર્ધા ઉપર પહોંચ્યા પછી સુંદર સ્વપ્નો આવવાની શરૂઆત થાય છે અને પૂર્ણાહુતિના સમયે તો જીવનભર યાદ રહી જાય તેવા અપૂર્વ શુભસૂચક સ્વપ્નની પ્રાપ્તિ થાય છે. જેઓ પોતાના જીવનમાં અર્હંમંત્રનો સવાક્રોડ જપ કરે છે, તેમનું જીવન ધન્ય ધન્ય બને છે.

૯–જપના પ્રકારો

જપના પ્રકારો અનેક છે, પણ તેમાં ત્રણ પ્રકારની વિશેષ પ્રસિદ્ધિ છેઃ (૧) ભાષ્ય, (૨) ઉપાંશુ અને (૩) માનસ. બીજો સાંભળી શકે તે પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરવો, તે **ભાષ્ય** જપ કહેવાય છે, બીજો સાંભળી ન શકે એ રીતે એટલે હોઠ બીડીને મંત્રનું રટણ કરવું, તે **ઉપાંશુ** જપ કહેવાય છે અને જે મંત્ર માત્ર મનની વૃત્તિઓથી જ સ્વસંવેદનરૂપે જપાય તે **માનસ** કહેવાય છે. આ ત્રણ પ્રકારો ઉત્તરોત્તર ઉત્તમ છે, એટલે ભાષ્ય જપ કરતાં ઉપાંશુ જપનું અને ઉપાંશુ જપ કરતાં માનસ જપનું ફળ ઘણું વધારે છે. તેથી મુખ્યતાએ તો માનસ જપનું અવલંબન લેવું શ્રેષ્ઠ છે, પણ તેમ ન બની શકે તો ઉપાંશુ જપનું પણ અવલંબન લઈ શકાય. ભાષ્ય જપ કનિષ્ઠ હોઈ બને ત્યાં સુધી આ પ્રસંગે તેનું અવલંબન લેવું નહિ. અન્ય સમયે જપના અભ્યાસ માટે ભાષ્યનું અવલંબન લેવામાં આવે તે ઇષ્ટ છે.

૧૦–જપ કેવી રીતે કરવો ?

હાથની આંગળીઓ પર, માળા ઉપર કે નાસિકાના અગ્ર ભાગ ઉપર દષ્ટિ સ્થિર કરીને તથા અંતરાત્માથી શાંત થઈને મંત્રોના અક્ષરમાં ચિત્તની વૃત્તિને પરોવી દેવી જોઈએ. જેમ સૂત્ર (દોરો) પરોવ્યા પછી માળાના મણકા જ્યાં ત્યાં વિખરાઈ જતા નથી, તેમ મનને મંત્રના અક્ષરોમાં પરોવ્યું કે તેની વૃત્તિ જ્યાં ત્યાં જતી નથી.

જ્યારે મન વ્યાકુળ થાય, ત્યારે થોડીવાર માટે જપ છોડી દેવો જોઈએ. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુમાં કહ્યું છે કે 'વ્યાકુલ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી (અંદરથી અશાંત છતાં બહારથી શાંત આકાર ધારણ કરવારૂપ) માયાચારનો ત્યાગ થાય છે તથા વિશ્રાંતિ લેવાથી જપમાં સારી રીતે પ્રવૃત્તિ થાય છે.'

ભૂતશુદ્ધિતંત્રમાં કહ્યું છે કે–

मन संहृत्य विषयान् मन्त्रार्थगत-मानसः ।
न द्रुतं न विलम्बं च, जपेन् मौक्तिकहारवत् ॥

'જપ કરતી વખતે બાહ્ય વિષયોને મનથી દૂર કરવા અર્થાત્ ઉખેડી નાખીને મંત્રના અર્થની ભાવનાપૂર્વક અતિ ઉતાવળે નહિ અને અતિ મંદ ગતિએ પણ નહિ, એટલે કે સરખી રીતે જેમ મોતીના હારમાં ધીમે ધીમે મોતી પરોવીએ છીએ, તે જ પ્રમાણે જપ કરવો.'

તાત્પર્ય કે જપ કરતી વખતે મનને સમગતિએ ચલાવવું પણ તેનો વેગ વધી જાય કે ઢીલો પડી જાય, એમ કરવું નહિ.

મનને સમગતિએ ચલાવવા માટે કેટલાક અભ્યાસની જરૂર છે. તે માટે અમે ધ્યાનના વર્ગોમાં× તથા અવધાન

× ધ્યાનના વર્ગો ઘણાં વર્ષ પહેલાં ચલાવતા હતા, હાલમાં ચલાવતા નથી; પણ કોઈ કોઈ મુમુક્ષુને ખાસ શિક્ષણ લેવું હોય તો કેટલુંક માર્ગદર્શન આપીએ છીએ.

પ્રયોગોના શિક્ષણમાં+ નીચેની પ્રક્રિયા અમલમાં મૂકી હતીઃ–

૧ થી ૫૦ સુધીના અંકો ધીમે ધીમે એક સરખા અંતરે બોલી જવા. તેમાં ઝડપ વધી જાય તો દ્રુત દોષ સમજવો અને ઝડપ ઘટી જાય તો વિલંબિત દોષ સમજવો. ગણનાવખતે એક પણ વિકલ્પ ઊઠવો ન જોઈએ. વિકલ્પ ઊઠે ત્યાં સુધી પ્રક્રિયા સિદ્ધ થઈ નથી એમ સમજવું. જ્યારે ૧ થી ૫૦ સુધીની સંખ્યા સમગતિએ બોલાય ત્યારે સંખ્યાનો ક્રમ આગળ લંબાવી ૧૦૦ સુધીનો કરવો. આ રીતે ૧ થી ૧૦૦ સુધીની સંખ્યા બરાબર સરખા અંતરે બોલાય અને કોઈ જાતનો દોષ આવે નહિ ત્યારે મન સમગતિએ ચાલે છે, એમ સમજવું અને તેનો યથાર્થ ઉપયોગ કરવો.

જપ અંગે બીજાં સૂચનો નીચે મુજબ છેઃ—

(૧) જપ દરમિયાન સદાચારનું પાલન કરવું.

(૨) જપ અનિદ્રિત થઈને કરવો, એટલે કે જપ કરતાં ઊંઘનાં ઝોકાં ન આવી જાય તેનો ખ્યાલ રાખવો. આહારનું પ્રમાણ વધારે થયું હોય, થાક ખૂબ લાગ્યો હોય કે જપમાં મન બરાબર ચોંટતું ન હોય, ત્યારે ઊંઘનાં ઝોકાં આવવા સંભવ છે, એટલે ઉપાસકે આ બાબતનો ખાસ ઉપયોગ રાખવો.

---

+ અવધાનપ્રયોગોનું શિક્ષણ વ્યક્તિની યોગ્યતા જોઈને સમય-સંયોગ–અનુસાર આજે પણ આપીએ છીએ.

(૩) જપ સ્વસ્થ ચિત્તે કરવો, એટલે કે તે સમયે બીજા કોઈ વિકલ્પો ઊઠવા દેવા નહિ.

(૪) તોષ ધારણ કરવો, એટલે કે જપનું ફળ મળશે કે નહિ? એવા વિચારને સ્થાન ન આપતાં યોગ્યતા અને સમય પરિપક્વ થયે તેનું ફળ અવશ્ય મળશે, એવી આંતરિક શ્રદ્ધા રાખીને જપમાં પ્રવૃત્ત થવું.

(૫) સીવેલાં વસ્ત્ર ધારણ કરીને, નગ્ન થઈને, મુક્ત કેશ રાખીને કે અપવિત્ર હાથવડે જપ કરવો નહિ. તેમજ ચિંતાતુર ચિત્તે, ક્રોધાવેશમાં કે ભ્રમિત ચિત્તથી પણ મંત્ર-જપ કરવો નહિ.

### ૧૧–અજપાજાપ

જપ જ્યારે ચરમ સીમાએ પહોંચે છે, ત્યારે વગર જપ્યે પણ જપાય છે, જેને અનુભવીઓએ અજપાજાપની સ્થિતિ કહી છે. આ સ્થિતિ પ્રાપ્ત થયે મનની તમામ વૃત્તિઓ એક સૂક્ષ્મ કેન્દ્રમાં આવી જાય છે, એટલે તેનું યથેચ્છ પરિભ્રમણ અટકી જાય છે. યોગીઓ અથવા મહાત્માઓનું મન આ જાતનો અજપાજપ જપતું હોય છે, તેથી જ તેમને અનેક પ્રકારની સિદ્ધિઓ સાંપડે છે.

### ૧૨–મંત્રજપના લાભો

જપનું અનુષ્ઠાન સદાચારપૂર્વક કરવાનું હોય છે, તેથી તેમાં યમ–નિયમ સિદ્ધ થાય છે. વળી નિયત જપ પૂરો કરવા માટે લાંબા સમય સુધી એક આસને સ્થિર

બેસવું પડે છે, તેથી આસનસિદ્ધિ પણ થાય છે, અને જપ પૂરક, કુંભક તથા રેચકનાં ધોરણે કરવામાં આવે તો પ્રાણાયામમાં પણ સારી પ્રગતિ થાય છે × તે જ રીતે જપ કરતો વખતે ઈન્દ્રિયો અને મન વિષયમાંથી સારી રીતે ખેંચાઈ જાય છે, તેથી પ્રત્યાહારનો પણ અભ્યાસ થાય છે અને જપ વખતે મનની વૃત્તિઓનો પ્રવાહ એક તરફ વહે છે, એટલે ધારણા પણ વિકાસ પામે છે. આ રીતે જપના અનુષ્ઠાનથી યમનિયમાદિપૂર્વક યોગનાં છ અંગો સિદ્ધ થાય છે, તેથી ધ્યાનની યોગ્યતા આવે છે કે જેનું વર્ણન હવે પછીના પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

---

× જપના તેર પ્રકારોમાં પુરક, કુંભક તથા રેચકનાં ધોરણો કરવાનું વિધાન છે. શ્રી સિંહતિલક સૂરિએ આ તેર પ્રકારો મન્ત્રાધિરાજ રહસ્યમાં જણાવેલા છે.

# પ્રકરણ બાવીશમું

## ધ્યાન

### ૧–ધ્યાનની મહત્તા

એક મહાપુરુષે કહ્યું છે કે–

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥

પૂજા એટલે બાહ્ય ઉપચારોથી થતી પૂજા. સ્તોત્ર એટલે સારગર્ભિત સ્તુતિ–સ્તવન. જપ એટલે ઇષ્ટદેવનો મંત્રજપ. ધ્યાન એટલે ઈષ્ટદેવનું ધ્યાન અને લય એટલે સાધ્ય, સાધન અને સાધકની ભેદબુદ્ધિનો નાશ. આ બધી ઉપાસનાની ઉત્તરોત્તર શ્રેષ્ઠ ભૂમિકાઓ છે. અહીં કોટિ શબ્દનો પ્રયોગ મહાન અંતર દર્શાવવા માટે થયેલો છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે ઉપાસકે ઇષ્ટદેવનો નિયત પૂજા–પાઠ કરી લીધો એટલે બધું પતી ગયું, એમ સમજવાનું નથી. તેણે ઇષ્ટદેવના ગુણોનું પણ સ્મરણ કરવું જોઈએ અને તે માટે સારગર્ભિત સુંદર સ્તુતિ, સ્તવન કે સ્તોત્રો બોલવાં જોઈએ. તેનો પ્રભાવ આપણા આત્મા પર ઘણો પડે છે, એટલે કે ઇષ્ટદેવના જેવા જ ગુણો મેળવવાની વૃત્તિ આપણા અંતરમાં જાગ્રત થાય છે

અને તે ધીમે ધીમે તીવ્ર થતાં ગુણ–સંપાદનનું કાર્ય શરૂ થઈ જાય છે. પરંતુ આ લાભ ત્યારે જ મળે છે કે જ્યારે સ્તુતિ–સ્તવન–સ્તોત્રના અર્થ બરાબર સમજીએ અને તેના પર ચિંતન–મનન કરતા રહીએ. જો ફોનોગ્રાફની ચૂડીની માફક માત્ર શબ્દોચ્ચારણ કરી જઈએ, તો તેથી આવો લાભ થવા સંભવ નથી. આ જ વસ્તુને બીજી રીતે કહેવી હોય તો એમ કહી શકાય કે પ્રભુનાં સારગર્ભિત સ્તુતિ-–સ્તવન–સ્તોત્રો પર ચિંતન–મનન કરવું, એ પણ ઉપાસનાનો એક મહત્ત્વનો ભાગ છે, તેથી ઉપાસકે તેમાં પ્રવૃત્ત થવું જોઈએ.

પ્રભુની અંગપૂજા તથા અગ્રપૂજા કર્યા પછી ચૈત્યવંદન કરવાનું જે વિધાન છે, તથા વિવિધ પ્રકારની વિસ્તારવાળી પૂજાઓ ભણાવવાની જે યોજના છે, તેમ જ સાયંકાળ પછી ગાનતાન સાથેની ભાવના બેસાડવા માટેનો જે પ્રચાર છે, તેમાં એ જ હેતુ રહેલો છે કે આપણે શ્રી જિનેશ્વર દેવના સદ્ભૂત–યથાર્થ ગુણો જાણી શકીએ અને તેનો આદર્શ સામે રાખીને આપણો જીવનપથ ઉજાળી શકીએ.

પૂજાપાઠ અને સ્તુતિ–સ્તોત્ર પછીની ભૂમિકા ઇષ્ટ–દેવના મંત્રજપની છે અને તે ઘણી ઊંચી છે. તેનાથી ઇષ્ટદેવનો સંપર્ક ઘણો વધી જાય છે અને તેનું સતત સ્મરણ રહ્યા કરે છે, પરંતુ આ જપ જપના ધોરણે એટલે કે જપના સ્થાપિત નિયમોપૂર્વક થાય તો.

હાથમાં જપમાળા હોય અને સંસાર–વ્યવહારની

વાતો થતી હોય કે લાગતાવળગતાને ધંધા–ધાપા અંગે સૂચનાઓ અપાતી હોય ત્યાં ઇષ્ટદેવનો સંપર્ક શી રીતે સધાય? અથવા તો અમુક જપ પૂરા કરવા છે, માટે માળાના મણકા અતિ ઝડપથી ફેરવાયે જતા હોય ત્યાં મંત્રાક્ષરો વ્યવસ્થિત–શુદ્ધ ક્યાંથી બોલાય? જો મંત્રના અક્ષરો આઘાપાછા થઈ જાય કે બોલવાના રહી જાય તો એ મંત્ર ખંડિત થયો ગણાય છે. આવો ખંડિત મંત્ર વિશિષ્ટ કોટિનું કે ઉત્તમ ફળ ક્યાંથી આપી શકે?

જેમ મૂર્તિનું ખંડન આપણા દિલને ખટકે છે, તેમ મંત્રનું ખંડન પણ આપણા દિલને ખટકવું જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો મંત્ર એ ઇષ્ટદેવતાનો અક્ષરદેહ છે, એટલે તેનો પૂરેપૂરો આદર કરવો જોઈએ અને તેની કોઈ પણ પ્રકારે આશાતના ન થાય, એનો ખ્યાલ રાખીને જપ કરવો જોઈએ.

જપ કરતાં પણ ધ્યાનની ભૂમિકા ઘણી ચડિયાતી છે, પરંતુ તે એમને એમ પ્રાપ્ત થતી નથી. તે માટે સારા પ્રમાણમાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે. ખાસ કરીને યમ –નિયમ એટલે સંયમનું પાલન, આસનસિદ્ધિ એટલે એક જ આસને લાંબા સમય સુધી સ્થિર બેસવાનો અભ્યાસ, પ્રાણાયામ એટલે શરીરમાં રહેલા પાંચ પ્રકારના વાયુ ઉપર યથાર્થ કાબૂ, પ્રત્યાહાર એટલે મનને ઇન્દ્રિયોના અર્થમાંથી પાછી ખેંચી લેવાની તાલીમ અને ધારણા એટલે ચિત્ત વૃત્તિનો પ્રવાહ એક જ વસ્તુ તરફ વાળવાનું સામર્થ્ય,

આટલી વસ્તુ તો ધ્યાનમાં પ્રવૃત્ત થનારમાં અવશ્ય જોઈએ. આ બધી વસ્તુ અભ્યાસથી સિદ્ધ થાય છે, એટલે મુખ્ય વાત અભ્યાસની છે.

ધ્યાન ધરવું કઠિન છે, માટે તેને છોડી દેવું કે તેનાથી આઘા રહેવું, એ વિચાર બરાબર નથી. કેટલાંક કાર્યો કઠિન હોય તો પણ સિદ્ધિ, સફળતા કે વિજયપ્રાપ્તિ માટે અવશ્ય કરવાં પડે છે. ત્યાં જો કઠિનાઈથી ડરીને તેને છોડી દેવામાં આવે તો સિદ્ધિ, સફળતા કે વિજય દૂર ચાલ્યાં જાય છે અને નિષ્ફળતા, નામોશી કે અપયશનો ચાંદલો કપાળે ચોટે છે.

શ્રી જિનેશ્વરદેવના જીવન સામું જ જુઓ! તેમણે કેવી કઠિન સાધના કરી! જો વિઘ્નોથી ડરી જઈને કે ઉપસર્ગોથી હતાશ થઈને તેમણે સાધના છોડી દીધી હોત તો કદી પણ અર્હંત્પદની પ્રાપ્તિ કરી શકયા હોત ખરા? શ્રી મહાવીર સ્વામી કે જે ચરમ જિનપતિ અને વર્તમાન શાસનના નાયક છે, તેમણે તો સાધકોને એક જ ઉપદેશ આપ્યો છે કે ' કઠિનાઈઓથી ડરો નહિ, હિમ્મતથી આગળ વધો અને તેનો સામનો કરો. છેવટે વિજય તમારો છે.'

આપણે એમના જ અનુયાયીઓ–ભક્તો–સેવકો અને કઠિનાઈથી ડરી જઈએ તો ભગવાનના ઉપદેશનો અનાદર કર્યો ગણાય, એટલે ધ્યાનથી યોગ્યતા પ્રાપ્ત કરીને ધ્યાનમાં પ્રવૃત્ત થવું અને કોઈ પણ ભોગે તેમાં સફળ થવું. એ જ આપણો એક માત્ર સંકલ્પ હોઈ શકે.

જૈનશાસ્ત્રો કહે છે કે 'ઉચ્ચ કોટિના ધ્યાનનો આશ્રય લીધા વિના જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મોનો નાશ થતો નથી; જ્ઞાનાવરણીય આદિ કર્મોનો નાશ થયા વિના કેવળ-જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા વિના સિદ્ધાવસ્થા સાંપડતી નથી,' એટલે સિદ્ધિ, મુક્તિ કે મોક્ષના અભિલાષીઓએ ધ્યાનનો આશ્રય અવશ્ય લેવો જ જોઈએ.

લયની સ્થિતિ કે જેનો સહુથી છેલ્લો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે ધ્યાન ધરતાં ધરતાં જ પ્રાપ્ત થાય છે, એટલે ઉપાસના-માર્ગમાં ધ્યાન એ અતિ મહત્ત્વની વસ્તુ છે અને તેથી દરેક ઉપાસકે તેના સ્વરૂપ-વિધિ વગેરેથી વહેલી તકે પરિચિત થઈ ધ્યાન માટે તત્પર થવું ઇષ્ટ છે.

**૨–શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન**

કાયાને મંદિર બનાવી, હૃદયને આસન કરી તેના પર શ્રી જિનેશ્વરદેવની મંગલમૂર્તિ સ્થાપિત કરવી અને તેના પર મનને એકાગ્ર કરવું, એ શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન છે. પાઠકો અમારા આ કથનનો મર્મ બરાબર સમજે. કાયાને મંદિર બનાવવું એટલે કાયાને પવિત્ર બનાવવી. અહીં કોઈ એમ કહેતા હોય કે 'કાયા તો મળમૂત્રથી ભરેલી છે, તે શી રીતે પવિત્ર બને ?' તો તે અમારા કથનનો મર્મ સમજ્યા નથી. અહીં પવિત્રતાથી સદાચાર–સદુપયોગનું સૂચન છે. કાયા જ્યારે દુરાચારનો ત્યાગ કરી સદાચારમાં પ્રવર્તતી રહે અને તેનાં અંગોનો ઉપયોગ વિષયભોગ માટે

નહિ, પણ સારાં સારાં કામો કરવામાં થાય, ત્યારે તે પવિત્ર થઈ કહેવાય.

દુરાચાર કોને કહેવાય? તેની સ્પષ્ટતા કરવાની જરૂર છે ખરી? જરૂર હોય તો અમે જણાવીએ છીએ કે કાયાથી અભક્ષ્ય ભક્ષણ કરવું, હિંસા કરવી, દારૂ પીવો, ચોરી કરવી, જૂઠ બોલવું, જુગાર રમવો, પરસ્ત્રી-ગમન કરવું, વેશ્યા સાથે વિષયભોગ કરવો, પ્રાણીઓનો શિકાર કરવો કે કોઈને કોઈ પ્રકારનું દુઃખ ઉપજાવવું, એ દુરાચાર છે અને કાયાને ધાર્મિક-આધ્યાત્મિક ક્રિયાઓમાં પ્રવર્તાવવી તથા કોઈ પરોપકારી પ્રવૃત્તિઓમાં જોડવી, એ સદાચાર છે.

હાથ, પગ, આંખ, કાન વગેરે અંગોનો દુરુપયોગ પણ થઈ શકે છે અને સદુપયોગ પણ થઈ શકે છે. દાખલા તરીકે હાથથી કોઈનો કાન પકડીએ, કોઈને ચૂંટી ખણીએ, કોઈને થપ્પડ મારીએ કે લાકડી યા અન્ય હથિયાર ઉઠાવી બીજાના પર પ્રહાર કરીએ અથવા તો તેનાથી ખોટાં, ખરાબ કે બિભત્સ લખાણો લખીએ, એ હાથનો દુરુપયોગ છે; અને હાથથી દેવ-ગુરુને પ્રણામ કરીએ, દાન દઈએ, કોઈ પણ પરોપકારી કામો કરીએ કે તેનાથી કોઈનું ભલું થાય એવા લેખ વગેરે લખીએ તો એ હાથનો સદુપયોગ છે.

પગથી કોઈને લાત મારીએ, કોઈને કચડી નાખીએ, ન જવાના સ્થાને જઈએ તથા વિષયનો ઉન્માદ શાંત કરવા માટે તેનો આધાર લઈએ તો એ પગનો દુરુપયોગ

છે અને પગથી ચાલીને દેવમંદિરે, ઉપાશ્રયે કે ધર્મના સ્થાનકે જઈએ, કોઈ દીનદુઃખીનું કામ કરી આપીએ કે તીર્થભૂમિનો સ્પર્શ કરીએ, તે પગનો સદુપયોગ છે.

આંખથી કોઈ સ્ત્રીની સામે ખરાબ દૃષ્ટિ કરીએ, કોઈ પુરુષ કે પશુ વગેરેનાં ગુપ્ત અંગો નિહાળીએ, કોઈને ડારીએ–ભય ઉપજાવીએ, કોઈનાં છિદ્રો નિહાળીએ, બિભત્સ સાહિત્ય વાંચીએ કે બિભત્સ નાચ, નાટક, નૃત્ય વગેરે જોઈએ એ આંખનો દુરુપયોગ છે અને આંખથી દેવમૂર્તિનાં દર્શન કરીએ, સંત પુરુષોનુ મુખારવિંદ નિહાળીએ કે દીન–દુઃખી પર કરુણાભરી નજર નાખીએ, સારાં સારાં પુસ્તકો વાંચીએ, ધાર્મિક ઉત્સવ–મહોત્સવો નિહાળીએ કે તીર્થ, મંદિર વગેરે ધર્મસ્થાનોની ભવ્યતા નિહાળીએ, એ આંખનો સદુપયોગ છે.

તે જ રીતે કાનથી કોઈની નિંદા કે કુથલી સાંભળીએ, શૃંગારિક બિભત્સ ગીતો કે વાર્તાઓ સાંભળીએ, કોઈની ખાનગી વાત જાણી લેવાનો પ્રયાસ કરીએ, એ કાનનો દુરુપયોગ છે અને કાનથી શાસ્ત્રવચનો સાંભળીએ, મહાપુરુષોની વાણી સાંભળીએ, પ્રભુભક્તિનાં ગીતો–ભજનો–સ્તવનો સાંભળીએ, ધાર્મિક વાર્તાલાપ કે સંવાદ સાંભળીએ, કોઈ દીન–દુઃખીની હકીકત સાંભળીએ, એ કાનનો સદુપયોગ છે.

કેટલાક એમ સમજે છે કે કાયાને પુષ્કળ પાણીથી સ્નાન કરાવીએ અને ઉવટ્ટણ, સાબુ વગેરેથી તેનો મેલ

કાઢીએ એટલે પવિત્ર થાય છે, પણ એ બાહ્ય પવિત્રતા છે. તેની સાથે અભ્યંતર પવિત્રતા પણ જોઈએ અને તે ઉપર કહ્યું તેમ કાયાને સદાચારમાં પ્રવર્તાવવાથી તથા હાથ–પગ વગેરે અંગોને સારા કામમાં ઉપયોગ કરવાથી પ્રાપ્ત કરી શકાય છે.

કાયાને કુટિલતાનો અખાડો બનાવવો કે દેવને વિરાજવાનું મંદિર બનાવવું, એ આપણા હાથની વાત છે. જો આપણે અતિ દુર્લભ એવો માનવદેહ પામીને પણ મોક્ષ–પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત એવી શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, આરાધના કે ઉપાસના ન કરીએ તો આપણા જેવા મૂઢ, મૂર્ખ કે ગમાર કોણ ?

મોક્ષની પ્રાપ્તિ માત્ર માનવભવમાં જ શક્ય છે, એવી જાહેરાત કરવા પાછળ મહાપુરુષોનો ઉદ્દેશ એ છે કે મનુષ્યો આ કાયાનું સાચું મૂલ્ય સમજે અને તેનો મોક્ષપ્રાપ્તિ માટે બનતો ઉપયોગ કરે; પરંતુ આપણે કાયાનું સાચું મૂલ્યાંકન કર્યું નથી, તેને વિષયભોગનું સાધન માની લીધું છે અને તેનો મનફાવતો દુરુપયોગ કરી રહ્યા છીએ. આમ છતાં જાગ્યા ત્યાંથી સવાર સમજીને હજી પણ તેનું સાચું મૂલ્યાંકન કરીએ અને તેના દ્વારા બની શકે તેટલું મોક્ષ-પ્રાપ્તિનું કાર્ય સાધી લઈએ, એમાં જ આપણું હિત છે. સુજ્ઞોને–શાણાઓને આથી અધિક શું કહેવું ?

દેવમૂર્તિને ગમે ત્યાં પધરાવી શકાય નહિ, તે માટે ખાસ બેઠક–ખાસ આસન જોઈએ. દેવો પણ તે માટે

પ્રાતિહાર્યની સામગ્રીમાં સ્ફટિકનું સુંદર પવિત્ર આસન સાથે રાખે છે; અને મંદિરોમાં પણ તે જ જાતની વ્યવસ્થા હોય છે.

આપણા કાયારૂપી મંદિરમાં દેવનું આસન બનાવવા માટે સર્વથી શ્રેષ્ઠ સ્થાન આપણું હૃદય છે. અહીં હૃદયથી લોહીને શરીરમાં ધકેલનારું અવયવ નહિ પણ હૈયું, દિલ કે અંતઃકરણ સમજવાનું છે. તે માનવદેહની અંદર આવેલાં ત્રણ મર્મસ્થાનો પૈકીનું એક છે અને લાગણીઓ (Feelings, sentiments) નો પ્રાદુર્ભાવ થવાનું મુખ્ય સ્થાન છે. આનાથી વધારે સારું બીજું સ્થાન કયું હોઈ શકે?

દેવનું આસન પવિત્ર હોવું જોઈએ. એટલે કે તેમાં કોઈ જાતની અપવિત્રતા, અશુદ્ધિ કે મલિનતા ન હોવી જોઈએ. જો આસનમાં અપવિત્રતા, અશુદ્ધિ કે મલિનતા હોય તો દેવ ત્યાં બિરાજે નહિ, એટલે આપણે હૃદયની અપવિત્રતા–અશુદ્ધિ–મલિનતા દૂર કરવી જ રહી.

આપણા હૃદયમાં આજે કેવી કેવી લાગણીઓ ઊઠી રહી છે, તેનું નિરીક્ષણ કરો. ઘડીકમાં ક્રોધ–ગુસ્સો–રૌદ્ર-ભાવ ભભૂકે છે, તો ઘડીકમાં માન–મદ–મિથ્યાભિમાનનો આવિર્ભાવ થાય છે. વળી ઘડીકમાં માયા–કપટ–દગાની વૃત્તિ સળવળતી જણાય છે, તો ઘડીકમાં લોભ–તૃષ્ણા–પરિગ્રહની સંજ્ઞા જોર પર આવતી જણાય છે. અને ભૂંડી ભૂતાવળ જેવી અનેક પ્રકારની લાલસાઓ–વાસનાઓનો ત્યાં હરદમ આવિર્ભાવ થાય છે. વળી ઘડીકમાં માયા–કપટ–દગાની

વૃત્તિ સળવળતી જણાય છે, તો ઘડીકમાં લોભ–તૃષ્ણા–પરિગ્રહની સંજ્ઞા જોર પર આવતી જણાય છે! આ રીતે કષાય અને વિષય બંનેને ત્યાં મોકળું મેદાન મળેલું હોવાથી આપણું સમસ્ત હૃદય ભ્રષ્ટ–અપવિત્ર–અશુદ્ધ થયેલું છે. તેમાં થોડી જગા પણ પવિત્ર–શુદ્ધ–સ્વચ્છ શોધવી હોય તો ઘણી મુશ્કેલી પડે તેમ છે, એટલે તેનું સાંગોપાંગ શુદ્ધીકરણ થાય, એ જ ઈષ્ટ છે.

જો લોઢાના ખીલા, કોલસા કે હાડકાવાળી જગાપર શ્રી જિનેશ્વરદેવનું આસન બિછાવી શકાય નહિ, તો જ્યાં ક્રોધ, માન, માયા, લોભ અને વિવિધ પ્રકારની વાસનાઓરૂપી ગંદકી પડેલી હોય ત્યાં શું શ્રી જિનેશ્વરદેવને પધરાવી શકાય ખરા ?

અમે તો એમ કહીએ છીએ કે જો આપણા હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું સમવસરણ રચવું હોય તો પણ રચી શકાય, પરંતુ તે માટે શુભ મનોયોગ, શુભ વચનયોગ અને શુભ કાયયોગરૂપી ત્રણ કોટ રચવા જોઈએ, ઉલ્લાસરૂપી અશોકનું વૃક્ષ નિર્માણ કરવું જોઈએ, સદ્ભાવનારૂપી પુષ્પની વૃષ્ટિ કરવી જોઈએ, પરાવાણીથી, અર્હં મંત્રનો દિવ્ય ધ્વનિ કરવો જોઈએ, શાંતિ–સમતારૂપ ચામરો ઢાળવા જોઈએ, શુદ્ધિરૂપી સ્ફટિકનું આસન બિછાવવું જોઈએ, ભદ્રતારૂપી ભામંડલની રચના કરવી જોઈએ, દયારૂપ દુંદુભિનો જોરશોરથી નાદ કરવો જોઈએ અને તૃષ્ણાત્યાગ, તિતિક્ષા તથા તપનું ત્રિવિધ છત્ર તૈયાર રાખવું જોઈએ.

બસ, આવી–આટલી તૈયારી હોય તો આપણા હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું સમવસરણ જરૂર રચાય અને તેમનાં દિવ્ય દેદારનાં દર્શનનો લાભ આપણને જરૂર મળે.

શ્રી જિનેશ્વરદેવને હૃદયમાં બિરાજમાન કર્યા પછી મનની સઘળી વૃત્તિઓને તેમના પ્રત્યે જ કેન્દ્રિત કરવી જોઈએ. જો આપણે શ્રી જિનેશ્વરદેવને કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિરત્નથી અધિક માનતા હોઈએ તો એમનાથી જ આપણી બધી ઈષ્ટસિદ્ધિ થઈ જવાની છે એવી દૃઢ શ્રદ્ધા હોય, પછી અન્ય કોઈ વસ્તુનો વિચાર જ શા માટે કરવો ? એમનાં અંગ પર–મુખપર મનની વૃત્તિઓને એકાગ્ર–સ્થિર કરીને બેસી જઈએ, એ જ ઈષ્ટ છે.

જેમ આપણાં શરીરમાં બે દ્રવ્યચક્ષુઓ છે અને તેનાથી બહારના અનેકવિધ પદાર્થોને નિહાળી શકીએ છીએ, તેમ આપણા અંતરમાં પ્રતિભારૂપ એક ચક્ષુ છે અને તેના આધારે સંસ્કારરૂપે સંગ્રહાયેલી કોઈપણ વસ્તુનાં આપણે દર્શન કરી શકીએ છીએ. કદાચ તથાપ્રકારની ઉદ્બોધક સામગ્રી ન હોય તો તત્કાલ એ દર્શન ન થાય, પણ વિશેષ ચિંતન–મનન કરતાં કોઈને કોઈ ઉદ્બોધક સામગ્રી જરૂર મળી જાય છે અને તે વસ્તુનાં દર્શન કરી શકીએ છીએ.

અવધાન–પ્રયોગોમાં મુખ્યત્વે આ આંતરચક્ષુનો જ ઉપયોગ હોય છે અને તેથી સંસ્કારરૂપે ગ્રહણ કરેલી સેંકડો વસ્તુઓને અંતરથી જોઈને તેનું યથાર્થ કથન કરી શકાય છે.

જો આ શક્તિ બરાબર ખીલી હોય તો આપણે અંતરમાં બિરાજમાન કરેલી શ્રી જિનેશ્વરદેવની મૂર્તિનાં મંગલ દર્શન બરાબર કરી શકીએ અને આનંદના ઉદધિમાં મગ્ન બની કૃતાર્થ થઈ શકીએ.

૩–ધ્યાનની ઓળખાણ

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે ધ્યાનશતકમાં મનની ત્રણ અવસ્થાઓ વર્ણવી છે: (૧) ચિત્તરૂપ, (૨) ભાવના કે અનુપ્રેક્ષારૂપ અને (૩) ધ્યાનરૂપ. તેનો પરિચય આપતાં તેમણે જણાવ્યું છે કે મન જ્યારે અન્યાયન્ય વિષયો ગ્રહણ કરી રહ્યું હોય, એટલે કે ક્ષણમાં એક વિષય, પછી બીજો વિષય, પછી ત્રીજો વિષય, એમ એક પછી એક અનેક વિષયો ગ્રહણ કરતું હોય ત્યારે તેને ચિત્તરૂપ સમજવું. જ્યારે મનની વૃત્તિઓનો પ્રવાહ એક વિષય પરત્વે વહી રહ્યો હોય, ત્યારે તેને ભાવના કે અનુપ્રેક્ષારૂપ સમજવું, અને જ્યારે મનની વૃત્તિઓ કોઈ એક વિષય પર એકાગ્ર થઈ જાય, સ્થિર થઈ જાય, ત્યારે તેને ધ્યાનરૂપ સમજવું. આ પરિચય પરથી સમજી શકાશે કે ધ્યાન એ મનની એકાગ્રતાનું જ બીજું નામ છે. અન્ય મહર્ષિઓએ પણ ધ્યાનની વ્યાખ્યા આવી જ કરી છે, એટલે મનની એકાગ્રતાને જ ધ્યાન સમજવાનું છે.

૪–ધ્યાનના પ્રકારો

જ્યારે મનની એકાગ્રતા કોઈ અશુભ વિષય પરત્વે થતી હોય, ત્યારે તે અશુભ ધ્યાન કહેવાય છે, અને જ્યારે

શુભ વિષય પરત્વે થતી હોય, ત્યારે તે શુભ ધ્યાન કહેવાય છે. આ બે પ્રકારનાં ધ્યાનમાંથી અશુભ ધ્યાન ત્યજવા યોગ્ય છે, કારણ કે તેથી પાપકર્મનો બંધ થાય છે અને તેનાં અતિ કટુ ફળો ભોગવવા માટે ચોરાશીલક્ષ યોનિમાં પરિભ્રમણ કરવું પડે છે. જ્યારે શુભ ધ્યાન આદરવા યોગ્ય છે, કારણ કે તેથી આત્મપ્રદેશને વળગી પડેલાં—આત્મપ્રદેશ સાથે તાદાત્મ્યપણાને પામેલાં કર્મોની નિર્જરા થાય છે, અને છેવટે સર્વ કર્મોનો ક્ષય થતાં અક્ષય—અવિચલ સુખના ધામરૂપ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે.

હવે આ ધ્યાનના ઉત્તર પ્રકારો જોઈએ. અશુભ ધ્યાનના આર્ત્ત અને રૌદ્ર એવા બે પ્રકારો છે. જેમાં આર્ત્ત એટલે દુઃખ કે પીડાનું ચિંતન મુખ્ય હોય, પછી તે બાહ્ય ઇષ્ટ સંયોગ બન્યો રહેવા અંગે હોય કે અનિષ્ટ વિયોગ થવા અંગે હોય, પણ તે આર્ત્તધ્યાન અને જેમાં રુદ્રતા એટલે હિંસા, ક્રોધ કે વૈર વિગેરેનું ચિંતન મુખ્ય હોય તે રૌદ્ર ધ્યાન. એજ રીતે શુભ ધ્યાનના પણ ધર્મ અને શુક્લ એવા બે પ્રકારો છે. જેમાં ધર્મનું ચિંતન મુખ્ય હોય તે ધર્મધ્યાન અને જેમાં વ્યાક્ષેપ તથા સંમોહાદિથી રહિત ઉજ્જવલ ધ્યાન હોય તે શુક્લ ધ્યાન.

આ રીતે ધ્યાનના કુલ ચાર પ્રકારો થયા. તે દરેકના પણ અવાંતર ચાર ચાર પ્રકારો છે, તે આ પ્રમાણેઃ

આર્ત્તધ્યાનના ચાર પ્રકારો :

(૧) અનિષ્ટસંયોગ—અનિષ્ટ એટલે આપણને ઇષ્ટ—

પ્રિય–મનોનુકૂલ ન હોય તેવી વસ્તુ પ્રાપ્ત થતાં તેના વિયોગને માટે–તેને દૂર કરવા માટે અથવા અનિષ્ટ ન આવવા માટે તન્મય ચિંતન કરવું, તે અનિષ્ટસંયોગ નામનું આર્ત્તધ્યાન.

(૨) ઇષ્ટવિયોગ–કોઈ ઇષ્ટ એટલે પ્રિય કે મનોનુકૂલ વસ્તુ ચાલી જતાં તેની પુનઃ પ્રાપ્તિ માટે અથવા ઇષ્ટ ટકી રહેવા માટે સતત ચિંતન કરવું, તે ઇષ્ટવિયોગ નામનું આર્ત્તધ્યાન.

(૩) રોગચિંતા–શારીરિક પીડા, માનસિક પીડા કે રોગની ઉત્પત્તિ થતાં તેને દૂર કરવાનું સતત ચિંતન કરવું, તે રોગચિંતા નામનું આર્ત્તધ્યાન.

(૪) નિદાન–ભોગની તીવ્ર લાલસાને વશ થઈ અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરવો અને મનને તેમાં જ જોડાયેલું રાખવું, તે નિદાન નામનું આર્ત્તધ્યાન.

રૌદ્રધ્યાનના ચાર પ્રકારો :

(૧) હિંસાનુબંધી–એક કે વધારે પ્રાણીની હિંસા કરવા માટે સતત ચિંતન કરવું, તે હિંસાનુબંધી નામનું રૌદ્ર ધ્યાન.

(૨) અનૃતાનુબંધી–અનૃત એટલે અસત્ય કે જૂઠું બોલવા સંબંધી ચિંતન કરવું તે અનૃતાનુબંધી નામનું રૌદ્રધ્યાન.

(૩) સ્તેયાનુબંધી–ચોરી સંબંધી સતત વિચારો કરવા, તે સ્તેયાનુબંધી નામનું રૌદ્રધ્યાન.

(૪) વિષયસંરક્ષણાનુબંધી–વિષયભોગની સામગ્રીનું સંરક્ષણ કરવા માટે સતત દુષ્ટ ચિંતન કરવું, તે વિષયસંરક્ષણાનુબંધી નામનું રૌદ્રધ્યાન.

ધર્મધ્યાનના ચાર પ્રકારો :

(૧) આજ્ઞાવિચય–વીતરાગ મહાપુરુષોની ધર્મ સંબંધી જે આજ્ઞાઓ છે, તેની ભવ્યતા, કલ્યાણકારિતા આદિનું સતત ચિંતન કરવું, તે આજ્ઞાવિચય ધર્મધ્યાન.

(૨) અપાયવિચય–સાંસારિક સુખો અને રાગાદિ આશ્રવો વડે આત્માને થતા અપાય કે અનિષ્ટનું ચિંતન કરવું, તે અપાયવિચય ધર્મધ્યાન.

(૩) વિપાકવિચય–કર્મના શુભાશુભ વિપાકનું સતત ચિંતન કરવું, તે વિપાકવિચય ધર્મધ્યાન.

(૪) સંસ્થાનવિચય–સંસ્થાન એટલે લોક કે વિશ્વનું બંધારણ, તે સંબંધી સતત ચિંતન કરવું,તે સંસ્થાન-વિચય ધર્મધ્યાન. આ ધ્યાનમાં ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ, એ ષડ્દ્રવ્ય સંબંધી તથા ચૌદ રાજલોકના પુરુષાકાર સંબંધી મુખ્ય ચિંતન હોય છે.

શુકલધ્યાનના ચાર પ્રકારો :

(૧) પૃથક્ત્વ–વિતર્ક–સવિચાર–જેમાં શ્રુતજ્ઞાનના આલં-બનપૂર્વક ચેતન અને અચેતન પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, રૂપિત્વ, અરુપિત્વ, સક્રિયત્વ, અક્રિય-

ત્વ આદિ પદાર્થોનું ભિન્ન ભિન્ન રૂપથી ચિંતન કરવું તે પૃથકત્વ–વિતર્ક–સવિચાર નામનું શુકલ-ધ્યાન. અહીં પૃથકત્વથી ભિન્નતા, વિતર્કથી શ્રુત અને વિચારથી એક અર્થ પરથી બીજા અર્થ પર, એક શબ્દથી બીજા શબ્દ પર તથા મનોયોગ આદિ કોઈપણ એક વિયોગથી બીજા યોગ પર ચિંતનાર્થે થતી પ્રવૃત્તિ સમજવાની છે.

(૨) એકત્વ–વિતર્ક–નિર્વિચાર–જેમાં શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક મનોયોગ આદિ કોઈપણ એક યોગમાં સ્થિર થઈને દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવું તે એકત્વ–વિતર્ક–નિર્વિચાર નામનું શુકલ-ધ્યાન છે.

આ ધ્યાન પ્રાપ્ત થયું કે જ્ઞાનવરણીયાદિ ચારે ઘાતી-કર્મનો સર્વથા નાશ થાય છે અને અનેક સૂર્યના પ્રકાશ કરતાં પણ વધારે જ્વલંત એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૩) સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતી–જ્યારે સર્વજ્ઞતાને પામેલો આત્મા યોગનિરોધના ક્રમથી અંતે સૂક્ષ્મ શરીરનો આશ્રય લઈને બાકીના સર્વ યોગોને રોકી દે છે, ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં સૂક્ષ્મ શ્વાસોચ્છ્વાસ યા રુધિરવહન જેવી સૂક્ષ્મ ક્રિયા જ બાકી રહી હોય છે અને તેમાંથી પડવાપણું હોતું નથી, એટલે તેને સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતી કહેવામાં આવે છે.

(૪) સમુચ્છિન્ન ક્રિયાઽનિવૃત્તિ–જ્યારે શરીરની શ્વાસોચ્છ્વાસ આદિ સૂક્ષ્મ ક્રિયા પણ બંધ થઈ જાય અને આત્મ–પ્રદેશો સર્વથા નિષ્કંપ થઈ જાય ત્યારે આ ધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. તેમાં સ્થૂલ કે સૂક્ષ્મ કોઈપણ પ્રકારની માનસિક, વાચિક કે કાયિક ક્રિયા રહેતી નથી. આ ધ્યાનનો કાળ માત્ર अ, इ, उ, ऋ, ऌ એ પાંચ હ્રસ્વ અક્ષર બોલીએ એટલો જ હોય છે. આ ધ્યાનના પ્રતાપથી બાકી રહેલાં સર્વે કર્મો ક્ષીણ થઈ જતાં આત્મા પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી લોકના અગ્રભાગે પહોંચે છે અને ત્યાં આવેલી સિદ્ધશિલામાં સ્થિર થઈને અનંતકાળ સુધી અનિર્વચનીય સુખનો ઉપભોગ કરે છે.

શુક્લ ધ્યાનના છેલ્લા બે પ્રકારોમાં શ્રુતજ્ઞાનનું આલંબન હોતું નથી, એટલે તે નિરાલંબન ધ્યાન કહેવાય છે. અલબત્ત, આમાં મનનું એકાગ્ર ચિંતન નથી, કિન્તુ કાયિક એકાગ્રભાવ–સ્થિરતાને પણ ધ્યાન ગણ્યું હોવાથી એને ધ્યાન કહ્યું છે.

પૌદ્ગલિક સુખની તીવ્ર આકાંક્ષા રાખનારા સર્વ પ્રાણીઓને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવું સહજ છે. તેમાં કોઈ વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી; પરંતુ ધર્મ-ધ્યાન વિશિષ્ટ પ્રયત્નની અપેક્ષા રાખે છે, કારણકે જ્યારે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવામાં આવે છે, ત્યારે જ ધર્મધ્યાનમાં પ્રવેશ થાય છે અને વૈરાગ્ય તથા

સત્સંગ વગેરેની સહાય હોય તો જ તે ટકે છે. શુકલધ્યાન તો તેથી પણ વિશિષ્ટ પ્રયત્નની અપેક્ષા રાખે છે, કારણકે તેમાં વ્યાક્ષેપ એટલે ચિત્તની ચંચળતા અને સંમોહ એટલે મોહનો અંશ ચાલી શકતો નથી, પરંતુ મહાપુરુષો પુરુષાર્થના યોગે આ ધ્યાન પ્રાપ્ત કરે છે અને તેથી અભીષ્ટની સિદ્ધિ થાય છે.

ધ્યાનના આ વિવરણ પરથી સમજી શકાશે કે શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન એ શુભ ધ્યાન છે અને ધર્માચરણ પરત્વે થતું હોઈને ધર્મધ્યાનની ગણનામાં આવે છે. વળી તે શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલી આજ્ઞાના પાલનરૂપ હોઈ આજ્ઞાવિચયના પ્રકારમાં અંતર્ભાવ પામે છે.

**૫–ધ્યેય અનુસાર ધ્યાનના ચાર વિભાગો:—**

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના સાતમા પ્રકાશમાં કહ્યું છે કે—

> पिंडस्थं च पदस्थं च, रूपस्थं रूपवर्जितम् ।
> चतुर्धा ध्येयमाम्नातं, ध्यानावस्थालम्बनं बुधैः ॥

‘જ્ઞાની પુરુષોએ ધ્યાન અવસ્થાના આલંબનરૂપ ધ્યેયને પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર પ્રકારનું માનેલું છે.’

આ ધ્યેય પરથી ધ્યાનના પણ ચાર પ્રકારો માનવામાં આવે છે. પિંડસ્થ ધ્યેયનું આલંબન લેવાય તે પિંડસ્થ ધ્યાન, પદસ્થ ધ્યેયનું આલંબન લેવાય તે પદસ્થ ધ્યાન,

આલંબન લેવાય તે રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યેયનું આલંબન લેવાય તે રૂપાતીત ધ્યાન.

પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારુણી અને તત્ત્વભૂ એ પાંચ પ્રકારની ધારણાને પિંડસ્થ ધ્યાન કહેવાય છે, જેમાં કોઈપણ મંત્રનાં પદોનું આલંબન લેવાય, તે પદસ્થ ધ્યાન કહેવાય છે; જેમાં સમવસરણસ્થ કે ધ્યાનસ્થ જિનેશ્વર-દેવનુ આલંબન લેવાય, તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે; અને જેમાં આકૃતિરહિત, જ્ઞાનાનંદસ્વરૂપ, નિરંજન, સિદ્ધ પરમાત્માનુ આલંબન લેવાય તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.

આ રીતે અર્હં મંત્રની અર્થભાવના કરવી, એ પદસ્થ ધ્યાન છે અને કાયારૂપી મંદિરમાં હૃદયના સિંહાસન પર શ્રી જિનેશ્વર દેવને પધરાવી તેમનાં દર્શન કરવાં એ રૂપ-સ્થ ધ્યાન છે.

૬–ધ્યાનમાં સ્થિરતા

નિયમિત અભ્યાસ, સત્સંગ અને વૈરાગ્યથી ધર્મ-ધ્યાનમાં સ્થિરતા આવે છે અને તે બહિર્ભાવમાં રમી રહેલા આત્માને અંતરાત્મા બનાવી દે છે. તાત્પર્ય કે આ અવસ્થા પ્રાપ્ત થયા પછી આત્માનું પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેનું આકર્ષણ ઘટી જાય છે, એટલે સુખપ્રાપ્તિનાં સાધનો માટે બાહ્ય પરિભ્રમણ કરવાને બદલે પોતાનાં અંતરમાં જ તેની શોધ કરવા લાગે છે અને ત્યાં તેને શાંતિ–સમતા–સમ-ભાવરૂપી સુખનુ મહાન સાધન સાંપડી જાય છે.

'ધ્યાનાવસ્થામાં કેવો આનંદ હોય છે?' એ તો

અનુભવથી જ સમજી શકાય એવું છે, એટલે તેને માટે અનિર્વચનીય શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

૭–પરમાત્માની સમીપે

શ્રી જિનેશ્વરદેવ અર્થાત્ વીતરાગ પરમાત્માનુ ધ્યાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ ઉપાસકનો આત્મા વીતરાગતાની સમીપે–પરમાત્મપદની સમીપે જતો જાય છે અને છેવટે તે પોતે જ વીતરાગ–પરમાત્મા બની જાય છે. યોગસારમાં કહ્યું છે કે–वीतरागमतो ध्यायन् वीतरागो विमुच्यते–વીતરાગદેવનું ધ્યાન કરતો આત્મા વીતરાગ થઈ સંસારથી મુક્ત થાય છે.' વળી ત્યાં એમ પણ કહ્યું છે કે–

य एव वीतरागः स, देवो निश्चीयतां ततः ।
भविनां भवदम्भोलिः, स्वतुल्यपदवीप्रदः ॥

'તેથી આ વાત નિશ્ચયથી માનવી જોઈએ કે જે વીતરાગ હોય તે જ દેવ છે (પરમાત્મા છે) અને તે જ સંસારી જીવોના સંસારરૂપી પર્વતનો નાશ કરવા માટે વજ્રસમાન હોઈ ધ્યાતાઓને પોતાના જેવી પદવી(પરમાત્મદ) આપનાર છે.'

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે જીવોથી ભિન્ન એવો કોઈ પરમાત્મા આ લોક, વિશ્વ કે બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતો નથી. જે જીવ છે–આત્મા છે, તે જ પુરુષાર્થના યોગે પરમાત્પદ સુધી પહોંચે છે અને જ્યાં અનંત સિદ્ધો વિરાજી રહ્યા છે ત્યાં, પ્રકાશમાં પ્રકાશ ભળે તેમ, ભળી જાય છે. અલબત્ત અહીં પણ તેનું વ્યક્તિત્વ તો રહે છે જ, પણ તેને પૃથક્ થવાનો પ્રસંગ આવતો નથી.

'આત્મા પરમાત્મા કેમ બની શકે?' એ માટે યોગસારના પ્રથમ પ્રસ્તાવમાં જે વિવેચન કરાયું છે, તે તે ઘણું વિચારણીય છે.

यदा ध्यायति यद् योगी, याति तन्मयतां तदा ।
ध्यातव्यो वीतरागस्तद्, नित्यमात्मविशुद्धये ॥२॥

'યોગી જે વખતે જેનું ધ્યાન કરે છે, તે વખતે તન્મય-ધ્યેયરૂપ થઈ જાય છે; તેથી આત્માની શુદ્ધિ માટે હમેશાં વીતરાગનું ધ્યાન કરવું જોઈએ (જેથી વીતરાગ થવાય).'

शुद्धस्फटिकसंकाशो, निष्कलश्चात्मनाऽऽत्मनि ।
परमात्मेति स ज्ञातः, प्रदत्ते परमं पदम् ॥ ३ ॥

'જ્યારે આત્મા પોતે જ પોતાને શુદ્ધ સ્ફટિક સમાન અખંડ પરમાત્મરૂપે જાણે ત્યારે જ પરમપદ-મોક્ષ મેળવી શકે.'

किन्तु न ज्ञायते तावद्, यावद् मालिन्यमात्मनः ।
जाते साम्येन नैर्मल्ये, स स्फुटः प्रतिभासते ॥४॥

'પરંતુ જ્યાં સુધી આત્મામાં મલિનપણું હોય છે, ત્યાં સુધી તેવું જ્ઞાન (આત્મામાં પરમાત્માનું જ્ઞાન) થતું નથી. જ્યારે સમભાવથી-રાગ અને દ્વેષના અભાવથી-આત્મા નિર્મળ થાય છે, ત્યારે જ તે પરમાત્મરૂપે જણાય છે.'

तत् त्वनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात् ।
आत्मनः शुद्धिकृतसाम्यं, शुद्धं शुद्धतरं भवेत् ॥५॥

'જેમ જેમ અનંતાનુબંધિ આદિ કષાયોનો નાશ થતો જાય છે, તેમ તેમ આત્માની શુદ્ધિ કરનાર સમભાવ વધુ અને વધુ શુદ્ધ થતો જાય છે.'

साम्यशुद्धिक्रमेणैव, स विशुद्धयत आत्मनः ।
सम्यक्त्वाधिगुणेषु स्यात्, स्फुटः स्फुटतरः प्रभुः ॥६॥

'જેમ જેમ સમભાવ શુદ્ધ થતો જાય છે, તેમ તેમ સમ્યક્ત્વાદિ ગુણમાં વિશુદ્ધિ પામતા આત્માને પોતામાં પરમાત્મા વધુ સ્ફુટ ભાસે છે.'

सर्वमोहक्षयात् साम्ये सर्वशुद्धे सयोगिनि ।
सर्वशुद्धात्मनस्त्वेष, प्रभुः सर्वस्फूटीभवेत् ॥ ७ ॥

'સર્વપ્રકારે મોહનો નાશ થવાથી સમભાવ પણ સર્વપ્રકારે શુદ્ધ થાય છે અને તેમ થવાથી એકદમ શુદ્ધ થયેલા આત્મામાં પરમાત્મા પણ તદ્દન સ્પષ્ટ ભાસે છે.'

कषाया अपसर्पन्ति, यावत् क्षान्त्यादिताडिताः ।
तावदात्मव शुद्धोऽयं, भजते परमात्मताम् ॥ ८ ॥

'જ્યારે ક્રોધ વગેરે કષાયોનો ક્ષમા વગેરેથી નાશ કરવામાં આવે છે, ત્યારે શુદ્ધ થયેલો આ આત્મા જ પરમાત્મપણાને પ્રાપ્ત કરે છે.'

उपसर्पन्ति ते यावत्, प्रबलीभूय देहिषु ।
स तावद् मलिनीभूतो, जहाति परमात्मताम् ॥९॥

'જ્યારે તે કષાયો જીવોમાં પ્રબળપણે વર્તે છે, ત્યારે આત્મા મલિન થાય છે અને પરમાત્મપણાનો ત્યાગ કરે છે.'

कषायास्तद् निहन्तव्यास्तथा तत्सहचारिणः ।
नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ॥१०॥

'તેથી મુમુક્ષુ જીવોએ કષાયોનો નાશ કરવો જોઈએ, તથા કષાયોના જ સહચારી (હાસ્યાદિ) નોકષાયોનો પણ ત્યાગ કરવો જોઈએ, કારણ કે તે પણ મોક્ષના દરવાજામાં ભોગલ–આગળીયા સમાન છે.'

रागद्वेषमयेष्वेषु, हृतेष्वान्तरवैरिषु ।
साम्ये सुनिश्चले यायादात्मैव परमात्मताम् ॥१३॥

'એ કષાયો અને નોકષાયોરૂપ આંતરશત્રુઓનો, જેઓનો રાગ અને દ્વેષમાં અંતર્ભાવ થાય છે, તેનો નાશ કરવાથી સમભાવ અત્યન્ત નિશ્ચલ થાય છે અને ત્યારે આત્મા જ પરમાત્માપણાને પ્રાપ્ત કરે છે.'

स तावद् देहिनां भिन्नः, सम्यग् यावद् न लक्ष्यते ।
लक्षितस्तु भजत्यैक्यं, रागाद्यञ्जनमाजनात् ॥१४॥

'જ્યાં સુધી આત્માની ઠીકઠીક ઓળખાણ થતી નથી, ત્યાં સુધી જ તે પરમાત્માથી જુદો માલુમ પડે છે; પણ જ્યારે રાગ વગેરે અંજનનું માર્જન કરવાથી બરાબર ઓળખવામાં આવે છે, ત્યારે આત્મા અને પરમાત્માનું ઐક્ય જણાય છે.'

यादृशोऽनन्तवीर्यादिगुणोऽतिविमलः प्रभुः ।
तादृशोस्तेऽपि जायन्ते, कर्ममालिन्यशोधनात् ॥१५॥

'જેમ પરમાત્મા અત્યંત નિર્મળ તથા અનંતવીર્ય, અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતસુખ એ ગુણોથી યુક્ત

છે, તેમ સંસારી જીવો પણ કર્મરૂપ મલનો નાશ કરવાથી તેવા જ ગુણોવાળા બને છે.'

आत्मानो देहिनो भिन्नाः, कर्मपंककलंकिताः ।
अदेहः कर्मनिर्मुक्तः, परमात्मा न भिद्यते ॥१६॥

'જ્યાં સુધી જીવો કર્મરૂપ કીચડથી ખરડાયેલા છે, ત્યાં સુધી તેઓ અને પરમાત્માગાં જુદાઈ છે; કર્મ રહિત અશરીરી જીવ અને પરમાત્મામાં કાંઈ પણ જુદાઈ નથી.'

संख्ययाऽनेकरूपोऽपि गुणतस्त्वेक एव सः ।
अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ॥१७॥
जातरूपं यथा जात्यं, बहुरूपमपि स्थितम् ।
सर्वत्रापि तदेवकं, परमात्मा तथा प्रभुः ॥१८॥

'અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંત સુખરૂપ ગુણોવાળા પરમાત્માઓ સંખ્યાથી જુદા હોવા છતાં પણ ગુણોથી સમાન હોઈને એક જ છે. જેમ ઉત્તમ સુવર્ણ જુદા જુદા આકારે રહેલું હોવા છતાં પણ તે દરેક ઠેકાણે એક સમાન જ છે.'

आकाशवदरूपोऽसौ, चिद्रूपो नीरुजः शिवः ।
सिद्धिक्षेत्रगतोऽनन्तो, नित्यः शं परमश्नुते ॥१९॥

'પરમાત્મા આકાશની માફક રૂપરહિત છે, તથા ચિદ્રૂપ, નીરોગી, સુખી, સિદ્ધિક્ષેત્રના નિવાસી, અનન્ત તેમજ નિત્ય છે અને ઉત્કૃષ્ટ સુખને ભોગવે છે.'

येनैवाराधितो भावात्, तस्यासौ कुरुते शिवम् ।
सर्वजन्तुसमस्यास्य, न परमात्मविभागिता ॥२०॥

'જે કોઈ જીવ તે પરમાત્માનું ભાવથી આરાધન કરે છે. તેનું તે કલ્યાણ કરે છે. તેઓને દરેક પ્રાણીઓ ઉપર સમભાવ હોવાથી "આ મારો અને આ પારકો" એવો પક્ષપાત હોતો નથી.'

कृतकृत्योऽयमाराद्धः, स्यादाज्ञापालनात् पुनः ।
आज्ञा तु निर्मलं चित्तं, कर्तव्यं स्फटिकोपमम् ॥२१॥
ज्ञानदर्शनशीलानि, पोषणीयानि सर्वदा ।
रागद्वेषादयो दोषा, हन्तव्याश्च क्षणे क्षणे ॥२२॥
एतावत्येव तस्याज्ञा, कर्मद्रुमकुठारिका ।
समस्तद्वादशांगार्थसारभूताऽतिदुर्लभा ॥ २३ ॥

'પરમાત્મા પોતે કૃત્યકૃત્ય–કૃતાર્થ છે, તેથી તેમની આજ્ઞાનું પાલન કરવું, એ જ તેમનું આરાધન છે અને ચિત્તને સ્ફટિકની માફક નિર્મળ કરવું; જ્ઞાન, દર્શન તથા બ્રહ્મચર્યને હમેશાં પુષ્ટ બનાવવાં; રાગ, દ્વેષ વગેરે દોષોનો પ્રત્યેક ક્ષણે નાશ કરતા રહેવું; એ જ તેઓની આજ્ઞા છે, કે જે કર્મરૂપ વૃક્ષને ઉખેડવા માટે કુહાડી તુલ્ય, સમસ્ત દ્વાદશાંગીના સારભૂત અને મહા પ્રયત્નથી સાધ્ય હોવાથી અતિદુર્લભ છે.'

૮-સાધનભેદથી મુંઝાવું નહિ.

ઉપાસના–ખંડનું આ છેલ્લું પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં એટલું જણાવવા ઇચ્છીએ છીએ કે મહાપુરુષોએ મનુષ્યની વિવિધ પ્રકારની ભૂમિકાઓ જોઈને વિવિધ પ્રકારનાં સાધનો બતાવ્યાં છે, તેનો રુચિ–યોગ્યતા–સંયોગ

અનુસાર આત્માર્થીપણે ઉપયોગ કરવાથી આગળ વધી શકાય છે અને ઉત્તરોત્તર સારી–સુંદર–ચડિયાતી ભૂમિકાઓ પ્રાપ્ત કરી શકાય છે.

સાધનોની વિવિધતા કે વિપુલતા જોઈ ઉપાસકે જરા પણ મુંઝાવું નહિ. એક મનુષ્યને પોતાની યોગ્યતા અનુસાર અમુક સાધન વધારે પ્રિય હોય અને બીજાને પોતાની યોગ્યતા અનુસાર બીજું સાધન પસંદ હોય, એટલે સાધન અંગે કદી વાદવિવાદ કરવો નહિ. મૂળ વાત એટલી છે કે સાધન શુદ્ધ જોઈએ અને તે આત્મવિકાસના માર્ગે આગળ વધારનારું હોવું જોઈએ. એક મનુષ્ય અમુક સાધનથી આગળ વધતો હોય તો કદી તેનો નિષેધ કરવો નહિ કે તેમાંથી તેની શ્રદ્ધા ઉઠાડી મૂકવાનું પાપ સેવવું નહિ.

જિનોપાસનાનો આદર્શ ઘણો ભવ્ય છે, સ્વપર બંનેનું કલ્યાણ કરનારો છે. તે વિશ્વમૈત્રીનો બોધક છે, પ્રમોદ ભાવનાનો પોષક છે, કારુણ્ય ભાવનાનો સમર્થક છે અને માધ્યસ્થ્ય ભાવનાનો અનુરોધક છે. તેને સત્કારવામાં સન્માનવામાં વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર તથા વિશ્વનું કલ્યાણ છે.

# ઉપાસક-ખંડ

પ્રકરણ ત્રેવીશમું

**આવશ્યક ગુણો**

પ્રકરણ ચોવીશમું

**ધર્માચરણ**

પ્રકરણ પચીશમું

**જીવનચર્યા**

★

## પ્રકરણ ત્રેવીશમું

## આવશ્યક ગુણો

### ૧–પ્રાસ્તાવિક

ઉપાસકમાં જે ગુણો આવશ્યક છે, એટલે કે અવશ્ય હોવા જોઈએ, તેનું વિવેચન પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવ્યું છે. આવશ્યક ગુણોને સામાન્ય રીતે લક્ષણ કહેવામાં આવે છે, એટલે આ વિવેચન ઉપાસકનાં લક્ષણોને અનુલક્ષીને છે, એમ કહીએ તો પણ ચાલે. વળી કોઈ પણ વ્યક્તિની ક્રિયા પરત્વેની યોગ્યતા તેનાં લક્ષણો પરથી જ અંકાય છે, એટલે આ વિવેચનને યોગ્યતાનું એક પ્રકારનું ધોરણ સમજીએ તો અનુચિત નથી.

અહીં એટલી સ્પષ્ટતા કરવી જરૂરી છે કે ઉપાસનાની વિચારણામાં ઉપાસકની વિચારણા આવી જાય એ સ્વાભાવિક છે, કારણ કે ઉપાસના ઉપાસક વડે કરાય છે, પરંતુ એ વિચારણાને પર્યાપ્ત સમજીએ તો ઉપાસક અંગે જે બીજું ખાસ વિચારવા જેવું છે, એ રહી જાય અને ઉપાસના તંત્રનો ત્રિમુખી વ્યૂહ ખંડિત થાય; એટલે ખાસ ઉપાસક-ખંડની યોજના કરવામાં આવી છે અને તેમાં ઉપાસક અંગે જે વક્તવ્ય અવશિષ્ટ હતું, તે ત્રણ પ્રકરણોના માધ્યમ દ્વારા રજૂ કરી દેવાયું છે.

ઉપાસ્ય દેવ આદર્શ હોય અને ઉપાસનાનો વિધિ પણ ઘણો સુંદર હોય, પરંતુ ઉપાસકમાં તથાપ્રકારની યોગ્યતા ન હોય તો પરિણામ શું આવે ? અન્ય શબ્દોમાં કહીએ તો એક આલીશાન ઈમારત બનાવવા માટે જોઈતું નાણું હાજર હોય અને તેને માટે ઘણા સુંદર પ્લાનો અર્થાત્ માર્ગદર્શક નકશાઓ બનાવવામાં આવ્યા હોય, પણ એ ઈમારતને ઊભી કરનારો ઈજનેર અણઘડ હોય —પૂરી આવડત વિનાનો હોય—તો એ ઇમારત આલીશાન બની શકે ખરી ? તાત્પર્ય કે ઉપાસ્ય અને ઉપાસનાની જેમ ઉપાસક પણ આદર્શ જ જોઈએ, આવશ્યક ગુણોથી વિભૂષિત જોઈએ.

૨–ઉપાસકના પર્યાયશબ્દો

ઉપાસકને શ્રાવક, શ્રાદ્ધ કે આર્હત કહેવામાં આવે છે. તેના અર્થો બરાબર સમજી લઈએ, તો આ વિષય પર ઠીક ઠીક પ્રકાશ પડે એમ છે, એટલે પ્રથમ તેના અર્થો સમજી લઈએ. શ્રાવક શબ્દનો સામાન્ય અર્થ એ છે કે સર્વજ્ઞોએ પ્રરૂપેલાં શાસ્ત્રોને ગુરુમુખેથી સાંભળનાર, પરંતુ તેનો વિશેષ અર્થ ગહન છે અને પ્રગતિ, વિકાસ કે અભ્યુદયની અભિલાષા રાખનારે તે અવશ્ય ધારી લેવા જેવો છે. એક મહર્ષિએ તેની સમજણ આ રીતે આપી છે :—

श्रद्धालुतां श्राति शृणोति शासनं,
दानं वपत्याशु वृणोति दर्शनम् ।

कृन्तत्यपुण्यानि करोति संयमं,
तं श्रावकं प्राहुरमी विचक्षणाः ॥

શ્રાવક શબ્દમાં શ્ર, વ અને ક એ ત્રણે અક્ષરો સંકેતરૂપ છે. તે દરેક બબ્બે કાર્યોનું સૂચન કરે છે. તેમાં શ્ર નું પહેલું કાર્ય શ્રી જિનેશ્વરદેવ, તેમની નિશ્રાએ ચાલનારા શ્રમણો અને તેમણે કહેલા ધર્મ પરત્વે શ્રદ્ધા પાકી કરવાનું છે; અને શ્ર નું બીજું કાર્ય શાસનને સાંભળવાનું છે, એટલે કે જેમાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાઓનું સંક્ષેપ કે વિસ્તારથી વર્ણન કરેલું હોય, તેવા શાસ્ત્રોનું વિધિપૂર્વક શ્રવણ કરવાનું છે.

વ નું પહેલું કાર્ય દાનમાં ધનનું શીઘ્ર વપન કરવાનું છે, એટલે કે દાનને યોગ્ય જે જે ક્ષેત્રો હોય તેવાં ક્ષેત્રોમાં પોતાની સત્કમાઈનો પૈસો જરાયે વિલંબ કે સંકોચ કર્યા વિના પ્રસન્ન ચિત્તે વાપરવાનું છે; અને વ નું બીજું કાર્ય દર્શનને વરવાનું છે, એટલે કે મિથ્યાત્વનો ત્યાગ કરીને તત્ત્વોની પરમ શ્રદ્ધારૂપ સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરવાનું છે.

કનું પહેલું કાર્ય અપુણ્યનું–પાપનું કાસળ કાઢવાનું છે, એટલે કે સઘળી પાપકારી પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાનું છે, અને ક નું બીજું કાર્ય સંયમ કરવાનું છે, એટલે કે પાંચ ઈન્દ્રિયો અને મન પર કાબૂ રાખવાનું છે.

આ રીતે જેનામાં શ્ર, વ અને ક ને લગતી છ ક્રિયાઓ હોય, તેને જ્ઞાની પુરુષોએ શ્રાવક કહેલો છે.

શ્રાદ્ધ એટલે શ્રદ્ધાયુક્ત, શ્રદ્ધા રાખનાર. જેને શ્રી

જિનેશ્વરદેવ ઉપર તથા તેમણે સ્થાપેલા સંઘ તથા સિદ્ધાંતો પર પરમ શ્રદ્ધા હોય, તે શ્રાદ્ધ કહેવાય.

આર્હંત એટલે અર્હંતની ઉપાસના કરનાર, શ્રી અરિહંત દેવને માનનાર–પૂજનાર.

ઉપાસકને માટે શ્રમણોપાસક એવો શબ્દ પણ વપરાય છે. અહીં શ્રમણ શબ્દથી મહાશ્રમણ એવા શ્રી અરિહંત ભગવાન–શ્રી જિનેશ્વરદેવ અને તેમની નિશ્રાએ ચાલનારા શ્રમણો બંને અભિપ્રેત છે. તાત્પર્ય કે જેઓ સમસ્ત શ્રમણ-સમુદાયની અનન્ય મને ઉપાસના કરતા હોય તે શ્રમણોપાસક કહેવાય. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે જે સાચો શ્રમણોપાસક હોય તે 'આ શ્રમણ મારા' અને 'આ શ્રમણ તારા' એવો ભેદભાવ કરે નહિ. એ તો સમત્વની સાધના કરનાર સર્વ શ્રમણોને સરખા ભાવથી વાંદે–પૂજે. જે દૃષ્ટિરાગથી કોઈપણ શ્રમણની અવગણના–અવહેલના કરે, તે શ્રમણોપાસક નામને યોગ્ય નથી, એટલું જ નહિ, પણ તેને માટે નિકૃષ્ટ ગતિ નિર્માયેલી છે. ઓઘ-નિર્યુક્તિ આગમમાં કહ્યું છે કે જે એક મુનિની અવગણના કરે છે તે અઢી દ્વીપના મુનિઓની અવગણના કરનારો છે.

### ૩–ઉપાસકનું મુખ્ય લક્ષણ

ઉપાસકનું મુખ્ય લક્ષણ એ છે કે તે નિત્ય–નિયમિત ઉપાસના કરનારો હોવો જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો જે અમુક દિવસ ઉપાસના કરતો હોય અને અમુક દિવસ ઉપાસના કરતો ન હોય, અથવા તો તે અંગે સમય

આદિનું જે નિયમન સ્વીકાર્યું હોય, તેનું પાલન કરતો ન હોય, તેને ઉપાસક કહેવાય નહિ.

પરંતુ આજે તો પરિસ્થિતિ એવી છે કે જૈન–જિનો-પાસક–ઉપાસક નામ ધારણ કરવા છતાં ઘણા મહાનુભાવો શ્રી જિનેશ્વરદેવની અલ્પ કે વિશેષ કંઈપણ ઉપાસના કરતા નથી. આવા નામ માત્રના ઉપાસકો પોતાનું કે પરનું કલ્યાણ શી રીતે કરી શકે? કોઈ સ્ત્રીએ લક્ષ્મી નામ ધારણ કર્યું હોય, પણ છાણાં વીણતી હોય કે કોઈ પુરુષે ધનપાલ નામ ધારણ કર્યું હોય, પણ તે ભિક્ષાવૃત્તિથી પોતાની આજીવિકા ચલાવતો હોય તો એ નામની સાર્થકતા શી? વ્યવહારમાં માત્ર સંકેત ખાતર કેટલાંક નામો પાડવામાં આવે છે, તેમાં ગુણની અપેક્ષા ન રાખીએ, પણ જે નામ ગુણનો વિશિષ્ટ સંકેત કરવા માટે જ રાખવામાં આવ્યું હોય, તેમાં તો નામ પ્રમાણે ગુણ અવશ્ય જોઈએ; એટલે ઉપાસકની સંજ્ઞા ધારણ કરનારે શ્રી જિનેશ્વરદેવની નિત્ય –નિયમિત ઉપાસના કરવી જોઈએ અને કદાચ કોઈ કારણસર એ ઉપાસના ન થઈ શકી તો તે માટે અત્યંત દિલગીર થવું જોઈએ, અને કંઈક દંડ ભોગવવો જોઈએ.

### ૪–ઉપાસકનાં અન્ય લક્ષણો–શ્રદ્ધા અને શૌચ

શાસ્ત્રકારોએ ઉપાસકનું વર્ણન કરતાં અનેક સ્થળે 'श्रद्धाशौचसमन्वितं' એ શબ્દનો પ્રયોગ કરેલો છે, તેનો અર્થ એ છે કે ઉપાસના કરનારમાં શ્રદ્ધા અને શૌચ એ બે ગુણો અવશ્ય જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો જે દેવની

ઉપાસના શરૂ કરીએ, તેમાં આપણી અખૂટ–અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ અને તેમાં કોઈ પણ કારણસર પરિવર્તન કરવું ન જોઈએ. મૂઢ કે ચપળ મનના મનુષ્યો આજે એક દેવની ઉપાસના શરૂ કરે છે અને થોડા જ દિવસમાં કોઈ ચમત્કારિક પરિણામની આશા રાખે છે જો એવું પરિણામ તેમની ધારણા મુજબના થોડા દિવસોમાં ન દેખાયું તો તેને છોડીને બીજા દેવની ઉપાસના શરૂ કરે છે. વળી એ દેવની ઉપાસનાનું પરિણામ પણ અમુક સમયમાં જોવામાં ન આવ્યું તો તેને છોડીને કોઈ ત્રીજા દેવની ઉપાસના શરૂ કરે છે. આમ તેઓ દેવવિષયક પોતાની શ્રદ્ધાનો વારંવાર ભંગ કર્યા જ કરે છે. તેમને કોઈ પણ ઉપાસના શી રીતે ફળે ? મંત્રસાધનમાં પણ એમ જ છે. જે મંત્રનો જપ શરૂ કર્યો, તેને જ આખર સુધી શ્રદ્ધાપૂર્વક વળગી રહેવું જોઈએ. જો અમુક જપ થયા પછી એ મંત્રને છોડી દીધો અને બીજાને પકડ્યો કે બીજાને છોડી ત્રીજાને પકડ્યો, તો મંત્રસિદ્ધિ થવી અસંભવિત છે. કોઈપણ ઔષધનું સેવન શ્રદ્ધાપૂર્વક કરવું જોઈએ. જો તત્કાલ ફળની ઈચ્છા રાખી ઔષધને વારંવાર બદલ્યા કરીએ તો કોઈ પણ ઔષધનો ગુણ બરાબર લાગતો નથી, એટલે સમય અને શક્તિનો વ્યય થાય છે અને રોગ પોતાની ગતિએ આગળ વધી જાય છે.

અહીં શ્રદ્ધાથી આત્મશ્રદ્ધા એવો અર્થ પણ ગ્રહણ કરી શકાય છે. આત્મશ્રદ્ધા એટલે કાર્યને પાર પાડવા

સંબંધી આંતરિક વિશ્વાસ. જેને આત્મવિશ્વાસ નથી, તે પ્રથમ તો કોઈ પ્રવૃત્તિ શરૂ કરી શકતો નથી, અને કદાચ શરૂ કરે તો તેમાં પ્રાણ પૂરી શકતો નથી કે તેનો નિર્વાહ કરી શકતો નથી. આ જગતમાં જે કંઈ મહાન કાર્યો થયાં છે–થાય છે, તેમાં આત્મશ્રદ્ધા જ કારણભૂત છે. સાગરનો પાર પામવાનુ કામ ઘણું કઠિન હતું, પરંતુ આત્મશ્રદ્ધાવાળા મનુષ્યોએ નૌકા બનાવી, વહાણો બનાવ્યાં, સ્ટીમરો તથા આગબોટોની રચના કરી, અને તેના વડે તેઓ સાગરનો પાર પામવાને શક્તિમાન થયા. એવરેસ્ટ શિખરને સર કરવાનું કામ પણ એવું જ કઠિન હતું, છતાં મનુષ્યોએ આત્મશ્રદ્ધા રાખીને પ્રયત્ન કર્યો તો તેઓ એ શિખરને સર કરી શક્યા. એ જ રીતે મનુષ્યોએ બીજાં પણ અનેક કઠિન કાર્યો આત્મશ્રદ્ધાથી પાર પાડયાં છે, એટલે ઉપાસનામાર્ગમાં પણ એનું અવલંબન લેવું ઈષ્ટ છે. સિદ્ધિ ઘણી દૂર હોય તો પણ આત્મશ્રદ્ધાવાળો જીતે છે, અને સિદ્ધિ એકદમ સમીપે આવી હોય તો પણ આત્મશ્રદ્ધા વિનાનો હારી જાય છે.

અહીં શૌચથી બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનુ શૌચ અભિપ્રેત છે. તેમાં બાહ્ય શૌચ તો દ્રવ્યાદિ સ્નાન વડે સહેલાઈથી પામી શકાય છે, પણ અભ્યંતર શૌચ એટલું સહેલું નથી. તે ભાવસ્નાન માગે છે; અને ભાવસ્નાનનું કામ કઠિન છે, પણ તે અશક્ય કે અસંભવિત તો નથી જ. જો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીએ, પુરુષાર્થ કરીએ,

તો એ સ્નાન પણ જરૂર કરી શકાય છે. ષડાવશ્યકની ક્રિયા કે જેને સામાન્ય રીતે પ્રતિક્રમણ કહેવામાં આવે છે, તે ભાવસ્નાન માટે જ યોજાયેલી છે; એટલે ઉપાસકોએ તેનું સવાર-સાંજ અનુષ્ઠાન-અનુસરણ અવશ્ય કરવાનું છે. વળી પંદર દિવસના અંતે, ચાર માસના અંતે તથા વર્ષના અંતિમ દિવસે તેનું વિશિષ્ટ અનુષ્ઠાન કરીને અંતરને તદ્દન નિર્મળ બનાવવાનું છે. એટલું લક્ષમાં રાખવું કે અભ્યંતર શૌચની પ્રાપ્તિ માટે આથી શ્રેષ્ઠ અન્ય કોઈ ઉપાય નથી.

ષડાવશ્યકમાં પહેલું આવશ્યક સામાયિક નામનું છે, તેમાં સર્વ પ્રકારનો વિષમભાવ ટાળીને સમભાવમાં આવવાનું છે. બીજું આવશ્યક ચતુર્વિંશતિસ્તવ નામનું છે, તેમાં ચોવીશ જિનોની ભાવપૂર્વક સ્તવના કરવાની છે. ત્રીજું આવશ્યક વંદનક નામનું છે, તેમાં સદ્‌ગુરુને વિધિપૂર્વક વંદના કરવાની છે ચોથું આવશ્યક પ્રતિક્રમણ નામનું છે, તેમાં જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિ કરવાની છે, અર્થાત્ તેમાં જે જે દોષો લાગ્યા હોય તે માટે અતંઃકરણથી દિલગીર થઈને ફરી ન કરવાનો નિશ્ચય કરવાનો છે અને થયેલા દોષો માટે ગુરુ પાસેથી યોગ્ય પ્રાયશ્ચિત ગ્રહણ કરી તેના વડે શુદ્ધ થવાનું છે. પાંચમું આવશ્યક કાયોત્સર્ગ નામનું છે, તેમાં કાયોત્સર્ગ અવસ્થાએ રહી વ્રત-વિરાધના આદિ મોટા દોષોનું વિશિષ્ટ શોધન કરવાનું છે અને આત્માને નિર્મળ બનાવવાનો છે. છઠ્ઠું આવશ્યક

પ્રત્યાખ્યાન નામનું છે, તેમાં સંયમરૂપી ગુણધારણા કરવાની છે. આનો વિચાર–વિસ્તાર ઘણો છે, જે અમે શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા નામના બૃહદ્ ગ્રંથમાં પૂર્વાચાર્યો રચિત અનેક ગ્રંથોના આધારે યુક્તિપૂર્વક કરેલો છે.

ઉપાસકનાં અન્ય લક્ષણોમાં ઉત્સાહ, ધૈર્ય અને તત્ત્વબોધનું નિરૂપણ કરવામાં આવે છે, તે પણ ઉપાસકો માટે નિતાંત ઉપાદેય છે.

### ૫–ઉત્સાહ

ઉત્સાહ એ પ્રવૃત્તિનો પ્રાણ છે, પ્રવૃત્તિમાં નવું ચેતન રેડનારો છે, પ્રવૃત્તિના પરિશ્રમને આનંદમાં પલટી નાખનારો છે. તેની હાજરી ન હોય તો સ્વીકૃત પ્રવૃત્તિ–સ્વીકૃત કાર્ય વેઠ સમાન બની જાય છે અને તેનાથી કંટાળો ઉપજતાં ધીમે ધીમે તે પ્રવૃત્તિ કે તે કાર્ય છોડી દેવાનું મન થાય છે અને આખરે તે છૂટી જાય છે. એટલે ઉપાસકે ઉપાસનાની બાબતમાં સદા ઉત્સાહવંત રહેવાનું છે અને એ ઉત્સાહનો ભંગ થાય, એવાં કાર્યોથી વિરમવાનું છે.

### ૬–ધૈર્ય કે ચિત્તની સ્વસ્થતા

ધૈર્ય એટલે ચિત્તનું સ્વાસ્થ્ય, ચિત્તની સ્વસ્થતા. વધારે સ્પષ્ટ કહીએ તો ગમે તેવા લાભનું કારણ મળવા છતાં હર્ષનો આવેશ આવે નહિ કે ગમે તેવી હાનિનું કારણ ઉપસ્થિત થતાં શોકનો સ્પર્શ થાય નહિ, તે ચિત્તની સ્વસ્થતા કહેવાય. જ્યારે ઉપાસકનું ચિત્ત આવી સ્વસ્થતા

પામે છે, ત્યારે ઉપાસનામાં અસાધારણ ઉજ્જવલતા આવે છે અને તે સિદ્ધિનું અનેરું આકર્ષણ કરે છે.

૭–ચિત્તની સ્વસ્થતા અંગે શેઠનું દૃષ્ટાંત

એક ગૃહસ્થ વૈભવશાળી હતા અને અન્ય ધંધાની સાથે વાયદાનો ધંધો પણ કરતા હતા. પરંતુ તેમને એવો નિયમ હતો કે જ્યારે પૂજામાં બેસે ત્યારે કોઈ પણ ગુમાસ્તાએ તેમના ઓરડામાં આવવું નહિ કે ઈશારા વગેરેથી વ્યાપારવિષયક કોઈ વાત જણાવવી નહિ. તેઓ પ્રભુપૂજા ઘણા સ્વસ્થ ચિત્તે કરતા અને તેમાં તેમને ઘણો આનંદ આવતો.

એક દિવસ વાયદાના ધંધામાં મોટી ઉથલપાથલ થઈ અને ટેલીફોનના કોલ પર કોલ આવવા લાગ્યા. મોટા મુનીમનું હૈયું એ કોલ સાંભળીને વધારે જોરથી ધડકવા લાગ્યું. ધંધો તેજીનો હતો અને બજાર મંદી તરફ જઈ રહ્યો હતો. તે ઉતાવળો ઉતાવળો શેઠજી ભણી ચાલ્યો, પણ તેમના ઓરડાના દ્વારે પહોંચ્યો કે હુકમ યાદ આવ્યો. આથી તેણે અંદર જવાનું માંડી વાળ્યું અને કંઈ પણ બોલવાની હિમ્મત કરી નહિ. તે પોતાના સ્થાને પાછો ફર્યો.

દશ મીનીટ થઈ ને બીજો કોલ આવ્યો. 'શેઠજી! બજાર તૂટે છે. ઈચ્છા હોય તો સોદો સરખો કરો.' પણ વ્યાપાર ઘણો મોટો હતો, એટલે મુનીમ પોતાની મુનસફી વાપરીને તેને સરખો કરી શકે તેમ ન હતો. વખતે ધંધો સરખો કરે અને બજાર સુધરી જાય તો? એટલે

તે પોતાની ગાદી પરથી ફરી ઊઠ્યો અને શેઠજીના ઓરડા ભણી ચાલ્યો. પરંતુ શેઠજી હજી પૂજામાં હતા. તેમની આજ્ઞા એવી સખ્ત હતી કે મુનીમ તેનો ભંગ કરવાની હિમ્મત કરી શક્યો નહિ. આમ બે-ત્રણ વાર બન્યું.

લગભગ કલાક પૂરો થયો, ત્યારે શેઠજી પૂજામાંથી ઊઠ્યા અને ઓરડાના દ્વારે મુનીમને વિહ્વલ હાલતમાં ઊભેલો જોઈને તેમણે પૂછ્યું કે 'શી વાત છે?' મુનીમે કહ્યું: 'સાહેબ! ગજબ થયો.' શેઠજીએ કહ્યું: 'પણ શું થયું? એ તો કહો.'

મુનીમે કહ્યું: 'સાહેબ બજાર તૂટી ગયો. તમે પૂજામાં બેઠા અને દલાલના કોલ આવવા માંડ્યા. પણ તમારી આજ્ઞા હતી કે હું પૂજામાં બેઠો હોઉં ત્યારે કોઈએ મારા ઓરડામાં આવવું નહિ, તેમજ ઈશારાથી કોઈ વાત કહેવી નહિ, એટલે હું આવી આવીને પાછો ગયો.'

શેઠજીએ કહ્યું: 'તે તમે ઠીક કર્યું. જો તમે મારી પૂજાનો ભંગ કર્યો હોત તો હું જરૂર નારાજ થાત. પણ કહો તો ખરા કે છેલ્લા ભાવ અનુસાર કેટલું નુકશાન થાય છે?'

મુનીમે કહ્યું: 'રૂપિયા બાર લાખ.'

શેઠજીએ કહ્યું: 'કમાવું-ખોવું એ નશીબની વાત છે. જે બન્યું તે ખરું. આ નુકશાન ઘણું ભારે છે, પણ હવે સોદા સરખો કરો અને આજથી વાયદાનો ધંધો બંધ કરો. ગયેલી ખોટ ગમે તેમ કરીને ભરપાઈ કરી દઈશ.'

કહેવાનું તાત્પર્ય એ છે કે આટલી મોટી હાનિ થવા છતાં તેમણે ચિત્તનું સ્વાસ્થ્ય જરા પણ ગુમાવ્યું નહિ કે જરા પણ વલોપાત કર્યો નહિ. તેમણે આવી પડેલી સ્થિતિને ભાગ્યનો ખેલ માનીને સ્વીકારી લીધી અને પોતાનો પૂજાપાઠ જરા પણ ખેદ કર્યા વિના નિત્ય મુજબ ચાલુ રાખ્યો.

અહીં એ પણ કહેવું જોઈએ કે એ ખોટ શેઠે આનાપાઈ ભરપાઈ કરી આપી અને પોતે તદ્દન સામાન્ય સ્થિતિમાં આવી પડ્યા, પણ કદી તેમણે પોતાની પૂજા મૂકી નહિ કે તેને દોષ દીધો નહિ. તેમણે બાકીનું જીવન સંતોષવૃત્તિમાં વીતાવ્યું અને ઉત્તમ આરાધનાપૂર્વક દેહ છોડ્યો. આવા આત્માની સદ્ગતિ થાય એમાં નવાઈ શી ?

આ સત્ય ઘટના સાંભળીને કોઈ ભૌતિકવાદી એમ કહે કે, 'જો શેઠને પૂજાનો આવો નિયમ ન હોત તો નુકશાનમાંથી બચી જાત અને એ રીતે આખર સુધી સુખી હાલતમાં રહી શકત, એટલે પૂજાથી તો તેમને નુકશાન જ થયું. આવી પૂજાનો આદર કરવાથી શું ?' પરંતુ આ કથન ભ્રમપૂર્ણ છે અને સાદી સમજવાળાને ઊંધા રવાડે ચડાવી દે તેવું છે, એટલે તેનું નિરાકરણ કરીશું. આ જગતમાં કેટલીક વાર કાકતાલીય ઘટના બને છે, એટલે કે એક બાજુ કાગડો ડાળે બેસવા જાય છે અને બીજી બાજુ ડાળ એ જ વખતે તૂટી પડે છે. પરંતુ આ પરથી કાગડાની બેસવાની ક્રિયાએ ડાળને તોડી પાડી એમ કહી

શકાતું નથી. ડાળ તૂટી પડવાનું કારણ જુદું જ હતું, પણ તેનું પરિણામ ભવિતવ્યતાના યોગે આ વખતે આવ્યું. અહીં પણ તેમજ સમજવાનું છે. શેઠજી એક બાજુ પૂજામાં બેઠા અને તે જ વખતે પૂર્વના કોઈ અશુભ કર્મના ઉદયથી તેમના વેપારને ધક્કો લાગવાનું શરૂ થયું, એટલે કે તેમને ધંધામાં ખોટ ગઈ તાત્પર્ય કે તેનું કારણ પ્રભુ-પૂજા ન હતી, પણ પૂર્વના અશુભ કર્મનો ઉદય હતો.

અહીં એ વસ્તુ પણ સ્પષ્ટપણે સમજી લેવી જરૂરની છે કે જ્યારે અશુભ કર્મનો ઉદય થાય છે, ત્યારે એક નહિ તો બીજા કારણે પણ નુકશાન ખમવું પડે છે અને મનુષ્ય ગમે તેવા પ્રયત્નો કરે તો પણ તેને ટાળી શકતો નથી એટલે આવા પ્રસંગે ધૈર્યનું અવલંબન લઈને સમય પસાર કરવો તથા પોતાના નિત્ય કર્મને છોડવું નહિ, એ જ ડહાપણભરેલો માર્ગ છે. જો શેઠજીએ નુકશાનનો ટોપલો પૂજા પર નાખ્યો હોત તો એ નુકશાનમાંથી તો બચી શકત નહિ, પણ પૂજાને નિરર્થક માની–અનિષ્ટ માની તેને છોડી દેત અને તેથી તેમને પાછલા જીવનમાં જે સંતોષ કે શાંતિનો અનુભવ થયો, તે પણ થાત નહિ. વળી તેમનું મૃત્યુ સુધર્યું, એ પણ ભાગ્યે જ સુધરત ! આને જ મોટો લાભ સમજવો જોઈએ.

અહીં એ પણ જણાવીશું કે સુખનો આધાર ભૌતિક સંપત્તિ પર નહિ, પણ માનસિક અવસ્થા પર છે. આ વાત નહિ સમજનારાઓ જ સંપત્તિનો નાશ થતાં હાય-

વોય અને વલોપાત કરે છે, જ્યારે ભૌતિક સંપત્તિની નિઃસારતા કે ક્ષણભંગુરતા સમજી લેનારાઓ સંપત્તિનો નાશ થતાં છૂટકારાનો દમ ખેંચે છે અને 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ' જેવી પંક્તિઓ ઉચ્ચારે છે.

આખરે જે છોડવાનું હતું, તે છૂટી ગયું. તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો એમાં તેણે કંઈ પણ ગુમાવ્યું ન હતું. જો તેણે ભૌતિક સંપત્તિના મોહથી વિહ્વળ બનીને પૂજા છોડી હોત તો તેણે ઘણું ગુમાવ્યું હોત, એટલે કે તેની લાંબા કાળની સાધના નષ્ટ થઈ હોત અને તેનાથી ભાવી સુખની સર્વ સામગ્રી લૂંટાઈ ગઈ હોત.

શાણાઓ તો સાનમાં સમજે છે, એટલે તેમને માટે આટલો ખુલાસો પર્યાપ્ત છે.

૮—તત્ત્વબોધ

ઉપાસકને તત્ત્વનો બોધ પણ હોવો જોઈએ. પ્રસ્તુત ગ્રંથના સાતમા પ્રકરણમાં અમે આ વસ્તુ વિસ્તારથી સમજાવી છે, એટલે અહીં તેની પુનરુક્તિ નહિ કરીએ, પણ એટલું જણાવીશું કે ભક્તિ, આરાધના કે ઉપાસના તત્ત્વજ્ઞાનથી દીપે છે અને તે પોતાનો સાચો માર્ગ પકડે છે. ભક્ત, આરાધક કે ઉપાસક ભલે પંડિત ન હોય, ભલે વિદ્વાન ન હોય, પણ તત્ત્વનો જાણકાર તો અવશ્ય હોવો જોઈએ. જો તેની સમજ સાચી હોય, તો એ સમજનો

ઉપયોગ ભક્તિ, આરાધના કે ઉપાસનાને વધારે ઉજ્જવલ બનાવવા માટે કરી શકે.

૯–બીજાં પણ કેટલાંક લક્ષણો

મંત્રવિશારદોએ મંત્રસાધક માટે જે લક્ષણો નક્કી કર્યાં છે; તેમાંનાં કેટલાંક લક્ષણો જિનોપાસકમાં પણ હોવા ઘટે છે. દાખલા તરીકે માતાપિતાદિ ગુરુજનોએ આપેલા હિતોપદેશને ધારણ કરવો, આળસરહિત થવું, વધારે નિદ્રા લેવી નહિ, ભોજન પરિમિત કરવું, સત્ય અને દયાથી યુક્ત રહેવું, ગુણ વડે ગંભીર થવું, વગેરે વગેરે.

આ વિષયનું વધારે વિવેચન કરીએ તો ઉપાસનાખંડ તેમાં જ પૂરો થઈ જાય, એટલે વિશેષ ન કહેતાં જે વસ્તુ સારભૂત હતી, તે કહી છે. ઉપાસકો આ પ્રકારના ગુણો–આ પ્રકારનાં લક્ષણો–આ પ્રકારની યોગ્યતા પોતાની જાતમાં પ્રકટાવવાનો પ્રયત્ન કરશે, તો તેઓની ઉપાસના નિઃસંશય ઉજ્જવલ–ઉત્કૃષ્ટ બનશે અને તેનું પરિણામ ઘણું સુંદર આવશે.



## પ્રકરણ ચોવીશમું

# ધર્માચરણ

### ૧–આજ્ઞાપાલનની મહત્તા

ઉપાસક માટે જે ગુણો આવશ્યક છે, તે મોટા ભાગે ધર્માચરણથી પ્રાપ્ત થાય છે અને ધર્માચરણથી જ વિકાસ પામે છે, એટલે ધર્માચરણ માટે ઉપાસકનો વિશિષ્ટ પ્રયત્ન હોવો જોઈએ.

શ્રી જિનેશ્વરદેવની ઉપાસના, આરાધના કે ભક્તિ ચાલુ હોય અને તેમની ધર્માચરણવિષયક આજ્ઞાઓના પાલન અંગે કશો પ્રયત્ન કે પ્રયાસ ન હોય, તો એ ઉપાસના, એ આરાધના કે એ ભક્તિ અધૂરી જ લેખાય; કારણ કે આજ્ઞાપાલન પણ શ્રી જિનેશ્વરદેવની ઉપાસનાનો જ એક ભાગ છે.

કહ્યું છે કે–

पुष्पाद्यर्चा तथाज्ञा च, तद्द्रव्यपरिरक्षणं ।
उत्सवास्तीर्थयात्रा च, भक्तिः पञ्चविधा जिने ॥

'પુષ્પ વગેરે વડે પૂજા કરવી, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પાળવી, દેવદ્રવ્યનું રક્ષણ કરવું, શાસ્ત્રવિહિત ઉત્સવો કરવા અને વિવિધ તીર્થોની યાત્રા કરવી, એમ પાંચ પ્રકારે શ્રી જિનેશ્વરદેવની ભક્તિ થાય છે.'

જો ભક્તિના આ પાંચ પ્રકારોની તુલના કરીએ તો તેમાં આજ્ઞાપાલનરૂપ ભક્તિ મોખરે છે, કારણ કે તેમાં જિનભક્તિ ઉપરાંત તમામ ધર્માચરણનો સમાવેશ થઈ જાય છે. શ્રી હરિભદ્રસૂરિજીએ લલિતવિસ્તરાચૈત્યવંદનવૃત્તિમાં આ વસ્તુ સ્પષ્ટ કરેલી છે.

એ તો સાદી સમજની વાત છે કે શ્રી જિનેશ્વરદેવના અંગને પખાળીએ, પૂજીએ તથા વિવિધ આભૂષણોથી શણગારીએ અને તેમની ધર્માચરણવિષયક આજ્ઞાઓને ન માનીએ, તો એ એક પ્રકારની વિસંવાદી સ્થિતિ જ ગણાય અને તેનું પરિણામ ધારવા જેવું સુંદર કદી પણ આવી શકે નહિ. હા, એમ બને ખરૂં કે શ્રી જિનેશ્વરદેવની ઉપાસના કુલક્રમાગત સંસ્કારથી શરૂ કરી દીધી હોય પણ વિશેષ સમજના અભાવે ધર્માચરણ થતું ન હોય, પરંતુ ઉંમર વધી, સમજણા થયા કે તે અંગે શ્રદ્ધા અને સમજ કેળવી લેવી જોઈએ અને તેનું યથાશક્તિ પાલન કરવાની તૈયારી પણ રાખવી જોઈએ. ટૂંકમાં અંગપૂજાદિ વિવિધ પ્રકારના ઉપચારો અને આજ્ઞાપાલન એ ઉપાસનારૂપી રથનાં જ બે પૈડાં છે, એમ માનીને એ બંને પ્રત્યે સરખો સદ્ભાવ રાખવો જોઈએ અને તે માટે જે કંઈ પ્રયત્ન કે પ્રયાસ કરવાની જરૂર હોય તે કરી છૂટવો જોઈએ.

**૨-ધર્માચરણની ત્રણ ભૂમિકાઓ**

શ્રી જિનેશ્વરદેવે ધર્માચરણ માટે ત્રણ ભૂમિકાઓ બતાવી છે: (૧) માર્ગાનુસરણ, (૨) દેશવિરતિ ચારિત્ર

અને (૩) સર્વવિરતિ ચારિત્ર. તે ત્રણેય ભૂમિકાઓનો અહીં સારભૂત પરિચય કરાવીશું.

**૩-માર્ગાનુસરણ અથવા ગૃહસ્થનો સામાન્ય ધર્મ**

શિષ્ટ પુરુષોએ પ્રવર્તાવેલા માર્ગનું અનુસરણ કરવું, તે માર્ગાનુસરણ કહેવાય. અન્ય શબ્દોમાં કહીએ તો જીવન-વ્યવહારની ઉત્તમતા કે શ્રેષ્ઠતા અંગે સર્વ મહાપુરુષોએ નીતિના નિચોડરૂપ જે નિયમો નક્કી કર્યા છે, તે પ્રમાણે વર્તવું, એ માર્ગાનુસરણની ક્રિયા છે. તેને 'ગૃહસ્થનો સામાન્ય ધર્મ' પણ કહેવામાં આવે છે, કારણ કે કોઈ પણ દર્શનવાળો પોતાની માન્યતાઓને બાધ ન આવે એ રીતે તેનું પાલન કરી શકે એવી સર્વ વ્યવસ્થા તેમાં રહેલી છે.

**૪–માર્ગાનુસરણના પાંત્રીશ નિયમો**

આ માર્ગાનુસરણના પાંત્રીશ નિયમો નીચે મુજબ છેઃ

(૧) **વૈભવ ન્યાયથી મેળવવો.** જીવનનિર્વાહ માટે ધનની જરૂર પડે છે, તે ન્યાયથી મેળવવું, પણ અન્યાયથી મેળવવું નહિ. ન્યાય એટલે પ્રામાણિક પ્રયાસ. તેમાં નોકરી, ચાકરી, વ્યાપાર, ધંધો, ખેતી વગેરે અર્થોપાર્જનનાં તમામ સાધનો આવે. અન્યાય એટલે વિશ્વાસઘાત, દગો–ફટકો. તેનો આશ્રય લઈને ધન મેળવવું નહિ.

(૨) **વિવાહ સમાન કુલ–આચારવાળા પણ અન્ય ગોત્રીય સાથે કરવો.** વિવાહ કે લગ્ન એ ગૃહસ્થજીવનનો પાયો છે. જો તે યોગ્ય રીતે ન નંખાય તો વર અને કન્યા

ઉભયનું જીવન બગડે છે. જો કુલ કે આચાર સમાન ન હોય તો ડગલે ડગલે વિસંવાદ ઊભો થાય છે અને તેમાંથી એકબીજાનું દિલ નારાજ થાય છે કે ઊઠી જાય છે. અન્ય ગોત્રીયની પસંદગી એટલા માટે કે તેનાથી જે સંતતિ થાય તે સારી થાય. સ્વગોત્રીય સાથે વિવાહ કરવાથી સંતતિ નબળી થાય છે, એ એક અનુભૂતસિદ્ધ હકીકત છે.

(૩) **શિષ્ટાચારની પ્રશંસા કરવી.** જે પુરુષો જ્ઞાનવૃદ્ધની પાસે રહીને શિક્ષા પ્રાપ્ત કરે છે, તે શિષ્ટ કહેવાય છે. તેમનો આચાર–તેમનું આચરણ સામાન્ય રીતે આવું હોય છે: (૧) સર્વની નિંદાનો ત્યાગ કરવો. (૨) સજ્જન પુરુષોની પ્રશંસા કરવી. (૩) આપત્તિમાં ધૈર્ય ધારણ કરવું. (૪) ચડતીના સમયમાં ચગી જવું નહિ. (૫) પ્રસંગ અનુસાર થોડું બોલવું. (૬) ખોટા વાદવિવાદનો ત્યાગ કરવો. (૭) સ્વીકારેલા કાર્યને પાર પાડવું (૮) કુલધર્મનું પાલન કરવું. (૯) ખોટા ખર્ચનો ત્યાગ કરવો. (૧૦) મુખ્ય કાર્ય કરવાનો આગ્રહ રાખવો. (૧૧) પ્રમાદ કે આળસનો ત્યાગ કરવો. (૧૨) લોકાચારનું પાલન કરવું. (૧૩) ઉચિત પ્રવૃત્તિ કરવી. (૧૪) કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ નિંદ્ય પ્રવૃત્તિ કરવી નહિ. આ આચરણની પ્રશંસા કરવી, એટલે તેને સારું માનીને તેમાં પ્રવૃત્ત થવું.

(૪) **કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ, એ છ અંતરના શત્રુઓનો ત્યાગ કરવો.**

(૫) **પાંચે ઇન્દ્રિયોનો જય કરવો.** અર્થાત્ તેને કાબૂમાં રાખવી, તેને બેફામ વર્તવા દેવી નહિ.

**(૬) ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો.** શત્રુની ચડાઈ થવાથી, રોગચાળો ફાટી નીકળવાથી, દુકાળથી, અતિવૃષ્ટિથી કે એવાં જ બીજાં કોઈ કારણોએ જે સ્થાન ઉપદ્રવવાળું બન્યું હોય તેનો ત્યાગ કરવો, પરંતુ હઠ કરીને એવા સ્થાનમાં પડ્યા રહેવું નહિ. અન્યથા સર્વસ્વ ગુમાવવાનો વખત આવે છે.

**(૭) સારા પાડોશવાળા સ્થાનમાં, અતિ પ્રકટ પણ નહિ અને અતિ ગુપ્ત પણ નહિ, એવા ઘણાં દ્વારો વિનાના ઘરમાં રહેવું.** સારા પાડોશનું મહત્ત્વ જાણીતું છે. જો ઘર અતિ પ્રકટ એટલે રાજમાર્ગમાં હોય તો પોળ કે દરવાજાના અભાવે ચોરી વગેરેનો વિશેષ ભય રહે અને અતિ ગુપ્ત એટલે ગલીકુંચીમાં હોય તો શોભા ધારણ કરે નહિ. વળી જે ઘરમાં જવા–આવવાનાં ઘણાં દ્વાર હોય તેમાં કુલસ્ત્રીઓની રક્ષા થઈ શકે નહિ.

**(૮) પાપથી ડરતા રહેવું.**

**(૯) પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.** તેથી વિરુદ્ધ વર્તતાં અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડે છે અને પ્રતિષ્ઠામાં પણ ઘટાડો થાય છે.

**(૧૦) કોઈનો અવર્ણવાદ બોલવો નહિ, રાજા વગેરેનો ખાસ કરીને.** અવર્ણવાદ બોલવો એટલે ઘસાતું બોલવું કે નિંદા કરવી. તેથી વાણી અપવિત્ર બને છે, સમય બગડે છે અને શત્રુઓ ઊભા થાય છે. વળી રાજા, મંત્રી કે રાજ્યના મુખ્ય અધિકારીઓનો અવર્ણવાદ બોલતાં

ન ધારેલી આફત ઊતરી પડવાનો સંભવ રહે છે, એટલે તેનાથી ખાસ બચવું.

(૧૧) **આવક પ્રમાણે ખર્ચ કરવો, પણ તેથી અધિક કરવો નહિ.** જેઓ ઉડાઉપણાની આદતથી કે દેખાદેખીથી આવક કરતાં ખર્ચ વધારે રાખે છે, તે બીજાના દેવાદાર બને છે અને દુઃખી થાય છે.

(૧૨) **અનુદ્ભટ વેશઃ**–વેશ, વૈભવ વગેરે પ્રમાણે રાખવો. તાત્પર્ય કે જેવી સંપત્તિ, જેવો દરજ્જો, જેવી અવસ્થા, તેવો પોશાક ધારણ કરવો. આ નિયમ તોડ્યો કે લોકોમાં નિંદા થાય છે અને કેટલીક વાર સહન પણ કરવું પડે છે વેશપરિધાન ઉદ્ભટ યાને મર્યાદાલોપી ન જોઈએ, કેમકે એથી હૃદયના ભાવ ઉદ્ભટ બને છે તથા લોકમાં ઠરેલ તરીકેની ખ્યાતિ મળતી નથી.

(૧૩) **માતાપિતાની સેવા–ભક્તિ કરવી.** આ જગતમાં માતાપિતાનો ઉપકાર બહુ મોટો છે, એટલે તેમની જેટલી સેવા અને ભક્તિ કરીએ, તેટલી ઓછી જ છે.

(૧૪) **સંગ સદાચારી પુરુષોનો કરવો.** તેથી ઘણો લાભ થવા સંભવ છે. દુરાચારીનો સંગ કરવાથી અનેક જાતના દુર્ગુણો દાખલ થાય છે અને જીવન બગડે છે.

(૧૫) **કરેલા ઉપકારને જાણવો.** કોઈએ આપણા પર થોડો પણ ઉપકાર કર્યો હોય તો તે યાદ રાખવો અને પ્રસંગ પડયે તેનો અનેકગણો બદલો વાળવાની વૃત્તિ રાખવી.

(૧૬) **અજીર્ણ હોય તો જમવું નહિ.** પ્રથમનું ભોજન પચ્યા વિના જમવાથી અનેક પ્રકારના રોગો થાય છે અને શરીરસ્વાસ્થ્ય બગડે છે.

(૧૭) **અવસરે પ્રકૃતિને અનુકૂળ લાલસા વિના જમવું.** અવસરે એટલે રોજના સમયે, પ્રકૃતિને અનુકૂળ એટલે પોતાને માફક આવે એવું. તે સહુ કોઈ અનુભવથી જાણી શકે છે. લાલસા વિના એટલે આસક્તિ વિના.

(૧૮) **સારી વર્તણુંકવાળા અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી.**

(૧૯) **નિંદ્ય કામમાં પ્રવૃત્તિ કરવી નહિ.** જે કામ સમાજમાં નિંદ્ય એટલે અધમ કે હલકું ગણાયું હોય, તે કરવાથી પ્રતિષ્ઠાનો નાશ થાય છે.

(૨૦) **જે ભરણપોષણ કરવા યોગ્ય હોય તેનું ભરણપોષણ કરવું.** માતા, પિતા, દાદા, દાદી, પત્ની, પુત્રાદિ પરિવાર તથા આશ્રયે રહેલાં સગાંવહાલાં અને નોકરચાકર ભરણપોષણ કરવા યોગ્ય છે.

(૨૧) **દીર્ઘદર્શી થવું.** લાભાલાભનો પૂરતો વિચાર કરવો; એ દીર્ઘદર્શિતા કહેવાય છે.

(૨૨) **રોજ ધર્મ સાંભળવો,** અર્થાત્ વ્યાખ્યાનો સાંભળવાં.

(૨૩) **દયાળુ થવું.** કોઈના દુઃખે દુઃખી થવું અને તેને દુઃખમાંથી બચાવવાની ભાવના રાખવી, એ દયા કહેવાય છે. દયા એ ધર્મનું મૂળ છે.

(૨૪) **બુદ્ધિના આઠ ગુણોનું સેવન કરવું.** (૧) શુશ્રૂષા–તત્ત્વ સાંભળવાની ઇચ્છા. (૨) શ્રવણ–તત્ત્વ સાંભળવું. (૩) ગ્રહણ–સાંભળેલું ગ્રહણ કરવું. (૪) ધારણ–ગ્રહણ કરેલાને ભૂલવું નહિ, પણ બરાબર ધારી રાખવું. (૫) ઊહ–જે અર્થ ગ્રહણ કર્યો હોય તે અન્યથી વિચારવો, અર્થાત્ તે શી રીતે સંગત બને તે દાખલા–દલીલથી વિચારવું. (૬) અપોહ–તે જ અર્થને વ્યતિરેકથી વિચારવો, અર્થાત્ તેના અભાવમાં કેવી વિરુદ્ધ પરિસ્થિતિ હોય તે યુક્તિ અને દૃષ્ટાન્તથી જોવું. (૭) અર્થવિજ્ઞાન–ભ્રમાદિ દોષોથી રહિત અર્થનું જ્ઞાન કરવું. (૮) તત્ત્વજ્ઞાન–અર્થનો નિશ્ચિત બોધ કરવો.

(૨૫) **ગુણનો પક્ષપાત કરવો.** જ્યાં ક્ષમા, નમ્રતા, સરલતા, ઉદારતા, દાક્ષિણ્ય, ધૈર્ય, પવિત્રતા વગેરે ગુણો દેખાય, ત્યાં તેની તરફેણ કરવી.

(૨૬) **સદા અદુરાગ્રહી રહેવું.** દુરાગ્રહનું પરિણામ ઘણું માઠું આવે છે; વળી દુરાગ્રહી મનુષ્ય ધર્મપ્રાપ્તિને યોગ્ય ગણાતો નથી.

(૨૭) **વિશેષજ્ઞ થવું.** જે મનુષ્ય કોઈ પણ વસ્તુના ગુણદોષ બરાબર સમજી શકે છે, તે વિશેષજ્ઞ કહેવાય છે.

(૨૮) **અતિથિ, સાધુ અને દીનજનોની યથાશક્તિ સેવા કરવી.**

(૨૯) **પરસ્પર બાધા ન આવે એ રીતે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને સેવવા.** જેનાથી

આત્માનો અભ્યુદય થાય તે ધર્મ કહેવાય; જેનાથી વ્યવહારનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થાય તે અર્થ કહેવાય, અને જેનાથી ઇન્દ્રિયોની તૃપ્તિ થાય કે ઇન્દ્રિયોને પ્રીતિ ઊપજે તે કામ કહેવાય. આ ત્રણની સાધના એવી રીતે કરવી કે તેમાં પરસ્પર અથડામણ થાય નહિ.

(૩૦) **દેશ અને કાલથી વિરુદ્ધ પરિચર્યાનો ત્યાગ કરવો.** દેશ એટલે ક્ષેત્ર અને કાલ એટલે સમય કે જમાનો. તેથી વિરુદ્ધ પરિચર્યાનો આશ્રય લેતાં મુશ્કેલીઓની પરંપરા ઊભી થાય છે, માટે તેનો ત્યાગ આવશ્યક છે.

(૩૧) **પોતાનું બલાબલ વિચારીને કામ કરવું.** અહીં બલથી પોતાનું શારીરિક, માનસિક તથા આર્થિક બળ સમજવું. જો એ બળ પહોંચતું ન દેખાય તો કોઈ મોટું કાર્ય હાથ ધરવું નહિ.

(૩૨) **લોકલાગણી ધ્યાનમાં રાખીને વર્તવું.** એથી લોકોની પ્રીતિ સંપાદન કરી શકાય છે અને વ્યાવહારિક કાર્યોમાં ધારી ફત્તેહ મળે છે.

(૩૩) **પરોપકાર કરવામાં કુશળ થવું.**

(૩૪) **લજ્જાવાન થવું.** જે મનુષ્ય લાજ કે શરમને કોરે મૂકે છે, તે ન કરવા જેવાં કાર્યોમાં પ્રવૃત્ત થાય છે અને સમાજમાં નિર્લજ્જ કે બેશરમ તરીકે ઓળખાય છે.

(૩૫) **મુખાકૃતિ સૌમ્ય રાખવી.** સૌમ્ય એટલે કે પ્રસન્નતાયુક્ત. તેથી અન્ય લોકો પર સારી છાપ પડે ચીડાયેલો ચહેરો કે દીવેલ પીધા જેવું મોઢું કોઈને ગમતું નથી. લોકો તેના ચાળા પાડે છે અને તેથી માનહાનિ થાય છે.

### ૫–દેશવિરતિ ચારિત્ર

દેશ એટલે અંશથી, વિરતિ એટલે વ્રત, નિયમ કે પ્રત્યાખ્યાન. તેનાથી પ્રાપ્ત થતું જે ચારિત્ર તે દેશવિરતિ ચારિત્ર. તેમાં સમ્યકત્વમૂલ બાર વ્રતોની ધારણા કરવાની હોય છે. આ વ્રતોને સામાન્ય રીતે 'શ્રાવકનાં બાર વ્રતો' કહેવામાં આવે છે.

**સમ્યક્ત્વની ધારણા :** જો મૂળ હોય તો જ થડ ટકી શકે અને ડાળા–ડાંખળીનો વિસ્તાર થાય, તેમ સમ્યકત્વ હોય તો જ વ્રતો ટકી શકે અને ચારિત્રરૂપ ધર્મનો વિસ્તાર થાય, તેથી પ્રથમ ધારણા સમ્યકત્વની કરવામાં આવે છે. તેમાં એવી પ્રતિજ્ઞા લેવાની હોય છે કે, 'હું જીવું ત્યાં સુધી શ્રી અરિહંત ભગવંત એ જ મારા દેવ છે, સુસાધુઓ એ જ મારા ગુરુ છે અને જિનોએ કહેલો ધર્મ એ જ મારે પ્રમાણ છે.'

સુદેવ–સુગુરુ અને સુધર્મમાં શ્રદ્ધા હોવા સાથે બહિરાત્મદશાનો ત્યાગ અને અંતરાત્મદશા પ્રતિ અભિમુખતા એ સમ્યકત્વનું મુખ્ય લક્ષણ છે.

જે સમ્યક્ત્વને ધારણ કરે તે સમ્ક્ત્વધારી કે સમ-

ક્તિધારી કહેવાય છે. સામાન્ય ઉપાસકો–શ્રાવકો કરતાં તેમનો ધાર્મિક–આધ્યાત્મિક દરજ્જો ઊંચો સમજવાનો છે.

**બાર વ્રતોનાં નામ :** સમ્યક્ત્વધારી શ્રાવકે જે બાર વ્રતો ધારણ કરવાનાં હોય છે, તેનાં નામો આ પ્રમાણે જાણવાં:—

(૧) સ્થૂલ પ્રાણાતિપાત–વિરમણ–વ્રત.

(૨) સ્થૂલ મૃષાવાદ–વિરમણ–વ્રત.

(૩) સ્થૂલ અદત્તાદાન–વિરમણ–વ્રત.

(૪) સ્થૂલ મૈથુન–વિરમણ–વ્રત.

(૫) પરિગ્રહપરિમાણ–વ્રત.

(૬) દિક્પરિણામ–વ્રત.

(૭) ભોગોપભોગ–પરિણામ–વ્રત.

(૮) અનર્થદંડ–વિરમણ–વ્રત.

(૯) સામાયિક–વ્રત.

(૧૦) દેશાવકાશિક–વ્રત.

(૧૧) પૌષધ–વ્રત.

(૧૨) અતિથિસંવિભાગ–વ્રત.

**બાર વ્રતોની સંજ્ઞાઓ :** આ વ્રતોમાંથી પહેલા પાંચ અણુવ્રતો કહેવાય છે, કારણ કે મહાવ્રતની અપેક્ષાએ તે ઘણાં નાનાં છે. પછીનાં ત્રણ એટલે છઠું, સાતમું અને આઠમું ગુણવ્રત કહેવાય છે, કારણ કે તે

અણુવ્રતને ગુણકારી છે, ઉપકારક છે, પુષ્ટિ કરનારાં છે. છેવટનાં ચાર એટલે નવમું, દશમું, અગિયારમું અને બારમું શિક્ષાવ્રત કહેવાય છે, કારણ કે તે મન, વચન અને કાયાને નિયમમાં રહેવાની શિક્ષા–તાલીમરૂપ છે.

## પહેલું સ્થૂલપ્રાણાતિપાત–વિરમણ–વ્રત.

પાંચ ઇન્દ્રિયો, કાયબળ, વચનબળ, મનોબળ, શ્વાસો-શ્છ્વાસ અને આયુષ્ય, એ દશને બાહ્ય–પ્રાણ કહેવામાં આવે છે. તેમાંના કોઈ પણ પ્રાણનો અતિપાત કરવો, એટલે નાશ કરવો, તે પ્રાણાતિપાત. તાત્પર્ય કે કોઈ પણ પ્રાણીને જાનથી મારવામાં આવે, તેનાં અંગોપાંગ છેદવામાં આવે કે તેને દુઃખ અથવા પીડા ઉપજાવવામાં આવે તો તે પ્રાણાતિપાત કહેવાય. હિંસા, મારણા, ઘાતના, વિરાધના વગેરે તેના પર્યાયશબ્દો છે. આ પ્રાણાતિપાત-માંથી વિરમવાની–અટકવાની જે ક્રિયા તે પ્રાણાતિપાત–વિરમણ અને તે સંબંધી જે વ્રતધારણ કરવું, તે પ્રાણા-તિપાત–વિરમણ વ્રત. આ વ્રતનું પાલન સાધુઓ સર્વાંશે કરે છે, એટલે તે સૂક્ષ્મ અને મહા છે. તેની અપેક્ષાએ ગૃહસ્થોનું આ વ્રત ઘણી છૂટછાટવાળું હોવાથી તેને સ્થૂલની –અણુની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે.

આ સ્થૂલ વ્રત દ્વારા 'નિરપરાધી ત્રસજીવોની સંક-લ્પીને નિરપેક્ષપણે હિંસા કરવી નહિ' એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે. તેનું યથાર્થ રહસ્ય સમજી લેવું જોઈએ.

જીવો બે પ્રકારના છે : ત્રસ અને સ્થાવર. તેમાં ગૃહસ્થો ત્રસ જીવોની હિંસા છોડી શકે, પણ સ્થાવરની હિંસા સર્વાંશે છોડી શકે નહિ. અલબત્ત, તે માટે બનતો પ્રયત્ન કરી શકે. આ રીતે પાપ છોડવાનો બનતો પ્રયત્ન કરવો, તેને યતના અર્થાત્ જયણા કહેવામાં આવે છે.

ત્રસ જીવોમાં કેટલાક નિરપરાધી અને કેટલાક સાપરાધી હોવાનો સંભવ છે. જેણે કોઈ પણ પ્રકારનો અપરાધ કે ગુનો કર્યો ન હોય તે નિરપરાધી અને જેણે કોઈ પણ પ્રકારનો અપરાધ કે ગુનો કર્યો હોય તે સાપરાધી. કોઈ કુટુંબ પર હુમલો કરે, ગામ ભાંગે, ધર્મસ્થાનો લૂંટે કે તારાજ કરે, દેશ પર ચડાઈ કરે કે બીજી રીતે માલમિલકત વગેરેને નુકશાન પહોંચાડે તો સાપરાધી ગણાય. આવા સાપરાધીને ગૃહસ્થો તદ્દન જતો કરી શકે નહિ, એટલે કે તેની સામે લડે અને તેને યોગ્ય દંડ કે શિક્ષા આપે. વ્રતધારી રાજાઓ, મંત્રીઓ તથા દંડનાયકો આ રીતે શત્રુઓ સામે લડ્યા છે અને તેમણે દેશ, સમાજ તથા ધર્મની રક્ષા કરેલી છે. તેથી ગૃહસ્થને નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ અને સાપરાધીની યતના હોય છે.

નિરપરાધી ત્રસ જીવોની હિંસા બે પ્રકારે થાય છે : એક તો સંકલ્પથી એટલે ઇચ્છા કે ઇરાદાપૂર્વક અને બીજી આરંભથી એટલે જીવનની જરૂરીઆત માટે કરવી પડતી પ્રવૃત્તિથી. આ બે પ્રકારની હિંસામાંથી ગૃહસ્થોને સંકલ્પ-પૂર્વક નિરપરાધી ત્રસ જીવની હિંસા કરવાનો ત્યાગ અને આરંભની યતના હોય છે.

નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પજા હિંસા બે પ્રકારે થાય છે: એક તો નિરપેક્ષપણે અને બીજી સાપેક્ષપણે. તેમાં કંઈ ખાસ કારણ વિના નિર્દય માર મારવો કે બીજી રીતે દુઃખ ઉપજાવવું, એ નિરપેક્ષપણે થતી હિંસા છે અને કારણવશાત્ બંધન, તાડન વગેરે કરવું પડે તે સાપેક્ષપણે થતી હિંસા છે. ગૃહસ્થો પોતાની આજીવિકા માટે હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગાય, ભેંસ, બકરાં, ઘેટાં વગેરે પશુઓ પાળે છે, તેને ઘણી વખત કારણવશાત્ તાડન વગેરે કરવું પડે છે. તે જ રીતે પુત્ર-પુત્રીઓને સુશિક્ષા આપવા માટે પણ તાડન-તર્જન કરવું પડે છે. તેથી ગૃહસ્થોને નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પપૂર્વક નિરપેક્ષપણે થતી હિંસાનો ત્યાગ હોય છે અને સાપેક્ષપણે થતી હિંસાની યતના હોય છે.

### બીજું સ્થૂલમૃષાવાદ-વિરમણ વ્રત

મૃષા વદવું તે મૃષાવાદ. અહીં મૃષા શબ્દથી અપ્રિય, અપથ્ય તથા અતથ્ય એ ત્રણે પ્રકારનાં વચનો સમજવાનાં છે. જે શબ્દો સાંભળવામાં અતિ કર્કશ કે કઠોર હોય તે અપ્રિય કહેવાય છે; જે વચનથી પરિણામે લાભ ન હોય તે અપથ્ય કહેવાય છે, અને જેમાં વસ્તુની યથાર્થ રજૂઆત ન હોય તેને અતથ્ય કહેવાય છે. મૃષાવાદને સામાન્ય રીતે અલીક વચન, અસત્ય કે જૂઠાણું કહેવામાં આવે છે. તેમાંથી વિરમવાનું-અટકવાનું જે વ્રત તે મૃષાવાદ-વિરમણ-વ્રત. આ વ્રતથી પાંચ મોટાં અલીક વચનનો ત્યાગ કરવામાં

આવે છે ને બાકીની યતના હોય છે, તેથી તેને સ્થૂલ-મૃષાવાદ-વિરમણ-વ્રત કહેવામાં આવે છે.

પાંચ મોટાં અલીક વચનોની ગણના નીચે પ્રમાણે થાય છે:—

(૧) કન્યાલીક-કન્યાના વિષયમાં અલીકવચન બોલવું તે. અર્થાત્ કન્યા ખોડ-ખાંપણવાળી હોય છતાં તેને સુંદર કહેવી કે સુંદર હોય છતાં ખોડખાંપણવાળી કહેવી તે. આ પ્રકારના અલીક વચનથી વરની કે કન્યાની જિંદગી બરબાદ થાય છે, માટે વ્રતધારી તેવું વચન બોલે નહિ. દાસદાસી વગેરે મનુષ્યો માટે પણ એમ જ સમજવું.

(૨) ગવાલીક-ગાય વગેરે પશુના સંબંધમાં અલીક વચન બોલવું તે. ગાય ઓછું દૂધ દેનારી હોય છતાં વધારે દૂધ આપનારી કહેવી, વધારે વેતર થયાં હોય છતાં ઓછાં વેતર કહેવા વગેરે. અન્ય પશુઓની બાબતમાં પણ તેમ જ સમજવું. આ પ્રકારના અલીક વચનથી પશુ ખરીદનાર સામા ધણીને ઘણું નુકશાન થાય છે અને કેટલીક વાર મોટો આઘાત લાગે છે, એટલે વ્રતધારી આવું વચન બોલે નહિ.

(૩) ભૂમ્યલીક-ભૂમિ, મકાન વગેરે અંગે અલીક વચન બોલવું તે. પડતર ભૂમિને ખેડાણવાળી કહેવી, કે ખેડાણવાળી ભૂમિને પડતર કહેવી, અથવા જે ભૂમિમાં ઓછો પાક થતો હોય તેને ફલદ્રુપ કહેવી અને ફલદ્રુપ ભૂમિ હોય તેને ઓછા પાકવાળી કહેવી વગેરે. આ પ્રકારના

અલીક વચનથી પણ મનુષ્યને મોટું નુકશાન થાય છે, એટલે વ્રતધારી તેવું વચન બોલે નહિ.

(૪) ન્યાસાપહાર–કોઈએ ન્યાસ એટલે થાપણ મૂકી હોય, તેને જૂઠું બોલીને ઓળવવી તે. દ્રવ્ય એ અગિયારમો પ્રાણ છે, એટલે તે ચાલ્યો જતાં મનુષ્યને તીવ્ર આઘાત લાગે છે અને કેટલીક વાર તેનું મૃત્યુ નિપજે છે, માટે વ્રતધારી તેવું વચન બોલે નહિ.

(૫) કૂટસાક્ષી–કોર્ટ, કચેરી, પંચ કે લવાદ સમક્ષ જૂઠી સાક્ષી આપવાથી સાચા મનુષ્યના હકમાં નુકશાન થાય છે અને ખોટો ફાવી જાય છે, એટલે વ્રતધારી કોઈ પણ વખત ખોટી સાક્ષી પુરે નહિ.

## ત્રીજું સ્થૂલ–અદત્તાદાન–વિરમણ–વ્રત.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે दन्तसोहणमाइस्स अदत्तविवज्जणं દાંત ખોતરવાની સળી પણ તેના માલીકે રાજીખુશીથી આપ્યા વિના લેવી નહિ, તો જેના પર ગૃહસ્થોની આજીવિકાનો મુખ્ય આધાર છે, તે દ્રવ્ય કે ધન તો લેવાય જ કેમ ? તાત્પર્ય કે અગ્નિશિખાઓનું પાન કરવું સારું, સર્પના મુખને ચુંબન કરવું સારું અથવા હળાહળ ઝેરને ચાટી જવું સારું, પણ બીજાનું દ્રવ્ય હરી લેવું, એ સારું નહિ. આ સિદ્ધાંતનો જીવનમાં યથાશક્તિ અમલ થાય તે માટે ત્રીજા વ્રતની યોજના છે.

આ વ્રત દ્વારા નાની–મોટી ચોરીનો ત્યાગ કરવામાં

આવે છે. જંગલમાં માલિકી વિનાનું ઘાસ, કૂવા–તળાવ–નદી વગેરેનુ પાણી ઈત્યાદિ જે વસ્તુઓ પર કોઈની માલિકી ન હોય કે માલિક હોય તો પણ લેવાની મનાઈ ન હોય તેને લેવાથી અદત્તાદાન થતું નથી.

## ચોથું સ્થૂલ–મૈથુન–વિરમણ–વ્રત યાને પરદારાગમન-વિરમણ–સ્વદારાસંતોષ–વ્રત

પરદારા એટલે બીજાની સ્ત્રી. તેની સાથે ગમન કરતાં વિરમવાનું વ્રત તે પરદારાગમન–વિરમણ–વ્રત. સ્વદારા એટલે પોતાની સ્ત્રી. તેનાથી સંતોષ પામવાનું વ્રત તે સ્વદારા-સંતોષ–વ્રત. પરદારાગમન–વિરમણ–વ્રત કરતાં સ્વદારા-સંતોષ–વ્રત વધારે ઉચ્ચ કોટિનું છે, કારણ કે પરદારાગમન-વિરમણમાં કુંવારી કન્યાઓ, વિધવાઓ, રખાતો તથા વેશ્યાઓના ત્યાગનો સ્પષ્ટ સમાવેશ સમજાતો નથી. જ્યારે સ્વદારાસંતોષમાં પોતાની સ્ત્રી સિવાય બધી જ સ્ત્રીઓનો ત્યાગ હોય છે.

ગૃહસ્થને માટે સ્વદારાસંતોષ એ બ્રહ્મચર્ય છે. કહ્યું છે કે–

> यस्तु स्वदारसन्तोषी, विषयेषु विरागवान् ।
> गृहस्थोऽपि स्वशीलेन, यतिकल्पः स कल्प्यते ॥

‘ જે પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ છે અને વિષયોમાં વિરક્ત છે, તે ગૃહસ્થ હોવા છતાં પોતાના શીલથી સાધુના સરખો ગણાય છે. ’

આ વ્રત લેનાર મોટી સ્ત્રીઓને માતા સમાન, સમવયસ્ક સ્ત્રીઓને ભગિની સમાન અને લઘુવયવાળી સ્ત્રીઓને પુત્રી સમાન લેખે છે, એટલે કે તેના સામી કુદૃષ્ટિ કરતો નથી.

આ ચોથું વ્રત ધારણ કરનારે મોટા પર્વ દિવસોમાં, તિથિઓમાં, સગર્ભાવસ્થાના દિવસોમાં, પ્રસૂતિ પછીના ત્રણ માસ સુધી, તેમ જ દિવસના ભાગમાં સ્વસ્ત્રી સાથે પણ મૈથુન સેવવાનો ત્યાગ કરવો જોઈએ.

## પાંચમું પરિગ્રહ-પરિમાણ-વ્રત

જૈન મહર્ષિઓ કહે છે કે જેમ ઘણા ભારથી ભરેલું મોટું વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ પરિગ્રહના મમત્વ રૂપી ભારથી પ્રાણીઓ સંસારરૂપ સમુદ્રમાં ડૂબી જાય છે, માટે પરિગ્રહનો ત્યાગ કરવો. ઘણો પરિગ્રહ એકઠો કરનાર મનુષ્યને વિષયરૂપી ચોરો લૂંટી લે છે, કામરૂપ અગ્નિ બાળે છે અને વનિતારૂપી શિકારીઓ તેના માર્ગનું રુંધન કરે છે. ટૂંકમાં પરિગ્રહ એ પાપનું મૂળ છે, તેથી તે અવશ્ય છોડવા યોગ્ય છે.

પોતાના થકી ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ(મકાન), રૂપુ, સોનું, રાચરચીલું, દ્વિપદ (નોકરચાકર) અને ચતુષ્પદ (ઢોર-ઢાંખર) હોવા એ પરિગ્રહ કહેવાય છે.

ગૃહસ્થો આ પરિગ્રહનો સર્વાંશે ત્યાગ કરી શકે નહિ, કારણ કે વ્યવહારમાં ડગલે ને પગલે ધનાદિની જરૂર પડે છે અને તેનાથી ભિક્ષા માગી શકાતી નથી; પરંતુ તે પોતાની જરૂરીઆતો ઓછી કરીને તથા ધનાદિ પરનું

મમત્વ ઘટાડીને પરિગ્રહનું પરિમાણ કરી શકે છે, અર્થાત્ તેની મર્યાદા બાંધીને સંતોષી–સુખી જીવન ગાળી શકે છે.

## છઠ્ઠું દિક્–પરિમાણ–વ્રત

ગૃહસ્થજીવનને સંતોષી–સુખી બનાવવા માટે જેમ પરિગ્રહનું પરિમાણ આવશ્યક છે, તેમ દિશાઓનું પરિમાણ પણ આવશ્યક છે. જો એની મર્યાદા નક્કી કરેલી ન હોય તો ગમે ત્યાં અને ગમે તેટલે દૂર સુધી જવાનું દિલ થાય છે, અને તેથી જીવનમાં જે શાંતિ અને સ્થિરતાનો અનુભવ થવો જોઈએ તે થતો નથી; વળી વ્રત વિના તે દેશસ્થાનના આરંભ–સમારંભનો ભાર માથે રહે છે, તેથી શ્રાવકનાં વ્રતોમાં તેને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે.

આ વ્રતોથી પહેલા અને પાંચમા અણુવ્રતના ગુણની પુષ્ટિ થાય છે.

## સાતમું ભોગોપભોગ–પરિમાણ–વ્રત

ભોગલાલસા પર કાબૂ આવે તે માટે આ વ્રતની યોજના કરવામાં આવી છે. જે વસ્તુ એકવાર ભોગવાય તે ભોગ; જેમ કે આહાર, પાન, સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, પુષ્પધારણ વગેરે. અને જે વસ્તુ વધારે વખત ભોગવાય તે ઉપભોગ; જેમ કે વસ્ત્ર, આભૂષણ, શયન, આસન, વાહન, વનિતા વગેરે.

આ વ્રતથી ભોગ્ય–ઉપભોગ્ય વસ્તુઓની મર્યાદા

કરવામાં આવે છે, તથા તેના સાધનરૂપ દ્રવ્યને જે ઉપાયોથી–કર્મોથી ઉપાર્જન કરવામાં આવે છે, તેનો પણ વિવેક કરવામાં આવે છે. અર્થાત્ તેમાં જે કર્મો ઘણા સમારંભવાળા છે, તેનો ત્યાગ કરવામાં આવે છે.

ભોગની વસ્તુમાં આહારપાણી મુખ્ય છે. તેમાં બાવીશ અભક્ષ્યનો ત્યાગ કરવો જોઈએ અને બીજાની મર્યાદા કરવી જોઈએ. બાવીશ અભક્ષ્યનાં નામો નીચે મુજબ સમજવાઃ—

| | |
|---|---|
| ૧ વડનાં ફળ | ૧૨ વિષ ( ઝેર ) |
| ૨ પીંપળાનાં ફળ | ૧૩ સર્વ પ્રકારની માટી |
| ૩ ઊંબરાં | ૧૪ રાત્રિભોજન |
| ૪ અંજીર | ૧૫ બહુબીજ |
| ૫ કાકોદુંબર | ૧૬ અનંતકાય (કંદમૂળ વગેરે) |
| ૬ દરેક જાતનો દારૂ | ૧૭ બોળ અથાણાં |
| ૭ દરેક જાતનું માંસ | ૧૮ ઘોલવડાં |
| ૮ મધ | ૧૯ વંતાક |
| ૯ માખણ | ૨૦ અજાણ્યાં ફળ–ફૂલ |
| ૧૦ હિમ ( બરફ ) | ૨૧ તુચ્છ ફળ |
| ૧૧ કરા | ૨૨ ચલિત રસ |

**આઠમું અનર્થદંડ–વિરમણ–વ્રત**

જે હિંસા જીવનનિર્વાહના વિશિષ્ટ પ્રયોજન કે અનિવાર્ય કારણને લીધે કરવામાં આવે તે અર્થદંડ કહેવાય છે અને જે હિંસા વિશિષ્ટ પ્રયોજન કે અનિવાર્ય કારણ વિના કરવામાં આવે છે, તે અનર્થદંડ કહેવાય છે. તેમાંથી

વિરમવાનું-અટકવાનું જે વ્રત, તે અનર્થદંડ-વિરમણ-વ્રત. જૈન મહર્ષિઓએ અનર્થદંડને ચાર પ્રકારમાં વિભક્ત કરેલો છેઃ (૧) અપધ્યાન, (૨) પાપોપદેશ, (૩) હિંસ્ર-પ્રદાન અને (૪) પ્રમાદાચરણ.

અપધ્યાન એટલે આર્ત અને રૌદ્રધ્યાન. જે સૂચના કે સલાહથી બીજાને આરંભ-સમારંભ કરવાની પ્રેરણા મળે તે પાપોપદેશ. જેમકે-વેરીઓનું નિકંદન કાઢો, હથિયાર સજો, જંગલને બાળીને સાફ કરો, આ ઢોરને ચાર સાટકા લગાવો, આમ સાક્ષી જૂઠી ભરી દો....વગેરે. હિંસાકારી શસ્ત્ર-સાધન બીજાને આપવા તે હિંસ્રપ્રદાન અને જે આચરણ પ્રમાદ કે આળસથી થાય તે પ્રમાદાચરણ. તે સંબંધી શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે 'કુતૂહલથી ગીત, નૃત્ય, નાટક વગેરે જોવાં, કામશાસ્ત્રમાં આસક્તિ, જુગાર, મદિરા આદિનું સેવન, જલક્રીડા, હિંડોલક્રીડા ઈત્યાદિ વિનોદ, બીજા જીવોને પરસ્પર લડાવવા, શત્રુના પુત્રાદિ સાથે વૈર રાખવું, ભોજન સંબંધી, સ્ત્રી સંબંધી, જનપદ ( દેશ ) સંબંધી અને રાજ્ય સંબંધી વાતો કરવી, રોગ કે ચાલવાનો પરિશ્રમ પડયા વિના આખી રાત ઊંઘ્યા કરવું ઈત્યાદિક પ્રમાદનાં આચરણો સદ્બુદ્ધિવાળાએ પરિહરવાં જોઈએ.'

## નવમું સામાયિક-વ્રત

સર્વ પાપમય પ્રવૃત્તિનો તથા દુર્ધ્યાનનો ત્યાગ કરીને બેઘડી સુધી સમભાવ કે શુભભાવમાં રહેવું, તે સામાયિક

કહેવાય છે. જો ગુરુની વિદ્યમાનતા હોય તો તેમની સમીપે, નહિ તો ઉપાશ્રય કે પોતાના મકાનના એકાંત ભાગમાં બેસીને પણ આ ક્રિયા કરી શકાય છે. રોજ સામાયિક કરવાથી સમતા ગુણની વૃદ્ધિ થાય છે અને મન, વચન તથા કાયા પર કાબૂ આવતો જાય છે.

## દશમું દેશાવકાશિક-વ્રત

દિક્પરિમાણ-વ્રત વડે નિયત કરેલી મર્યાદામાંના કે કોઈ પણ વ્રત સંબંધી કરવામાં આવેલા સંક્ષેપ પૈકીના એક ભાગને દેશ કહેવાય છે. તેમાં અવકાશ કરવો એટલે અવસ્થાન કરવું, અર્થાત્ તે ભાગનો જ નિયમ રાખવો, એનું નામ દેશાવકાશ. તે સંબંધી જે વ્રત તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. તેનું પાલન એક મુહૂર્તથી માંડીને સંપૂર્ણ અહોરાત્રિ, બે-પાંચ દિવસ કે તેથી પણ વધારે સમય માટે એક શય્યા, એક મકાન કે એક મહોલ્લા વગેરેનો નિયમ કરવાથી તથા પ્રતિદિન નીચેના ચૌદ નિયમો ધારણ કરવાથી થઈ શકે છે :

(૧) સચિત્તનિયમ-સચિત્ત દ્રવ્યો અમુક પ્રમાણથી વધારે ન વાપરવાં.

(૨) દ્રવ્યનિયમ-કુલ દ્રવ્યો અમુક સંખ્યા કરતાં વધારે ન વાપરવાં.

(૩) વિકૃતિનિયમ-છ વિગઈ ઓ પૈકી અમુક વિગઈ નો ત્યાગ કરવો.

(૪) ઉપાનહનિયમ—જોડાં—પગરખાં અમુક સંખ્યા કરતાં વધારે ન વાપરવાં.

(૫) તંબોલનિયમ—આખા દિવસમાં અમુક સંખ્યા કરતાં અધિક તંબોલ—પાન વાપરવાં નહિ.

(૬) વસ્ત્રનિયમ—અમુક સંખ્યા કરતાં વધારે વસ્ત્ર વાપરવા નહિ.

(૭) પુષ્પાદિભોગનિયમ—જુદા જુદા હેતુથી વપરાતાં પુષ્પોનું પ્રમાણ નક્કી કરવું; સુગંધિ દ્રવ્યોને સુંઘવાનું પ્રમાણ નક્કી કરવું.

(૮) વાહનનિયમ—રથ, હાથી, ઘોડા, ઊંટ, ગાડાં, ગાડી, સગરામ, મોટર, રેલ્વે, વિમાન વગેરેનું પ્રમાણ નક્કી કરવું.

(૯) શયનનિયમ—શય્યા વગેરેનું પ્રમાણ નક્કી કરવું.

(૧૦) વિલેપનનિયમ—વિલેપન તથા ઉદ્વર્તનનું પ્રમાણ નક્કી કરવું.

(૧૧) બ્રહ્મચર્યનિયમ—શ્રાવકને દિવસે અબ્રહ્મનું સેવન વર્જ્ય છે. રાત્રિની યતના આવશ્યક છે. તેને લગતો નિયમ કરવો.

(૧૨) દિગ્નિયમ—દિશાસંબંધી જે માપ આગળ રાખ્યું હોય તે વ્રતના સમય દરમિયાન ઘટાડવું.

(૧૩) સ્નાનનિયમ—સ્નાનનું પ્રમાણ બાંધવું.

(૧૪) ભક્તનિયમ—આહારનું પ્રમાણ નક્કી કરવું.

તે ઉપરાંત પૃથ્વીકાય, અપ્‌કાય, તેજસ્‌કાય, વાયુકાય, વનસ્પતિકાય, અસિ, મસિ અને કૃષિને લગતું પરિમાણ તથા ત્રસકાયની રક્ષા નક્કી કરવામાં આવે છે.

ચાલુ પ્રણાલિકામાં દિવસના દસ સામાયિક ( અથવા સવાર–સાંજ પ્રતિક્રમણ અને આઠ સામાયિક ) અને ઓછામાં ઓછા એકાસન તપથી દેશાવકાશિક વ્રત કરાય છે. ચૌદ નિયમો ધારવાનો વ્યવહાર–સાતમા વ્રતમાં છે.

**અગિયારમું પોષધ–વ્રત**

જે ધર્મનું પોષણ કરે, તે પોષધ કહેવાય. આ વ્રતમાં ઉપવાસ, આયંબિલ, નિવ્વી કે એકાસણાનું તપ હોય છે; સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, પુષ્પ, ગંધ, વિશિષ્ટ વસ્ત્ર અને આભરણાદિ શરીરસત્કારનો તથા વ્યાપારનો ત્યાગ હોય છે; બ્રહ્મચર્યનું પાલન ચાર પ્રહર અને આઠ પ્રહરની મર્યાદાથી ગ્રહણ કરવામાં આવે છે. આ વ્રતમાં દેવવંદન, ગુરુવંદન, છ આવશ્યક, બાર વ્રતને લગતી ક્રિયા તથા પ્રતિલેખન–પ્રમાર્જન કરવાનું હોય છે, તેથી સાધુજીવનની કેટલીક તાલીમ મળે છે. શ્રાવકે પર્વ દિવસે પોષધ અવશ્ય કરવો જોઈએ.

**બારમું અતિથિસંવિભાગ–વ્રત**

સાધુમુનિરાજો અતિથિ કહેવાય છે. તેમને પોતાના અર્થે તૈયાર કરેલાં ખાનપાનનો અમુક વિભાગ ઉચ્ચ પ્રકારની ભક્તિવડે આપવાનું વ્રત તે અતિથિસંવિભાગ–વ્રત કહેવાય છે. પોષધના બીજા દિવસે સાધુ–મહાત્માઓને

આહારપાણી વહોરાવ્યા પછી જ પારણું કરવું તથા અન્ય દિવસોમાં પણ સાધુ મુનિરાજોને આહારપાણી વહોરાવ્યા પછી જમવાની ભાવના રાખવી એ અતિથિસંવિભાગ વ્રતનું રહસ્ય છે.

## ૬–સર્વવિરતિ–ચારિત્ર

સર્વ એટલે સર્વાંશે, વિરતિ એટલે વ્રત, નિયમ કે પ્રત્યાખ્યાન, તેના વડે પ્રાપ્ત થતું જે ચારિત્ર તે સર્વ-વિરતિ ચારિત્ર. દેશવિરતિ ચારિત્ર કરતાં આ ચારિત્રની કક્ષા ઘણી ઊંચી છે અને તેનું યથાર્થ પાલન કરવા માટે વૈરાગ્ય–ત્યાગ આદિથી વિભૂષિત થઈ શ્રમણાવસ્થા સ્વીકારવી પડે છે.

આ પ્રસંગે સર્વવિરતિ સામાયિક ઉચ્ચરીને પાંચ મહાવ્રતો તથા છઠ્ઠું રાત્રિભોજન–વિરમણ–વ્રત અંગીકાર કરવામાં આવે છે. તેની પ્રતિજ્ઞાઓ નીચે મુજબ છે:

## પહેલું પ્રાણાતિપાત–વિરમણ–મહાવ્રત

'હે ભદન્ત! જીવહિંસાથી વિરમવું એ પહેલું મહાવ્રત છે (એમ હું સમજ્યો છું). હું સર્વ પ્રકારની જીવહિંસાનો ત્યાગ કરું છું. તે જીવ–પ્રાણી સૂક્ષ્મ હોય, બાદર હોય, ત્રસ હોય કે સ્થાવર હોય, તેની સ્વયં હિંસા કરું નહિ, બીજા પાસે કરાવું નહિ, પ્રાણીની હિંસા કરી રહેલા અન્યને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું ત્યાં સુધી ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી અને કાયાથી કરું નહિ, કરાવું નહિ, કરતાંને સારો માનું નહિ. તે પાપમાંથી હે

ભદન્ત! હું પાછો ફરું છું, તેને ખોટું ગણું છું, તેનો ગુરુ સમક્ષ એકરાર કરું છું અને એ પાપથી મલિન થયેલા મારા આત્માનો ત્યાગ કરું છું.'

હે ભદંત સર્વ! પ્રકારની જીવહિંસાથી વિમુખ થઈને હું પ્રથમ મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

## બીજું મૃષાવાદ–વિરમણ–મહાવ્રત

'હે ભદંત! અસત્ય બોલવાથી વિરમવું, એ બીજું મહાવ્રત છે (એમ હું સમજ્યો છું). હું સર્વ પ્રકારની અસત્ય વાણીનો ત્યાગ કરું છું. તે ક્રોધથી અથવા લોભથી, ભયથી અથવા હાસ્યથી સ્વયં બોલું નહિ, બીજા પાસે બોલાવું નહિ, તથા અસત્ય બોલી રહેલાને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું....ત્યાગ કરું છું. (અહીં પછીનો પાઠ બધા વ્રતોમાં સમાન હોય છે.)

હે ભદંત! સર્વ પ્રકારના અસત્ય બોલવામાંથી વિમુખ થઈને હું બીજા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

## ત્રીજું અદત્તાદાન–વિરમણ–મહાવ્રત

'હે ભદંત! માલિકે ન આપી હોય તેવી કોઈ પણ વસ્તુ ન લેવી, એ ત્રીજું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું). હું સર્વ પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરું છું. ગામ, નગર કે અરણ્યમાં થોડું, વધારે, નાનું, મોટું, સજીવ કે નિર્જીવ જે કોઈપણ માલિક દ્વારા ન અપાયું હોય તેને હું સ્વયં ગ્રહણ કરું નહિ, બીજા પાસે ગ્રહણ કરાવું નહિ,

તથા ગ્રહણ કરનારને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું ....ત્યાગ કરું છું.

હે ભદંત ! સર્વ પ્રકારનાં અદત્તાદાનથી વિમુખ થઈને હું ત્રીજા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

## ચોથું મૈથુન–વિરમણ–મહાવ્રત

'હે ભદંત ! મૈથુનથી દૂર રહેવું, એ ચોથું મહાવ્રત છે (એમ હું સમજ્યો છું). હું સર્વ પ્રકારનાં મૈથુનનો ત્યાગ કરું છું. દૈવી, માનુષિક કે પાશવિક કોઈપણ પ્રકારનાં મૈથુનનું સેવન હું કરું નહિ, બીજા પાસે કરાવું નહિ તથા કરતાને સારો જાણું નહિ. જ્યાં સુધી જીવું........કરું છું.'

'હે ભદંત ! સર્વ પ્રકારનાં મૈથુનથી વિમુખ થઈને હું ચોથા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

## પાંચમું પરિગ્રહ–વિરમણ–મહાવ્રત

'હે ભદંત ! પરિગ્રહ રાખવો નહિ, એ પાંચમું મહાવ્રત છે (એમ હું સમજ્યો છું). હું સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરું છું. નાનો, મોટો, સજીવ, નિર્જીવ ઓછી કિંમતનો કે વધુ કિંમતનો કોઈ પણ પ્રકારનો પરિગ્રહ હું સ્વયં ગ્રહણ કરું નહિ, બીજાની પાસે ગ્રહણ કરાવું નહિ તથા ગ્રહણ કરનારને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું....ત્યાગ કરું છું.

હે ભદંત ! સર્વ પ્રકારના પરિગ્રહથી વિમુખ થઈને પાંચમા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

## છઠ્ઠું રાત્રિભોજન–વિરમણ–વ્રત

'હે ભદંત ! રાત્રિભોજન છોડવું, એ છઠ્ઠું વ્રત છે (એમ હું સમજ્યો છું). હું સર્વ પ્રકારનાં રાત્રિભોજનનો ત્યાગ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારના આહારોમાંથી કંઈ પણ રાત્રે ખાઉં નહિ, બીજાને ખવરાવું નહિ તથા ખાઈ રહેલા અન્યને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું........ત્યાગ કરું છું.

'હે ભદંત ! સર્વ પ્રકારના રાત્રિભોજનથી વિમુખ થઈને છઠ્ઠા વ્રતમાં સ્થિર થાઉં છું.'

રાત્રિભોજન એટલે સાયંકાલથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી કોઈપણ પ્રકારનું ભોજન કરવું તે. તેમાંથી અટકવાનું જે વ્રત, તે રાત્રિભોજન–વિરમણ–વ્રત.

પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજન–વિરમણ–વ્રતની આ પ્રતિજ્ઞાઓ પરથી સમજી શકાશે કે સર્વવિરતિ ચારિત્ર કેટલું ઉચ્ચ કોટિનું છે ! આપણે એક નાનકડો નિયમ ગ્રહણ કરવો હોય તો પણ વિચાર કરીએ છીએ, ત્યારે આ તો અસિધારા–સમાં મહાવ્રતો છે અને તેનું પાલન પ્રાણના ભોગે પણ કરવાનું હોય છે.

આ સર્વવિરતિ ચારિત્ર ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન–નિક્ષેપસમિતિ તથા પારિષ્ઠાપનિકા સમિતિ એ પાંચ સમિતિઓ વડે શોભી ઊઠે છે. તેમાં ઈર્યાસમિતિ વડે ગમનાગમનને લગતી પ્રવૃત્તિ સમ્યક્ પ્રકારે થાય છે, ભાષા સમિતિવડે આહાર–પાણી વગેરે મેળવવાને લગતી

પ્રવૃત્તિ સમ્યક્ પ્રકારે થાય છે, આદાન–નિક્ષેપ સમિતિ વડે વસ્ત્ર–પાત્ર વગેરે લેવા–મૂકવાને લગતી પ્રવૃત્તિ સમ્યક્ પ્રકારે થાય છે અને પારિષ્ઠાપનિકા સમિતિ વડે મલ–મૂત્રાદિ વિસર્જન કરવાને લગતી પ્રવૃત્તિ સમ્યક્ પ્રકારે થાય છે. સંક્ષેપમાં સાધુજીવનને સમ્યક્ પ્રવૃત્તિવાળું બનાવવામાં આ પાંચ સમિતિઓ અગત્યનો ભાગ ભજવે છે.

વળી સર્વવિરતિ ચારિત્ર ત્રણ ગુપ્તિના યોગથી અનેરી આભાએ દીપે છે. તેમાં મનોગુપ્તિ મનોનિગ્રહની, વચન-ગુપ્તિ વચનનિગ્રહની અને કાયગુપ્તિ કાયનિગ્રહની સુંદર તાલીમ આપે છે, જેથી યોગની સાધના કે જપ–ધ્યાનનું અનુષ્ઠાન બહુ સારી રીતે થઈ શકે છે.

અહીં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે સર્વવિરતિ ચારિત્રવાળાને માત્ર ભાવપૂજાનો અધિકાર છે; એટલે તેણે ભાવપૂજામાં મગ્ન બની તેની ઉન્નત ભૂમિકાઓને સ્પર્શ-વાની હોય છે. તે જેટલા અંશે એ ભૂમિકાઓને સ્પર્શી શકે, તેટલા અંશે તેની સફળતા.

# પ્રકરણ પચીશમું

## જીવનચર્યા

ઉપાસકની જીવનચર્યા કેવી હોવી જોઈએ ? તે સંબંધી શાસ્ત્રોમાં ઘણો વિચાર થયેલો છે અને તેને (૧) દિનકૃત્ય, (૨) રાત્રિકૃત્ય, (૩) પર્વકૃત્ય, (૪) ચાતુર્માસિક કૃત્ય, (૫) વર્ષકૃત્ય તથા (૬) જન્મકૃત્ય એમ છ પ્રકારોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. તે અંગે સારભૂત વિચારણા કરવી, એ આ પ્રકરણનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

### ૧–દિન તથા રાત્રિ સંબંધી કૃત્યો

રાત્રિનો ચતુર્થ પ્રહર બાકી રહે ત્યારે નિદ્રાનો ત્યાગ કરવો. કોઈ કારણથી તેમ ન બની શકે તો ચાર ઘડી રાત્રિ બાકી રહે તે પહેલાં તો અવશ્ય ઊઠી જવું, અન્યથા પ્રાતઃકાલીન કર્તવ્યો થઈ શકે નહિ.

નિદ્રાનો ત્યાગ કર્યા પછીનું પ્રથમ કર્તવ્ય પંચપરમેષ્ઠિ–નમસ્કારનું સ્મરણ કરવાનું છે. તે ઓછામાં ઓછું પાંચથી સાત વાર કરવું જોઈએ. જો આ સ્મરણ કમલબંધ જાપથી થાય તો વધુ સારું. હૃદયમાં આઠ પાંખડીવાળું કમળ કલ્પવું, તેની વચલી કર્ણિકામાં 'નમો અરિહંતાણં' પદને સ્થાપવું, પૂર્વાદિ ચાર દિશાઓમાં અનુક્રમે 'નમોસિદ્ધાણં' આદિ ચાર પદો સ્થાપવાં તથા ચાર વિદિશાઓમાં 'એસો

પંચ-નમુક્કારો ' આદિ ચૂલિકાનાં ચાર પદો સ્થાપવાં. આ રીતે સ્મરણ કરવું, એ કમલબંધ જાપ કહેવાય છે.

ત્યારપછી એવું ચિંતન કરવું કે 'હું જિનેશ્વર-દેવનો ઉપાસક છું-શ્રાવક છું, એટલે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણ વ્રતો અને ચાર શિક્ષાવ્રતો મારે પાળવા યોગ્ય છે, તેમ જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રયી એ મોક્ષસાધક યોગ હોવાથી તેની શુદ્ધિ માટે મારે ષડાવશ્યક પ્રતિક્રમણ કરવા જેવું છે.' આમ વિચારી રાત્રિક પ્રતિક્રમણ-રાઇઅ પડિક્કમણ કરવું. પછી ચૈત્યવંદન કરી વિધિપૂર્વક પ્રત્યાખ્યાન કરવું.

શાસ્ત્રોમાં ''पडिकमिअ सूईपूइअं ' એવું પદ આવે છે. તેનો અર્થ એ છે કે આ પ્રતિક્રમણાદિ ક્રિયા કર્યા પછી શુચિ એટલે મલોત્સર્ગ, હાથ પગની શુદ્ધિ આદિ ક્રિયાઓ કરવી. આ રીતે દેશસ્નાનથી શુદ્ધ થયા પછી જિન ભવને જવું અને દેવદર્શન-પ્રકરણમાં જણાવ્યા મુજબ સર્વવિધિ સાચવીને દેવનાં દર્શન કરવાં. જો ત્રિકાલ પૂજાનો નિયમ હોય તો આ વખતે શુદ્ધ વસ્ત્રો પહેરીને જિનબિંબની વાસક્ષેપથી પૂજા કરવી.

પછી નજીકમાં ગુરુ બિરાજતા હોય તો ત્યાં જઈને તેમને વિધિપૂર્વક વંદન કરવું અને તેમની આગળ પ્રાતઃ-કાળમાં ધારેલું પ્રત્યાખ્યાન વિધિપૂર્વક ગ્રહણ કરવું તથા તેમને ઔષધાદિ જે વસ્તુની જરૂર હોય, તેનો લાભ આપવા વિનંતિ કરી તે સંબંધી ઉચિત કરવું. ત્યારબાદ નવકારસીનું

પ્રત્યાખ્યાન હોય તો તે પારીને કંઈ વાપરવાની ઇચ્છા હોય તે વાપરવું અને ગૃહકાર્યની યોગ્ય વ્યવસ્થા કરીને ગુરુ મહારાજનું ધાર્મિક પ્રવચન સાંભળવું.

ત્યારબાદ લૌકિક અને લોકોત્તર એ બંને દૃષ્ટિથી અનિંદિત એવા વ્યવહારની સાધના કરવી અને શ્રી જિનેશ્વરદેવની મધ્યાહ્ન પૂજા કરવા તત્પર થવું. આ પૂજા અષ્ટોપચારથી મનના ચડતા પરિણામે કરવી. જો નોકરી વગેરેની પરવશતા હોય તો આ પૂજા પ્રાતઃકાળથી માંડીને મધ્યાહ્ન સુધીના કોઈ પણ સમયે કરી શકાય છે. કોઈ કારણવશાત્ મધ્યાહ્ન પછી પણ કરી શકાય છે. ત્યારબાદ સાધુ મુનિરાજની પ્રતીક્ષા કરી, તે પધારે તો તેમને શુદ્ધ આહાર-પાણી વહોરાવી, પછી ભોજન કરવામાં પ્રવૃત્ત થવું.

ઉપાસકે બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયના ત્યાગપૂર્વક તથા સચિત્ત વસ્તુ બને તેટલી ઓછા વાપરવાના પરિણામપૂર્વક રસગૃદ્ધિ વિના ભોજન કરવું. તેમાં પેટને થોડું ઊણું રાખવું અને પ્રકૃતિને અનુકૂળ પદાર્થો જ વાપરવા. ભોજનના થાળમાં કોઈ વસ્તુ બહુ સારી આવે તો તેનાં વારંવાર વખાણ કરવાં નહિ. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો ભક્તકથા આત્માને દૂષિત કરનારી છે, એટલે તેનો ત્યાગ કરવો.

ભોજન બાદ થોડી વાર આરામ લઈને પોતાના જીવનનિર્વાહાદિના કામમાં પ્રવૃત્ત થવું અને અવકાશ હોય તો પોતાના ગૃહમાં કે નજીકમાં રહેલા ધર્મસ્થાનકે જઈ

સામાયિક કરવું. તેમાં શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો, નમસ્કાર મહામંત્રનો જપ કરવો કે જ્ઞાનવૃદ્ધોને પ્રશ્નો પૂછી શંકાનાં સમાધાન મેળવવાપૂર્વક ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ કરવી. સાયંકાળે સમયસર ભોજન કરી લઈ ચઉવ્વિહાર કે તિવિહારનું પ્રત્યાખ્યાન કરવું અને ત્યારબાદ જિનમંદિરે જઈ ધૂપ-દીપપૂર્વક સાયંકાળની પૂજા કરવી. ત્યારબાદ દૈવસિક પ્રતિક્રમણ-દેવસિય પડિક્કમણુ કરીને સ્વાધ્યાય, સંયમ તથા વૈયાવૃત્યથી પરિશ્રમિત થયેલા ગુરુમહારાજની વિશ્રામણા કરવી, એટલે કે તેમના પગ દાબીને શાતા ઉપજાવવી.

પછી સ્વગૃહે પાછા ફરીને પોતાના પરિવારને બોધ-દાયક કથાઓ તથા સુંદર સુભાષિતો વડે ધર્મ સમજાવવો. ત્યારબાદ બાધક દોષોની વિપક્ષ એવી વૈરાગ્યમય વિચારણા કરવી અને 'મારા ચારિત્રશીલ ધર્મગુરુ આગળ ક્યારે દીક્ષા લઈશ ?' એવો મનોરથ સેવવો. પછી મોહ પ્રત્યેની જુગુપ્સા વડે પ્રાયઃ અબ્રહ્મચર્યની વિરતિ કરવી અને સ્ત્રીનાં અંગોપાંગની અશુચિનો વિચાર કરી તેનો ત્યાગ કરનાર મહાપુરુષોનું અંતરથી બહુમાન કરવું. ત્યારબાદ શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ એ ચારનું શરણુ સ્વીકારી નિદ્રાને આધીન થવું.

૨-પર્વકૃત્યો

લોકસંજ્ઞા એવી છે કે પર્વના દિવસે સારું-સારું ખાવું-પીવું, સારું-સારું ઓઢવું-પહેરવું અને સગાંવહાલાં

તથા મિત્રવર્ગને મળીને વિવિધ પ્રકારનો આનંદ-પ્રમોદ કરવો, પરંતુ ધર્મજ્ઞો કહે છે કે 'પર્વ એ પવિત્ર દિવસ હોવાથી તે વખતે દાનાદિ પુણ્યકાર્યો કરવાં જોઈએ.' જૈન ધર્મ લોકોત્તર હોવાથી તે આગળ વધીને કહે છે કે 'આ દિવસનો ઉપયોગ મોક્ષપ્રાપ્તિમાં નિમિત્તભૂત એવાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની વિશેષ આરાધના અર્થે કરવો જોઈએ. જેઓ આ પવિત્ર દિવસનો ઉપયોગ વિશેષ કર્મબંધન થાય એ રીતે કરે છે, તેઓ અમૃતનો કુંભ છોડીને વિષનો કુંભ ગ્રહણ કરે છે.'

'पव्वेसु पोसहाई बंभ-अणारंभ-तव-विसेसाई' એ જૈન શાસ્ત્રોનું વચન છે. તેનો અર્થ એ છે કે પર્વનો દિવસ આવ્યો, એટલે પોસહ વગેરે ધાર્મિક અનુષ્ઠાનો કરવાં, બ્રહ્મચર્યનું પાલન કરવું, જીવનનિર્વાહ અર્થે કરવામાં આવતી હિંસક પ્રવૃત્તિ છોડી દેવી અને તપનું આરાધન વિશેષ પ્રમાણમાં કરવું.' શ્રી જિનેશ્વરદેવની સેવાપૂજા એ નિત્યકર્મ હોવાથી અહીં તેનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ પર્વ દિવસોમાં તે પણ વિશિષ્ટ પ્રકારે કરવા તરફ લક્ષ રાખવું.

જૈન શાસ્ત્રોએ શુક્લપક્ષની આઠમ, ચૌદશ અને પૂનમ તથા કૃષ્ણ પક્ષની આઠમ, ચૌદશ અને અમાવાસ્યા એ છ તિથિઓને ચારિત્રતિથિઓ માની છે, એટલે તે દિવસે ચારિત્રની સુધારણા માટે વિશેષ પ્રયત્ન કરવાનો છે; બંને પક્ષની બીજ, પાંચમ અને અગિયારસને જ્ઞાનતિથિઓ

માની છે, એટલે તે દિવસે જ્ઞાનની આરાધના વિશેષ પ્રમાણમાં કરવાની છે; અને બાકીની તિથિઓને દર્શન તિથિઓ માની છે, એટલે તે દિવસે દર્શનની–સમ્યક્ત્વની શુદ્ધિ–વૃદ્ધિ થાય એવું આચરણ રાખવાનું છે. આ ત્રણ પ્રકારની તિથિઓમાં ચારિત્રતિથિઓ તથા જ્ઞાનતિથિઓને દ્વાદશપર્વીની સંજ્ઞા આપવામાં આવી છે, એટલે એ બાર તિથિઓને પર્વરૂપ સમજવાની છે.

શ્રી જિનેશ્વરદેવોનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચે કલ્યાણકો અતિ પવિત્ર મનાય છે, તેથી જે દિવસે એ કલ્યાણક આવતાં હોય, તેને પણ પર્વ માનવામાં આવે છે. આ ગ્રંથના પૃષ્ઠ ૬૫ તથા ૬૬ પર કલ્યાણક તિથિઓની યાદી આપવામાં આવી છે, તે આ દૃષ્ટિએ ઘણી ઉપયોગી છે.

આ સિવાય બીજા માહાત્મ્યને લીધે પણ કેટલાક દિવસોને પર્વ ગણવામાં આવે છે, તેમાં નીચેનાં પર્વો મુખ્ય છે:

૧ ગૌતમ સ્વામી કેવલજ્ઞાન-પ્રાપ્તિ દિન.
૨ જ્ઞાનપંચમી
૩ કાર્તિક ચોમાસી
૪ કાર્તિક પૂર્ણિમા
૫ મૌન એકાદશી
૬ પોષ દશમી
૭ મેરુત્રયોદશી
૮ ફાગણ ચોમાસી
૯ ચૈત્રી ઓળી
૧૦ શ્રી મહાવીરજન્મ કલ્યાણક (શ્રીમહાવીર જયંતિ)
૧૧ ચૈત્રી પૂર્ણિમા
૧૨ અક્ષયતૃતીયા

| | |
|---|---|
| ૧૩ અષાડ ચોમાસી | ૧૫ આસોમાસની ઓળી |
| ૧૪ પર્યુષણ | ૧૬ દીવાળી |

આ બધાં પર્વોનું માહાત્મ્ય અમોએ જૈન શિક્ષાવલી-ત્રીજી શ્રેણીના 'જૈન પર્વો' નામના નિબંધમાં વિસ્તારથી આપેલું છે, એટલે મુમુક્ષુઓને ત્યાંથી જોઈ લેવાની ભલામણ છે.

ઉપાસકો આ પર્વોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરે, એ ઇચ્છવા યોગ્ય છે. અમે અનુભવથી જોયું છે કે જેમના જીવનમાંથી પર્વોની ઉજવણી ગઈ, તેમનાં જીવનમાંથી ધર્મ ગયો અને ધર્મ ગયો, એટલે બાકી કંઈ ન રહ્યું. જે લોકો સુધી સંસ્કૃતિનો પ્રકાશ પહોંચ્યો નથી કે અતિ અલ્પ પહોંચ્યો છે, તેઓ પણ પોતાનાં પર્વો ઉલ્લાસથી ઉજવે છે, તો જેઓ સંસ્કૃતિનો પૂરો પ્રકાશ પામ્યા છે અને સંસ્કૃત માનવી હોવાનું અભિમાન કરે છે, તેઓ પોતાનાં પર્વો તરફ ઉપેક્ષા કેમ કરી શકે? કદાચ સર્વે પર્વોનું આરાધન ન થઈ શકે તો મુખ્ય પર્વોનું આરાધન તો અવશ્ય કરવું જોઈએ, જેથી આત્માને ધર્મનો રંગ ચડે અને તે ક્રમશઃ પોતાની ઉન્નતિ સાધી શકે.

૩–ચાતુર્માસિક કૃત્યો

પ્રાચીન કાળમાં ચાન્દ્ર, ચાન્દ્ર, અભિવર્ધિત, ચાન્દ્ર અને અભિવર્ધિત, એ પાંચ સંવત્સરનો એક યુગ ગણવામાં આવતો અને સંવત્સરનો પ્રારંભ શ્રાવણ વદિ એકમ એટલે

આજની આપણી અષાડ વદિ એકમથી કરવામાં આવતો. વળી પ્રાચીન કાળમાં માસની શરૂઆત કૃષ્ણ પક્ષથી થતી, એટલે કે કૃષ્ણ પક્ષને પહેલો ગણવામાં આવતો અને શુકલ પક્ષને બીજો માનવામાં આવતો; તેથી જ પૂર્ણિમાને માટે પૂર્ણમાસી એવો શબ્દપ્રયોગ થયેલો છે. પરંતુ છેલ્લી કેટલીક સદીઓથી વર્ષનો પ્રારંભ કાર્તિકથી અને માસનો પ્રારંભ શુકલ પક્ષથી કરવાનો વ્યવહાર પ્રચલિત થયો છે અને આજે તે અમલમાં છે.

આટલી સ્પષ્ટતા કરવાનું કારણ એ છે કે જૈન શાસ્ત્રોમાં ચાતુર્માસનો જે સમય નક્કી કરવામાં આવ્યો છે, તેની યથાર્થતા ખ્યાલમાં આવી શકે.

ચાર માસનો સમય તે ચાતુર્માસ. તેમાં પહેલું ચાતુર્માસ અષાડ સુદિ પૂનમથી કાર્તિક સુદિ ચૌદશ સુધીનું ગણાય છે કે જેને સામાન્ય રીતે અષાડ ચોમાસી કહેવામાં આવે છે. બીજું ચાતુર્માસ કાર્તિક સુદિ પૂનમથી ફાગણ-સુદિ ચૌદશ સુધીનું ગણાય છે કે જેને સામાન્ય રીતે કાર્તિક ચોમાસી કહેવામાં આવે છે, અને ત્રીજું ચાતુર્માસ ફાગણ સુદિ પૂનમથી અષાડ સુદિ ચૌદશ સુધીનું ગણાય છે કે જેને સામાન્ય રીને ફાગણ ચોમાસી કહેવામાં આવે છે.

જૈન શાસ્ત્રોનું એવું વચન છે કે—'पइचउमासं समुचिअ-नियमग्गहो पाउसे विसेसेण—એટલે દરેક ચાતુર્માસમાં સમુચિત નિયમો ગ્રહણ કરવા અને વર્ષાકાળમાં એટલે

પ્રથમ અષાડી ચોમાસીમાં તો એ વિશેષ પ્રકારે ગ્રહણ કરવા.'

અહીં સમુચિત શબ્દથી દેશ, ગામ, જાતિ, કુલ, વય, અવસ્થા વગેરેને ઉચિત એમ સમજવાનું છે. જો આ પ્રકારનું ઔચિત્ય ન જળવાય તો એ નિયમોનો નિર્વાહ થતો નથી, એટલે કે તેનો ભંગ થવાનો પ્રસંગ આવે છે અને આત્મા દોષથી ખરડાય છે.

નિયમો બે પ્રકારના છેઃ એક મુશ્કેલીથી પાળી શકાય એવા; અને બીજા વિના મુશ્કેલીએ અર્થાત્ સહેલાઈથી પાળી શકાય એવા. તેમાં શ્રીમંતો, મોટા વ્યાપારી તથા અવિરત એટલે વિરતિ માર્ગમાં જેનું પદાર્પણ થએલું નથી એવા લોકોને રસત્યાગ એટલે દૂધ, દહીં, મીઠાઈ વગેરેનો ત્યાગ તથા સચિત્ત ત્યાગ એટલે લીલાં શાક વગેરેનો ત્યાગ, તેમ જ સામાયિક–પોસહ વગેરેનો સ્વીકાર, એ નિયમો મુશ્કેલીએ પળાય એવા છે, પરંતુ શ્રી જિનેશ્વરદેવની રોજ પૂજા કરવી તથા દાન દેવા યોગ્યને યથાશક્તિ દાન દેવું, બિનઉપયોગનાં પાપસાધનોનો ત્યાગ કરવો વગેરે નિયમો પાળવામાં ખાસ મુશ્કેલી નથી, અર્થાત્ તે સહેલાઈથી પળાય એવા છે, તેથી તેમણે એ બાબતમાં ઉપયોગ રાખવો જરૂરી છે. જ્યારે સામાન્ય કે ગરીબ સ્થિતિના લોકોની વાત એથી ઉલટી છે; એટલે કે તેઓ રસત્યાગ, સચિત્તત્યાગ, સામાયિકનો સ્વીકાર વગેરે

નિયમો સહેલાઈથી પાળી શકે એવા છે, તેથી તેમણે આ નિયમોના ગ્રહણ–પાલનમાં વિશેષ પ્રયત્ન કરવો યોગ્ય છે.

'ત્રણ ચોમાસીમાં અષાડ ચોમાસીને પ્રાધાન્ય શા માટે?' એ પ્રશ્નનો ઉત્તર એ છે કે વર્ષાકાળમાં દેશ-પરદેશમાં તથા ગ્રામાંતરે જવાનું ન હોય અને મોટા ભાગે પોતાના સ્થાનમાં જ સ્થિરતાથી રહેવાનું હોય છે. વળી આ વખતે સાધુ–સાધ્વીઓ પણ પોતાના કલ્પ મુજબ એક સ્થાને સ્થિર રહેલાં હોય છે, એટલે તેમના સત્સંગના કારણે નિયમો કે વ્રતો સારી રીતે પાળી શકાય છે, તેથી અષાડ ચોમાસીને પ્રાધાન્ય અપાયેલું છે.'

દરેક ચોમાસીમાં એક કૃત્ય સામાન્ય છે, તે પ્રથમ ધારણ કરેલાં વ્રતોમાં જે છૂટો નિરુપયોગી હોય તેનો ત્યાગ કરવાનું અને એ રીતે એ વ્રતોને વધારે સૂક્ષ્મ–વધારે શુદ્ધ બનાવવાનું. આ કાર્ય સહેલું કે સામાન્ય નથી. એ વિશેષ ત્યાગભાવના તથા મનોનિગ્રહ માગે છે અને ઉપાસકોએ પોતાના આત્મકલ્યાણ માટે તેનો આશ્રય લેવાનો છે.

શ્રી શ્રાદ્ધવિધિ-પ્રકરણ ગ્રંથમાં પૂર્વાચાર્ય કૃત ગાથાઓના આધારે ચાતુર્માસાદિક અભિગ્રહોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તેનો સાર એ છે કે પ્રત્યેક ચાતુર્માસમાં ઉપાસકે જ્ઞાનાચાર અંગે વિશેષ ભણવા–ગણવાનો, વ્યાખ્યાન સાંભળવાનો તથા અજવાળી પાંચમે યથાશક્તિ

જ્ઞાનપૂજા કરવાનો; દર્શનાચાર અંગે જિનમંદિરની વિશેષ પ્રકારે સારસંભાળ કરવાનો, જિનપ્રતિમાઓને લેપ–ઓપ કરવાનો તથા જિનપૂજા અને દેવવંદનાદિ કરવાનો, **ચારિત્રાચાર** અંગે બારેય વ્રતમાં વિશેષ શુદ્ધિ–સૂક્ષ્મતા પ્રકટાવવાનો; **તપાચાર** અંગે વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરવાનો; તથા **વીર્યાચાર** અંગે શક્તિ ગોપવ્યા વિના આ બધાં કૃત્યો કરવાનો અભિગ્રહ ધારણ કરવો જોઈએ. અભિગ્રહ, નિયમ, વ્રત એ બધા પર્યાયવાચક શબ્દો છે, એટલી વસ્તુ લક્ષમાં રાખવી.

## ૪–વાર્ષિક કૃત્યો

સમસ્ત વર્ષને અનુલક્ષીને જે કૃત્યો કરવા યોગ્ય છે, તેનો સમાવેશ વાર્ષિક કૃત્યોમાં કરવામાં આવે છે. તે અંગે શ્રી શ્રાદ્ધવિધિ-પ્રકરણમાં કહ્યું છે કે–

पइवरिसं संघच्चण–साहम्मिअभत्तिजत्ततिगं ।
जिणगिह ण्हवणं जिणधणवुड्ढी महपूअ धम्मजागरिआ ॥
सुअपूआ उज्जमणं, तह तित्थपभावणा सोही ।

‘ઉપાસકે દર વર્ષે (૧) શ્રી સંઘની પૂજા, (૨) સાધર્મિક–વાત્સલ્ય, (૩) અઠ્ઠાઈયાત્રા, રથયાત્રા અને તીર્થયાત્રા એ ત્રણ પ્રકારની યાત્રાઓ, (૪) જિનમંદિરમાં સ્નાત્ર-મહોત્સવ, (૫) દેવદ્રવ્યની વૃદ્ધિ, (૬) મહાપૂજા, (૭) ધર્મજાગરિકા, (૮) શ્રુત જ્ઞાનની પૂજા. (૯) ઉદ્યાપન–ઉજમણું, (૧૦) શાસનની પ્રભાવના તથા (૧૧) શોધિ એટલે

પ્રાયશ્ચિતગ્રહણ, એ અગિયાર કર્તવ્યો અવશ્ય કરવાં જોઈએ.'

(૧) **સંઘપૂજા**–તેનો ઉલ્લેખ ગત પ્રકરણોમાં આવી ગયો છે.

(૨) **સાધર્મિક-વાત્સલ્ય**–જે પોતાના જેવો ધર્મ પાળે તે સાધર્મિક કહેવાય. તેનું વાત્સલ્ય કરવું, એટલે તેમને બહુમાનપૂર્વક જમાડવા, તથા તેમને પહેરામણી રૂપે રકમ કે ચીજ–વસ્તુ, તેમ જ જે કોઈ વસ્તુની જરૂર હોય તે યથાશક્તિ પ્રેમપૂર્વક આપવી. આપત્તિમાં તેમનો ઉદ્ધાર કરવો. ભરત મહારાજા, નરદેવ, દંડવીર્ય, કુમારપાળ આદિ રાજાઓએ આ બાબતમાં ઉત્તમ દાખલાઓ પૂરા પાડેલા છે. અમે જૈન શિક્ષાવલીની ત્રીજી શ્રેણીમાં 'સાધર્મિક –વાત્સલ્ય' નામનો ખાસ નિબંધ લખેલો છે, જે આ વિષયમાં વિશેષ જાણવા ઈચ્છનારને ઘણો ઉપયોગી છે.

(૩) **ત્રણ પ્રકારની યાત્રાઓ**–તેનું વિસ્તૃત વર્ણન પ્રસ્તુત ગ્રંથના ઓગણીસમા તથા વીસમા પ્રકરણમાં કરેલું છે.

(૪) **જિનમંદિરમાં સ્નાત્રમહોત્સવ**–શ્રી જિનેશ્વર દેવની સ્નાત્રપૂજા બને તો રોજ કરવી, તેમ ન બને તો પર્વ દિવસોમાં, અને એ પણ ન બને તો પ્રતિવર્ષે છેવટે એકવાર પણ વાજિંત્ર, ગીત વગેરે આડંબરપૂર્વક સર્વ ઉત્તમ સામગ્રી મેળવીને કરવી.

(૫) **દેવદ્રવ્યની વૃદ્ધિ**-ધાર્મિક ઉત્સવ-મહોત્સવો પ્રસંગે વિવિધ પ્રકારની બોલીઓ બોલાય છે, તેમાં ભાગ લેવો અને પોતાની શક્તિ મુજબ બોલી બોલીને દેવ-દ્રવ્યમાં વૃદ્ધિ કરવી તથા અન્ય રીતે પ્રભુજીનો ભંડાર ભરપુર રહે તેવા સર્વ ઉપાયો કરવા. શ્રી દ્રવ્યસપ્તતિકા ગ્રંથમાં દેવદ્રવ્યના રક્ષણ અંગે જે વિવેચન કરેલું છે, તે લક્ષમાં રાખીને વર્તવું.

(૬-૭) **મહાપૂજા તથા રાત્રિજાગરણ**-પ્રભુનાં સર્વ અંગોએ આભરણ ચડાવવાં, વિશિષ્ટ અંગરચના કરવી, પુષ્પનાં તથા કેળના મંડપ બનાવવા, પુતળીના આકારવાળા પાણીના ફૂવારા બનાવવા તથા જુદાં જુદાં ગીત ગાવાં, નૃત્ય કરવાં, વાજિંત્ર વગાડવાં વગેરે ઉત્સવપૂર્વક પૂજા ભણાવવી એ મહાપૂજા કરી કહેવાય અને તે પ્રસંગે આખી રાત્રિ જાગીને જિનસ્તવન ગાવાં વગેરેનો કાર્યક્રમ રાખવો, એ રાત્રિજાગરણ કર્યું કહેવાય.

(૮) **શ્રુતપૂજા**—શ્રુત એટલે શાસ્ત્ર-સિદ્ધાંત. તેના પ્રત્યે બહુમાન બતાવવા અર્થે શ્રુતજ્ઞાનના સાધનરૂપ પુસ્તકો વગેરેની બરાસ-વાસ વગેરે વડે પૂજા કરવી તે શ્રુતપૂજા. વર્ષમાં તે ઓછમાં ઓછી એક વાર તો અવશ્ય કરવી જ જોઈએ. વળી આ પૂજાનો પરમાર્થ સમજી શ્રુતજ્ઞાનના સંરક્ષણ તથા પ્રચાર માટે તન, મન, ધનનો યથાશક્તિ ભોગ આપવો જોઈએ.

(૯) **ઉદ્યાપન**—જ્ઞાનપ્રાપ્તિ, તપશ્ચર્યા તથા શ્રી નમસ્કાર મહામંત્રાદિના મહાન મંત્રજપની પૂર્ણાહુતિ થતાં તેની ખુશાલી નિમિત્તે ઉદ્યાપન કરવાનો શાસ્ત્રકારોનો આદેશ છે. તેને શિરોધાર્ય કરીને વર્ષમાં ઓછામાં ઓછું એક ઉદ્યાપન તો અવશ્ય કરવું જોઈએ. ઉદ્યાપનમાં જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણો મૂકાય છે અને તે જરૂરીઆતવાળાં ધર્મસ્થાનોને તથા વ્યક્તિઓને આપવામાં આવે છે, એટલે ઉદ્યાપન એ ધર્મવૃદ્ધિ તથા ધર્મ-પ્રચારનું એક સુંદર સાધન છે, એમ માનીને ઉપાસકે તેનો પૂર્ણ આદર કરવો જોઈએ.

(૧૦) **તીર્થપ્રભાવના**—અહીં તીર્થ શબ્દથી સર્વજ્ઞોએ પ્રવર્તાવેલું શાસન સમજવાનું છે. તેની પ્રભાવના નિમિત્તે જે વસ્તુ, જે કાળે, જે પ્રકારે કરવી યોગ્ય લાગે તે કરવામાં યથાશક્તિ પ્રવૃત્ત થવું, તેને તીર્થપ્રભાવના કહેવાય છે.

(૧૧) **શોધિ**-વર્ષ દરમિયાન થયેલા અપરાધો સદ્ગુરુ પાસે નિખાલસ ભાવે કબૂલ કરવા, તે માટે દિલગીર થવું અને તેમને પોતાના અપરાધોને યોગ્ય પ્રાયશ્ચિત આપવાની વિનંતિ કરવી. ત્યારબાદ તેઓ જે પ્રાયશ્ચિત આપે તે ગ્રહણ કરવું.

**૫-જન્મકૃત્યો**

સમસ્ત જીવનને અનુલક્ષીને જે કૃત્ય કરવાં જેવાં

છે, તે જન્મકૃત્ય કહેવાય છે. તે અંગે શ્રાદ્ધવિધિ–પ્રકરણમાં કહ્યું છે કે—

चेइअ पडिम पइट्ठा, सुआइ पव्वावणा य पयट्ठवणा ।
पुत्थयलेहणवायण–पोसहसालाइकारवणं ॥

(૧) चेइअ–શક્તિ અનુસાર નાનું–મોટું કોઈ પણ ચૈત્ય કરાવવું, તેમાં જે દ્રવ્ય વપરાય તે ન્યાયથી મેળવેલું હોવું જોઈએ.

(૨) पडिम–જિનપ્રતિમા ભરાવવી, એટલે કે નાની–મોટી કોઈ પણ પ્રતિમા પોતાના વડીલોના શ્રેયાર્થે કે પોતાના તથા પુત્ર–પરિવારના શ્રેયાર્થે વિધિપૂર્વક તૈયાર કરાવવી.

(૩) पइट्ठा–વિધિપૂર્વક તૈયાર થયેલી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવી. જો તેમ ન થઈ શકે તો પ્રતિષ્ઠા–મહોત્સવમાં ભાગ લઈને તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરવી.

(૪) सुआइपव्वावणा—પુત્રાદિને પ્રવ્રજ્યા અપાવવી. ઉપાસકને તો એ જ મનોરથ હોય કે મારો પુત્ર જિન–ભગવંતનો સાચો સેવક બને, શ્રમણધર્મની પ્રવ્રજ્યા–દીક્ષા અંગીકાર કરીને પોતાનું તથા પરનું કલ્યાણ સાધે.

(૫) पयट्ठवणा—ગુરુમહારાજને પદપ્રતિષ્ઠિત કરવા, એટલે કે તેઓ જે પદને યોગ્ય હોય તે પદે સ્થાપિત કરવા માટે ઉત્સાહ ધરાવવો અને તે નિમિત્ત યોગ્ય ધન-વ્યય કરવો.

(૬) पुत्थयलेहणवायण—ધાર્મિક ગ્રંથો લખવા–લખા-વવા, વાંચવા–વંચાવવા અને વર્તમાનકાળને અનુલક્ષીને કહીએ તો સારા–સુંદર સ્વરૂપે છાપીને તેનો વ્યવસ્થિત પ્રચાર કરવો.

(૭) पोसहसालाइकारवणं—પોષધશાલા આદિ કરાવવાં. અહીં આદિ શબ્દથી જ્ઞાનભંડાર તેમ જ અન્ય ધર્મસ્થાનકો સમજવાં.

આ સાત પ્રકારનાં કૃત્યો ઉપરાંત શ્રાવકની અગિયાર પ્રતિમાઓનું વહન કરવું, એ પણ જન્મકૃત્ય ગણાય છે. ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં તેનું વર્ણન કરેલું છે. આ પરથી ઉપાસકે પોતાનું જીવન કેવી રીતે વ્યતીત કરવું જોઈએ ? તેનો સ્પષ્ટ ખ્યાલ મળી રહે છે.

# ઉપસંહાર

ત્રણ ખંડ અને પચીશ પ્રકરણોથી વિભૂષિત થયેલો આ જિનોપાસના નામનો ગ્રંથ અહીં પૂરો થાય છે.

આ ગ્રંથનું પર્યાપ્ત શોધન કરવામાં આવ્યું છે, છતાં મતિમાંદ્ય કે અન્ય કોઈ કારણે તેમાં કંઈ પણ દોષ રહી ગયો હોય તો તે માટે અમે સકલ સંઘની ત્રિવિધ ક્ષમા યાચીએ છીએ.

સર્વે પાઠકો આ ગ્રંથના પઠન–પાઠનથી શ્રી જિનેશ્વરદેવની ઉપાસના, આરાધના, ભક્તિ, સેવા કે પૂજાનું સાચું રહસ્ય સમજી તેનો લાભ લેવા તત્પર થાય તથા નિત્ય–નિયમિત ઉપાસના કરીને પોતાનું અભીષ્ટ સાધે, તેમ જ અન્ય જનોનું પણ એ તરફ અનેરું આકર્ષણ કરવામાં જીવનની સાર્થકતા સમજે, એવી આશા સાથે અમારું વક્તવ્ય સમાપ્ત કરીએ છીએ.

जैनं जयति शासनम् ।

---

પૃષ્ઠ સંખ્યા ૪૯૬ + ૧૬ + ૪૪ = ૫૫૬

'**જિનોપાસના**' નું લખાણ વાંચ્યું. પ્રભુભક્તિથી વંચિત જૈનોને પ્રભુભક્તિની સચોટ પ્રેરણા કરે એવું લાગ્યું. ઉપાસનામાં છેલ્લી પ્રતિપત્તિપૂજા યાને દેશવિરતિ–સર્વવિરતિ આજ્ઞાપાલન શાસ્ત્રે વિહિત કરેલ છે, તે ઠીક જ આ લખાણમાં લખાયેલ છે. બીજી પણ અનેકાનેક બાબતોનું આમાં સરળ સ્પષ્ટ વર્ણન છે. મને લાગે છે કે આજના કાળે આવા ગ્રન્થોનો જૈન પ્રજામાં ખૂબ પ્રચાર કરી અર્હદ્ભક્તિ અને જિનાજ્ઞાપાલનનો વિકાસ કરવો જોઇએ.

—પ. પૂ. પં. શ્રી ભાનુવિજયજી
ગણિવર્ય

# અમારાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| × | જૈન શિક્ષાવલી પ્રથમ શ્રેણી [ ૧૨ પુસ્તકો ] | ૬-૦૦ |
| × | જૈન શિક્ષાવલી બીજી શ્રેણી [ ૧૨ પુસ્તકો ] | ૬-૦૦ |
| × | જૈન શિક્ષાવલી ત્રીજી શ્રેણી [ ૧૨ પુસ્તકો ] | ૬-૦૦ |
| × | શ્રી વીર-વચનામૃત | ૬-૦૦ |
| × | વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર [ બીજી આવૃત્તિ ] | ૦-૧૨ |
| × | ભગવાન મહાવીરના જીવનની ઐતિહાસિક રૂપરેખા | ૦-૪૦ |
| × | भगवान महावीर की वाणी | ભેટ |
| | श्री महावीर वचनामृत [ हिंदी ] | ૬-૮૦ |
| | જિનોપાસના | ૬-૦૦ |
| | સ્વસ્તિક [ વાર્ષિક ] | ૧-૦૦ |
| | ડૉ. સુનીતિકુમાર ચેટરજીનું ભાષણ [ અં. ] | ભેટ |

## હવે પછી પ્રગટ થશે

| | |
|---|---|
| ભગવાન મહાવીર | [ મરાઠી ] |
| શ્રી મહાવીર-વચનામૃત-સાર | [ બંગાળી ] |
| શ્રી મહાવીર-વચનામૃત | [ અંગ્રેજી ] |


## જૈન સાહિત્ય પ્રકાશન મંદિર

લલ્લુભાઈ ગણપત બીલ્ડીંગ · ચીંચબંદર · મુંબઈ-૯


× આ નિશાનીવાળાં પુસ્તકો હાલ મળતાં નથી.

પ્રાપ્ય પુસ્તકોનું પોસ્ટેજ ખર્ચ અલગ સમજવું.


જૅકેટ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ